શ્રી વલ્લભસુધા

વચન સુધા

પ્રેમ મગ્નમાંયે જો સાવધાન ન રહીએ તો ઘેલછાજ જણાય આપણને એમ આજે વૈષ્ણવોની ભાવનામાં; વૈષ્ણવોના ભાવનું પોષણ થવું જોઇએ. શોષણ નહીં થવું જોઇએ. એ પુષ્ટિમાર્ગની પ્રણાલી નથી. કારણ કે પોષણનો માર્ગ છે.

નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

('શ્રી પ્રથમેશ વાક્ સુધા-૧' પૃષ્ઠ ૮૫)

* આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો *

વર્ષ ૧૪ : અંક-૧ એપ્રિલ, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- * આજીવન રૂ. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રી હરિ ॥

પ્રિય વાંચક વૃંદ,

સાદર ભગવદ્ સ્મરણ,

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદનાં પ્રેરણાદાતા પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી (શ્રી રણછોડાચાર્યજી) મહારાજ પ્રેરીત શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ–રાજકોટ સંચાલિત "શ્રી વલ્લભ સુધા" માસિક, વાંચક વૃંદનાં સહયોગથી તેમજ બીરાજમાન ગોસ્વામી બાલકોના આશીર્વાદ તેમજ પ્રેરણાદાથી ૧૩ વર્ષ પુર્ણ કરી ૧૪ માં વર્ષમાં પ્રવેશતા આનંદની અનુભુતી વ્યક્ત કરે છે.

રાજકોટમાં સને ૧૯૮૧ માં રાજકોટમાં યોજાયેલ સોમયજ્ઞ પ્રસંગે તેમજ વૈષ્ણવ પરિષદના હિરક મહોત્સવ પ્રસંગે ભારતભરમાંથી આવેલ વૈષ્ણવો તથા પધારેલા ગોસ્વામી બાલકોની ઉપસ્થીતિમાં પૂ. પા ગો. શ્રી પ્રથમેશજી મહારાજની પ્રેરણાથી રાજકોટમાં "શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ" ની રચના કરવામાં આવી અને તે સમિતિ દ્વારા "શ્રી વલ્લભ સુધા" માસિક પ્રકાશીત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

જે નિર્ણય અનુસાર આપશ્રીની આજ્ઞાનુસાર આ માસિક પત્રમાં પૂજ્ય આચાર્ય ચરણો રચિત ગ્રંથોનું ભાષાંતર, પૂજ્ય ગોસ્વામી બાલકો તેમજ ભગવદીજનોના લેખો દ્વારા પુષ્ટિમાર્ગનું જ્ઞાન વાંચકવૃંદને પ્રાપ્ત થાય તેવો અમારો હરહમેશ પ્રયત્ન રહ્યો છે. જ્યાં ત્રુટિ રહી હોય તે ત્રુટિ અમારા સંચાલકોની ગણી ક્ષમ્ય ગણશો.

આપશ્રીની આજ્ઞાનુસાર માત્ર દ્રવ્યને જ લાભનુકશાનનું માધ્યમ નહિ ગણતા તેને વ્યવસ્થાનું માધ્યમ સમજી સમિતિ દ્વારા સામાન્ય માણસને પણ પરવડી શકે તેવા દરથી માસિકનું પ્રકાશન થઈ રહ્યું છે. માસિક ઉપરાંત અન્ય સાંપ્રદાયીક ગ્રંથોનું પ્રકાશન કરી વાંચકવૃંદને ભેટ પુસ્તકના રૂપમાં વિશેષ સાંપ્રદાયીક સાહિત્ય પ્રાપ્ત થતું રહે તેવો સમિતિનો પ્રયાસ રહેલ છે. અર્થ વ્યવસ્થામાં સક્ષમ વૈષ્ણવો દ્વારા સહયોગ પ્રાપ્ત થતો રહ્યો છે જે ધન્યવાદના અધિકારી છે.

ગત વર્ષમાં વિશેષ સાહિત્ય રૂપે "શ્રી પ્રથમેશ વાક સુધા" ભેટ સ્વરૂપે આપવાનો નિર્ણય લીધેલ તે મુજબ તે પુસ્તકો "શ્રી વલ્લભ સુધા" ના ગ્રાહકોને પોસ્ટ દ્વારા અગર સેવાભાવી કાર્યકરો દ્વારા મોકલાઇ ગયાં છે જે સૌને મળી ગયેલ હશે.

૯૫–૯૬ નાં ચાલુ વર્ષમાં "શ્રી વલ્લભ સુધા" ના ગ્રાહકોને "શ્રી ભગવદીય રત્નાવલી" નામનું પુસ્તક ભેટ સ્વરૂપે આપવાનો સંકલ્પ કરેલ છે.

(જુઓ ટા. ત્રીજું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પ્રદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પેજ એક વખતના રૂ. ૫૧. વાર્ષિક એક પેજ રૂ. ૫૦૧. જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૫
વર્ષ : ૧૪ અંક : ૧ * એપ્રિલ, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

કર્મભોગ

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

ગતિને વિરામ નથી. ચાલવાને ગતિ કહેવાય છે. ચાલવાનું નામ છે ગતિ. જ્યાં ગતિનો વિરામ થઇ જાય એવી અવસ્થા માનવ જીવનની ચરમ અવસ્થા છે. ગતિને વિરામ આપવો જોઇએ. સદ્ગતિ પણ ગતિ છે અને દુર્ગતિ પણ ગતિ છે. ગતિનો વિરામ નથી પાપ કરનાર વ્યકિત નરકમાં દુઃખ ભોગવે છે અને પુણ્ય કરનાર વ્યકિત આ લોકમાં સુખ ભોગવે છે અથવા સ્વર્ગમાં સુખ ભોગવે છે અથવા તો અહીં તેમને સારી યોનિ પ્રાપ્ત થશે, સારો જન્મ થશે અને પુણ્ય કરનાર અનેક વૈભવ કે સુખ ભોગવશે. પુણ્યનું ફળ તો અનિવાર્ય છે, અવશ્ય સારું ફળ મળશે. પુણ્યનું એ ફળ પૂરૂં નહિ થાય તો તેનાથી વિશેષ ફળ સ્વર્ગાદિમાં પ્રાપ્ત થશે. ત્યાં તેનાથી પણ વધારે સમય સુધી આદમી સુખનો ઉપયોગ કરી શકશે.

આ રીતે જે લોકો સ્વર્ગની પ્રાર્થના કરે છે તેમને પુણ્યના ફળ સ્વરૂપે સ્વર્ગ પ્રાપ્ત થાય છે.

પુણ્ય કરનાર વ્યકિત પુણ્યનું ફળ ચાહનાર વ્યકિત સ્વર્ગમાં જઇને દેવતાઓના દિવ્ય સુખ છે, તે પુણ્યશાળી લોકો સ્વર્ગમાં જઇને ભોગવે છે, ઉપભોગ કરે છે. આ ઘણી સારી વાત છે. બધા ઇચ્છે છે કે અમને દિવ્ય સુખ મળે, અમે દિવ્ય ભોગોનો ઉપભોગ કરીએ. કોણ નહીં ઇચ્છે કે જેમ આ લોકમાં મનુષ્ય કોઇને ધનવાન જુએ છે, ધન સંપન્ન જુએ છે અને દરેક વ્યકિત ઇચ્છે છે કે આટલું ધન મળી જાય તો ઘણું સારું છે.

કોઇને સ્વસ્થ જુએ છે સ્વસ્થ જુએ છે તેને ઇચ્છા થાય છે કે આપણને પણ આવું સ્વાસ્થ્ય મળી જાય તો ઘણું સારું. કોઇ પાસે અધિકાર જુએ છે તો તેને સહેજે લાલસા થાય છે કે મને પણ આવો સહજ અધિકાર મળી જાય તો કેટલું સારું.

આ પ્રકારના આ લોકમાં અનેક પ્રલોભનના પદાર્થ ભગવાને રાખ્યા છે અને તેમાં મનુષ્ય આસકત થઇ તેમની પાછળ દોડે છે. તેની ઇચ્છા કરે છે. આ પ્રકારે ભગવાને સ્વર્ગમાં પણ અનેક પ્રકારના સુખોનું નિર્માણ કર્યુ છે.

અહીં પુણ્ય કરનાર વ્યકિત સ્વર્ગની કામના રાખનાર વ્યકિત ત્યાં સ્વર્ગમાં જાય છે ત્યાં જે દિવ્ય સુખ છે તેનો ઉપભોગ કરે છે, તો તે સ્વર્ગ લોક જે એવો મારો વિશાળ છે ભગવાન કહે છે કે –

, એતમ્ ભુકત્વા સ્વર્ગ લોકમ્ વિશાલમ્ '

વિશાળ જે સ્વર્ગ લોક છે ત્યાં તે પુણ્યનું ફળ ભોગવે છે. પરંતુ તેનો તે જે ભોગ છે, પુણ્યનો ભોગ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તે પુણ્યોને ભોગવે છે. કહેવાયું છે કે જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી તે પુણ્યોને ભોગવે છે. કહેવાયું છે કે જ્યાં સુધી તેમની પુણ્યરૂપી પુંજી જમા રહે છે ત્યાં સુધી સ્વર્ગમાં દિવ્ય સુખોનો ઉપભોગ કરી શકે છે. જેમ કોઇ વિદેશી મનુષ્ય બીજે કયાંક વિદેશમાં જાય તો આંજકાલ એવી મોટી મોટી હોટલો ખુલી ગઇ છે. સાંભળ્યું છે, બધા જ સુખના સાધનો મળે છે. ઘરથી વધારે સુખલાભ પ્રાપ્ત થાય. ખાવા–પીવા, રહેવાના રહેઠાણની વ્યવસ્થા, તમારી સેવા ચાકરી અહીં ઘરથી પણ વધારે ઘરમાં ખાવા ન મળે તેનાથી ઘણું સારું ખાવાનું ત્યાં મળશે. રહેવાનું સ્થાન પણ રાજાઓના મહેલથી ઘણા વધારે સારા મળશે. પરંતુ આ બધું કયાં સુધી ? જ્યાં સુધી તમે તેમનું બીલ ચુકવતા રહેશો ત્યાં સુધી તમે ઘરથી વિશેષ સુખ પ્રાપ્ત કરતા રહેશો અને આ બીલ તમે, કયાં સુધી ચુકવતા રહેશો, જ્યાં સુધી તમારી પુંજી હશે. જ્યારે પુંજી જ નહીં રહે તો બીલની ચુકવણી કેવી રીતે કરશો ? ભગવાન આ જ દૃષ્ટાંત આપે છે કે પુણ્યશાળી લોકો પુણ્યનું ફળ સ્વર્ગમાં ઉપભોગ કરે છે. પરંતુ ત્યારે અને ત્યાં સુધી કરી શકે છે. જ્યાં સુધી પુણ્યરૂપી પુંજી તેમના ખીસામાં રહે છે, જમા રહે છે. પછી પરિણામ શું આવે છે ?

એ તો નિશ્ચિત છે કે પુંજીની સમાપ્તિ અનિવાર્ય છે. પુંજી એક એવી ચીજ છે કે તેમાં ઉમેરો ન કરો, માત્ર ખર્ચ જ ખર્ચ કરતા રહો તો સમાપ્ત થવાનું અનિવાર્ય છે.

થોડી પુંજી હશે તો જલ્દી સમાપ્ત થઈ જશે અને વધારે પુંજી હશે તો વધારે દિવસ સુધી તમે તેનો ઉપભોગ કરી શકશો. પરંતુ તેની સમાપ્તિ થવી અનિવાર્ય છે. તેમાં વૃદ્ધિ થતી નથી. તો પુંજી જઇ રહી છે તેમાં ઉમેરો થાય નહીં તો તે સમાપ્ત થવી અનિવાર્ય છે.

એ વાત પણ નિશ્ચિત છે કે ભગવાને આ અધિકાર સ્વર્ગના દેવતાઓને પણ નથી આપ્યો કે તેઓ પોતાની પુણ્ય પુંજીમાં વધારો કરી શકે. માનવ દેહથી જે પુણ્ય કાર્ય કર્યા છે તેના ફળ આજ ભોગવી રહ્યા છે. સ્વર્ગમાં રહેતા દેવતા, જો ઇચ્છે કે ભાઇ પહેલાં તો અમને એમનું આ જ્ઞાન જ નથી થતું કે અમારી પુંજી જઇ રહી છે. વાસ્તવમાં વાત એ છે કે સ્વર્ગના ભોગનું પ્રલોભન એટલું અધિક છે કે તેમાં જ તેઓ રાત દિવસ મગ્ન રહે છે. અમારું આગળ શું થશે ? ભવિષ્ય શું હશે ? તેના તરફ ધ્યાન નથી આપતા.

આપણે તેના તરફ ધ્યાન આપવું જોઇએ. ભજન ભગવાનની પ્રાપ્તિ માટે હૃદયમાં ભાવના રાખવી જોઇએ. ભગવાનની સેવા કરવાથી ભગવદ્ પ્રાપ્તિ સહજમાં થઇ શકે છે તેથી વૈષ્ણવોએ શ્રી ઠાકોરજીની સેવા પ્રીતિપૂર્વક કરવી જોઇએ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિવર્ધિની

શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીતા

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

ગતાંકથી ચાલુ

યથા ભક્તિ : પ્રવૃદ્ધાસ્યાત્ત તથો પાયો નિરૂપ્યતે ।
બીજભાવે દઢેતુસ્યાત્ત્યાગાચ્છશ્રવણ કીર્તનાત્ ॥૧॥

યથા (જે પ્રકારે જેમ કરવાથી) ભક્તિ પ્રવૃદ્ધા (એટલે ઘણા વિકાસ વાળી) થાય; તથો પાયઃ એટલે તેમ કરવાના ઉપાયનું ખાસ નિરૂપણ અહીં કરવામાં આવે છે. બ્રહ્મસંબંધ થતાં જ્યારે આત્મનિવેદન કરવામાં આવે ત્યારે જે ભક્તિનું બીજ રોપાય એ બીજ ભાવ ત્યાગથી, શ્રવણથી અને કીર્તનથી એમ ત્રણ પ્રકારે દઢ (મજબુત) થાય (વૈદિક યા તો લૌકિક કાર્યોમાંથી આસક્તિ છોડવી તેનું નામ ત્યાગ; શ્રવણ એટલે ભગવદીય જનોના સંગ દ્વારા ભગવલ્લીલાઓનું યશોગાન કરવું તથા સાંભળવું તે; અને કીર્તન એટલે ભગવાનની લીલાઓનું ગાન કરવું તે. ૧.

બીજ દાર્ઢ્ય પ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥ ॥૨॥

બીજ ભાવને દઢ (એટલે મજબુત પાકો) કરવાનો ઉપાય છે. ઘરમાં રહીને પોતાના ધર્મનું પાલન કરવું તે અવ્યાવૃત્ત બનીને (એટલે વેપાર–વ્યવસાય કે નોકરી વગેરેમાં ચિત્તને રોકયા વગર) શ્રી કૃષ્ણને ભજવા જોઇએ શ્રીકૃષ્ણની પૂજા દ્વારા શ્રી કૃષ્ણની લીલાઓના ગાનના શ્રવણ દ્વારા અને ભગવલ્લીલાના શ્રવણ તથા કીર્તન દ્વારા. ૨

વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્સદા ।
તતઃ પ્રેમ તથા સક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥૩॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ । ૩½

અવ્યાવૃત્ત ન થઇ શકાય એટલે કે વેપાર રોજગાર સંપૂર્ણ રીતે ત્યાજય ન થાય ત્યારે પણ (એટલે કે વ્યાવૃત્ત દશામાં પણ) શ્રી હરિના શ્રવણ કીર્તનમાં આપણું ચિત્ત પરોવાયલું રાખવું એમ કરવાથી પ્રથમ તો શ્રીહરિમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. એ પછી પ્રભુમાં આસક્તિ ઉત્પન્ન થાય છે અને આગળ વધતાં પ્રભુનું વ્યસન થાય છે. એ વ્યસનદશા પ્રાપ્ત થાય તેને શાસ્ત્રમાં બીજની દઢતા કહે છે એમ થાય ત્યારે ભક્તિનું બીજ (કોઇપણ જાતના કારણથી દુઃસંગ વગેરે કારણથી) નાશ પામતું નથી. ૩/ ૩½ ॥

સ્નેહાદ્રાગ વિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ગૃહારુચિઃ ॥૪॥
ગૃહસ્થાનાં બાધકત્વ મનાત્વં ચ ભાસતે ।
યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થાઃ સ્યાત્ત દૈવ હિ ॥૫॥

(પ્રભુમાં) સ્નેહ થવાથી સાંસારિક બાબતો તરફના આપણા રાગનો એટલે કે આકર્ષણનો નાશ થાય છે. પ્રભુમાં આસક્તિ થાય ત્યારે આપણા ગૃહ–ઘર તરફ પણ અરુચિ એટલે અણગમો ઉત્પન્ન થાય છે. ઘરમાં રહેનારાઓને (એટલે કે ઘરમાં સ્થિત એવા લોકો કુટુંબીજનો તેઓ બાધક એટલે સેવામાં અડચણરૂપ લાગે (જો સેવામાં રસ લેતા ન હોય) તો અને એવા અડચણરૂપ કુટુંબીજનોમાં આવા કૃષ્ણ સેવા વ્યસનીને જેનો બીજ ભાવ દઢ થયો છે એવા ભક્તને એવા બાધક કુટુંબીજનોમાં પોતાપણું લાગતું નથી આત્મીયતા લાગતી નથી બાધક કુટુંબીજનો પરાયા છે એવી લાગણી ભાસે છે (એટલે અનુભવાય છે) કારણ કે તેઓ ભક્તિમાં રસ ધરાવતા ન હોવાથી આડખીલી (અડચણ) જેવા લાગે છે. જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન્ (કૃષ્ણ વગર ચાલે જ નહિ એવો ભાવ) થાય ત્યારે જ એ ભક્ત કૃતાર્થ (કૃત્કૃત્ય–ધારેલું અથવા કરવા યોગ્ય હોય તે કાર્ય સિદ્ધ થયું છે જેનું એવો સિદ્ધિને પામેલો) થાય છે. ૫.

(ક્રમશઃ)

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૧૫

કામધેનુ યમુના કી રેતી;
સુકર ભઇ જહાં રાધા ગિરિધર પ્રેમ-ભકિત કી ખેતી. ૧

સુરતિ સ્વેદ દે નીર પોષિ નિત પ્રણત પ્રજા કે હેતી,
'વલ્લભ' ભાવ સુફલ અમૃત ભરિ કહા કહોં મતિ કેતી. ૨

ભાવાર્થ : શ્રી યમુનાજીની રેતીને કામધેનુ બતાવી છે કે ધન્ય છે આ રેતીને કે જ્યાં શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજીએ મળીને ભકિતરૂપી બીજ વાવીને ખેતી કરી છે.

તટ પર. ભીતર (અંદર) અનેક કુંજો-નિકુંજો બિરાજમાન ક્રિડા માટે ઉપયુકત હોયને સદા સર્વદા અનેક વિધ લીલાઓ અત્રે થતી જ રહે છે. તેમજ ભકિતરૂપી ખેતીના પોષણ માટે જળની જગ્યાએ શ્રમજલનાં સીંચનથી પોષણ કર્યું છે. જેથી તે ભકતોનાં ભાવને સફલ બનાવે છે. આવા ઉચ્ચ કોટિનાં ભાવનું અલ્પમતિ શું અને કેવી રીતે વર્ણન કરી શકે ?

॥ શ્રીહરિઃ ॥

વેણુ ગીત ધોળ

(વેણુ ગીત શ્લોક ૧૬ ધોળ-૧૧)

(ઢાળ – હું તો ઢોલે રમું ને હરિ સાંભરે રે)

સખી ધેનું ચરાવે વૃંદાવનમાં રે, સંગે બલ અને ગોપ સમુદાય સખી ૦ ૧
વાલો વેણુ વગાડે અતિ રસ ભરી રે, મુખે ગીત મધુરૂં ગાય સખી ૦ ૨
માથે તાપ પડે છે અતિ સૂર્યનો રે, તેથી પ્રભુ અતિ અકળાય સખી ૦ ૩
મેઘ મિત્ર છે શ્યામ સુંદર તણો રે, દેખી મીત્રને શ્રમિત આવ્યો ધાય સખી ૦ ૪
અતિ પ્રેમથી વધાર્યો નિજદેહને રે, કરી સર્વ ઉપર છત્ર છાંય સખી ૦ ૫
જલ-બિંદુંરૂપી પુષ્પ વરસાવતો રે, તાપ તુરતમાં દીધો નસાય સખી ૦ ૬
સખી ધર્મ બજાવે મેઘ મિત્રનો રે, મિત્ર દુઃખે એનું દિલ દુભાય સખી ૦ ૭
શ્યામ સખા સખી છે આપણા રે, **'લાલ'** આપણે તો કરતી નથી કાંય સખી ૦ ૮

(વેણુ ગીત શ્લોક ૧૭ ધોળ – ૧૨)

(ઢાળ – વાંકે અંબોડે શ્રીનાથજીને સુંદર શ્યામ સ્વરૂપ

ભીલડીઓના ભાગ્ય તણો સખી, કહેતા ન આવે પાર
પૂર્ણ કામ થયા છે તેનાં, ધન્ય બની ભીલ નાર ૧

પ્રાત પધારે વાલો વૃંદાવનમાં, ગોચારણને મિષઃ
લીલા કરે ત્યાં જઇને કેવી, તમે સૂણીને કરશો રીસ ૨

પુલિન્દિની પાસ પધારે, પુરે તેના કામ;
આપણે તો અહીં ઝુરી મરીએ, વિના સુંદર શ્યામ ૩

નિજ પ્રિયાના સ્તનનું કેસર, રહ્યું ચરણ લપટાય,
ગાયોની પાછળ ચરણ ધરતા, તૃણને ચોંટી જાય. ૪

તૃણ ઉપરથી પ્રસાદી કુમકુમ, લીધું પુલિન્દિ ઉઠાય;
સ્તન અને મુખ ઉપર તેનો, લેપ કર્યો સુખદાય. ૫

ભક્તિ પ્રાપ્ત થઇ તેને, કુમકુમથી નિરધાર;
કામ પુરણ કર્યા તેનાં સુંદર વર સુકુમાર. ૬

યોગ્ય ને અયોગ્ય બનાવે, અયોગ્યને વળી યોગ્ય,
‘લાલ’ પ્રભુ તો રસિકવર છે, કરે સકળનો ભોગ. ૭

–કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

પ્રેમ લક્ષણા

આ દશમી ભકિત તે પ્રેમ લક્ષણા સર્વ શ્રેષ્ઠ હોય ગોપિજનોએ લીધી આ ભકિતમાં નવધા ભકિતનો સમાવેશ થઈ જાય છે ઉપરાંત પ્રેમની પરાકાષ્ઠારૂપ સર્વશ્રેષ્ઠ કોણે કરી તે વિગતવાર જોયું હવે આ પ્રેમલક્ષણામાં સર્વ શ્રેષ્ઠ તે તો ગોપિજનોએ કરી છે જેઓનું જીવન ધન સર્વસ્વ શ્રીકૃષ્ણ જ રહયા બાળલીલાથી લઇને કિશોર લીલામાં પ્રભુથી ઓતપ્રોત રહ્યા જ્યાં પ્રેમ ત્યાં નિયમ રહેતો નથી તે ભકતોએ પ્રેમ ભાવથી પ્રભુને વશમાં કરી લીધા જેમ કે "અહં ભકતો પરાધિને આ વાકય મુજબ પ્રભુભકતોને આધિન બની ભકતની ઇચ્છા મુજબ ક્રિડા કરતાં તે વખતે પોતાનું સામર્થ્ય છુપાવીને ભકતોનીજ પ્રસન્નતા જાળવી છે.

ગોપિજનોને ઘેરે બાળક કૃષ્ણ રમતાં રમતાં જાય સામેથી માખણ માગે ગોપિ કહે કે લાલા થોડું નાચો તો આપું માખણ આપીશ અને તાજી છાશ પણ ધુંગારીને મસાલા નાખીને આપીશ જો જો લુણ મરિ વિગેરેથી બહુજ સ્વાદિષ્ટ લાગશે જો પીવી હોય તો પહેલા નાચી બતાવો છછીયાભર છાછયેં નાચ ન ચાવે."

તે મુજબ એક કટોરી છાશ માટે લાલા કન્હૈયા નાચી બતાવતા કિશોર લીલાઓ ગોપિજનોની પ્રેમ લક્ષણા ભકિતને વશ થઇને પ્રભુએ કરી.

ગોપિજનોને પ્રભુનો વિયોગ સહન થતો નહી જયારે વનમાં પ્રભુ ગોવાળીયાને ગાયોની સાથ જતાં ત્યારે એક સ્થાનમાં સહુ એકત્રિત થઇ અને વનલીલાનું અવગાહન કરતી આ ગાન કરતાં પોતે વનવાસીયો કરતાં હીન ભાગી આપણે છીએ એમ કહેતાં જેમકે વેણુગીત, યુગલગીત, વિગેરે રોજે રોજની લીલાનું ગાન કરી સમય વ્યતિત કરતી સાંજે પ્રભુ ગ્વાલબાલો સાથે ગાયોને લઇને વૃજ પધારતા ત્યારે આનંદ મય વાતા વરણ બની જાતું સુખમય પ્રભુનું ગોરજ મંડીત મુખારવિંદ જોઇને પોત પોતાને સ્થને જતી પ્રાતઃ કાળ બ્રહ્મ મુહુર્તમાં દધિ મંથન વખતે નેતરાથી બંન્ને હાથની ચુડીયોનાં ખણ ખણાટ સૂર પુરાવતો અને નંદનંદનનું ગાન કરતાં કરતાં દધિ મંથન કરતું આલ્હાદ ભર્યું વાતાવરણ સર્જાઈ જતું. આમ સવારથી સાંજ સુધી ઘર કામ કરતાં કૃષ્ણલીલાનું ગાન તેમનાં મુખથી અવિચળ ધારા રૂપે વહેતું રહેતું જે ગોપિજનોયે પોતાનું સુખ કયારે પણ વિચાર્યું નથી. જેમનું સર્વસ્વ ધન મહી ને માખણ તે પ્રભુને સમર્પીને સુખ માનતા તેમાં મન રૂપી માખણનો સ્વાદ વિશેષ હતો. આવા પ્રેમી ભકતો જુદી જુદી ભાવનાનાં પણ હતા કોઇ તો પ્રભુને ઘરે પધરાવી આરોગાવવા

ચાહતા કોઇ કહે મારે ઘેર ચોરી કરવા આવે તો કેવું સારૂ યશોદાજી સર્વ સુખ લીધે છે તેમને શું ખામી છે ખૂબ લાલાને લાડ લડાવે છે નવ લખ ઘેનું તેને કયાં મહી માખણની ખોટ છે આપણા ભાગ્ય કયાં એવા હતા કે આપણી પાસે માગીને લીયે આવા ભાવવાળા ભકતોની ભાવનાં પ્રભુએ ઘરે ઘરે જઇને પુરી કરી માગીને લીધું, ચોરીને લીધું દાણ નીમિતે વનમાં રોકીને પણ લીધુ હતું.

ઉદ્ધવજી વૃજમાં સંદેશો લઇને આવ્યા જેઓ મહાન જ્ઞાનિ હતા પરંતુ જ્ઞાન માર્ગ અને પ્રેમ માર્ગ બંન્ને જુદા છે. ઉપદેશ સાંભળ્યો પણ ગોપિજનોયે તો પ્રેમાવેશમાં લીલાનું ગુણગાન કરી સીધ્ધ કરી બતાવ્યું કે કૃષ્ણ સદા વૃજમાંજ બિરાજે છે મથુરા ગયાજ નથી.

ઘડી એમાં વાંસલડી વાગશેરે વ્હાલો અમ પાસે આવી કંઇક માગશેરે લોલ. આમ ઉદ્ધજીનું તત્વ જ્ઞાન ફીકું પડી ગયું હતું. જુઓ શિક્ષાપત્ર ૩૯ શ્લોક ૧-૨-૩

કૃષ્ણે રસાત્મકે નિત્યં ગોપિકા મંડલ સ્થિતે
યમુના પુષ્ટિનાં તત્સ્થ વૃંદાવન વિરાજતે
નિત્ય ગાન રસાવિષ્ટે વિશિષ્ટે ક્ષરતઃ ક્ષરાત્

શ્રીકૃષ્ણ વૃજમાં રહી નિત્ય લીલા કરી ગોપિજનોનાં મંડલમાં બિરાજવા વાળા છે શ્રી યમુનાજીને કિનારે તથા વૃંદાવનમાં નિત્ય લીલા કરી અને રસાવિષ્ટ છે. ભાવનાંથીજ જ્યાં ગમ પહુંચે છે. સર્વત્ર પ્રસિદ્ધ પુરૂષોત્તમ છે. નિત્ય શ્રી સ્વામિજીની સાથે રાસ વિલાસ કરવા વાળા છે. શ્રી યમુનાજી રસાત્મક છે તેમજ આપનાં ઉભય તટ પણ રસાત્મક છે તટ ઉપર નાના પ્રકારનાં વૃક્ષો તેમજ તરેહ તરેહની કુંજ નિકુંજો વિગેરેથી નિત્ય લીલા નવિન રૂપથી કરે છે આમ સર્વ લીલા કરી કૃષ્ણ સદા વૃજમાંજ વિહાર કરે છે.

ગોપી પ્રેમકી ધ્વજા
જીન ગોપાલ કીયે અપને વશ ઉરધર વામ ભૂજા

આ પદની ભાવનાં જોતાં પ્રેમ લક્ષણા ભકિતનાં મુખ્ય પાત્રો તેતો ગોપિજનોજ હતા. અત્રે ધ્વજાની ઉપમાં દીધી છે ધ્વજા તો મંદીરનાં શિખર ઉપર હોય તે સર્વથી ઉમેજ હોય તેવી રીતે પ્રેમ લક્ષણા ભકિતમાં સર્વ શ્રેષ્ઠ ગોપીજનોને ધ્વજા રૂપ બનાવ્યા છે આ પ્રેમ ભાવ ભકિતથી પ્રેમ બંધનથી બંધાય છે અનંત કોટી બ્રહ્માંડના રાજા તે ભક્ત વશ થઇ કહે છે ભકત કહે સોહી કરૂં એસી મેરી ટેક

પ્રેમ લક્ષણા ભકિતમાં વિશેષતા એવી છે કે ભકતની સાથે પ્રભુ સમાનતા રાખે છે એટલું જ નહી ભકત પોતાનું ધાર્યું પ્રભુ પાસે કરાવે છે વિવિધ ભાવનાંનાં ભાવ વાળા ભકતો હઠ કરીને પણ પ્રભુને પરવશ પણ કહે છે તે બદલ એક છાકનું કીર્તન જોઇએ

છાકનું પદ રાગ સારંગ તાલ દુપદ

દાન ઘાટી છાકઆઇ ગોકુલ તે કાવર ભર રાવલકી સવરેને રાખી સબ ઘેર જાનતો જબહી દેહું. નંદજુકી આન ખેહું ભોજનકી રહી કછુ ચાખો એક બેર ॥૧॥ અતિપ્રવિન જાન રાય કનક બેલા કરમેં લીયે બાંટત મેવા મન પ્રસન્ન હેર ચરું ફેર સકલ પાક પરમાનંદ આરોગત પરમાનંદ પરમાનંદ ટોક કરત સુબલ ટેર ટેર ॥૨॥

ગોકુલથી મૈયા યશોદા લાલા માટે સુંદર છાક ભરીને વનમાં કાવર ભરીને મોકલાવે છે

તે વધારે પડતીજ મોકલે લાલાની સાથેનાં ગોવાળીયા બધા પ્રેમથી જમે.

આજે તો દાન ઘાટી પર મુકામ છે. ગીરીરાજજીની આસ પાસે ગાયો ચરતી રહે છે ભૈયા હવે એકત્ર થઇ છાકનો આનંદ લઇએ પણ મૈયાની છાક સામેથી આવતાં જોઇ રાવલની વૃજનારીયે કૃષ્ણને રોકી રાખ્યા. કે પહેલાં અમારી છાક થોડી ચાખી જુઓ પછી આગળ જવા દઇશું.

લાલા કન્હૈયા કહે મૈયાની છાક પહેલાં લઇશ. તમારી પણ અમે બધા સાથે બેસીને લેશું પરંતુ રાવલ વારી કહે તમને નંદબાવાની સોગન આપું છે પહેલાં અમારી છાક થોડી થોડી ચાખી લ્યો ત્યાર પછીજ આગળ જવા દઇશ પ્રભુએ જોયું ચોતરફની રાવલ વારીયે ઘેરી લીધા છે ત્યારે પરવશ થયા તેની ઇચ્છાને માન દીધું સુબલ સખાને ટેર દઇને બોલાવી કહ્યું ભૈયા આજ યહાં છાક લેગે, બંન્ને છાક સાથમાં રાખી સહુ સખા મંડળી પ્રેમથી ભોજન કરવા બેઠા અદભુત સ્વાદ રાવલ વારીની છાકમાં હતો તે જોઈ બધા પ્રસન્ન ચિતે વખાણ કરતા જાય લાલા કન્હૈયા હાથમાં સોનાની કુંડી લઇ પોતે મોઢામાં મુકતા જાય ને સખાને પિરસતા જાય સારમાં રાવળ વાળીએ પોતાનો હઠ પુરો કર્યો આવા ભકતો પ્રભુ પાસે પોતાનું ધાર્યું કરાવીનેજ છોડે છે પ્રભુ પણ પ્રેમાવેશ થઇ ભકતની ઇચ્છા મુજબ લીલા કરે છે. કોઇવાર ગોવાળીયા રીસાઇ જાય તે તેને પણ મનાવી લે વનમાં ગાયો ચરાવતા ગોવાળીયાની સભા ભરીને વચે બંન્ને ભાઈ નટ રૂપ ધારણ કરી નટની સમાત રમત કરીને ગોવાળીયાને રીજાવે છે.

જ્યાં જ્યાં ભકતને સંકટ આવે ત્યાં વગર બોલાવ્યે તેની સહાય કરે છે આ પ્રેમ લક્ષણા ભકિત એટલે ભગવત ભકતાધિન સર્વ શ્રેષ્ઠ ભકતોથી હાર્યા બીજા કોઇથી હરાય નહી માટેજ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃપાળ ૧૨.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

કાવ્ય–કુંજ

૧. ઝાંખી કયાંથી થાય ?

ઝાંખી કયાંથી થાય. હું પદ હૈયેથી ના વિસરાય
હરિની ઝાંખી કયાંથી થાય ?
હિમ ઝરતાં વહેલે પરોઢિયે નદીએ નાહવા જાય
નિર્મળ જળમાં નાહ્યો ઘણું પણ મનનો મેલ ન જાય
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
વેદ–પુરાણોના પાઠ કરે ને આખી ગીતા ગાય
ગીતા જ્ઞાન ન ભીતર આવ્યું મુખે ગાયે શું થાય ?
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
તિલક–છાપાં છાપીને અંગે મંડળીઓમાં જાય
જ્ઞાન–વૈરાગ્યનાં ગાન કરે પણ આતમજ્ઞાન ન થાય
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
એકાદશી અપવાસ કરે ને મંદિર મહાદેવ જાય
ભલું ન ભાઇનું ભાળી શકે એને હાથે ભલું કોનું થાય
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
દીન – દયાની વાતું કરતો તીરથયાત્રા જાય
તીર્થરૂપ માબાપની આંખો હરનિશ આંસુએ નાહય
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
ઉપર રૂડા ભીતર કૂડા બહાર ડોળ દેખાય
અંતર્યામી દીનદયાળુ છેતર્યો ન છેતરાય
હરિની ઝાંખી કયાંથી થાય ? .... ઝાંખી કયાંથી થાય
કાવા દાવા કપટ ત્યાગી હરિ–શરણમાં જાય
માતપિતા–ગુરુ–આશિષ મળતાં ઝાંખી હરિની થાય.

[તન્ના પરિવાર, કલ્યાણ પ્રકાશિત 'વ્રજમંગલા' કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

૨. આવ્યા શ્રી વલ્લભના નોતરાં

આવ્યાં શ્રી વલ્લભનાં નોતરાંને,
મારે જાવું છે ચંપારણ્ય ગામ રે,
આજ કોઈ રોકો નહિ. ૧

ચૈત્રના નવલાં દિન આવ્યાને,
કંઇ આવી એકાદશી આજ રે,
આજ કોઇ રોકો નહિ. ૨

વૈષ્ણવજનને સંગે લઇને,
જાવું છે ચંપારણ ધામ રે,
આજ કોઇ રોકો નહિ. ૩

પાનઘર, ફૂલઘર, દૂધઘર સેવા,
ઝારી ભરવાને કાજ રે,
આજ કોઇ રોકો નહિ. ૪

ફૂલડા ગૂંથાવું પલના સજાવું,
ઝૂલાવું વલ્લભલાલ રે,
આજ કોઇ રોકો નહિ. ૫

સરખી સાહેલી ટોળે મળીને,
જાવું છે વલ્લભ દ્વાર રે,
આજ કોઇ રોકો નહિ. ૬

– વીણાબેન શેઠ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

૩૦. સૌ પર પ્રભુનું સ્વામિત્વ છે

આ જગત પ્રભુની લીલા છે, તેને લીલા રૂપે જુએ તે ભગવદીય મોટા મોટા ભગવદીય તે તો લીલારૂપ જુએ છે. શુકદેવજી, નારદ આદિ સર્વે લઇને લીલારૂપ જુએ છે.

જુઓ ભચવદીયે લીલાદ્રપ ગાયું છે તે અને શીશુપાળે કહ્યું તે, શીશુપાળે કહ્યું કે એ તો કામી છે, લોલંપટ છે, પણ પેલા ભગવદીયે સ્નેહે કહ્યું ને શીશુપાળે દ્વેષે કહ્યું, પણ પ્રભુને તો એ બન્ને લીલા છે, બન્ને લીલા જ જુએ છે અને આપણને ખાર આવે છે, પણ પ્રભુને સર્વે લીલા જ છે.

જુઓ આપણે પરણીએ છીએ, ત્યારે સાસરાના લોકો ગાળો ભાંડે છે, વળી આપણા સાસરીયા આપણી મશ્કરી પણ કરે છે. આ બધું મીઠું લાગે છે. આ સ્નેહની મીઠાશ છે. પણ કોઈ દ્વેષથી ગાળો દે, તો આપણને રીસ ચઢે છે પણ પ્રભુને તો એ સર્વે લીલા છે. સ્નેહી તે ભગવદીયને દ્વેષી તે આસુરી પણ દેવી ને આસુરી એ બન્ને લીલા પ્રભુનીજ છે, એમ જો જાણે તો પ્રભુ પ્રસન્ન થાય.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

સંગીત સરિતા

શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ (રાજકોટ) દ્વારા

શ્રીવલ્લભકુલ દિવાકર મહાન હાર્મોનીયમ વાદક નિ. લી. ગો. શ્રી દ્વારિકેશલાલજી મહારાજશ્રી (પોરબંદર)ની પ્રાકટ ઉત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં મહાન સંગીતઆચાર્ય તથા મૃદંગાચાર્ય શ્રી વલ્લભકુલભૂષણ, સોમયાજી દિક્ષિત પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ શ્રી (ઇન્દૌર)નો શાસ્ત્રીયગાનનો તથા સંગીતકલાધર શ્રી વલ્લભકુલભૂષણ પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ)નો હાર્મોનીઅમ વાદનનો કાર્યક્રમ તા. ૧૫-૩-૯૫ શનિવારે રાત્રે ૯ વાગે શ્રી અરવિંદભાઇ મણીઆર હોલ, જ્યુબીલી ગાર્ડન, રાજકોટ ખાતે યોજેલ છે. તેમજ તા. ૧૬-૪-૯૫ રવિવારે રાત્રે ૯-૩૦ વાગે જશુભાઇ મંડાણ ખત્રીવાડ રાજકોટ ખાતે વધાઇ-કિર્તન-રાસનો કાર્યક્રમ છે. સર્વે સહૃદયી સંગીતરસિક શ્રોતાઓ અને વૈષ્ણવવૃંદને હાર્દિક નિમંત્રણ છે.

નિમંત્રક

શ્રી દ્વા. પુ. સેવા સમિતી, રાજકોટ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

(પુ. પા. ગો. શ્રી મુરલીધરજી મહારાજશ્રી (મિલન બાવાશ્રી) ઘાટકોપર, કામવનની વ્રજયાત્રા સં. ૨૦૪૮, સન ૧૯૯૨, તા. ૧–૯–૧૯૯૨ના રોજ ઊપડી હતી. તે પરિક્રમામાં વ્રજયાત્રાની ફલશ્રુતિરૂપે શ્રી ઠાકોરજીની કૃપાથી અને પ્રેરણાથી વ્રજયાત્રા–લીલાસ્થળોનું રસમય વર્ણન કરતા કીર્તનો/પદોની રચના થઇ હતી તે ‘પ્રેમ–સુધારસ’ પુસ્તકમાં પ્રકાશિત થયેલ છે તેમાંથી લેખકશ્રીના સૌજન્યતાથી આભાર સહ. ‘શ્રી વલ્લભ સુધા’માં ક્રમશઃ પ્રકાશિત થવાથી વાચક વર્ગને પ્રેરણાદાયી અને લાભપ્રદ નિવડે તેવી શુભકામના. – તંત્રી]

મંગલાચરણ

શ્રી ગિરિરાજ–કુંજ–રસેસ–રસનિધિ,
મમ હૃદયમાં વસજો સદા;
શ્રી ગોકુલનાથ–પતિ–લીલા–રસમયી.....
અંતર રમણ કરજો સદા.... ૧

શ્રી ચતુર્થ પીઠાધીશ હે રસિક મણિ,
ઉર ભાવ ગોપીના લઇ;
શ્રી ગુરુ ગોવિંદના ચરણે નમી,
ધર્યો થાળ લીલા – રસમયી.... ૨

લીલા રસભર કમલશત–દલની,
નીરખવા અમિ નયનથી;
‘ચરણદાસ’ની આશા પુરણ કરી,
પિવડાવજો રસ પ્રેમથી.... ૩

૧ શ્રી ગિરિરાજ–કુંજ–રસેશ–રસનિધિ–આ પંક્તિમાં ચાર સ્વરૂપોની ભાવના સમાયેલી છે. (૧) શ્રી ગિરિરાજની કુંજમાં રસરૂપે રમણ વિહાર કરતા શ્રીકૃષ્ણ. (૨) શ્રી ગિરિરાજની નિકુંજમાં રસેશ સાથે રસનિધિરૂપ શ્રી સ્વામિનીજીના સ્વરૂપે ભૂતલ પર પ્રગટ થયેલ શ્રીવલ્લભ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી અને (૪) શ્રી ગિરિરાજની નિકુંજમાં રસરૂપે રસેશની સાથે નિત્ય

નિવાસ કરતું સ્વરૂપ શ્રી ગુંસાઇજી પરમ દયાલ મારા હૃદયમાં સદા વાસ કરો. આ પછીની પંક્તિઓ સરળ છે.

વિશ્રામ ઘાટે નિયમ : રાગ : ભૈરવ

શ્રી વલ્લભાધીશ, ગુરૂદેવ ચરણે નમી,
લીલા રસ રૂપને, નીરખવા મન થકી..... ૧

પરિક્રમા વ્રજતણી, આપો મા ભગવતી,
શુદ્ધ કરી શરણ દઇ, રાખો પુષ્ટિ મહીં..... ૨

શ્રી શ્યામ સંગે રહી મા શ્યામ રંગી બની
વ્રજજન ઉછંગે લઇ, કુંજ તટે રમી રહી.... ૩

બુન્દ બુન્દ વરસતી, ભકિત રસે ઉમડતી,
'ચરનદાસ' પાન કરી, લે નિયમ ભાવ ભરી.... ૪

૧ શ્રી વલ્લભ ત્રણ સ્વરૂપ રાગ : સારંગ

શ્રી વલ્લભ ચરણ પ્રતાપ બલ, અપને વંશ જતાવિયો,
દામોદરદાસ, હૃદયકમલ, શ્રીવલ્લભ રૂપ બિરાજિયો.... ૧

શ્રી મહાપ્રભુજી. સ્વરૂપ બલ, શ્રી બેઠકમાં પધરાવિયો,
નિત્ય લીલા રસરૂપ વિમલ, ભાવ દાન કરાવિયો.... ૨

શ્રી આચાર્ય પદ પંકજ કૃપા, દૈવી જીવ શરણે કર્યો,
અગ્નિ સ્વરૂપે પ્રગટી ભૂતલ, દોષ પૂંજ નિવારિયો..... ૩

શ્રી પુરુષોત્તમ મુખારવિંદ રસ, ત્રણે સુબોધિનીમાં વહાવિયા,
'ચરનદાસ' પુષ્ટિ સૃષ્ટિરસ, ઊભરે ભગવદી સંગ થયો..... ૪

ક્રમશઃ

શ્રીમદ્ વલ્લભાચાર્યજી

લે. રા. રણછોડલાલ કેશવલાલ પારેખ, કડી.

પ્રભુની આ સુંદર લીલાત્મક સૃષ્ટિમાં જન્મ પામીને મનુષ્યજાતિનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કર્તવ્ય એજ હોઇ શકે કે તેણે આ જન્મનું સાર્થક કરવું. એ સાર્થક કરવામાં પ્રભુને પામવામાં ભિન્ન ભિન્ન તત્ત્વવેત્તાઓએ–આચાર્યોએ જુદા જુદા માર્ગો જીવના કલ્યાણના અર્થે બતાવેલા છે.

હિંદુ ધર્મ અને તેની સંસ્કૃતિ એ પ્રાચીન અને ઉચ્ચત્તમ સંસ્કૃતિ છે. એ સંસ્કૃતિ અને તેના ઉચ્ચ સિદ્ધાંતો એનો અભ્યાસ કરનારને અત્યંત ગૌરવાન્વિત બનાવે છે. આર્ય સંસ્કૃતિ અને તેના તત્ત્વજ્ઞાનનો સુંદર રીતે સદુપયોગ કરીને શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ આર્યવર્તના એક અગ્રિમ તત્ત્વવેત્તા તરીકે પોતાનું સ્થાન તરીકે સિદ્ધ કરી; સિદ્ધાંતોને આચારમાં મૂકી જગતના જિજ્ઞાસુ જીવોને સુંદર રહેલો અને અત્યુત્તમ માર્ગ બતાવી આપ્યો છે.

તે પહેલાંના ઘણાખરા ધર્માચાર્યોએ ગૃહસ્થાશ્રમના ત્યાગથી જ મનુષ્ય જાતિનું કલ્યાણ થઇ શકે, અમુક જાતિ જ અમુક કાર્ય કરી શકે વગેરે જણાવ્યું છે. એટલે જગતની સામાન્ય જનતા એક જ રસ્તે કલ્યાણ કરી શકે એવા સરળને સુંદર માર્ગની ખોટ રહેલી હતી. શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય કરીને પ્રભુની કૃપા–અનુગ્રહ મેળવીને અને તે મેળવવાને માટે પ્રભુની અનન્ય પ્રેમે સેવા–ભકિત કરીને પ્રત્યેક જીવ સ્વકલ્યાણ કરી કરી શકે એમ બતાવી એ ખોટ પૂરી પાડી છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીની રહેણીકરણી અત્યંત સાદી હતી. ધોતી અને ઉપરણા વિનાનું બીજું કોઇ પણ વસ્ત્ર પહેરવું નહિ. વૈભવી જીવન ગાળવું નહિ. અલંકાર ધારણ કરવા નહિ પ્રભુને આરોગાવી સાદો ખોરાક લેવો, પગે ચાલીને પર્યટન કરવું, સેવકોની રહેણીકરણી ઉપર દેખરેખ રાખવી, જીજ્ઞાસુઓને ભગવદ્ વાર્તા દ્વારા ઉપદેશ આપવો અને સ્વમાન્ય સિદ્ધાંતોનો પ્રચાર કરવો એ એમનું મુખ્ય કાર્ય હતું.

ગૃહસ્થાશ્રમમાં રહીને જ સ્વકલ્યાણ સાધી શકે, સાધુને પણ શરમાવે એવું પવિત્ર જીવન ગાળી શકે, પ્રભુપરાયણ રહી શકે એવો સુંદર સિદ્ધાંત દર્શાવીને અમુક જાતિ, અમુક વર્ગ કે અમુક દેશના જ લોકોનું નહિ, પણ આખા જગતના જીવોનું કલ્યાણ સાધવાનું કાર્ય કરીને જગત આગળ જ્વલંત ઉદાહરણ રજુ કર્યું છે.

કોઇ પણ પરધર્મી મનુષ્ય આ માર્ગના સિદ્ધાંતો સ્વીકારી શકે એવી અત્યુત્તમ ઉદાર ભાવાથી ભરેલો, એવી ઉત્તમ અને વિશાળ દૃષ્ટિવાળો આ માર્ગ સર્વ કોઇના માટે પોતાના દરવાજા ખુલ્લા રાખી શકે છે. ચહુડા, બલ્હુઇ, રસખાન, અલીખાન, શુદ્ર, વૈશ્ય, ક્ષત્રિય અને અમીર નાના અને મોટા, નીચ અને ઉંચ, સર્વે કોઇ આ માર્ગના સિદ્ધાંતે ચાલીને પોતાનું જીવન સુધારી શકયાના અનેક દાખલા ઇતિહાસમાં છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ રચેલ અનેક ગ્રંથો જે વૈષ્ણવોને અને સામાન્ય વિદ્વાનોને

પણ અત્યંત આદરણીય જણાય છે અને સેવાનું રચનાત્મક સુંદર કાર્ય જે પ્રત્યેક સેવકને ફરજીયાત કરવું જ જોઇએ, આવી ઉદાર ભાવના અને મૂલ્યવાન જવાહીર આ સંપ્રદાયમાં છે તેના ઉપર કચરો ન પડવા દેવો અને ચડેલો કચરો સાફ કરવો એ પ્રત્યેક સ્વધર્મીની ફરજ છે એમ હું માનું છું. વૈષ્ણવો અને જિજ્ઞાસુઓના સુભાગ્યે આ પ્રકારનો પ્રયત્ન વૈષ્ણવ વિદ્વાનો કરે છે અને શ્રીબાલકોએ પણ એ દિશાએ પ્રયત્ન કરવાની જરૂરીઆત જાણી છે એ આજના નવયુગના જમાનાને અત્યંત આવશ્યક અને લાભદાયી નિવડશે.

ઓડનું ચોડ અને અર્થ વગરના ગપ્પાં મારી અભ્યાસ વિના ગમે તેમ બે શબ્દો બોલી સિદ્ધાંતને આચારમાં નહિ મૂકતાં લાંબી સોડે સૂનાર વૈભવી, વિલાસીઓને માટે આ માર્ગ નથી. ગમે તેવું નિર્બળ ચરિત્ર ધરાવનારને માટે પણ આ માર્ગમાં સ્થળ નથી પણ “સાદા સરળ અને સદાચારી મનુષ્યો જ આ માર્ગમાં લઈ શકે છે અને તેવા જીવો જ પોતાનું ઐહિક અને પારલૌકિક સુધારી બીજા જીવોને દોરવામાં મદદ કરી શકે છે.”

શ્રી મહાપ્રભુજીને પ્રાકટય મહોત્સવ સારી રીતે ત્યારે જ ઉજવ્યો કહેવાય કે શ્રી મહાપ્રભુજીની સુંદર રહેણીકહેણીને લક્ષમાં લઇ સાદાઇ ગ્રહણ કરી એમણે બતાવેલા સેવાધર્મને આચરણમાં મૂકી સદાચારથી રહી સ્વકલ્યાણનો સુંદર આદર્શ ગ્રહણ કરી બીજાને દૃષ્ટાંતરૂપ થઇ શકીએ.

[શુદ્ધાદ્વૈત–ભક્તિ માર્તંડ વર્ષ ૮ સં. ૧૯૮૯ ચૈત્ર અંક ૧ માંથી સાભાર.]

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીજીના અષ્ટ સમયની ઝાંખી

પ્રેષક, સંકલન, ભાવાર્થ : પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ

મંગલા

આજ નંદલાલ મુખચંદ નયનન નિરખ પરમમંગલ ભયો ભવન મેરો ॥
કોટીકંદર્પ લાવણ્ય એકત્રકર વારું તબહી જબ નેક હેરેં ॥ ૧ ॥
સકલ સુખસદન હરખીત વદન ગોપવર પ્રબલદલ સંગ ઘેરે ॥
કહો કોઉ કેસે હું નહીં સુધ બુધ બને ‘ ગદાધર મિશ્ર’ ગિરિધિન ટેરેં ॥ ૨ ॥

* ભાવાર્થ *

આ કીર્તન શ્રી ઠાકોરજી વૃજભકતને ત્યાં ગ્વાલબાલની ટોળી લઇ સવારના ગાયો ચરાવવા પધારતાં – પધારતાં સ્હેજ કૃપા કરવા પધાર્યા ત્યારે ગોપી સ્વરૂપ શ્રી ગદાધરદાસજી ગાઇ રહ્યાં છે.

હે સખી ! આજે સવારના પહોરમાં ઘરના દ્વાર પર શ્રી નંદલાલના મુખચંદ્રના દર્શન માત્રથી જ તેઓ મારા ઘરને પવિત્ર કરી મંગલમય પ્રભાત કરી ગયાં.

આપ સાક્ષાત્ કોટી કંદર્પ (કામદેવ) ને પણ લજાવે એવાં સ્વરૂપની ઝાંખી કરાવી રહ્યાં છે. સહજ કટાક્ષમાત્રથી તેઓએ મને કામણગારી દૃષ્ટિથી ઘાયલ કરી દીધી છે.

હે સખી ! સકલ સુખોના સદન રૂપ પોતે તથા સાથે જાણે કે કામદેવના સૈનિકો ન હોય તેમ મદમસ્ત ગ્વાલ બાલો સાથે હતાં જાણે કે કામદેવે મારા પર ચડાઇ ન કરી હોય ? તેમ મારા ઘરને ઘેરી લીધું.

હવે સખી તું જ કહે, આવા સમયમાં મારી સાન ભાન હું કેમ કરીને જાળવી શકુ ?

આ કિર્તન ગદાધરદાસજીના કોઇ (શોકજનક) લૌકિક પ્રસંગ પર જ્યારે શ્રી ગુસાંઇજી તેમના ઘરે પધારવા નિકળ્યા છે એમ સાંભળ્યું ત્યારે ગદાધરદાસજી ભગવદભાવમાં મગ્ન થઇ ઝાંઝપખાવજ બજાવતા કીર્તન ગાતા–ગાતા શ્રી ગુસાંઇજીનું સામૈયું કરવા સામા ગયાં અને લૌકિક વાતાવરણને અલૌકિકમાં ફેરવી નાખ્યું જે જોઇ શ્રી ગુસાંઇજી પુલકિત થઇ ગયાં અને ભગવદિયની ઇચ્છાને માન આપી (લૌકિક શોક ન વ્યકત કરતાં) મૌન રહ્યાં.

જય હો ! પરમકૃપાલ શ્રી વલ્લભનંદનની
જય હો ! આવા પરમ ભગવદિઓની

શણગાર

યહ માંગો ગોપીજન વલ્લભ ॥
માનુષ જન્મ ઔર હરિ સેવા વ્રજવસવો દીજે મોહી સુલ્લભ ॥ ૧ ॥

શ્રી વલ્લભકુલકો હોંહુ ચેરો વૈષ્ણવજનકો દાસ કહાઉં ॥
શ્રી યમુનાજલ નિત પ્રતિ ન્હાઉં મન ક્રમ વચન કૃષ્ણ ગુણ ગાઉં ॥ ૨ ॥

શ્રી ભાગવત શ્રવણ સુન નિત્ય ઇન તજ ચિત્ત કહું અનતન લાઉં ॥
'પરમાનંદદાસ' યહ માંગત નિત્ય નિરખોં કબહું ન અઘાઉં ॥ ૩ ॥

* ભાવાર્થ *

હે ગોપીજનવલ્લભ (શ્રી ગોવર્ધનનાથજી) મનુષ્ય અવતાર મને વારંવાર મળે, કે જેથી પ્રભુની સેવા-ટહલનો અવસર પ્રાપ્ત થાય અને વ્રજવાસ પણ આપની સેવાની સાથે મલે અતી સુલભતાથી, એ પણ એક અમૂલ્ય દાન આપ કૃપા કરી કરો.

શ્રી મહાપ્રભુ તથા એમના કુલનો અનુયાયી બની અને શ્રીવલ્લભના પ્યારા શ્રીવલ્લભી વૈષ્ણવોનો દાસ બનીને એમની પણ સેવા કરૂં વળી શ્રી યમુના સ્નાન તથા પાન નિત્ય પ્રતિ કરી સર્વદા આપની કીર્તન સેવા કરૂં.

હે ! શ્રી ગોવર્ધનનાથ, આપના વાંગમય સ્વરૂપ શ્રીમદ ભાગવતની કથારૂપ અમૃતનું પાન નિત્ય કરૂં કે જેથી સેવાના અનવસરમાં સત્સંગની પણ પ્રાપ્તિ થાય. આ અલૌકિક સિદ્ધીઓની કામના કરતા કીર્તનનું સમાપન પરમાનંદદાસજી કરી રહયાં છે.

શ્રી ગોવર્ધનધરણ આપને નિત્ય નીરખ્યાં કરૂં અને આપના નિત્ય દરમ્યાન કરવા છતાં મારી પ્યાસ કદી ન બુઝાય.

આ પદ શ્રી મહાપ્રભુજીના ઉત્સવદિને શૃંગારમાં બોલાય છે. શ્રી મહાપ્રભુજીના પ્યારા શ્રી વલ્લભ તથા વૈષ્ણવજન તેમજ વ્રજભૂમી, શ્રી યમુનાજી અને શ્રીમદ ભાગવત કે જેનું અવગાહન કરી શ્રી સુબોધિનીજી જેવા અમૂલ્ય ગ્રંથ શ્રી મહાપ્રભુજીએ પ્રકટ કર્યો છે. એ સૌની સ્મરણ કરી નિત્ય દંડવત્ કરવા એમ શ્રી પરમાનંદજી આપણને શિખવે છે.

રૂા. ૫૧/ પૃષ્ઠ પ્રકાશન સહાયક

શ્રી હિમતલાલ કાંતિલાલ દંગી, અમદાવાદ (સાંણંદ) વાળા તરફથી સુપુત્ર ચિ. વિજયભાઈના શુભ લગ્ન પ્રસંગે.

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૯ તા. ૯-૪-૯૫ રવિવાર, શ્રી રામનવમી વ્રત, નવરાત્ર સમાપ્ત, ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજશ્રી (પાર્લા) તથા ગો. શ્રી યદુનાથ બાવાશ્રી (મથુરા) અને ગો. ચિ. શ્રી અનિરૂદ્ધલાલજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૦-૪-૯૫ સોમવાર, ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૧-૪-૯૫ મંગળવાર, કામદા એકાદશી વ્રત, શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ, ગો. શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી (સુરત-વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૨-૪-૯૫ બુધવાર, ચિ. ગો. શ્રી શરદબાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૧૪-૪-૯૫ શુક્રવાર, ગો. શ્રી પુરૂષોત્તમજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૧૫-૪-૯૫ શનિવાર, પૂર્ણિમા, વૈશાખ સ્નાન આરંભ, ગો. શ્રી રઘુનાથલાલજી મહારાજશ્રી (કામવન-ગોકુલ-પાર્લા)નો જન્મદિન, ખંડગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં કેટલેક સ્થળે દેખાશે).

ચૈત્ર વદ ૩ તા. ૧૮-૪-૯૫ મંગળવાર, ગો. શ્રી યદુનાથજી-યોગેશકુમારજી મહારાજશ્રી (મુંબઇ-કાંદીવલી)નો તથા ગો. શ્રી યશોદાનંદનજી મહારાજશ્રી (મુંબઇ-બોરીવલી)નો નો જન્મદિન, (ચતુર્થીનો ક્ષય હોવાથી આજે).

ચૈત્ર વદ ૬ તા. ૨૦-૪-૯૫ ગુરૂવાર, ગો. શ્રી લાલમણીજી મહારાજ (કોટા-જતીપુરા-મુંબઇ)નો તથા ગો. શ્રી શિશિરકુમારજી મહારાજ (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨૧-૪-૯૫ શુક્રવાર, શ્રી વિઠ્ઠલનાથજી (નાથદ્વાર)નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૦ તા. ૨૪-૪-૯૫ સોમવાર, શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૨૫-૪-૯૫ મંગળવાર, શ્રી વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય ઉત્સવ તથા શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાકટ્ય (સં. ૧૫૩૫) અને

અષ્ટસખા પૈકી શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫) તથા ગો. શ્રી વ્રજપ્રિયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. તા. ૨૬–૪–૯૫ બુધવાર, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ શ્રી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર વદ ૩૦ તા. તા. ૨૯–૪–૯૫ શનિવાર, અમાસ, કંકણાકૃતિ સૂર્યગ્રહણ, (ભારતમાં દેખાશે નહિ, તેથી પાળવાનું નથી).

વૈશાખ સુદ ૨ તા. ૧–૫–૯૫ સોમવાર, ચંદ્રદર્શન, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

વૈશાખ સુદ ૩ તા. ૨–૫–૯૫ મંગળવાર, અક્ષય તૃતીયા, ચંદનયાત્રા, જલકુંભ દાન, ત્રેતાયુગાદિ મન્વાદિ તિથિ, શ્રી પરશુરામ જયંતિ, અષ્ટસખા પૈકી ભક્ત કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩), ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન, ગ્રીષ્મઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૩–૫–૯૫ બુધવાર, ગો. શ્રી પિતાંબરજી મહારાજ (કાંકરોલી–વડોદરા)નો તથા ગો. શ્રી અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૫–૫–૯૫ શુક્રવાર, શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧), અષ્ટસખા પૈકી ભકતશ્રી સુરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫).

વૈશાખ સુદ ૬ તા. ૬–૫–૯૫ શનિવાર, ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી·જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૭–૫–૯૫ રવિવાર, ગંગોત્પતિ, ગંગા સપ્તમી, ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન, રામરાજ્ય, શ્રી જાનકીજીનો પ્રાકટય દિન.

કંઠાભરણમ્

[આપણા સનાતન ધર્મના ગ્રંથો જેવાં કે વેદ, પુરાણો, ઉપનિષદો, શ્રીમદ્ ભાગવત, શ્રીમદ ભગવદ ગીતાજી, રામાયણ, મહાભારત તેમજ સાંપ્રદાયિક ગ્રંથો દેવવાણી સંસ્કૃત ભાષામાં લખાયેલાં છે. આ સંસ્કૃત ભાષા સાથેનો આપણો સંબંધ તૂટતો જાય છે. આપણો આ વારસો જળવાઈ રહે તે માટે ચુંટી કાઢેલ શ્લોકો સ્તોત્રો અર્થ સાથેની "કંઠાભરણમ" કેસેટ પુસ્તિકા શ્રી પરીખ પરિવાર, વિલેપાર્લે તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમાંના શ્લોકો સ્તોત્રો આ બાલ વૃદ્ધ મોઢે કરી મધુર રીતે ગાય ગવડાવી કંઠનું આભૂષણ બનાવી શકાય તેવાં છે તેનો લાભ "શ્રીવલ્લભ સુધા" ના વાચક વર્ગને પણ મળે તેવા શુભ આશયથી અનુકુળતા પ્રમાણે શ્લોક સ્તોત્ર અર્થ સાથે પ્રસિદ્ધ થતાં રહેશે.

– સંપાદક]

એક શાસ્ત્ર દેવકી પુત્ર ગીત, મેકો દેવકીપુત્ર એવ;
મન્ત્રો ऽप्येक સ્તસ્ય નામાનિ યાનિ, કર્માપ્યેક તસ્ય દેવસ્ય સેવા.

ગીતા જ એક માત્ર શાસ્ત્ર છે જેને દેવકી પુત્ર શ્રી કૃષ્ણે ગાઈ છે; દેવકી પુત્ર જ એક માત્ર દેવ છે; તેનાં નામો જ એક માત્ર મંત્ર છે. અને તેની સેવા જ એક માત્ર અર્થાત ઉત્તમ કર્મ છે.

નાહં વસામિ વૈકુંઠે, યોગિનાં હૃદયે ન ચ;
મદભકતા યત્ર ગાયન્તિ, તત્ર તિષ્ઠામિ નારદ.

હે નારદ ! હું વૈકુંઠમાં વસતો નથી કે યોગીઓના હૃદયમાં પણ વસતો નથી; જ્યાં મારા ભકતો ગાય છે ત્યાં હું રહું છું.

કરદર્શન

કરાગ્રે વસતે લક્ષ્મી:, કરમૂલે સરસ્વતી;
કર મધ્યે તુ ગોવિન્દ:, પ્રભાતે કરદર્શનમ.

હાથના આગળના ભાગમાં લક્ષ્મીજી, હાથના મૂળ ભાગમાં સરસ્વતી અને હાથના વચલા ભાગમાં ગોવિંદ પ્રભુ વસે છે. માટે પ્રભાતે હાથનું દર્શન કરવું.

પૃથ્વીને વંદન–ક્ષમા યાચના

સમુદ્રવસને દેવિ, પર્વતસ્તનમંડલે;
વિષ્ણુપત્નિ નમસ્તુભ્ય, પાદસ્પર્શં ક્ષમસ્વમે.

સમુદ્રરૂપી વસ્ત્રવાળી,, પર્વતરૂપી સ્તનવાળી, વિષ્ણુ ભગવાનની પત્ની હે પૃથ્વીદેવી, આપને નમસ્કાર ! પગનો સ્પર્શ તમને થાય છે, મને ક્ષમા કરો.

ઉદ્ધૃતાસિ વરાહેણ, વિશ્વાધારે વસુન્ધરે;
ત્વં દેહમલ સમ્બંધાદપરાધ ક્ષમસ્વ મે.

હે વિશ્વના આધાર ભૂત શ્રી વસુંધરા દેવી ! વરાહ ભગવાને આપનો ઉદ્ધાર કર્યો છે. આપ દેહમલ છોડવાથી મારા અપરાધને ક્ષમા કરો.

[શ્રી પરીખ પરિવાર, વિલેપાર્લે પ્રકાશિત 'કંઠાભરણમ' કેસેટ પુસ્તિકામાંથી સાભાર.]

પુસ્તક પરિચય

પુષ્ટિ ભાવ દર્પણ
લેખક–પ. ભ. મથુરદાસ જીવરાજ મુખીયાજી
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન
શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચાર મંડળ (ધોરાજી)
'અમૃત' જલારામ–૧. માર્ગ–૩, યુનિવર્સિટી રોડ
રાજકોટ–૩૬૦ ૦૭૫

૧૬ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૨૪+૮=૧૩૨. પીન બાઈન્ડીંગ કાર્ડ બોર્ડ ટાઈટલવાળું, ન્યોછાવર રૂા. ૧૫/– પોસ્ટે જ રૂા. ૧/–

શ્રી મહાપ્રભુજીએ ભકિત વધે તેના ઉપાયો "ભકિતવર્ધિની" ગ્રંથમાં દર્શાવેલ છે. બીજભાવ દઢ થાય એજ ભકિતની વૃદ્ધિ છે. ભાવ સમૃદ્ધિ જેમ જેમ વધુને વધુ વિકસિત થાય એ જ ભકિતની વૃદ્ધિ છે. 'ભાવની મુડી'ની સુરક્ષા અને તેના વિકાસ માટેની સાધના જ પુષ્ટિ પ્રભુમાં થવો જ ભકિત છે. પરંતુ એ સુદઢ થવામાં પ્રભુના મહાત્મ્ય. ગુણ મહાત્મ્ય અને સ્વરૂપ મહાત્મ્યનું જ્ઞાન ભકિત–પથ–પથિકોને માટે ભાવની દઢતા સિદ્ધ કરવાને માટે જરૂરી રહે છે.

શ્રી વલ્લભી સૃષ્ટિમાં 'મુખીયાજી'ના નામથી ખ્યાતિ પામેલા પ. ભ. શ્રી મથુરદાસભાઈ મુખીયાજીની સિદ્ધ હસ્ત કલમે લખાયેલ પ્રસ્તુત પુસ્તકમાં ભાવ ભકિત બીજ દઢ કેમ કરવું. પાંદડા, ફુલ, ફળ આવે ત્યારે તેનું રક્ષણ કેમ કરવું, પૂર્વની સ્મૃતિની તાલાવેલી, ગોપીજનોના ભાવથી લીલા સહિત તાપ કલેશને માટે ગુણગાન કરવું, વગેરે નવ વિષયોની માવજત કરીને સાંપ્રદાયિક ગ્રંથોના પ્રમાણ તેમજ અષ્ટ સખાની વાણીનું ખૂબજ સુંદર રીતે, સરસ–સરલ શૈલીમાં માર્ગદર્શન આપતું લખાણ છે, ઉપરાંત સિદ્ધાંતને અનુસરતા–પોષક સ્વરચિત પદ્ય સાહિત્ય પણ પ્રસ્તુત કરેલ છે.

પુષ્ટિમાર્ગીય સાહિત્ય તો અગાધ સાગર સમાન વ્યાપક છે જેનો પાર પામી શકાય તેમ નથી, પરંતુ સાગરમાંથી ગાગરના ન્યાયે બીજ ભાવથી ફળની પરાકાષ્ઠાએ ક્રમે ક્રમે પહોંચવા, અનુસરવા માટેના માર્ગદર્શક તરીકેનું અત્યંત ઉપયોગી પુસ્તકનું "આમુખ દર્પણ" પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટવાળા) એ લખી આપી લેખકશ્રીને તથા પ્રકાશકને ધન્યવાદ સહ શુભાશિષથી નામ સેવાને પ્રોત્સહિત કરેલ છે.

એકંદર પ્રસ્તુત પુસ્તુક વ્યકિતગત રીતે તેમજ સત્સંગ મંડલીઓમાં વાંચવા–મનન કરવા અત્યંત ઉપયોગી છે. જેની નકલો થોડા પ્રમાણમાં છપાયેલ છે, માટે વહેલાસર મગાવી–વસાવવા માટે અનુરોધ કરવામાં આવેલ છે.

સમાચાર

ગોવા:– ગોવા રાજ્ય સમિતિ દ્વારા પણજીમાં ૨૨–૫–૯૫નાં દિને "શ્રી નાથજીનો પાટોત્સવ ધામ ધુમથી ઉજવવામાં આવ્યો. જેમાં સ્થાનિક પદાધીકારીઓ તથા મડગાંવના વૈષ્ણવોનું વિશેષ યોગદાન રહ્યું તેમજ રાજ્ય સમિતિ દ્વારા મડગાંવ–સાવંડી તથા વાસ્કોમાં શાખા સ્થાપવા સાથે પદાધીકારીઓ તેમજ કારોબારી સમિતિ નિર્માણ કરવામાં આવી.

મનોહર થાના : (રાજસ્થાન) દિનાંક ૧૫–૧૬-૧૭ ફેબ્રુઆરીનાં દિને મનોહરથાણાની વૈષ્ણવ પરિષદની શાખા દ્વારા પૂ. પા. સોમયાજી દીક્ષિત ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (ઈન્દોર) વાળાની વચનામૃત તથા સેવા શિબીરનું આયોજન કરવામાં આવ્યું. આપશ્રીએ સભામંડપમાં જ શ્રી સ્વરૂપ તથા દરેક પ્રકારના સાજ પધરાવી સ્વયં વૈષ્ણવોએ સેવા કઈ પ્રકારે કરવી તે સરલ પ્રકારમાં સુક્ષ્મ રીતે શીખવી, જેથી નવી પેઢી સેવાથી વંચીત ન રહે,

દાહોદ : દાહોદ શાખાનાં પ્રમુખ તરીકે ખુબ સારી સેવા આપનાર, ધાર્મિક–સામજીક ક્ષેત્રે ઉમદા સેવા કરનાર શ્રી નટવરભાઈ દેસાઈ ટુંકી માંદગીમાં શ્રી હરિશરણ થયાના સમાચાર જાણી ગુજરાત પ્રદેશનાં દરેક પદાધીકારીઓ સદગતની સેવાઓને બીરદાવી શ્રદ્ધાંજલી અર્પણ કરેલ.

વકતૃત્વ સ્પર્ધા :– વૈષ્ણવ પરિષદ તથા નિ. લી. પૂ, ગો, શ્રી કૃષ્ણાવતી મહારાજ ચેરીટેબલ ટ્રોફીના ઉપક્રમે ગુજરાત વ્યાપી શ્રી વલ્લભ વકતૃત્વ સ્પર્ધા ગુજરાતમાં દરેક નગરો શાખા અને સ્થાન પર યોજવાનુ જણાવવામાં આવે છે ૭ થી ૧૮ વર્ષ માટે "શ્રી ગુંસાઈજી મને ગમે છે" તેમજ ૧૯થી૪૦ વર્ષના માટે "પુષ્ટ માર્ગની વિલક્ષણતાઓ મારી દ્રષ્ટિએ એવા વિષય ઉપર ૧૫–૪–૯૪ સુધીમાં વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી તેમાં પ્રથમ આવનારનાં નામ સરનામાં શ્રી સી. પી. તલાટી, સ્ટેટ બેન્ક સામે હાલોલ (જી. પંચમહાલ) ઉપર ૩૦–૪–૯૫ સુધીમાં મોકલી આપવાનું જ જણાવવામાં આવેલ છે,

નિબંધ સ્પર્ધા : આં. પૂ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તેમજ પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપક્રમે શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા જેમાં ૭ થી ૧૮ વર્ષના માટે "રંગીલા શ્રીનાથજી" અને ૧૯ થી ૪૦ વર્ષના માટે "જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને શુદ્ધાદ્વૈત ચીંતન" વિષય પર ગુજરાત વ્યાપી યોજવામાં આવેલ છે. સ્વાન સ્થાન પર યોજાયેલ નિબંધ સ્પર્ધાના પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાઓના નિબંધો ૩૦–૪–૯૫ સુધીમાં સી. પી. તલાટી સ્ટેટ બેન્ક સામે હાલોલ (જી. પંચમહાલ) ઉપર મોકલી આપવા.

મદ્રાસ : શ્રી મદ્રાસ વૈષ્ણ સમાજ તરફથી તા. ૨૮–૨–૯૫ મંગળવારે સાંજે શ્રીવલ્લભ નિકેતત (શ્રીવૈષ્ણવ સ્કુલ) ના હોલમાં નિ. લી. ગો. તીલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજના નિત્યલીલા પ્રવેશ નિમિત્તે આપશ્રીને હાર્દિક ભાવાંજલી અર્પણ કરવા ગુણાનુવાદ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં મદ્રાસની નીચે મુજબની સંસ્થાઓએ ભાગ લઈ ભાવાંજલી ઠરાવ કરેલ. શ્રી વલ્લભીય વૈષ્ણવ સમાજ, શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા, શ્રીવૈષ્ણવ યુવક મંડલ, શ્રીવલ્લભ સ્ત્રી મંડલ, શ્રીવલ્લભાચાર્ય વિદ્યા સભા, શ્રીમાહેશ્વરી સત્સંગમંડલ, શ્રીમાહેશ્વરી સભા; મદ્રાસ, શ્રી સાતસ્વરૂપ હવેલી ટ્રસ્ટ મદ્રાસ.

મુંબઈ–અત્રેની આં. વૈ. પરિષદની ભુલેશ્વર શાખાના ઉપક્રમે અષ્ટછાપ ભગવદિઓના કિર્તન વધાઈનો કાર્યક્રમ શ્રી જમુનાપ્રસાદ શર્માના માર્ગદર્શનમાં રાખેલ જેમાં નિલી ગો. શ્રી પ્રથમેશજી મહારાજ સંસ્થાપિત શ્રીવલ્લભ કૃપા કીર્તન મંડલના વિદ્યાર્થીઓ દ્વારા શીતકાલના રાગોમાં તથા વસંતમાં વધાઈ કીર્તન ગાન યોજેલ.

પૂ. પા. ગો. શ્રો ૧૦૮ શ્રીપ્રશાંન્ત બાવાશ્રીએ મૃદંગવાદન દ્વારા અનેરો આનંદ આપેલ પુ, પા. અ. સૌ. શ્રીનિકુંજલતાબેટીજી મહારાજે સમારંભમાં બિરાજી હવેલી સંગીતની પરિક્ષામાં ઉત્તીર્ણ થયેલ લગભગ ૩૫ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આશીર્વાદ આપી આપેલ.

પરિષદની ભૂલેશ્વર શાખા દ્વારા કીર્તન કલાસ, ચિત્રકલા પીછવાઈ. વસ્રો શ્રૃંગાર, આરતી, ચોક આદીનું શિક્ષણ આપવામાં આવે છે તે પ્રવૃત્તિઓને આશિર્વાદ આપેલ.

"વડોદરામાં" પરિષદ ભવનનું "ઉદ્‌ઘાટન અને વૈણવ પરિષદ–પ્રાંતિય અધિવેશન"

આં. પુ. વૈષ્ણવ પરિષદને શ્રી ઝવેરચંદ લક્ષ્મીચંદવાળા શ્રી અશોકભાઈ પરીખ અને તેમના પૂ. માતૃશ્રીની ઉદાર ભાવનાના પરિણામે વૈષ્ણવ પરિષદને અર્પણ થનાર મકાન પરિષદ ભવનનું ઉદઘાટન અને સમગ્ર ગુજરાતના વૈષ્ણવોનું પ્રચાર અધિવેશન–પ્રાંતિક અધિવેશન વડોદરા મુકામે ૩૦ મી એપ્રિલના રોજ પૂ. ગો. આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં યોજવામાં આવી રહ્યું છે. તેમાં અષ્ટસૂત્રિ સાંપ્રદાયિક યોજના "જયશ્રીકૃષ્ણ અભિયાન" સંગઠ્ઠનાત્મક 'સદસ્યતા અભિયાન" સાંપ્રદાયિક પ્રચાર–પ્રસાર, સત્સંગે સ્વાધ્યાયની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવાના ભાવિ કાર્યક્રમો અંગેનો પણ વિચાર કરવામાં આવનાર છે. એ પ્રકારે વૈષ્ણવ પરિષદના સંગઠ્ઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠ અત્રે એક મુલાકાતમાં જણાવે છે.

આં. પુ. વૈ. પ. ગુજરાત પ્રદેશની કારોબારી ૨૯ મી માર્ચના રોજ અને કેન્દ્રીય કારોબારીની મીટીંગ ૧ લી મેના રોજ વડોદરા ખાતે બોલાવવામાં આવી છે. પરિષદ સ્મરણીકાનું વિમોચન પણ અધિવેશનમાં કરવામાં આવનાર છે. વડોદરા શહેરની બધી શાખાઓ વડોદરા ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડનારા વૈષ્ણવોનું સ્વાગત કરવા તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

અમદાવાદ – રાજનગરના મોટા મંદિરવાળાં નિ, લી. પૂ. પા, ગો. શ્રી રણછોડલાલજી મહારાજ શ્રીનો સં. ૧૯૫૦–૨૦૫૦) શતાબ્દી મહોત્સવ અસારવા શ્રી ગુસાંઇજીની બેઠકજીમાં શ્રીમદ ભાગવત પારાયણ અને વિવિધ મનોરથો સહીત ખૂબજ ધામધુમથી ઉજવાયો હતો.

(ટાઇટલ બીજા ઉપર ચાલુ)

સક્ષમ વૈષ્ણવો રૂા. ૧૦૦૧/- કે તેથી વધુ રકમ આપી આ પુસ્તકમાં ભગવદ સ્મરણ લખાવી પ્રકાશન સહાય કરી સાંપ્રદાયીક જ્ઞાનયજ્ઞની સેવામાં સહભાગી બની શકે છે.

દિન પ્રતિદિન કાગળ છપાઇનાં વધતાં જતાં ભાવ તથા અન્ય ખર્ચાઓનાં વધારાના કારણે સમિતિએ સને ૯૫-૯૬ નાં વર્ષથી ૧, એપ્રીલ ૯૫ થી લવાજમનાં દરો વધારવાનો ના છુટકે નિર્ણય લીધેલ છે. જેને અનુલક્ષીને વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- તથા આજીવન લવાજમ રૂા. ૪૦૧/- કરવાનો નિર્ણય લીધેલ છે જેની વાંચકો નોંધ લ્યે.

જો કે માર્ચની આખર સુધીમાં જેનું ૯૫-૯૬ નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦ તથા આજીવન લવાજમ રૂા. ૩૦૧/- મુજબ આવેલ છે તેને નિયમિત અંકો સાથે ભેટ પુસ્તકનો લાભ પ્રાપ્ત થશે.

સાંપ્રદાયીક સાહિત્ય વાંચનનો વ્યાપ વધે તે માટે દરેક વાંચકવૃંદ ઓછામાં ઓછા એક એક નવા ગ્રાહક બનાવી સાંપ્રદાયીક સેવા કરવાનો અવસર પ્રાપ્ત કરે તેવી અભિલાષા સાથે.

આપ સૌના સહયોગની અપેક્ષા રાખીએ છીએ.

પ્રમુખ
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ-રાજકોટ.

અનુકરણીય

(૧) આજીવન ગ્રા. નં. ૩૦૬ કૈલાસબેન રમણલાલ પરીખ અમદાવાદ દ્વારા આજીવન લવાજમનાં દરો વધતાં રૂા. ૧૦૦/- સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

(૨) જી. પી. ચોકસી બોરીવલી દ્વારા ૯૪-૯૫ નું લવાજમ ભરાયેલ નહિ તે ૯૫-૯૬ નાં લવાજમ સાથે મોકલી ઉપરાંત રૂા. ૬૫/- પાંસઠ પૃષ્ટ પ્રકાશન સહાય તરીકે મોકલી આવકારદાયક પગલું ભરી જાગૃત બતાવેલ જે ધન્યવાદના અધીકારી છે.

(૩) પરીખ સુલોચનાબેન પરમાનંદ દ્વારા આજીવન લવાજમના દર રૂા. ૩૦૧/- ચાલુ હતાં તેના બદલે રૂા. ૫૦/- પચાસ સ્વેચ્છીક વધુ મોકલી સંસ્થાને સહાયભૂત બનેલ છે.

(૪) હિંમતલાલ કાંતીલાલ દંગી સાણંદ-અમદાવાદ વાળા દ્વારા તેમના સુપુત્ર ચી. વિજયકુમારના શુભ લગ્ન પ્રસંગે રૂા. ૫૧/- સંસ્થાને ભેટ આપી અનુકરણીય પગલું ભરેલ છે.

(૫) ચંદુભાઇ જે. પટેલ ગોરેગાંવ-મુંબઇ દ્વારા આજીવન લવાજમનાં દર રૂા. ૩૦૦/- ચાલુ હતાં છતાં રૂા. ૧૦૦/- એકસોહ વધુ નવા દરે ૪૦૧/- લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

(૬) આજીવન ગ્રાહક શ્રી જગદીશભાઇ જોષી રાજકોટ દ્વારા લવાજમનાં દરો વધતાં રૂા. ૫૦/- સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

પ્રિયતમ ક્યારે મળે રે ?

(ઢાળ – આશા ભર્યાં તે અમે આવીયાં, મારે વહાલે રમાડેલ રાસ રે)

સહસ્ર વર્ષ વીતી ગયાં, થયો પ્રિય પ્રભુનો વિયોગ રે –
પ્રિયતમ ક્યારે મળે રે ? ૧
ભાન સ્વરૂપનું ભૂલતાં, થયો તાપ કલેશાનંદ દૂર રે...પ્રિયતમ૦ ૨
ગુરુદેવે ભાન કરાવીયું, થયું સાચા સંબંધનું જ્ઞાન રે....પ્રિયતમ ૩
મુળ કાપ્યાં ભવ રોગનાં, કરી અહંતા મમતા દૂર રે....પ્રિયતમ ૪
અહંતા વસેલી દેહમાં, તે અર્પ્યો પ્રભુજીને ચરણ રે....પ્રિયતમ ૫
દેહ ઇંદ્રિયો પ્રાણને, વળી અંતઃકરણ ધર્મો સહિત રે....પ્રિયતમ ૬
મમતાના સ્થાન હવે સાંભળો, રાખી તમે ચિત્ત સ્થિર રે....પ્રિયતમ ૭
સગાં સ્નેહી સ્ત્રી સુત અને વળી, ઘર અને ધન માત્ર રે....પ્રિયતમ ૮
આ લોક પરલોક આત્મા સહુ, ધર્યું વહાલાના ચરણ સમીપ રે....પ્રિયતમ ૯
સર્વ સમર્પણ થયું શ્યામ શું, થયો વહાલા શું નિત્ય સંબંધ રે....પ્રિયતમ ૧૦
થયાં પ્રિયતમનાં લાડીલાં, કર્યો વહાલે નિશ્ચય અંગીકાર રે....પ્રિયતમ ૧૧
આત્મ સંબંધ થયો પ્રિય શું, થઇ અપ્રિય સંસારી રીત રે....પ્રિયતમ ૧૨
તમારી, તમારી, નાથ, હું, એમ ઉચ્ચરૂં દિવસને રાત રે....પ્રિયપમ ૧૩
પ્રિય સંબંધને હિતનાં, નવ ગમે કંઇ અન્ય કામ રે....પ્રિયતમ ૧૪
'પ્રેમી,' પ્રિયતમ મિલન વિના, કેમ બુઝે હૃદય કેરી આગરે....પ્રિયતમ ૧૫

– પ. ભ. **શ્રી** વ્રજરત્નદાસ ચિ. પરીખ, પાટણ.

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ-૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



વચન સુધા

"વૈષ્ણવતા સ્વભાવઃ ભગવદ્ ધર્મ અને ભગવદ્ ધર્મ એ સ્વયં બધાને માટે હોય છે. વ્યક્તિ વિશેષ માટે નથી.

પણ (એ) કોના માટે હોય છે કે જે તેનું આચરણ કરે તેના માટે બીજા માટે નહીં. જેમ સૂર્ય પ્રકાશ છે એ પ્રકાશને જે જોતાં હોય એને માટે પ્રકાશ છે. જે ન જોઇ શકતાં હોય તેને માટે તો અંધારૂ છે.

એવા લોકો કે જેણે ભગવાનનું પણ સેવન કર્યું સર્વશકિતમાનનું તો પણ એ પોતાના સ્વ સુખની ભાવનાથી નહીં. એણે ભગવાનના સુખની ભાવનાથી ભગવાનનું સેવન કર્યું આ એક સિધ્ધાન્ત થયો, અને વૈષ્ણવતાનું સ્વરૂપ થયું.

નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

('શ્રી પ્રથમેશ વાક્ સુધા-૧' પૃષ્ઠ ૯૪)

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❋

વર્ષ ૧૪ : અંક-૨ **મે, ૧૯૯૫**

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❋ **આજીવન રૂા. ૪૦૧**

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રીહરિઃ ॥

પરમ ભગવદિય, પુષ્ટિમર્મજ્ઞ, પ્રથમેશકૃપાપાત્ર શ્રી રવજીભાઇ. સપ્રેમ જય શ્રીકૃષ્ણ **'શ્રી પ્રથમેશ વાક્સુધા-૧'** મીલી. પૂજયપાદ ગો. શ્રી પ્રથમેશજી કે વચનામૃત કા યહ દિવ્ય સંગ્રહ મનનીય, સંગ્રહણીય હૈ. મુઝે ઇસકે વાચન મેં બહુત રસ આયા આપકી યહ ધર્મ સેવા પ્રશંસનિય હૈ.

આપ કે સહયોગી 'બીના મોલકો ચેરો' કોભી મેરી ઓરસે ઇસ ધર્મ સેવા કે લીએ બધાઇ દીજિએ શ્રી ડાયાભાઇ કોભી ધન્યવાદ....

આપકા અપનાહી

ગજાનન શર્મા

ડો. ગજાનન શર્મા (ઇન્દોર)

કેન્દ્રીય કાર્યકારી અધ્યક્ષ આં. રા. પુ. વૈં પરિષદ

પ. ભ. માનનીય શ્રી સંપાદક / સહાયકજી સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

પૂ. પા. ગો. શ્રી પ્રથમેશવાક્સુધા-૧ કા સમયોચિત પ્રકાશન કરને કે લીયે આપકો ધન્યવાદ વર્તમાન દેશ, કાલ પરિસ્થિતી મેં ક્રાન્તદર્શી આચાર્ય પ્રથમેશજી, જો સ્વધર્મ કે લીયે સમર્પિત આચાર્ય હુએ જિન્હોને મન, વચન, કર્મસે વર્તમાન પીઢીકો દિશાબોધ કરાયા થા....આપશ્રી કે સંગ્રહિત વચનામૃત સ્વધર્મ કે લીયે સંગઠિત હોનેકી પ્રેરણા તો પ્રદાન કરેંગે સાથમે સ્વધર્મ કો સમર્પણ કા ભાવ ભીજાગૃત કરેંગે ઇસ ભાવના કે સાથ મૈં વ્યકિતગતરૂપસે આભારી હું.......આશા હૈ ભવિષ્ય મેં ભી આપકા સ્નેહયથાવત પ્રાપ્ત હોતા રહેગા....

આપજો આપશ્રી કે વચનામૃત સંગ્રહિત કરેક પ્રકાશિત કરનેકી સેવા કરતે રહેંગે તો વર્તમાન સમય મેં વૈષ્ણવ સમાજકો આપશ્રી કે વચનામૃતો સે સ્વધર્મ કી સેવા કરનેકી પ્રેરણા પ્રાપ્ત હોતી રહેગી.

આપકા અપના, દાસાનુદાસ **વિનોદ દિક્ષિત**

કેન્દ્રીય મંત્રી, આં. રા. પુ. વૈ. પરિષદ

સૌજન્યાર્હ વ્યવસ્થાપકશ્રી, 'શ્રીવલ્લભ સુધા' સ સ્નેહ ભગવત્સ્મરણ.

શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ મળતાં ખૂબ આનંદ થયો. ધન્યવાદ ! સુંદર વધુ આવા પ્રકાશનો માટે મંગલ કામના. કુશલ મંગલ વાંછતો....

નવનીતપ્રિય શાસ્ત્રીના

પ્રભુવંદન

શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી (નડીઆદ)

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો તરફથી **આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં **આવે છે.** એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, **જાહેર** ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૨ ❊ મે, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

આશ્રયકી અપેક્ષા કયોં ?

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા
સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા
અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

પ્રિય [redacted] વૃંદ,

આ જગતમાં ભગવાને માનવજન્મ કોઇ વિશેષ ઉદ્દેશ માટે આપ્યો છે અને તે ઉદ્દેશ સામાન્ય ન હોઇ શકે. અર્થાત્ આ જીવન દ્વારા આપણે એવું ફળ પ્રાપ્ત કરવાનું છે કે જે ફળ બીજા જીવનમાં પ્રાપ્ત ન થઇ શકે અને આ ફળ ફકત એક જ હોઇ શકે કે જીવ આ ભવબંધનથી મુકત થઇને પ્રભુના ચરણાવિંદને પ્રાપ્ત કરી લે.

મહાન પુરુષોએ જીવનનું આ જ પરમ ફળ બતાવ્યું છે. આવા પ્રકારના ફળને પ્રાપ્ત કરવાને માટે આપણે શું કરવું જોઇએ તેનો વિચાર કરીએ તો એક જ વાત સામે આવે છે કે સારુ ફળ પ્રાપ્ત કરવા માટે સારૂં કાર્ય કર્યા વગર સારૂં ફળ પ્રાપ્ત કરવાની આશા આપણે રાખી શકીએ નહીં. હરહંમેશ એ તો આવશ્યક છે કે

જીવનમાં આપણે એવા કાર્ય કરીએ કે, જેનાથી આપણી ઉન્નતિ થતી રહે અને પછી અંતમાં પસ્તાવાનો પ્રસંગ ન આવે એવા કાર્ય હોવા જોઇએ. આવા કાર્યો કરવા માટે બધા લોકો ઇચ્છા રાખે છે. એવું કોઇ કાર્ય કરવા નથી ઇચ્છતા કે જેના પરિણામમાં પશ્ચાતાપ થાય. આવું કોણ ઇચ્છે ? પરંતુ છતાં પણ આવા કાર્ય જીવથી થઇ જાય છે.

દરેકના જીવનમાં બને છે તો આનું કારણ શું છે ? હમેશાં સારા કાર્ય કેમ નથી થતાં ? મનુષ્યની પ્રવૃત્તિ ગેરમાર્ગી કેમ બની જાય છે ? તેને માટે ભગવાને ભગવદ્ ગીતામાં એ બતાવ્યું કે માનવીને હંમેશા સારા કર્મ કરવા માટે જે રીતે સારા કર્મની આવશ્યકતા છે, તેવી રીતે સાથમાં એક બીજી વસ્તુ પણ જોઇએ તે કઇ ? તે છે ભાવના. ભાવના વગર જીવન આગળ ન વધી શકે. સારા કામ કરવા માટે, સારા કામ હરહંમેશ કરવા માટે હૃદયમાં સારી ભાવના અવશ્ય હોવી જોઇએ અને તે સારી ભાવના કઇ છે ?

આમ તો સારી ભાવના તો અનેક પ્રકારની હોઇ શકે છે. પરંતુ આપણા આચાર્યચરણોએ બતાવ્યું છે કે સારી ભાવનાનો સર્વોત્તમ પ્રકાર કોઇ હોય તો તે છે ભગવદ્ આશ્રયની ભાવના. હૃદયમાં ભગવાનનો આશ્રય હંમેશા રાખો. ભગવદ આશ્રય હૃદયમાં ધારણ કરીને પછી સારા માર્ગ તરફ આગળ વધો તો તમારો જે માર્ગ છે તે નિષ્કંટક થઇ જશે તેમાં કોઇ બાધા નહીં આવે અને મનુષ્ય ભગવદ આશ્રય વગર પોતાની બુદ્ધિના બળ પર જ પોતાની સમજને મુખ્ય માનીને આગળ ચાલશે તો તે સારા કાર્ય પણ કરશે અને ભટકી પણ જશે. બંને અવસ્થા આવી જશે.

જો બુદ્ધિ સારી રહી તો સારા માર્ગ તરફ લઇ જશે તેથી આશ્રય પોતાના કર્તવ્યનો પોતાના સામર્થ્યનો ન રાખતા ભગવાનની કૃપાનો આશ્રય હૃદયમાં રાખવો. ભગવાનનો આશ્રય રાખીને આગળ ચાલવાવાળો કદી ભટકતો નથી. પોતાના માર્ગ પરથી પડતો નથી, એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. માનવની જે પ્રવૃત્તિ છે તે એક રીતે જોઇએ તો સ્વભાવથી અધોગતિની છે. નીચેની તરફ જાવાવાળી છે. પાણીના પ્રવાહને આપણે જોઇએ છીએ તેને ગમે ત્યાં નાખો તો કયાં જશે ? તેની ગતિ નીચેની તરફ જશે. તે ઉપરની તરફ નહીં જઇ શકે. પાણી નીચેની તરફ જ જશે. તેવી જ રીતે માનવીની જે સહજ પ્રવૃત્તિ છે તે પણ નીચે તરફ જનારી છે. તેને ઉંચે લઇ જવા માટે પણ કોઇ આધારસ્તંભ જોઇએ. આધાર હોય, ટેકો હોય તો તે નીચે ન જતા ઉપર તરફ જઇ શકે છે, અને તે આધાર કયો છે ? ભગવાનનો આશ્રય.

ભગવાનનો આશ્રય લઇ માનવી ઉપર ચઢી શકે છે. તો ઉપર ચઢવા માટે આશ્રય હંમેશા જરૂરી છે. આશ્રય વગર મનુષ્ય ઉપર ન ચડી શકે તો કયો ઉત્તમ આશ્રય છે ?

આચાર્યચરણોએ બતાવ્યું છે કે શ્રીકૃષ્ણનો જે આશ્રય છે તે સર્વોત્તમ છે. આશ્રય પણ એવો હોય જે આપણને કયારેય નિરાશ ન કરે એવો હોવો જોઇએ. બીજા પણ આશ્રય હોઇ શકે છે. જ્ઞાનનો પણ આશ્રય હોઇ શકે

છે, તપનો આશ્રય હોઇ શકે છે. યજ્ઞનો આશ્રય હોઇ શકે છે. અનેક પ્રકારના આશ્રય હોઇ શકે છે, પરંતુ બધા આશ્રયોમાં સર્વોત્તમ આશ્રય કોઇ હોય તો તે ભગવદ્ ચરણારવિંદનો છે. ભગવાનના ચરણારવિંદનો આપણા હૃદયમાં આશ્રય રાખીને જો આપણે આપણા જીવનને આગળ વધારીએ તો તે હંમેશાં ઉપરની તરફ જતો રહેશે, ઉન્નતિ કરતો રહેશે. નીચેની તરફ જવાની તેની વૃત્તિ નહીં થાય.

—ક્રમશઃ

॥ શ્રીહરિઃ ॥

વેણુ ગીત ધોળ

(વેણુ ગીત શ્લોક ૧૮ ધોળ–૧૩)

(ઢાળ – વાલા મારા વૃંદાવનના ચોક, કે રમવા પધારજો રે લોલ)

સખી આ ગિરિ ગોવર્ધન આજ, આનંદમાં ડોલી રહ્યો રે લોલ;
પરસથી ચરણકમલ બ્રજરાજ, પ્રેમ પુલકિત થયો રે લોલ. ૧

પધાર્યા કૃષ્ણ અને બલરામ, સંગ ગ્વાલ ગાયો ઘણી રે લોલ;
જ્યાં શ્રી વૃંદાવન સુખધામ, તળેટી ગિરિ તણી રે લોલ. ૨

ગોવર્ધન શ્રેષ્ઠ હરિનો દાસ, સ્વાગત પ્રભુનું કરે રે લોલ;
સેવા કરે અતિ સુખરાસ, હરિનું દુઃખ હરે રે લોલ. ૩

ગુફારૂપી ઘર માહીં પધરાવ્યા, આસન આપ્યું ઘાસનું રે લોલ;
પુલિન્દિ કંદ મૂળ ફળ લાવ્યા, જળ ઝરણાતણું રે લોલ. ૪

હરિની સાથે હતા જે દાસ, સન્માન કર્યું તેમનું રે લોલ;
ગાય અને વત્સોને પણ ઘાસ, ચરવા આપ્યું ઘણું રે લોલ. ૫

'હરિદાસવર્ય' આ ગોવરધન, કહાવે તે થકી રે લોલ;
અતિથીને આસન જલ ભોજન, આદર આપે અતિ રે લોલ. ૬

કરે જે હરિ સહિત સનમાન, હરિના ભક્તનું રે લોલ;
જાણો તેને ભકતોમાં રત્ન સમાન, વાત નથી જુઠી અણું રે લોલ. ૭

સખી હું રહી હરિથી દૂર, સેવા મને કેમ મળે રે લોલ;
'લાલ' ના પ્રભુની સેવા વિના, અંતર મારું દુઃખથી બળે રે લોલ. ૮

—કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૧૬

ધનિ તરુ વેલિ બસેં જે કૂલનિ;
ભ્રમર પુંજ કૂજત ખગ બોલત ભરે મોદ મધુ કૂલનિ. ૧
નમત સ્ત્રવત મધુ કૃષ્ણ પરસિ કર ઝુકિ યમુનાજલ ઝૂલનિ;
સુરતરુ રંક લગત તરસત સુર કો ઇનકે સમ તૂલનિ. ૨
કુસુમાકર રમિ રહ્યો હોત મુદ નિરખિ લાલ મન ભૂલનિ;
'વલ્લભ' પ્રણન પ્રવહુ હરિ સમ તુમ હરનિ મહા ભય સૂલનિ. ૩

ભાવાર્થ :– આ પદમાં કવિ શ્રી દ્રવિભુત થઇને શ્રી યમુનાજી પાસે યાચના કરે છે કે મને ભયમુકત કરો.

કિનારા ઉપર સ્થાયી રૂપથી નિવાસ કરી રહેલ આ વૃક્ષ લતાઓને ધન્ય છે, તેમજ પુષ્પો ઉપર ગુંજારવ કરતાં ભ્રમરાઓનાં ટોળાઓને ધન્ય છે. વૃક્ષોની ડાળો ઉપર બેસીને મીઠા નાદથી બોલતાં પક્ષિઓને ધન્ય છે. ડાળીઓ નીચી નમીને શ્રી યમુના જળને સ્પર્શ કરતી ઉપર નીચે થતી હવામાં ઝોકામાં ઝૂલતી એવી તરૂવર શાખાને ધન્ય છે.

દેવતાઓનું કલ્પવૃક્ષ આ વૃક્ષોની બરોબરી કરી શકતું નથી. જે સુંદર શોભાને જોઇને શ્યામ સુંદર સ્વયં આનંદ મગ્ન બની જાય છે. (શોભા જોઈ તૃપ્તિ થતી નથી) એવાં સુંદર કિનારાને ધારણ કરવાવાળા શ્રી યમુનાજી આપને ધન્ય છે, તેમજ આપની લીલા સામગ્રીને પણ ધન્ય છે. આપની લીલા સામગ્રી તો શ્રી હરિનું મન પણ હરણ કરવાવાળી છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.
હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિતવર્ધિની

શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રણીતા

ભાષાન્તર –: **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

ગતાંકથી ચાલુ

તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ॥ ૬ ॥
લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોભ્યધિકાં પરામ્ ॥ ૬½ ॥

તાદૃશ (એટલે વ્યસનદશાને પામેલો એવો) ભક્ત જો સતત (એટલે હંમેશાં) ઘરમાં રહે તો ઘર (તેની ભક્તિનો) વિનાશ કરનારું બને છે. સમાન ભાવવાળા જનોના સંગના અભાવના કારણે તદર્થ એટલે ભગવત્પ્રાપ્તિને માટે અર્થૈક માનસ થઇ (એટલે ભગવત્પ્રાપ્તિની એક માત્ર જેની ઇચ્છા (માનસ) છે એવો બનીને) ઘરનો ત્યાગ કરીને, જે ભક્ત ભગવત્પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે તે સારી રીતે દૃઢ – કદી તૂટે નહિ તેવી ભકિતને પામે છે, જે ભકિત સર્વથી અધિક છે અને પરા (શ્રેષ્ઠ) છે. ૬½

ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ ॥ ૭ ॥

એવો અવિચારી ગૃહત્યાગ તેના ધ્યેયમાં બાધક બને છે. શાથી ? ખરાબ માણસોની સોબત થવાથી અને પોતાના શરીરના પોષણ માટે જ્યાં ત્યાં અન્ન મેળવવાના ફાંફા મારવાથી એટલે પ્રયત્નો કરવાથી બહિર્મુખ (આંતરિક ભકિતભાવથી વિમુખ) બનવું પડે તે કારણે ગૃહત્યાગ ઇશ્વર પ્રાપ્તિમાં બાધક બનતો હોય છે. ૭

અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥ ૮ ॥

આ કારણને લીધે (બીજ ભાવ દૃઢ થાય ત્યાં સુધી) ભગવત્પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ ભકતે હરિના સ્થાનમાં (શ્રીમદ ગોકુલ, વ્રજભૂમિ, જગન્નાથપુરી, પંઢરપુર, દ્વારકા વગેરે શ્રી હરિના સ્થાનોમાં) રહેવું જોઇએ. ભગવદીય જનો સાથે ભગવત્પરાયણ (તત્પર) બનીને રહેવું અથવા તો તેમની વધુ નિકટ ન રહેવું. જો તેમનામાં આપણા વિષે દોષ બુદ્ધિ લાગે તો તેમની વધુ નિકટ ન રહેવું. જો તેમનામાં આપણા વિષે દોષ બુદ્ધિ લાગે એવો ભય હોય તો (કારણ કે પેલા સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તેમ –

અતિ પરિચયાત્ અવજ્ઞા, સંતત્ ગમનાત્ અનાદરો ભવતિ ।
મલયે ભિલ્લ પુરન્ધ્રી ચંદન તરુ કાષ્ટમ્ ઇન્ધનં કુરુતે ॥

ઘણા – એટલે વધુ પડતા – પરિચય (નિકટના નિવાસ) ના કારણે અવજ્ઞા (માનહાનિ માનમાં ખામી) દેખાવાનો સંભવ છે. કાયમ અથવા સતત પાસે રહેવાથી અનાદર (યોગ્ય એવા આદરનો અભાવ) અનુભવ મળે છે. ઉદાહરણ તરીકે મલયાચલ પર્વત પર સુગંધયુક્ત અને ઘણા કીંમતી ચંદનના વૃક્ષો ઉગે છે. ત્યાં શ્રેષ્ઠ હોવા છતાં ચંદનની યોગ્ય કદર થતી નથી પણ મલયાચલ પર્વત પર રહેતી ભીલ સ્ત્રીઓ ચંદનના કીંમતી લાકડાંને બાળવાના લાકડાં તરીકે વાપરે છે. ચંદન કાષ્ટ તો તેના સુગંધરૂપી ગુણને કારણે ઘસાઇને લેપ બનીને ભગવાનની મૂર્તિના લલાટે લગાડવામાં આવતો હોય છે. (લાકડા તરીકે બાળવા માટે ચંદન કાષ્ટ યોગ્ય નથી.) આપણું મન દોષિત ન થાય તે રીતે નજીક કે દૂર રહેવું પણ કોઇ સંજોગોમાં સત્સંગ છોડવો નહીં. ૮

સેવાયાં વા કથાયાં વા યસ્યાસકિતર્દૃઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ ॥ ૯ ॥

જે ભક્તની ભગવત્સેવામાં યા તો ભગવત્કથામાં આસકિત દઢ (મજબૂત–કાયમની) થઈ ગઈ હોય, જીવે ત્યાં સુધી કૃષ્ણ વ્યસન થઇ ગયું હોય તેનો કયારેય નાશ થતો નથી એવો મારો (એટલે શ્રી મહાપ્રભુનો) અભિપ્રાય (મતિ) છે. (તેને ભકિતનું ફળ અવશ્ય મળે છે. ૯

બાધ સંભાવનાયાં તુ નૈકાન્તે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥ ૧૦ ॥

સેવાના કાર્યમાં બાધ (અડચણ) આવવાની સંભાવના જણાય (લાગે) તો પણ એકાંતમાં વાસ કરવાની ઇચ્છા યોગ્ય નથી. હરિ તો બધી બાજુથી સેવા કાર્યમાં પ્રતિકૂળતાઓ યા તો વિઘ્નો આવે તેમાંથી ચોક્કસ રક્ષા કરશે જ તેમાં જરાપણ સંશય (શંકા) નથી. ૧૦

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।
ય એતત્સમધીયીત તસ્યાપિ સ્યાત્ દૃઢા રતિઃ ॥ ૧૧ ॥

આ પ્રમાણે ગૂઢ તત્ત્વથી ભરેલું ભગવાનની ભકિતનું શાસ્ત્ર શ્રી મહાપ્રભુજીએ નિરૂપિત કર્યું છે. સારી રીતે અભ્યાસ કરીને સમજપૂર્વક તેનું આચરણ કરવામાં આવે તો તેવા ભક્તને દઢભકિત અવશ્ય પ્રાપ્ત થાય છે. ૧૧

ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રકટિતા ભકિત વર્ધિની સમાપ્તા ।

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ ભકિતવર્ધિની નામનો ગ્રંથ અહીં સમાપ્ત થાય છે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરુભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

શ્રવણ ભક્તિ

નામ કેશવનું કર્ણમાં પડતાં, સહુ થાય પવિત્ર;
શરદ ઋતુનાં સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર.

વિચિત્ર જળ તેમ જાતિ રે જાણો;
સર્વ શુચિ સદ્ય નામ પ્રમાણો;
શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિથી થાય;
માંજે ઓપે તેવો મેલ ન જાય.

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૩)

વિવેચન :– શરદ આવતાં જ નદીઓના નીર સ્વચ્છ નિર્મળ બની જાય છે પહેલાંના વરસાદથી કુડો કચરો પ્રવાહમાં તણાવાથી મલીનતા પ્રાપ્ત થઇ હતી હવે શુદ્ધ ઝરનાનું જળ સ્વચ્છ વહી રહ્યું છે તેમજ શ્રીકૃષ્ણનું નામ કાને પડતાં હૃદયમાંથી કુડો કચરો બહાર ફેંકાઇને હૃદય શુદ્ધ બને છે વળી સોનાને જેમ અગ્નિમાં તપાવવાથી શુદ્ધ થાય છે તેવું ઉટકવાથી કે બીજી ક્રિયાથી શુદ્ધ થતું નથી.

સોનાને શુદ્ધ કરવા અગ્નિની જરૂર છે
ડોળા જળને શુદ્ધ કરવા શરદ ઋતુનાં ઝરણની જરૂર છે
તેમ અંતઃકરણને શુદ્ધ કરવા કૃષ્ણ નામની જરૂર છે.

જીવ તો અજ્ઞાનથી ભરેલો છે. આ દેહને ઉપરથી સ્નાન કરાવવાથી શુદ્ધ થવાતું નથી. બહારની શુદ્ધી જળથી તેમ અંતઃકરણની શુદ્ધી શ્રીકૃષ્ણ નામથી જ થાય.

પ્રવિષ્ટ કર્ણ રંધ્રેણ સ્વપ્ના ભાવ સરોરૂહમ્
ધૂનોતી શકાલં કૃષ્ણ સલીલસ્ય યથા શરન્

ઉપર મુજબ શરદ ઋતુથી જલ પવિત્ર અને કૃષ્ણ નામથી અંતઃકરણ એવો ઉપરનાં શ્લોકનો અર્થ થાય છે.

ગોપી ગીત :– શ્રવણ મંગલં શ્રીમદાતતં ભૂવિ ગૃણિતીતે ભુરીદાજના તેમજ ઉધ્ધવ ચરિત્રમાં પણ–

યદનું ચરિત લીલા પ્રેમ પિયુષ વિત્રુટ
સકૃદદન વિધૂત દ્વંદ્વે ધર્મા વિનિષ્ય.

ગોપીજનોએ ઉદ્ધવજીને કહ્યું કે અમે તમારી પાસે કૃષ્ણની લીલાનું શું વર્ણન કરીયે ? તેનું નામ માત્ર કાનમાં જતાં સંસારની વિસ્મૃતિ કરાવે છે. એકવાર કાનરૂપી પડીયાથી સીધું અંતઃકરણમાં ગયું કે તે ઘર બાર કુટુંબ પરિવાર કોઈમાં આસકિત ન રાખતાં કૃષ્ણનાં નામ રૂપમાં આસકત થઇ જાય છે. આવો એના નામમાં ગુણ છે ત્યારે અમે તો તેની લીલા અને ચરિત્રો જોયેલાં છે.

શ્રવણ ભકિત બદલ ગોપીજનોએ વેણુ ગીત યુગલ ગીતોમાં ગાયું છે :-

યુગલ ગીત શ્લોક ૫ માં

વૃંદશો વૃજ વૃષા મૃગ ગાવો વેણુ વાદ્ય-હૃત ચેતસ આરાત્ ॥
દન્ત દ્રષ્ટ કવલા ધૃત-કર્ણા નિદ્રિતાલિખિત-ચિત્ર-નિવાસન. ॥ ૫ ॥

ભાવાર્થ સંગીતમાં　　　　સ્વાગત છંદમાં

વૃજની ગાયો બળદો પશુઓ વાછરડા પણ આ રસ લેતા
મુરલીનાં સ્વર કાને પડતાં ચિત્ર સમાને સ્થિર થઇ જાતા
કાનરૂપી પડીયાથી પિતા મુરલી અધર સુધા રસ કેવા.
ઘાસ તણા મુખ કોર લીધેલા ચર્વણ બંધ કર્યું જડ જેવા.

શ્રવણ ભકિતનું આ અનુપમ ઉદાહરણ છે.

પશુઓ જેમ કે ગાયો, બળદો, વાછરડા વિગેરે મૂઢ કહેવાય છે તેમને વાચા નથી. છે તો કોઇ સમજતું નથી પરંતુ શ્રવણ ભકિત રસ કાનોમાં ઉતારવામાં અગ્રેસર રહેવા મુરલીનો નાદ કાને સાંભળતાં જ તેઓ હલન, ચલન, ઘાસ ખાવું આ બધી ક્રિયા બંધ કરીને સ્થિરતા પકડીને શ્રવણમાં મગ્ન થયા છે. નાના વાછરડા પણ માનું દૂધ પિતા તે દૂધનો કોળીયો મોઢામાં જ રહ્યો અને કાનરૂપી પડીયાથી મુરલીનું શ્રવણ કરી આનંદમાં મગ્ન બની સ્થિરતા પ્રાપ્ત કરે છે માનો કે ચિત્રમાં કેમ દોર્યા હોય.

વેણુગીત શ્લોક ૧૧ માં - વસંતતિલકા.

ધન્યાસ્તુ મૂઢ મતયોપિ હરિણ્ય ચેતા
આનંદ નંદન મૂપાત વિચિત્ર વેષમ્
આકર્ણા વેણુ રણિતં, સહ-કૃષ્ણ સારાઃ
પૂજા દધુર્વિરચિતાં, પ્રણયાવલોકૈ. ॥ ૧૧ ॥

સંગીતમાં – સખિયો સાંભળો રે કહું છું હરણી કેરી વાત
પશુ યોનિમાં જન્મી એને કોણ કહેશે મૂઢ
નંદનંદનને નિરખિ રહી છે કારણ એનું ગૂઢ (૧)

ચિંતન કરતી આંસુ ઝરતી, કર્યા સમર્પિત નેણ
પૂજન અર્ચન કર્યું નેણથી મુખથી ન આવે વેણ. સખિયો (૨)

સાથે એનો પતિ ઉભો છે તે પણ પાન કરે છે
ધન્ય ભાગ્ય કહીયે હરણીનું પ્રભુને પણ રીઝવે છે. સખિયો (૩)

આમાં પણ મુખ્ય શ્રવણ ભકિત જ રહી કાનો દ્વારા હરણીયે મુરલીનો નાદ સાંભળ્યો ત્યારે પાસમાં આવીને સ્થિર મન વાળી પ્રભુનું દર્શન પણ કરે છે ને આંસુ ઝરે છે કાનોથી રસ હૃદયમાં ઉતારે છે માટે આ મુઢ પ્રાણી ન કહેવાય તે તો મહાન ભાગ્યવાન કહેવાય કે તે તેનાં પતિની સાથે ઉભી છે. ચિત્તમાં નંદનંદનું ચિંતવન છે આજે તેનાં અંતઃકરણને કાનરૂપી પડીયાથી અમૃત પાનની તૃપ્તિ છે માટે ધન્ય છે પશુ યોનિમાં પણ તેને શ્રવણ ભકિતનો આનંદ લઇ રહી છે તે મુજબ પક્ષિઓએ પણ કાનો દ્વારા શ્રવણથી રસ લીધો છે.

પ્રાગ્યો બતામ્બ વિહગા મુન્યો વનેસ્મિત

તે મુજબ આ વૃંદાવનનાં પક્ષિયો મુનિયો હોવા જોઇએ તેઓ સ્થિરતા પકડી આંખો મીંચીને કાનોથી શ્રવણ કરી રહ્યા છે.

આવી શ્રવણ ભકિત છે માટે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૧૩. ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. ૫. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણું મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

–ગતાંકથી ચાલુ

૨. મધુવન લીલા (રાગ : બિહાગ)

મધુવન શ્યામ સુંદર ઇક ધામ,
વ્રજ ચોરાસી કોસ કમલમય, ચાર ધામ નિજ ધામ. ૧

મથુરા મંડલ મધુવન પુરી, બસે નારદ બની [1]ચાર,
મંગલ મધુવન, યમુના પૂજન, દેત ભકિત ભરથાર. ૨

જબ જિસને તપ કિયો મધુવનમેં પરમ પદ [2]સાંચ,
સૂર્ય કુબેર ભયે મનુ ભંડારી, ન લગી ખજાને આંચ. ૩

ઇન્દ્રને પાયા ઇન્દ્રકે પદકો, વરણુને પાયા હૈ પાશ;
બાલક ધ્રુવજી વિષ્ણુ–પદસે, અવિચલ ઊગે આકાશ. ૪

અંબરિષ મુકિત ચિત્રકેતુ સિદ્ધિ, સપ્તર્ષિ યોગ–સિદ્ધિ;
ભયે મધુ દૈત્ય મહાબલિ રિપુ, અંતે શરણ સોહાઇ; ૫

હસ્તિનાપુરકે રાજન શંતનુ, પુત્ર વિવશ ગયે ધામ;
તપસે પાવત ભિષ્મ પ્રતાપી, જ્ઞાન ધર્મ અર્થ કામ. ૬

શ્યામ સુંદર બને મધુવન ઠાકુર, કરત મધુર રસ દાન;
‘ચરનદાસ’ કહે લીલા મધુપુરી, દેત અભય પદ દાન. ૭

---

[1] ચાર–જાસૂસ (ભકતોની સંભાળ લઇ પ્રભુને જાણ કરનાર સેવક નારદજી મથુરા મંડલના જાસુસરૂપે બિરાજ્યા છે, એમ ગર્ગસંહિતામાં ઉલ્લેખ છે.

[2] સાંચ–સાચું, સત્ય.

૩. બહુલાવન લીલા (રાગ : બિહાગ)

શ્રી વલ્લભ કૃપા રસ રેલાયો,
બહુલાવન મેં ગૌ પૂજનસે, ધર્માચાર બઢાયો. ૧

ભોલીસી ગૈયા સિંહ સંદેશી યા, ભકિત–શકિત રસ પાયો;
તા દિનસે પૂજત સબ વ્રજ જન, શિલાકી મૂરત બનાયો. ૨

રાજન યવન રોકત ગૌપૂજન, હુકમ ઐસો પઠાયો;
પથ્થર ગૈયા ચારો ચરે તબ, પૂજન પ્રેમસે કરીયો. ૩

કરુણાસાગર શ્રી વલ્લભવર, યવન સૂબાકો બુલાયો;
પરમ ગૌભકિત ધરમકી રીતી, શ્રદ્ધાસંગ સમુઝાયો. ૪

પર માનત નહીં અધર્મી સુરુચિ, અપની બાત દોહરાયો;
કૌતુક રચિયો પૂંછ કે ભાગિન, હર્યો ઘાસ નિરાયો. ૫

પાવન સુરભિ ખાવત મુખ ફેરિ, જડમેં ચેતન આયો;
‘ચરનદાસ’ પ્રભુ કરે વ્રજ લીલા, જય જય ઘોષ સુનાયો. ૬

૪. શિંગારધારી શ્રી યમુના મા (રાગ : બિહાગ)

કાછિની મુગટ શિંગાર ધર્યો,
શ્યામ સુંદરકો માન છુડાવન, યમુના ભેખ લિયો. ૧
સદા સ્વામિની કરત માન હી, મધુર મિલન કે કાજ;
શ્રી માનિની કો માન છુડાવત, વ્રજ કે રાજાધિરાજ. ૨

બિનતી કરતી હૈ શ્રી સ્વામીનીજી, માન કરો હે રાજ;
શ્યામ સુંદર કો સભી મનાવત, ન છૂટત માનહી આજ. ૩

તબ લલિતાજી યમુના મનાવત, લોચન દ્રવિત કિયો;
પ્યારીજી કો વિવશ ભઈ દેખત, માંગી પ્રભુ શિંગાર લિયો. ૪

યહ રસ રૂપ શિંગાર સહિત, આલિંગન પ્રભુકો દિયો;
અપને સ્વરૂપ કો હિરદે નિરખત, પરમાનંદ ભયો. ૫

છોડત માન રસ રૂપ લુટાવત, લલિત લીલા રચિયો;
‘ચરનદાસ’ હરખિ સુંદર વર, સદા કે લિયે શિંગાર દિયો. ૬

ભાવાર્થ-સારાંશ :

જ્યારે શ્રી સ્વામીનીજી શ્રી શ્યામસુંદરને રીઝાવી માન છોડાવી શકયા નહીં, ત્યારે શ્રી યમુનાજીએ શ્રી શ્યામસુંદરનું માન છોડાવ્યું, અને શ્રી સ્વામીનીજીના નિત્ય શિંગાર પહેરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. શ્રી યમુનાજી હાથમાં કમળની માળા લઈ શ્રી ઠાકોરજી સન્મુખ માન છોડાવવા ગયા હતા તે હાથમાં જ રહી ગઇ, કારણ કે શ્રી ઠાકોરજી પોતાનું સ્વરૂપ શ્રી યમુનાજીએ ધારણ કર્યું હતું તે નીરખી મુગ્ધ થઈ ગયા, અને શ્રી યમુનાજી શ્રી ઠાકોરજીને નીરખી તલ્લીન બની ગયા. આમ બન્ને સ્વરૂપો એકમેકની અંદર સમાઇ જઇ પરમાનંદ પ્રગટ કરવા લાગ્યા. તેથી આજે આપણે શ્રી યચુના મહારાણીમાનો મુગટ કાછિનીનો શિંગાર અને હાથમાં માળા રાખેલા ચિત્રજીને સર્વત્ર નિહાળીએ છીએ. આ અનુપમ શિંગાર શ્રી ઠાકોરજીએ તેમને સદાને માટે ધારણ કરવાની અનુમતિ આપી છે અને શ્રી સ્વામીનીજીએ પણ અનુમોદન આપ્યું છે.

-ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

૩૧. અન્યાશ્રય મહાબાધક છે.

શ્રીકૃષ્ણ, બળદેવજીને ભક્ત રમતા હતા, ત્યાં દૈત્ય આવ્યો ને વ્રજભકતોને લઇ ગયો. આ વાત પોતે જાણી એટલે દૈત્યને મારીને વ્રજભકતોને છોડાવ્યા. એ ભકતોનો ભાવ શ્રીકૃષ્ણને બળદેવજી એ બેઉ પર હતો, માટે દૈત્ય લઇ ગયો, કારણ કે વ્રજભકતોનો અહીં અનન્ય ભાવ નહોતો. તેથી દૈત્ય દ્વારા અન્ય ભાવ છોડાવ્યો ને પોતામાં અનન્ય ભાવ કરાવ્યો.

આથી જણાય છે કે પ્રભુ એક અનન્ય ભાવે જ પ્રસન્ન થાય છે માટે અનન્ય ભાવ રાખવો. શ્રીકૃષ્ણાવતારમાં એમના કેશ જેટલા છે તેટલા શ્રીકૃષ્ણાવતાર છે. જેટલા કેશ એટલા અવતાર થયા છે.

શ્રીકૃષ્ણે માર્યા, અર્જુને માર્યા, ભીમે માર્યા, શ્રી બળદેવજીએ માર્યા તેમને શ્રી વૈકુંઠ લોકની પ્રાપ્તિ થઇ છે ત્યારે પૂછયું કે શ્રીકૃણ મારે તેને તો વૈકુંઠવાસ મળે, પણ અર્જુન, ભીમને બળદેવજીના મારેલા તેમને વૈકુંઠ પ્રાપ્તિ શાથી થાય ? ત્યારે કહ્યું જે વેળા યુદ્ધ થયું તે વેળાએ પોતે જ માર્યા છે. બીજા તો એક નિમિત્ત છે, બાકી પોતે માર્યા છે, તેથી પોતાના લોકની પ્રાપ્તિ થઇ.

૩૨. પ્રભુનું જ ધાર્યું થાય છે.

કામ ધારીયે તે થાય, ત્યારે જાણીએ કે પ્રભુએ ધારેલું તે થયું. પોતે પ્રભુએ ન ધાર્યું હોય તો ના થાય. આપણે નથી ધારતા તે થાય તે કેમ ?

ત્યારે કહ્યું કે પ્રભુનું પોતાનું જ ધારેલું થાય તેમ એમના દ્વારા વિના થાય નહિ.

અનુકરણીય

આજીવન ગ્રા. નં. ૬૭ ડો. ચુનિલાલ રવજી બાલધા, રાજકોટ દ્વારા આજીવન લવાજમનાં દર વધતાં રૂા. ૨૫૦/–સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનકરણીય પગલું ભરેલ છે.

કાવ્ય-કુંજ

શ્રી ગોવર્ધનની ગાડી

મારો નાથ ગાડી ચલાવે, ગોવર્ધન ગાડી ચલાવે.
જરા ધીરે ધીરે હાંકો, જેને બેસવું હોય તો બેસો;
જરા ચેતવું હોય તો ચેતો — મારો નાથ ૦ ૧

મારે ચંપારણમાં જાવું છે, મારે પ્રેમગલીમાં ફરવું છે;
મારે ભક્તિનગરમાં રે'વું છે, પછી વલ્લભ પ્રભુને મળવું છે, — મારો નાથ ૦ ૨

મારે મેવાડ દેશમાં જાવું રે, મારે બના'સ નદીમાં ના'વું છે;
મારે સેવાનું સુખ લેવું છે, પછી શ્રીજીબાવાને મળવું છે — મારો નાથ ૦ ૩

મારે મથુરા શહેરમાં જાવું છે, મારે મહારાણીજીને મળવું છે;
મારે યમુનાપાન કરવું છે, પછી દ્વારકાધીશજીને મળવું છે — મારો નાથ ૦ ૪

મારે વ્રજ પરિક્રમા કરવી છે, મારે ચોરાસી બેઠક ફરવી છે;
મારે યમુના ઝારી ભરવી છે, પછી ગુરુના ચરણમાં રહેવું છે — મારો નાથ ૦ ૫

મારે ચરણાટ શહેરમાં જાવું છે, મારે ત્રિવેણી સંગમ ના'વું છે;
મારે વિઠ્ઠલ પ્રભુને મળવું છે, પછી ભવસાગરથી તરવું છે — મારો નાથ ૦ ૬

બસો બાવન બેઠા છે, ચોરાસી એમાં ઊભા છે;
દાસ **'લક્ષ્મી'** ની અરજી છે, મારે ચરણમાં રહેવાની મરજી છે — મારો નાથ ૦ ૭

– સૌ. લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેશાઇ, અમદાવાદ.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીજીના અષ્ટ સમયની ઝાંખી

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

ગ્વાલ દર્શન (ઉરાહના)

ભલી યહ ખેલવેકી બાન,
મદન ગોપાલ કાહુકી રાખત નાંહિત કાન ॥ ૧ ॥

સુન હો યશોદા કરતબ સુતકે યહલે માટ મથાન ॥
ઢોર ફોર દધિ ડાર અજરમેં કોન સહે નિત્ય હાન ॥ ૨ ॥

અપને હાથ દેત વનચરકું દુધ ભાત ઘૃત સાન ॥
જ્યોં બરજો તો આન દિખાવેં પર ઘર કુદ નિદાન ॥ ૩ ॥

ઠાડી હંસત નંદ જુકી રાની મુંદ કમલ મુખ પાણી ॥
"પરમાનંદદાસ" યહ જાને બોલ બુઝધોં આન ॥ ૪ ॥

* ભાવાર્થ *

શ્રી ગોપીજનો શ્રી યશોદામૈયા પાસે ફરીયાદ લઇને જાય છે તે ભાવનું આ કીર્તન છે. હે! યશોદામૈયા આપના સુપુત્રના કૌભાંડ તો જુઓ! આ શું ખેલ કરવાની રીત છે? અમારા ઘરમાં મોટા–મોટા દહિં, દુધ, માખણ ઇત્યાદિના માટલા ફોડી નાખીને બધું ધરતી પર ઢોળીને ફેલાવી દે છે. વળી એટલું જ નહીં પણ પોતાના હાથે વાંદરાઓને અમારા ઘરમાં રાંધી રાખેલ ભાતમાં દૂધ, ઘી મેળવીને ખવરાવી દે છે. અને જો અમે ઠપકો આપીએ તો વળી બીજાઓને દેખાડવા માટે કુદાકુદ કરીને ભાગી જાય છે. હે! શ્રી યશોદાજી, આપની શરમ અમારે કયાં સુધી રાખવી?

આ સાંભળી શ્રી યશોદાજી પોતાના કમલ સમાન ખીલેલા મુખ ઉપર આડો હાથ મૂકી મંદમંદ હસી રહ્યાં છે. પદના સમાપનમાં તેઓ પરમાનંદદાસજીને સાક્ષી રાખીને આ તરતોફાનના સાક્ષી પોતે છે એમ કબુલ કરાવી રહ્યાં છે.

આ કિર્તનની વિશેષતા એ છે કે, એક વખત કોઇ રાજાની રાણી શ્રીજીના દર્શન માટે શ્રી ગિરિરાજજી ઉપર મંદિરમાં આવી. વિશેષ અધિકારનો આગ્રહ રાખી પરદામાં રહી દર્શન કરવાનો પોતાનો અધિકાર સિદ્ધ કર્યો. આ બાજુ શ્રી ગોવર્ધનનાથજીએ પોતાના શ્રી હસ્તથી

સિંઘપોળના દરવાજા ખોલી નાખ્યાં અને ભીડ બધી આવીને પડી રાણી સાહેબ પેર, એમના હાલ–બેહાલ થઇ ગયાં. પરદો તો રહ્યો પરદાને ઠેકાણે પણ વસ્ત્રોના પણ ઠેકાણા ન રહ્યા. આમ લજ્જીત થઇ રાણી સાહેબા ત્યાંથી પાછા ફર્યા. આ સમયે પરમાનંદદાસજી કિર્તન કરી રહ્યાં હતાં તેમાં શ્રી નાથજીને ઠપકો આપ્યો કે આવા ઉધમ કરો છો ? ત્યારે શ્રી ગુસાંઇજી હસ્યા અને કહ્યું કે એમ ન કહો. સારા ઉધમ કરો છો. એમ કહો.

રાજભોગ

સુંદર મુખકી હોંબલ બલ જાઉં ॥
લાવણ્ય નિધિ ગુણનિધિ શોભાનિધિ દેખ દેખ જીવત સબ ગાઉં ॥ ૧ ॥

અંગ અંગ પ્રતિ અમિત માધુરી પ્રકટ રૂચિર ઠાંઉ ઠાઉં ॥
તામેં મૃદુ મુસકાઇ હરત મન ન્યાય કહત કવિ નાઉં ॥ ૨ ॥

સખા અંસ પર વામ બાહુ દીયે યા છબિકી બીન મોલ બિકાઉં ॥
"પરમાનંદ" નંદ નંદનકો નિરખ નિરખ ઉર નયન સિરાઉં ॥ ૩ ॥

✳ ભાવાર્થ ✳

શ્રી ગોવર્ધનનાથજીના મુખારવિંદની શોભા નિરખતાં ગોપીજનો બલીહારી જાય છે. જ્યાં સ્વરૂપ નિધિ, ગુણનિધાન, શોભાની પરાકાષ્ઠા સમાન શ્રી ગોવર્ધનનાથજીને નિરખીને આખું વ્રજ પોતાનું જીવન, ગુણગાન ગાઇને સફલ કરે છે.

શ્રીજીના પ્રત્યેક શ્રી અંગની કાંતી પ્રગટ થતાં દરેક જગ્યાએ દિવ્ય શોભા પ્રસરી રહી છે. વળી તેમાં શ્રીજીનું મંદ મુસકાન જોઇ એમ જ થાય છે કે કવિઓ એને 'મોહન' એવું નામકરણ કર્યું છે તે યોગ્ય જ છે.

શ્રીજી પોતાના વામ શ્રી હસ્તને સખાના કંધા ઉપર મુકીને જે સખ્ય ભાવ પ્રદર્શિત કરી રહ્યા છે તે સુંદર ઝાંખી ઉપર શ્રી ગોપીજનો પોતે નિરમોલકતા પ્રકટ કરી રહ્યા છે.

શ્રી પરમાનંદદાસજી પોતાના હૃદય અને નયન બન્નેને શ્રીજીની ઝાંખી દ્વારા તૃપ્ત કરી રહ્યા છે.

શ્રી મહાપ્રભુજી

પ્રવકત : કવીશ્વર નાનાલાલ. એમ. એ.

હું જૈન નથી, છતાં જૈનોની સભાનો પ્રમુખ થયો છું. આર્યસમાજિસ્ટ નથી, છતાં કોઇ વાર તે સંસ્થાની સભામાં પણ પ્રમુખપદ મેં લીધું હશે. જન્મે સ્વામીનારાયણ છું. અત્યારે પ્રાર્થનાસમાજનો સભાસદ છું. છતાં હું વૈષ્ણવ છું, ભકિતમાર્ગીય છું. ઉદાર સંપ્રદાયોની અનુદારતા મેં કેટલીએવાર નિહાળી છે. પણ આજે મને બોલવાની જે છૂટ આચાર્યશ્રીએ આપી છે, તે ગુજરાતના ઇતિહાસમાં નવા યુગના આરંભ સમાન છે. કોઇ પુછશે કે તમે આટલા મોડા કેમ ? હું કહીશ કે એ અંગ્રેજી વિદ્યાનો પ્રતાપ છે. આજ સુધી ભણેલાઓને એમ સમજાવવામાં આવતું કે શ્રી વલ્લભી સંપ્રદાયમાં કંઇ સાર જેવું નથી. આ મારે કહેવું જોઇએ કે સાંપ્રદાયિક તત્ત્વો બહાર પડે તેવા ઉપાયો લેવાયા નથી.

અંગ્રેજી ભણેલાઓનો પણ દોષ છે, બીજે સુગંધ લેવા જતાં પોતાના ઘરના ખજાનાને તેઓ વિસરી ગયા છે. હિંદુ ધર્મના રક્ષણ માટે જે કાર્ય શિવાજીએ કર્યું, તેવું જ હિંદુ ધર્મને ઉચ્ચપદે રાખવા માટે શ્રી વલ્લભાચાર્યજીએ કર્યું છે.

જે વેળાએ દેશની સંગીત વગેરે લલિત કળાઓ નાશ પામવાની અણીપર હતી તે વખતે તેની વહારે આચાર્યશ્રી અને તેમના વંશ્યો જ ચડયા હતા અને તેનું રક્ષણ કર્યું. સંપ્રદાયના આવા વિશાળ સાહિત્યની ખબર તો મને ભગવદીય મનમોહનદાસભાઇ મારફતે જ પડી.

આચાર્યશ્રીના પ્રાકટય વખતે આર્ય સંસ્કૃતિ દક્ષિણમાં એકત્રિત થઇ હતી. બધા આચાર્યો દક્ષિણમાં જ કેમ ? શ્રીમદ વલ્લભાચાર્યજીને કનકાભિષેક કાશીમાં થયો નહિ પણ દક્ષિણમાં જ થયો. આથી સ્પષ્ટ માલુમ પડશે કે આર્યસંસ્કૃતિ તે વખતે દક્ષિણમાં જ ઠરેલી હતી. આચાર્યશ્રીના ષોડશગ્રંથો મેં વાંચ્યા છે, એટલું જ નહિ પણ તેનો અભ્યાસ કર્યો છે. સંપ્રદાય પર જે આક્ષેપો થાય છે તેનું બીજ એ ગ્રંથોમાં મને તો મલ્યું નથી. છતાં આક્ષેપો માટે આપણે જોખમદાર શા માટે નહિ ? શા માટે સાંપ્રદાયિક ગ્રંથો સાંપ્રદાયિકો માટે જ હોય ? આચાર્યશ્રીની જયંતી શા માટે મંદિરોમાં જ ઉજવાય ? શા માટે ટાઉનહોલ જેવા સાર્વજનિક સ્થલમાં ન ઉજવાય ? શ્રી વલ્લભાચાર્યજી ભકિતમાર્ગના પ્રવર્તક છે. દરેક ભકિતમાર્ગી એમને પૂજ્ય માને છે. એ રીતે સર્વના તે પુજ્ય છે. હિંદમાં ૯૦ ટકા વસ્તી ભકિતમાર્ગીય છે.

[વૈષ્ણવ ધર્મ પતાકાના સં. ૧૯૮૧ વૈશાખ–જયેષ્ઠ અંક ૬–૭માંથી સાભાર]

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૧૦ તા. ૧૦–૫–૯૫ બુધવાર, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજ શ્રી (માંડવી)નો તથા ગો. શ્રી કૃષ્ણજીવનજી બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૧૧–૫–૯૫ ગુરુવાર, મોહિની એકાદશી વ્રત, શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯).

વૈશાખ સુદ ૧૩ તા. ૧૩–૫–૯૫ શનિવાર, શ્રી નૃસિંહ જયંતિ વ્રત, (ચતુર્દશી ક્ષય હોવાથી આજે), ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન તથા ચતુર્દશીનો ક્ષય હોવાથી ગો. શ્રી રસિકરાયજી બાવા તથા ગો. શ્રી રણછોડલાલજી (માંડવી)નો જન્મદિન આજે.

વૈશાખ સુદ ૧૫ તા. ૧૪–૫–૯૫ રવિવાર, વૈશાખ સ્નાન સમાપ્તિ, પૂર્ણિમા, કૂર્મ જયંતી, બુદ્ધ જયંતી, શ્રી રાધારમણનું પ્રાકટય, ભકત શ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૧૬–૫–૯૫ મંગળવાર, શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ (સં. ૧૯૬૭).

વૈશાખ વદ ૪ તા. ૧૮–૫–૯૫ ગુરુવાર, ગો. શ્રી દિવ્યેશબાવાશ્રી (શ્રીનાથદ્વાર–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

વૈશાખ વદ ૬ તા. ૨૦–૫–૯૫ શનિવાર, ગો. શ્રી શરદકુમાર બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન, (સાતમનો ક્ષય હોવાથી આજે).

વૈશાખ વદ ૧૦ તા. ૨૩–૫–૯૫ મંગળવાર, ગો. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૨૫–૫–૯૫ ગુરુવાર, અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૨૬–૫–૯૫ શુક્રવાર, ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૨૭–૫–૯૫ શનિવાર, ગો. ચિ. વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૨૮–૫–૯૫ રવિવાર, ગો. વ્રજાધિશજી મહારાજ શ્રી (મુંબઇ)નો તથા ગો. ગોવિંદરાયજી બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૩૦–૫–૯૫ મંગળવાર, ગંગા દશહરા પ્રારંભ, પનઘટ–જલક્રીડા, શ્રી યમુનાજીના પદ પૂનમ સુધી બોલાય, ચંદ્ર દર્શન, ગો. શ્રી મથુરેશ્વરજી (વીરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

જેઠ સુદ ૨ તા. ૩૧-૫-૯૫ બુધવાર, ગો. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી-અમરેલી)નો જન્મદિન.

જેઠ સુદ ૪ તા. ૨-૬-૯૫ શુક્રવાર, આજથી ૧૫ દિવસ શ્રીની સીતોપચાર સેવા કરવી, ગો. ચિ. કુંજરાયજી (યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા ૩-૬-૯૫ શનિવાર, રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન, (સં. ૧૮૩૬), ગો. ચિ. શ્રી પુરુષોત્તમ બાવાશ્રી (કાંકરેલી-વડોદરા) તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૬-૬-૯૫ મંગળવાર, ગો. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

"શ્રીપ્રથમેશ વાક સુધા ભેટ પુસ્તક શ્રીવલ્લભ સુધાના સર્વે ગ્રાહકોને તા. ૨૨-૩-૯૫ સુધીમાં રવાના કરાઈ ગયાં છે. કોઈ ગ્રાહકને પુસ્તક ન મલ્યું હો તો મોડામાં મોડું તા. ૨૦-૫-૯૫ સુધીમાં સ્થાનિક (રાજકોટના) ગ્રાહકોએ કાર્યાલયમાં સવારે ૯ થી ૧૧ વચ્ચે મલી મેળવીલેવા.

બહારગામના સભ્યોએ ઉપરોકત તારીખ પહેલાં ટપાલ લખી જણાવવું. પોતાનો ગયા વર્ષનો ગ્રાહક નંબર અવશ્ય લખવો-ગ્રા. નં. વીનાના પત્રો ધ્યાનમાં લેવાશે નહીં.

'શ્રીવલ્લભ સુધા' કંસારા મહાજન બિલ્ડીંગ
લોહાણાપરા **રાજકોટ**

'શ્રીપ્રથમેશ વાક સુધા-૧' શ્રીવલ્લભ સુધાના ગત વર્ષના ગ્રાહકોને ભેટ અપાયું છે. નવા ગ્રાહકો તથા અન્ય વૈષ્ણવો જેઓ આ પુસ્તક વસાવવા ઈચ્છતા હોય તેઓ ૨૦ રૂાં. ન્યોછાવર + ૧ પોસ્ટેજ ભરી મેળવી શકે છે. થોડીજ પ્રતો હોઈ તુરત મંગાવો.

સરનામું **'શ્રીવલ્લભ સુધા'**
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

શાસ્ત્રાર્થ શિરોમણિ શ્રી વલ્લભ

શ્રી વલ્લભ પદ રેણુ

શ્રીમદ્ વલ્લભાચાર્યની સ્વાધ્યાય અને ધર્મ-પ્રવચનની પ્રવૃત્તિ સાથે સાથે ચાલી રહી હતી. ધર્મપ્રિય જનતા આ ધાર્મિક પ્રવચનોથી લાભાન્વિત બની રહી હતી. જનતામાં આથી સ્વધર્માચરણ, વિધર્મથી નિવૃત્તિ સદાચાર અને અને નિષ્કામ ભાવે ભગવદ્ સેવાની સુધાનું સિંચન થઇ રહ્યું હતું.

ઘણીવાર વિદ્વાનો અને પંડિતો આચાર્યશ્રીની પાસે શાસ્ત્ર-ચર્ચા કરવા આવતા હતા કાશી તો પહેલેથી જ વિદ્યાના કેન્દ્ર તરીકે પ્રસિદ્ધ નગરી હતી.

થોડા વર્ષો પહેલાં જ મહાપ્રભુજીએ પત્રાવ-લમ્બન કાશીના પ્રસિદ્ધ વિશ્વનાથ મંદિરના દ્વાર પર લગાવડાવી દીધો હતી. આ જ કાશી નગરીમાં આપશ્રી ચાતુર્માસના સમય દરમ્યાન શ્રીમદ્ ભાગવતજીનાં પ્રવચન તથા નંદમહોત્સવની ઉજવણીથી વૈષ્ણવ જનતામાં એક નવા ઉત્સાહ-ઉલ્લાસનો સંચાર કરી ચૂકયા હતા.

શ્રી મહાપ્રભુજીની અનુપસ્થિતિમાં પણ શેઠ પુરુષોત્તમદાસ જેવા આપશ્રીના નિષ્ઠાવાન સેવક આપશ્રીના પુષ્ટિસિદ્ધાંતોનો પ્રચાર કરી વાતાવરણને પુષ્ટિમય રાખતા હતા. આ કારણથી કેટલાક ઇર્ષાળુ પંડિતો મહાપ્રભુજીના વિરોધી બની ગયા હતા.

જ્યારે મહાપ્રભુજીએ કાશીમાં નિવાસ કરવાનું શરુ કર્યું ત્યારે આપશ્રીની ઉપસ્થિતિ આવા પંડિતો માટે અસહ્ય બની ગઇ, આ પંડિતો એવી તક માટે જાણે તાકીને જ બેઠા હતા કે જેથી શ્રી વલ્લભાચાર્યને નીચા બતાવી શકે અને જનમાનસપર શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની સર્વોદ્ધાર પ્રયત્નાત્માની એક અતિ ઉજ્જવલ છબી અંકિત બનેલી હતી તેને વિકૃત બનાવી શકે.

એ સમયમાં ઉપેન્દ્રાશ્રમ નામના એક પ્રસિદ્ધ વિદ્વાન સન્યાસી હતા. આ પંડિતોએ આ સન્યાસીને શ્રીમદ્ વલ્લભાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કરવા માટે તૈયાર કર્યા. બહુ મોટી સંખ્યામાં કાશીના લોકો અને પંડિત વર્ગ ત્યાં એકત્રિત થયા. આ શાસ્ત્રાર્થ પ્રતિષ્ઠાનો એક મુદ્દો બની ગયો હતો.

શાસ્ત્રાર્થ માટે જ્યારે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય પધાર્યા ત્યારે તેમના પ્રતિભાવંત દર્શન માત્રથી લોકો પ્રભાવિત થયા. મહાપ્રભુજીની પ્રશાન્ત, પ્રસન્ન અને અનુદ્વિગ્ન મુખમુદ્રા સભામાં પ્રકાશ પાથરી રહી હતી. આપશ્રીએ ઉપસ્થિત કરેલ બધા પ્રશ્નોનું એવું સરસ શાસ્ત્ર-સમર્થિત અને સમુચિત નિરાકરણ કર્યું કે જેથી સર્વ લોકોને આપશ્રીના અગાધ પાંડિત્યનો પરિચય થયો. વિપક્ષકારો પણ નતમસ્તક બની આપની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરી રહ્યા.

દુષ્ટ પ્રકૃતિના પંડિતોની યોજના આથી તદ્દન અસફલ બની ગઇ. આવા પંડિતો મહાપ્રભુજીની સફળતાથી રોષે ભરાયા. પરંતુ આવા અસંતુષ્ટ વિઘ્નસંતોષી આત્માઓ કોઇને કોઇ ઉપદ્રવ કરતા જ રહે છે.

શ્રી વલ્લભાચાર્ય વિવેક, ધૈર્ય અને પ્રભુ પ્રતિ અનન્ય નિષ્ઠા રાખી બધું શ્રીકૃષ્ણ ભાવનાથી સક્ષમ રીતે સહન કરતા અને પોતાના શિષ્યોને પણ શાન્તિ અને ધૈર્ય રાખવાનો ઉપદેશ દેતા.

નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી (રાજનગર)

ચરિતામૃત

લેખક : શ્રી ચીમનલાલ એન. બેંકર (ગોપીજન)

એમ. એ. શુદ્ધાદ્વૈત વિશારદ

[રાજનગરના મોટા મંદિરવાળા—નિ. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજ શ્રીનો શતાબ્દી મહોત્સવ અસારવા શ્રી ગુસાંઇજીની બેઠકજીમાં ઉજવવામાં આવેલ તેના અનુસંધાને આપશ્રીનું 'ચરિતામૃત' 'શ્રી વલ્લભસુધા'ના ગ્રાહક અને વાચક વર્ગ માટે પ્રસિદ્ધ કરતા આનંદ અનુભવીએ છીએ. —સંપાદક]

પુષ્ટિ સંપ્રદાયના સ્થાપક જગદ્‌ગુરુ શ્રી વલ્લભાચાર્યજીના વંશના પુ. પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રીનું પ્રાગટ્ય સંવત ૧૯૫૦ પોષ વદ ૧૧ના શુભ દિવસે અમદાવાદમાં અસારવા બેઠકજીમાં થયું હતું. આપશ્રીના પ્રાગટ્યથી પિતાશ્રી મધુસૂદનલાલજી અને માતાશ્રી વ્રજપ્રિયાવહુજી તેમજ તાતજી શ્રી વ્રજરાયજી મહારાજશ્રીને અત્યંત આનંદ થયો. તેમણે અસારવા બેઠકજીમાં અદ્‌ભુત નંદમહોત્સવ મનાવ્યો. આ અલૌકિક મહોત્સવના દર્શન કરવા અસંખ્ય વૈષ્ણવો એકઠા થયા હતા તેઓ નાચી—કુદીને ગાતા હતા.

'નંદ ઘેર આનંદ ભયો — જય કનૈયાલાલ કી,
અસારવામાં આનંદ ભયો — 'જય રણછોડલાલ કી,
મધુસુદનલાલ ઘેર આનંદ ભયો — જય રણછોડલાલ કી.'

શ્રી રણછોડલાલજી મહારાજશ્રી ત્રણ વર્ષના થયા ત્યારે ડાકોર ખાતે તેમનો મુંડન વિધિનો પ્રસંગ યોજવામાં આવ્યો હતો. અમદાવાદ, સૌરાષ્ટ્ર અને આસપાસથી હજારો વૈષ્ણવો આ અલૌકિક પ્રસંગે એકઠા થયા હતા. આ શુભ અવસરે શ્રી નટવરપ્રભુ અને શ્રી રણછોડરાયજીના અનેક મનોરથો સિદ્ધ થયા હતા.

વિક્રમ સંવત ૧૯૬૧ પોષ વદ—પના મંગલદિને આપશ્રીનો ઉપનયન સંસ્કાર અસારવા બેઠકે થયો. આ પ્રસંગે બહારગામથી અનેક ગોસ્વામી બાળકો અને મોટી સંખ્યામાં વૈષ્ણવો પધાર્યા હતા. નાથદ્વારાથી તિલકાયત પુ. પા. ગો. શ્રી ગોવર્ધનલાલજી સહકુટુંબ પુરા રસાલા સાથે સ્પેશ્યલ ટ્રેનમાં પધાર્યા હતા. આ ઉપરાંત મોટા મંદિરેથી શ્રી નટવરપ્રભુ અને શ્યામલાલને અસારવા બેઠકજીમાં પધરાવ્યા હતા અને ફુલમંડળી, સાંઝી હિંડોળા વગેરે અનેક દિવ્ય અદ્‌ભુત મનોરથો થયા હતા. આપશ્રીનો વરઘોડો દબદબાપુર્વક કાઢવામાં આવ્યો હતો.

વિદ્યાભ્યાસની બાબતમાં આપશ્રીએ અદ્‌ભુત અપુર્વ કૌશલ્ય દાખવ્યું હતું. પંડિત કૃષ્ણાચાર્ય પાસેથી વ્યાકરણનું જ્ઞાન સંપાદન કર્યું. શ્રી કાશીનાથ ઉપાધ્યાય તેમજ શ્રી અનંત

વાસુદેવ દીક્ષિત પાસેથી વેદાભ્યાસ શીખ્યા, ત્યાર બાદ પંડિત ગોવર્ધન ચતુર્વેદી પાસેથી સાંપ્રદાયિક ગ્રંથો તેમજ કીર્તન સાહિત્યનું જ્ઞાન મેળવ્યું. છેવટે મથુરાવાળા ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ પાસેથી સેવા–શૃંગાર તેમજ સાંપ્રદાયિક આચાર–વિચારનું કૌશલ્ય પ્રાપ્ત કરી લીધું હતું. વિશેષમાં આપશ્રીના તાતજી શ્રીવ્રજરાયજી મહારાજશ્રીએ પણ તેમના માં સેવા–શૃગારના સંસ્કારનું સિંચન કર્યું હતું. પરિણામે આપશ્રીમાં સેવા શૃંગાર અને સંપ્રદાયની પ્રણાલીકાની આગવી સૂઝ હતી.

આપશ્રીનું બીજું નામ "શ્યામુબાવા" હતું. આપની વિવિધ બાળલીલાઓ જોઇને તાતજી તેમને પ્યારથી જુદા જુદા નામે બોલાવતા. ઘણીવાર "મસ્તરામ" કહી સંબોધતા તો વળી કોઇકવાર આપની વણેલી રોટલી દડા જેવી ફૂલે ત્યારે તેઓ આપશ્રીને "ફૂલચંદ" કહી બોલાવતા. આ રીતે તાતજી તેમને અત્યંત લાડ પ્યારથી બોલાવતા હતા.

ત્યાર બાદ ૧૯ વર્ષની ઉંમરે જયપુર નિવાસી કમલ પ્રિયા વહુજી સાથે શ્રી રણછોડ લાલજી મહારાજશ્રીનું પ્રથમ લગ્ન થયું. આ વહુજીથી આપશ્રીને એક પુત્ર અને એક પુત્રી થયા. પુત્ર શ્રી છોટાજી નાની વયે લીલામા પધાર્યા અને પૂજ્ય કમલપ્રિયા વહુજી પણ ૨૩ વર્ષની વયે લીલામા પધાર્યા.

ત્યાર પછી કામવનવાળા ગો. શ્રી વલ્લભલાલજીના દોહિત્રીં વ્રજપ્રિયાજી સાથે આપશ્રીનું બીજું લગ્ન થયું. આ વહુજીથી આપશ્રીને ત્યાં બે બેટીજીઓ શ્રી સૂર્યલતા બેટીજી અને વસંતલતા બેટીજી તેમજ એક લાલજી શ્રી વ્રજરાયજી (શ્રી નટવર ગોપાલજી) નું પ્રાગટય થયું. પૂજ્ય શ્રી નટવર ગોપાલજીના પ્રાગટયથી શ્રી મધુસુદન લાલજી અત્યંત પ્રસન્ન થયા હતા.

પૂ. પા. ગો. શ્રી મધુસુદન લાલજીના લીલા પ્રવેશ બાદ સંવત ૧૯૮૮ના અષાઢ સુદ ૯ ના મંગળ દિને આપશ્રીને "આચાર્યજી" નું તિલક કરવામાં આવ્યું. સંવત ૧૯૯૪ના ચૈત્ર સુદ ૧૨ ના મંગળ દિને આપશ્રીએ ચિ. શ્રી નટવર ગોપાલજીનો "ઉપનયન સંસ્કાર" સમારંભ ખૂબ જ ધામધૂમથી ઉજવ્યો. આ પ્રસંગે શ્રી નટવર પ્રભુ તથા શ્યામલાલ પ્રભુને અસારવા બેઠકજીમાં પધરાવ્યા હતા. લગભગ દોઢ માસ સુધી હિંડોળા અને હટરી, પુષ્પ વિતાન અને પનઘટ, રથયાત્રા અને ડોલોત્સવ, દાન અને સાંઝી, ગોચારણ તેમજ નંદ મહોત્સવ અને રાસોત્સવ જેવા અલૌકિક મનોરથો થયા હતા. આ ઉપરાંત આ પ્રસંગે એક મહાન, ભવ્ય, અજોડ, અમૂલ્ય એવો અદ્ભૂત ૫૬ ભોગનો મનોરથ પણ આપશ્રીએ કર્યો હતો. આ પ્રસંગે ઉમટેલી માનવ મેદની માટે ખાસ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર રાજનગર (અમદાવાદ) શહેરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ છવાઇ ગયું હતું.

શ્રી નટવર ગોપાલજીના લગ્ન બાદ આપશ્રીએ વિક્રમ સંવત ૨૦૦૫ માં સપરિવાર વૃજની લીલી પરિક્રમા કરી ત્યાર બાદ પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર માટે આપશ્રીએ 'ગો. શ્રી

વ્રજરાય સંસ્કૃત પાઠશાળા”ની સ્થાપના કરી જેમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓને વ્યાકરણ, સાહિત્ય અને વેદાંત જેવા વિષયો શીખવવામાં આવતા.

શ્રી રણછોડલાલજી મહારાજશ્રી અંગ્રેજીના પણ જાણકાર હતા. સંવત ૧૯૯૫માં મુંબઇમાં એક તેલુગુ શિક્ષક પાસેથી તેલુગુ માધ્યમથી તેઓ અંગ્રેજી ભાષા શીખ્યા હતા અને માત્ર ત્રણ જ માસમાં હાઇકોર્ટના અદાલતી કાગળોનો તરજુમો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી હતી. મથુરાવાળા ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ પાસેથી સેવા-શૃંગાર તથા પુષ્ટિમાર્ગની પ્રણાલીકાનું જ્ઞાન આપશ્રીએ પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત આપશ્રીએ ત્રિકાળ સંધ્યા, વેદોપચાર પૂજા, અમરકોષ, બ્રહ્મસુત્ર, ગીતા, ભાગવત વગેરેનો પણ અભ્યાસ કર્યો હતો.

* સાદાઇ અને સંયમ તો શ્રી રણછોડલાલજીના *

આપશ્રીનું જીવન સાદગી ભરેલું હતું. અનેક વૈભવ સાધન સંપત્તિ હોવા છતાં આપશ્રી જેમ બને તેમ ઓછા અને સાદા વસ્ત્રો જ પહેરતા. આપશ્રીનું જીવન અત્યંત સરળ હતું. વૃથાપ્રલાપ, વૃથાક્રિયા અને વૃથાધ્યાનનો આપશ્રીએ સર્વથા ત્યાગ કર્યો હતો. પેલા ત્રણ વાનરોની વાર્તાની માફક અનિષ્ટનું નિરીક્ષણ, ઉચ્ચારણ કે શ્રવણ કરવું નહિ તે સિદ્ધાંત આપશ્રીએ જીવનમાં અપનાવ્યો હતો. સાદગીને સરળતા સાથે તેમણે જીવનમાં સંયમ પણ અપનાવ્યો હતો. ભૂખ-તરસ અને નિદ્રા ઉપર આપે વિજય મેળવ્યો હતો. વ્રતના દિવસોમાં ઘણીવાર આપશ્રી જળ વગર રહેતા અને રેલ્વેની મુસાફરીમાં પણ જળ વગર કલાકો પસાર કરતા. ભોજન પણ સાદું જ લેતા હતા. આ રીતે આપશ્રીમાં સાદાઇ, સરળતા અને સંયમનો ત્રિવેણી સંગમ જોવા મળે છે.

* સેવા-શૃંગારની ભાવનાના મર્મજ્ઞ *

શ્રી રણછોડલાલજી મહારાજશ્રી સેવા અને શૃંગારની ભાવનાના ઊંડા અભ્યાસી હતા. એક વખત મથુરાવાળા શ્રી ગોપાલલાલજી મહારાજને પૂછ્યું કે, “શ્રી મદન મોહનજીને ૧૬ લોટીથી સ્નાન શા માટે કરાવાય છે?” શ્રી ગોપાલલાલજી મહારાજ તો જાણતા હતા કે, સેવા-શૃંગારના ખૂબ જ જાણકાર છે. આથી તેમણે આપશ્રીને જ તે પ્રશ્નનો ઉત્તર આપવા આપશ્રી જણાવ્યું. તરત જ આપશ્રીએ જવાબ આપ્યો કે, “રાસમાં ૧૬ સ્વામિનીજીઓ હોય છે તેમના ભાવથી ૧૬ લોટીથી સ્નાન કરાવાય છે.” આ જવાબ સાંભળીને શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી અત્યંત પ્રસન્ન થયા અને પછી તરત જ શ્રી ચંદ્રમાજીના શૃંગારની સેવા આપશ્રીને સોંપવામાં આવી. આપશ્રી સેવાના ખાસ આગ્રહી હતા. તેઓ જાતે જ સેવા કરતા. એકવાર પોતાના મોટા બેટીજીએ નિત્ય લીલા કરી ત્યારે થોડોક સમય સેવાના વિયોગથી આપશ્રી ખૂબ જ અપ્રસન્ન થયા હતા. ત્યાર પછી જન્માષ્ટમી આવી તે વખતે આપશ્રીએ જશોદાજીનું સ્વરૂપ ધારણ કરી મુખીયા ભિતરિયાને પણ ખબર ન પડે તેમ શ્રી નટવર પ્રભુને પારણે ઝુલાવ્યા હતા આ રીતે આપશ્રી સેવા-શૃંગારના ખાસ આગ્રહી હતા.

મરજાદી મહારાજ

શ્રી રણછોડલાલજી મહારાજશ્રી સેવામાં અપરસની શુદ્ધતા અને આચાર-વિચારના ખૂબ જ આગ્રહી હતા. તેઓ જરાપણ શિથિલતા ચલાવી ન લેતા. પરિણામે આપશ્રી “ **મરજાદી મહારાજ** ” તરીખે ઓળખાતા.

* કીર્તનના પણ ભારે રસિયા શ્રી રણછોડલાલજી *

આપશ્રી કીર્તનના ભારે રસિયા હતા. સેવામાં કીર્તનોને ખૂબ જ મહત્ત્વ આપ્યું હતું. સમય સમય પ્રમાણે કીર્તનો ગાવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. એમ આપશ્રી આજ્ઞા કરતા. કીર્તનો અને તેના ભાવોના તે જાણકાર હતા. કીર્તનીયાઓ પાસે અષ્ટ સખાઓના કીર્તનો ગવડાવતા અને ઉત્સવ ઉપર તો આજના શ્રી નટવર ગોપાલલાલજી મહારાજશ્રીની માફક આપશ્રી જાતે જ શ્રી ઠાકોરજી સન્મુખ કીર્તન ગાતા અને ગવડાવતા. ગુજરાતી ધોળ-કીર્તનો આપશ્રીને કંઠે હતા. કીર્તનની સાથે આપશ્રી મૃદંગ પણ બજાવતા. કીર્તન વખતે આપશ્રી તેની લીલામાં તન્મય બની જતા જાણે કે તે લીલાના દર્શન કરતા ન હોય !

* જપ-પાઠ અને ભગવદ્ વાર્તાના આગ્રહી શ્રી રણછોડલાલજી *

શ્રી રણછોડલાલજી મહારાજશ્રી સેવા-શૃંગારના જેટલા આગ્રહી હતા તેટલા જ જપ-પાઠ અને ભગવદ્ વાર્તાના આગ્રહી હતા, જપ-પાઠ માળાનો આપનો નિયમ એટલો બધો લાંબો હતો કે, હંમેશાં બપોરના ૩ થી ૪ સુધી તે ચાલતો. તેમાં કોઇ પણ જાતની ઢીલ કે આળસ તેઓ કરતા જ નહિ. રાત્રીના સમયે આપશ્રી વૈષ્ણવો સમક્ષ ભગવદ્ વાર્તા કરતા. ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા, શિક્ષાપાત્ર અને ષોડશ ગ્રંથનું વાંચન કરીને આપશ્રી સમજાવતા. આ ઉપરાંત યમુનાષ્ટક, સર્વોત્તમ સ્તોત્ર, શ્રી યમુનાજીના ૪૧ પદો, વલ્લભાખ્યાન અને મૂળ પુરુષ વગેરે આપશ્રીના નિત્યક્રમમાં વણાયેલા જ હતા.

આપશ્રીએ અનેક વૈષ્ણવોને શરણે લઈ તેમને વૈષ્ણવતાના પાઠ ભણાવીને તેમનો ઉદ્ધાર કર્યો. આપશ્રીના વૈષ્ણવ સેવકોનો ઘણો જ મોટો સમુદાય હતો. પ્રેમ અને પરોપકાર, દયા અને દીનતા, સદાચાર અને સાત્વિકતા, સહનશીલતા, સાદગી અને સંયમ, સેવાપરાયણતા અને સત્સંગ આપશ્રીના સદ્ગુણો હતા. આવા મહાન કૃપાળુ, દયાળુ, તપસ્વી, ત્યાગી, નિર્મોહી, અહર્નિશ સેવાપરાયણ પુ. પા. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રી સંવત ૨૦૦૦ના પોષ સુદ ૧૪ના દિવસે નિત્યલીલામાં પધાર્યા અને પરિણામે વિશાળ વૈષ્ણવસૃષ્ટિ ઉપર ઘેરા શોકના વાદળો ઉતરી આવ્યા.

આવા પુષ્ટિસંપ્રદાયના મહાન ધર્મધુરંધર, વૈષ્ણવસૃષ્ટિના ઉદ્ધારક ધર્મગુરુ, આચાર્યવર શ્રી રણછોડલાલજી મહારાજશ્રીને કોટી કોટી વંદન !

ચીમનલાલ એન. બેંકર (ગોપીજન)ના જય શ્રીકૃષ્ણ

(ત્રીજા ટાઈટલથી ચાલુ)

તા. ૧૬–૪–૯૫ના ગો. શ્રી રસિકરાયજી મહારાજના નિવાસ્થાને ગો, શ્રી ગોકુલોત્સવજી તથા ગો. શ્રી રસિકરાયજીએ હવેલી સંગીત પિરસ્યુ હતું. શ્રી.... ના દર્શન સમયે રાજકોટ કીર્તન મંડળીએ કીર્તન કર્યા હતા.

તેજ દિવસે સાંજે ૬થી૮ાા સુધી મહારાષ્ટ્ર મંડળના હોલમાં 'સુર સંગમ' સંસ્થા દ્વારા ગો. શ્રી ગોકુલોત્સવજીનું શાસ્ત્રીય ગાયન થયું હતું. આપશ્રીએ કેટલીક દુર્લભ બંદીશો પ્રસ્તુત કરી હતી. હાર્મોનીઅમ સંગત ગો. શ્રી રસિકરાયજીએ કરી હતી. રાત્રે ગો. શ્રી રસિકરાયજી મહારાજની ઉપસ્થિતિમાં જશુભાઈ મંડાણમાં વધાઈ–કીર્તન. હીંચ–હમચી, રાસ થયાં હતાં આખો દિવસ ઉત્સવના આનંદમાં વ્યતિત થયો હતો.

પુષ્ટિ માર્ગીય કીર્તન સંગ્રહ – નુતન પ્રકાશન

પુષ્ટિમ:ર્ગીય કીર્તન સંગ્રહ ભાગ–એકથી ચાર, જેમા નિત્યપદ ભાગ ૧ વર્ષોત્સવ ભાગ ૨–૩ તથા વસંત–ધમાર ભાગ ૫ આ પ્રમાણે પ્રસિદ્ધ અપ્રસિદ્ધ કીર્તનોનો મુલ પ્રાચિન પાઠ પદ્ધતિ અનુસાર પ્રસિદ્ધ થઈ રહેલ છે.

વૈષ્ણવો આ ચારે ભાગ સાથે અગર કોઈપણ એક ભાગ, પ્રત્યેક ભાગની ન્યોછાવર રૂ. ૭૫ લેખે અગાઉથી નીચે લખેલ સ્થળે ભરીને રસિદ પ્રાપ્ત કરી લેવી જેથી તૈયાર થયે પુસ્તકો મોકલાશે,

આ પુસ્તકો અગાઉ શેઠ નારણદાસ આસનમલ ટ્રસ્ટ તરફથી છપાએલ કિર્તનના પુસ્તકો જેવડા મોંટા ટાઈપમાં અને લગભગ તે જ સાઈઝના થશેં. આં પુસ્તકો અત્યંત દુર્લભ બની રહેશે.

રકમ ભરવાના સ્થળો (૧) શ્રી બચુભાઈ ઝવેરી
'કૃષ્ણાર્પણ ટ્રસ્ટ'
૬૧, કૃષ્ણ નિકેતન, (મોટા મંદિર કંપાઉન્ડ)
ઉજો ભોઈ વાડો ભૂલેશ્વર મુંબઈ–૨

(૨) શ્રી વૈષ્ણવ મિત્ર મંડલ
શ્રી ગોવર્ધનાથજી મંદિર
૧, સાઉથ યશવંતગંજ
ઈન્દોર પીન ૪૫૨૦૦૨

અમદાવાદ અખંડ ભૂમંડલાચાર્યવર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભચાર્યજીનાં પ્રાકટય મહોત્સવ પ્રસંગે શ્રીમદ્‌ભાગવત્ સપ્તાહ તા. ૧૮–૪–૯૫ થી ૨૪–૪–૯૫ સુધી તેમજ તા, ૧૬ મી એ શ્રીમહાપ્રભુજીના પ્રાકટય ઉત્સવના દિને આચાર્યશ્રીના ચિત્રજી બગીમાં પધરાવી ડંકા નિશાન હાથી ઘોડા બગી, કેશરીઆમંડલી, કવશ ધારણ કરેલ બહેનો તેમજ શ્રીમહાપ્રભુજીના ચિત્રજવાળા ટી શર્ટ પહેરેલ બસ્સો બાળકો સાથે ભવ્ય શોભાયાત્રા પૂ. પા. ગો. શ્રી દ્રુમીલકુમારજી મહોદય શ્રી (સુરત–વડોદરા) અધ્યક્ષસ્થાને નિકળશે.

સાંજે ૪ વાગે શ્રીવલ્લભસદન (આશ્રમ રોડ) ખાતે છપ્પન ભોગ મનોરથના દર્શન થશે શ્રીમદ્ ભાગવત સપ્તાહના ઉદ્‌ઘાટક ગો. શ્રી વાગિસકુમોરજી મહોદય (કાંકરોલી–વડોદરા) રહેશે. વ્યાસપીઠે શ્રીકિશોર ચંદ્રજીશાસ્ત્રી (વડોદરા) સંગીતમય શૈલીમાં શ્રીભાગવત કથા કહેશે.

સમાચાર

રાજકોટ. : અત્રે પૂ. પા. ગો શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન)ની અધ્યક્ષતા અને આં. રા. પુ. વૈ પરિષદના સંયોજકતામાં અનડકટ પરિવાર દ્વારા શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણીનો મનોરથ થયેલ. એ પ્રસંગે પૂ પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર) મ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ (જામનગર) ના પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન) ના વચનામૃતો, પ્રશ્નોત્તરી. તેમજ ગઝલનો કાર્યક્રમ યોજાએલ શ્રી ધ્વજાજી વિજય કર્યા બાદ તેજ પંડાલ (વર્ધમાનનગર–પેલેસ રોડ)માં કડી અમદાવાદવાળા ગોસ્વામી

વલ્લભલાલજી મહારાજ, તથા આપના વહુજી અ. સૌ. શ્રી વૃન્દાવહુજીએ અત્યંત મધુર પ્રભાવશાળી

દિવસ 'શ્રી વલ્લભસાખી' ગાન વિવેચનનો કાર્યક્રમ આપેલ

ખીઓ'માં પુષ્ટિ સિદ્ધાન્તના ભંડાર ભર્યા છે આ સાખીનું સુંદર

જીએ કરેલ અને તેનું વિશદ નિરૂપણ પૂ. શ્રી વલ્લભલાલજી

એક વર્યો ગોપીજન વલ્લભ

[સપ્તદશાક્ષરની કુટિળબંધની ચાલનું પદ]

એક વર્યો ગોપીજન વલ્લભ, નહિ સ્વામી બી
અવર કોઇનું કામ ન મ્હારે, રીઝો
કૃષ્ણ કરે તે પ્રમાણ, કારજ વણ
પ્રાણજાઓ, પણ અન્ય કૃતિઆં અ

સુખી દુખી જયમ ગમે ત્યમ રા
વિના મલનો ઘર ગુલા

શ્રી

રોજીમાં

સમાચાર

રાજકોટ. : અત્રે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન)ની અધ્યક્ષતા અને અ. ભા. પુ. વૈ. પરિષદના સંયોજકતામાં અનકકટ પરિવાર દ્વારા શ્રીનાથજીના ધ્વજાજીની પધરામણીનો [illegible] એ પ્રસંગે પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર) પ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ ([illegible]) ના પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી (કામવન) ના વચનામૃતો, પ્રશ્નોત્તરી. તેમજ ગઝલનો કાર્યક્રમ [illegible] શ્રી ધ્વજાજી [illegible] કર્યા બાદ તેજ પંડાલ (વર્ધમાનનગર–પેલેસ રોડ)માં કડી અમદાવાદવાળા [illegible] શ્રી વલ્લભલાલજી મહારાજ, તથા આપના વહુજી અ. સૌ. વૃન્દાવહુજીએ અત્યંત મધુર પ્રભાવશાળી શૈલીમાં છ દિવસ 'શ્રી વલ્લભસાખી' ગાન વિવેચનનો કાર્યક્રમ આપેલ

શ્રી હરિરાયજી કૃત 'શ્રી [illegible] સાખી'માં પુષ્ટિ સિદ્ધાન્તનો ભંડાર ભર્યો છે આ સાખીનું સુંદર સંગીતમય શૈલીમાં ગાન અ. સૌ. શ્રી [illegible] જીએ કરેલ અને તેનું વિશદ વિવરણ પૂ. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના વચનામૃતોથી સાંભળવાનો અપૂર્વ લ્હાવો રાજકોટની વૈષ્ણવ જનતાએ ખૂબ રસપૂર્વક લીધેલ. આખો સભામંડપ નિત્ય ખીચોખીચ ભરાઈ જતો [illegible] ઉપરાંત કેબલ ઓપરેટરો દ્વારા મોટા વિસ્તારમાં ટી. વી. ઉપર પણ નિત્ય પ્રસારણ થતાં જેનો લાભ [illegible] વૈષ્ણવોને મળેલ. કાર્યક્રમનું સંચાલન–વ્યવસ્થા શ્રી હસમુખભાઈ ખાખરે કરેલ.

રાજકોટમાં શ્રી દ્વારિકેશ જયંતીની ઉજવણી

શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ રાજકોટ દ્વારા ચૈત્ર વદ ૧ તા. ૧૬–૪–૯૫ના નિ. લી. ગો. શ્રી દ્વારિકેશલાલજી મહારાજનો જન્મોત્સવ રાજકોટ ખાતે ખૂબજ ભવ્યતાથી ઉજવાયો.

દ્વિ દિવસીય કાર્યક્રમમાં પ્રથમ તા. ૧૫–૪–૯૫ના રાત્રે અરવિંદભાઈ મણીઆર હોલ (ટાઉનહોલ)માં સંગીત–સરિતાનો કાર્યક્રમ થયો. જેમાં ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (ઈન્દોર)નું શાસ્ત્રીય ગાયન તથા ગો. શ્રી રસિકરાયજી મહારાજનુ હામોનિયમ (સોલો) વાદન થયું.

પ્રથમ બન્ને આચાર્યોનું શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા ફુલહારથી સ્વાગત કર્યા પછી ગોકુલદાસ સોનીએ બન્ને આચાર્યશ્રીઓની સંગીત સાધનાનો તેમજ પૂ. પા. નિ. લી. ગો. શ્રી દ્વારિકેશલાલજી મહારાજની સ્મૃતિમાં સ્થાપિત થયેલી આ સંસ્થાનો પરિચય કરાવ્યો.

શ્રી ગોકુલોત્સવજી મહારાજે રાગ યમનકલ્યાણ. હંસધ્વની. પીલુ તથા દરબારી પ્રસ્તુત [illegible] તબલા સંગતિ આકાશવાણીના શ્રીનિતાઈ ચક્રવર્તીએ કરી હતી.

બન્ને કાર્યક્રમ ખુબજ સુંદર રહ્યા રાજકોટની સંગીત રસિક જનતાથી હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ સંગીત રસિકો સ્વર–સંગીતની સરિતામાં નિમજ્જન કરીને આહ્લાદિત થયાં હતા.

અન્તે કાર્યક્રમના સંચાલક શ્રી ડાયાભાઈ ડેલાવાળા તથા શ્રી અંતુભાઈ સોની તથા શ્રી દ્વા. પુ. સે. સમિતિના પ્રમુખ શ્રી જમુનાદાસભાઈએ બન્ને આચાર્યશ્રીઓના તથા સ્થાનિક ગો. આચાર્યો, ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય તથા શ્રી કલ્યાણરાયજી મહોદય, ગો. ચિ. શ્રી પ્રણવ બાવાશ્રીનું ફુલહારથી સ્વાગત કરીને ઉપસ્થિત સર્વેનો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો.

ગો. શ્રી રસિકરાયજી મહારાજે ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજના ગાયનની તથા ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજે ગો. શ્રી રસિકરાયજી મહારાજના હાર્મોનિયમ વાદનની પોતાના ઉદબોધનમાં પ્રસંશા કરી હતી.

રાજકોટને આંગણે આ અવિસ્મરણીય કાર્યક્રમ યોજાયાથી સંગીતની રસલ્હાણ સહુ કોઈએ પ્રાપ્ત કરી હતી.

(જુઓ પાનું ૨૪ મું)

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43.

એક વર્યો ગોપીજન વલ્લભ

[સપ્તદશાક્ષરની કટિબંધની ચાલનું પદ]

એક વર્યો ગોપીજન વલ્લભ, નહિ સ્વામી બીજો,
અવર કોઇનું કામ ન માહારે, રીઝો [illegible]
કૃષ્ણ કરે તે પ્રમાણ, કારજ વણ[illegible]
પ્રાણજાઓ, પણ અન્ય કૃતિમાં મ[illegible]ન

સુખી દુખી જયમ ગમે ત્યમ રાખો, એના ગુણ
વિના મૂલનો ઘર ગુલામ, વેચે ત્યાં વેચાઉ;
એ જ ગમ્યો, એથી મન આ[illegible]હું, બીજો નવ
એહેના અતિ આ[illegible]તાર, હું કોઇનો દાસ ન

કૃષ્ણ વિના શિર નમે, તો છેદાનો દંડ,
નંદકુંવર [illegible] નામ જપે, તો જિભ્યા કરું શાં
અવર દેવ[illegible] આશ કરે, અધ ભાંજ્યું બ્ર
અન્ય અમર દરશણ દોડે, પગ તો પા[illegible] એક-૩

હું ચાતક, જલસ્વાતિ શ્રીજી, હું [illegible] હરિ વારિ,
હું હારિલ, કાહી હરિ, દ્રઢ વ્રત ધારી તે ધારી;
અનન્ય પતિ વ્રત જેહેને નહિ, તે કહિયે વ્યભિચારી,
શ્રીગુરૂદેવ ! નભવજો, કે હે 'દયો' ટેક સદા માહારી એક૦૪

ભક્ત કવિશ્રી દયારામભાઈ; ડભોઇ.

K PARIK SOCIE
F/78 GUJAR
NEHRU ROAD
PARLA

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



વચન સુધા

વૈષ્ણવતા વાતોથી નથી આવતી, આચરણથી આવે છે. ક્રાંતિના નામે ઘર બાળી નખાતું નથી. તેની વ્યવસ્તિતાની સ્થાપના થાય છે.

ફેશનમાં ગમે તે કપડાં પહેરનારા સેવા માટે સાત્વિક વેશ ધારણ કરતાં શરમાય છે, ખર્ચની વાત કરે છે, અને પોતાનો પ્રમાદ (આળસ) સંતાડે છે.

આવી રીતે 'વ્યાજ કરણને (બહાના બાજી) ધર્મ મનાવે છે અને માને છે ! શ્રી વલ્લભાચાર્યજી તેવું માનતા નથી, પરાણે ધર્મ ચલાવવાની જરૂર નથી. જેને રૂચિ હોય અને જે માને તેના માટે ધર્મ છે. બાકી લોકો માટે ન્યાય, દંડ જેવી કોઇ અન્ય વ્યવસ્થા હિતકારી છે.

નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ❋

વર્ષ ૧૪ : અંક-૩ જુન, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❋ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧



વચન સુધા

વૈષ્ણવતા વાતોથી નથી આવતી, આચરણથી આવે છે. ક્રાંતિના નામે ઘર બાળી નખાતું નથી. તેની વ્યવસ્તિતાની સ્થાપના થાય છે.

ફેશનમાં ગમે તે કપડાં પહેરનારા સેવા માટે સાત્વિક વેશ ધારણ કરતાં શરમાય છે, ખર્ચની વાત કરે છે, અને પોતાનો પ્રમાદ (આળસ) સંતાડે છે.

આવી રીતે ‘વ્યાજ કરણને (બહાના બાજી) ધર્મ મનાવે છે અને માને છે ! શ્રી વલ્લભાચાર્યજી તેવું માનતા નથી, પરાણે ધર્મ ચલાવવાની જરૂર નથી. જેને રૂચિ હોય અને જે માને તેના માટે ધર્મ છે. બાકી લોકો માટે ન્યાય, દંડ જેવી કોઇ અન્ય વ્યવસ્થા હિતકારી છે.

નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૪ : અંક-૩ જુન, ૧૯૯૫

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✻ આજીવન રૂા. ૪૦૧

“શ્રી વલ્લભસુધા”

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

॥ હરિ: ॥

શ્રી પ્રથમેશવાક સુધા-૧ પુસ્તક પર અભિપ્રાયો

શ્રી પ્રથમેશજી આપણા સંપ્રદાયના અજોડ વકતા હતા. નાના નાના વાકયોથી પુષ્ટિમાર્ગનો મર્મ સમઝવતા આપના ઓજસ્વી પ્રવચનોનો આ સંગ્રહ ખરેખર અદ્દભુત છે. પ્રથમ પ્રવચન જતીપુરામાં કરેલા છે. જેમાં શ્રી હરિરાયજીની સંપ્રદાયને જે અસાધારણ દેન છે, જેનો સંપ્રદાય પર, તેના આચાર, વિચાર અને ભાવ પર અત્યંત પ્રભાવ છે અન્ય પ્રવચનો તથા લેખો દ્વારા સંપ્રદાયની પ્રણાલિકાના નામે વર્તમાન સમયમાં બેઠેલી વિકૃતિઓનું દિગદર્શન કરાવીને તેના નિવારણ માટે ઉગ્ર અનુરોધ કરેલ છે,

શ્રી શ્યામમનોહરજી દ્વારા સિદ્ધાન્ત વચનાવલીમાં પ્રસ્તુત શ્રી વલ્લભ–પ્રસ્થાપિત આચાર વિચારની જે ઉદઘોષણા કરી છે, તેનું સમર્થન શ્રી પ્રથમેશજીના લેખોથી પણ પ્રાપ્ત થાય છે એ વિષયમાં મતૈકય હોવા છતાં કયાંક સંશોધન પણ જોવા મળે છે જેમાં વિરોધ નથી પરંતુ સમન્વય છે. પ્રવચનો અને લેખોમાં પરિષદ પ્રત્યેની પુજયપાદ પ્રથમેશજીની અનન્ય નિષ્ઠા તથા સંગઠ્ન આચાર્યોનું પરસ્પર તેમજ વૈષ્ણવો સાથેનું આવશ્યક છે. જે વાતપર વિશેષ જોર આપવામાં આવ્યું છે.

વર્તમાન સમયથાં સુયોગ્ય માર્ગદર્શન લેખો પ્રવચનોનાં પ્રકાશન માટે ખુબજ ધન્યવાંદ સંગ્રાહક તથા પ્રકાશકોને આપતાં વાંચકોને હાર્દિક અનુરોધ કરીએ છીએ કે આ પુસ્તક વસાવીને તેનું વાંચન કરે.

પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા પોરબંદર, રાજકોટ)
સંપાદક : **શ્રીનવ પ્રકાશ**

શ્રી પ્રથમેશજી મહારાજશ્રી કે કૃપાપાત્ર પ, ભ શ્રી સંપાદકજી શ્રી રવજીભાઈ પટેલ સપ્રેમ જયશ્રીકૃષ્ણ પ્રણામ "શ્રી પ્રથમેશ વાકસુધા" પ્રાપ્ત હુઈ બહુત બહુત પ્રસન્નતા એવં આનંદ પ્રાપ્ત હુઆ આંતર રાષ્ટ્રીય વૈષ્ણવ જગત મેં યહ પુસ્તિકા પુષ્ટિમાર્ગ વૈષ્ણવો કે કર્તવ્ય બોધ ઔર પરિસ્થિતિ સમઝને કે લીયે બહુત હી ઉપયોગી હૈ યહ પ્રયાસ બહુત હી સ્તુત્ય હૈ.

અબ યહ વિશ્વાસ હો ગયા કી જો જો શ્રી પ્રથમેશજી કે વચનામૃત આપકો પ્રાપ્ત હોતે જાયેગે આપ સબકો સુલભ કરાવેગે યહ સેવા સદા સ્મરણીય રહેગી.

સભી સહયોગિયો કો બહૂત બહુત ધન્યવાદ. વધાઈ એવં સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

વ્રજમોહનદાસ વિજયવર્ગીય (સુજાલપુર મંડી મ. પ્ર.)

ઉપાધ્યક્ષ આં. રા, પુ. વૈ. પરિષદ એવં અધ્યક્ષ આં. રા. પુ. વૈ. પરિષદ મધ્ય પ્રદેશ સમિતિ.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ, માનનીય મહોદય, આપકે દ્વારા પ્રકાશિત "શ્રી પ્રથમેશ વાકસુધા–૧'(પુસ્તક યથાસમય પ્રાપ્ત હો ગઈ થી... આપને યહ ગ્રન્થ પ્રકાશિત કર કે વૈષ્ણવ સમાજ કે લિયે બહુત હી ઉત્તમ વ લાભદાયક કાર્ય કીયા હૈ. ઈસ યુગ મેં પુ. પા. શ્રી રણછોડાચાર્યજી મહારાજ સંપ્રદાય કે બહુત હી વિશિષ્ટ આચાર્ય રહે હૈ ઔર ઉન્હોને જો જો ભી લેખ પ્રવચન આદિ કે માધ્યમ સે અપને વિચાર પ્રકટકીયે હૈ વે સંપ્રદાય ઔર. ઉસકે અનુયાયિયો કે લીએ માર્ગદર્શન કે રૂપમેં સદૈવ હી ઉપયોગી રહેગેં આં. પુ. વૈ. પરિષદ કે લીયે તો ઉન્હોને અપના સંપૂર્ણ જીવન હી સમર્પિત કરદિયા થા. ઈસ દષ્ટિ સે ભી વહ સાહિત્ય સેવા બહુત હી મહત્વ કી હૈ.

ઈસ સત્ કાર્ય કે લિએ આદરણીય સંપાદકજી પ. ભ. શ્રી રવજીભાઈ પટેલ તથા અન્ય સહયોગિયો કા સાદર અભિનંદન હો.

આપકા.
કુમનદાસ ઝાલાની ઈન્દોર મ. પ્ર.
ભુતપુર્વ મહામંત્રી અને કેન્દ્રિય ઉપાધ્યક્ષ, આં રા. પુ. વૈ. પરિષદ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, **રાજકોટ**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૩ ※ જુન, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

આશ્રયકી અપેક્ષા કયોં ?

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

જ્ઞાની લોકો, તપસ્વી લોકો ઘણા પ્રયત્ન કરે છે કે પોતે ઉપરની તરફ જાય, અને જાય પણ છે પરંતુ તપસ્વી અને જ્ઞાનીઓનું પતન થતું જોવામાં આવ્યું છે. તેઓ પોતાના માર્ગથી ભટકી ગયા છે એવા અનેક ઉદાહરણો છે. એક નહીં અનેક ! તેનું કારણ શું છે ?

"પતન્ત્વધીનઃ ધૃત યુષ્મદનુગ્રહ"

બ્રહ્માજી કહે છે કે એવા લોકો ફકત બળ પર પોતાના સાધનોના બળથી આગળ વધવાવાળા, ઉંચે ચડવાવાળા લોકો પડી જાય છે કેમ ? તેનું કારણ શું છે ? તે લોકોએ આપના ચરણનો આશ્રય ન કર્યો, આપના ચરણોને દૃઢતાપૂર્વક પકડયા નહીં. તેથી તેઓ ઉંચે ચડયા પાછા પડી ગયા, નહીંતર પડવાનું બીજું કોઇ કારણ નથી.

ઉપર ચડીને જો કોઇ આધાર મળી જાય તો, તો મનુષ્ય ટકી જઇ શકે છે અને આગળ પણ વધી શકે છે. કોઇ આધાર હોય ન તો પડવાનો જ. બીજું શું થાય ? સીડી પર મનુષ્ય ચડે છે. નીસરણી પર ચડી મનુષ્ય ઉપર ચાલ્યો તો ગયો. જો નીસરણી છુટી જાય તો આધાર વગર પડી પણ જશે. તે નિસરણી છે ત્યાં સુધી તો સ્થિર રહી શકશે. તે નિસરણી ઉપર નહીં પહોંચે તો પડી જશે. તેવી રીતે ભગવાનના ચરણોને હૃદયમાં ધારણ કરનાર વ્યકિત કયારેય પડતી નથી. તેથી આચાર્યચરણોએ 'કૃષ્ણ એવ ગતિર્મમ' એ સંદેશો આપણને આપ્યો છે અને કહ્યું કે–

'સર્વ માર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલ ધર્મિણી ।
પાખંડ પ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥

આચાર્યચરણ આજ્ઞા કરે છે કે, 'સર્વ માર્ગેષું નષ્ટેષુ' આ યુગ કલિયુગ છે. તેથી સર્વ માર્ગ નષ્ટ થઇ ગયા કારણ કે વધારે વિગતની આવશ્યકતા નથી. ટુંકમાં સમજી લો કે, કલિયુગ જે છે– મનુષ્યને કેવી રીતે કુમાર્ગે જનારો બનાવે છે ? સારા માર્ગેથી કેવી રીતે પાડી દે છે ? આગળ વધવા નથી દેતો. કહ્યું છે કે– 'ખલધર્માશ્રય' નઠારા પુરૂષોમાં જેટલા ધર્મ હોય છે તે બધા બધા કલિયુગમાં હાજર છે. નઠારો કોને કહેવો જોઇએ, જે બીજાને છેતરે. સારા માણસોને છેતરી ખરાબ બનાવી દે છે, તેમને ખરાબ રસ્તે લગાડી દે. આ નઠારા પુરુષોના સ્વાભાવિક ધર્મ હોય છે. કોઈ માણસ સારા માર્ગે જઈ રહ્યો છે તેને કયાંક પહોંચવું છે અને માર્ગમાં તેને કોઇ નઠારો માણસ મળી જાય. પુછે– ભાઇ ! કયાં જઇ રહ્યા છો ? કે, ભાઇ મારે અમુક સ્થાને જવું છે તો જો તે સીધે માર્ગે જતો હશે તો તેને તે એવો ભ્રમ ઉત્પન્ન કરી દેશે. કહી દેશે કે, આ માર્ગ સારો નથી. આ માર્ગથી જઇશ તો જલ્દી નહીં પહોંચી શકાય. અનેક વિઘ્ન, અડચણો છે અને સફળતા મળવી અસંભવ છે. હું બતાવું છું તે માર્ગે જાઓ. બીજો માર્ગ તે તેને બતાવી દેશે અને જે ખરાબ માર્ગે ચાલી રહ્યો છે તે ત્યાં પહોંચવાનો યોગ્ય માર્ગ નથી. આવા માર્ગ પર ત્યાં નઠારો પુરૂષ મળી જશે તો તેનું સમર્થન કરશે કે આ ઘણો સરસ માર્ગ છે. આ રસ્તે ચાલ્યા જાઓ, જલ્દી પહોંચી જશો, તમને કોઇ વિઘ્ન અડચણ નહીં આવે. તો બીજાને છેતરવા તે નઠારા પુરૂષોનો સહજ સ્વભાવ હોય છે અને તે કુમાર્ગે જનારા છે તેમને તેમના માર્ગમાં દઢતા થાય છે આ માર્ગ સારો છે, ખરાબ માર્ગને સારો બતાવવો અને સારા માર્ગને ખરાબ બતાવવો એ કલિયુગનો જ પ્રભાવ છે. જેને આપણે બધા સર્વત્ર જોઈ રહ્યા છીએ. એક જગ્યાએ જોવાની જરૂર નથી. આ પ્રભાવ દરેક જગ્યાએ જોઇ શકાય છે.

તેથી જેટલા પણ સારા માર્ગ છે તે બધા નષ્ટ થઇ ગયા છે અને લોકોમાં જે પ્રચાર છે તે મોટે ભાગે પાખંડનો છે. સારો માર્ગ, સત્યમાર્ગ, ધર્મમાર્ગ, ન્યાયમાર્ગ નથી એવું આપણે નથી કહી શકતા. પરંતુ તે ભાગ્યે જ છે. ઘણા અલ્પ છે, થોડા છે અને જે આપણને વિશેષ દેખાય છે તે મોટે ભાગે પાખંડ વધારે હોય છે. વાસ્તવિકતા ઓછી હોય છે, આડંબર વધારે હોય છે. લોકો સમજે

છે કે મોટા સદાચારી છે, મોટા ધર્માત્મા છે, મોટા તપસ્વી છે, લોકો તેનો આશ્રય કરે છે, પરંતુ આ લોકોના હૃદયમાં જે પાપાચરણ છે તેને કોઇ જોઇ નથી શકતું. આવા લોકો જ સમાજને ભ્રમમાં નાખીને કલિયુગનું સફળ પ્રતિનિધિત્વ કરે છે. તેનાથી લોકોએ બચવું જોઇએ અને આડંબર વગરનું જીવન બનાવીને ભગવાનનો દઢ આશ્રય કરવો જોઇએ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી ભક્તિવર્ધિની

શ્રીમાન બાલકૃષ્ણ મહોદયે રચેલી ટીકા (વિવરણ) સહિત

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

રત્યન્તે સ્વેદ બિન્દુશ્રિત મુખ કમલ સ્તામવષ્ટભ્ય જાતો
નિઃસ્પન્દઃ શ્રાન્તિયુકતો મલય જપવના સેવિતઃ પુષ્પતલ્પે ॥
શ્રી રાધાવક્ત્ર પદ્માદ્ભુત મધુચિરતઃ પાનઘૂર્ણાયમાનો–
દ્રિકતઃ સ્નેહાર્દ્રદૃષ્ટિઃ પ્રતિફલતુદશોઃ શીઘ્રમેવ વ્રજેશઃ ॥ ૧ ॥

અર્થ :– રતિ (પ્રેમ ક્રીડા) ને અંતે, જેમના મુખ કમલ ઉપર પરસેવો છે અને જેઓ તાપ (એટલે શ્રી રાધાજીને) અવષ્ટભ્ય (એટલે આલિંગન આપતા) શાંત થઇને રહેલા છે અને શ્રાન્તિ યુકત (એટલે શ્રમિત થયેલ) છે; અને મલયગિરિથી આવતા ચંદન-સુગંધ યુકત પવનથી સેવાયેલા છે; અને પુષ્પતલ્પે (એટલે પુષ્પોની શય્યામાં પોઢેલા છે) અને શ્રી રાધાજીના મુખ કમલના અદ્‌ભૂત તથા મધુર અધરામૃતનું દીર્ઘકાલ સુધી પાન કરવાને લીધે મદમસ્ત બનીને ડોલાયમાન છે; તથા સ્નેહાર્દ્ર દૃષ્ટિવાળા છે; એવા શ્રી વ્રજેશ (એટલે વ્રજાધિપતિ શ્રીકૃષ્ણ) શીઘ્રમેવ (એટલે જેમ બને તેમ જલ્દીથી) દશો; (એટલે મારા બન્ને નેત્રોને) પ્રતિફલતુ (એટલે દર્શનના આનંદરૂપી ફલને આપીને સફલ બનાવો); આ મારી ભાવના છે.

ટીકાનો અર્થ :– ખરેખર આ દુનિયામાં સાક્ષાત્‌ ભગવાનને નિવેદન કરાયેલા અને જેમના મનમાં ભકિત પ્રગટેલી છે એવા અજ્ઞાની (એટલે ઓછું જ્ઞાન ધરાવતા) ભકતોને, પરમ કૃપાને લીધે ભકિતની વૃદ્ધિ કરવાના) હેતુથી, આચાર્યશ્રી “ યથા ભકિત, પ્રવૃદ્ધસ્યાત્‌” વગેરે વચનો દ્વારા, ભકિતની વૃદ્ધિ કરવાના ઉપાયો કહે છે :–

યથા ભકિતઃ પ્રવૃદ્ધા સ્યાત્તથોપાયો નિરુપ્યતે ।
બીજભાવે દઢે તુ સ્યાત્ત્યાગાત્શ્રવણકીર્તનાત્‌ ॥ ૧ ॥

શ્લોકનો અર્થ :- જે પ્રકારે ભકિત બહુ વિકાસવાળી થાય તેનો ઉપાય અહીં નિરુપિત કરવામાં આવે છે. ભીજભાવ ત્યાગ દ્વારા, શ્રવણ દ્વારા અને કિર્તન દ્વારા દઢ થાય છે.

વિવૃત્તિનો અર્થ :- જે પ્રકારે ભકિત વધે, ભગવાનમાં ઉત્તરોત્તર બહુ વૃદ્ધિ પામે, જેનો કદી પણ નાશ ન થાય. આ પ્રકારની ભકિતવૃદ્ધિના ઉપાયને સ્પષ્ટ કરીને કહેવામાં આવે છે. જે પ્રકારના નિરૂપણ પછી બીજો કોઇ ઉપાય દર્શાવવાનું બાકી રહેતું નથી (એટલે કે આ સિવાય બીજો કોઇ ઉપાય જ નથી આ જ એકમાત્ર ઉપાય છે) આમ પ્રતિજ્ઞા કરીને, ભકિતની પ્રવૃદ્ધિ માટેના ઉપાયોમાંથી અહીં પ્રથમ હેતુનું વર્ણન કરે છે. “ બીજભાવે વગેરે શબ્દોથી. ભકિતરૂપી કલ્પવૃક્ષ (એટલે ઇચ્છિત વસ્તુ આપનાર વૃક્ષ) ની પ્રવૃદ્ધિના કારણ રૂપે રહેલો બીજભાવ છે અથવા તો અનુગ્રહ (એટલે કૃપા) પછીનો ભાવ એ બીજભાવ છે અથવા તો બીજપદ એ સત્પુરુષમાં રહેલું છે એનો જે ભાવ છે તે ભગવદીયપણાનો છે “ મને આચાર્ય જાણજો ” અવિદ્ય (એટલે જાણી ન શકાય તેવો) અથવા સવિદ્ય (એટલે જાણી શકાય તેવો) વગેરે શ્રુતિ વાકયોમાં જણાવ્યા પ્રમાણે એ ભાવ, હવે કહેવામાં આવનાર સાધનો દઢ થાય ત્યારે એ ભકિત દઢ થઇ કહેવાય અથવા તો એમ જ કહેને કે “બીજ” શબ્દથી ભગવાન વિષે જ કહેવામાં આવે છે એ ભકિતમાં ભગવાન જ રહેલો હોવાથી ભકિત દઢ થાય છે. જો એવી શંકા કરવામાં આવે કે બીજભાવની ઉત્પતિમાં અનુગ્રહ (એટલે કૃપા) એ જ હેતુ છે તો એમ કહેવાનો હેતુ શો છે ? તેના ઉત્તરમાં કહેવામાં આવે છે કે તેની ઉત્પત્તિમાં કર્મ એ હેતુ નથી જ કારણ કે ભકિત કર્મમાંથી જન્મે છે એવું કયાંય (એટલે કોઇ શાસ્ત્રમાં) સાંભળવામાં આવ્યું નથી. ન તો પોતામાંથી જન્મે છે. જો એમ હોય તો દેખાઇ આવે. ન તો સ્વભાવની વિચિત્રતાનું વર્ણન કરવાનું શકય છે. અનુકતપણાને કારણે તેથી (યમે વૈષ વૃણુતે) જેને એ પસંદ કરે છે એમ કહેવામાં આવેલું છે તે ‘યદા યમનુગૃહણાતિ’ (જ્યારે જેના ઉપર કૃપા કરે છે) વગેરે વાકયો દ્વારા હેતુ તરીકે તે (ભગવાન)નું જ વર્ણન કરવામાં આવેલું છે; તેમાં વપરાયેલો ‘તુ’ શબ્દ નિશ્ચયાર્થક (ચોક્કસપણું બતાવે) છે હેત્વન્તર (એટલે બીજા હેતુ) વિષે કહે છે. ત્યાગાત્ એટલે કે ત્યાગ દ્વારા ત્યાગથી ભકિતમાં વધારો થાય અને ત્યાગ એટલે તો ભગવાનના ચરણારવિન્દની પ્રાપ્તિ માટે પોતાના ઘર, કુટુંબ વગેરેની વિસ્મૃતિ (ભૂલી જવું તે) કેવલ ત્યાગ દ્વારા જ ભકિતમાં વૃદ્ધિ થતી નથી એ કારણથી કહે છે કે ‘શ્રવણકીર્તનાત્’ એટલે કે ત્યાગની સાથે (ભગવાનના યશનું) શ્રવણ તથા ભગવાનના ગુણોનું કિર્તન કરવાથી પણ ભકિત પ્રવૃદ્ધ થાય છે.

આ પ્રમાણે ભકિતની વૃદ્ધિના કારણ (ઉપાય) તરીકે ત્યાગ, શ્રવણ તથા કિર્તનનો ઉલ્લેખ કર્યા પછી ભકિતના બીજભાવની દઢતાનો પ્રકાર વર્ણવે છે ‘બીજ.... વગેરે શબ્દો દ્વારા.

શ્લોક : બીજદઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પુજયા શ્રવણાદિભિઃ ।૨।

અર્થ : બીજ ભાવને દઢ કરવાનો ઉપાય છે. ઘરમાં રહીને પોતાના ધર્મનું પાલન કરવું તે. અવ્યાવૃત્ત બનીને (એટલે વેપાર–વ્યવસાય કે નોકરીમાં ચિત્તને રોકયા વગર) શ્રીકૃષ્ણને ભજવા જોઇએ. શ્રીકૃષ્ણની પુજા (સેવા) દ્વારા શ્રીકૃષ્ણની લીલાઓના ગાનના શ્રવણ દ્વારા અને ભગવાનની લીલાઓના કીર્તન દ્વારા ॥૨॥

સં. વિવૃતિનો અર્થ : બીજની દઢતા મેળવવા માટે જે પ્રકાર (ઉપાય) છે તેનું વર્ણન કરે છે. 'તુ' શબ્દ પુર્વભેદ (પહેલાં પહેલો ભેદ)નો વાચક છે કે પોતાના ઘરમાં રહીને, સ્વધર્મતઃ એટલે વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરીને અવ્યાવૃત્તઃ એટલે તેમના (એટલે ગૃહમાં નિવાસ તથા ધર્મોના પાલન) સહિત શ્રીકૃષ્ણને–પુર્ણપુરુષોત્તમને–માત્ર ભકિતથી જ પ્રાપ્ત કરી શકાય, એવા ભગવાનને ભજવા જોઇએ. કયા ઉપાયો (પ્રકારો)થી ભજવા જોઇએ ? તો કહે છે કે પુજયા ઇતિ– શ્રીકૃષ્ણને પુજા–સેવા વડે ભજવા જોઇએ. સેવા એટલે આગળ–વેદમાં–ઉક્ત એવા પુજાના પ્રકાર વડે જો શંકા કરવામાં આવે કે પુજા દ્વારા ભગવદ્ ભજન કેવી રીતે થાય ? જવાબમાં કહે છે– ભકિત એ જ સેવાનો એક પ્રકાર છે. કારણ કે, 'ભકિત યોગં સ લભતે એવં યઃ પુજયેત્ મામ્' એ વાકયમાં કહ્યા પ્રમાણે આ પ્રકારે જે મારી (ભગવાનની) પુજા-સેવા કરે છે તે ભકિતયોગને પામે છે, સાચી વાત છે– ભકિતનો વિષય પુજા છે, પરંતુ મૂળમાં જ પરંપરા એક કારણ છે એવા અભિપ્રાયના કારણે પુજા આડકતરી રીતે છે. પણ સાક્ષાત નથી. તેથી તો ભકત માટે, પુરુષોત્તમ તરફ લઈ જતી પુજા પણ થાય છે. તેથી એમ કહ્યું છે અથવા તો આ પ્રકારની કામના વગરની પુજાના ફલની બાબત નકકી કરવા માટે કૃષ્ણ પદ છે. આ પ્રકારે પુજા દ્વારા ભજનનું નિરુપણ કરીને શ્રવણાદિ વડે એમ નિરુપણ કરે છે. શ્રવણ–કીર્તન દ્વારા પણ શ્રીકૃષ્ણને ભજવા 'શ્રવણાદિ' શબ્દમાં આદિ શબ્દ દ્વારા કીર્તન તથા સ્મરણનો પણ સમાવેશ થઇ જાય છે. તેથી આ પુષ્ટિમાર્ગને અનુસરનારા લોકોમાં શ્રવણાદિ પ્રકારોથી ભકિત કર્યા વગર એક ક્ષણ પણ ન રહેવું એવો સાર નીકળે છે. –ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિપદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૧૭

શ્રી યમુને પરિકર હિ મનાઉં,
કરો સહાય પરમ કરુણાકર સહજ મનોરથ પાઉં. ૧

વન તરુ બલિ પુલિન જલચર જે ઔર બાલુકા ભૂમિ;
તૃણ ગિરિ સર લીલા થલ દ્રુજગણ મધુકર વર રહે ઝૂમિ. ૨

ગાય ગોપ ગોપી મુકુંદ મૃગ લીલા ષટરિતુ સાજ;
ઔર સકલ સેવા સામિગ્રી જહું રાજા બ્રજ રાજ. ૩
સબનિ સવિનય પ્રનામ કરતે હોં તુમ દયા જિય આવૌ;
યમુને જૂ કોં જન 'વલ્લભ' કી કોઉ વિપત્તિ સુનાવૈ. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી કહે છે કે આપને પ્રસન્ન કરવા આપના પરિકરનાં ગુણ ગાઇને આપને રીઝાઉં. આ કામમાં પણ મને આપની સહાયની જરૂર છે, માટે મારા ઉપર દયા કરીને મારો મનોરથ પૂર્ણ કરો.

આપના સુંદર ઉભય તટો, આપનાં કિનારે સ્થિર થઇને ઊભા રહેલા વૃક્ષો કે જેઓ આપના સુંદર (મધુપાન) જળનું પાન કરીને ઉછર્યા છે. તેમજ જળમાં વસતા જળચરો, તથા કિનારે રહેલા સુંદર વાલુકા (રેતી) અને ભૂમિ તે ભૂમિ ઉપર ઉગેલ ઘાસ (તૃણ) તથા શ્રીગિરિરાજજી અને એવા અનેકવિધ લીલા સ્થળો તેમજ વૃક્ષની ડાળીઓ જે ફૂલથી ઝુમી રહી ને નીચે આપનો સ્પર્શ કરતી જાય છે અને ભ્રમરારૂપી મુનિવરો અથવા તો ભકતોરૂપી ભ્રમરાઓ આપના યશોગાન કરતાં આનંદમાં આમતેમ ઘૂમતા રહે છે. તે ઉપરાંત કિનારા ઉપરનું સુંદર ઘાસને ચરતી ગાયો, ગોપો સાથે ક્રીડા કરતાં ભગવાન મુકુંદ, તેવી જ રીતે અનેકવિધ લીલા કરતા ગોપીજનો, ખગ, મૃગ, સદા નિવાસ કરી રહેલા છે. જ્યાં છ ઋતુઓ પોતાનો શૃંગાર ધારણ કરીને સ્થાયી નિવાસ કરે છે. તદ્‌ઉપરાંત લીલાપયોગી સર્વ સામગ્રી હોય સદા બ્રજરાજ નંદસુવન યશોદોત્સંગ લાલિત બિરાજમાન રહી નિત્ય નવી લીલાઓ કરે છે.

આવી રીતે આપનો પરિકર, આપની સમૃદ્ધિ, લીલોપયોગી સર્વ સામગ્રી આ બધાને હું પ્રણામ કરું છું. આમ કરીને હું દાસ વલ્લભ આપની પાસે કૃપાની યાચના કરું છું કે, જેથી આપને દયા આવી જાય, તેમ સમજી આપને જ હું મારી વિનંતી સંભળાવું છું.

॥ શ્રીહરિઃ ॥

વેણુ ગીત ધોળ

(વેણુગીત શ્લોક ૧૯ ધોળ-૧૪)

[ઢાળ : કેમ તમે ઉભા મા'રાજ, ગાવડી દોવાને વાર થાય છે]

સખીઓ સાંભળો રે, વેણુ વાગે વૃંદાવનમાં,
મુરલી મોહન મધુર બજાવે, તેનો સૂર ગાજે છે ગગનમાં.... સખીઓ૦ ૧
ગ્વાલબાલ સંગ ગાયો ચરાવે, પાછળ ફરે વનવનમાં.... સખીઓ૦ ૨
નાદ સૂણીને જડચેતન થયાને, ચેતન થયા સ્થિર સ્થાનમાં.... સખીઓ૦ ૩
વૃક્ષોમાંથી મધુધારા શ્રવે છે, વહે પ્રવાહ પાખનમાં.... સખીઓ૦ ૪
પશુ પંખી નીર થંભ્યા નદીઓના, લાગી સમાધિ મુનિમનમાં.... સખીઓ૦ ૫
પ્રાત પધારે ને નિશાએ આવે વાલો, કેવા શોભે છે ગોધનમાં.... સખીઓ૦ ૬
નોંઝણા ખભેને શ્યામ ખિરક પધારે, ચિત્ત ગાયોના દોહનમાં.... સખીઓ૦ ૭
મંદ મંદ ગતિ ચાલ ચાલે છે, નુપુર બાજે ચરનનમાં.... સખીઓ૦ ૮
વેશ વિચિત્ર ધર્યો મનમોહન, છબિ નહીં એવી ત્રિભુવનમાં.... સખીઓ૦ ૯
'લાલ' પ્રભુની માધુરી મૂરત, વસી ગઇ ગોપીના નયનમાં.... સખીઓ૦ ૧૦

(શ્લોક ૨૦ ધોળ-૧૫)

[ઢાળ : માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે રે]

વૃંદાવનમાં વિહરે ગોવિંદ ગાયો ચારતા રે;
વ્રજમાં વિરહે ઝુરે, વ્યાકુળ થઇ વ્રજનાર.... વૃંદાવન૦ ૧
વનમાં વનમાળી વિધવિધની લીલા જે કરે રે;
તેનું ગાન કરીને દિવસ કરે છે પસાર વૃંદાવન૦ ૨
વન લીલાની ઝાંખી ગોપી અંતરમાં કરે રે;
એવી આસક્તિ છે પ્રભુમાં અપરંપાર વૃંદાવન ૩
વેણુ ગીતના ગાને ગોપી તન્મય થઇ ગયા રે,
ભુલી સુધ બુધ સઘળી છુટી ગયો સંસાર વૃંદાવન૦ ૪
શ્રી ગુરુદેવ કૃપાથી 'વેણુ ગીત' રચના કરી રે;
'લાલ' પ્રભુ 'શ્રી ગોવિંદ' ચરણકમલ ઉરધાર વૃંદાવન૦ ૫
ઇતિ શ્રી વેણુગીત ધોળ સંપુર્ણ

કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ ગણોદ

કાવ્ય–કુંજ

(૧) શ્રી વલ્લભની જોડ બેની નહીં મળે રે

મોટાં છે વન મોટા ઝાડવા રે લોલ;
એથી મોટાં છે જનમ સ્થાન રે,
શ્રી વલ્લભની જોડ બેની નહિ મળે રે લોલ. ૧

બ્રહ્મ સંબંધ આપી જીવને રે લોલ;
સોંપ્યા છે શ્રીજીને હસ્ત રે – શ્રી વલ્લભની ૦ ૨

પુષ્ટિ મારગને સ્થાપિયો રે લોલ;
દૈવિ જીવોને કાજ રે – શ્રી વલ્લભની ૦ ૩

પૃથ્વી પરિક્રમા નીસર્યા રે લોલ;
પાયે ચાલીને ત્રણ વાર રે – શ્રી વલ્લભની ૦ ૪

સૌને નિરુત્તર કરિયા રે લોલ;
જ્યાં જ્યાં થયા ત્યાં વાદ રે – શ્રી વલ્લભની ૦ ૫

સિદ્ધાંત સમજાવ્યા ભાવથી રે લોલ;
રચિયા છે ષોડશ ગ્રંથ રે – શ્રી વલ્લભની ૦ ૬

શ્રી ભાગવતનો સાર કીધો સાનમાં રે લોલ;
દીધો છે સુબોધિનો ગ્રંથ રે – શ્રી વલ્લભની ૦ ૭

શ્રીજીને પાટે પધરાવિયા રે લોલ;
સેવાનો કીધો પ્રકાર રે – શ્રી વલ્લભની ૦ ૮

સરખી સાહેલીની વિનંતી રે લોલ;
રાખો ને ચરણની પાસ રે – શ્રી વલ્લભની ૦ ૯

– **વિણાબેન શેઠ**

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

૨. મારું મનડું મનમોહનમાં

મારું મનડું મન મોહનમાં મને ગમતું નથી રે ભુવનમાં
મારી પ્રીતડી શ્રીજી-દર્શનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું ૦ ૧

ખાવું પીવું હરવું ફરવું જગ વ્યવહારે રહીને સમરવું
મારું ચિત્તડું શ્રીજી-દર્શનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું ૦ ૨

સગાં સંબંધી સુત-વિત-દારા સ્વાર્થ તણા એ સૌ સંસારા
મને અકળામણ બંધનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું - ૩

ભર-નીંદરથી ઝબકીને જાગી ચારે કોર નીરખવા લાગી
નવ દીઠા શ્યામ સદનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું ૦ ૪

ભાગ્ય અમારા ક્યારે ઊઘડશે ક્યારે મળશે નંદ-દુલારો;
એવી તાલાવેલી મારા તનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું ૦ ૫

દુઃખ હૃદયનાં હળવા કરવા વલ્લભના સ્વામીને મળવા
હું તો રખડું વન ઉપવનમાં મને ગમતું નથી રે ભુવનમાં-મારું ૦ ૬

[તન્ના પરિવાર કલ્યાણ પ્રકાશિત 'વ્રજ મંગલા' કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીજીના અષ્ટ સમયની ઝાંખી

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

(૫) ઉત્થાપન

છબીલે લાલકી યહ બાનીક બરનત બરની ન જાઇ ।
દેખત તન મન ધન કર ન્યોછાવર આનંદ ઉર ન સમાઇ ॥૧॥

કંદ મૂલ ફલ આગેં ધરકેં રહી હૈ સકલ શિર નાઇ ।
'ગોવિંદ' પ્રભુ પિયસોં રતિમાની પઠઇ રસિક રિઝાઇ ॥૨॥

* ભાવાર્થ *

શ્રી ગોવર્ધનધરણ શ્રી ગિરિરાજજીની કોઇ ગિરિકુંજમાં મધ્યાહ્‌ન સમયના વિશ્રામ પશ્ચાત્ બિરાજી રહયાં છે. આસપાસ વ્રજભકતો (શ્રીપુલિંદીજી) બિરાજી રહયાં છે. તેઓએ સિદ્ધ કરેલા વનફળ શ્રીજી પ્રેમથી આરોગી રહયાં છે. આ અદભુત છબીના દર્શન કરતાં વ્રજ ભકતો ધન્ય બની રહયાં છે. ગોવિંદસ્વામી કીર્તનનું સમાપન કરતાં કહી રહયાં છે કે શ્રીજી બાવા આ વ્રજભકતોને પોતાની આસકિતનું દાન કરીને રીઝાવીને વિદાય આપી રહયાં છે.

(૬) ભોગ (સંધ્યાભોગ)

વનતેં આવત ગાવત ગોરી ।
કછુક ગાય આગેં અરૂ પાછે ઢોટા જશુમતિકો રી ॥૧॥
મુરલી અધર ધરેં નંદનંદન માનો લગી ઠગોરી ॥
યાહિતેં કુલ કાન હરી હૈ ઓઢે પીત પીછોરી ॥૨॥
વ્રજવધૂ અટન ચઢ દેખત રૂપ નિરખ ભઇ બોરી ॥
'નંદદાસ' જીન હરિ મુખ નિરખ્યોં તાકો ભાગ્ય બડોરી ॥૩॥

* ભાવાર્થ *

શ્રી ગોવર્ધનધરણ વનથી ગાયો ચરાવીને ગ્વાલબાલ સહિત વ્રજમાં પધારી રહયાં છે. મંદ મંદ મુરલી વગાડી વ્રજભકતોને પ્રેમવિવશ કરી રહયાં છે. એટલું જ નહીં પણ પ્રભુ પોતે પણ લોકલાજ મુકીને શ્રી સ્વામીનીજીના પ્રેમને પ્રકટ કરી તેમના શ્રી અંગના વર્ણ જેવા રંગનું પીતાંબર ધારણ કર્યું છે.

વ્રજભકત પોતાના ગૃહની અગાસી (છત) ઉપર ઉભા ઉભા પુષ્પ વૃષ્ટિ કરી દેવાંગનાઓને પણ ઇર્ષ્યા થાય તેવા સુખનો અનુભવ કરી રહયાં છે. ધન્ય છે જે આવા પ્રેમ પિયુષ ભર્યાં અલૌકિક મુખારવિંદના દર્શન કરી રહયાં છે તેમ કીર્તનના સમાપનમાં શ્રી નંદદાસજી વ્રજભકતોના ભાગ્યના વખાણ કરી રહયાં છે. ખરેખર એ વ્રજભકતોના ભાગ્ય ઘણા મોટા છે કે જે નિરંતર શ્રી ઠાકોરજીના મુખારવિંદના રૂપી અમૃતનું નેત્રરૂપી અંજલીથી ધરાઇને પાન કરે છે.

॥ શ્રીકૃષ્ણઃ શરણું મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

–ગતાંકથી ચાલુ

૫. લાલન ભાવ રેલાવે... (રાગ–લલિત)

ટહુકી, ટહુકી વનમાં મોરલા, થનગન થનગન નાચે;
શ્યામ સુંદરવરને નીરખી, ઝુકી ઝુકી પાય પડે. ૧
કુહુક કુહુકથી કોયલડીઓ, કુંજે કૂજન લાગે;
ભાળી છટા ઉરમાં ઊર્મિંઓ, ગૂંજવા કંપવા લાગે. ૨
શ્રી ગિરિરાજ નિકુંજ ઘટામાં, ખંજન નૈન બિરાજે;
તરુવર પાન લત્તા વેલીમાં, રંજન કરવા લાગે. ૩
કુમુદસરને કુસુમોખર પર, ભાવ ભવન સોહાયે;
રસભર તરંગ લીલા સિંધુમાં, ક્રીડન રમણ રેલાયે. ૪
પ્રીત સોહાગિન ભાવ ભવનમાં, રતિ રસ કેલિ માણે;
'ચરણદાસ' માગે છે ઉરમાં, લાલન ભાવ રેલાવે. ૫

૬. અલક ગંગા – બદરી કેદાર યાત્રા

વ્રજમાં સુદામાપુરી, રૂડું ધામ છે રે;
અલક ગંગા પરમોદરા પાસમાં રે.... ૧
લીલા સખા શ્રીદામાનું ગામ છે રે;
લીલા કરવા પ્રભુજી સાથે લાવીઆ રે.... ૨
ત્યાંથી ચાલો બૂઢા બદ્રી ધામમાં રે;
દર્શન બદરી – કેદારનાં દોહ્યલાં રે.... ૩
તપસ્વી કુંડમાં સ્નાનવિધિ કરજો રે;
ભીતર શિતલ કુંડેથી જળ ફૂટતાં રે.... ૪
પ્રગટયાં સ્વરૂપ અલૌકિક કુંડમાં રે;
ત્રણે સ્વરૂપો શિલામાં લીલારૂપનાં રે.... ૫
મધ્ય માંહી બિરાજે બદરીનાથજી રે;
સાથે શોભે નર નારાયણ ઉદ્ધવજી રે.... ૬
તપસ્વી મુદ્રા – સ્વરૂપ સોહામણું રે;
માતા લક્ષ્મીજી ધ્યાનમાં પધરાવીઆ રે.... ૭
સેતુબંધથી રામેશ્વર ભાવ ભર્યા રે;

નંદી સ્વારી કરી મહાદેવ આવીઆ રે.... ૮
આવ્યા ગંગોત્રી જમનૌત્રી સાથમાં રે;
વ્રજની લીલાનો આવે નહીં પાર જી રે.... ૯
નર નારાયણ પર્વત માળ સામે રે;
રાધા – કૃષ્ણના નામથી પૂજાય જી રે.... ૧૦
હરિદ્વાર ક્ષેત્ર તીરથને તેડાવીઆ રે;
માત પિતાના મનોરથ પૂરવા રે.... ૧૧
ગૌરી કુંઠ રૂડો રળિયામણો રે;
કેદારનાથનું મોહક ધામ છે રે.... ૧૨
પહાડની ટોચે અનેરી શીલા મઢી રે;
હિમ શિખર કોરીને ગુફા રચી રે.... ૧૩
કેદારનાથ હિમાલયમાં દુર્લભજી રે;
લાવી વ્રજમાં લાલાએ કીધાં સુલભજી રે.... ૧૪
ચારે ધામનું યાત્રા ફલ વ્રજમાં જી રે;
ચરણદાસ કહે પામશો પળમાં જી રે.... ૧૫

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

– ગાંકથી ચાલુ

કિર્તન ભકિત

નામ કીર્તન શ્રીકૃષ્ણનું કળીમાં સહુ સાધન તાજ;
ભવસાગર તરવાતણી, સહુને એ સુખ પથ પાજ.
પાજ પ્રગટ શ્રમ નહી, ઘણું સહેલું;
દામ વિના ફળ થાય સહુ પહેલું;
સર્વ અવસ્થામાં ને સૌ ઠોર,
અધમ ઉત્તમ સૌને અધિકાર.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૪)

શબ્દાર્થ :- તાજ-સર્વશ્રેષ્ઠ, પાજ-પાળ, ભગવાન શ્રીકૃષ્ણની ભકિતરૂપી સાધન સહુથી સહેલું ને સરળ છે છતાં ફળ સર્વથી શ્રેષ્ઠ આપે છે.

ભવસાગર તરવા માટે જો પાળ હોય તો પાણીમાં પગ મુકયા વિના કાંઠે કાંઠે ચાલ્યા જવાય જેથી ડુબવાનો ભય જ ન રહે વળી આમાં શ્રમ માત્ર નથી, પૈસો ખરચવો નથી, તો આમાં કોનો અધિકાર તે બદલ કવિશ્રી કહે છે કે ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, બધાનો એક સરખો જ અધિકાર છે. ત્યાં ગરીબ કે શ્રીમંત દુબળો કે પાતળો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર કોઇ પણ હોય બધાને કીર્તન ભક્તિનો એક સરખો જ અધિકાર છે તેનું મુખ્ય કારણ આ કલીયુગમાં તે જ સાધન સર્વ શ્રેષ્ઠ છે જે કલીમાં વરદાન રૂપ ફળ આપે છે.

દરેક યુગનાં ધર્મો જુદા જુદા ધ્યેય એક જ સતજુગ, દ્વાપર ત્રેતા યુગ જપ તપ અરૂતીરથ દાન, કલીયુગ કેશવ કીર્તન મહીમાં એક જ ગુણ મહાન. સરળ એમ છે કે ગમે ત્યારે ગમે તે ઠેકાણે કોઇ પણ જાતી દરેકને સમાન અધિકાર છે તેમજ દરેકને ફળદાયક છે. જુઓ ભક્તમાળમાં બ્રાહ્મણોમાં નરસીંહ મહેતા તેમજ દરેક કોમમાં ભકતો થયા છે દરેક કોમમાં ભકતો તેજ થયા જેઓ અધિકારી જીવ હતા "યોગી તરે કદી એકલો, ભકત તારે અનેક" આ વાકય મુજબ ભકત નામ સંકીર્તન કરી અનેકોને ભકિતનો મહીમાં સમજાવે છે. પુષ્ટિમાં ગાયું છે- હરિ હરિ છાંડકે દુસરી ન કીજે બાત, એક એક પળ એ તો કરોડનકી જાત હૈ । આ પદમાં પણ એ જ બતાવ્યું છે કે હરિ નામ દુઃખહર્તા તેનું નામ સ્મરણ કરવું. આયુષ્ય તો પળપળમાં ઓછું થાય છે કિર્તન ભકિતમાં એક વિશેષતા એ છે કે જે પોતે ગાય તેનું ધ્યાન્ તેમાં જ પુરૂં દેવાય છે. જો બીજે ધ્યાન જાય તો કીર્તનમાં ભૂલ થાય. કીર્તન ગાનમાં એકાગ્ર ચિત્ત તેમાં જ ગાવાવાળાનું રહે છે. જપ કરતાં ઝોલા આવે, મનન કરતાં મન કયાંય ભટકવા માંડે, વળી ન લાગે હીંગ કે ફટકડી સૌને માટે સમાન. અષ્ટસખામાંના પરમાનંદદાસજી આ વિષયમાં કીર્તનના રૂપમાં વિચારવાનું કહે છે.

રાગ ખમારા

હરિ ભજનમેં કહા ચહીયતહે, નેન શ્રવણુ રસનાં પયપાન;
ઐસી સંપત્તિ આન મિલીહે, જો ન ભજે તીનકો બડી હાન.
પૂરબ પૂન્ય સુકૃતનકો ફલ અતિ દુર્લભ માનુષ અવતાર,
પાપ પૂન્ય જાતેં જાની પરતહે ઉપજતહે બ્રહ્મકો જ્ઞાન.
ગુરૂ કર્ણધાર પોત પદ અંબુજ ભવસાગર તરવે કે હેત,
પ્રેરક પવન કૃપા કેશવકી પરમાનંદ ચિત્ત ચેત.

આ પદમાં પરમાનંદદાસજી કહે છે ભગવાનના ભજન સ્મરણમાં જોઇએ તે સંપત્તિ તો ભગવાને બધાને એક સરખી જ દીધી છે નેનોથી ભગવદ રૂપ નિહાળવું, કાનોથી ભગવદ ગુણ ગાન સાંભળવું જીભ આપી છે ભગવદ યશોગાન કરવા માટે હવે આથી બીજી સંપત્તિની જરૂર જ રહેતી નથી. હવે આ સંપત્તીનો સદઉપયોગ ન કર્યો તેણે તો સંસારમાં આવીને

ખોટ ખાધી છે. લૌકિક્ક સંપત્તિ મેળવવામાં જ જો ઉંમર વિતિ જાય તો શું કામનું? તે સંપત્તિ એક જ રહી જશે. દુર્લભોમાનુષ દેહો દેહીનાં ક્ષણભંગુરઃ આ વાકય એ જ સમજાવે છે કે માનવ દેહ દુર્લભ છે છતાં ક્ષણભંગુર છે કોઇનું કોઇ જાણતું નથી પળમાં શું થાય.

લૌકિકમાં પણ સંપત્તિ મેળવી તેનો સદ-ઉપયોગ ન કરે ભેગું કરે ત્યાં જાવાનો સમય આવ્યો તો તે સંપત્તિ શું કામ આવી? લૌકિક સંપત્તિ બે માર્ગથી વપરાય એક સન્માર્ગ એક કુમાર્ગમાં જાય આ દેહથી જ પાપ પુન્યના કર્મો બંધાય છે ચાહેતો તો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવાય ચાહેતો સંસારમાં કર્મોનો વધારો કરો. પુષ્ટિમાર્ગીય જીવો માટે તો સોનેરી તક છે. શ્રી વલ્લભ ગુરૂદેવને શરણે આવી ચરણ કમલનો આશ્રય કરી કીર્તન ભકિત કરી સહેજે સાગર તરી શકાય છે કેમ કે નાવનાં સુકાની સમર્થ છે. પરમાનંદદાસજી આખરમાં કહે છે કે, "ચેત" હવે તો ચેત ચેતીને કામે લાગીજા નહીંતર કેવળ પશ્ચાતાપની સીલક પાછળ રહેશે.

સુરદાસજીએ ગાયું છે કે – ભજન બિન જીવત જૈસે પ્રેત

મનમલીન ઘર ઘર પ્રતિ ડોલત ઉદર ભરન કે હેત–ભજનબિન.

આ પદમાં પણ એ જ બતાવ્યું છે કેવળ પેટ ભરવામાં જ જીવન વ્યતિત કરવું વાજબી નથી. મનુષ્ય અવતાર ધારણ કરી પ્રભુનું ભજન ન કર્યું તે જીવન પ્રેત સમાન છે.

માટે જ કવિશ્રી કહે છે કે સેવો કૃષ્ણ કૃપાળ. ૧૪

ક્રમશઃ

કંઠાભરણમ્

સ્નાન

આપો નારાયણોદ્ભૂતાઃ સ્નાને સન્ત્યયનં પુનઃ;
તસ્માન્નારાયણં દેવં સ્નાનકાલે સ્મરેદ્ બુધઃ.

જલ શ્રી નારાયણથી ઉત્પન્ન થયેલું છે અને સ્નાનના સમયમાં મનુષ્યનું એ આશ્રયસ્થાન બને છે, માટે બુદ્ધિમાન પુરુષે સ્નાનકાળે શ્રી નારાયણ ભગવાનનું સ્મરણ કરવું.

ત્વં રાજા સર્વતીર્થાનાં ત્વમેવ જગતઃ પિતા;
યાચિતં દેહિ મે તીર્થં સર્વપાપૈઃ પ્રમુચ્યતે.

હે, શ્રી નારાયણદેવ! તમે બધાં તીર્થોના રાજા છો અને તમેજ જગતના પિતા છો; મને એવું લાગેલું તીર્થ આપો જેનાથી સર્વ પાપોથી મુકત થવાય છે.

નમામિ ગંગે તવ પાદપદ્મં સુરાસુરૈર્વન્દિત દિવ્યરૂપમ્;
ભુક્તિં ચ મુક્તિં ચ દદાસિ નિત્યં ભાવાનુસારેણ સદા નરાણામ્.

હે ગંગા માતા ! દેવો અને અસુરોથી વંદન કરાયેલાં આપના દિવ્ય ચરણકમળમાં હું નમસ્કાર કરું છું. આપ ભકત પુરુષોને તેઓની ભાવના અનુસાર ભોગ–વૈભવ અને નિશ્ચલ મુકિત આપો છો.

પુષ્કરાદ્યાનિ તીર્થાનિ ગંગાદ્યાઃ સરિતસ્તથા;
આગચ્છન્તુ પવિત્રાણિ સ્નાનકાલે સદા મમ.

હંમેશાં મારા સ્નાન સમયમાં પુષ્કર આદિ પવિત્ર તીર્થો અને ગંગા વગેરે નદીઓ (સ્નાન માટેના જળમાં) આવો.

શુદ્ધાદ્વૈતમાં ખ્યાતિવાદ

–પ્રા. એમ. આર. પાલેજા, (રાજપીપળા)

ભારતનાં તત્ત્વદર્શનોમાં 'ખ્યાતિવાદ' નામનો એક તાત્ત્વિકવાદ ચાલેલો છે. વેદાંતશાસ્ત્રોએ અને વિદ્વાનોએ પોતપોતાના સિદ્ધાંતાનુસાર આ વાદ ચર્ચેલો હોવાથી તેમાં અનેક મતમતાંતર છે. બુદ્ધના યોગકર શાખાનો 'આત્મખ્યાતિવાદ' તેમજ માધ્યમિક શાખાનો 'અસત્ખ્યાતિવાદ' મીમાંસકોના ભાટ્ટ મતનો 'વિપરીતખ્યાતિવાદ' તેમજ પ્રભાકર મતનો 'અખ્યાતિવાદ' ન્યાયશાસ્ત્રનો 'અન્યથા ખ્યાતિવાદ' તેમજ સાંખ્યનો 'સદસત્ખ્યાતિવાદ' શાંકરોનો અનિર્વચનીય ખ્યાતિવાદ, રામાનુજોનો અખ્યાતિવાદ અથવા સત્ખ્યાતિવાદ માદવોનો અન્યથાખ્યાતિવાદ– આમ આ વાદમાં જુદા જુદા મતમતાંતર પ્રવર્તે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના શુદ્ધદ્વેત બ્રહ્મવાદમાં પણ ખ્યાતિવાદના સિદ્ધાંતનું નિરૂપણ શ્રી સુબોધિનીજીની ટીકામાં, શ્રી પુરુષોત્તમજીના 'ખ્યાતિવાદ'માં અને શ્રી બાલકૃષ્ણ ભટ્ટના 'ખ્યાતિવિવેક'માં થયેલ છે, જે મુજબ શુદ્ધાદ્વેત સંપ્રદાયમાં 'ખ્યાતિવાદ'ના બે સિદ્ધાંતો છે. (૧) બ્રહ્મજ્ઞ અને યોગી લોકોનું 'અખ્યાતિવાદ' અને (૨) સામાન્ય લોકો વિષયક 'અન્યખ્યાતિવાદ'.

શુદ્ધાદ્વેતમાં બ્રહ્મના સત્ તત્વમાંથી બનેલું જગત સત્ય છે પણ 'જગત' અને 'સંસાર' એ બે ભિન્ન છે. જગત સત્ય છે પણ સંસાર અસત્ય, અજ્ઞાનજન્ય, અહંતા મમતાપુર્ણ અને નાશવંત છે, બ્રહ્મની અનેક દૈવી શકિતઓમાં માયા એક શકિત છે. તે સર્વ સમયે, સ્થળે બધું કરવાને શકિતમાન છે. આ માયાની એક શકિત 'વ્યામોહિકા' માયા છે જે જગતમાં ભ્રાન્તિ–ભ્રમ ઉત્પન્ન કહે છે.

શુદ્ધાદ્વેત સંપ્રદાયમાં ભ્રાન્તિના 'નિરુપાધિક' અને 'સોપાધિક' એમ બે ભેદ કહેલા છે. પ્રથમ ભ્રાન્તિનું ઉદાહરણ 'છીપમાં રજતની ભ્રાન્તિ' અને બીજા પ્રકારની ભ્રાન્તિનું ઉદાહરણ 'ઘટનું ભ્રમણ.'

પ્રત્યક્ષમા 'છીપ' અને 'ઘટ' ચક્ષુ સાથે સંબંધ ધરાવે છે ત્યારે ભ્રમ વિના સત્ય વસ્તુ જોઇ શકાય છે, પરંતુ માયાના આવરણમાંથી, ચક્ષુદોષને લઇને, લાંબા અંતરને કારણે

અથવા તે તે પદાર્થ જેવા અન્ય પદાર્થોનું આરોપણ થવાથી ભ્રાન્તિ જન્મે છે, તેથી યથાર્થ-જ્ઞાન ન થતાં ભ્રામાત્મક જ્ઞાન થાય છે.

છીપના સીધા સંબંધમાં આવેલી ચક્ષુથી સામાન્ય જ્ઞાન થાય છે પરંતુ બ્રહ્મની માયાશકિત તમસ્ ઉત્પન્ન કરી બુદ્ધિમાં ભ્રમ પેદા કરે છે જેથી છીપ વિશે અજ્ઞાન થતું જણાય છે. માયાનું આવરણ વસ્તુના મૂલ સ્વરૂપને ઢાંકી દે છે અને અન્યથા પ્રતીતિ વસ્તુના મૂલે સ્વરૂપને બદલે તેને અન્ય સ્વરૂપમાં બતાવે છે. માયાના પ્રભાવે કરી બુદ્ધિ છીપના મૂલ સ્વરૂપને ઢાંકી દે છે અને પૂર્વ સંસ્કારના સાબલ્યથી રજત અને છીપમાં સામ્ય હોવાના કારણે રજતની ભ્રાન્તિ થાય છે. આ રીતે ભ્રમિત બુદ્ધિ શકિતમાં રજતનો ભ્રમ કરાવે છે.

શરૂઆતમાં ચક્ષુ અને શકિતના સંબંધથી સામાન્ય જ્ઞાન થાય છે ત્યારે રજતનું અસ્તિત્વ હોતું નથી. રજતનું જ્ઞાન ચક્ષુ ઇન્દ્રિયથી થતું નથી પણ બુદ્ધિથી થાય છે. આ જ્ઞાનની બીજી દશા છે જેમાં બુદ્ધિનું કાર્ય કલ્પિત છે. આમ બુદ્ધિ માયા શકિતને લીધે ભ્રમિત થવાથી અયથાર્થ જ્ઞાન એટલે અસત્ વસ્તુનું ગ્રહણ કરે છે. અહીં રજત માયિક અને અસત્ છે જે ચક્ષુ અને સુકિત વચ્ચે આવે છે અને ભ્રમિત બુદ્ધિ તેને ગ્રહણ કરે છે.

સોપાધિક ભ્રમમાં માયાને લઈને જે માયિક અને અસત્ ધર્મો છે તેને બુદ્ધિ સત્ય માને છે દા, ત. 'આ ઘટ ભ્રમણ કરે છે' અથવા 'આ શંખ પીળો છે.' આ ઉદાહરણોમાં ઘટ અને શંખ એ ગ્રાહ્ય અને સત્ પદાર્થો આંખોથી દેખાય છે જયારે તેના માયાજન્ય ધર્મો-ભ્રમણ અને પીળાપણું આંખોથી નહીં દેખાતાં હોવા છતાં ઘટ અને શંખની માફક તેમાં દેખાય છે.

આ દષ્ટાંતો સ્પષ્ટ કરે છે કે નિરુપાધિક ભ્રમમાં ચક્ષુ શુકિતને જુએ છે જે સત્ય છે અને માયાથી ભ્રમિત બુદ્ધિ કલ્પિત રજતને જુએ છે, સોપાધિક ભ્રમમાં ચક્ષુ સત્ય ઘટ અને સત્ય શંખને જુએ છે તેમ જ કલ્પિત ભ્રમણ અને પીળાપણાને જુએ છે. માયાવિષ્ટ બુદ્ધિ ભ્રમણ અને પીળાપણા જેવા કલ્પિત ધર્મોને સત્ય પદાર્થો ઘટ અને શંખ સાથે જોડી ભ્રમ ઉત્પન્ન કરે છે જે ઘટના ભ્રમણ અને શંખના પીળાપણા માટે જવાબદાર છે.

અ:થી સિદ્ધ થાય છે કે વસ્તુના અયથાર્થ જ્ઞાનને પણ પોતાનો વિષય હોય છે જેને તાત્ત્વિક પરિભાષામાં માયાજન્ય 'વિષયતા' કહે છે, વસ્તુત: રજત સત્ય પદાર્થ શુકિતની સાથે સંબંધ ધરાવતો નથી છતાં દષ્ટિગોચર થતું લાગે છે વિષયતાને લીધે થતું આ જ્ઞાન ખોટું અને ભ્રામક છે જયારે સત્ પદાર્થોને લીધે થતું જ્ઞાન સત્ય અને યથાર્થ છે.

શુધ્ધાદ્વૈત બ્રહ્મવાદ 'અખ્યાતિવાદ' અને 'અન્યખ્યાતિવાદ'ને સ્વીકારે છે સંપુર્ણ યોગી દરેક સ્થળે વસ્તુને સમ્યક–યથાર્થ જોઈ શકે છે. યોગીનું જ્ઞાન સત્ય હોય છે અને તેમાં ભ્રમને સ્થાન નથી આના પરિણામ દરેક સ્વરૂપ યાગીની બાબતમાં 'અખ્યાતિવાદ' સ્વીકારવું આવશ્યક છે પરંતુ સામાન્ય માણસોની બાબતમાં તે અન્ય ખ્યાતિવાદને સ્વીકારે છે આવા અયથાર્થ જ્ઞાનમાં મનુષ્ય રજત અને શુકિત બંને જુદા પદાર્થ હોવા છતાં બન્ને વચ્ચે સમાનતા હોવાથી શુકિત ચક્ષુ ઈન્દ્રિયથી જોવાય છે અને રજત જોવાતું નથી આમ છતાં, મનુષ્ય રજતને ભ્રમમાં અથવા અયથાર્થ જ્ઞાનમાં જુએ છે આ છે 'અન્યખ્યાતિવાદ'

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧૦ તા. ૮–૬–૯૫ ગુરુવાર ગંગા દશમી–દશહરા, શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૯–૬–૯૫ શુક્રવાર નિર્જલા એકાદશી વ્રત (ભીમગીયારસ), ગો.શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૧૨–૬–૯૫ સોમવાર સ્નાનનું જળ ભરવું, તેનું અધિવાસન કરવું, શિક્ષાપત્રના ટીકાકાર ગો. શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન (સં. ૧૬૪૯), તથા ગો. ચિ. વ્રજલંકારજી બાવાશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૧૩–૬–૯૫ મંગળવાર મન્વાદિ તિથી, જયેષ્ઠાભિષેક–સ્નાનયાત્રા, વટ સાવિત્રી વ્રત.

જેઠ વદ ૪ તા. ૧૬–૬–૯૫ શુક્રવાર ગો. શ્રી ગિરધરલાલ મહારાજ શ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૧૮–૬–૯૫ રવિવાર ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઇ–પાર્લા–કૃષ્ણગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૨૨–૬–૯૫ ગુરુવાર ગો. ચિ. શ્રી દર્શનકુમાર બાવાશ્રી (કોટા–કડી–ગોંડલ)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૨૩–૬–૯૫ શુક્રવાર યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૨૬–૬–૯૫ સોમવાર ગો. ચિ. શ્રી દ્વારકેશલાલ બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૩૦–૬–૯૫ શુક્રવાર રથયાત્રા (પુષ્ય નક્ષત્ર આજે).

અષાડ સુદ ૩ તા. ૧–૭–૯૫ શનિવાર ગો. ચિ. કૃષ્ણકાંત બાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. અભિષેકકુમાર બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

અષાડ સુદ ૫ તા. ૩–૭–૯૫ સોમવાર ગ્રીષ્મઋતુ પુરી થઇ, શ્રી દ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રી દામોદરરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૪–૭–૯૫ મંગળવાર કસુંબા છઠ્ઠ, શ્રી લક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ, દક્ષિણના શ્રી પાંડુરંગ વિઠ્ઠલનાથજીનો ઉત્સવ, વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૫–૭–૯૫ બુધવાર ગો. ચિ. શ્રી મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૬–૭–૯૫ ગુરુવાર ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (ચાંપાસેની–જામનગર)નો તથા ગો. શ્રી પ્રમેયકુમાર બાવાશ્રી (કોટા)નો તથા ગો. શ્રી ચીમનલાલજી મહારાજ (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૮–૭–૯૫ શનિવાર બેંગણ દશમ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગારો

૩૩. પ્રભુ ચરિત્રો વડે ઓળખાય છે.

જેટલા અવતાર પ્રભુના છે, તે તો પ્રકટમાં કોઇ જાણે નહિ, પ્રભુનાં પરાક્રમ તથા ચરીત્રે કરીને પ્રભુ ઓળખાય.

શ્રી જશોદાજીને ઘેર અવતર્યા ત્યારે લૌકિક બાળક જેવી ચેષ્ટા કરી. જુઓ ધવરાવે તો ધાવે નહિ ને રડે. ઉમરા ઉપર ચઢાય નહિ ત્યારે ઉભા થઇને રહે, કોઇ ચઢાવે તો ચઢે. તેમાં વળી પરાક્રમ દેખાડતા જાય.

ધાવતાં ધાવતાં બગાસુ ખાધું, ત્યારે ચૌદ લોક દેખાડયા. મોં એવડું ને એવડું દેખાય. નાના બાળક જેવા મોંમાં બતાવીને પછી ભૂલાવી દે. તેમજ યમલાર્જુન ભંગમાં માતાએ દોરડે બાંધ્યા, ત્યારે શરીર એવડું ને એવડું અને દોરડું બે આંગળ ખુટે. વળી કાળીનાગ નાથ્યો. એવા ચરિત્ર જણાવતા જાય, ને વળી વિસ્મૃતિ કરાવતા જાય.

બાળલીલામાં પ્રભુ જાણ ન પડે પણ 'પ્રભુના ચરિત્ર પરાક્રમ કરેલાં મોટા મોટા ગાય, ત્યારે જાણ પડે. તેમજ આપણા ઘરના શ્રી ઠાકોરજી બેસારીએ ત્યારે બેસે, સુવાડીએ ત્યારે સુએ, ભોજન કરાવીએ ત્યારે આરોગે, ના કરાવીએ ત્યારે ભૂખ્યા રહે. ભૂખ્યા રહે તેનો શોક નહિ ને આરોગાવીએ તેનો હરખ નહિ. પોતે તે પોતાના સર્વ રૂપે પૂર્ણ છે, એમને હરખ પણ નથી, તેમ શોક પણ નથી. છતાં એમને જે વહાલા કરશે, તે ભગવદીયને વહાલા નહિ કરે તે આસુરી જાણવા. પણ આ પ્રભુ આવા સ્વરૂપે પ્રકટ થયા છે, એમને કોણ ઓળખે ?

જ્યારે એમનાં ચરિત્રો ગાય છે, ત્યારે જેનું ભાગ્ય હોય તે પ્રભુને ઓળખે છે, પણ ચરિત્રો કોઇ ના ગાય તો શું ઓળખાય ? પહેલાંના ભગવદીય તો એમના ચરિત્ર વિના એમનાં પરાક્રમ વિના બીજું ગાય નહિ. એવો સહજ સ્નેહ એમનો પ્રભુ પર હતો. ત્યારે તેમનું કામ થયું. પ્રભુ ઉપર વહાલ, સ્નેહ, આસક્તિ વિના પ્રભુ પ્રસન્ન થતા નથી.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

સમાચાર

સંસ્કારી નગરી વડોદરા ખાતે મળેલ ગુજરાત પ્રદેશ વૈષ્ણવ પરિષદનું વિશાળ અધિવેશન

સદ્ભાવ સંમેલન

સંસ્કારી નગરી વડોદરાંમાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું ગુજરાત પ્રદેશનું વિશાળ અધિવેશન, વાડી શાખાના આયોજન હેઠળ ગુજરાતભરમાંથી આવેલા બે થી ત્રણ હજાર જેટલા વૈષ્ણવ ભાઈ-બહેનો અને શુભેચ્છકોની વિશાળ હાજરી વચ્ચે મળી ગયું. કેન્દ્રિય કારોબારી સભ્યો પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત હતા. અધિવેશનની પ્રથમ બેઠક 'સદભાવ સંમેલન' તરીકે બીજી બેઠક' સદવિચાર સંમેલન' અને ત્રીજી બેઠક 'સમર્પણ સંમેલન' તસીકે મળ્યું. સમગ્ર અધિવેશનના અધ્યક્ષ સ્થાને પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમાંર મહારાજશ્રી બિરાજમાન હતા.

પુ. પા. ગો. ૧૦૮ શ્રી વાગીશબાવાશ્રીએ પ્રારંભમાં પુષ્ટિધ્વજ ફરકાવ્યો. પુ. પા. ગો. ૧૦૮ શ્રી ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાએ મંગળ દીપ પ્રગટાવી ઐતિહાસીક ગણી શકાય એવા અધિવેશનનું ઉદઘાટન કર્યું, પરિષદે, ગુજરાતમાં જે સુંદર પ્રગતિ સાધી છે તેને માટે કાર્યકર્તાઓને ધન્યવાદ આપી વ્યકિત શકિતથી ભકિત તરફ નહિ વળીએ તો સંગઠનને બદલે વિઘટન થશે. વ્યકિત નહિ, શકિત પણ નહિ પણ ભક્તિ તરફ આપણી ગતિ સંગઠનને દ્રઢ બનાવશે આપણે સૌએ પુષ્પની માળાની જેમ સુગ્રથિત બનવાનું છે.

વાડી શાખાના પ્રમુખ શ્રી મુકુન્દભાઈ પટેલે તથા ગુજરાત પ્રદેશ વૈષ્ણવ પરિષદના પ્રમુખ શેઠશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખે સ્વાગત પ્રવચન દ્વારા પધારેલ સૌ ગોસ્વામી બાળકો તથા અતિથિઓનુ અભિવાદન કર્યું. સ્વાગતાધ્યક્ષ પ. ભ. શ્રી મણીભાઈ વાસણવાળાએ. પરિષદતા ભકિતલક્ષી સંગઠનાત્મક કાર્યોને બિરદાવી "વૈષ્ણવ બેંક' જેવી સંસ્થા ઉભી કરવા તરફ વળે તેવી ભાવના વ્યકત કરી.

પ્રખર ભાગવત પ્રવકતા વિવદ્ વર્ય પૂ. નવનીતપ્રિય શાસ્ત્રીએ આજે આપણા સૌના હૃદયમાં મંગલ નુતન દીપ પ્રગટી રહયો છે તેવી ભાવના વ્યકત કરી, હાલોલ-મુંબઈના અગ્રણી ઉધોગપતિ શ્રી ગોરધનભાઈ એમ. શાહ પ્રાસંગિક વકતવ્ય આપ્યુ. મુંબઈના જ બીજા ઉદ્યોગપતિશ્રી નરેન્દ્રભાઈ ભુવાએ, પરિષદના કાર્યને બિરદાવી રૂા. એકાવન હજારની ઉદાર સહાય પરિષદને અર્પી આવી સહાય પ્રતિવર્ષ મળે તે માટેની ભાવના પણ સથે વ્યકત કરી સ્મરણિકાના વિમોચનની પ્રા. ગોપાલભાઈ શાહે ભુમિકા રજુ કરી. પરિષદ સ્મરણિકાનુ વિમોચન પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી દ્વારા સંપન્ન થયું તેઓશ્રીએ જણાવ્યું કે હૃદયમાં સદ્ભાવનાને. વિચાર પ્રગટ નહિ થાય ત્યાં સુધી સમર્પણની ભાવના આપણે કેળવી શકીશું નહિ. પુષ્ટિમાર્ગના સૈનિક તરીકે સદભાવના, સદવિચાર અને સમર્પણની ભાવનાને હૃદયરૂઢ કરવાનો અનુરોધ કર્યો હતો. આપે પરિષદની પ્રવૃત્તિની પુષ્ટિમાર્ગની. પુષ્ટિ માર્ગ માટે અને પુષ્ટિમાર્ગ દ્વારા એમ દોહરાવ્યુ હતું. પરિષદ સંગઠન મંત્રીશ્રી ચીમનભાઈ શેઠે પરિષદની ગતિવિધિનો ખ્યાલ આપી વૈષ્ણવોના સંગઠન પર ભાર ચૂકયો હતો.

મુંબઈથી ખાસ પધારેલ પ્રથમ પીઠાધિશ પુ, પા. ગો. શ્રી ૧૦૮ શ્રી લાલમણીજી (શ્રી વિઠ્ઠલનાથજી) એ પુ. પા. ગો. શ્રી વાગીશબાવાશ્રી સંપાદિત ષોડશગ્રંથની અંગ્રેજી આવૃત્તિનું વિમોચન કર્યું.

અધ્યક્ષપદેથી પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીએ પ્રભુના સ્વરૂપમાં કોઈ ભેદ નથી. શ્રી વલ્લભ શ્રી ગોવર્ધનનાથજી કે શ્રી બાલકૃષ્ણ એક જ સ્વરૂપ હોઈ એ સર્વ નામોનો જયઘોષ કરીએ તો કોઈ ભેદ નહિ રહે.

સદ્વિચાર સંમેલન

અધિવેશનની બીજી બેઠક 'સદ્વિચાર સંમેલન'ના સ્વરુપમાં ભવ્ય વિશાળ મંડપમાં શ્રી પ્રથમેશજી નગરમાં સંપન્ન થઇ. પ્રારંભમાં પરિષદ પ્રસાર મંત્રી શ્રી હસમુખભાઇ ખખ્ખરે- રાજકોટ નજીક આકાર લઈ રહેલ શ્રી વલ્લભાચાર્યજી રૂષિકુલના નિર્માણ કાર્યનો વિસ્તૃત ખ્યાલ આપ્યો.

પૂ. પ્રધુમનશાસ્ત્રીએ વૈષ્ણવતાનો પાયો એ વિષય પર મનનીય વિચારો વ્યકત કર્યા, પુ. યોગેશ શાસ્ત્રીજીએ. કુંભનદાસજીનું દષ્ટાંત ટાંકી, સત્સંગનો મહિમા સ્પષ્ટ કર્યો. પ્રા. રમેશભાઇ પરીખે 'પુષ્ટિ ભકિત વિષય પર વિચારો રજુ કરતાં, પુષ્ટિ ભકિતના સ્વરૂપને સ્પષ્ટતાથી ઓળખી લેવા અનુરોધ કર્યો. કેન્દ્રિય કાર્યકારી અધ્યક્ષ ડો. ગજાનન શર્માએ 'પરિષદ અને સંગઠન' એ વિષય પર બોલતાં જણાવ્યું કે ધર્મ સંસ્કાર શિબિરો દ્વારા બાળકો સંસ્કારિત થાય છે વ્યકિત પોતાનામાં વૈષ્ણવેતા કેળવે, એ સંગઠનની બુનિયાદ છે.

પુ. પા. ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહોદયે પૂ. યોગેશ શાસ્ત્રી લિખિત 'વલ્લભ–ગીતા'નું તેમજ 'વૈશ્વાનર વિભુ શ્રી વલ્લભ' એ પુસ્તિકાનું વિમોચન કર્યું. તેમજ પ્રાસંગિક વકતવ્યમાં પુષ્ટિ ભકિત સંકલિત સંસ્થાઓના સંવાદની વાત કરી.

સમર્પણ સંમેલન

અધિવેશનની અતિ મહત્વની ત્રીજી બેઠક 'સમર્પણ સંમેલન'ના સ્વરૂપમાં શરૂ થઈ પ્રારંભમાં કેન્દ્રિય સંગઠન મંત્રી પ્રા. વી. પી, પરીખે સૌનું હાર્દિક અભિવાદન કરી. આ અધિવેશનની ઐતિહ-સિકતા સમજાવી. શેઠ શ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખે શ્રી અશોકભાઈ પરીખ. તેમના પુ. માતુશ્રી સુલોચના પરીખ તેમજ ઝવેરચંદ લક્ષ્મીચંદ પરિવાર દ્વારા અર્પણ થયેલ પરિષદ ભવનની ભુમિટા રજુ કરી, સમગ્ર કૂટુંબને જે પુષ્ટિ ભકિતનો વારશો મળેલ છે, તે બિરદાવેલ પરિષદ ભવનનું વિધિવત ઉદઘાટન પૂ. પા. ગો. ૧૦૮ શ્રી લાલમણીજીએ કરતાં જણાવ્યું કે વલ્લભકુળના બાળકોના સંગઠન, સંવાદમાં ગાફેલપણું નહીં ચાલે. ૮૪ વૈષ્ણવોની જેમ વૈષ્ણવો તૈયાર કરવાનુ કામ વિદ્વાનો દ્વારા જ શકય બનશે. વિદ્વાનો દ્વાસ પુષ્ટિ–વિચારના કાર્યક્રમો હાથ ધરાય, સૌ અધ્યયન કરે અદયયન કરાવે એ રીતે. ઈતિહાસના નિર્માતા તરીકેનો ભાગ પરિષદ ભજવે એને એમાં શ્રી વલ્લભ્ના આશીર્વાદ મળી રહો એવી ભાવના વ્યકત કરી.

આ વિશિષ્ટ સંમેલનમાં પરિષદ ભવન અર્પણ કરનાર શ્રી અશોકભાઇ કૃષ્ણદાસ પરીખને સ્મૃતિ પદક અર્પણ કરવામાં આવ્યો. વિશેષમાં પુષ્ટિમાર્ગીય પરંપરામાં વિશિષ્ટ યોગદાન કરનાર મદ્રાસની વૈષ્ણવ કોલેજ તથા તેમના પ્રતિનિધિ શેઠશ્રી ગોવિંદદાસનું ભાગવત વિદ્યાપીક શોલા તથા તેમના ટ્રસ્ટી શેઠ શ્રી ઈન્દ્રકાન્તભાઇ પરીખનું, વૈષ્ણવ પરિવાર માસિક અને તેના આદ્યતંત્રી પ્રા. રમેશભાઈ પરીખ અને વર્તમાન તંત્રી પ્રા. રાજનભાઇ કડિયાનું મોમેન્ટો સ્મૃતિપદક અર્પણ કરી, બહુમાન કરવામાં આવ્યું. 'પુષ્ટિમાર્ગીય પાઠશાળા પાટણના શ્રી રમણિકભાઇ પરીખ આ પ્રસંગે બહુમાન નિમિતે ઉપસ્થિત ન રહી શકયા તેની દીલગીરી વ્યકત કરી.

વાડી શાખાના શ્રી મુકુન્દભાઈ પટેલ, વામનભાઈ પટેલ, શ્રી મધુભાઈ ગાંધી, શ્રી પ્રફુલ્લભાઈ દાલિયા શ્રી સતીશભાઇ પટેલ, નરેન્દ્રભાઇ હાડવૈદ્ય. રમેશભાઈ કાટવાલા, ઉપરાંત શહેરની વિવિધ શાખાઓના કાર્યકરો શ્રી હર્ષદભાઈ મજમુદાર. શ્રી વીણાબેન પરીખ, શ્રૌ નયનાબહેન મોદી, વિલાસબેન શાહ. હસમુખભાઇ પરીખ, પી. ટી. શાહ વગેરેએ ડેલિગેટોનો સુંદર વ્યવસ્થા કરી હતી. આનંદની અભિવ્યકિત ગુજરાતના સહમંત્રી શ્રી સી. પી. તલાટીએ કરી. સમગ્ર અધિવેશનમાં ઉદ્‌ઘોષક તરીકે નાટય વિભાળ એમ. એસ. યુનિ. ના રીડર પ્રો. હરીશ વ્યાસ પોતાના અવાજ અને શબ્દ લાલિત્યથી, ભકિતસભર વાતાવરણને ભાવથી ભીંજવી નાખ્યું.

વૈષ્ણવ પરિષદના અધિવેશનની ખાસ વિશિષ્ટતાઓ

(૧) વડોદરા સંસ્કારી નગરીમાં સૌ પ્રમમવાર ઉંમટી પડેલા લગભગ ૨૫૦૦ પચીસો પ્રતિનિધિઓનું વડોવરા શહેરની વાડી શાખા અને શહેરની બધી જ શાખાઓએ ખુબ સુંદર અને ભવ્ય રીતે સ્વાગત કર્યું.

(૨) વૈષ્ણવ સમાજના અધિવેશનને ત્રણ સત્રો (૧) સદ્‌ભાવ સંમેલન (૨) સદ્‌વિચાર સંમેલન (૩) સમર્પણ સંમેલન આવું સૌ પ્રથમવાર આયોજન થયું.

(૩) અધિવેશનના સ્થળનું નામ વૈષ્ણવ પરિષદના પ્રણેતા ની લી. પુ. ગો. શ્રી ૧૦૦૮ શ્રી 'પ્રથમેશજી નગર'' રાખ્યું હતું.

(૪) વૈષ્ણવ સમાજમાં સૌ પ્રથમવાર આવા વિશાળ અધિવેશનમાં લગભગ ૨૫૦૦ પચીસો પ્રતિનિધિઓ સ્વયં શિસ્તનું પાલન કરીને સંપુર્ણ કાર્યવાહી શાંતિથી અનેરા આનંદમય-ઉલ્લાસસમય ઉત્સાહ પુર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ.

(૫) કાંકરોલી નરેશ પુ. પાદ. ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રીના બે લાલજી પુ, પાદગો શ્રી ૧૦૮ શ્રી વાગીશબાવાશ્રી અને પુ. પાદ. ગો. શ્રી ૧૦૮ દ્વારકેશલાલજી મહોદયના આગમનથી 'વલ્લભાધીશ કી જય' ના નાદથી લાજી ઉઠયું હતું. ગુલાબની પાંદડીઓના વરસાદ વસાવ્યો.

(૬) વડોદરામાં વૈષ્ણવ સમાજ માટે સૌ પ્રથમવાર પરિષદ ભવનના ઝવેરચંદ લક્ષ્મીચંદ શેઠ પરિવાર શ્રી અશોકભાઈ પરીખ તરફથી અર્પણ ઉદ્‌ઘાટન માટે મુંબઈથી પ્રથમ પીઠાધિશ પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી લાલમણીજી ખાસ પધાર્યાં હતા.

(૭) અધિવેશન સ્થળ અને પ્રસાદ લેવા માટે ભોજન ખંડમાં ચંપલ-બુટ પહેરીને ન જવાય તે દ્રષ્ટિથી બુઢ ચંપલ ખાસ કાઉન્ટર ખોલવામાં આવ્યો હતો. આટલી મોટી સંખ્યા હોવા છતાં કોઈનો ચંપલ કે બુટ ખોવાય નહિ.

(૮) મુંબઈના ઉદ્યોગપતિ શ્રી નરેન્દ્રભાઈ ભુવાએ વૈષ્ણવ પરિષદના સેવા કાર્ય માટે દર વર્ષે રૂા. ૫૧.૦૦૦ અંકે એકાવન હજાર રૂપિયાની જાહેરાતને અનેરા આનંદથી વૈષ્ણયોએ તાલીઓના અવાજ સાથે વધાવી લીધી.

(૯) હરિ-ગુરૂ વૈષ્ણવની સેવા કરવાના અને સંગઠનના સુત્રમાં કાર્યરત રહેવાના દ્રઢ સાકલ્પ સાથે સૌ પ્રતિનિધિઓ વિખરાયા.

(૧૦) આં, પુ. વૈષ્ણવ પરિષદ સમગ્ર ગુજરાતના વૈષ્ણવોની એક માંત્ર પ્રતિનિધિત્વ કરતી સંસ્થાની છાપ વધુ વ્યાપક અને પ્રબળ બની ગઇ એવો અધિવેશનનો પ્રતિભાઈ જોવા મળ્યો.

રાજકોટ : આતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ તથા રાજકોટ વૈષ્ણવ સમાજના ઉપક્રમે આચાર્યચરણ શ્રીમદ વલ્લભાચાર્યજીનો ૫૧૮મો પ્રાકટય મહોત્સવ અતી ધામધુમથી ઉજવવામાં આવ્યો આ વખતે ઉત્સવ આયોંજનમાં વિસિષ્ટ આયોજન કરવામાં આલ્યું હતું ''શ્રી મહાપ્રભુજીની આજ્ઞા મૂજબ ચિત્તનુ સદેવ પ્રભુમા રહેવુ એનુ નામજ સેવા'' એ પ્રકારના કપડાનાં તોરણ બનાવી દરેક વૈષ્ણવ દ્વારે રાખવામાં આવેલ તેમજ મંગલ આસોપાલવનાં તોરણ બાંધવામાં આવેલ સાથે રાત્રીનાં મંગલ દિવડાઓ પ્રગટાવવામાં આવેલ.

વૈષ્ણવ પરિષદ પ્રેરીત પાઠશાળાના બાળકો દ્વારા આપણા પુષ્ટિમાર્ગીય રથાનો હવેલી આસપાસ તેમજ શોભાયાત્રાના સમગ્રરૂટને સુશોભરૂપ કમાંનો દ્વારા–સમગ્ર માંર્ગ ઉપર ધ્વજા પતાકા દ્વારા–આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગ વૈષ્ણવ પરિષદ આપનુ સ્વાગત કરે છે તેવા બેનરો દ્વારા સુશોભન કરવામાં આવેલ.

શોભાયાત્રામાં પુષ્ટિ દવજ સાથેનાં ઘોડેસ્વાર સાફા તેમજ વૈષ્ણવીવેશ ધાંરણ કરી ટ્રિચકી વાહનોમાં યુવકો–સાયકલધારી યુવકો–કિશોરો–કશળધારી બાલીકાઓ–સ્ટીલની હેલ સાથેની બહેનો–પાંચ કિર્તન મંડસી મહિલાઓના રાસ મંડળ–યુવક યુવતીઓ દ્વારા દાંડિયા રાસ–પાઠશાળાનાં બાળકો દ્વારા વિવિધ પ્રકારનાં આઠ ફ્લોટ–તેમજ પુજયપાદ ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય (કામવન–રાજકોટ) તથા પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહોદયની અધ્યક્ષતામાં વિશાળ વૈષ્ણવ જનસમુદાય પદયાત્રા દ્વારા આચાર્યશરણ શ્રીમદવલ્લભાંચાર્યજીના ચિત્રને સુખપાલમાં પધરાવી–વધાઈ–કિર્તન–ભગવદ ગુણાનુવાદ ગાતા શ્રીમદ વલ્લભનો જયઘોષ બોલાવવા શોભાયાત્રા નીકળેલ ઠેર ઠેર પુષ્પ માળા અર્પણ–પુષ્પ વૃષ્ટિ થઇ રહી હતી સર્વત્ર આનંદ ઉલ્લાસનુ વાતાવરણ નિર્માણ થયેલ હતું.

માર્ગમાં ચોકકસ સ્થળોએ ઠંડા–મીઠા જલની વ્યવસ્થા ગોઠવાઈ હતી. શોભાયાત્રા નિયત સ્થળ શ્રી જસુબાઇ મંડાણે પહોંચતાં ત્યાં વધાઈ–કિર્તન–કેસરસ્નાન થયેલ તેમજ પાઠશાળાની નાની બાળાઓ દ્વારા ચરિત્રનાયકના ગુણાનુવાદ વર્ણવવામાં આવેલ જેથી વૈષ્ણવોને પાઠશાળાની મહત્તા સમજાવેલ ઉપસ્થીત પુજયપાદ ગોસ્વામી બાળકોના વચનામૃત અત્રે થયેલ.

ઉત્સવને બીજે દિવસે પણ પાઠશાળાના બાળકો દ્વારા આચાર્ય ચરણોનાં ગુણાનુવાદ તથા પુ. પા. ગો. શ્રી રસીકરાયજી મહારાજ (પોરબંદર–રાજકોટ)મા વચનામૃતનો કાર્યક્રમ યોજેલ,

જામનગર : જામનગર વૈષ્ણવ સમાજના ઉપક્રમે જગદગુરૂ શ્રીમદવલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ હર્ષોલ્લાસ અને આનંદમય વાતાવરણમાં યોજાયેલ.

મંગલ દર્શન બાદ પુજ્ય બેટીજી શશીરાજાના હસ્તે છાશ કેન્દ્રનો પ્રારંભ કરી વિશાળ વૈષ્ણવ જન સમુહ પ્રભાત ફેરીમાં હવેલીએથી શ્રી મહાંપ્રભુજીની બેઠકજીમાં ભગવદ ગુણાનુવાદ કરતાં પહોચેલ સાયંકાલે વિશાળ શોભાયાત્રા શ્રીમદ વલ્લભાચાર્યજીના ચિત્રજીને સુખપાલમાં પપરાવી પુ, પા. ગો. શ્રી વિઠલનાથજી મહારાજશ્રી, બેટીજી તથા વિશાળ વૈષ્ણવ સમુહ સાંથે નીકળી શહેરમાં મુખ્ય માર્ગો પર ફરી સત્સંગ હોલમાં સભાના રૂપમાં ફેરવાઇ ગયેલ.

પાઠશાળાના બાળકો દ્વારા મંગલાચરણ ગાન કરી–વધાઈ કિર્તન બાદ જયંતભાઇ સોની, બટુકભાઇ શાસ્ત્રી, પ્રકાશચંદ્રજી મહારાજ, સ્વામીનારાયણના મહંત ચત્રભુજદાસજી, પુ. શ્રી ગીરધરલાલજી મહારાજના પ્રવચન થયેલ તેમજ અધ્યક્ષ સ્થાનેથી પુ. પાં. ગો. શ્રી વિઠલનાથજી મહારાજે પ્રવચન કરેલ.

પુ, પા. ગો. શ્રી હરિરાયજી મહારાજની આજ્ઞાનુસાર શ્રી વ્રંજવલ્લભ શોશ્યલ ગ્રુપ દ્વારા સેવા પ્રશિક્ષણ શિબિર આયોજીત ૨૩–૫ થી ૨૫–૫નુ આયોજન કરેલ જેમાં પુ. પા. ગો. શ્રી વલ્લભબાવા વૈષ્ણવોનાં ઘેર પધારી સેવા પ્રકાર સીખવવાનુ આયોજન કરવામાં આવેલ'

મડગાંવ ગોવા : આચાર્યચરણ જગદ્‌ગુરૂ શ્રીમદવલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ વૈષ્ણવ પરિષદની મડગાંવ શાખા દ્વારા ધામધુમથી ઉજવવામાં આવ્યો,

આ ઉપરાંત ગોંડલ-જેતપુર ધોરાજી--ઉપલેટા-પોરબંદર-વેરાવલ-થાન-સુરેન્દ્રનગર પારડી-અમરેલી-અમદાવાદ વડોદરા તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં દરક પુષ્ટિમાર્ગીય નગરીમાં ઉત્સાહભેર શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સવ પુજ્ય ગોસ્વામી બાળકોની ઉપસ્થીતીમાં ઉજવવામાં આવેલ.

વડોદરા : હરણી રોડ શાખા દ્વારા નિબંધ તથા વકત્ુત્વ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ શાખાના પ્રમુખ પી. ટી. શાહે સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કરેલ.

રાજકોટ :- સમાજનાં વિવિધ ક્ષેત્રમાં અગ્રણીઓ, સંતો, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ તથા પુ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજની સાન્નિધ્યમાં જલ-સંચય અભિયાનમા વિશિષ્ટ રીતે સેવા પ્રદાન કરનાંર કાર્યકર્તાઓનુ અભિવાદન કરવા અરવીંદભાઈ મણીયાર હોલમાં સંમેલન મળેલ. જેમાં વૈષ્ણવ પરિષદમાં કાર્યકર શ્રી હસુભાઈ ખખ્ખરનું સન્માન થયેલ.

પુસ્તક પરિચય

(૧) 'કર્મ'નું રહસ્ય ભાગ-૨

લેખક - ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી મહારાજશ્રી. વડોદરા
પ્રકાશક - શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ
C/o. જીતેન્દ્ર મગનલાલ વજીર
ભાવના સી-૯, ચોથે માળે. એસ .વી રોડ
કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૬૭

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૮૦ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ મુલ્ય રૂા. ૧૦/-

કર્મનું રહસ્ય ભાગ-૧માં સાત પ્રકરણો દ્વારા જુદા જુદા મુદાઓ ઉપર વિચાર કરી અકર્મણ્યતા કરતા નિષ્કામ કર્મ શ્રેષ્ટ જ છે એવું પ્રતિપાદન કર્યું.

હવે ભાગ-૨માં ત્રણ પ્રકરણ દ્વારા નિષ્કામ કર્મ પણ લૌકિક છે. એનું પરિણામ પણ લૌકિક છે. એ વિસ્તારથી સમજાવ્યું છે. પરંતુ વિશેષમાં એ પ્રતિપાદન કર્યું છે કે "નિષ્કામ કર્મ ભગવદગીતાનું તાત્પર્ય નથી." દશમા પ્રકરણમાં ભકિત મિશ્રા ચાર પ્રકારની પ્રપતિઓનું વિશ્લેષણ કરી ભકિત મિશ્રા પ્રપતિ યુકત પ્રભુ પ્રિત્યર્થ કરાતા કર્મોની ગૌરવતા અને સર્વ શ્રેષ્ઠતા દર્શાવી છે.

શ્રીમદ ભગવદગીતામાં દર્શાવેલ કર્મના રહસ્યને તદન જુદાજ દષ્ટિ કોણથી શાસ્ત્રોકત રીતિ રજુ કરેલ છે. નિષ્કામ કર્મ સાથે ભગવદ ભાવ, ભકિત, આશ્રય એ જ સર્વશ્રેષ્ઠ છે એ પ્રતિપાદિત કરેલ છે.

કર્મયોગ તથા ગીતાજીના અભ્યાસીઓ તેમજ સર્વે વૈષ્ણવોએ વાંચવા અને મનન કરવા યોગ્ય પુસ્તક.

(૨) સર્વશ્રેષ્ઠ જીવનનો પ્રકાર :

લેખક - અ,સૌ, શ્રી વ્રજલતાવહુજી, વડોદરા.
પ્રકાશક - ઉપર (૧)માં દર્શાવ્યા મુજબ.

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૯ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ મુલ્ય રૂા. ૫/-

વિશાલકાય વિશ્વમાં માનવ જીવનને સર્વ જીવ સૃષ્ટિમાં સર્વ શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. આ માનવ જીવનનો સર્વશ્રેષ્ઠ જીવન પ્રકાર કયો ? તે વિશે સુંદર સરળ ભાષામાં રજુઆત આ નાની પુસ્તિકામાં કરવામાં આવી છે.

શ્રીમદ ભગવદ ગીતામાં જીવનના પ્રકાર છ દર્શાવવામાં આવ્યા છે. તે છ પ્રકાર વિશે સચોટ અને સંક્ષિપ્ત રીતે ચર્ચવામાં આવ્યા છે, અને તેમાં છઠો પ્રકાર કે જેમાં પોતાની જાતને કે જગતના સર્વ વિષયોને વિસ્મરી ચિત્તમાં માત્ર પરબ્રહ્મની જ અવધારણા કરીને અતિશય સ્નેહપુર્વક ભગવાન માટેજ પોતાની સર્વ ઈન્દ્રિય–અંતઃકરણ સહિત પોતાના દેહ વડે સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્તિને સર્વશ્રેષ્ઠ જીવન પ્રકાર દર્શાવવામાં આવેલ છે. દરેક વૈષ્ણવે વાંચવા તથા વસાવવા યોગ્ય સુંદર નાની પુસ્તિકા.

(૩) શ્રી યમુના – નિત્ય સ્મરણ.

પ્રકાશક – શ્રી વલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર
સંકલનકર્તા / પ્રાપ્તિસ્થાન
શ્રી જિતેન્દ્રભાઈ રમણીકલાલ પરીખ, વાયુ દેવતાની પોળ પાટણ (ઉ. ગુજરાત) ૩૮૪૨૬૫
જિ. મહેસોણા ૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૬ ઓફસેટ પ્રિન્ટીંગ, ન્યો, રૂ. ૧૨/-

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રી યમુનાષ્ટક તથા પદ્યમાં અનુવાદ ૧૦૮ પદો તથા અન્ય સંસ્કૃત સ્તોત્રો અર્થ સાથે. શ્રી યમુનાજીના નવ આખ્યાન તેમજ ગુજરાતી ધોળ પદ આરતી વગેરે સાહિત્યનુ સંકલન કરવામાં આવેલ છે.

(૪) પરિષદ સ્મરણિકા ૧૯૯૫

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશનુ વડોદરામાં મળેલ અધિવેશનના શુભ પ્રસંગે પ્રકાશિત આ સ્મરણિકામાં આ સંસ્થા દ્વારા ચાલતી પ્રવુત્તિઓ, કરેલા કાર્યો. તેની વિવિધ શાખાઓનુ વિહંગાવલોકન કરવામાં આવ્યું છે.

તદુપરાંત પુ. ગોસ્વામી બાલકોના મનનીય લેખો. વૈષ્ણવોના કાવ્યો, વિચાર કણિકાઓનો પણ સમાવેશ સ્મરણિકાને વિશેષ ઉપયોગી બનાવે છે.

દરેક વૈષ્ણવે અવલોકવા જેવું અને વસાવવા લાયક પ્રકાશન.

(૫) શ્રી વલ્લભ ચિંતન (ત્રિમાસિક)

સંપાદક : ડો. ગજાનન શર્મા, ઈન્દોર

આંતર રાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત "શ્રી વલ્લભ સુધા" માસિક છેલ્લા ચૌદ વર્ષથી ગુજરાતીમાં રાજકોટમાંથી પ્રકાશિત થઈ રહ્યું છે. અને હવે હિન્દી ભાષામાં પ્રકાશિત થતું એક ત્રિમાસિક છે. શ્રી વલ્લભ વિજ્ઞાને બંધ થયા પછી હિન્દીમાં કોઈ તેનું સ્થાન લઈ શકે તેવા પ્રકાશનની ખાસ જરૂર હતી. જે આ ત્રિમાસિક દ્વારા પૂર્ણ થઈ છે.

પ્રથમ અંક ઉતાવળે પ્રકાશિત થયો છે છતાં તેમાં પુષ્ટિમાર્ગીય સુબોધિની સુધા-બિંદુ, શ્રી વલ્લભ વાક સુધા, 'શુદ્ધાદ્વૈતવાંદ કી કુછ પ્રાણભૂત ધારણાએ" 'ધ્યેય સદા વલ્લભમ' 'પુષ્ટિ–પથ–પ્રદર્શક–પ્રશ્નોતરી,' 'દાદાજી કી બાત', 'ભગવદીય મહિલાએ,' 'પત્રાવલમ્બન-એક સંક્ષિપ્ત પરિચય' 'યોગ' 'પુષ્ટિ માર્ગ કી કુછ વિશેષતાએ" જેવા ઉચ્ચ કક્ષાના લેખો, આમ વિવિધ વાચન સાપગ્રી પુરી પાડે છે. સમગ્ર પરિવારને વાચન સામગ્રી પૂરી પાડે છે. સમગ્ર પરિવારને રસ પડે તેવું ખૂબજ ઉપયોગી પ્રકાશન છે.

પુષ્ટિ માર્ગીય પાઠશાળા. ભગવદ મંડલી, પુસ્તકાલયો તેમજ વૈષ્ણવ પરિવારોએ વાંચવા અને વસાવવા લાયક પ્રકાશન છે. વાર્ષિક શુલ્ક રૂા. ૨૦/- વીસ. મોકલવાનું સ્થાન –

'શ્રી વલ્લભ પ્રકાશન ન્યાસ'
યશોભવન, ૧, ન્યુપલાસિયા, સ્ટ્રીટ–૨, ઈન્દોર (મ. પ્ર. ૪૫૨૦૭૧

પરમ માનનીય શ્રી

'શ્રી પ્રથમેશ વાકસુધા ૧' ગ્રંથ મીલા...ઈસ ગ્રંથ કે સંદર્ભમે કુછ ભી લીખને મેં સક્ષમ નહીં હું પર ઈતના અવશ્ય હૈ કી 'શ્રી પ્રથમેશ વાકસુધા' કા સંકલિત પ્રકાશન અતીવ સરાહનીય હૈ પુજયપાદ શ્રી પ્રથમેશજી મહારાજ વલ્લભ સંપ્રદાય કે માર્તંડ થે જિનકી વિકીર્ણ વાક રશ્મિયાં ચહુંદિ આલોક પ્રસરિત કરતી રહી હૈ. ઓર કરતી રહેંગી. કિંતુ ઉનકી વાકસુધા કે વિગલિંત કણો કો એકત્રિત કર વૈષ્ણવ સમાજ કો ઉનકા પાન કરાના એક બહુત બડા સ્તુત્ય પ્રયાસ હૈ. વાસ્તવ મે હી શ્રી "શ્રીવલ્લભ સુધા' કે વ્યવસ્થાપક મંડલ કા યહ મનોરથ એવં આપશ્રી કી વાણી–સુધા કો ક્રમશ: પ્રકાશિત કરનેકા મનોર્થ અત્યંત શ્લાઘનીય હૈ. ગ્રંથકા મુખ પૃષ્ઠ એવં બાહ્યાભ્યંતર સભી આકર્ષક હૈ. ઉત્તમ મનોર્થ કો આચાર્ય ચરણ પુર્ણ કરતે હી હૈ.

વિનમ્ર ભાવના કે સાથ,
વાસંતી સોઢાની ગ્વાલીઅર મ. પ્ર.

પ્ર. શ્રી પ્રથમેશજી મહારાજના પરમ કૃપા પાત્ર, ભાવુક હૃદયા પુષ્ટિમાર્ગીય કવયત્રી અને 'પરિષદ' અને પુષ્ટિ સાહિત્યના સમર્પિત કાર્યકર્ત્રી,

---

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખશ્રીને સહર્ષ ધન્યવાદ.

આપે સને ૧૯૮૫ ના શ્રી વલ્લભ સુધાના ગ્રાહકોને 'શ્રી પ્રથમેશ વાકસુધા' પુસ્તક ભેટ આપ્યું તે સમાજની ઉત્તમોત્તમ સેવા કરી છે. શ્રી પ્રથમેશજીના વચનામૃતોનું સંકલન કરી આપના સંસ્મરણોની કાયમી યાદિ રાખી છે...વચનામૃતો વાંચ્યા અત્યંત આનંદ થયો આવું સત્કર્મ કરવાની પ્રભુ તમારી સમિતિને સદા પ્રેમાસક્તિ આપે એવી શ્રી ગોવર્ધન ધરણના ચરણ કમલમાં પ્રાર્થના.

પોપટલાલ રામજીભાઇ અરજાદી (બામણ ગામ વાળા) પ્રાચિન પરિપાટીના જ્ઞાતા, ભગવદિ લેખક, કવી. શ્રી વૃજભાષણ લાલજી મહારાજ (જાંમનગર)ના પરમકૃપા પાત્ર.

શ્રીમદ્ ગોકુલ : પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ચિમનલાલજી મહારાજ શ્રી (માંડવી–શ્રી ગોકુલ)ના આશિર્વાદ અતે આજ્ઞાથી શ્રી ગોકુલ વૈષ્ણવ સેવા ટ્રસ્ટ' દ્વારા 'સેવાકુંજ' નામથી વૈષ્ણવ વિશ્રાંતિ ગૃહ-મંડાણનો પ્રારંભ શ્રી મહાપ્રભુજીના ઉત્સવના શુભ દિવસથી થઈ રહયો છે. શ્રી ગોકુલમાં નંદચૌકમ આધુનિક સુવિધાવાળા બાર બ્લોક, ગાદલાં, પલંગ, લાઈટ પંખા સંડાસ બાથરૂમની સગવડવાળા બનાવેલ છે તેમજ બે સમય મહાપ્રસાદ–ચા કોફી વગેરે લેવાની સગવડતા રાખી છે.

શ્રી ઠાકુરજી પધરાવી ને આવનારને પણ જરૂરી સગવડો મલશે, લાભ લેવા ઈચ્છતાં વૈષ્ણવોએ અગાઉથી જણાવવુ જરૂરી છે.

ભવિષ્યમાં વિદ્યાભ્યાસ. તબિબિ સહાય આદિ પ્રવૃતિઓ હાથ ધરવા વિચારણા છે. જે માટે દ્રવ્ય સહાય સ્વિકારાય છે, જેને ઈ, ટે. માફી પાત્ર છે.

સંપર્ક સ્થળ : (૧) શ્રી વલ્લભદાસ વિઠુલદાસ મહેતા
૧૫–બી રતન મેન્શન. ડો. આંબેડકર રોડ,
માટુંગા – મુંબઈ
(૨) શ્રી લક્ષ્મિ નારાયણ મુખિયાજી
શ્રી ચિંતામણી માધવ મંદિર
શ્રી ગોકુલ (જી, મથુરા, ઉ. પ્ર,)

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

અનન્ય ભક્તિ

શરણ પડયો છું રે શ્રીહરિ, નથી મારે અવર આશ વિશ્વાસ;
શ્રી વલ્લભવરના લાડિલા, અનન્ય આપ તણો હું દાસ....શરણ. ૧

નહીં કોઇ દેવી રે દેવતા, નહીં કોઇ આપ તણા અવતાર;
ઘરનો ગુલામ રે રાવલો, મન કર્મ વચને નંદકુમાર···શરણ. ૨

મહારે નથી બળ સાધન રે ધર્મનું, નથી બળ ભક્તિ જ્ઞાન વિવેક;
સેવા સમરણ રે ના મળે, મેં નથી સત્સંગ કર્યો ક્ષણ એક....શરણ. ૩

પણ બા’નું તમારૂં રૂં જોઇને, મુજને જગત કહે હરિ ભકત;
હું છું જુઠો રે જીવણજી નથી મારૂં મન તમથી આસકત....શરણ. ૪

તે અંતે ઉઘડી રે વાગશે, પાસું દેશો જે મહારાજ;
બળવંત બાનુ રે લાજશે, હું નીર્લજ ને શેની લાજ....શરણ. ૫

પણ એક ભરોસો એહ તે, અંતર જામી છો તમ સાક્ષ;
બિરદ વિચારી રે કૃપાનીધે, સહજે કરશો કૃપા કટાક્ષ....શરણ. ૬

મોઘમ રાખે રે મોટમ ઘણી, ઊંઘાડું પાડે ઓછ જણાય;
સાચો સંગ્રહ રે સહુ કરે, જુઠું ન ભવે જગ જશ થાય....શરણ. ૭

જેવો તેવો હું છુ રાજનો, દીન લહી કરીએ કરુણાનંદ;
દાસ ‘દયા’ની રે વીનંતિ, કૃષ્ણ કૃપાનીધી ધર જો કાન...શરણ. ૮

ભકત કવિશ્રી દયારામભાઈ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮



વચન સુધા

આ સદાચારનું સ્વરૂપ અહીંયા ફ્લેકસીબલ (સ્થિતિ સ્થાપક કોમળ) છે. આભડછેટ નથી. સદાચાર, જીવનના સદ્‌વિચાર–સદ્‌ક્રિયાનો નિર્માતા છે. આભડછેટ એ ઘૃણાપર આધારિત એક આચરણ છે, કે જે જીવનમાંથી કોઇને નથી નીકળતી. તમે બે જણા એક બીજાને ગળે મલી જાવ (ભેટી પડો) તો યે (આભડછેટ) નહીં નીકળે.

જેમ કે આજે પોલીટીક્સના લીડરો (રાજનિતીના નેતાઓ) કહે છે કે “ના, અમારા મનમાં કાંઇ નથી” અને પાછું મનમાં બધું જ ભરેલું હોય, અંદર ખદબદતું યે હોય એટલે આ જાતનું કોઇપણ સંગઠન એ સંગઠન નહીં થાય. આપને કહું ! વસ્તુતઃ એના મૂળમાં જે સાધના જોઇએ તેના ઉપર આપ વિચાર કરો કે, આલોકોએ (ભગવદિઓએ) મોઢેથી નથી કહ્યું પણ જીવનમાં કરી દેખાડયું છે.

માટે જ શ્રીવલ્લભાચાર્યજી કહે છે કે ‘વચસાં વેદ માર્ગં પુષ્ટિં કાયેન નિશ્ચય’ કે તમે જ્ઞાનની વાતો કરો છો, વેદમાં વાણીથી કહો છો અમે આ પ્રેકટીસમાં મૂકીને કહીએ છીએ ‘પુટ ઇનધ પ્રેકટીસ’ (વર્તનમાં મુકીએ છીએ.)

નિ. લી. પૂ. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ શ્રી પ્રથમેશજી

(શ્રી પ્રથમેશ વાક્‌સુધા-૧ પૃ. ૯૮)

❀ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૪ : અંક-૪ જુલાઈ, ૧૯૯૫

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❀ આજીવન રૂા. ૪૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા સમાજની વાડી બિલ્ડીંગ, [illegible] પથ, રાજકોટ-૩૬૦૦૦૧

મુંબઈમાં નિ. લી. શ્રી પ્રથમેશજી મહારાજના પ્રાકટ્યોત્સવની ઉજવણી

આંત. પુ. વૈ. પરિષદ મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ દ્વારા પરિષદના નવચેતનાના પિતા નિત્ય લીલાસ્થ આચાર્ય વર્ય પુજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી પ્રથમેશજી–રણછોડાચાર્યજી મહારાજશ્રીનો ૬૫ મો પાદુર્ભાવ મહોત્સવ પ્રેમપુરી આશ્રમ–બાબુલનાથ રોડ–મધ્યે શુક્રવાર તા. ૧૯–૫–૯૫ ના રોજ સાંજના ૪ થી ૮ દરમ્યાન પરિષદના મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના પ્રમુખશ્રી બાબુભાઇ કાણકિયાના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો. **પરિષદના કેન્દ્રીય સમિતિના અધ્યક્ષ શ્રી મનુભાઇ ઠાકરશી** તથા અગ્રગણ્ય કાર્યકર શ્રી કિશનભાઇ ઝવેરી અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. શ્રી હવેલી સંગીતના કીર્તનકાર શ્રી વિઠલદાસ બાપોદરાએ આયોજનની રૂપરેખા આપી હતી અને જગતગુરૂ શ્રી વલ્લભાચાર્યજી તથા પરિષદના નવચેતનાના પિતા શ્રી પ્રથમેશજીના ચિત્રજીને મહોત્સવમાં પધારેલ, આચાર્યોનું પુષ્પમાલા અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું શ્રી વિઠલદાસ બાપોદરા અને શિષ્યવૃંદ દ્વારા મંગલાચરણથી પ્રારંભ થયેલ ત્યારબાદ શ્રી વિઠલદાસ બાપોદરાજી અને શિષ્વૃંદ તથા પરિષદ સંચાલિત–શ્રી જમના પ્રસાદજીના–માર્ગદર્શન હેઠળ ચાલતી શ્રી વલ્લભકૃપા કીર્તન મંડળી દ્વારા વધાઇ–કીર્તન–ધોળપદ તથા રાસગરબાનો કાર્યક્રમ પ્રસ્તુત કરેલ.

આ મહોત્સવમાં પુ. પા. ગો. ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહોદય શ્રી વડોદરા પુ. પા. ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય શ્રી (શ્રી પ્રશાંતકુમારજી) મોટા મંદિર, પુ. પા. ગો. ૧૦૮ શ્રી ગોપિકાલંકારજી મહોદય શ્રી મોટા મંદિર–દહીસરા તથા પુ. પા. ગો. ૧૦૮ શ્રી પુરૂષોત્તમજી (રાજુબાવા) મહોદય શ્રી મુંબઇ–ચંપારણ્ય અમરેલીવાળાએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. અને પુજ્ય શ્રી પ્રથમેશજી મહારાજશ્રીના જીવન ચરિત્ર ઉપર અત્યંત ભાવ–વિભોર વચનામૃત કર્યા હતા. શ્રી પ્રથમેશજીના પગલે સનાતન ધર્મ પુષ્ટિમાર્ગીય સંપ્રદાય તથા પરિષદની તન–મન અને ધનથી સેવા કરવાની ઘોષણા કરી હતી અને સર્વે વૈષ્ણવોએ તેને સંકલ્પ કરી વધાવી લીધી હતી.

॥ શ્રી ગોવર્ધનનાથો વિજયતે ॥

નિ. લી. ગો. આચાર્ય શ્રી ૧૦૮ શ્રીકૃષ્ણરાયજી મહારાજ તથા શ્રી ભાભીજી મહારાજની સ્મૃતિમાં

આધિ દૈવિક વ્રજ ચોરાશી કોસ યાત્રા લીલી (પરિક્રમા)

ઇન્દોરવાળા ગોસ્વામી આચાર્ય શ્રી ૧૦૮ શ્રી વિઠલેશરાયજી **મહારાજશ્રીના** અધ્યક્ષતામાં વ્રજયાત્રા વિ. સં. ૨૦૫૧ ના ભાદરવા સુદ ૧૧ ને મંગળવાર તા. **૫–૯–૯૫ ના શુભ દિને** શ્રીમથુરાજીમાં વિશ્રામ ઘાટે વ્રજમાતા નિધામ લઇને પ્રારંભ થશે.

આ સમગ્ર વ્રજયાત્રા આપશ્રી પોતાના સેવ્ય સ્વરૂપ **શ્રી ગોવર્ધનનાથજી** ને સાથે પધરાવીને કરશે નિત્ય નૌતમ વિવિધ મનોરથો થશે.

આ વ્રજયાત્રામાં દ્વિતિય પીઠાધિશ ગો. આચાર્ય શ્રી ૧૦૮ કલ્યાણરાયજી મહારાજ તથા વાજ. જ. પી. અ. સોમયાજી દીક્ષિત ગો. આ. શ્રી ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજ તથા ગો. આ. શ્રી ૧૦૮ શ્રી દેવકી નન્દનજી મહારાજ (ઇન્દોર) તથા મથુરાવાળા ગો. આ. શ્રી ૧૦૮ વ્રજરમણલાલજી મહારાજ તથા ગો. આ. શ્રી પ્રાણવલ્લભ બાવાસાહેબ આખી યાત્રામાં સાથે પધારશે.

નિત્ય, વ્રજના અલૌકિક લીલા સ્થલોના મહાત્મ્ય અને વિવિધ લીલાઓના અવગાહન કરાવતાં પુ. ગો. આચાર્યોના વચનામૃતો, રાસલીલા આદી અમૂલ્ય લાભ લેવા સર્વે વૈષ્ણવો ચુકશો નહીં.

* મુખ્ય મનોરથો *

તા. ૧૬–૯–૯૫ શ્રી ગિરિરાજજીના મુખારવિંદે મનોરથ (શ્રીગિરિરાજજી મુકામ ૫ દિવસ તા. ૧૪–૯ થી ૧૮–૯)
તા. ૨૨–૯–૯૫ **શ્રી કામવંનમાં અન્નકુટ નો મનોરથ**
તા. ૨૮–૯–૯૫ શ્રી બરસાના શ્રી નો બડો મનોરથ (બરસાના મુકામ ૫ દિવસ ૨૪–૯ થી ૨૮–૯)

(જુઓ ટાઇટલ ત્રીજું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.**
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૪ ❊ જુલાઈ, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

હમ કેવલ પાત્ર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુતકર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ ક્રીડતિયોયત : ॥

ભાગ્યવાન શ્રોતા જનો,

કાલે અહીં પ્રસંગમાં બતાવ્યું હતું કે ભગવાન શ્રી કૃષ્ણને આચાર્યચરણ નમસ્કાર કરે છે અને એ આજ્ઞા કરે છે કે જીવ ભગવાનને નમસ્કાર કરવા સિવાય બીજું કંઇ નહીં કરી શકે.

"કિમાસનનો ગરુડાસનાય, કિમ્ ભૂષણમ્ કૌસ્તુભ ભુષણાય"

ભગવાનને ઉત્તમ આસન જો આપવા ઇચ્છીએ તો આપણે ભગવાનને બિરાજવા માટે સારું આસન આપીએ તો આપણે કયુ ઉત્તમ આસન આપી શકીએ ?

કહ્યું છે કે ભગવાનનું જે આસન છે તે તો સાક્ષાત્ ગરૂડ દેવ છે ગરુડ પર ભગવાન બિરાજે છે તેનાથી ઉત્તમ આસન ભગવાનને આપણે આપી નહીં શકીએ ભગવાને આપવા માટે તે આસન તો નથી. ઠીક છે. કોઇ ઉત્તમ આભુષણ ધારણ કરવા માટે, ભગવાનને સમર્પણ કરીએ આ તો બની શકે. કહ્યું કે નહીં ? ઉત્તમ આભુષણ પણ ભગવાનને પ્રસન્ન કરવા માટે આપણે આપી નહીં શકીએ.

કારણ કે ભગવાને નિત્ય ધારણ કરવાનું આભુષણ છે તે શું છે ? આપ નિત્ય કૌસ્તુભમણિનું આભુષણ ધારણ કરે છે. દુનિયામાં તેનાથી ઉત્તમ કોસ્તુભ મણિથી શ્રેષ્ઠ બીજું કોઇ આભુષણ હોઇ જ ન શકે. ભગવાનને તમે લક્ષ્મી આપવા ઇચ્છો, લક્ષ્મી આપીને દ્રવ્ય આપીને ભગવાનને પ્રસન્ન કરી લો તો કહ્યું છે કે તે લક્ષ્મી સ્વયંતો તેમની હંમેશની સહચરી છે લક્ષ્મી મહારાણી તો નિત્ય આપની પાસે જ નિવાસ કરે છે. લક્ષ્મી આપીને આપણે ભગવાનને શું પ્રસન્ન કરવાના ?

"લક્ષ્મી કલત્રાય કિમસ્ત દેયમ્"

લક્ષ્મી તો આપની સહચરી છે તો ભગવાનને આપણે લક્ષ્મી આપીને પ્રસન્ન ન કરી શકીએ અને કહ્યું છે કે આપ વાણીના ઇશ્વર છે. ભગવાન વાણીના ઇશ્વર છે. આવા વાણીના ઇશ્વર ભગવાનને આપણે સ્તુતિ કરીને પણ શું પ્રસન્ન કરી શકીએ ? સ્તુતિ જે થાય છે તે વાણી દ્વારા જતો થાય છે. સ્તુતિ ભગવાનની કરવામાં આવે છે તે વાણી દ્વારા જ કરવામાં આવે છે. વાણીના તો આપ સ્વામી છે પતિ છે તેમને આપણે સ્તુતિ કરીને પ્રસન્ન કે સંતુષ્ટ નથી કરી શકતા.

તેથી કહ્યું છે કે ફક્ત નમસ્કાર કરવા એ જીવના અધિકારની વાત છે. પ્રભુને ફક્ત નમસ્કાર કરીને જ આપણે આપણી કૃતજ્ઞતા બતાવી શકીએ છીએ આ આપણું કર્તવ્ય છે, અને આ બતાવ્યું છે.

ભગવાન કેવા છે ? કહ્યું છે કે ભગવાને અદ્‌ભુત કર્મ કર્યા છે. અદ્‌ભુત કર્મ કરવાવાળા ભગવાન છે જે આશ્ચર્યનું કારણ હોય, જે આશ્ચર્ય ઉત્પન્ન કરે તેને અદ્‌ભુત કહેવાય છે.

સામાન્ય કાર્ય તો આપણે કરીએ છીએ તો સામાન્ય કાર્યને જોઇને કોઇને આશ્ચર્ય નથી થતું પરંતુ જ્યારે કોઈ અસામાન્ય કાર્ય કરવામાં આવે તો ઉપસ્થિત બધા લોકોને આશ્ચર્ય થાય છે કે કેવી રીતે બની ગયું કે આ કેમ થયું ? જે બીજે મળી ન શકે એવી જે રચના છે તે અસાધારણ તે અદ્‌ભુત માનવામાં આવે છે.

અદ્‌ભુતતાના કેટલાક ઉદાહરણ કાલે આપ્યા હતા અદ્‌ભુતતા ભગવાનની વિચિત્રતા કેવા પ્રકારની છે તે કાલ થોડું બતાવ્યું હતું. કે સાધન પણ ભગવાન છે અને નિમિત પણ ભગવાન છે. દુનિયામાં આવું કયાંય નથી થતું. સર્વત્ર સાધન બીજું હોય છે અને નિમિત કોઈ બીજું હોય છે.

સોનામાંથી આ ભુષણ બને છે. સોના વગર આ ભુષણ ન બની શકે અને આભુષણ જે બને છે તે પણ સોનાના પોતાના હાથની વાત નથી કે જે આભુષણના રૂપમાં ફેરવાઇ જાય. તેને કોઇ બનાવશે, આકાર આપશે સોની ત્યારે તેનું આભુષણ બની શકશે. સાધન બન્યું સોનું અને તેનું નિમિત બન્યો સોની અને તેના સાધનો જેનાથી તેને બનાવે એ વાત કાલે બતાવી.

હવે બતાવીએ છીએ કે ભગવાને જે કંઇ બનાવ્યું છે જગતની રચના કરી છે તે રચના ભગવાને પોતાના કોઇ સ્વાર્થ માટે નથી કરી. કોઇ ખાસ કારણ સિદ્ધ કરવા માટે ભગવાને બનાવી હોય, એવી વાત નથી, કારણ કે ભગવાન તો પુર્ણ કામ છે. તેને કોઇ પણ કાર્ય કરવાની આવશ્યકતાનો અનુભવ કેમ થવા લાગે ? જેને સ્વાર્થ હોય કે મારે અમુક સ્વાર્થ સિદ્ધ કરવાનો છે તે કોઇ કામ કરે એ બરાબર છે, બની શકે, પરંતુ ભગવાનને તો એવી અપેક્ષા તો છે નહીં.

તો ભગવાન માટે અહીં વિશેષણ આપે છે કે ભગવાન કેવા છે.

"નામરૂપ વિભેદેન જગત ક્રિડતિ યો યતઃ"

ભગવાન જગતમાં ક્રિડા કરી રહયા છે. અર્થાત જગતમાં ભગવાન પોતે એક પ્રકારે રમણ કરી રહ્યા છે. જગતરૂપ બનીને જગતમાં જગતરૂપ બનીને ભગવાન ક્રિડા કરી રહયા છે અને તે કેવી રીતે કરે છે ? કહેવાય છે કે નામ અને રૂપના ભેદથી.જગતમાં જે ક્રીડા ભગવાન કરે છે, તે કીડા કરવાનો પ્રકાર કયો છે ? નામ અને રૂપનો ભેદ.

દરેક પદાર્થનું નામ આપણે લઇએ છીએ કે અમુક પદાર્થ કયો છે કે આ અમુક પદાર્થ છે. આનું નામ આ છે. વૃક્ષને વૃક્ષ કહીશું.

નદીને નદી કહીશું. મનુષ્યને મનુષ્ય કહીશું. પશુને પશુ કહીશું. આવેદન આપણે બધા કરીએ છીએ.

આતો જાતિવાચક શબ્દો બન્યા. પરંતુ એકજ જાતિના અનંત પદાર્થ અને વ્યકિત હોય છે. માનવ જાતિ જ લઇ લો. માનવ જાતિનો આપણે વિચાર કરીએ તો માનવ જાતિથી તો એકજ છે, માનવ માત્ર તો બધા એક સરખા છે. જાતિ સંજ્ઞા તો એકજ છે. પરંતુ માનવ અસંખ્ય છે. વિશ્વમાં તેની ગણત્રી ન થઇ શકે.

જેટલા માનવ છે તેટલા તેના રૂપ પણ છે. રૂપ પણ એક સમાન નહીં મળે. એક માનવ બીજા માનવ જેવો મળતો નહીં હોય. કોઇને કોઇ ફરક જરુર હશે તે નિશ્ચિત વાત છે. નામ પણ અલગ અલગ જુદા પ્રકારના અને રૂપ પણ અનંત પ્રકારના છે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. ૫. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણઃ ॥

ગીતા 'સ્વ' કલ્પિતાર્થ નિરાસ

મોહાર્થશાસ્ત્રકલિલં યદા બુદ્ધેઃવિભિદ્યતે ।
તદા ભાગવતે શાસ્ત્રે વિશ્વાસસ્તેન સત્ફલમ્ ॥ (શ્રી મહાપ્રભુજી નિબંધ)

અર્થ : મોહ માટે કહેવામાં આવતી વાતોની કલુષિતતા જ્યારે બુદ્ધિમાંથી નિકળી જશે ત્યારે ભાગવત શાસ્ત્ર (ભગવાન સંબંધી શાસ્ત્રો ગીતા ભાગવત વગેરે) માં વિશ્વાસ (થશે) અને તેનાંથી સત્ફલ મળશે.

એતન્મતમવિજ્ઞાય સાત્ત્વિકા અપિ વૈ હરિમ્ ।
મંતાતરૈર્નસેવંતે તદર્થં હ્યેષ ઉદ્યમઃ ॥ (શ્રીમહાપ્રભુજી નિબંધ)

અર્થ : આ મતને (શાસ્ત્રીય મતને) ન જાણીને, શાસ્ત્ર વિરૂદ્ધ મતોને કારણે ભ્રમિત થયેલા સાત્ત્વિક લોકો પણ હરિ (કૃષ્ણ) નું ભજન નથી કરતા તે લોકો માટે શાસ્ત્રના સાચા સિદ્ધાંતનું જ્ઞાન આપવાનો આ પ્રયાસ છે.

ગીતા સુગીતા કર્તવ્યા

અર્થ : ગીતાનું સારી રીતે (શુદ્ધ સ્વરૂપે સાચા સંદર્ભ અને સાચા અર્થમાં) ગાન કરવું જોઇએ.

ધર્મનું સાચું સ્વરૂપ જાણવું હોય તો ગીતાનો સાચો અર્થ સમજવો બહુ જ જરૂરી .છે પરંતુ આજે વિશાળ જનમેદની એકઠી કરવાના લોભમાં ભાષણ કર્તાઓ ગીતાના જ નામે ગીતાથી સર્વથા વિપરીત વાતો કરતા હોય છે. અને માત્ર વાકછટા પર મુગ્ધ થતી 'મોટા આયોજનો'માં થતી ઝાકઝમાળથી અંજાઇ જતી અને વિશાળ જનસમુહને કારણે લલચાઇ જતી જનતા 'ગીતાનો સાચો અર્થ શો છે' એ વિચાર્યા વિના આવા પ્રવાહમાં તણાઇ જતી હોય છે. આવા પ્રવાહમાં આપણે પણ એકાદ ડુબકી મારી લઇએ એવા લોભનું સંવરણ ઘણા લોકો કરી શકતા નથી. ડુબકી માર્યા પછી ઘણા લોકો એ પ્રવાહમાં ડુબી જતા હોય છે. અને કોઇ એક વ્યકિત પ્રત્યેની આંધળી નિષ્ઠાને કારણે શાસ્ત્રના સાચા અર્થને પણ સમજવા તૈયાર થતા નથી. એવા લોકોને કંઇપણ કહેવું એતો 'ભેંસ આગળ ભાગવત' કરવા બરાબર છે. પરંતુ કેટલાક લોકો એ પ્રવાહમાં પડયા પછી પણ માથું બહાર રાખતા હોય છે. તેઓ કોઇ એક વ્યકિત વિશેષમાં નિષ્ઠા ન રાખી શાસ્ત્રમાં નિષ્ઠા રાખતા હોય છે. તેઓને શાસ્ત્રનાં સાચા અર્થ પ્રતિ જીજ્ઞાસા હોય છે. તેઓ, અને જેઓ 'મોટા-મોટા' આયોજનોથી અંજાઇને આ પ્રવાહમાં કુદવાની તૈયારીમાં છે, તેઓ આ લેખ વાંચીને ધર્મ અધર્મનો નિર્ણય કરી શકે છે.

ગીતા વિરૂદ્ધ મત

યોગેશ્વર એટલે કૃષ્ણ નહીં પણ સર્વશક્તિમાન ઇશ્વર ૧ તેમાં કૃષ્ણ, રામ, મહમદ, ઇસુ અને અન્ય અવતારો (ડિવાઇન પાવર) કે જે મનુષ્યને બદલવા આવ્યા એ બધાનો

સમાવેશ થઇ જાય છે. ૨ અને કૃષ્ણએ ગીતા ગાઈ જ નથી ગાનાર તો ભગવાન છે. તેથી ગીતામાં ભગવાન ઉવાચ કહ્યું છે. કૃષ્ણ ઉવાચ નથી કહ્યું ૩

ગીતા સંમત સિદ્ધાંત

ગીતામાં કોઇ પણ સ્થાન પર યોગેશ્વર કે કૃષ્ણ કે સર્વશકિતમાન ઇશ્વર કે ભગવાન, આ બધામાં ભેદ માનવામાં આવ્યો નથી. ગીતા સ્પષ્ટપણે યોગેશ્વર કહો કે ભગવાન કહો કે સર્વશકિતમાન ઇશ્વર કહો. જે કહો તે શ્રીકૃષ્ણને જ માને છે. ગીતાનો આ સુસ્પષ્ટ સિદ્ધાંત ગીતામાં સર્વત્ર ગુંજી રહ્યો છે.

સૌ પ્રથમ આપણે પ્રથમ ભાગ 'યોગેશ્વર એટલે કૃષ્ણ નહીં પણ સર્વશકિતમાન ઇશ્વર' એના પર વિચાર કરીશું.

* શ્રી ભગવાન ઉવાચ :–

અવજાનન્તિ માં મૂઢા માનુષી તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂત મહેશ્વરમ્ ॥
મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।
રાક્ષસીમાસુરી ચૈવ પ્રકૃતિ મોહિની શ્રિતાઃ ॥ (૯ / ૧૨)

અર્થ : વ્યર્થ આશાવાળા, વ્યર્થ કર્મવાળા, વ્યર્થ જ્ઞાનવાળા રાક્ષસી તથા આસુરી મોહિની પ્રકૃતિને પ્રાપ્ત થયેલા ભ્રાન્ત મનવાળા મૂઢ લોકો મારો પરભાવ નહિ જાણવાથી માનુષ શરીર ધારણ કરેલા મારી (ભગવાન શ્રીકૃષ્ણની) ભૂતોના મહેશ્વરની સામાન્ય માણસ જાણી અવજ્ઞા કરે છે. શ્રીકૃષ્ણને ભગવાન ન માની જે સામાન્ય માણસ માને છે એ ભગવાન શ્રી કૃષ્ણની અવજ્ઞા કરે છે અને એવો મૂઢ માણસ અસુર છે.

* શ્રી ભગવાન ઉવાચ :–

બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન
તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ ॥
અજોપિ સન્નવ્યયાત્મા ભૂતાનામીશ્વરોપિ સન્
પ્રકૃતિ સ્વામધિષ્ઠાય સંભવામ્યાત્મમાયયા ॥ (૪/૫–૬)

અર્થ : હે અર્જુન ! મારા અને તારા ઘણા જન્મો થઇ ગયા, હે પરંતપ ! હું તે સર્વ જાણું છું. તું જાણતો નથી. હું અજન્મા અવ્યયાત્મા અને પ્રાણીઓનો ઇશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી અવતરું છું.

કેટલી સ્પષ્ટ વાત છે. અહીં ભગવાન શ્રી કૃષ્ણ મારા અનેક જન્મો થઈ ગયા એમ કહે છે. મારો ઘણા મહાપુરૂષોમાં (મોહમ્મદ, જીસસ, જેવા !) આવેશ થાય છે એમ નથી

કહી રહયા. અજન્મા હોવા છતાંય પોતાની પ્રકૃતિનું અનુષ્ઠાન કરી ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વી પર જન્મ લીધો છે.

✱ શ્રી ભગવાન ઉવાચ :-

ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિંચન ।
નાનવાપ્તમવાપ્તવ્યં વર્ત એવ ચ કર્માણિ ॥ (૩/૨૨)

અર્થ : હે પાર્થ ! ત્રણે લોકમાં મારે કાંઇપણ કર્તવ્ય નથી. કાંઈ નહિ પ્રાપ્ત કરેલું પ્રાપ્ત કરવાનું નથી છતાં હું કર્મમાં પ્રવર્તું છું.

આ શ્લોકમાં જે 'મારે' અને 'હુ' શબ્દો છે એ કોને અનુલક્ષીને છે. એનો વિચાર આપણે કરીએ. જો કૃષ્ણ અને ભગવાનમાં ભેદ પાડીશું તો નક્કી કરવું પડશે કે 'મે' એટલે કોણ ? કૃષ્ણ કે ભગવાન. જો કૃષ્ણને અનુલક્ષીને આ શ્લોક છે તો કેમકે કૃષ્ણને તો માનવ માનવામાં આવી રહયા છે. તેથી 'ત્રણે લોકમાં મને કોઇ કર્તવ્ય નથી' એ વાત ખોટી પડશે અને જો આ શ્લોક ભગવાનને અનુલક્ષીને છે તો પછી હું કર્મમાં પ્રવર્તું છું એ વાત ખોટી સિદ્ધ થશે કેમકે ભગવાન તો ગીતા કહીને કૃષ્ણમાંથી નીકળી ગયા તો એ કર્મ કયાંથી કરવાના તેથી આ શ્લોકની એકવાકયતા એમ જ થશે કે ભગવાન અને કૃષ્ણમાં કોઇ ભેદ નથી. 'ભગવાન કૃષ્ણને ત્રણેય લોકોમાં કોઈ કર્તવ્ય નથી પરંતુ લોકસંગ્રહાર્થે તેઓ (ભગવાન શ્રીકૃષ્ણ) કર્મ કરે છે એવો શ્લોકાર્થ સ્પષ્ટરૂપે આપણને મળશે.

✱ શ્રી ભગવાન ઉવાચ :-

બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે
વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥ (૭/૧૯)

અર્થ : અનેક જન્મો પછી 'સર્વ વાસુદેવ છે' એવા જ્ઞાનવાળો મારે શરણે આવે છે. એવો મહાત્મા બહુ જ દુર્લભ છે.

'વાસુદેવઃ સર્વમ્' એવું જેને જ્ઞાન થઇ ગયું છે. અને પછી જે પ્રભુના શરણે આવે એને આ શ્લોકમાં મહાત્મા કહેવામાં આવે છે. વાસુદેવ (વસુદેવના પુત્ર) તો શ્રીકૃષ્ણ જ છે, એ વાત તો નિઃસંદિગ્ધ છે. જો અહીં ભગવાન અને શ્રીકૃષ્ણમાં ભેદ માનવામાં આવ્યો હોત તો 'વાસુદેવઃ સર્વમ્' ને સ્થાને 'ભગવાન્ સર્વમ્' કે 'બ્રહ્મ સર્વમ્' એવા પદપ્રયોગો કરવા જોઇતા હતા. અને જો કૃષ્ણ કોઇ મહામાનવ માત્ર હોય તો પછી 'બધું વાસુદેવ છે' એવું જ્ઞાન તો ભ્રમાત્મક (ખોટું) જ્ઞાન છે. એવા વ્યકિતને મહાત્મા ન કહી 'અધમાત્મા' કે 'ભ્રાન્તાત્મા' કહેવો જોઇએ. પરંતુ અહીં સ્પષ્ટપણે 'વાસુદેવઃ સર્વમ્' એવા જ્ઞાનવાળાને મહાત્મા કહેવામાં આવ્યો છે. તેથી સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ જ ભગવાન છે. અન્ય કોઇ નહીં.

*** અર્જુન ઉવાચ :-**

પરંબ્રહ્મ પરં ધામ પવિત્ર પરમં ભવાન્ ।
પુરુષં શાશ્વતં દિવ્યં આદિદેવમજં વિભુમ્ ॥

આહુસ્ત્વામૃષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।
અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ॥

સર્વમેતદૃતં મન્યે યન્માં વદસિ કેશવ ।
ન હિતેભગવન્વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ॥ (૧૦/૧૨, ૧૩, ૧૪)

અર્થ : અર્જુન કહે છે આપ પરં બ્રહ્મ છો, પરંધામ છો અને પરમ પવિત્ર છો. સર્વ ઋષિઓ તેમજ દેવર્ષિ નારદ, અસિત, દેવલ તથા વ્યાસ આપને શાશ્વત દિવ્ય પુરૂષ, આદિદેવ, અજ અને વિભુ કહે છે અને આપ પોતે પણ મને એ જ કહો છો. હે કેશવ ! આપ મને જે કહો છો તે સર્વ હું સાચું માનું છું. કારણ કે ભગવન્ ! આપને દેવો કે દાનવો જાણતા નથી.

અર્જુન, નારદ, અસિત, દેવલ, વ્યાસ અને સ્વયં કૃષ્ણ પોતે પણ પરંબ્રહ્મ પરંધામ છે કૃષ્ણને જ માની રહયા છે. નારદ, અસિત, દેવલ, વ્યાસ બધાએ આ વાત ગીતા કહેવામાં આવી એનાથી પહેલા કહી છે તેથી એમ નહિ કહી શકાય કે આ વાત ફક્ત ગીતા વક્તા કૃષ્ણ માટે જ છે ગીતા કહી તે પૂર્વના કૃષ્ણ માટે પણ આ વાત કહેવાઇ છે. અને અર્જુન 'કેશવ' એમ સંબોધીને આ વાત કરી રહયા છે. તેથી જો એમ માનવું હોય કે કૃષ્ણથી ભિન્ન કોઇ ભગવાન છે તો પહેલા અર્જુન, નારદ, અસિત, વ્યાસ અને સ્વયં શ્રી કૃષ્ણને પણ જુઠ્ઠા અને અજ્ઞાની સિદ્ધ કરવા પડશે તે વિના તો તમારું કૃષ્ણ અને ભગવાનમાં ભેદ કરવાનું ડોઢડા'પણ ચાલી નહીં શકે.

*** અર્જુન ઉવાચ :**

સખેતિ મત્વા પ્રસભં યદુક્તં હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ ।
અજાનતા મહિમાનં તવેદં મયા પ્રમાદાત્પ્રણયેન વાપિ ॥

યચ્ચાવહાસાર્થમસત્કૃતોસિ વિહારશયયાસનભોજનેષુ ।
એકોથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ ॥ (૧૧/૪૧/૪૨)

અર્થ : અર્જુન કહે છે. હે અચ્યુત ! આપનો આ મહિમા નહી જાણવાથી મે આપને સખા જાણીને પ્રમાદને લીધે અથવા પ્રણયથી વગર વિચારે 'હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખા' એમ જે કહેલું છે. તથા વિહાર, શય્યા, આસન અને ભોજનમાં એકાન્તમાં અથવા તેઓની (સખાઓની) સામે વિનોદ માટે આપનો જે અનાદર કરેલો છે. તેની અપ્રમેય એવા આપની પાસે હું ક્ષમા માંગુ છું.

અર્જુને જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના વિરાટ સ્વરુપના દર્શન કર્યા ત્યારે એને શ્રીકૃષ્ણનાં ખરા સ્વરૂપનું આનુભવિક જ્ઞાન થયું તેથી તેણે ભગવાન શ્રીકૃષ્ણ સાથે સામાન્ય માનવ સમજીને કરેલા વર્તન બદલ ક્ષમા માંગી હવે શાંતિચિતથી વિચારો યદિ કૃષ્ણમાં ભગવાનનો આવેશ આવ્યો હોત તો અર્જુનને ભગવાન પાસે ક્ષમા માંગવાની જરૂર શી હતી ? કેમકે આવેશ તો ગીતા કહી ત્યારે જ હતો તે પહેલાના કૃષ્ણ તો સામાન્ય માનવી જ હતા ને ! તો પછી એમને હે યાદવ, હે સખા કહ્યા તોય શું ? અને એમનો અનાદર કર્યો તો તોય શું ? પરંતુંના.... અર્જુન એમ વિચારતા નથી કેમકે અર્જુન કૃષ્ણને જ ભગવાન માને છે. હવે માની લો કે અર્જુનને એ વાતની ખબર ન હતી કે કૃષ્ણ એ ભગવાન નથી તો પછી ભગવાનનું એ કર્તવ્ય હતું કે એમણે અર્જુનની ભ્રાન્ત ધારણા દુર કરવી જોઇતી હતી અને એને સમજાવવા જોઇતા હતા કે તે પહેલા જે કૃષ્ણને કહ્યું હતું અને જે અનાદર કર્યો હતો તે માટે તારે દુ:ખી થવાની કે ક્ષમા માગવાની કોઇ આવશ્યકતા નથી કેમકે જે વખતે તે એવો વ્યવહાર કૃષ્ણ સાથે કર્યો હતો તે વખતે ભગવાન હતા જ નહીં. પરંતુ ભગવાને આવી કોઇ સાંત્વના અર્જુનને આપી નથી. આના પરથી એક જ વાત સમજાય છે કે જે વાતનું જ્ઞાન અર્જુનને નથી જે વાતનું જ્ઞાન કૃષ્ણને નથી જે વાતનું જ્ઞાન તથા કથિત કૃષ્ણભિન્ન ભગવાનને નથી તેવું ગૂઢ (મૂઢ) જ્ઞાન કોઇને થઇ ગયું હોવું જોઇએ.

વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્ । દેવકીપરમાનંદં કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્ ॥

અર્થ : વસુદેવના પુત્ર, કંસ–ચાણુરને મારનારા, દેવકીને પરમ આનંદ આપનારા જગદ્ગુરુ શ્રીકૃષ્ણને હું વંદન કરું છું.

જો ભગવાન અને કૃષ્ણમાં ભેદ માનીશું તો આ શ્લોક ભગવાન માટેનો છે કે કૃષ્ણ માટે ? કેમ કે જગદ્ગુરુ=ગીતાના ઉપદેષ્ટા તો ભગવાન છે અને વસુદેવપુત્ર, કંસ ચાણૂર મર્દન, દેવકી પરમાનંદ તો શ્રીકૃષ્ણ છે. આવી વિસંગતિ ઉભી ન થાય એ માટે માનવું જ પડશે કે ભગવાન અને કૃષ્ણમાં કોઇ ભેદ નથી, જે જગદ્ગુરુ (ગીતાના ઉપદેષ્ટા) છે, વસુદેવસુત, કંસચાણૂરમર્દન, દેવકીપરમાનંદ પણ એ જ છે.

અંતમાં ગીતાના આ વિષયમાં મનનીય એવા બે શ્લોકથી આ વિષયનું સમાપન કરીશું.

યસ્માત્ક્ષરમતીતોઽહમક્ષરાદપિ ચોત્તમ । અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥ (૧૫/૧૮)

અર્થ : હું (ભગવાન શ્રીકૃષ્ણ) ક્ષરથી અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોકમાં તથા વેદમાં 'પુરુષોત્તમ' એમ પ્રસિદ્ધ છું.

મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુકતા ઉપાસતે । શ્રદ્ધયાપરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥

અર્થ : જેઓ મારામાં (સાકાર ભગવદ્સ્વરૂપ=શ્રીકૃષ્ણમાં) મન રાખી, નિત્યયુકત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી (ભગવાન અલગ છે અને કૃષ્ણ અલગ છે એવી અશ્રદ્ધા રાખીને નહીં) મને સેવે છે તેઓને હું યુકતતમ માનું છું.

ગીતા વિરુદ્ધ મત

(૨) તેમાં કૃષ્ણ, રામ, મહમદ, ઇસુ અને અન્ય અવતારો (ડિવાઇન પાવર) કે જે મનુષ્યને બદલવા આવ્યા એ બધાનો સમાવેશ થઇ જાય છે.

ગીતા સંમત સિદ્ધાંત

અર્જુન કહે છે 'ન ત્વત્સમોસ્ત્યભ્યધિકઃ કુતોન્યો લોકત્રયેપ્યપ્રતિમ પ્રભાવ' (૧૧/૪૩) **અર્થ** : ત્રણ લોકમાં આપની (ભગવાન શ્રીકૃષ્ણ) સમાન પણ કોઇ નથી તો આપના કરતા અધિક તો હોય જ કયાંથી ? જે કોઇ કૃષ્ણના સમાન અન્ય કોઇને પણ માને છે, એણે ગીતાના **અર્થ**ને છોડી દીધો છે અને એને ગીતા પર બોલવાનો કે ગીતા સાંભળવાનો પણ અધિકાર નથી.

ઇદં તે નાતપસ્કાય ના ભકતાય કદાચના । ન ચાશુશ્રુષવેવાચ્યં ન ચ માં
યોભ્યસૂયતિ ॥ (૧૮/૬૭)

અર્થ : આ (ગીતા) તારે કયારે પણ તપ રહિતને, ભકિત રહિતને, શ્રવણેચ્છા રહિતને તથા જે મારી અદેખાઇ કરતો હોય તેને કહેવું નહીં. જે કૃષ્ણને મોહમ્મદ કે ઇસુને સમકક્ષ માનતો હોય એવો વ્યકિત કૃષ્ણનો ભકત કેમ હોઇ શકે ? એ ભકત નથી એ કૃષ્ણનો દ્વેષી છે. જ્યારે પણ કોઇ કૃષ્ણ અને મોહમદને સમાન માનતો થયો ત્યારે એની કૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધા ખંડિત થઇ જો કૃષ્ણ અને મોહમ્મદ સમાન છે, તો ગીતા અને કુરાન પણ સમાન માનવા પડશે તેથી ગીતા પ્રત્યેની શ્રદ્ધા ખંડિત થશે જ્યારે 'મેં કુરાનને પણ શ્રદ્ધાથી વાંચી છે' એવું કહેતા થયા ત્યારે મુર્તિપૂજા કરનાર કાફિર છે, એમ માનવું પડશે તેથી આપણી કૃષ્ણભકિત પ્રત્યેની શ્રદ્ધા ખંડિત થશે તો પછી એવો વ્યકિત ભકિત કરે કે નમાઝ પઢે કંઇ જ ફરક પડતો નથી, કેમકે ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે, 'યો યચ્છ્રદ્ધ સ એવ સઃ' જ્યારે તમને મોહમ્મદમાં એવી શ્રદ્ધા થઇ ગઇ કે એ અને કૃષ્ણ સમાન છે. તો સ્પષ્ટપણે સમજી લેજો કે એવા વ્યકિતને ન કૃષ્ણ વિષે કંઈ બોલવાનો અધિકાર છે, ન ગીતા પર કંઇ વિચારવાનો અધિકાર છે કે ન ભકિતનું નામ લેવાનો અધિકાર છે. એવા વ્યકિતએ ગીતા છોડી કુરાન પર ભાષણ આપવાનું શરૂ કરી દેવું જોઇએ. કૃષ્ણ અને મોહમ્મદ ઇસુને સમાન માનવાની કુત્સિત બુદ્ધિને કોઇ પણ હિન્દુ=સનાતન હિન્દુ શાસ્ત્રોમાં નિષ્ઠા ધરાવનાર વ્યકિત કઈ રીતે સહન કરી શકે. અરેખર તો રોમીયો પણ યુવાન હતો અને રામ પણ યુવાન હતો જેવી હિન્દુ દેવોમાં સર્વથા શ્રદ્ધાવિહિન વાતો કરનારને ધર્મનું નામ લેવાનો પણ અધિકાર રહી જતો નથી.

આધુનિક સમયના રાજનૈતિક બિનસાંપ્રદાયિકતાના હથકંડાઓએ ધર્મમાં પણ પગપેસારો કર્યો છે. જેમ રાજનેતાઓ હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઈ બધાઓના વોટ મેળવવા માટે સર્વધર્મ સમભાવ (?)નો ઝંડો લઇને દોડતા હોય છે. એમ હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ બધા જ પ્રકારના અનુયાયીઓના ટોળા ભેગા કરવા માટે ધર્મમાં પણ આવા ઉપદ્રવો કરવામાં આવે છે.

આ બધી વાતો કોઇના ભેજાની ઉપજ હોય તો તો વાત સમજમાં ય આવે પણ જ્યારે ગીતાના નામે કૃષ્ણ, રામ, મોહમ્મદ, ઇસુ સમાન છે એવી વાત કરવામાં આવે ત્યારે તો એ પ્રતારણા (છેતરપીંડી)ની પરાકાષ્ઠા થઇ ગઇ. આવામાં 'દાદાની પકડી આંગળી બનવું છે કૃષ્ણની વાંસળી' અને હમારી શકિત કૃષ્ણકી ભકિત' જેવા સુત્રોચ્ચારો કેટલા નિષ્ઠાવિહિન અને પોકળ લાગે છે.

હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ બધાની વચ્ચે એકતા હોવી જોઇએ એની ના નહિ, પરંતુ એના માટે આપણા શાસ્ત્રોના અર્થને તોડી–મચડીને પ્રસ્તુત કરવા એના જેવો અક્ષમ્ય અપરાધ બીજો નથી. બધાની વચ્ચે એકતા તો તમે તમારા ધર્મનું અનુસરણ નિષ્ઠાપૂર્વક કરો અમે અમારા ધર્મનું અનુસરણ નિષ્ઠાપૂર્વક કરીશું એવી ભાવના રાખીને દેશભકિત, સમાજસેવા વગેરે બાબતોમાં થઇ શકે છે, એના માટે બધા ધર્મો અને બધાના શાસ્ત્રોની ખીચડી પકાવવાની કોઈ જ આવશ્યકતા નથી.

એક વખત અંતઃકરણ પર હાથ મુકી શાંત ચિત્તથી પૂર્વગ્રહરહિત થઇ ગીતામાં નિષ્ઠા રાખી આપણા અન્ય સનાતન હિન્દુશાસ્ત્રોમાં નિષ્ઠા રાખી હિન્દુ સંસ્કૃતિમાં નિષ્ઠા રાખીને જો વિચાર કરવામાં આવશે તો કૃષ્ણ, ગીતા, ધર્મનું સાચું સ્વરૂપ આપણને જરૂર સમજાશે. અન્યથા 'અન્ધેનૈવ નીયમાના યથાન્ધા' (આંધળા પાછળ આંધળો જાય અને બન્ને ખાડામાં પડે) એવી પરિસ્થિતિ સર્જાશે.

ગીતા વિરુદ્ધ મત

(૩) કૃષ્ણએ ગીતા ગાઇ જ નથી ગાનાર તો ભગવાન છે, તેથી ગીતામાં 'ભગવાન ઉવાચ' કહ્યું છે 'કૃષ્ણ ઉવાચ' નથી કહ્યું.

ગીતા સંમત સિદ્ધાંત

ગીતામાં 'ભગવાન ઉવાચ' કહ્યું છે અને 'કૃષ્ણ ઉવાચ' નથી કહ્યું માત્ર એટલા ઉપરથી આટલો મહત્વપુર્ણ અને ધર્મના મુલતત્વનો નિર્ણય લઈ લેવો એના જેવી હાસ્યાસ્પદ વાત બીજી કઇ હોઇ શકે ? ગીતામાં સર્વત્ર 'ભગવાન ઉવાચ' કહ્યું છે 'કૃષ્ણ ઉવાચ' નથી કહ્યું એનું સીધું અને સ્પષ્ટ કારણ છે કે ગીતા ભગવાન અને કૃષ્ણમાં કોઇપણ પ્રકારનો ભેદ માનતી જ નથી. આ તો આજકાલના તથા કથિત બિનસાંપ્રદાયિકતાવાદીઓની ઉલ્ટી બુદ્ધિની ઉપજ છે. ગીતામાં તો સર્વત્ર આ વાતનું પ્રતિપાદન થયેલું છે કે ગીતાના વકતા ભગવાન શ્રીકૃષ્ણ જ છે એ માટે આપણે ગીતાના થોડા વચનો જોઇએ.

સંજય ઉવાચ– 'ઇદં વાકયમુવાચ મધુસૂદન' (૨/૧)
'તમુવાચ હૃષીકેશઃ' (૨/૧૦)
'એવમુકત્વાતતો રાજન્મહાયોગેશ્વરો હરિઃ' (૧૧/૯)
'એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય' (૧૧/૩૫)

આ ચારેય વચનોમાં મધુસુદન (મધુ દૈત્યને મારનારા ભગવાન શ્રીકૃષ્ણ), હૃષીકેશ (શ્રીકૃષ્ણ), હરિ (શ્રીકૃષ્ણ), કેશવ (શ્રીકૃષ્ણ)ને સંજયે ગીતાના વકતા કહ્યા છે. તેથી સ્પષ્ટ થાય છે કે સંજય પણ ભગવાન અને કૃષ્ણમાં કોઇ ભેદ જોતા નથી. તાત્પર્ય એ કે ગીતામાં 'ભગવાન ઉવાચ' પણ 'કૃષ્ણ ઉવાચ'ના જ અર્થમાં છે અન્ય કોઇ અર્થમાં નહિ.

હવે આપણે એ વિચારીશું કે ગીતામાં 'ભગવાન ઉવાચ'ને સ્થાને બીજું કંઇ કહ્યું હોત તો લેભાગુ લોકો એનું કેવું વિચિત્ર અર્થઘટન કરી શકત.

* કૃષ્ણ ઉવાચ કહ્યું હોત !

ગીતા ભગવાને કહી જ નથી એ તો કૃષ્ણે કહી છે.

* કયાંક 'ભગવાન ઉવાચ' અને કયાંક 'કૃષ્ણ ઉવાચ' કહેત તો !

કૃષ્ણ ઉવાચ જયાં છે એ વાત તો કૃષ્ણે કહી છે. અને ભગવાન ઉવાચ છે એ વાત ભગવાને કહી છે.

* 'ભગવાન શ્રીકૃષ્ણ ઉવાચ' કહ્યું હોત તો !

જો ગીતા ભગવાન અને કૃષ્ણને એક માને છે. તો ભગવાન અથવા કૃષ્ણ બેમાંથી એક પદ પ્રયોગ કરવો જોઇતો'તો બન્ને પદ વાપરી પુનરુક્તિ શા માટે કરી એવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવત.

આવા ઉટપટાંગ અર્થો ન થાય એવો સીધો સાદો 'ભગવાન ઉવાચ' પદપ્રયોગ ગીતામાં થયો છે. વ્યર્થમાં ગીતાના અન્ય વચનો સાથે સર્વથા વિસંગત એવો ખોટો અર્થ માત્ર ભગવાન ઉવાચ' એટલા માત્રથી શા માટે કાઢવો જોઇએ ?

ગીતામાં અનેક સ્થાનો પર કૃષ્ણને અનેક નામોથી સંબોધાયા છે. માધવ, મધુંસુદન, અરિસૂદન વગેરે તેમ જ વિરાટ સ્વરૂપનું જ્ઞાન થયા પછી પણ અર્જુન વાર્ષ્ણેય, વાસુદેવ, કેશનિસૂદન જેવા સંબોધનો કરે છે. વાર્ષ્ણેય (વૃષ્ણિ કુલમાં ઉત્પન્ન થયેલ) વાસુદેવ (વસુદેવના પુત્ર) કેશનિસૂદન (કેશીદૈત્યને મારનારા) તો કૃષ્ણભિન્ન હોઇ શકતા નથી. તેથી સ્પષ્ટ થાય છે કે અર્જુન વિરાટ સ્વરૂપનાં દર્શન પછી પણ કૃષ્ણ અને ભગવાનમાં કોઇપણ પ્રકારનો ભેદ જોતા નથી.

ગીતાના અંતમાં સંજયે કહેલા વચનો પણ આ વિષયમાં મનનીય છે.

* ઇત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ
સંવાદમિમશ્રોષમદભુત રોમહર્ષણમ ॥ (૧૮/૭૪)

અર્થ : આવી રીતે વાસુદેવનો અને મહાત્મા પાર્થનો આ અદ્ભુત રૂવાડાં ઉભા કરે એવો સંવાદ મે સાંભળ્યો.

* રાજન્સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમિમદ્ભુતમં ।
કેશવાર્જુનયોઃપુણ્યંહૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥ (૧૮/૭૬)

અર્થ : હે રાજન । કેશવ અને અર્જુનનો આ અદ્ભુત પુણ્યસંવાદ સાંભળીને હું વારંવાર હર્ષ પામું છું.

આટલા વિવેચન પરથી એ સિદ્ધ થયું કે ગીતાના વકતા ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાનમાં ભેદ પાડવો એ વાત ગીતાથી સર્વથા વિપરીત છે.

અંતમાં શ્રી ગુંસાઇજીના શ્લોકથી સમાપન કરીશું

* જાનીતં પરમં તત્વં યશોદોત્સંગલાલિતમ ।
તદન્યદિતિ યે પ્રાહુઃ આસુરાંસ્તાન હો બુધાઃ ॥

જય શ્રી કૃષ્ણ

ગોસ્વામી પીયુષ કિશોરચંદ્રજી
મોટી હવેલી
જુનાગઢ–૩૬૨ ૦૦૧

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી ભક્તિવર્ધિની

શ્રીમાન બાલકૃષ્ણ મહોદયે રચેલી ટીકા (વિવરણ) સહિત

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

જો એવો સવાલ કરવામાં આવે કે સતત કૃષ્ણભજન શા માટે ? બીજા કાર્યમાં તેની આસક્તિ હોય તો શું ?

જવાબમાં કહે છે :–

વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા ।
તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥૩॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।

અર્થ : નોકરી, કામ–ધંધામાં વ્યસ્ત હોય તો પણ શ્રી હરિમાં હરિગુણ–કથા–શ્રવણમાં કીર્તન–સ્મરણમાં મગ્ન રહેવાનો પ્રયત્ન હંમેશા કરવાથી શ્રીકૃષ્ણમાં પ્રેમ પ્રકટ થશે. પછી આસક્તિ થતાં શ્રીકૃષ્ણનું વ્યસન જ્યારે થશે ત્યારે શાસ્ત્રમાં તેને કૃષ્ણવ્યસન કહે છે. તે દઢ થતાં ભક્તિનો નાશ કદી થશે નહીં. ॥૩॥

ટીકાનો અર્થ : વ્યવહારિક કાર્યમાં વ્યસ્ત હોય ત્યારે પણ પોતાના ગુરુએ મંત્ર આપીને જે ભગવદ સ્વરૂપ પધરાવી આપ્યું હોય એ સ્વરૂપમાં જ પોતાનું મન પરોવાયેલું રાખવું અને વ્યવહારિક કાર્યમાં ભક્ત વ્યસ્ત ન હોય ત્યારે ભગવદગુણ શ્રવણ વગેરેમાં પોતાનું ચિત્ત પરોવાયેલું રાખવું. એટલે કે (વ્યાવૃત્ત સિવાયની) બીજા અવ્યાવૃત્ત દશામાં પણ ભક્તનું કલ્યાણ થાય છે. એવી જ રીતે જો એવા સંદેહ દર્શાવવામાં આવે કે સ્વધર્મમાં અવ્યાવૃત્તિ (અનાસક્તિ) એનો જ ભજનમાં પ્રયોગ કરવો જોઇએ, તો એવા ઉપદેશના અમલથી દૈવવશાત (નશીબ યોગે) ધર્મમાં ભૂલચૂક થાય ત્યારે કોઇ પણ પ્રયોજનના અભાવને કારણે ભજન અસંભવિત બને. વળી જે કંઇ કરેલું હોય તે વ્યર્થ (નકામું) નિવડે, તેથી શાસ્ત્રમાં કહેલું સૂત્ર "પ્રક્ષાલનાકર્હિપંકસા" (એટલે કાદવને ધોવાથી) એ ન્યાયે (એ મુજબ) ગ્રહણ શ્રવણાદિનો અભાવ હોય એ જ ઇચ્છવા યોગ્ય છે. એમ જો દલીલ કરવામાં આવે તો શંકાના નિવારણાર્થે કહે છે.... વ્યાવૃત્તિપિ વગેરે અહીં એ શંકા ન કરવી જોઇએ કે સ્વધર્મની અવ્યાવૃત્તિનું જ ભજનમાં પ્રયોજન (ઉપયોગ) કરવું જોઇએ એ શંકાનું નિવારણ કરતા કહે છે શ્રીમદ્ભગવદ્

ગીતામાં ભગવાને કહ્યું છે "અપિ ચેત્ સુદુરાચારો ભજતેમાં અનન્યભાક્" (અર્થ – અનન્ય ભકિતવાળો ભક્ત પણ ઘણા દુરાચરણ વાળો પણ મારી એક નિષ્ઠ થઇને ભકિત કરે તો હું તેનો ઉદ્ધાર કરૂં છું) એ ભગવદ્ કથન અનુસાર સ્વધર્મમાં ભુલચુક કરી બેસેલ ભકત માટે પણ ભગવદ્ભજન કરવાનું કહેલું (વિહિત) છે. પરંતુ જ્યારથી આરંભ કરીને ભગવાનના ભજનમાં તેનું નિયોજન કરવામાં આવેલું હોય ત્યારથી માંડીને તે દુરાચાર કરવાથી દૂર રહયો છે. એવી અપેક્ષા છે. જો એમ ન હોય તો તેના અનન્ય ભજનમાં ભંગ થવાનો પ્રસંગ આવે. દુરાચારી હોવા છતાં ભજનને કારણે તેથી એવો સારાંશ લેવાનો છે કે પોતાના ધર્મમાં વ્યાવૃત્ત હોય તો પણ શ્રી હરિ કે જે ("હરિ" એ શબ્દના પુર્ણ અર્થનાં દુઃખં–પાપં હરતિ ઇતિ હરિઃ સર્વ દુઃખોને હરનાર છે તે) શ્રી હરિમાં પ્રયત્ન પુર્વક ચિત્તને પોરવવું એવા (એટલે કે સુદુરાચારી) ના અંતરાયો – અડચણોને ભગવાન પોતાના બળના પ્રભાવથી દૂર કરશે અને તેને સ્વરૂપાનંદનું દાન કરશે એમ જણાવવા માટે ("કૃષ્ણ" યાતો "ભગવાન" એ શબ્દ ન વાપરતા) "હરિ" શબ્દનો ઉપયોગ (હેતુપુર્વક) કર્યો છે. પહેલા "હરિ" શબ્દ વાપર્યો છે વચમાં "ચિત્ત" પદ (શબ્દ) નો ઉપયોગ કર્યો છે અને અંતમાં "શ્રવણાદિ" શબ્દ વાપરીને "દેહલી દિપક" (એટલે કે બે ઓરડાની વચ્ચે ઉંબરા ઉપર મૂકેલો દિવાનો પ્રકાશ જેમ બન્ને ઓરડામાં જાય તે રૂપક) અનુસાર (સરખામણી કરીને) ચિત્ત વૃત્તિને વ્યાવૃત્ત તેમજ અવ્યાવૃત્ત સ્થિતિમાં એ બેમાંથી કોઇ પણ સ્થિતિમાં મન હોય તો પણ શ્રી હરિમાં મનને સતત પરોવેલું રાખવું. એમ સમજવાનું છે. આ પ્રમાણે સતત ભજન કરવામાં આવતા, બન્ને પ્રકારના ભજનારાને જે એક જ જાતનું ફળ (શ્રી કૃષ્ણવ્યસનરૂપી) મળે છે. તેનું વર્ણન કરતા કહે છે, "તત્ :" વગેરે આમ સતત ભજન કર્યા પછી બન્ને પ્રકારના ભજનિકોના ચિત્તમાં ભગવાન પ્રત્યે સર્વાત્મ વડે (એટલે પુરા મનથી ભજન કરવાથી) પ્રેમ જાગે છે. એ જ રીતે આસકિત પણ કારણ કે એ વગરની સ્થિતિ સંભવિત નથી. "ક્ષણં યુગશતમિવ યાસાં યેના વિનાऽભવત્" માં વર્ણવ્યા મુજબ (અર્થ– જે ભગવાનના વિના – એટલે કે વિરહમાં જેમને વ્યસનદશાળા ભકતોને) એક ક્ષણ પણ એકસો યુગના જેવી લાગી અને વ્યસન એટલે તો બીજા સર્વને ભૂલી જઇને સતત ભગવાનમાં ચિત્ત રહે એવી મનની દશા. "ચ" શબ્દ સમુચ્ચયવાચક (બધાને સરવાળો બતાવનાર) શબ્દ છે ત્રણેય બાબતનો સરવાળો જ્યારે થાય ત્યારે તેનું બીજ દૃઢ થયું છે એમ ભકિત શાસ્ત્રમાં કહ્યું છે. જે દૃઢ બીજ કોઇ સંજોગોમાં નાશ પામતું નથી ॥૩॥ તેના નાશના અભાવ સહિત સ્નેહ વગેરે ત્રણેય બાબતોમાંની દરેકનું ફલ કહે છે. સ્નેહાદ્ વગેરે અર્ધા શ્લોક દ્વારા –

સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદાસકત્યા સ્યાદ્ગૃહારુચિઃ ॥૪॥
ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।
યદા સ્યાદ્વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ॥૫॥

અર્થ : ભગવાનમાં સ્નેહ થવાથી રાગનો એટલે દુન્યવી બાબતો તરફના આકર્ષણનો નાશ થાય છે. પ્રભુમાં આસકિત થવાને લીધે ગૃહ એટલે ઘર તરફ અણગમો ઉત્પન્ન થાય છે. ઘરમાં રહેનારા લોકોને બાધકપણું (અડચણ રૂપ) તથા અનાત્મત્વ (પોતાનું હોય એવા ભાવનો અભાવ) ભાસે છે, જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થ.ય ત્યારે જ તે કૃતાર્થ થાય છે. ।।૫।।

ભગવાનમાં સ્નેહ થવાથી ઘર તરફ રાગ–ઉત્કટ ઇચ્છા–રૂપ તેનો વિશેષપણે નાશ થાય થાય છે. 'નાશ' શબ્દને લીધે એમ સમજવાનું છે કે ફરીથી તેની (એટલે કે રાગની) ઉત્પત્તિ થતી નથી. આ જ કારણથી 'રાગમાંથી નિવૃત્તિ' જેવો શબ્દ વાપર્યો નથી. (કારણ કે નિવૃત્તિમાંથી પ્રવૃતિમાં પરિવર્તન થવાનો સંભવ હોય છે, જ્યારે નાશ શબ્દથી રાગનો સંપૂર્ણ નાશ સુચવાયો છે) 'આસકત્યે....' વગેરે જ્યારે ભગવાનમાં આસકિત પ્રગટે ત્યારે તેના વગરની સ્થિતિ અસંભવિત હોવાથી તેને માટે યત્ન કરવામાં આવતાં ઘરમાં રહેલાંઓને લાગે છે કે સ્વાર્થને માટે તેને (રાગને) પ્રેરતા હોય છે, તેથી જેને વિષે અરુચિ (અણગમો) અનુભવે છે. અને એમ કરીને ભગવાનના ભજનમાં આડખીલી (અડચણ) એટલે વિઘ્નકર્તાપણું લાગે છે. અને તેથી તેના તરફ આત્મીયતા અનુભવાતી નથી જો આત્મીય હોય તો પ્રતિબંધ કરનારા કેમ બને ? 'વ્યસન હી....' વગેરે જે વખતે અચિન્ત્ય તથા અનંત ફલના દાતા એવા શ્રીકૃષ્ણમાં વ્યસન ઉત્પન્ન થાય ત્યારે જ ભજન કરનાર કૃતાર્થ (એટલે કૃત–કૃત્ય જેનું સાધ્ય સિદ્ધ થયું છે એવો થાય. આ વિશે કોઈ સંશય કે શંકાને ટાળવા માટે 'હિ' શબ્દ વાપર્યો છે. ।। ૪–૫ ।।

–ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

કાંદીવલી કેસરીયા મંડલી (અ. ભા. પુ. વૈ. પરિષદ) હ. પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કિર્તનીયાના જયશ્રીકૃષ્ણ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્ય ચરણ કમલેભ્યો નમઃ ॥

શ્રીજીના અષ્ટ સમયની ઝાંખી

પ્રેષક, સંકલન, ભાવાર્થ : **પ. ભ. જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઈ**

૭. સંધ્યા આરતી

ઝુક રહી સુન મુરલી કી ટેર ।
પનિયાં કે મિષ ગૃહ તેં નિકસી ગૌ આવનકી બેર ॥૧॥

મોર ચંદ્રિકા શિશ બિરાજત ચપલ નયનકી ફેર ।
પરમાનંદ પ્રભુ મિલે ખિરક મેં યાતેં ભઇ અવેર ॥૨॥

ભાવાર્થ : શ્રી વ્રજભક્તો જલ ભરીને પધારી રહ્યાં છે અને શ્રી ઠાકોરજી વનમાંથી ગાયો ચરાવી ગૌશાળામાં ગૌદોહન કરી રહ્યા છે. એક સખી બીજી સખીને કહી રહી છે કે, હે સખી ! હું તો મુરલીની ધુની સાંભળીને સ્થગિત થઇ ગઇ. ઘેરથી તો જલ ભરવાના નિમિતે નીકળી હતી, પણ ગાયો વનમાંથી પાછી ફરી ગૌશાળામાં મધુર નાદ કરી રહી હતી, તે સાંભળી તે તરફ વળીને મેં શું જોયું કે શ્રીજી બાવા મોર ચંદ્રિકા ધારણ કરી મને સંકેત દ્વારા બોલાવે છે. પરમાનંદદાસજી સખી રૂપે પોતાની સાહેલીને કહી રહ્યા છે કે હે સખી ! આજે આ અલૌકિક સ્વરૂપની ઝાંખી કરવામાં મગ્ન થઇ ગઇ, સમયનું પણ ધ્યાન ન રહ્યું એટલે જલ ભરીને આવતાં મોડું થયું રાત્રી પડી ગઇ.

૮. શયન

છીન છીન બાનિઠ ઔર હી ઔર ।
જબ દેખોં તબ નૂતન સખિરી દૃષ્ટિ તરહે એક ઠોર ॥૧॥

કહાં કહું કછુ કહત ન આવે બહુત કરો ચિત્ત દોર ।
કુંભનદાસ પ્રભુ ગોવરધન ધર રસિકરાય શિર મોર ॥૨॥

ભાવાર્થ : શ્રી ગોવરધન ધરની અદ્ભુત અલૌકિક ઝાંખી ક્ષણ ક્ષણ જુદી જ થાય થાય છે, જ્યારે દરશન કરીએ ત્યારે નવીન ઝાંખી થાય છે. તેથી હે સખી ! મારી દૃષ્ટિ સ્થિર નથી રહી શકતી.

હે સખી ! મનરૂપી દોરડાંથી દૃષ્ટિને એકાગ્ર કરવા મથી રહી છું પણ તે બધું વ્યર્થ જાય છે. કારણ કે કુંભનદાસજી કિર્તનના સમાપનમાં કહી રહ્યા છે જે શ્રી ગોવર્ધનનાથજી તો રસિક શિરોમણી છે. એમના પ્રત્યેક અંગમાંથી અલૌકિક અમૃત રસ વહી રહયો છે જે દૃષ્ટિરૂપી અંજલિઓ દ્વારા પીતા તૃપ્તિ નથી થતી.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :– પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

દો. શ્રી વલ્લભવંશજભયે, મહાપ્રભૂ હરિરાય;
જિનકો યશપાવનઅમલ, 'ભૂપ' ન વરણ્યો જાય.
સહસ્ર શ્લોકકી ભાવના, સેવાકી જુ અનૂપ;
વલ્લભિયન હિત કરિ પ્રકટ, કિયો કૃતારથ 'ભૂપ'.

સો સબ કહહુ તિનન શબ્દનમેં, તદનુસાર બરતહુ, રખિ મનમેં;
સબ જીવન્હ કે આશ્રય રૂપા, દોષ–દહન જે અગ્નિ સ્વરૂપા,
તે પદ કમલ, સ્વરૂપ અમીકે, મમ શિર આય બિરાજહુ નીકે. ૧
પ્રાત સમયતેં, શયન તલકકી, જહં ન સુખરતા એક પલકકી;
જાતેં સિદ્ધ માનસી હોઇ, સેવા વિવિ વરણૌં શુચિ સોઇ. ૨
રમણ કેલિસોં થકેથકાયે, ઘોર નીંદ મહં સોવહિં ભાયે;
સંગ સ્વામિની જૂ અતિ સોહેં, લટ લલાટ લટકી મન મોહેં. ૩
મંદ મંદ હરિ શ્વાંસ લિવાવત, નાસાપુટ ઊંચે ઉઠિ આવત;
પ્રિયા–અંગ પૈ કર ધરિ હંસહીં, આલસ યુત જાગરણ દરસહીં. ૪
રમણ–ચિન્હ અંકિત તનુ સો હૈં, કંકણ ચિન્હ પીઠ, મન મોહૈં;
લેત જૃમ્હાઈ સુખતે જબહીં, મનસિજ હૂ તેં સુન્દર લગહીં. ૫
લીલાધર કી લીલા સબહીં, સુન્દરતા કહં સુન્દર કરહીં;
દો. યુવતિન યૂથ વિરાજહીં, જનુ વ્રજેન્દ્ર વ્રજ માહિં;
વિધિ વત લીલા–ગોપને, યશુદા તિનહિં જગાહિં. ૬
માતુ જગાઇ ગોદ બિઠાઇ, દર્શન સુખ–વારિજ કો પાઇ;
યશુદા મુખ ચુમ્બત સુખ પાહીં, નન્દહુ ગોદ લેય હરષાહીં. ૭
બાલ મંડલી ઔર ગુવાલા, ગુણ નિધિ કે ગુણ ગાહિં રસાલા;
પ્યાર ભરે રસમય કટાક્ષસોં, પૂજ રહીં બ્રજ યુવતીં પ્રભુકોં. ૮
યશુદા બૈઠી ઉત્તમ આસન, તિન ગોદિન રાજત હૈં લાલન;
પય શ્રીખંડ સુમાખન મિસરી, મુખનાવત, તન સુધિ જનુ બિસરી. ૯
ખાત ખાત ખેલન ચિત જાવત, બાતન મૈયા ચંગ ચઢાવત. ૧૦
રાજા બેટા કુલ દીપક મમ, નયનાનન્દ અધન–ધન અનુપમ. ૧૧
સારે ગોકુલ કો સિંગારા, નિજ તાતહિં સુખ દેવન હારા.
મુગ્ધ ભાવ સોં હઠ કરનારે, હસ્ત કમલ મેં મુરલી ધારે. ૧૨
કુહ્યો કરત, નયનન મનહારી, બહુ લીલનિ જન–શોક નિવારી. ૧૩

જનની જીવન, ગર્વ વિનાશી, શત્રુન-દલન, કૃપા-જલ-રાશી. ૧૪
જનની જન્મ સફલ કરનારો, રમણ જાહિ પ્રાણન તેં પ્યારો;
સો પ્રભુ હંસિ હંસિ ભોજન કરહી, જનની-વચન મોદમન ભરહી. ૧૫
દો. માંકી સબ બાતેં સુનીં, ચકિત નયન દૈ કાન;
મુડિ મુડિ જનિનિંહિં દેખહીં, છિન છિન ઉઠત નિધાન. ૧૬
યશુદા કે બેહલાયે તેં, કેઇ વિધિ ભોજન કીન્હ;
નન્દ-ભોગ્ય-યશુદા સખિન, પાત્રન જલ લાદીન્હ. ૧૭
સો. કરા આચમન માત, મુખ પોંછયો પુનિહવૈ મુદિત;
આનંદ અતિ સરસાત, તિન કર બીરી ખાઇ કેં. ૧૮
છં. આનંદ અમિત બરસાવહીં, તિન કરન બીરીં ખાવહીં;
લાલી અધર અતિ સોહહીં, નિજ ભાગ્ય સફલ જનાવહીં.
સખિયન સબનં સોઇ ઔસરન, આ આરતી લાગીં કરન;
તે સ્વયં સુન્દર લાગહીં નૈનન, નિરખ સુન્દર લલન. ૧૯
પ્રભુ ઇમિ સબનકોં, દર્શનકો, દેહિં આનંદ સુખભયો;
લખિ દીપકનકી જ્યોતિ, પ્રભુકો, હાસયુક્ત બદન ભયો.
એહિ ભાંતિ મંગલ આરતીતક, ભાવના કરની સદા. ૨૦
રખુ ભાવ, ભોર જગાહિં સુકહં, સ્વતઃ જનની સુદ સદા. ૨૧
અબ સૂર્ય ઉદયો દીપ જ્યોતિ, મલીન હો ગઇ લાલ હે;
તજિ નીંદ દર્શન દેહુ, ઉઠિ, ગોકુલાધીશ ! દયામહે. ૨૨
ઉઠ જાહુ મેરે લાલ, અબતૌ, લગી હુઇ હૈ ભૂખ હૂ;
કબ હૂં ન ટારી બાત મમ, આલસ્ય હૂ અબ ત્યાગ હૂ. ૨૩
અબ હીં દુહાયો દુધ મૃદુ, નવનીત, અરુ બાંધ્યો દહી;
સબ સ્વર્ણ પાત્રન મેં સજ્યો, રાખ્યો તુમ્હારે કાજહી. ૨૪
તુમ બિન ન કાઊ છૂ સકૈ, એહિ બેગિ લાલન ખાઇયે;
ઇહિ વિધિ લલન મમ મનોર્થન, કહં પૂર્ણ આપ કર ચઇયે. ૨૫
દો. આપને મનકી બાત કહિ, મૈયા બેગિ જગાય;
ગોપીજન દર્શન કરન, આયે, બોલી માય.
હે સુત ! તવ મુખ આકૃતિ દેખન, અતિ આતુર આઇ ગોપીજન;
જલ્દી જગિ, મુખ કે દર્શન દો, દીન નયન તિન શીતલ કરદો. ૨૬
નિજ નિજ ગૃહ કારજ બિસરાઇ, તવ મુખ નિરખન દૌરીં આઇ;
નિજ મુખ કમલ દિખાવહુ નીકે, કરહુ મનોર્થ સફલ સબહીકે. ૨૭
સ્વામિનિ-હિતકર, સુનિં માં-બચના, ગોકુલપતિ ઉઘરે કછુ નયના;
દેખિ માતુ, પુનિ નયના મીંચે, બરસત સુધા, રુકી બિનુ સીંચે. ૨૮

કહા કરૂં યો જગૈ ન મોસોં, જતન કિયે બહુ જગાઇએકોં;
કહહિ માતુ ગોપીજન તુમ સબ, જગાસકહુ તૌ જગા દેહુ અબ. ૨૯

સો. સખિયન કહં વરદાન, ભયે યશોદા કે વચન;
સુનિ ગોપિન સુખમાન, પ્રભુ છિપિ તિન તન દેખહીં.
કામસોં આકર્ષાઇ, ચિર સંચિત જે મન ધરે;
પૂરણ દિયે કરાઇ, પ્રભુને તિનકે મનોરથ. ૩૦

દોઉ ભુજ ભરિ તિન આલિંગાયે, તડપત મીન બારિ જનુ પાયે;
પ્રભુકી બાંહન કંઠન મેલત, શ્યામ બેલિ, કંચન–બટ ખેલત.
લાલન કહં આલસ બહુ આવૈ, કહિ સખિ, તિન પૈ ઝુકિ ઝુકિ જાવૈ;
ચુમ્બન લૌ નિજ હિયો સિરાવત, ધીરે ધીરે, પૂછત જાવત. ૩૧
તવ કપોલ તૌ મૃદલ રહીયે, સ–ક્ષત કહુ કહાં કરવાયે;
ભયે ન તરુણ ઉઠી નહિં રેખેં, લઘુવય, હમ યહ અનાથ દેખેં. ૩૨
તુમ સચ કહી, કહત નંદલાલા, ભયે ક્ષતિત તુમ્હરે કર, ગાલા;
સોવત રહ્યો ન સુધિ કછુ ભાઇ, મમ યહ ગતિ, તુમ સબન કરાઇ. ૩૩

દો. ‘લાલન યે નખક્ષત નહીં’, લગે દંત ક્ષત તીવ્ર’;
‘તુમ જાન હુ તુમ કા કિયો,’ સોયે હરિ, કહિ શીઘ્ર. ૩૪
તાજે ચિન્હ હોવતે ગીલે, સુખે યે નિશિ બને છબીલે. ૩૫ (ક્રમશઃ)

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૧૧ તા. ૯–૭–૯૫ રવિવાર, દેવશયની એકાદશી વ્રત, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ, ધારણા પારણા વ્રત, ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી લલિતત્રિભંગી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૧૧–૭–૯૫ મંગળવાર, ગો. શ્રી દેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથ દ્વારા) તથા ગો. ચિ. શ્રી શરદકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૧૨–૭–૯૫ બુધવાર, કચોરી પૂનમ, વ્યાસ પૂર્ણિમા, મન્વાદિ તિથિ, ચાતુર્માસના નિયમનો આરંભ, જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો, ગો. ચિ. શ્રી મુકુટલાલજીબાવાશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

અષાડ વદ ૧ તા. ૧૩–૭–૯૫ ગુરુવાર, હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૩ તા. ૧૫–૭–૯૫ શનિવાર, શ્રી ગોકુલનાથજી (ગોકુલ) તથા શ્રી ગોકુલચંદ્રમાજીનો (કામવન)નો પાટોત્સવ, ગો. ચિ. શ્રી શરદકુમારજી બાવાશ્રી (કોટા) તથા ગો. ચિ. શ્રી મુરલીધર બાવાશ્રી (વેરાવળ)નો જન્મદિવસ અને શ્રી ગોકુલચંદ્રમાજીમાં આજથી હિંડોળા પ્રારંભ, ચોથનો ક્ષય હોવાથી આજે.

અષાડ વદ ૫ તા. ૧૬–૭–૯૫ રવિવાર ગો. ચિ. દેવકીનંદનજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૧૭–૭–૯૫ સોમવાર, ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૧૯–૭–૯૫ બુધવાર, જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૨૦–૭–૯૫ ગુરુવાર, ગો. ચિ. શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન–વીરમગામ)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨૨–૭–૯૫ શનિવાર, શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૨૩–૭–૯૫ રવિવાર, કામિની એકાદશી વ્રત, કુંજમાં હિંડોળ., ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ (ઇન્દોર) તથા ગો. ચિ. શ્રી બાલકૃષ્ણધાલજી બાવાજી (સુરત)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઇ–બોરીવલી–જામખંભાળીયા જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૨૫–૭–૯૫ મંગળવાર, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (નાથદ્વારા–દ્વિતીય ગૃહ)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૨૬–૭–૯૫ બુધવાર, ગો. શ્રી શરદકુમારજી મહારાજ (મુંબઇ-પોરબંદર–વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ અમાસ તા. ૨૭–૭–૯૫ ગુરૂવાર, હરીયાળી અમાસ, દિવાસો, ગો. ચિ. શ્રી હિરણ્યગર્ભજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ શુદ ૧ તા. ૨૮–૭–૯૫ શુક્રવાર, ગો. ચિ. શ્રી રાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો. ચિ. શ્રી મનમોહનજી બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો તથા ગો. શ્રી મનોજકુમારજી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૨૯–૭–૯૫ શનિવાર, ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૩૦–૭–૯૫ રવિવાર, ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો. ચિ. શ્રી લાડિલેશરાયજી બાવાશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૫ તા. ૧–૮–૯૫ મંગળવાર, નાગપંચમી, શ્રી નાથજીની ડાબી ભુજાનું પ્રાકટ્ય (સં. ૧૪૬૫),

શ્રાવણ સુદ ૭ તા. ૩–૮–૯૫ ગુરુવાર, ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૫–૮–૯૫ શનિવાર, બગીચા નોમ, શ્રી ગોવિંદલાલજી તિલકાયત કૃત સાત સ્વરૂપ ઉત્સવ. ગો. ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઇ–જતિપુરા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૦ તા. ૬–૮–૯૫ રવિવાર, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૭–૮–૯૫ સોમવાર, પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત, આજે સાંજે ભોગ સંધ્યામાં પવિત્ર ધરવા, ભદ્રા સમાપ્તિ બપોરે ૧૨–૨૨, ગો. ચિ. શ્રી શિખિરકાંત બાવાશ્રી (બેંગલોર–મદ્રાસ)નો જન્મદિન.

પુસ્તક પરિચય

(૧-૨) વૈશ્વાનર વિભુ શ્રી વલ્લભ ભાગ-૧ તથા-૨

સંપાદન-લેખક-શ્રી નંદકિશોર અં. ખંધડીયા

પ્રકાશક – આં. રા. પુ. વૈ. પરિષદ (ગુજરાત પ્રદેશ-પુષ્ટિ પ્રસાર વિભાગ)
રાજકોટ શાખા C/o સંજય ગેસ સર્વિસ, રજની બિલ્ડીંગ શેરી,
ભુપેન્દ્ર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૪, ૪૪ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ દરેક ભાગની ન્યો. રૂા. ૧૦.

બે ભાગમાં લખાએલ આ પુસ્તિકાઓમાં પુષ્ટિ સંપ્રદાયના પ્રણેતા જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના દિવ્ય જીવન ચરિત્રને નાની નાની બાળ વાર્તાઓ રૂપે ચરિતાર્થ કરવામાં આવેલ છે.

પ્રથમ ભાગમા આપશ્રીના પ્રાગટયના ઈતિહાસથી વિવાહ સુધીના પ્રેરક પ્રસંગો સમાએલ છે. જયારે ભાગ-૨માં વિવાહથી આસુર વ્યામોહ લીલા સુધીના પ્રસંગો આવરી લેવાયા છે.

બાળકોને સરળ શૈલીમાં શ્રી વલ્લભામાર્યજીનો પરિચય કરાવતા આ બંને પુસ્તિકાઓ પાઠશાળા તથા દરેક વૈષ્ણવ કુટુંબમાં વસાવવા લાયક છે.

(૩) શ્રી શ્યામલાલ ભજનાવલી

પ્રકાશક – શ્યામલાલ મહિલા મંડળ
વિતરણ વ્યવસ્થા – આં. પુ, વૈ. પરિષદ. રાજકોટ શાખા
ઠે. શ્રી શ્યામલાલ હવેલી, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

૧૬ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૬૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ. લેમીનેશન ટાઈટલ ૧ અને ૪ ઉપર ચાર કલરવાળા દર્શનીય ચિત્રજી, ન્યો. રૂા. ૧૦.

પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવો માટે નિત્ય નિયમ સ્તોત્ર પાઠ, શ્રીનાંથજી, શ્રીયમુનાજી, શ્રીમહાપ્રભુજીના ધોળ, પદ, કિર્તન તેમજ પ્રભાતિયા, હાંલરડા, હિંડોળા, હોળીગીત, દાણલીલા, કાન-ગોપીગીત, રાસ-ગરબા, એકાદશી કીર્તન, આરતિ વગેરે વિવિધ ઉત્સવોમાં ઉપયોગી સાહિત્યનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવેલ છે. મુદ્રણ દોષ નિવારવો જરૂરી છે ખાસ કરીને નિત્ય નિયમ સ્તોત્રોમાં. દરેક વૈષ્ણવ પરિવારે રોજ બરોજના ઉપયોગ માટે વસાવવા લાયક પુસ્તક.

(૪) 'કૃષ્ણાશ્રય' – દર્શન-(૧) – (પૂર્વ પીઠિકા)

લેખક – પૂ. ગો. શ્રી ચન્દ્ર ગોપાલજી મહોદય. વડોદરા.
પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન-શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
C/o. જીતેન્દ્ર મગનલાલ વજીર
'ભાવના' સી-૯ ચોથે માળે. એસ. વી. રોડ
કાંદિવલી (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૬૭

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૪૦ ઓફસેટ પ્રિન્ટીંગ, સેકસન સિલાઈ, પાકું બાઈન્ડીંગ નિકુંજમાં બિરાજમાન યુગલ સ્વરૂપનું મલ્ટીયલ કલરીંગ ચિત્રજીવાળું' પ્લાસ્ટીક કવર મુલ્ય રૂા. ૧૫/-

શ્રી મહાપ્રભુજી વિરચિત શ્રીકૃષ્ણાશ્રયગ્રંથ પરનું વિવરણ બે પુસ્તિકારૂપે પ્રકાશિત થવાનો છે. જેમાંથી પ્રથમ પુસ્નિકા "કૃષ્ણાશ્રય દર્શન (૧) – (પૂર્વ પીઠિકા) ખૂબજ અભ્યાસ પૂર્ણ રીતે અને વિવિધ ગ્રંથોના સંદર્ભ-લઇને લખાઇ છે. શ્રીકૃષ્ણ-આશ્રય આ શબ્દોનું શાસ્ત્રોકત અર્થઘટન કર્યું છે. પુષ્ટિ સાહિત્યના સંદર્ભ ગ્રંથ તરીકે તેમજ પુષ્ટિ સાહિત્યના અભ્યાસુઓ માટે ખુબજ ઉપયોગી વિદ્વતાપૂર્ણ પુમ્તક પુષ્ટિ સંપ્રદાયના પુસ્તકાલયોમાં વસાવવા લાયક પુસ્તક.

(૫) પાંચ ગ્રંથો : શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુ વિરચિત શોડષ ગ્રંથમાંના બાલબોધ. ભકિતવર્ધિની. જલભેદ સંન્યાસ નિર્ણય અને નિરોધ લક્ષણ ગ્રંથોની નિ. લી. ગો. શ્રી નૃસિંહલાલજી મહારાજકૃત વ્રજભાષા ટીકાનું ગો, શ્રી રવિન્દ્રકુમારજી મહોદયે (માંડવી–કચ્છ–રાજકોટ) કરેલ ગુજરાતી ભાષાંતર.

પ્રકાશક : પ્રાપ્તી સ્થાન : શ્રી વલ્લભયુવક મંડળ,
'ભકિતવર્ધિની' ૬/૧૩ જયરાજ પ્લોટ–રાજકોટ.–૩૬૦૦૦૧
નિ:શુલ્ક વિતરણાર્થ :

ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૧૦૨+૪ બહુરંગી શ્રી મહાપ્રભુજીના ચિત્રજીથી સુશોભિત કાર્ડબોર્ડ ટાઈટલ

આધુનિક સમયમાં વૈષ્ણવોમાં સ્વમાર્ગીય સિદ્ધાન્તની જાણવા સમજવાની વૃત્તિ ઓછી અને પરંપરાના સમજયા વીનાના અનુસરણની વૃત્તિ વધુ જોવામાં આવે છે. આવા સમયમાં રાજકોટમાં બીરાજતાં માંડવીવાળા પુ. પા. શ્રી રવિન્દ્રકુમારજી મહોદયે, આપશ્રીના અધ્યક્ષસ્થાને ચાલતાં શ્રી વલ્લભ યુવક મંડળના સભ્યોને નિયમીત સ્વાધ્યાય તથા શ્રી પુરૂષોત્તમ પાઠશાળા જુનાગઢ દ્વારા લેવાતી સાંપ્રદાયિક પરિક્ષાઓ દ્વારા સિદ્ધાન્ત જ્ઞાન જીજ્ઞાસુ બનાવ્યા છે, અને તેઓને પ્રેરણા આપી નાના ગામોમાં વસતાં સામાન્ય ભણેલાં વૈષ્ણવો પણ વાંચી સમજી શ્રીમહાપ્રભુજીના સાચાં સિદ્ધાંન્તો જીવનમાં ઉતારીશ કે તે માટે ઉપરોકત પુસ્તકનું પ્રકાશન કરાવ્યું છે. સુઘડ છપાઈ અને દર્શનિય શ્રીમહાપ્રભુજીના ચિત્રજીવાળું આ પુસ્તક પ્રકાશન કરવામાં દ્રવ્યનો વિનિયોગ કરનારા સર્વે ભગવદિઓને ધન્યવાદ.

(૬) સૂરદાસજીના દ્રષ્ટ કૂટ પદો

પ્રકાશક : શ્રી ગોવિંદપ્રભુ ટ્રસ્ટ સુરત
શ્રી ગોવિંદપ્રભુ હોલ, ૫. વ્રજરત્ન એપાર્ટમેન્ટ ષષ્ઠ પીઠ
ચૌટા બજાર સુરત–૩૯૫૦૦૩

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૬+૧૦ કાર્ડ બોર્ડ–લેમીનેટેડ, કાચુ બાઈન્ડીંગ, "વૈષ્ણવ વાણી"નું ૧૯૯૫નું ભેટ પુરતક ન્યોછાવર દર્શાવિલ નથી.

પુષ્ટિમાર્ગના જહાજ, સાહિત્ય જગતના પ્રખર સૂર્ય સમાન ભકત શિરોમણી શ્રી સૂરદાસજીએ મહા અલૌકિક ભગવદ લીલાનો જે રસાનુભવ આચાર્યશ્રી મહાપ્રભુજીની પરમકૃપાથી પ્રાપ્ત કર્યો તે લીલાનું દર્શન અવગાહન પુષ્ટિમાર્ગીય જીવોને પોતાની આગવી શૈલીથી સુલભ કરાવ્યું તે સુર સાહિત્ય રૂપે આપણને પ્રાપ્ત થાય છે.

રસિકજન શિરમોર શ્રી સુરદાસજીએ યદ્યપી રસેશ શ્રી નિકુજનાયકતી લલિત લીલાઓનું પદો દ્વારા ગાન કેરી પ્રકટ કર્યું, છે પણ તેનો ગુઢાર્થ તો માત્ર રસિક હૃદયી પુષ્ટિ ભકતોજ પામી શકે. વિષયાક્રાંત–દેહેન્દ્રિયથી તો એ સદા દૂર જ હોય; અને આથીજ ભગવદિય પ્રવર શ્રી સુરદાસજીએ દષ્ટિ કુટ પદ રચના દ્વારા સર્વ સાધારણ જનોથી ગુઢાર્થ છૂપાવી માત્ર તન્મયતા પુર્વક ચિંતન મનન કરનાર ભગવદ ભકત જ માણી શકે તેવી વિશિષ્ટ નિરૂપણ શૈલીથી પ્રકટ કરેલ કુલ ૬૦ પદોનો આ પુસ્તકમાં સંગ્રહ કરેલ છે. ભાષા–શૈલીના જ્ઞાનમાં ઉણા હોય પણ ભકિતમાર્ગના અનુસરણમાં શાણા હોય તેવા ભગવદિય ભકતો પર કૃપા વિચારી દષ્ટિ કુટના પદોનો જે સંકેત શબ્દોથી નિરૂપાયેલો અર્થ છે. તેનું સરળ ભાષાંતર ઉપલબ્ધ કરાવી કરૂણાસાગર, સેવકની સુખનારા ષષ્ઠ પીઠાધિશ્વર પુ. પા. શ્રી વ્રંજરત્નલાલજી મહારાજશ્રી–દાદાજી મહારાજ તથા પુ. પા. શ્રી બાલકૃષ્ણલાલજી. પુ. પા. શ્રી કલ્યાણરાયજી તથા પુ. પા. શ્રી વલ્લભરાયજી મહોદયે. પુષ્ટિ સૃષ્ટિ પર અનુપમ કૃપા કરી છે.

સમાચાર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ દ્વારા અમરેલીમાં યોજાયેલ રકતદાન શિબિર કેમ્પ જલ સંચય અભિયાન સંમેલન.

આ. રા. પુ. વૈ પરિષદ, અમરેલી શાખા, શ્રી દ્વારકેશ યુવક મંડળ, અમરેલી વૈષ્ણવ સમાજ અને ગોલ્ડન ગ્રુપ અમરેલીનાં ઉપક્રમે અરેલીમાં શ્રી દ્વારકાધીશજી હવેલીના પટાંગણમાં કાંદીરલી ચંપારણ્ય અમરેલીનાં વૈષ્ણવાચાર્ય પુ. પા. ગો. ૧૦૮ દ્વારકેશકુમાર મહોદય શ્રીની અધ્યક્ષતામાં તા. ૧૦-૬-૯૫ શનિવારના રોજ રકતદાન શિબિર કેમ્પનું આયોજન અમરેલીના સમાજ સેવક અને સાહિત્યકાર શ્રી વસંતભાઈ પરીખે દિપ પ્રકટાવેલ ત્યાર બાદ સર્વ પ્રથમ ગો. શ્રી દ્વારકેશકુમાર મહોદહે પોતાનું રકતદાન કરી શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સાવરકુંડલાનાં શ્રી મુકુન્દ્રભાઈ ચંદારાણા, બાઠડાના શ્રી ગોરધનભાઈ પટેલ લિલિયાના શ્રી માધવજીભાઈ પટેલ, વિજપડીના શ્રી વિનુભાઈ નગદીઆ કાત્રોડીના શ્રી જયંતિભાઈ મુખી. ચલાલાના શ્રી દીલીપભાઈ તૈલીની રાહબારી નીચે ચકરગઢ ઉમરીઆ અચરાપુર જીકીયાણી ગારીયાધાર વિગેરે ગામોનાં ૧૨૦ અગ્રણી વૈષ્ણવ પ્રતિનિધિઓએ (જેમાં ૩૫ થી ૩૦ બ્હેનોનો પણ સમાવેશ) ૩૬૦૦૦ સી. સી. નું રકતદાન, યંગ સ્ટાર કલબ રાજકોટ સંચાલિત બ્લડ બેંકને સોંપવામાં આવ્યું હતું.

આજ દિવસે સાંજના ચાર વાગે આં પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા આપણા સંપ્રદાયમાં થતાં લોકાભિમુખ આયોજનોના ભાગ રૂપે અમરેલીનાં જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં રૂબરૂ સંપર્ક કરી ગામડે ગામડે કુવા રીચાર્જ કરવાની ઝુંબેશ ચલાવવા જીલ્લના આશરે ૩૦૦ કરતાં વધુ અગ્રણીઓની ઉપસ્થિતિમાં જલ સંચય અભિયાન સંમેલને પણ યોજવામાં આવ્યું હતું.

આ સંમેલનમાં અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન કરતાં ગો. શ્રી દ્વારકેશકુમાર મહોદયે જણાવ્યું હતું કે જેઓ સંપ્રદાયના સિદ્ધાંત અને પ્રણાલિકા જાણતા નથી. તેવા લોકો આપણા સંપ્રદાય ઉપર આંતરિક બાહ્ય રીતે આક્ષેપો કરી રહયા છે, કે આપણો સંપ્રદાય ફકત પ્રસાદ લેવાનો સંપ્રદાય છે. આ અક્ષેપોનો મૌખિક વિરોધ ન કરતાં વૈષ્ણવ પરિષદ દ્વારા યોજાતા લોકાભિમુખ આયોજનમાં આજે સર્વ પ્રથમ મારા રકતનું દાન કરી તેમજ આપણા વિસ્તારમાં આર્થિક રીતે નબળા વર્ગના આપણાં જે ખેડુતભાઈઓને કુવા રીચાર્જ કરવા આર્થિક સહાય જોઈએ તે આપી આપણે સમાજ સેવાના કાર્યો કરી આક્ષેપકારોને આપણાં કાર્યથી જવાબ આપવા અમરેલીમાં શ્રી દ્વારકેશ યુવક મંડળ અમરેલી વૈષ્ણવ સમાજ અને ગોલ્ડન ગ્રુપ અમરેલી દ્વારા આજે જે આયોજનો થયા છે. તે માટે સર્વ કાર્યકતાંઓની સેવાઓને બિરદાવી અભિનંદન આપું છું,

આ સંમેલનમાં સૌરાષ્ટ્ર લોક મંચ રાજકોટનાં પ્રમુખ શ્રી શામજીભાઈ અંટાળાએ કુવા રીચાર્જ કરવા એજ પાણી બચાવવાનો એક માત્ર વિકલ્પ છે. તેમ કહી જલ સંચય અભિયાન વિશે ખુબ વિસ્તાર પુર્વક માહિતિ આપી હતી.

અતિથિ વિશેષ પદેથી રાજકોટ મત વિસ્તારનાં સંસદ સભ્ય શ્રી શિવલાલભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વૈષ્ણવ પરિષદનાં ઉપક્રમે યોજાતા આવા સમેલનો પ્રશંસાને પાત્ર છે. અને કુવા રીચાર્જ માટે વૈષ્ણવાચાર્યો આદેશ આપે છે તે ખેડુતોના હિતમાં છે.

આ પ્રસંગે આં. પુ. વૈ. પ. ના પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખર અમરેલી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી બોડીદાસભાઈ ઠકકર. ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ શ્રી જકુભાઈ દલાલ. માજી ધારાસભ્ય શ્રી

બેચરભાઈ પલસાણીયા, નગરપાલિકા પ્રમુખ શ્રી મનોજભાઈ ગોસાઈ અને શ્રી રમણીકભાઈ કાપડીયાએ પોતાના વિચારો રજુ કરી આપણાં સંપ્રદાયમાં થતાં આવા લોકાભિમુખ સમાજ સેવાનાં કાર્યોની પ્રસંસા કરી હતી.

આ પ્રસંગે અમરેલીનાં શ્રી નવીનભાઈ સંઘવીએ આ પ્રકારની પ્રવૃતિઓના ખર્ચને પહોંચી વળવા રૂા. ૧૧,૧૧૧–૦૦ આપવાની જાહેરાત કરી હતી.

આ આયોજનમાં રાજકોટ વૈષ્ણવ પરિષદના અગ્રણી શ્રી કાન્તીભાઈ રાધનપુરા શ્રી પ્રાણભાઈ મારફતીયા શ્રી કનુભાઈ દેવાણી પણ ઉપસ્થિત રહયા હતા.

મરજાદી વૈષ્ણવો માટે અમદાવાદમાં મંડાણ વ્યવસ્થા

અસમર્પીત ન લેતા હોય તેવા (મરજાદી) વૈષ્ણવો બહારગામથી અમદાવાદ આવ્યા હોય તેમને પ્રસાદ લેવાની વ્યવસ્થા શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલી, મણીનગર ચાર રસ્તા. ખાતે કરવામાં આવી છે.

આગંતુક વૈષ્ણવોએ સવારે ૯ વાગ્યા સુધીમાં હવેલીએ જાણ કરવી જેથી તેમની મહાપ્રસાદ લેવાની વ્યવસ્થા થઈ શકે. આ પ્રમાણે આં, પુ. વૈ. પરિષદ મણીનગર શાખાના પ્રમુખશ્રી વિજુભાઈ શાહની યાદીમાં જણાવેલ છે.

અમદાવાદના યાત્રાળુ બહેનોની બસને અકસ્માત નડતાં શ્રદ્ધાંજલી

અમદાવાદથી આં. પુ. વૈ. પરિષદના અગ્રણી પ્રા. વિણાબેન શેઠ અને અન્ય બહેનો ચંપારણ્યથી લખનૌ થઈ મથુરાં જતાં માર્ગમાં બસને અકસ્માત થવાથી ૭ બહેનો હરિઃશરણ થયાં છે. પ્રો વિણાબેનને પણ ઈજા પહોંચી છે. આં. પુ. વૈ પરિષદના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી ઈન્દ્રિકાન્તભાઈ શેઠ તથા અન્ય પદાધિકારીઓ તથા રાજકોટના શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખ શ્રી ડાયાભાઈ ડેલાવાળા શ્રીવલ્લભ સુધાના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે. અકસ્માતનો ભોગ બનેલાના સર્વે કુટુંબીજનો પ્રતિ સમવેદના વ્યકત કરી હરિઃશરણ થયેલ બહેનોને શ્રદ્ધાંજલી અર્પી છે.

અનુકરણીય

આજીવન ગ્રા. નં. ૫૦૮ શ્રી અમૃતલાલ ધનજીભાઇ ચંદારાણા, રાજકોટ દ્વારા આજીવન લવાજમના દર વધતા રૂા. ૧૦૦/– સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

આજીવન ગ્રા. નં. ૩૨૪ શ્રી એન. એમ. પારેખ, મદ્રાસ દ્વારા આજીવન લવાજમના દર વધતાં રૂા. ૨૦૦/– બસો સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

(ટાઈટલ બીજા ઉપરથી ચાલુ)

વિશેષ માહિતી પાસ નોંધાવવા સમ્પર્ક :

૧ શ્રીવ્રજયાત્રા વ્યવસ્થા સમિતિ
ગો. શ્રી ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ
શ્રીગોવર્ધનનાથજી મંદિર
૧ સાઉથ યશવંત ગંજ. ઇન્દોર (મ. પ્ર.)
PIN ૪૫૨૦૦૨

૨ શ્રી વ્રજયાત્રા વ્યવસ્થાપક સમિતિ
ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરમણલાલજી મહારાજ
શ્રી છોટે મદનમોહનજીની હવેલી
બંગાલીઘાટ મથુરા (ઉ. પ્ર)
PIN ૨૮૧૦૦૧

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

રાજકોટ શાખા

C/o. સંજય ગેસ સર્વિસ

રજની બિલ્ડીંગ શેરી, ભુપેન્દ્ર રોડ, ટેલી. ૨૭૪૦૮/૨૭૭૪૯ ઘર. ૮૮૮૫૬

સૌરાષ્ટ્ર વૈષ્ણવ ડીરેકટરી ૧૯૯૫

પ્રિય વૈષ્ણવજનો,

સાદર ભગવદ સ્મરણ સાથ જય શ્રીકૃષ્ણ

સાદર ભ.ગવદ સ્મરણ સાથ જય શ્રીકૃષ્ણ શ્રીમદ વલ્લભાચાર્ય સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય
આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે શ્રીમદ વલ્લભાચાર્ય સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય
વૈષ્ણવ સંપ્રદાયના સૌરાષ્ટ્રમાં આવેલા માર્ગીય સ્થાનો જેવા કે હવેલી–ગો. બાલકોના નિવાસસ્થાનો–મંડળ–
બેઠકો–વલ્લભાશ્રય–સાત સ્વરૂપ હવેલી તેમજ સાંપ્રદાયિક રીતે જે સંસ્થાના સંચાલનો થતાં હોય તેની સંપુર્ણ
માહિતી એકત્ર કરી પુસ્તક રૂપે પ્રકાશિત કરવાનો નિર્ધાર કર્યો છે, આ ઉપરાંત આ ડીરકટરીમાં વૈષ્ણવ
પરિષદની કેન્દ્રીય–ગુજરાત પ્રદેશ–સૌરાષ્ટ્રની માહિતી ઉપરાંત પરિષદના માધ્યમથી થતાં કાર્યોની પ્રત્યેક વૈષ્ણ-
વજનો સુધી જાણકારી પહોંચાડવાના અમારા હેતુમાં આપનો સહયોગ અમોને અમુલ્ય ફાળો આપશે.
આવો આપણે સૌ સાથે મળી આપણા સંપ્રદાયમાં થતાં આ સર્વ પ્રથમ પ્રયાસમાં શ્રી વલ્લભ
આપણને યશભાગી બનાવે એજ અમારી નમ્ર પ્રાર્થના.

કોમ્પયુટર ટાઈપ સેટીંગ કરાવી ઓફસેટ પ્રીન્ટીંગમાં સારા સફેદ મેપ લીથો કાગળ ઉપર ૩૦૦૦
(ત્રણ હજાર) ડીરેકટરી પ્રકાશિત કરવાનો અમારો નિર્ધાર છે.

આપ કંઇ રીતે સહભાગી થશો ?

આપના વિસ્તારમાં આવેલ આપણા સ્વમાર્ગીય સ્થાનની માહીતી આપો અપાવો.

(૧) આપના વિસ્તારમાં આવેલ આપણા સ્વમાર્ગીય સ્થાનની માહીતી આપો અપાવો.
(૨) ડીરેકટરી ખર્ચને પહોંચી વળવા માટે જાહેરાત આપો...અપાવો.
(૩) ડીરેકટરીના શુભેચ્છા સભ્યોનો ન્યોછાવર રૂા. ૨૫૧/– બસો એકાવન પુરા આપો.
જેઓના નામ શુભેચ્છક સભ્ય નીચે પ્રત્યેક ડીરેકટરીમ છપાશે.
(૪) ડીરેકટરીમાં રૂા. ૧૫૧/– એકસો એકાવન આપી આપના સર્વને "જય શ્રીકૃષ્ણ" લખાવો જે
નામ પ્રત્યેક ડીરેકટરીમાં છપાશે.
(૫) ડીરેકટરી પ્રકાશનનો નફો આગામી ૧૯૯૬ ફેબ્રુ. ૧૫ના રોજ રાજકોટ મુકામે યોજનાર વૈષ્ણવ
સમુહ લગ્નોત્સવના કાર્યમાં ઉપયોગમાં લેવાશે.

જય શ્રીકૃષ્ણ

વિશેષ માહીતિ માટે ઉપરોકત સરનામે પત્ર વ્યવહાર કરો.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

નાયકને ઉપાલંભ

ગિરિધરિયા ! તેં તો ઘેલી કરી રે;
કોણ જાણે તું સાં કામણ છે
કે તારી છબિ છે કામણ ભરી ગિરિધરિયા ! (ટેક)
સાહ્યામાંને શિક્ષા દેતી, શાણી સ્વાધીન રહેતી;
અતિ કુળ લાજ ધરી;
તેં મુને પરવશ પાડી, પાતળિયા !
મારી સુધ-બુધ સઘળી હરી-ગિરિધરિયા ૦ ૧

ડાહ્યો જાણીને તારા દરશણ આવી;
જાણું હું ડાહી થાશ ખરી;
ઊલટી અકલ મારી ગાંઠની ગમાવી;
લાભ પામી એ, વિકળ ઠરી-ગિરિધરિયા ૦ ૨

અમૃત સરખી તારી સહુ કહે છે વાણી;
સુણી મેં તો જવાય છે મરી;
મંદ હસણી વાંકી ચિતવણીમાં,
તેં મુને છાની દીધી છે છરી-ગિરિધરિયા ૦ ૪

કોણ ચોઘડિયે તું સાં ચિત્ત ચોહોટયું,
તે મારી પાસે ન આવ્યું ફરી;
પ્રેમને બાણે મુને પ્રોઇ, 'દયા'ના પ્રભુ :
તારી તો ગરજ સરી-ગિરિધરિયા ૦ ૪

ભક્ત કવિશ્રી દયારામભાઈ, ડભોઈ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રતુભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

✻ જો અહીંઆનો ભગવાન એક પશુને માટે પગરખા વગર ફરી શકે છે, એ પરમ લોકોપકારી થઈ શકે છે અને આપણે કોકના માટે ખાસડાં (જોડા–પગરખાં) કાઢવા તો શું ? પણ ફાટેલાં ખાસડાએ આપવા તૈયાર નહોઇ એ–ક્રોધસિવાય ! !

✻ મનની વિકૃતિ હોય ત્યારે ધર્મના ચિંતનના સંગઠનથી શું કરવું ? આ એક બહુ મોટો પ્રશ્ન આવીને ઉભો રહે છે. પહેલાં એના માટે અંતઃકરણ તૈયાર કરવું પડે છે.

✻ અહીંઆ સતત સેવા પરાયણ જીવન માટે શ્રી વલ્લભાચાર્યે આપણને ઉપદેશ આપ્યો છે. ભગવાન (પાસે) થી જો (કંઇ) માંગ્યું હોય તો સેવોપયોગી દેહ માગ્યો છે. વિષયોપયોગી દેહ નથી માગ્યો.

(ન. લી. પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી (શ્રી પ્રથમેશજી)

શ્રી પ્રથમેશવાક સુધા–૧ પૃ. ૧૧૩–૧૧૪

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૪ : અંક–૫ ઓગસ્ટ, ૧૯૯૫

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/– ✻ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભાયન મહાકાવ્ય ગ્રંથ પ્રકાશન માટે નમ્ર નિવેદન

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીના પ્રાદુર્ભાવથી લઇ આસુર વ્યામોહ લીલા પર્યંતના સંપુર્ણ પ્રસંગોનું સેંકડો ગ્રંથોના સંદોહન રૂપ હિન્દીમાં દોહા–ચોપાઇ, છંદોમાં અભૂતપુર્વ મહાકાવ્ય 'શ્રી વલ્લભાયન' ની રચના ધમ્બોલા (ડુંગરપુર–રાજસ્થાન) નિવાસી પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રી ગણપતરામભાઇએ કરેલ છે.

ઉકત મહાકાવ્યના પારાયણ તેઓ દ્વારા સમગ્ર ભારતમાં સાડાચારસોથી પણ વધુ થયા છે. સંપ્રદાયના વયોવૃદ્ધ વિદ્વદ્વર્ય ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજ, નિ. લી. શ્રી દિક્ષીજી મહારાજ, નિ. લી. શ્રી પ્રથમેશજી મહારાજ, નિ. લી. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (પોરબંદર), નિ. લી. શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (જુનાગઢ) વગેરે મહાનુભાવ ગો. બાળકોએ આ કાવ્ય સાંભળી સરાહના કરેલ છે.

આ અદભુત ગ્રંથ અનેક વિશિષ્ટતાઓથી યુકત છે અને એનું પ્રકાશન કરવાની અનુમતી અધિકાર આદરણીય શ્રી ગણપતરામ શાસ્ત્રીજીએ આં. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખાના કાર્યકર્તાઓ પ્રમુખશ્રી છગનલાલભાઇ માવાણી, શ્રી રવજીભાઇ પટેલ વગેરેને સંપુર્ણ નિસ્પૃહભાવે આપેલ છે.

ઉત્તમ કાગળ પાકું બાઇન્ડીંગ, ડબલ ડેમી સાઇઝ, ૪૫૦થી વધુ પૃષ્ઠો, કથાપ્રસંગોચિત, ૫૦ બહુરંગી ચિત્રયુકત, ગુજરાતી લીપીમાં આ ગ્રંથ સંપુર્ણ ઓફસેટ પ્રિન્ટીંગથી તૈયાર થશે આ ગ્રંથ સાંપ્રદાયિક ગ્રંથ પ્રકાશનમાં એક સિમાચિન્હ બને તેવી યોજના બનાવેલ છે.

સર્વે વૈષ્ણવોને વિનંતી કે આ પુસ્તકનું પ્રકાશન હાલના પ્રકાશન સામગ્રીની મોંઘાઇના સમયમાં હાથ ધરવું એ મોટું સાહસ છે. તો ઉદારતાપુર્વક આ પુસ્તક પ્રકાશનમાં દેવીદ્રવ્યનો વિનીયોગ કરી સહાયરૂપ બને.

આ પુસ્તક પ્રકાશન કરવા માટે વૈષ્ણવોને સહાયરૂપ બનવાની પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર) પુ. પા. ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજ (જુનાગઢ) તથા ચાંપાસેની–જામનગર–જુનાગઢવાળા પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજ, પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજ, પુ. પા. ગો. શ્રી નવનીતલાલજી મહારાજ, પુ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજ (જેતપુર) તથા પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (પોરબંદર)ની આજ્ઞા થયેલ છે.

આ મહાગ્રંથમાં પ્રસંગાનુરૂપ શ્રી મહાપ્રભુજીના રંગીન પ્રિન્ટમાં લગભગ ૫૦ ચિત્રજી આવશે. આ ચિત્રજી નીચે નામ જય શ્રીકૃષ્ણ રૂા. ૫૦૦૦/–ના દાતાના છપાશે. રૂા. ૧૦૦૦/–ના દાતાના પુસ્તકમાં નામ ઉલ્લેખ સાથે જય શ્રીકૃષ્ણ છપાશે. આ પુસ્તક માટે અગાઉથી ગ્રાહક થનારે હાલ રૂા. ૧૦૧ ભરવાના રહેશે. જ્યારે ગ્રંથ પ્રકાશિત થાય ત્યારે તેનીને પડતર ન્યોછાવર પ્રમાણે પુસ્તક તેમને અપાશે. આ ગ્રંથના પ્રકાશન માટે વૈષ્ણવો તરફથી લોન રૂપે દ્રવ્યનો સહકાર મલે તે પણ સ્વીકારીશું.

: વધુ વિગત માટે તથા સહાય મોકલવાનું સરનામું :

શ્રી છગનલાલ જાદવજી માવાણી
'ગિરિરાજ એમ્પોરીયમ'
ત્રણ દરવાજા પાસે, ધોરાજી–૩૬૦૫૧૦
ફોન : દુ. ૨૦૩૪૧ ઘર : ૨૧૬૭૦

શ્રી રવજીભાઈ પ. પટેલ
'અમૃત'
૧–જલારામ, માર્ગ નં.–૩
યુની. રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૫ ※ ઓગષ્ટ, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

હમ કેવલ પાત્ર

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

આ નામ અને રૂપના ભેદથી હકીકતમાં ભગવાન જ સ્વયં આ જગતમાં ક્રીડા કરી રહ્યા છે. કહેવાનો આશય એ છે કે જગત કોઈ અલગ પદાર્થ હોય અને ભગવાન કોઇ અલગ હોય એવી વાત નથી. ભગવાન શ્રી કૃષ્ણ જ જગતરૂપે પ્રગટ થઈ સ્વયં ક્રીડા કરી રહ્યા છે.

ક્રીડા કરવા માટે સાધનની જરૂર પડે છે. ઉપકરણની આવશ્યકતા હોય છે, સાધન વગર ક્રીડા ન થઇ શકે. જગતની શરૂઆતમાં, સૃષ્ટિ પહેલાં કહેવાય છે ભગવાન એક અદ્વિતીય હતા. ભગવાન સિવાય બીજો કોઈ પદાર્થ હતો જ નહીં.

જ્યારે તેમને ક્રીડા કરવાની ઇચ્છા થઇ તો તેમણે જોયું કે સ્વયં એકલા તો ક્રીડા થઇ ન શકે, ક્રીડામાં

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- ＊ શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ＊ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- ＊ શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના -અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- ＊ **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- ＊ **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકાર**વામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- ＊ શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ＊ ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

બીજાની જરૂર પડે છે. બીજા વગર ક્રીડા થઇ ન શકે. ત્યારે તેમણે વિચાર કર્યો–

“બહુસ્યાં પ્રજાયઃ એકો હું બહુસ્યામ”

હું બહુ રૂપ થઇ પ્રગટ થાઉં. ભગવાને આ ઇચ્છા કરી કે બહુ રૂપ થઇ પ્રગટ થાઉં આનું કારણ શું છે ?

બે રૂપ બનીને, ત્રણ રૂપ બનીને, દશ રૂપ બનીને, અમુક સંખ્યાવાળું રૂપ ધારણ કરીને ભગવાન ક્રીડા શા માટે નથી કરતા ? તેમને માટે આ યોગ્ય નથી. ભગવાનની જે ક્રીડા હોય છે તે ઘણી અદ્‌ભુત છે અને ઘણી વિચિત્ર છે. લોકોની જે ક્રીડા હોય છે તે તો અમુક સમય માટે હોય છે અને કોઇ ખાસ ઉદ્દેશને માટે હોય છે.

પરંતુ ભગવાન માટે એવી વાત નથી. ક્રીડામાં જે એક બીજાની ઇચ્છા હોય કે આપણે અમુક ક્રીડા કરીએ તો તેને માટે સાધન મેળવવા જરૂરી છે. સાધન વગર ક્રીડા કેવી રીતે બની શકે ? તો અહીંઆ ભગવાન એવી ઇચ્છા કરે કે આપણે બીજો પદાર્થ ક્યાંથી લાવવો અને તેનાથી ક્રીડા કરીએ એ તો સંભવ નથી, કારણ કે ભગવાન અદ્વિતીય હતા.

ભગવાન સિવાય બીજો પદાર્થ હતો જ નહીં. પદાર્થની સંભાવના જ ન હતી, કારણ કે બીજમાંથી અંકુર થાય છે. અંકુરમાંથી વૃક્ષ થાય છે. બીજ વગર વૃક્ષની કલ્પના થઇ ન શકે. બીજ અદ્વિતીય હોય છે. તેનાથી વૃક્ષ બને છે. તો વૃક્ષમાં અનંત પાંદડા હોય છે, અનંત પુષ્પ આવે છે, અનંત ફળ આવે છે. આ બધું થાય છે, પરંતુ તેનું મૂળ છે બીજ. એક જ હોય છે, તેમાં અનંતનો ભેદ નથી હોતો. ભગવાન જગતનું બીજ છે. મૂળ કારણ છે. આ જગત વૃક્ષના રૂપમાં આપ પ્રગટ થયા. જગત આપે બનાવ્યું અને જગતરૂપ બનીને જ ભગવાન ક્રીડા કરી રહ્યા છે.

આ આચાર્યચરણોનો એક સિદ્ધાંત છે. જગતને રચવાનું ભગવાનનું જે પ્રયોજન છે, ફક્ત ક્રીડા સિવાય બીજું હોઇ જ ન શકે. જેની પાસે કોઇ વસ્તુનો અભાવ હોય, તે તો કોઇ કામ તે વસ્તુ પ્રાપ્ત કરવા માટે કરે, પરંતુ ભગવાન પાસે કોઇ વસ્તુનો અભાવ તો નથી.

બધું જ તેમનું છે તો પછી કયા પ્રયોજનથી જગત બનાવ્યું: આ કંઇ સંભવ નથી. ફકત ક્રીડા માટે. ભગવાનની ઇચ્છા છે કે ક્રીડા કરીએ, તેથી જ ભગવાને આ જગત બનાવ્યું છે અને આ જે ક્રીડા થઇ રહી છે તે કયા રૂપમાં થઇ રહી છે નામ અને રૂપના ભેદમાં.

નામ અનંત છે અને રૂપ પણ અનંત છે અને આ બધા ભગવાનના જ સ્વરૂપ છે. અર્થાત્ ભગવાનથી અલગ તેમની કલ્પના સંભવ નથી. અહીં આચાર્યચરણ આપણને સમજાવે છે કે આ વાત સર્વદા ધ્યાનમાં રાખો અને સર્વત્ર આનો અનુભવ કરો. બંને વાત આપ બતાવે છે કે ભગવાન જ નામ અને રૂપના ભેદથી ક્રીડા કરી રહ્યા છે. આ વાત હંમેશા ધ્યાનમાં રાખો.

અને દરેક પ્રાણીમાં, દરેક પદાર્થમાં અને દરેક અવસ્થામાં તેનો અનુભવ પણ કરો. ફક્ત

જાણવાથી નહીં ચાલે, તે અનુસાર તમારી ભાવના પણ થવી જોઇએ. તેને અનુરૂપ ભાવના બનવી જોઇએ. જે કંઈ તમે જાણ્યું છે તે અનુસાર તમે ભાવના કરો. જ્યારે તમારી ભાવના બનશે ત્યારે તમારું જે કાર્ય છે તે પણ તેને અનુરૂપ બની જશે. ભાવના વગર કાર્ય વ્યવહારમાં ન આવી શકે.

એક વાત એ છે કે સર્વત્ર ભગવાન છે, જ્યાં આપણે જુદી જુદી વ્યક્તિને સમજીને તેના જુદા રૂપથી પરમાત્મા જ માની લઇએ છીએ. આતો અમુક વ્યકિત આ પ્રકારે છે, ત્યાં વિકાર આવે છે, રાગ પણ થાય છે, દ્વેષ પણ થાય છે. બંને અવસ્થા પ્રાપ્ત થાય છે તો જગતમાં રાગ અને દ્વેષ જે છે તે તો જગતમાં બધાં અનર્થોનું મૂળ છે. દુનિયામાં જે અનર્થ થાય છે તે બધા રાગ અને દ્વેષને લઇને જ થાય છે.

દ્વેષ જે છે તે અનર્થ કરે છે એમ સમજવામાં આવે છે. રાગ તો ઘણો સારો છે. રાગને લોકો ખરાબ નથી માનતા. રાગ તો સારો છે, દ્વેષ કરવો જરૂર ખરાબ છે. લોકો આમ સમજે છે. પરંતુ એ ભૂલી જાય છે કે જ્યાં રાગ હશે ત્યાં દ્વેષ અનિવાર્યરૂપે આવી જશે. આ વાત નિશ્ચિત છે. એ વાત તો ભૂલી જવાય છે.

જ્યાં રાગ હશે ત્યાં દ્વેષ આવવાનું અનિવાર્ય છે. આજે ન આવે, કાલે આવશે. થોડા સમય પછી આવશે. એ અલગ વાત છે. પરંતુ આવશે જરૂર. લોકો રાગને સારું માને છે. દ્વેષ કરવાને દરેક રીતે ખરાબ માની લે છે. પરંતુ આ વાત સમજી લો જ્યાં તમે રાગ કરશો તેનું પરિણામ કયારેય પણ શુભ નહીં આવે.

જેમ દ્વેષનું પરિણામ સારૂં કયારેય ન આવે. બધા જાણે છે કે દ્વેષ કરનારનો બધા દ્વેષ કરે કરનાર કયારેય કલ્યાણ પ્રાપ્ત ન કરી શકે. આ આપણે બધા જાણીએ છીએ. તે રીતે રાગ કરનાર વ્યક્તિ છે તે પણ કલ્યાણનો અધિકારી ન બની શકે. કલ્યાણથી તે હંમેશાં દુર રહેશે.

આ તો એક સિક્કા જેવી વાત છે. સિક્કો હોય છે જેને મુદ્રા કહે છે. એક તરફ જે દેશનો સિક્કો હોય તે સરકારનું ચિન્હ હોય છે અને એક તરફ લખ્યું હોય છે રૂપિયો. બીજી બાજુ જ્યારે રાજા હતા તો રાજા તેમાં પોતાનો ફોટો લગાડતા હતા. તેમની આકૃતિ રૂપિયામાં આવી જતી હતી.

આજ કાલ અશોકચક્ર વિગેરે જે અહીંની સરકારનું ચિન્હ છે તે અનુસાર તેની છાપ હોય છે. કોઈ વ્યકિત એ વિચાર કરે કે મારે રૂપિયો જોઇએ. જ્યાં રૂપિયો લખેલ છે તે બાજુ હોઇએ. જ્યાં સરકારનું ચિન્હ છે તે મારે નથી જોઇતું. એવી કોઇ ઇચ્છા કરે તો એવો રૂપિયો દુનિયામાં કયાંય કોઇને મળશે નહીં.

જેવો રૂપિયો તમે લેશો તો સરકારનું પણ ચિન્હ તેમાં અનિવાર્યરૂપે આવશે. તેનાથી તમે બચી નહીં શકો. આ વાત રાગ અને દ્વેષ સંબંધી પણ છે. લોકો રાગને સારો માને છે. રાગ તો સારો છે, દ્વેષ કરવો ખરાબ છે.

રાગ આપણે કરીએ, બીજા પણ આપણને રાગ કરે તેમાં કોઇ ખરાબી નથી. પરંતુ દ્વેષ કરવો ખરાબ છે. ત્યાં આ જે સિક્કાનું દૃષ્ટાંત છે તે ખૂબ જ સુંદર છે.

એક બાજુ પસંદ કરો, બીજી બાજુ આપોઆપ માગ્યા વગર તેમાં આવી જશે. એક બાજુથી કાર્ય નહીં ચાલી શકે. બંને આપોઆપ આવી જશે. આચાર્યચરણનો આ સંદેશ છે કે જગતમાં રાગ-દ્વેષ જે છે તે જ અનર્થોનું મૂળ છે. દુનિયામાં જેટલા પણ અનર્થ થાય છે તે બધા રાગ અને દ્વેષને લઇને જ થાય છે.

રાગ અને દ્વેષ એ એક રીતે જોવામાં આવે તો વ્યવહાર માટે કોઇ રીતે જાણવા યોગ્ય બની શકે છે. ઉપયોગી પણ બની શકે છે. પરંતુ પરમાર્થરૂપે જો આ બંનેને આપણે સારા સમજશું તો તેનું પરિણામ ઘણું ભયંકર હશે. વ્યવહાર માટે આપણા છે તેને આપણા માનો અને બીજા હોય તો બીજા માનો. પરંતુ પરમાર્થરૂપે તો બધા આપણા છે એમ માનવું જોઇએ. —ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૧૮

હોં તો કર્મનિ હી કૌ ખોટો;
કૃપા સુધા સાગર યમુને ગ્રહ મો લગિ જનુ નિત ટોટો. ૧
આરતિ હરન વેદ યશ ગાવત નંદ મહરિ કો ઢોટો;
પ્રણત દીન **'બલ્લભ'** હિ બિસારત બિરદ કરત કિત છોટો. ૨

ભાવાર્થ : હું હીન કર્મનો એવો આપનો દાસ. દીન થઇને પ્રણામ કરુ છું. હું કોઇ શુભ કર્મ કરવાળો નથી કે જેથી મારા કર્મો ઊંચા હોય. મુળમાં જ મારામાં ખોટ ભારી છે. પરંતુ આપતો કૃપાનાં સાગર છો. આપને ત્યાં કઇ વાતનો ટુટો છે. આપતો જે ધારો તે કરી શકો છો વેદોમાં પુરાણોમાં પણ આપના ગુણોનું વર્ણન આવે છે કે આપ કૃપાનાં સમુદ્ર છો. તો સમુદ્રમાં વળી જળનો ટુટો હોય જ ક્યાંથી ? જે કોઇ આપને (શ્રી યમુનાજીને) શરણે આવે તેની આરતિનું આપ હરણ કરવાવાળા છો; એટલું જ નહીં નંદમહરના પુત્ર શ્રી કૃષ્ણ જ્યાં સ્વેચ્છાથી નિત્ય બિરાજી અનેક વિધ લીલા કરે છે. આટલી બધી સમૃદ્ધિ આપની પાસે હોવા છતાં મારા માટે કૃપા કરવામાં મન કેમ નાનું કરો છો. આપનું બિરદ છે તે મુજબ જ મારા ઉપર કૃપા કરો કવિ શ્રી વલ્લભદાસ વિનવે છે કે હું જેવો છું તેવો સામું દર્પણ લઇને ઊભો છું આપનાથી કાંઇ છુપાવતો નથી, માટે કૃપા કરો.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી ભક્તિવર્ધિની

શ્રીમાન બાલકૃષ્ણ મહોદયે રચેલી ટીકા (વિવરણ) સહિત

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

આ પ્રમાણે ત્રણેયના ફલનું વર્ણન કર્યા પછી કહે છેઃ –

તાદશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશનમ્ ।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ॥ ૬ ॥

વ્યસનદશાને પ્રાપ્ત કર્યા પછી પણ ભકતને માટે સતત ઘરમાં રહેવું એ વિનાશકારી છે. કારણ કે ત્યાગ કર્યા પછી તેને માટે જ મનમાં સતત (હંમેશા) ઇચ્છા રાખવી એ નાશકારક છે. એટલે કે ગૃહવાસ તેના ભગવાન તરફનાં સ્નેહ, આસક્તિ તથા વ્યસન એ ત્રણેયનો નાશ કરનારી નિવડે છે એમ અર્થ છે. જો એમ થાય તો અત્યાર સુધી કરેલું બધું વ્યર્થ (નકામું) થઇ જાય. તેથી તેનો (એટલે ગૃહવાસનો) ત્યાગ કરીને રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. "સતત્" શબ્દથી સમજવાનું છે કે આ બધાની વચ્ચે તીર્થાદી સ્થાનોમાં પણ જવું. જો એવી દલીલ કરવામાં આવે કે એવો પ્રયત્ન પણ માયાવાદીની જેમ નિરાકાર જ બની જવાનો સંભવ છે એવી શંકાનું નિરાકરણ કરવાની હેતુ કહે છે. "તદર્થેતિ" ભગવાન રૂપી જે અર્થ છે તે મેળવવા માટે એક જ ઇચ્છા છે જેની તેવો થવાનું છે. આ તેમનું નથી શૂન્યમાં જ રહેયાની તેમણે કરેલી ઇચ્છાને કારણે "યેન્યેરવિન્દાક્ષે" વગેરે વાકયોનાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે નિન્દિતપણાને કારણે તેઓ ગૃસ્થધર્મનો ત્યાગ કરે અથવા ભગવાનને અર્થે ગૃહનો ત્યાગ ન કરવામાં એમ બન્ને પ્રકારે ધર્મમાં ભૂલ કરી બેઠા છે. એવા લોકોનું અધઃપતન થાય છે. તેથી ત્યાગ તો ભગવાનને અર્થે થાય એ જ મુખ્ય છે. એ (ત્યાગ) પણ અન્તરઃ (એટલે અંદરની બાજુથી) અને એ સિદ્ધ થાય પછી બહારનો ત્યાગ 'એક' શબ્દનો ઉપયોગ એ કારણથી કરવામાં આવ્યો છે કે સતત્ માર્ગીય એકલભ્ય ફલવાળી મનઃસ્થિતિ જણાવવાની છે. તેથી આ સિવાયનું બીજુ ફલ મળે ત્યારે "મૂલ એકઃ શાખાયામપિ પર્યવસપતિ" એ ન્યાયથી (અર્થ – ઝાડના મૂળમાં સીચેલું પાણી ઝાડના શાખા તથા પાંદડાઓ સુધી પહોંચે છે ઉદાહરણ દ્વારા) તેનું અકરણ (ન કરવું તે) નો વિરોધ ન કરવો જોઇએ.

આ પ્રકારના ભકતને જે ફલ મળે છે તેનું વર્ણન કરે છે :–

લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોપ્યધિકાં પરામ્ ।
ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાન્નતઃ ॥ ૭ ॥

જે મનુષ્ય આ પ્રમાણે ત્યાગ કરે તે ભકિતને પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે ત્યાગનું ભકિતરૂપી ફલ મળે છે. જે ભકિત સર્વથી અધિક છે અને પરા (શ્રેષ્ઠ) છે. અવિચારી ગૃહત્યાગ તેના ધ્યેયમાં બાધક બને છે. શાથી ? ખરાબ માણસોની સોબત થવાથી અને પોતાના શરીરના પોષણ માટે જયાં ત્યાં અન્ન મેળવવાના ફાંફાં મારવાથી (એટલે કે પ્રયત્ન કરવાથી) બહિર્મુખ (આંતરીક ભકિતભાવથી વિમુખ) બનવું પડે એ કારણે ગૃહત્યાગ ઇશ્વર પ્રાપ્તિમાં બાધક બનતો હોય છે. ॥૭॥ અને તેથી મુકિત વગેરેમાં આ ફલનો અભાવ સૂચવે છે. ત્યાં પણ સુદૃઢ અને કદી નાશ ન પામે તેવી ભકિતનો ભાવ સૂચવે છે. સતત એટલે હંમેશા ચાલુ રહેતી ભકિત એ ભકિત પણ એવી (સર્વ શ્રેષ્ઠ) હોય છે. જે સર્વ પ્રકારે મુકત લોકોના મનથી પણ મોક્ષદાથી અધિક હોવાને લીધે મુકત લોકો વડે પણ દુષ્પ્રાપ્ય (મેળવવી મુશ્કેલ) છે. સૂત્રમાં કહ્યું છે તેમ “ ભગવાનૂ ભજતામ્ ” વાકય પ્રમાણે (અર્થ ભજનાર લોકોને ભગવાન ” વગેરે સૂત્ર મુજબ પછી એ ભકત પુષ્ટિરૂપી ભકિતને પણ મેળવે છે. “પરાં” એટલે શ્રેષ્ઠ ઉપર કરેલા ભકતને માટે એ ભકિત ઉત્કૃષ્ટ (સર્વ શ્રેષ્ઠ) છે પુષ્ટિરૂપી એવા વિશેષણનો અધ્યાહાર (ઉલ્લેખ બાકી છે) એમ સમજવું. આ પ્રમાણે ત્યાગનું ફલ વર્ણવ્યા પછી ફરીથી સિંહાવલોકન તરીકે એવો ત્યાગ કેવી રીતે કરવો તેનું વર્ણન કરે છે. ‘ત્યાગે’ કરેલા ત્યાગમાં કોઇ પુરુષાર્થ નથી કારણ કે તેમાં બાધક વસ્તુઓ ઘણી હોય છે. ઘણી અડચણો હાજર હોય છે, પછી એ અડચણો ત્યાગનો નાશ કરે એવો સંભવ છે. જો એવી દલીલ કરવામાં આવે કે ત્યાગની હાજરી (સ્થિતિ) હોય ત્યાં નાશ કેમ સંભવે ? ઉત્તરમાં હેતુનું વર્ણન કરે છે “ દુઃસંગાદિતિ ” ખરાબ માણસોની સોબતથી ભગવાનના ભકતના વિરોધીઓનો સંગ–સોબત આવા ભકતોને થવાથી તેમના સંસર્ગને લીધી એ ભકત પણ એવો જ બની જાય છે દુષ્ટજનના સંસર્ગ (સંગે) ને લીધે ભગવદ્ધર્મનો લોપ થાય છે એ કારણે એવી જ રીતે દુર્જને આપેલું (દુષ્ટ અન્ન) ખાવાથી પણ બુદ્ધિ ભ્રષ્ટ થઇ જાય છે. તેના પાપ ભરેલા તથા ભ્રાન્તિ પેદા કરનાર ગુણના કારણે જેમ જીવોને ભગવતસંબંધનો અભાવ દોષ કારણ છે એવી જ રીતે અન્નની બાબતમાં પણ બને છે. ભકિતમાં વૃદ્ધિ કરવાની ઇચ્છાવાળાએ અસમર્પિત (ભગવાનને ધર્યા વગરની) વસ્તુનો ઉપયોગ ન કરવો જોઇએ. એવો ઉદ્દેશ (તાત્પર્ય) છે અને આ તો ઉપલક્ષણ (સહલક્ષણ) છે. ખરું જોતા તો દરેક વસ્તુમાં તેના સંબંધથી વિરુદ્ધ ભાવને લીધે તેનો અભાવ હોય છે તેથી સંબંધોથી સંબંધ ન ધરાવતી વસ્તુનું ગ્રહણ ન કરવું એમ કહેવાનો અર્થ છે. તેથી શુદ્ધ માર્ગે જે કંઇ મેળવ્યું હોય તેના સંબંધવાળું સર્વ કંઇ શુદ્ધ જ હોય છે તેથી ઉચ્ચ ભાવનાવાળા ભકતોએ એમજ કરવું એમ અર્થ સૂચવેલો છે. ખોટા માર્ગેથી મેળવેલું દ્રવ્યથી પ્રાપ્ત થયેલું અન્ન તથા કૃપણનું અન્ન દુષ્ટાન્ન હોય છે તેથી ખરાબ સોબત તથા ખરાબ અન્ન જયાં ન હોય ત્યાં સતત (હંમેશા) રહેવું. આમ અટન (રખડવા)નો અભાવ સૂચવ્યો છે. ॥૭॥

એવા સારા સ્થાનોને વર્ણવતા કહે છે. અતઃ....વગેરે

અતઃ સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્ત ન દુષ્યંતિ ॥૮॥

શ્લોકાર્થ :- આ કારણને લીધે (બીજભાવ દઢ થાય ત્યાં સુધી ભગવતપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ ભકતે હરિના સ્થાનમાં (શ્રીમદ્ ગોકુલ, વ્રજભુમિ, જગન્નાથપુરી, પંઢરપુર, દ્વારકા વગેરે શ્રી હરીના સ્થાનોમાં રહેવું જોઇએ. ભગવદીયજનો સાથે ભગવતસેવા પરાયણ (તત્પર) બનીને રહેવું અથવા તો તેમની વધુ નિકટ ન રહેવું. જો તેમનામાં આપણા વિષે દોષ બુદ્ધિ જાગે એવો ભય હોય તો (કારણ કે પેલા સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તેમ :-

અતિપરિચયાદવજ્ઞા, સંતત ગમનાદનાદરો ભવતિ ।
મલયે ભિલ્લપુરન્દ્રી ચંદનતરુકાષ્ટ મિન્ધનં કુરુતે ॥

અર્થ :- વધુ પડતા પરિચય (નિકટના નિવાસના કારણે અવજ્ઞામાન-હાનિ-માનમાં ખામી) દેખાવાનો સંભવ છે. કાયમ અથવા સતત પાસે રહેવાથી અનાદર (યોગ્ય આદરનો અભાવ) અનુભવવા મળે છે. ઉદાહરણ તરીકે મલયાચલ પર્વત પર સુગંધ યુકત અને કિંમતી ઘણા ચંદનના વૃક્ષો ઉગે છે ત્યાં શ્રેષ્ટ હોવા છતાં ચંદનની યોગ્ય કદર થતી નથી. પણ મલયાચલ પર્વત પર રહેતી ભીલ સ્રીઓ ચંદનના કિમતી લાકડાંને બાળવાના મામુલી લાકડાં તરીકે વાપરે છે. ચંદન કાષ્ઠ તો તેના સુગંધીરૂપી ગુણને કારણે ઘસાઇને લેપ બનીને ભગવાનની મૂર્તિના લલાટે લગાડવામાં આવતો હોય છે ? લાકડાં તરીકે બાળવા માટે ચંદન કાષ્ઠ યોગ્ય નથી) આપણું મન દોષિત ન થાય તે રીતે નજીક કે દુર રહેવું. પરંતુ કોઇ સંજોગોમાં સત્સંગ તો છોડવોજ નહીં ॥-॥

ટીકાનો અર્થ : જો બન્ને (એટલે દુસંગનો અથવા દુષ્ટ અન્નનો) ભયનો સંભવ હોય તો એકાન્તે (કોઈ જાતના સંગ વગર) અને શ્રી હરિના સ્થાનમાં (જ્યાં શ્રી હરિ સર્વતઃ (બધી બાજુએ) સ્થિત (રહેલા) છે એ સ્થાનમાં જ રહેવું. અને એવા હરિના સ્થાનમાં પણ આ જ પ્રમાણે જડવત ન રહેવું. પરંતુ તદીયૈઃ એટલે ભગવદીય (એટલે ભગવાન સાથે સંબંધ ધરાવનાર) જનોની સાથે મળીને રહેવું કારણકે તેઓ જ ભગવદ્વાર્તાને સારી રીતે જાણતા હોય છે. એવા સત્સંગમાં રહેતા કૃતાર્થ જ થવાસે. આમ ભગવદીયનો સંગ થવાથી દુઃસંગ થતો નથી એમ તાત્પર્ય છે ત્યાં દુષ્ટ અન્નની પ્રાપ્તિ થવાનો ભય પણ નથી કારણ કે ત્યાં ભગવદીયોનો ભોજન કર્યા પછીનો પ્રસાદ જ મળે છે અને આજ દાસધર્મ હોવાથી તેમના ઉપર અસૂયા (ઇર્ષ્યા) વગેરેનો આરોપ પણ ન કરવો. કારણ કે તેઓ તો તત્પર એટલે કેવળ ભગવદ્ પરાયણ જ હોય તે. ભગવાન વગર બીજું કશું પણ તેઓ જાણતા નથી. તેથી ભગવદીયજનો તરફ એ ભકત દ્વેષ-ઇર્ષ્યા વગેરે ધરાવે તો ભગવાન પણ એ બાબતને સહન કરતા નથી. કારણ પોતાના ભકતોના દ્વેષ વગેરેને ભગવાન સહન કરી શકતા નથી. કારણ પોતાના ભકતોના

દ્વેષ વગેરેને ભગવાન સહન કરી શકતા નથી, આમ તો કહેવામાં આવે છે કે ભગવદીયજનોની સાથે રહી સેવા કરવામાં બહુ દુર પણ નહી અને વધુ પડતા પાસે પણ નહી એવી સ્થિતિ જ્યાં હોય ત્યાં રહેવું, જેવી રીતે દિવસ રાત્રિમાં બે વાર કે એકવાર તેનો સંગ થાય. 'વા' શબ્દ અનાદર દર્શક છે. કારણ કે મુખ્ય પક્ષ એજ છે કે જ્યાં સેવા–શ્રવણાદિ થાય છે. આ સ્થાનોમાં તો કેવલ શ્રવણાદિ જ. તેથી આ ગૌણ છે. મુખ્ય બાબતનો અસંભવ હોય તો પણ આ તો કરવું. જ જો એમ ન થાય તો ચિત્તમાં દોષનું આક્રમણ થતાં નાશ જ થાય. ॥૮॥

— ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઇચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્‌ગારો

૩૪. પ્રભુ ચરિત્રો વડે ઓળખાય છે.

આ ભગવાનના ચરિત્રને કોઇ જાણતું નથી. પણ એમના અવતારના પછી અવતાર ત્રીજી પેઢીએ થાય છે. આ તેમની એક માયા છે. બ્રહ્માજી નારદજીને કહે છે કે, અમો પાર પામતા નથી. અમે તો શું જાણીએ, પણ આ શેષજી છે, તે હજાર મુખે સ્તુતિ કરે છે, પણ પાર પામતા નથી. પોતે આદિ છે, છતાં જાણતા નથી ને પળ પણ પ્રભુને છોડત. નથી, તેમ છતાં જાણતા નથી.

ત્યારે પુછયું કે એ પભુની પ્રાપ્તિ કેમ થાય ? એમ નારદજી બ્રહ્માજીને પુછે છે, ત્યારે બ્રહ્માજી કહે છે કે, એ શેષજી તો મોટા તિમિંગલ ભગવદીય છે, સમુદ્રમાં પડયા છે, પણ પ્રભુરૂપ સમુદ્રનો પારજ પામતા નથી એવા ભગવાન છે.

ત્યારે પુછયું કે આ જીવ, સ્ત્રી, શુદ્ર, ભીલ તથા કિરાત એમની શી વલે ? તેને પામવાની આટલી કુંચી છે, તે એ કે જે કપટ મુકીને સર્વાત્મ ભાવે પ્રભુને શરણે જાય તે પ્રભુને પામે વળી મોટા મોટા ચાલ્યા છે તે માર્ગે ચાલે, એમ ચાલ્યો જાય તો પ્રભુને પામે.

આપણા ગુરુ જે કરે છે, તે જોઇને તેમના માર્ગે ચાલીએ, તો પ્રભુ પ્રસન્ન થાય. તે સેવા કરે છે, સ્મરણ કરે છે, તે માર્ગે ચાલીએ તો પ્રભુ પ્રસન્ન થાય પણ જો હું કર્તા માનીએ, તો કરેલું એ જાય જેમ આપણે અપરસમાં હોઇએ ને કોઇ અસ્પૃશ્ય અડકી જાય, ત્યારે અભડાઇએ તેમ જીવ પોતાને કર્તા માને તો અભડાય છે. અને તેથી પ્રભુ ખીજે છે (આપણા ઉપર)

પોતે પ્રભુ વિચારે છે કે મારૂં સ્મરણ, મારી સેવા તથા મારાં કીર્તન મેં કરાવ્યાંને જીવ માને છે કે મેં કર્યા, ત્યારે તે છોવાય છે. સવારમાં અપરસમાં હતો, પણ એટલું બોલ્યો ત્યારે સર્વે ખોયું માટે પ્રભુ કર્તા જો જો પ્રભુને પામવાનાં શારા કામના કર્તા પ્રભુ છે.

વળી આ શરીર છે, તે કુતરા, શીયાળવા, ભુંડ વગેરે ખાય તેવું છે, છતાં તે પર મોટાઇને આદર ? વળી દેહ તે હું હું ને આ દેહનાં સંબંધી સ્ત્રી, ઘર, છોકરાં વગેરે ઉપર સ્નેહ આ બધું નરકનું ઠેકાણું છે. જયારે હું ને મારૂં જાય, ને પ્રભુને ભજાય, ને કપટ મુકીને સર્વાત્મભાવે પ્રભુને શરણે જવાય તો પ્રભુ મળે જ્યારે પોતાની દેહ મલમુતર ભરેલી કુતરાં શિયાળવા ખાય એવી જાણે અને એ દેહ ઉપર આદર નહિં રહે, તેમજ સ્ત્રી ઉપરની સત્તા જતી રહે, ગમે તો મારી નાખે, ને ગમે તે કરે, એ સર્વના ધણી તો એક પ્રભુ છે, તો પ્રભુ ગમે તે કરે,

આપણે પ્રભુના છીએ, ને સર્વે પ્રભુનું છે, ને સર્વે પ્રભુના છે કપટ મુકી દે તો પ્રભુ હમણાં ને હમણાંને પ્રસન્ન થાય. પ્રભુને ગમે છે કે, તું અને તારી સત્તા કાઢી નાખ, તદ્દન મારે શરણે આવ મુળમાં તો તું એ નથી, ને તારી સત્તા માની અને આથી તું અસુર થયો.

ખરો ભગવદીય તે જ કે જે મારૂં છે, તે બધું મને સોંપે. અને ખરો ધણી બલાનો મને જ માને.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

કીર્તનભક્તિ (૨)

સતયુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજન પામતાં, સહુ કલી હરિ–કીર્તન તેહ.
તેહ થકી પણ અધિક ફળ હરિ ગુણ ગાતાં ?
તો શું થયું તપ તીરથમાં નાહાતા
મણિ મલ્યો તે શોધે શીદ કોડી ?
વિના વિશ્વાસે મૂઢ મરે દોડી.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૫)

વિવેચન :– આ ચંદ્રાવળામાં મણિ અને કોડીનાં દૃષ્ટાંતથી સમજાવ્યું છે જેને હાથે મણિ મલ્યો તે શા માટે કોડીની ગોત કરે ?

આ કલીકાળમાં તો કેવળ હરીકીર્તન જ મણીરૂપ છે બાકીનાં સાધનો બધા કોડી રૂપ છે જુઓ દૃષ્ટાંત શ્રી ભાગવત ૧૨ સ્કંધ અ.–૩ શ્લોક ૧૨ માં.

ન ગંગા ન ગયા સેતુર્ન કાશી ન ચ પુષ્કરમ્ ।
જીહ્વાગ્રે વર્તતેયસ્ય હરિરિત્ય ક્ષર દ્વયમ્ ॥

કેવું સુંદર દૃષ્ટાંત આપ્યું છે કે જેનાં મોઢામાં હરિ આવું બે અક્ષરનું નામ વસેલું છે. તેને ગંગા, ગયા, કાશી કે પુષ્કરજી આવા મહાન તીર્થોમાં જઇને શું મેળવવાનું રહે છે ? તેને પવિત્ર થવાની જરૂર જ નથી તે તો નિત્ય હરિનું સ્મરણ કરી પવિત્ર બને છે.

'જેને ઘેરે હરિજન હરિરસ ગાય તે તો નિત્ય ગંગાજીમાં ન્હાય'

આ વાકયનો સાર બતાવે છે કે પ્રભુનું નામ સંકીર્તન કરે તેમાં બધા તીર્થો આવી જાય છે પછી જપ ને તપની કાંઇ જરૂર જ નથી.

યુગોનું પ્રમાણ નિચે મુજબ છે :–

સત્યાદિ ત્રિયુગે બોધ, વૈરાગ્યૌ, મુકિત, સાધકો
કલૌ તુ કેવલ ભકિત–બ્રહ્મ સ્વપુજય કારિણ્

ત્રણે યુગોમાં જેમ કે સતયુગ ત્રેતા દ્વાપરમાં જ્ઞાન પ્રાપ્ત કરવાથી મુક્તિ મળતી તેનાં સાધનમાં વૈરાગ્યની જરૂર રહેતી પરંતુ કલીયુગમાં તો કેવળ કેશવ કીર્તનથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે. આટલી બધી મહેનત કરવાની જરૂર જ રહેતી નથી.

શ્રી મહાપ્રભુજી નવરત્ન ગ્રંથમાં આજ્ઞા કરે છે કે :-

“ તસ્માત્ સર્વાત્મનાં નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ
વદદભિરેવ સતતં સ્થેય મિત્યેવ મે મતિઃ ”

આમાં સાર ભુત બતાવ્યું છે શ્રીકૃષ્ણઃ શરણં મમ આ મંત્ર મહાન છે તેથી સર્વાત્મ ભાવથી સ્મરણ કીર્તન જપ આદી કરવા તેને ન ભૂલવું. સતતઃ નામ સ્મરણ ચાલુ રાખવું. આ મારી સલાહ છે મે, મતિ, આજ મારી મતી છે. શાસ્ત્રો પુરાણો તેમજ વિદ્વાનો પુકારી પુકારીને કહે છે કે કલીયુગમાં ભગવાન શ્રીકૃષ્ણનું નામ સંકીર્તન સર્વોત્તમ છે. માટે બુદ્ધિમાન એને જ કહી શકાય આ તત્વને સમજીને જીવનમાં ઉતારે આ કીર્તનથી ચિત્ત, મન, વાણી બધાની એકાગ્રતા સાધી શકાય છે. સતયુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પૂજન, અને કલીયુગ કેવળ કેશવ કીર્તન ફળદાયી છે. આ બધું જોતાં સાર એ નિકળે છે. બીજા સાધનો કષ્ટદાયક છે છતાં કોડી સમાન છે હરિનું સંકીર્તન તે મણીરૂપી છે આ સાર સમજીને બીજા સાધનોનો મોહ છોડી દેવો કલૌ કેશવ કિર્તન્યત્.

શ્રી ગુંસાઇજીનાં સેવક ચાચા હરિવંશજી હતા તેમને ભ્રમણ કરવાનું કામ હતું તેમણે શ્રીકૃષ્ણઃ શરણં મમ આશ્રયથી સર્વ સિદ્ધિ મેળવી હતી. એકવાર શ્રી યમુનાજી ભરપુર વહેતા હતા. સામે પાર જવું હતું સાથે એક વૈષ્ણવ હતા તેમણે કહ્યું કે શ્રીકૃષ્ણઃ શરણં મમનો જપ કરતાં ચાલો હું જ્યાં પગ મુકીને ઉપાડું ત્યાં તારે પગ મુકવો આમ બન્ને શ્રી યમુનાજી ઉપર ચાલવા લાગ્યા. સાથેના વૈષ્ણવને વિચાર આવ્યો કે હું પણ એ જ નામ લઉં છું તો તેનાં પગ પાછળ કેમ મુકું બીજી જગાયે પગ મુકતાં જ તે ડૂબવા લાગ્યો ત્યારે ચાચાજીએ તેને પકડી રાખ્યો પછી સમજાવ્યું કે ભાઇ મારૂં પ્રભુએ સાંભળ્યું છે તું પણ નામ સ્મરણ રટતો રહીશ તો તારું પણ સાંભળશે. ચાચાજીને બીજી સેવાનો અવકાશ નોતો મળતો. શ્રી ગુંસાઇજી એક ગામમાં પધાર્યા તે ગામમાં એક પણ વૈષ્ણવનું ઘર ન હતું ત્યારે શ્રી ગુંસાઇજીએ આજ્ઞા કરી કે આ ગામથી ચાચાજી નીકળ્યા જ નથી તેમનો એવો પ્રભાવ હતો. શરણ મંત્રની સિદ્ધિ પ્રાપ્ત થઇ પછી શું બાકી રહે ?

હું હરિનો હરિ છે મમ રક્ષક એ ભરૂસો જાય નહીં
જે હરિ કરશે તે મમ હિતનું એ નિશ્ચય બદલાય નહીં

એક લશ્કરી અધિકારી પોતાની નવ પરિણિત પત્નિ સાથે જહાજમાં જઇ રહ્યો હતો તે વખતે સમુદ્રમાં ભયંકર તોફાન ઉઠયું પહાડ પહાડ જેવડા મોઝાં સમુદ્રના ઉછળવા લાગ્યા

તે વખતે મુસાફરો સમજી ગયા કે હવે મોત નજીક આવ્યું સૌ ગભરાઇ ગયા હાય હાય મચી ગઇ આ અધિકારીની પત્નિ પણ ગભરાય ગઇ તેણે પતિને કહ્યું તમે કેમ શાન્ત બેઠા છો. મોત સામું દેખાય છે ત્યારે તેણે પિસ્તોલ કાઢી પોતાની પત્નિ સામે તાકી છતાં પત્નિને ડર ન લાગ્યો ત્યારે તેનો પતિ કહે છે કે તને પિસ્તોલનો ડર ન લાગ્યો તે મોતથી બીતી નથી ? તમે મારા દુશ્મન છો કે મને મારી નાખશો ? તુરત જ તેણે પિસ્તોલ ખીચામાં મૂકી દીધી અને કહ્યું કે તને મારી પિસ્તોલનો ડર નથી તેમ આ મોઝાનો મને ડર નથી કેમ કે હું તો મારાં પ્રભુનું નામ સ્મરણ કરું છું તે નામનો જ મને વિશ્વાસ છે થોડા સમયમાં તુફાન શમી ગયું મુસાફરો કોઇક આ અધિકારી પતિ પત્નિની વાત સાંભળી રહ્યા હતા તેમને પણ જાણવા મળ્યું જેને હરિ નામનો આધાર છે તે નિડર બને છે. તે તો સંકટમાં નામ સ્મરણ ચાલુ રાખી વિશ્વાસ રાખે છે કે જે કરશે તે મારા ભલા માટે જ કરશે.

માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ —ક્રમશઃ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

—ગતાંકથી ચાલુ

૭. ચરણપહાડી લીલા (રાગ : સારંગ-કાન્હરો)

[સારંગ – બધાઇ કો દિન નીકો આજ]

ચરથ પહાડીપે મુરલી બજાઇ;
નિત બુલાવત સખિયન પ્યારી, આરોગન છાક છકિહારી. ૧

૧લુકલુક કુંડે, પ્રિય કુમુદિની, ખીલી હસત વિહારી;
ખેલ કરત હેં આંખમિચોની, સખા સબન સંગાથી. ૨

દક્ષિણ ચરણકો વામ ચરણ ધરી, સ્વરૂપ ત્રિભંગી રચાઇ;
વ્રજ ભકતન, ગોપિનકો મોહી, અધર શ્રીવેણુ ધરાઇ. ૩

૨મુચકુંદ ઋષિ ભયે બલિહારી, પિતાંબર પટ ઓઢી;
કાલયવન કો, હરિ હનાઇ **'ચરનદાસ'** પ્રગટ પોઢી. ૪

ભાવાર્થ : ૧લુકલુક કુંડે = ચરણ પહાડીની સામે નીચેના ભાગે લુકલુક કુંડ આવેલો છે. ત્યાં શ્રી ઠાકોરજી આંખ મીચોલી રમત રમતા હતા અને આસપાસ વૃક્ષ–ઘટાઓમાં તથા

ચરણ પહાડીની ગુફાઓમાં સંતાઈ જતા હતા. તેથી આ કુંડનું નામ લુકલુક કુંડ–છુપાઇ છુપાઇને જોવું, તેવું પડયું છે. તેમાં સફેદ કુમુદો આજે પણ ખીલી રહ્યાં છે. આ કુંડ અતિ વિશાળ છે અને ઘટાદાર વૃક્ષોથી શોભાયમાન લાગે છે. શ્રી ઠાકોરજી તથા ગોપબાળકો રમત રમતાં શ્રમિત થતાં થાકી જતાં ત્યારે આ કુંડમાં જળવિહાર કરતા તેથી કુંડની સુંદરતા અધિકતર અનુપમ શોભા આપતી અને સર્વેને પરમાનંદનું દાન થતું.

ચરણ પહાડીની તળેટીમાં જ્યારે ગોપ બાળકોને રમતા રમતા તરસ લાગી ત્યારે શ્રી ઠાકોરજીએ પોતાની વેણુથી તળેટીમાં કુવો ખોદ્યો અને તેમની તરસ મીટાવી. આજે આ કુવાને વેણુ–કૂપ કહે છે. સખીઓ જ્યારે બપોરના સમયે છાક લઈ આવતી ત્યારે શ્રી ઠાકોરજી સર્વ ગોપ બાળકો સાથે આ વેણુકૂપ પાસે બેસી ભોજન કરી, મીઠું, મધુરું, જળ આરોગી વિશ્રામ લેતા. આજે પણ આ કુપનું જળ અતિ શિતળ અને મધુરું ખનિજ પદાર્થો મિશ્રિત લાગે છે. પીવાથી થાક ઉતરી જાય છે.

આ ચરણ પહાડી ઉપર જ્યારે શ્રી ઠાકોરજી મોરલી વગાડતા ત્યારે ત્રિભંગી સ્વરૂપ ધરી એટલે ડાબો ચરણ સીધો રાખી જમણો ચરણ તેના ઉપર વાળીને ધારણ કરી વાંસળી મધુરી વગાડતા. આસપાસ પહાડી ઉપર ચરતી ગાયો સર્વે એક સ્થળે એકત્રિત થતી અને બપોરના સમયે છાયામાં બેસી, ગૌચારણ સ્થળે બેસી વાગોળતાં વિશ્રામ કરતી અને પ્રભુ છાક આરોગતા.

આ ચરણ પહાડી ઉપર પહાડની શિલામાં શ્રી ઠાકોરજીનાં ચરણ ઉપર અંકિત થયેલાં દર્શન થાય છે.

૨. શ્રી ઠાકોરના ચરણારવિંદથી થોડે નીચેના ભાગમાં એક ગુફાનાં દર્શન થાય છે. અત્રે મુચકુંદ ઋષિ દેવોની રક્ષા કરતાં થાકી ગયા હતા ત્યારે ભૂતલ ઉપર વધુ આરામ માટે અત્રે ગુફામાં ઘણા વખતથી સૂઇ ગયા હતા, જ્યારે કાલયવન મથુરા ઉપર ચઢાઈ કરી શ્રીકૃષ્ણ ભગવાનની સામે યુદ્ધ કરવા આવ્યો હતો ત્યારે પ્રભુ તેની સામે લડયા નહીં, કારણ કે જરાસંઘ પણ યુદ્ધની તૈયારી કરતો હતો તેથી બંનેની સાથે એકી સમયે યુદ્ધ કરી યાદવોનું અને ભકતોનું રક્ષણ થઇ શકે નહીં, તેથી પ્રભુએ દોડવાનું નાટક કર્યું અને દોડતા દોડતા આ સ્થળે આવી પ્રભુ છુપાઇ ગયા અને પોતાનું પિતાંબર મુચકુંદ ઋષિ ઉપર ઓઢાડી દીધું. કાલયવનને લાગ્યું કે શ્રીકૃષ્ણ દોડતા દોડતા આવ્યા હોવાથી થાકી ગયા હશે તેથી આ ગુફામાં ઓઢીને સંતાઇને પોઢી ગયા છે. આમ માની લાત મારી ઓઢેલું પિતાંબર ઉઠાવ્યું. લાતનો પ્રહાર થતાં મુચકુંદ ઋષિ ઘોર નિદ્રામાંથી જાગ્રત થયા અને પોતાની આંખોના અપ્રતિમ તેજની જ્વાળાથી કાલયવન ભસ્મીભૂત થઇ ગયો. આ રીતે પ્રભુએ તેમની અલૌકિક શકિત દ્વારા તેનો સંહાર કર્યો.

–ક્રમશઃ

કંઠાભરણમ્

ચરણામૃત

ગૃહ્ણામિ ગોકુલાધીશ, ચરણામૃતમાદરાત્;
અતસ્ત્વત્ સેવનાસિદ્ધયે, મયિ દીને દયાં કુરુ.

હે શ્રી ગોકુલાધીશ પ્રભુ ! આદરપૂર્વક આપના શ્રી ચરણામૃતને હું ગ્રહણ કરું છું. હવે આપની સેવાની સિદ્ધિને માટે મારા જેવા દીન ઉપર દયા કરો.

તુલસી મંત્ર

યન્મૂલે સર્વ તીર્થાનિ યન્મધ્યે સર્વ દેવતાઃ;
યદગ્રે સર્વ વેદાશ્ચ તુલસિ ત્વાં નમામ્યહમ્.

જેના મૂળમાં બધાં તીર્થો છે, જેના મધ્યમાં સર્વ દેવો છે અને જેના અગ્રભાગમાં બધા વેદો છે તેવાં હે તુલસી ! તમને હું નમન કરું છું.

તુલસિ શ્રીસખિ શુભે પાપહારિણિ પુણ્યદે;
નમસ્તે નારદનુસ્તે નારાયણમનઃ પ્રિયે.

દેવી લક્ષ્મીજીની સખી, કલ્યાણ સ્વરૂપિણી, પાપને હરનારી, પુણ્યને આપનારી, નારદજીએ જેની સ્તુતિ કરી છે એવાં અને શ્રી નારાયણ ભગવાનને વહાલાં હે તુલસીમાતા ! હું તમને નમસ્કાર કરું છું.

ગુરુને નમસ્કાર

ગુરુ બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ;
ગુરુઃ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહાદેવ – શંકર છે અને ગુરુ પ્રત્યક્ષ પરમાત્મા છે એવા શ્રી ગુરુદેવને નમસ્કાર હો.

જગદ્ગુરુ શ્રીકૃષ્ણને વંદન

વસુદેવ સુતં દેવં કંસચાણૂર મર્દનમ્;
દેવકી પરમાનંદં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્.

વસુદેવજીના પુત્ર, કંસ રાજા અને ચાણૂર મલ્લને મારનાર, દેવકીજીને પરમ આનંદ આપનાર એવા જગદ્ગુરુ શ્રીકૃષ્ણ ભગવાનને હું નમન કરું છું.

મહર્ષિ વ્યાસને વંદન

વ્યાસાય વિષ્ણુરૂપાય વ્યાસરૂપાય વિષ્ણવે;
નમો વૈ બ્રહ્મનિધયે વાસિષ્ઠાય નમો નમઃ.

વિષ્ણુરૂપ વ્યાસને, વ્યાસરૂપ વિષ્ણુને, જ્ઞાનના ભંડારને, તેમજ વસિષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલા વ્યાસને નમસ્કાર હો, નમસ્કાર હો.

પર બ્રહ્મને નમસ્કાર

ૐ કારં બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ ૐ કારાય નમો નમઃ.

ઇચ્છિત પદાર્થને અને મોક્ષને આપનાર બિન્દુ સહિત ઓંકારનું યોગીઓ હંમેશાં ધ્યાન કરે છે એવા ઓંકારને નમસ્કાર હો, નમસ્કાર હો.

શ્રી વિષ્ણુને વંદન

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્;
યત્કૃપા તમહં વન્દે પરમાનન્દમાધવમ્.

જે ભગવાનની કૃપા મૂંગાને બોલતો કરે છે, લૂલાને પર્વત ઓળંગાવે છે, તે પરમાનન્દ રૂપ માધવ પ્રભુને હું નમસ્કાર કરું છું.

[શ્રી પરીખ પરિવાર, વિલેપાર્લે પ્રકાશિત "કંઠાભરણમ્"
કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૧૨ તા. ૮-૮-૯૫ મંગળવાર, પવિત્રા બારસ, ગુરુને પવિત્રા ધરવા, ગો. શ્રી મધુરેશજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ-મુંબઇ-બોરીવલી-જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૦-૮-૯૫ ગુરુવાર, રક્ષાબંધન (ભોગ સંધ્યામાં), નાળીયેરી પુર્ણિમા, યજુર્વેદી, અથર્વવેદી, હિરણ્યકેશી, કૃષ્ણયજુર્વેદી તૈત્તરીય શાખાની શ્રાવણી આજે, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૩ તા. ૧૩-૮-૯૫ રવિવાર, કજ્જલી ત્રીજ, ગો. શ્રી ગોપાલલાલજી બાવાશ્રી (કામવન)નો તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ (મુંબઇ-બોરીવલી-જામખંભાળીયા જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૧૭-૮-૯૫ ગુરુવાર, શયનમાં છઠ્ઠીનો ઉત્સવ, વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૧૮-૮-૯૫ શુક્રવાર, શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ, જન્માષ્ટમી વ્રત, ભાવાત્મક મહારાત્રિ, ગો. શ્રી ગોકુલેશજી બાવાશ્રી (વીરમગામ-અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૧૯-૮-૯૫ શનિવાર, નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૦-૮-૯૫ રવિવાર, આજથી અમામ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૧-૮-૯૫ સોમવાર, ગો. ચિ. કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૨૮-૮-૯૫ મંગળવાર, અજા એકાદશી વ્રત, શ્રી રણછોડજી (ડાકોર)ના પલના વિજય, ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૨૪-૮-૯૫ ગુરુવાર, દ્વાપર યુગાદિ તિથિ, ગો. શ્રી રાકેશકુમાર મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવદ વદ ૧૪ તા. ૨૫-૮-૯૫ શુક્રવાર, શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલાલહેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦) દર્શ અમાવાસ્યા.

ભાદરવા સુદ ૨ તા. ૨૮-૮-૯૫ સોમવાર, શ્રી રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૨૯-૮-૯૫ મંગળવાર, હરિતાલિકા, હરિયાળી, કેવડાત્રીજ,

ભાદરવા સુદ ૪ તા. ૩૦–૮–૯૫ બુધવાર, ગણેશ ચતુર્થી, ગો. શ્રી રત્નેશકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૩૧–૮–૯૫ ગુરુવાર, ઋષિ પંચમી, દ્વિતીય સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનો ઉત્સવ, ગો. શ્રી યોગેશકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન, (છઠ્ઠનો ક્ષય હોવાથી આજે).

ભાદરવા સુદ ૭ તા. ૧–૯–૯૫ શુક્રવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિવસ.

ભાદરવા સુદ ૮ તા. ૨–૯–૯૫ શનિવાર, રાધાષ્ટમી, ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૩–૯–૯૫ રવિવાર, શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૦ તા. ૪–૯–૯૫ સોમવાર, નવનાગરીના પદ બોલાય, વર્ષાઋતુ પુરી થઇ.

ભાદહવા સુદ ૧૧ તા. ૫–૯–૯૫ મંગળવાર, પરિવર્તિની દાન એકાદશી વ્રત, નવલક્ષ ગ્રન્થકર્તા–લેખમાળા–દશદિગન્ત વિજયી, ગો. શ્રી પુરુષોત્તમજી (વિ. સં. ૧૭૧૪)નો ઉત્સવ, દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે, શ્રી કૃષ્ણચંદ્રજીનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ, શરદઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૬–૯–૯૫ બુધવાર, વામન જયંતિ.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા – પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

–ગતાંકથી ચાલુ

હરિ બોલે કિત ભોર ભઇ હૈ, અંધકાર યુત રૈન છઇ હૈ;
જો ન ચિન્હ તુમ હોત બનાયે, કહુ કિમિ તુમકોં પરત દિખાયે ? ?
દેખ સકુ હુ જો રૈન અંધેરી, તૌ કહુ કિતની રેખ હથેરી. ૩૬
લજ્જિત સી ગોપીજન બોલીં, રહહુ નાથ, જિનકરહુ ઠિઠોલીં;
ચતુરાઇ તુમરી હમજાની, સુનહિં કુલવધુ સકલ સયાની,
યોગ્ય ન તુમ કહં ઐસે બોલો, બોલે પ્રભુ, મૈં મનકો ભોલો. ૩૭

બોલે લાલ ભૂલ ભૈ ભારી, અબ ન કહહું કછુ તિયન મંઝારી;
દો. નહિં જાન્યોં તુમ્હરો હૃદય, મેરો ભોર સ્વભાઉ;
અબ કહિ હૌં એકાન્તમેં, 'ભૂપ' મોહિં પતિયાઉ. ૩૮

સુનહુ ગોકુલાધીશ ધરહુ ચિત, કહહિં, કરહુ છિપ જો ચરિત્ર નિત. ૩૯

અંજન અધર નેત્ર તામ્બૂલા, ગોલ ચિન્હ ગંડન પ્રતિકૂલા. ૪૦

પ્રભુ બોલે તુમ સત્ય કહહુ સખિ, સદા અધર સાંવલતા સખિલખિ;
જો નહિં તુમ કહંરુચિ કર હોઇ, નિજ અધરન–રંગ રંગહુન સોઇ. ૪૧

નયનન દિખત પાનકી લાલી, તાકો, ઉદાહરણ તૂ, આલી;
તોહે પ્રેષ્ઠ પાસ, સખિલાવત, પ્રિય પાનન નિજ બદન રંગાવત. ૪૨

ગાલન મેરે ચક્ર બતાયો, ચક્રપાણિ મમ નામ કહાયો;
લગ્યો હોયગો ભૂલન ગાલન, ચક્ર ચિન્હ જેહિ ગાવહુ ગ્વાલન. ૪૩

દો. બોલત ગોપી સુનહુ સખિ, ઉર માલા બિન ડોર;
કહહુ પ્રયોજન તાસુકો, બોલે નન્દ કિશોર. ૪૪

છં. હંસિ કહહિં નન્દ કિશોર, ઇર્ષ્યા ઇમિન તુમ કહં સોહહી;
સકલંક હૈં નિશિનાથ, તૌ નિશિ, ચન્દ્રમા પૈ મોહહી.
તેહિ ભાંતિ મોલન કરહુ ઇર્ષ્યા લાય, સો સબ નેષ્ઠ હૈ;
નિજ પ્રેષ્ઠ સોં અનુરાગહી, યા પથ મેં શ્રેષ્ઠ હૈ. ૪૫

હૈ રાત્રિ સ્વયં મલીન, તેહિ સકલંક ભર્તા ભાયગો;
પર કહહુ હમ જૈસીન કે હિય, તુમ સરિખ કિમિ આયગો ? ? ૪૬

ભો મેં કલંક ન હૈ કછૂ, જો હૈ તુમ્હારો હી દિયો;;
કરિ કેં કલંકિત કાન્હ કિમિ, તુમ કહં કુલાંગિનિ કહ દિયો. ૪૭

ઝંઝટ તજહુ અબ સાંવરે, તજિ સેજ ઉઠ બૈઠ હુ મગન;
હો આર્ત નન્દાદિક સકલ, તવ બાટ જોહહિં પ્રાણધન. ૪૮

સામર્થ્ય તુમ પૈં હોય, તૌ, હે સખી મોહિં જગાવહૂ;
નાતર જગાવ હું મૈં તુમ્હેં, તુમ પૌઢ, સેજન જાવહૂ. ૪૯

ઇક સખી બિરહાનલ જરી, સહચરી સોં પૂછન લગી;
તુમ કહહુ કેહિ વિધિ જગહિં, પ્રાણધાર, કહ આદર પગી. ૫૦

કૈસી કરૂં મૈં થક ગઇ, ઇનકોં જગાઇ જગાઇકેં;
કછુ ખોલ લેયં કબ હું સખી, પુનિ સોયં નૈન મુંદાઇકેં. ૫૧

સો. નહિં સમુઝી હરિ–હેય, આંખ મીંચ હરિ કહહિં યહ;
યો રવિ લૌકિક ગેય, નૈત્ર કમલ નહિં ખોલ સક. ૫૨

દો. કેહિ વિધિ નેત્ર કમલ ખુલેં, કાર્ય સિદ્ધિ હો જાય;
કહહુ જાનતીં હોઉ તૌ, કહિ હૌં, બનત ઉપાય. ૫૩

મોં સોં જો કછુ પૂછો ચાહત. જો મન વચન અવત હિત માનત
તૌં સુનુ કહિહૌં એક ઉપાઉ, નિજ શ્રમ કો સાદર ફલ પાઉ. ૫૪
સામી જા મુખ ચંદ્ર દિખાવહ, હો સક તિન્હેં કુમુદ હૌ ચાવહુ
જો તિન નેત્ર કુમુદ હ્વી હવૈ હૈ, તવ મુખ ચંદ્ર દેખ વિકસે હૈ,
પૈ તે કમલ ન સંક્ષય યાહી, ખુલે રહત દિગ માંઝ સદાહી ૫૫

તવ કુન્ડલ સૂર્ય સમ પ્રકાસૈં, કમલ ભયે હુ ઇમપિવિકાશેં. ૫૬
પૈ સખિ દોઉ ઉપાય કરિ દેખિ, ઉભય ન યોગ્ય બતાઉ વિશેષી. ૫૭

મેરી કહિન તવ મન ભાઇ, તાસુ નિવારણ સુનુ મન લાઈ,
ડૂબ્યો રહે સૂર્ય યદિ સાગર, તહંહુ કરહિ સબ વસ્તુ ઉજાગર ૫૮

તેહિ વિધિ તવ કુન્ડલ રવિ માનોં, મુખ છબિ સિન્ધુ ડૂબિયો જાનોં,
નેત્ર મીન તહં વાસ કરાહીં, હોયં પ્રકાશિત છિન ન લગાહીં ૫૯

લૌકિક રવિ હુ ગગન જબ આવત, લૌકિક કમલ તવહિ ખિલ જાવત,
દો. તૈ સહિ તવ તાટંક રવિ, પ્રભુ કપોલ આકાશ ૬૦

તિન મુખ રખ આપનો, લાજ ત્યાગ દુખ રાસ,
ચિર કુટિત તવ અધર રસ, નિજ અધરન કરિ પાન,
તિન કપોલ તાટંક તવ, રખ નહિં હોઇ વિહાન.
સો. તવ કુન્ડલ રવિ દેખ, નેત્ર કમલ પિય કે ખુલે. ૬૧

યામેં મીન ન મેખ, સત્ય વચન મૈં ભાખહું.
તબ હમ સબ એકત્રિત હોઈ, નિદ્રા ગૃસિત નયન હરિ જોઇ,
શિથિલ અંગ મન સિજતેં સુન્દર, કરિ હૈં પ્રભુ કે દર્શન સુખકર ૬૨

સુન સહચરિ કે મૃદુ વચના, કીન્હ સ્વામનીજી સોઇ રચના,
અન્તઃકરણ મનોર્થ રહાયો, સો પૂરણુ એહિ ભાંતિ હુવાયો. ૬૩

પ્રાણનાથ જાગે ઇમિ જબહીં, પ્રભુ સુખ સુધા પાન કરિ તબહીં,
વૃજ ભક્તન હરિ ચિત ચુરાઇ, વિરહ અગ્નિ છિન માંઝ બુઝાઇ. ૬૪

નિજ પિય મિલન અમિત નિધિ પાઇ, વૃજ ભક્ત ન જો સુખ અનુભાઇ,
સો હરિરાય હું કહિન સકાયે, પામર ‘ભૂપ’ કહહુ કિમિ ગાયે. ૬૫

દો. આર્ત ભઇ અતિ વિયોગન, વૃજ ભકતા ઝટ આયા,
કરિ આલિંગન પ્રભુનકો, લીને ગોદ બિઠાય. ૬૬

સબ નિજ ગર્વ ત્યાગ ઇકઠાઇ, ઇહિ ગોપી ઢિંગ દૌરી આઈ,
દેખિ મુકુન્દરાય કહં સારી, હહરાઇ પતિ ભાવ વિચારી,
ભખિ ઇહિ ભાવ મુરારી કાહીં, અભિ નિવેશ તિન ગુણ માહીં,
રૈન વિયોગ કલેશ સોં પાગીં, દીન વચન સબ બોલન લાગી. ૬૭

હે સુન્દરિ તવ ભાગ્ય જગાયે, પ્રાપ્ત ગોકુલાધીશ હુવાયે,
ભ્રમરહિં કમલ ઢંકત જેહિ ભાંતી, નિજ ભુજ ઢાંકિ જુરાવત છાતી. ૬૮

દીઠ ન લગહિ કાહુકી ઇન્હીં, સરસોં વારિ છરિક દિસિ સબહીં,
અથવા હરિ કે સુન્દર મુખ કહં, લેહુ છિપાઇ નિજી આંચર મહં,
સફલ મનોરથ તબ સિદ્ધાયે, કરૂ વિલાસ ઇનિ સન મન ભાયે. ૬૯

કામભાવ જેહિં અતિ ઉદયાયો, પ્રભુ વિયોગ અગ્નિ સોં જરાયો,
સો. ઐસી ગોપી એક, સહન સકી વિરહાગ્નિ જો,
કરી ન દેરી નેક, ગોપી પતિ કંહ કર્યો કછુ ૭૦

દો. પ્રભુ સ્વામિનિ દો ઉનકે, મન અરૂવાહી કેર,
રમણ પ્રકાર અગોચર, ભયો સુમુખિ તેહિ બેશ. ૭૧

છન્દ. હરિ રૂપ ભ્રમર ઢંકે રહી જો સખિ અપને ભુજ કમલ,
તિન યુગલ કંહ ઢાંકે ખડી, ચહુ ઓર ગોપી તે સકલ. ૭૨

જિમિ કમલ કમ્પિત વાયુસોં, પ્રભુ નેત્ર તિમિ ચંચલ ભયે,
પુનિ સ્વામિનિ લોચન ભ્રમર, પ્રભુ કમલ મકરંદ પી ગયે. ૭૩

દો. પુનિ મૈયા પૈ લૈ ગઇ, લેહુ આપનો બાલ,
હમ સબ ઇનહિં જગઇયો, ભોજન દેહુ રસાલ. ૭૪

બહુત ભાંતિ લાલચ દિયે, તબ જાગે ગોપાલ,
કઠિન જતન તવ ગોદમેં, લાઇ હમ બ્રજબાલ. ૭૫

જદપિ ભયો અબ પ્રાતઃ કાલા, અજહું નિદ્રા બસ તવ લાલા;
કહત રહ્યો મૈં ઉઠહું ન કેહિ, કરાહુ પ્રયત્ન યદ્યપિ તુમ અગણિત ૭૬

બહુ પ્રકાર પ્રાર્થના કરાઇ, પ્રકટે ચરન સીસ હું નાઇ;
જૈસે તૈસે કર સમઝાયે, ઇનકો કેઉ વિધિ તુમપૈ લાયે ૭૭
પુનિ કહ પ્રભુ કછુ માતુ બુઝાઇ, મમહિત કા કા સોંઝ બનાઇ;
કહ મૈયા જો જો તોહિ ભાવત, સબ કીનો મૈં કયો ઘબરાવત ૭૮

પહલે દુધ પિયવુ તુમ છૈયા, દુધપિયે બાઢૈ ઉમરૈયા
બાલ બઢેં અરૂ હોવેં કાલે, હુઇ હૌ દાઉ સમ બલવાલે ૭૯

દો. મેરે કહનો માનીકે, હે મમ ચંચલ બાલ
પધરાવહુ મુખકમલ મેં માખન મિસરી લાલ ૮૦

બાંધ્યો ગઢો દધિ મિસરી સહ, સ્વાસ્થ કાહિં હૈ અતિ હિતકર યહ
સો નિજ બદન કમલમેં નાવહું, મોર મનોરથ સફલ કરાવહુ ૮૧

ભૈંસન કે દુધકી મલાઈ, જો કી સ્વર્ણ પાત્રન ભરવાઇ;
ગોકુલ પાલક તાહે ખાઇ, મમશ્રમ જલ્દી સફલ કરાઈ ૮૨

ગેહું કે આટાકી રોટી, શુભ્ર સુકોમલ રૂચિકર છોટી;
સંગ માખન મિસરી તવ મુખમેં, ગોકુલેશ જાનઉ યહ સુખમેં;
યાહે મુખ કમલમેં પધરાઇ, તિસુ મનોર્થ દો પુર્ણ કરાઇ ૮૩
શાલ ભાત અરૂ સદ્ય જમ્યો દધિ, સહ સંધાન યહ જાન મુખ ઉદધિ ૮૪
લાલન દુધ બહુત ઔટાઇ, ચાંવલ ડારિસુ ખીર બનાઈ;
તામેં મિસરી અતિ પધરાઇ, તવ મુંખચંદ્ર યોગ્ય સિદ્ધાઇ ૮૫

દો. પૂર્વ દેશ ઉત્પન્ન ભે, ખિલ્યો ભયો તિન ભાત;
પકે મૂંગ શક્કર સહિત, ખાવહુ ગોકુલ ના થ ૮૬

સૂરણ કે કંદસોં બનાયો, રોપ્ય પાત્ર મેં શાક ભરાયો;
સુવરણ ડલ્લિન સરિસ દિખાયો, નઇ અરવી કો શાક બનાયો ૮૭
યે સબ સુંદર સિદ્ધ કરાયો, તવ હિત સુંદર પાત્ર ભરાયે ૮૮
હીંગ નમક અદરક મીચીં ભરી, ભરવાં બૈંગન રખે સિદ્ધ કરિ ૮૯

—ક્રમશઃ

સર્વમાન્ય સુખદ સમાધાન

—શ્રી વલ્લભપદરેણું

આચાર્ય શ્રી વલ્લભ મહાપ્રભુજીના સમયમાં ઓરિસ્સામાં ભોજ નામના એક હિન્દુ રાજા રાજ્ય કરતા હતા. આ રાજાને ધર્મસભામાં ખૂબ ઊંડો રસ હતો.

જે સમયે શ્રી વલ્લભ જગન્નાથજીના દર્શન કરવા માટે મંદિરમાં પધાર્યા તે સમયે ત્યાં એક ધર્મસભા ચાલી રહી હતી. રાજા ભોજ પણ તે સભામાં ઉપસ્થિત હતા. અનેક

સંપ્રદાયોના વિદ્વાન પંડિતો અને શાસ્ત્રીઓ ચર્ચામાં ભાગ લઇ રહ્યા હતા. તે વખતે જે ચાર મુદ્દાઓ પર ચર્ચા ચાલી રહી હતી તે મુદ્દા આ પ્રમાણે છે–

(૧) મુખ્ય શાસ્ત્ર કયો ? (૨) મુખ્ય દેવ કોણ છે ?
(૩) મુખ્ય મંત્ર કયો છે ? (૪) મુખ્ય કર્મ કયો છે ?

જુદા જુદા મતોના ઉચ્ચ કક્ષાના વિદ્વાનો સભામાં ઉપસ્થિત હતા. દરેક જણ આ પ્રશ્નોના સમાધાન માટે પોતાના મંતવ્યો પ્રસ્તુત કરી રહ્યા હતા પરંતુ આ બાબતમાં કોઇ સર્વમાન્ય સુખદ સમાધાન કોઇ હજી સુધી લાવી શક્યું ન હતું.

બરાબર આ સમયે શ્રી વલ્લભ મંદિરમાં પધાર્યા. પરિચિત વર્તુળોમાં અસાધારણ જ્ઞાન અને બુદ્ધિપ્રતિભાને કારણે શ્રી વલ્લભ 'બાલ સરસ્વતી'ના નામથી જાણીતા થયા હતા. બાલ સરસ્વતી શ્રી વલ્લભ કૃષ્ણ નામના એક તીર્થ ગોર સાથે વિદ્વાનોની આ ધર્મસભામાં જઇ બિરાજ્યા.

સૌથી પહેલાં તો શ્રી વલ્લભે પ્રસ્તુત પ્રશ્નો અંગે બધા વિદ્વાનોના મંતવ્યો બાબતમાં જાણકારી મેળવી. સભા કોઇ નિર્ણય પર આવી શકી નહીં હોવાથી રાજા પણ ખિન્ન બની ગયા હતા અને આવી અનિવાર્ય દશામાં સભા વિસર્જીત થવાની સંભાવના હતી.

શ્રી વલ્લભે રાજાની અનુમતિથી ધર્મસભામાં શાસ્ત્રીય ચર્ચા કરવા ઇચ્છા કરી. બાલ વયના શ્રી વલ્લભનો આ પ્રયાસ રાજા અને વિદ્વાન વર્ગમાં એક કુતુહલનો વિષય બની ગયો. જોમ વિનાના વાતાવરણમાં જાણે એક નવું ચૈતન્ય આવ્યું.

શ્રી વલ્લભમાં પોતાની વિદ્વાતા માટે અહંકારનો જરા સરખો પણ ભાવ ન હતો. તેઓ ભગવદ્ પ્રેરણાથી જ બોલી રહ્યા હતા. ભગવદ્વાણી જાણે વલ્લભવાણી બની બધા શ્રોતાઓને ઉલ્લસિત કરી રહી હતી.

[illegible]મ છતાં પંડિતવર્ગમાં એવી કેટલીક હઠાગ્રહી વ્યક્તિઓ હતી કે જે શ્રી વલ્લભના શાસ્ત્રસંમત નિષ્કર્ષ માટે પ્રમાણ માગી રહી હતી.

શ્રી વલ્લભે કાગળ-કલમ-ખડિયો મંગાવી મંદિરમાં મુકાવી. દ્વાર બંધ કરાવ્યા. થોડી વાર પછી જ્યારે મંદિર ખોલવામાં આવ્યું ત્યારે કાગળ પર નીચે જણાવ્યા મુજબ એક શ્લોક લખેલો જોવામાં આવ્યો સ્વયં પુરુષોત્તમ પ્રભુ શ્રી જગન્નાથજીએ નિજ હસ્તાક્ષરમાં શ્રી વલ્લભના મંતવ્યની પુષ્ટિ કરેલી હતી.

એકં શાસ્ત્રં દેવકીપુત્ર ગીતં મેકો દેવો દેવકીપુત્ર એવ ।
મંત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ॥

(૧) દેવકીપુત્ર ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા ગાયેલી શ્રીમદ્ ભગવદ્‌ગીતા જ એક માત્ર શાસ્ત્ર છે.

(૨) દેવકીનંદન શ્રીકૃષ્ણ એ જ એક માત્ર દેવ છે.

(૩) ભગવાન શ્રીકૃષ્ણનાં નામ એ જ મંત્ર છે, અને

(૪) ભગવાન શ્રીકૃષ્ણની સેવા એ જ એક માત્ર કર્મ છે.

શંકાને સ્થાન ન રહે એટલા માટે બીજી વાર પણ તે જ પ્રમાણ કોરો કાગળ અને ખડિયો મુકવામાં આવ્યા, ત્યારે પણ આ મુજબના ઉત્તર મળ્યા.

સ્વયં ભગવાન પુરુષોત્તમના આ નિર્ણયનો વિરોધ કોણ કરી શકે ? વિરોધના જરા સરખા દબાયેલા સૂરને પણ ભગવદ્ વાણીમાં જાણે ઉત્તર મળી ગયો.

યઃ પુમાન્ શ્રી હરિં દ્વેષ્ટિ તં વિદ્યાદન્ત્યરેતસમ્ ।

અને.... વિરોધનો સૂર સહસા વિલિન બની ગયો !

આ જીવન ગ્રાહકોની યાદી

વર્ષ ૧૧ નવે. ૯૨ અંક ૮ના અનુસંધાને

૪૮૬ શ્રી કંસારા કનૈયાલાલ પરસોતમદાસ, વાંકાનેર
૪૮૭ ,, કંસારા દામોદરદાસ ચતુરદાસ, વાંકાનેર
૪૮૮ ,, કંસારા હિંમતલાલ કરસનદાસ, વાંકાનેર
૪૮૮ ,, પરસોતમ વલ્લભદાસ પંજવાણી, જુનાગઢ
૪૯૦ ,, ઠાકરશીભાઈ નરસીભાઇ વાડોલીયા, રાજકોટ.
૪૯૧ ,, મોહનલાલ લવજીભાઇ વાડોલીયા રાજકોટ
૪૯૨ ,, જેરામભાઇ તુલસીભાઇ વાડોલીયા, રાજકોટ
૪૯૩ ,, સોની કાંતીલાલ કાળીદાસ, ગોંડલ
૪૯૪ ,, અનંતરાય મોહનલાલ, જેતપુર
૪૯૫ ‘, ગિરધરલાલ કાળીદાસ મર્થંક, રાજકોટ
૪૯૬ ,, સોની મગનલાલ લક્ષ્મીચંદ, રાજકોટ
૪૯૭ ,, સોની જીતેન્દ્રકુમાર પ્રભુદાસ, રાજકોટ
૪૯૮ ,, હસમુખલાલ જમનાદાસ કક્કડ, રાજકોટ
૪૯૯ ,, ધ્રૃવ હર્ષાબેન રમણિકલાલ, જુનાગઢ
૫૦૦ ,, ચુનીલાલ જેરામભાઇ પટણી, રાજકોટ
૫૦૧ ,, શ્રી મહાપ્રભુજી પ્રાગટય બેઠકજી ટ્રસ્ટ, ચંપારણ્ય
૫૦૨ ,, મુખીયાજી શ્રી મહાપ્રભુજી બૈઠક, નૈમિષારણ્ય (યુ.પી.)
૫૦૩ ,, શ્રી મહાપ્રભુજી બેઠકજી, તગડી (ગુજરાત)
૫૦૪ ,, શ્રી મહાપ્રભુજી બેઠકજી, હાજીપુર (બિહાર)
૫૦૫ ,, શ્રી મહાપ્રભુજી બેઠકજી, વર્કલા (કેરાલા)

આં. રા. પુ. વૈ. પરિષદ દ્વારા આયોજીત અંતિમ વકતૃત્વ સ્પર્ધા સંપન્ન

આં. રા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ, નિ. લી. પૂ. પા. ૧૦૮ શ્રી કૃષ્ણાવતી વહુજી મહારાજ ચેરી, ટ્રસ્ટ અને પૂ. પા. ગો. ૧૦૮ શ્રી ઈંદિરાબેટીજી સુવર્ણ જયંતી મહોત્સવ આર્ય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શ્રી વલ્લભ વકતૃત્વ નિબંધ સ્પર્ધાનું અંતિમ આયોજન પૂ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ અને પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયની પાવન પ્રેરક ઉપસ્થિતિમાં સુંદર રીતે સંપન્ન થઈ ગયું. ભક્તિકુંજના ભક્તિમય વાંતાવરણમાં મંગલાચરણના મંગલ શબ્દોથી વાતાવરણ ગુંજી રહ્યું. પ્રદેશમંત્રી પ્રિ. વી. પી. પરીખે શબ્દ સુમનોથી સ્પર્ધકો અને અતિથિઓનું અભિવાદન કર્યું. સ્પર્ધાના સંયોજક અને પ્રદેશ સહમંત્રી શ્રી સી. પી, તલાટીએ આયોજનની પીઠીકા સમજાવતાં જણાવ્યું કે સમગ્ર ગુજરાતમાં લગભગ ૪00 જેટલા સ્પર્ધકો સહભાગી બન્યા હતા. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરતાં પૂ. ગો. દ્વારકેશબાવાશ્રીએ વૈષ્ણવ યુવાનોને આવી સ્પર્ધાઓમાં સહભાગી બનવા બદલ અભિનંદન આપી પરિષદના આ કાયમી. પ્રોજેકટને બિરદાવ્યો હતો. ત્યાર પછી જુથ–૧ ની સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. વિષય હતો "શ્રી ગુંસાંઈજી મને ગમે છે." ૧૯ સ્પર્ધકોએ પરિપકવ તૈયારી સાથે વિષયની ન્યાયોચિત છણાવટ કરી હતી. પુષ્ટિમાર્ગના સંવર્ધક શ્રી ગુસાંઈજીના વૈવિધ્યપૂર્ણ વ્યક્તિત્વને વૈષ્ણવ બાળકોએ છટાપૂર્વક પ્રસ્તુત કર્યું. પ્રસાદના વિરામ બાદ જુથ–૨ ની સ્પર્ધાનો પ્રારંભ થયો. વિષય હતો "પુષ્ટિમાર્ગની વિલક્ષણતાઓ મારી દષ્ટિએ." ૧૮ સ્પર્ધકોએ પૂર્ણ તૈયારીથી સજ્જ બનીને વિલક્ષણતાઓનું રોચક શૈલીમાં વિશ્લેષણ કર્યું હતું. વિષય એક હતો પણ વિચાર વૈવિધ્ય અનોખું હતું પાંચ કલાકે પૂ. પાદ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહોદયની અધ્યક્ષતામાં અભિવાદન–પુરસ્કાર વિતરણના અંતિમ ચરણનો પ્રારંભ થયો.

અધ્યક્ષ સ્થાનેથી આશીર્વાદનો અભિષેક કરતાં પૂ. પા. વ્રજેશકુમારજી મહોદયે સ્પર્ધાના સંદર્ભમાં કેટલાંક રચનાત્મક સૂચનો કર્યા.

વિજેતા સ્પર્ધકોને શ્રીનાથજીની ૧૦ ગ્રામ ચાંદીની મુદ્રા, પુષ્ટિ સ્વાધ્યાય વલ્લભગીતા સમર્પણનો સિધ્ધાંત વગેરે પુરસ્કારોથી વિભૂષિત કરવામાં આવ્યા. વિજેતા શાખાને નિ. લી. પૂ. પા. ગો. કૃષ્ણાવતી વહુજી મહારાજશ્રી મેમોરીઅલ ટ્રોફી અને જુથ–૧ માટે સ્વ સુશીલાબહેન સુમનચંદ્ર શાહ ટ્રોફી આચાર્યશ્રીના કરકમલો દ્વારા એનાયત કરવામાં આવી. કાર્યક્રમ આનંદભર્યા માહોલમાં સંપન્ન થયો. સ્પર્ધાના સ્પંન્દનો ભક્તિકુંજમાં ગુંજતાં રહ્યાં.

શ્રી વલ્લભ વકતૃત્વ – નિબંધ સ્પર્ધાના વિજેતાઓ

વકતૃત્વ સ્પર્ધા

જુથ–૧

(૧) કુ. શશી રાજેન્દ્ર મહેતા – ગોધરા
વિજય પદ્મ ટ્રોફી
(૨) પટેલ જિજ્ઞેશકુમાર અલ્કેશકુમાર
કેવડીઆ કોલોની
(૩) શાહ મીનાબહેન એન. કારેલી બાગ, વડોદરા
(૪) શાહ વિશાલ દિનેશકુમાર – ડભોઈ
(૫) દેવાંગી શશીકાંત ધારૂંયા – સુરત

નિબંધ સ્પર્ધા જુથ–૧

(૧) જિજ્ઞાસુ બોડાવાલા – ડભોઈ
(૨) બીજલ એમ. શાહ – માંડવી શાખા
(૩) પૂર્વી એસ. શાહ – તેજગઢ
(૪) અમી કે. શાહ ૦ મહેલોલ
(૫) નેહા આર. દેસાઈ – હરણી વડોદરા

વકતૃત્વ સ્પર્ધા

જુથ–૨

(૧) પરીખ તરૂણ સી. – કારેલી બાગ, વડોદરા
(૨) શ્રી વીરેન્દ્રકુમાર બુટાલા – ગોત્રી–વડોદરા
(૩) શ્રીમતી નયનાબહેન એન. તરસાલી–વડોદરા
(૪) શાહ કોકીલા સી. હરણી–વડોદરા
(૫) કિનારીવાલા સ્નેહલાડી. – સુરત
(૬) શાહ પારૂલબહેન આર. – ગોધરા

નિબંધ સ્પર્ધા જુથ–૨

(૧) ધનંજય એન. શાહ – જરોદ
(૨) ગૌરાંગ કે. શેઠ – સુરત
(૩) જિજ્ઞેશ ગોવિંદલાલ શાહ – મહેલોલ
(૪) કેતુલ બી. શાહ – તેજગઢ
(૫) તરૂણ સી. પરીખ – કારેલી બાગ, વડોદરા

સમાચાર

પૂ. પા. ગો. **શ્રી વ્રજેશકુમારજી** મહારાજશ્રી (કડી–અમદાવાદ)નો દ. આફ્રિકા તથા ઓસ્ટ્રેલીયાનો ધર્મ પ્રચાર પ્રવાસ

પુ. પા. ગો. વ્રજેશકુમારજી મહારાજ તથા આપશ્રીના અ.સૌ. વહુજી તા. ૧૨–૪–૯૫ ના દક્ષિણ આફ્રિકાના વૈષ્ણોની વિનંતિથી ત્યાંના ધર્મ પ્રચાર પ્રવાસે પધાર્યા ડર્બન એરપોર્ટ પર ભારી સંખ્યામાં વૈષ્ણવોએ આપશ્રીનું સ્વાગત કરેલ.

ડર્બનના એમ. જી. હોલ ખાતે સતત પંદર દિવસ સુધિ આપશ્રીના વચનામૃતોનું આયોજન થયેલ ઉપરાંત ડર્બનના શાલીગ્રામ ટેમ્પલ ખાતે પણ જાહેર જનતાને વચનામૃતનો લાભ આપેલ જેમાં દ. આફ્રિકાના શિક્ષણ મંત્રી એ હાજર રહી આપશ્રીનું સન્માન કરેલ આ સમય દરમ્માન શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ સહુ પ્રથમ વખત શ્રીવલ્લભ કુલની સાનિધ્યમાં ઉજવવાનો અવસર ડર્બનના વૈષ્ણવોને મળેલ જેમાં સર્વોત્તામ યજ્ઞ. પ્રભાત ફેરી વગેરે સુંદર આયોજનો થયેલ તેજ શુભ અવસરે આપશ્રીના કર કમલોથી ડર્બનમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ'ની શાખાનો પ્રારંભ થયેલ.

દ. આફ્રિકાના અન્ય શહેરો જહોનીસબર્ગ. પ્રીટોરીયા વગેરેમાં પણ આપશ્રીના વચનામૃતો થયેલ અને તેથી વૈષ્ણવોમાં ખુબ ધર્મ જાગૃતિ થયેલ.

સાથોસાથ આપશ્રીના અ.સૌ. શ્રી વહુજીએ વૈષ્ણવોને સેવા પ્રકાર શંગાર, આરતિ વગેરેનું સુંદર શિક્ષણ આપેલ.

દ. આફ્રિકાથી આપશ્રી સીંગાપોર થઈ ઓસ્ટ્રેલીયા પધાર્યા એ દેશમાં શ્રીમદ્‌વલ્લભવશંજ ગોસ્વામી બાલકની આ સર્વ પ્રથમ પધરામણી થયેલ સીડની એરપોર્ટ ખાતે વૈષ્ણવોએ સારી એવી સંખ્યામાં ઉપસ્થિત થઈ આપશ્રીનું સ્વાગત કરેલ ત્યાં મીન્ટો બિન્દુ ટેમ્પલ ખાતે આપશ્રીના વચનામૃત થયેલ આ કાર્યક્રમ અંગેની જાહેરાત ઓસ્ટ્રેલીઆ બ્રોડકાસ્ટીંગ કો. ઉપરથી પણ કરવામાં આવેલ.

ઓસ્ટ્રેલીઆના અન્ય શહેરો મેલબોર્ન, ન્યુકેસલ. કેનબેરા, બ્રીસ્બન વગેરેમાં પણ આપશ્રી યુગલ સ્વરૂપની પધરામણી કરાવી વૈષ્ણવો કૃતાર્થ થયેલ અનેક પુષ્ટિમાર્ગીય જીવોને આપશ્રીએ શરણે લીધેલ પચિસ દિવસનો ઓસ્ટ્રેલીઆનો પ્રવાસ કરી પુષ્ટિ પતાકા ફરકાવી આપશ્રી સિંગાપોર થઈ. તા. ૧૦–૬–૯૫ ના ભારત પધાર્યા. (પ્રવાસ વિવરણ : શ્રી જયન્તિભાઈ ચોકસી મંત્રી આં પુ. વૈ. પરિષદ અમદાવાદ)

ભાવાંજલિ

મુંબઈ મોટા મંદિરવાળા પુ. પા. ગો. શ્રી વ્રજાધિશજી મહારાજ તા. ૧૨–૭–૯૫ ના નિત્ય લીલા પધાર્યા તે સમાચારથી સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને આપશ્રીના વિયોગનું અસહય દુઃખ થયું છે. આપશ્રી' અખીલ ભારતિય વૈષ્ણવ પરિષદ'ના અધ્યક્ષપદે બિરાજી પ્રરિષદની પ્રગતિમાં ઉત્તામ ફાળો આવેલ 'પરિષદ'નો ઐતિહાસિક હિરક મહોત્સવ આપશ્રીનીની અધ્યક્ષતામાં જ રાજકોટ ખાતે યોજાએલ અને ત્યારે પરિષદનું આંતરરાષ્ટ્રિય પુ. વૈ. પરિષદ તરીકે રૂપાંતર થયેલ.

આપશ્રીએ વલ્લભવંશજોમાં પ્રથમ જ કાયદાના સ્નાતકની પદવી પ્રાપ્ત કરી અને હાઈકોર્ટમાં વકિલાત પણ કરેલ.

આપશ્રી અત્યંત કૃપાળુ, વ્યવહાર કુશળ, વિદ્વાન આચાર્ય સ્વરૂપે વૈષ્ણવોની સંર્વાગીણ ઉન્નતિ માટે સદાય પ્રયત્નો કરેલ.

આપશ્રીના લીલા પ્રવેશથી સંપ્રદાયને અપુરણિય ક્ષતી થઈ છે. આં. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ તથા સર્વે પદાધિકારીઓ તથા આં. પુ. વૈ. પરિષદ સંચાલિત શ્રી વલ્લભ વિજ્ઞાન સમિતિ, શ્રી વલ્લભ સુધા સંપાદક વ્યવસ્થાપક મંડળ આપશ્રીને નમ્ર ભાવાંજલી અર્પે છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

॥ શ્રીહરિઃ ॥

શ્રી કૃષ્ણ સ્તુતિ

[વસંતતિલક]

આ વૈષ્ણવો હ્રદયના બહુ શુદ્ધ ભાવે,
સેવા અને સ્મરણથી સહુ જે ભજે છે,
જે ભકતનાં હ્રદયમાં વસતા વિભુ તે,
શ્રીકૃષ્ણનાં ચરણમાં અમ વંદના છે. (૧)

કારાગૃહે નગર ત્યાં મથુરા મહીં જે
પ્રાગટ્ય તો અખિલ બ્રહ્મતણું થયું છે,
સંસારના સકલ લોકતણાં પ્રભુ તે,
શ્રીકૃષ્ણનાં ચરણમાં અમ વંદના છે. (૨)

જે નંદને યશુમતિ ઘર ઉછર્યા છે,
ને ગ્વાલબાલ સહ ખેલ ઘણાં કર્યા છે.
વૃંદાવને વિવિધ રાક્ષસને હણ્યા તે,
શ્રીકૃષ્ણનાં ચરણમાં અમ વંદના છે. (૩)

જે પુર્ણ પ્રેમ રસરાજ રસેશ સ્વામી,
આનંદ જે નિજગૃહે સહુ ગોપી પામી,
જે રાસથી 'કુસુમ-આયુધ" ગર્વ છોડે,
શ્રીકૃષ્ણનાં ચરણમાં અમ વંદના છે. (૪)

ગીતા તણું પરમ જ્ઞાન વિશુદ્ધ આપ્યું;
એ કર્મ, જ્ઞાન, ઇશભકિત ત્રિવિધ કેરું,
અધ્યાત્મ જે સરળ શબ્દ થકી કહે તે,
શ્રીકૃષ્ણનાં ચરણમાં અમ વંદના છે. (૫)

શ્રી કૃષ્ણ કનૈયાલાલ કી જય

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહક[illegible] પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

'ચંદ્રમા (ઉપરતો) હવે વાંદરાને બિલાડાને કુતરાએ થઈ (જઇ) આવ્યા એ વાંદરા, બિલાડા, કુતરા મટી નથી ગયા. એ તો એવાને એવા રહયા એમ (વિજ્ઞાનથી) તો આપણે એ એવાને એવા રહીશું ! 'આવ ભાઇ હરખાને આપણે બેય રૂરખા' પછી એક બીજાને એક બીજાનો ભય તો લાગવાનો જ છે, તો જીવનમાં નિર્ભયતા કયાં છે ?

અહીંઆ તો આચાર્યશ્રીએ આપણને નિર્ભય બનાવ્યા છે. અને નિર્ભય તે એવા નિર્ભય બનાવ્યા છે કે 'ભકિત કરે સહુ વાજંતેરે નિશાન' એને કોઇ જાતનો ભય નથી ० ० ० ०

તમે ભગવદ્ અંશ છો આ શ્રી વલ્લભાચાર્ય કહે છે. વ્યાસનું બ્રહ્મ સુત્ર છે, 'અંશો નાના વ્યપદેશાત્' તો અગ્નિમાં જેટલી તાકાત છે એવી અગ્નિના તણખામાં યે (કંઈક) તાકાત તો હોયને ? કે જયાં પડે વસ્તુ કે ઘાસ ઉપર પડે તો બાળી તો દયેને ? તો પોતાની જાતને ઇન્ફ્યુર (હીન) માનવાનું નામ દૈન્ય નથી. દીનતા એક એવી વસ્તુ છે કે જે ભગવાનને પ્રસન્ન કરે છે અને એના અંદર જે છે એ ભકતોના પ્રત્યે એક ભાવના જાગૃત કરે છે. હીનતાનું નામ દીનતા નથી. **નિ. લી, ગો. શ્રી પ્રથમેશજી મહારાજ શ્રી પ્રથમેશવાક્ સુધા–૧ પૃ. ૧૨૦**

✽ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✽

વર્ષ ૧૪ : અંક–૬ શ્રી સપ્ટેમ્બર, ૧૯૯૫

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✽ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧

સમાચાર

મુંબઈ આ. રા, પુ. વૈ. પરિષદની મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ તરફથી શ્રીમદ વલ્લભાચાર્યજીની મહારાષ્ટ્ર સ્થિત બેઠકજીઓનો એક યાત્રા પ્રવાસનું ગત જુન માસમાં મોટા મંદિરવાળા પુ. પા. શ્રી પ્રશાંત કુમારજી મહોદયશ્રીના સાન્નિધ્યમાં આયોજન કરવામાં આવ્યું હતું મુંબઈ પંઢરપુર સોલાપુર નાસિક વગેરે ઠેકાણે પરિષદની સ્થાનીય શાખા તરફથી સ્વાગત થયું હતું દરેક સ્થળોએ વચનામૃત. ધોળ, કીર્તન, રાસ-ગરબા વગેરેનો ખુબ આનંદ લીધો હતો. સમગ્ર આયોજનને સંચાલન કરવામાં પરિષદની મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના સંગઠન મંત્રી શ્રી શશીકાંતભાઈ પરીખ. મંત્રી બટુકભાઈ શાહ, સુરેશભાઈ મુખીયા, માજી પ્રમુખ શ્રી છોટાલાલભાઈ મહેતા તેમજ યુવાન ભાઈ-બહેનો યે સહયોગ આપેલ હતો.

જુનાગઢ પુ. પા. ગો. શ્રી દાનીરાયજી મહારાજ શ્રી તથા પુ. પા. ચિ. ગો. શ્રી પુરુષોતમલાલજી બાવાશ્રીની સાન્નિધ્યમાં તાં. ૩૦-૭-૯૫ ના રોજ ગિરનારા બ્રહ્મપુરીમાં "પુષ્ટિમાર્ગીય સભાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સુરત મહાસભાના મંત્રીશ્રી મધુસુદનભાઈ શાસ્ત્રીજીએ પ્રસંગોચિત પ્રવચન આપેલે તેમજ પુ. પા. ગો. ચિ. શ્રી પુરૂષોતમલાલજી બાવાશ્રી યે વચનામૃત કર્યા બાદ પુ. મહારાજશ્રીના કરકમલો દ્વારા "શુદ્ધા દ્વૈત પાઠાવલી" નું વિમોચન કરવામાં આવ્યું હતું.

પોરબંદર અત્રે શ્રી ઠકુરાની તીજના દિવસે શ્રી રણછોડજીની હવેલીએ શ્રીને છાકનો મનોરથ મનાવાયેલ, પુ. પા, શ્રી શરદકુમારજી મહારાજે ગત ડીસેમ્બરમાં રાજકોટમાં **શ્રી સુર સાહિત્ય સમારોહનું** અલૌકિક આયોજન કરેલ તેના પરિશ્રમ ભોગરૂપે આ મનોરથ થયેલ આ પ્રસંગે રાજકોટથી મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહેલ અને પુ. પા. શ્રી શરદકુમારજી મહારાજશ્રીને રાજકોટમાં કૃપા પુર્વક કાર્યક્રમ યોજયાની સ્મૃતિમાં **સુયશ ગાન** પત્ર અર્પણ કરેલ (વ્યવહારિકમાં જેમ માન પત્ર અપાય છે.)

જેતપુર આં, પુ. વૈ. પરિષદ અને જેતપુર વૈષ્ણવ સમાજના ઉપક્રમે તા. ૧૬-૭-૯૫ના એક રકતદાન શિબિર યોજેલ જેમાં સર્વ પ્રથમ ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે સ્વયં રકતદાન કરેલ ઉપરાંત જેતપુર તથા બાજુના ગ્રામ્ય વિસ્તારના ૧૦૦ જેટલા વૈષ્ણવોએ કુલ ૩૦ હજાર સી. સી, રકતદાન, રાજકોટની યંગસ્ટાર બ્લડ બેન્કને આપેલ.

બપોર બાદ ગામડાઓમાં કુવારીચાર્જ પ્રવૃત્તીને વેગ આપવા જલસંચય અભિયાનનું આયોજન કરેલ જેમાં રાજ્યના માર્ગ મકાન વિભાગના નાયબ પ્રધાન શ્રી સવજીભાઈ કોરાટ સંસદ સદસ્ય શ્રી શીવલાલ વેકરીયા જી. પં. પ્રમુખ શ્રી વલ્લભભાઈ રાદડીયા સુધરાઈ પ્રમુખ શ્રી કિશનભાઈ ધાધલ વૈષ્ણવ અગ્રણીઓ રાજકોટના શ્રી કાન્તીભાઈ રાણપુરા તથા પ્રાણલાલ મારફતીયા પરિષદની ગોવા શાખાના શ્રી અમૃતલાલભાઈ દોશી, જેતપુરના સર્વ શ્રી દામોદરભાઈ મેર, પ્રભુદાસ પારેખ પરબતભાઈ પટેલ જમનાદાસ બોસમીયા, અમુભાઈ કોટડીઆ અને અન્ય અગ્રણીયો હાજર રહેલ.

આયોજન, સંચાલન રાજકોટના શ્રી હસુભાઈ ખખ્ખર જેતપુરના શ્રી છોટુભાઈ સોની દિનેશભાઈ ઝવેરી, પરસોતમભાઈ દરજી વગેરેએ કરેલ.

જામનગર અત્રે શ્રી વૃજવલ્લભ શોશ્યલ ગ્રુપનો વાર્ષિક દીવસ પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો આ ગ્રુપના પ્રથમ વર્ષ દરમ્યાન આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ નેત્ર

(જુઓ ટાઈટલ ત્રીજું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે: પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં** વૈષ્ણવો **તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૬ ※ સપ્ટેમ્બર, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

હમ કેવલ પાત્ર

પ્રવક્તા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી
મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન,
રાજકોટ.

—ગતાંકથી ચાલુ

આ ભાવના ત્યારે જ આવશે જ્યારે રાગ અને દ્વેષ એની જે કલ્પના આપણે કરીએ છીએ તે ત્યારે જ કરીએ છીએ કે આપણા, પારકા સમજીને કે આ આપણા છે, તે પરાયા છે. આ મિત્ર છે, આ શત્રુ છે. અહીં આ એક ભાવના હૃદયમાં આવે છે ત્યારે જ રાગ દ્વેષ થાય છે. આપણા તરફ રાગ થાય છે. પારકા તરફ દ્વેષ થાય છે. મિત્ર તરફ રાગ થાય છે અને શત્રુ તરફ દ્વેષ થાય છે. આ વાત સ્વાભાવિક છે.

પરંતુ આ બધું ક્યાં સુધી, ક્યાં સુધી, ક્યાં સુધી, આ ભાવના ત્યાં સુધી નભી શકે છે કે ઘણા લોકો કહે છે કે ભાઇ હવે તો અમારો તેનાથી એટલો પ્રેમ થઇ ગયો કે અમારા જીવન પર્યન્ત એ છૂટશે નહીં. એમણે

કહી દીધું ઇચ્છે છે તો પણ તેને છોડી નહીં શકે. તેના તરફ દ્વેષ પણ થઇ જાય છે તો પણ લોકો કહી દે છે કે ભાઈ તેની સાથે અમને બનશે નહીં, તેના તરફ દ્વેષ થઇ ગયો છે. હવે તો જીવન પર્યન્ત તેના તરફ સારો વ્યવહાર થઈ જ ન શકે. લોકો આવું કહી દે છે. સુલેહ થઇ ગઇ. હવે શું વાત છે ? પરંતુ આ બધું કયાં સુધી. તેના માટે અંતિમ અવસ્થા તો આપણે પોતે બોલી દઇએ છીએ. આપણા મુખથી જ કે એને અંજામ કયારે થશે. આખરી અંજામ શું છે ? કહ્યું કે જ્યાં સુધી જીવન હશે ત્યાં સુધી. ત્યાં રાગ રહેશે ન દ્વેષ રહેશે. જીવન પછી આપો આપ છોડવું જ પડશે. જીવનની અવધિ જ્યાં સુધી છે ત્યાં સુધી તો કોઇ તરફ રાગ હશે અને કોઇ તરફ દ્વેષ હશે. આપણે એ સમજી લઇએ છીએ કે આ વસ્તુ આવી છે, પરંતુ સામેની આ પ્રકારની છે, એવી આપણી ભાવના જ્યારે દૃઢ થઇ જાય છે ત્યારે જ રાગ અને દ્વેષ થાય છે.

અહીં આચાર્યચરણ આપણને સંદેશ આપે છે. વિશ્વમાં તમારું સ્થાન શું છે ? કેવા પ્રકારનું છે તે સમજી લો. આ સમજી લેશો તો પછી તમને રાગ અને દ્વેષ વ્યવહારમાં તો રહેશે. પરંતુ પરમાર્થ રૂપમાં તમે રાગ દ્વેષ કોઇ સાથે નહીં કરી શકો. વસ્તુ સ્થિતિને સમજવાની આવશ્યકતા છે. આજે આપણે પોતાને શું સમજીએ છીએ ? આજે આપણે પોતાને સ્વતંત્ર સમજીએ છીએ. આપણે સ્વતંત્ર છીએ. આપણું અસ્તિત્વ સ્વતંત્ર છે અને જે કંઈ આપણે કહીએ છીએ તે સ્વતંત્ર પોતાની શકિતથી પોતાની બુદ્ધિથી, પોતાની કુશળતાથી કહીએ છીએ.

આ આપણા બધાની ભાવના છે. સારું કરીએ છીએ ત્યારે પણ આપણી સમજથી કરીએ છીએ. ખરાબ કરીએ છીએ તો પણ આપણી સમજથી કરીએ છીએ. આ આપણા બધા લોકોની ભાવના છે. પરંતુ આચાર્યચરણ પોતાના સંદેશમાં કહે છે કે જે તમે વિશ્વમાં આવ્યા છો તે આપો આપ પોતાની ઇચ્છાથી નથી આવી ગયા.

જન્મ લેતા પહેલાં શું તમે સીટ રીઝર્વ કરાવી હતી ? કે અમુક જગ્યાએ જઇને આપણે બેસવાનું છે ! નહોતી કરાવી. જન્મ લેતા પહેલા આપણને ખબર ન હતી કે કયાં જઇને જન્મ લઇશું. ના. કોઇને ખબર ન હતી. આવ્યા બાદ ખબર પડી કે આ આપણી માતા છે. આ આપણા પિતા છે. આ આપણા સંબંધી છે.

આ બધી વાતો જન્મ બાદ જ પ્રાપ્ત થઇ. તો આચાર્યચરણ આપણને આજ્ઞા કરે છે, સમજાવે છે કે તમે જે વિશ્વમાં આવ્યા છો, પોતાની ઇચ્છાથી નથી આવ્યા અને વિશ્વમાં તમારી પાસે જે કંઇ પણ છે બધું પણ તમને પોતાની ઇચ્છાથી પ્રાપ્ત નથી કરી લીધું. તે બધું પણ તમે ઇચ્છાથી પ્રાપ્ત કરી લીધું છે, એવી જે માન્યતા છે તે તમારું અજ્ઞાન છે, જે કંઇ પણ પ્રાપ્ત કર્યું છે તે બધું ભગવાન દ્વારા જ મળ્યાં છે. ભગવાને આપ્યું છે. જેટલા સંબંધ તમારા અહીં બંધાયા છો તે બધા સંબંધ બાંધવાવાળા પણ (ભગવાને

આપ્યા છે.) તમે સ્વતંત્ર નથી. તમે પોતાની ઇચ્છાથી આ સંબંધો બાંધી લીધા હોય એવું કયાં છે ? આ સંબંધો બાંધવાની જે શકિત છે અને ઇચ્છા છે તે પ્રભુ છે. પ્રભુએ પોતાની ઇચ્છાથી, પોતાની શકિતથી આ સંબંધોને બાંધ્યા છે અને તમે જે વાસ્તવમાં અહીં આવ્યા છો તે પણ પોતાની ઇચ્છાથી નથી આવ્યા. પરંતુ કોઇએ તમને મોકલ્યા છે.

કોઈએ મોકલ્યા છે તેનું પ્રમાણ શું છે ? તો કહેવાયું છે કે મોકલનાર હોય છે, ત્યાં બોલાવનાર પણ હોય છે. તો આપણે ભગવાનના મોકલ્યા આવ્યા છીએ. કોઇ વ્યકિતને કયાંય અમુક જગાએ મોકલીએ કે તમે અમારું આ કામ કરીને આવી જાવ. અમારું અમુક શહેરમાં જઇને આ કામ છે તમે ત્યાં જઇને કરીને આવી જાવ. વ્યકિત ત્યાં જશે. તે એ સમજશે કે હું આવ્યો છું અહીં પોતાના કાર્ય માટે નથી આવ્યો. કોઇએ મને કોઇ ખાસ કાર્ય કરવા માટે મોકલ્યો છે. આ વ્યકિત એમ સમજશે. એ પણ સમજશે કે અહીં મારું આગમન થયું છે તે કોઇ વિશેષ કાર્ય કરવા માટે થયું છે અને એ પણ ધ્યાનમાં રહેશે કે મારે જવાનું છે.

અહીં આચાર્યચરણ આપણને એ સમજાવે છે, એ શિક્ષા આપે છે કે જગતમાં તમે આવ્યા છો, પોતાના કાર્ય માટે નથી આવ્યા. પહેલા એ સમજી લો કે જ્યાં સુધી પોતાના કાર્ય માટે આવ્યો છું, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા આવ્યો છું. એ ભાવના જ્યાં સુધી તમારી રહેશે ત્યાં સુધી તમારો રાગદ્વેષ મટી નહીં શકે, ચોક્કસ વાત છે. તમે એ સમજી લો કે હું અહીં ભગવાનની ઇચ્છાથી અને ભગવાનનું કાર્ય કરવા માટે આવ્યો છું.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી ભક્તિવર્ધિની

શ્રીમાન બાલકૃષ્ણ મહોદયે રચેલી ટીકા (વિવરણ) સહિત

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

જો એવી દલીલ કરવામાં આવે કે આ પ્રમાણે ભગવદર્થે કરવામાં આવતી સેવામાં વચ્ચેજ દૈવઇચ્છાથી દુબુદ્ધીથી ઉત્પન્ન થતાં નાશની સ્થિતિ સર્જાતી હોય તો પછી સેવા કરવાનું વૃથા (નકામું) બની જાય તેના ઉત્તરમાં કહે છે "સેવાયાં...."વગેરે

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।
યાવજ્જીવં તસ્ય નાશો ન કવાપીતિ મતિર્મમ ॥ ૯ ॥

શ્લોકનો અર્થ :– ભગવત સેવામાં યા તો ભગવત કથામાં જે ભકતની આસકતી દઢ (મજબુત–કાયમ ટકે એવી) થઇ ગઇ હોય, જીવે ત્યાં સુધીનું કૃષ્ણ વ્યસન થઇ ગયું હોય તેનો કયારેય નાશ થતો નથી એવો મારો (એટલે શ્રી વલ્લભાચાર્યજીનો અભિપ્રાય (મતિઃ) છે તેને ભક્તિનું ફલ અવશ્ય મળે છે. ॥૯॥

ટીકાનો અર્થ : સેવામાં જેની આસક્તિ થાય તે માત્ર થોડા સમય માટે જ થાય પરંતુ એ પછી નહીં–એવું નથી. પરંતુ એ આસક્તિ દઢ થાય છે સેવામાં તો કોઇક જ અધિકારી બને છે એમ કહેલુ હોવાથી આનાથી દુર્લભત્વનું નિરૂપણ કર્યું છે એવી જ રીતે (ભગવાનની) કથામાં એ પછી સેવા તથા શ્રવણ ભગવદીયોની સોબતમાં જ કરવું બીજા કોઇ વિષયમાં મનનો પ્રવેશ ન થવા દેવો. તેથી મુખ્યત્વે આ બે જ કરવા. બીજા કોઇ કાર્યમાંથી વ્યાવૃતિને અર્થે 'વા' શબ્દ વાપર્યો છે. એવાનો નાશ થતો નથી એવાની તો ઉત્તરોત્તર ઉન્નતિ જ થાય છે. તે પણ કોઇ ગણ્યાગાંઠયા દિવસો સુધી નહીં પરંતુ જીવે ત્યાં સુધી એમ કહ્યું છે, તે જ્યાં સુધી જીવશે ત્યાં સુધી તેનો નાશ નહી થાય. "કવાપિ"નો અર્થ કોઇપણ દેશમાં યા તો કોઇ પણ પ્રકારે તેનો નાશ નહિ થાય એમ અર્થ છે. ભગવાનની સેવા તથા કથામાં અહર્નિંશ (સતત–હમેશાં) પ્રયત્નશીલ રહેનારને તેમાંથી ઇતર એટલે બીજી કે જુદા સ્થાનમાં ક્રિયા શક્તિનો અભાવ હોય છે. વાર્તામાં ચિત્ત રાખનાર માટે 'તેથી અહીં પ્રમાણ (સાબીતિ) આપવા માટે સ્વમતિ (પોતાનો અભિપ્રાય) નેજ દર્શાવ્યો છે. "મતિમમ" એમ કહીને હું તો આ પ્રમાણે જ જાણું છું કે સતત સેવા શ્રાવણાદિક જ કરવું જોઇએ, તેથી ભકતના નાશના પ્રકારને તો આ શાસ્ત્રમાં આજ છે એવું મુખ્યત્વે નિરૂપણ કરવામાં આવ્યું છે ॥૯॥

જો એમ પુછવામાં આવે કે એ રીતે ત્યાં રહીને સેવા કરવામાં આવે ત્યારે ધારો કે કોઇક રીતે બાધાનો સંભવ આવી પડે ત્યારે શું કરવું જોઇએ ? તો એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે "બાધ સંભાવનાયાં...." વગેરે,

બાધસંભાવનાયાં તું નૈકાન્તે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥ ૧૦ ॥

શ્લોકનો અર્થ : સેવાના કાર્યોમાં બાધ (અડચણ) આવવાની સંભાવના જણાય (કે લાગે) તો પણ એકાન્તમાં વાસ કરવાની ઇચ્છા યોગ્ય નથી હરિ તો બધી બાજુથી સેવા કાર્યમાં પ્રતિકુળતાઓ અથવા વિઘ્નો આવે તેમાંથી ચોકકસ રક્ષા કરશે જ તેમાં જરા પણ સંશય શંકા નથી. ॥૧૦॥

ટીકાનો અર્થ : જ્યારે સેવામાં બાધ (અડચણ)ની સંભાવના હોય ત્યારે તો એકાન્તમાં ભગવાનના સ્થાનમાં નિવાસ ઇચ્છવા યોગ્ય નથી. અને કલહ કે દ્વેષ વગેરેને લીધે પણ ન રહેવું માત્ર સેવાનું ઇચ્છવા યોગ્ય સાધન હોવાથી પણ ન રહેવું. એમ કહેવાનો ભાવ છે અને આમ પ્રતિબંધ બલવાન હોવાથી તેના અસંભવમાં દ્વેષ વગેરેની મનમાં સ્થિતિ જોવાથી શ્રવણ વગેરેના અસંભવને લીધે ચિત્તમાં દોષ આક્રમણ કરે એટલે કરેલું બધું વ્યર્થ જવારૂપી આપત્તિ આવી પડે. તેથી ભગવદ્દઇચ્છાથી આમ થયું એમ મનમાં નિશ્ચય કરીને ત્યાંથી બહાર નિકળી જઇને નિશ્ચિત બનીને ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તીર્થમાં સ્થિત કરે યા તો ગૃહમાં. જો એવી દલીલ કરવામાં આવે કે જો ભગવદ્ ઇચ્છા આમ જ હોય ત્યારે તો પર્યાવસ્થાનમાં (પરિણામમાં) નાશ જ હોય ને ? એવી શંકાનું નિવારણ કરતા કહે છે કે "હરિસ્તુ" વગેરે બધી રીતે બધાને માટે સર્વ પ્રકારે હરિ તો રક્ષા જ કરવાનો છે એમ મનમાં નિર્ધાર (નિર્ણય) કરીને રહેવું એ તો આશ્રય કરનારની સર્વ પ્રકારે રક્ષા જ કરતો હોય છે ખાત્રી નહિ થાય એવી શંકાને દુર કરવા માટે કહે છે "તેમાં જરાય શંકા નથી." આ બાબતમાં સંશય ન કરવો જોઇએ. જેનો પ્રભુ અનુગ્રહપુર્વક સ્વીકાર કરે છે તેનો કદી ત્યાગ કરતો નથી એવો સંકલ્પ ભગવાનનો સાચો હોવાને કારણે, આ પ્રમાણે ભકિતવર્ધનના ઉપાયોનું વર્ણન કર્યા પછી ફલનું નિરૂપણ કરે છે. "ઇત્યેવ" વગેરેથી,

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગુઢતત્વં નિરુપિતમ ।
ય એતત્સમધીયીત્ તસ્યાપિ સ્યાદ્દઢા રતિઃ ॥૧૧॥

અર્થ :- આ પ્રમાણે ગૂઢ તત્વથી ભરેલું, ભગવાનની ભકિતનું શાસ્ત્ર શ્રી મહાપ્રભુજીએ નિરૂપિત કર્યું છે. સારી રીતે અભ્યાસ કરીને સમજપુર્વક તેનું આચરણ કરવામાં આવે તો તેવા ભકતને દ્દઢ ભકિત અવશ્ય પ્રાપ્ત થાય છે. ॥૧૧॥

ટીકાનો અર્થ : આ પ્રમાણે ભગવાન વિષેનું શાસ્ત્રમાં મેં નિરૂપિત કર્યું. જે એક માત્ર ભગવદ્દકૃપાથી જ જાણી શકાય છે. ત્યાં હેતુ શો છે ? કારણ કે આ ભગવાનનું શાસ્ત્ર છે અને તેની જાણ કરાવનાર પણ ભગવાન જ છે. બીજો કોઇ નથી. કારણ કે બીજો કોઇએ શાસ્ત્ર ને જાણતો નથી. બીજો કોઇ જાણતો નથી તેનું કારણ કહે છે ગુપ્ત તત્વને બધા જાણતા ન હોય જે ભગવાનનું સ્વરૂપ છે તે (શ્રી મહાપ્રભુજીને) તત્વ (સારભુત તત્વ)ની જાણકારી છે. અને તેનું મેં નિરૂપણ કર્યું છે. અહીં સ્વયં ભગવાને (શ્રી મહાપ્રભુજીના સ્વરૂપે) પ્રગટ થઇને આ શાસ્ત્રનું નિરૂપણ કર્યું છે. એમ અર્થ છે. ભકિતમાર્ગની જિજ્ઞાસા ધરાવનાર લોકોને માટે તેથી આ કહેલા પ્રકારનું જે આચરણ કરે તેનો ભગવાનમાં પ્રેમ થાય. અને તે પણ દઢ જેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેનું આચરણ કરવામાં ન આવે તેના અભાવમાં જે કોઇ તેનો સારી રીતે અભ્યાસ કરશે તેની રતિ (પ્રેમ) પણ દઢ થશે ॥૧૧॥

સદા એક માત્ર શ્રી વિઠલેશ્વરજીના ચરણકમલના દાસ સેવકપણાની સારી રીતે આકાંક્ષા (ઇચ્છા) રાખનાર એવા મેં આ ભકિતવર્ધનીની ઉપરની વિવૃત્તિ (વિવરણ–ટીકા–ભાષ્ય) યથા શકિત પ્રકટ કરેલ છે.

આ પ્રમાણે શ્રીબાલકૃષ્ણકૃત ભકિતવર્ધિની વિવૃતિ સમાપ્ત થાય છે.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

–ગતાંકથી ચાલુ

૮. સુનહરી કદમ ખંડી લીલા. રાગ કાન્હરો/સારંગ

બરસાને ખેલન ચલે નંદ નંદન;
કરત વિહાર, સખા સંગ ભાવન, રીઝત નાચન, કલ મોરન. ૧

રોકત બીચ, સુનહેરી સખિયન, ધરત વિવિધ, કનકાભુષન;
કરત સિંગાર, પુષ્પ સુગંધન, ઝુલા ઝુલાવત શ્યામ હિંડોરન. ૨

કદમ તરુ અરુ, તમાલ વૃક્ષન, સોભે સુનહરી આભા પાવન;
કદમ ખંડી, કનક રજ મોહન, મૃદુ કલુરવ, કરત વિહંગન. ૩

દેખી કનકસી નિકુંજ સખિયન ધાય ચલે ફિર, પ્રેમ મુદિત મન;
‘ચરનદાસ’ હરિ, મનોરથ પુરન, બનાવત લીલા–ધામ સોહાવન. ૪

૧. કનકરજ શ્રી ઠાકોરજીના પધારવાથી ત્યાંની વ્રજ-રજ તથા સર્વત્ર કદમખંડી સોનાના જેવી સુનહેરી બની ગઇ હતી. આજે પણ ત્યાંની રજ તથા પર્વતના પથ્થરો બહારથી સોનાના જેવા રંગમાં ચળકતા દેખાય છે, અને તેમને ફોડવાથી અંદરથી બીજા રંગના નીકળે છે. એટલે બધાંએ સુનહેરી રૂપ સુનહેરી સખીના ભાવથી ધર્યું હતું.

વ્રજ યાત્રા કામવનથી બરસાના પ્રયાણ કરતાં રસ્તામાં પ્રથમ સુનહેરી કદમ ખંડી આવે છે. આ સુનહેરી કદમ ખંડીમાં શ્રી ઠાકોરજીએ સુનહેરી સખીના મનોરથો પરિપુર્ણ કર્યા છે.

સુનહેરી સખીએ શ્રી ઠાકોરજીને પધરાવી વિધવિધ પ્રકારના સોનેરી આભુષણો ધરાવ્યાં છે. રંગબેરંગી સુગંધીદાર પુષ્પોનો સિંગાર કર્યો છે અને શ્રી ઠાકોરજીને ઝુલા ઠોર-હિંડોળામાં પધરાવી, પ્રેમથી હિંડોરે ઝુલાવ્યા છે.

સુનહેરી સખીના ભાવને અનુકુળ થતાં શ્રી ઠાકોરજીને નીરખીને આખી કદમ ખંડીના કદમ વૃક્ષોએ સોનેરી સુશોભિત રંગના જેવી શોભા બનાવી દીધી અને શ્રી ઠાકોરજીના ખેલવાથી આનંદિત બનેલી ભુમિએ પણ સાથ આપી, સોનેરી રંગની વ્રજકણિકાઓ-વ્રજરજ મૃદુ માખણ જેવી બની, શ્રી ઠાકોરજીને વધાવવા સુમધુર આલ્હાદક અનિલ પવન સાથે ઉડવા લાગી તેમને દેખી આસપાસની પર્વતની શિલાઓ પણ સોનેરી રંગની બની, શ્રી ઠાકોરજીનું સ્વાગત કરવા લાગી આમ શ્રી ઠાકોરજી કનકમય લાગતી સખીની નિકુંજમાં પધાર્યા અને સખીને પરમાનંદનું દાન કરી તેના મનના મનોરથો પુરણ કર્યા બધું જ સોનેરી સુવર્ણમય બની આસાપાસ શોભતું હતું.

શ્રી ઠાકોરજીએ અતિ પ્રસન્ન થઇ આ સ્થળને પોતાની નિત્યલીલાનું ધામ બનાવ્યું. ત્યાથી આ સ્થળ સુનહેરી સખીના નામથી સુનહેરી કદમખંડીના નામે ઓળખાવા લાગ્યું.

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

કલી રૂપ આશૌચમાં, કોઇ કર્મનો નહિ અધિકાર;
અડે ન સુતક નામને, નિર્ભય નિત્ય કરિયે ઉચ્ચાર.
ઉચ્ચાર માત્રે અભય પદ આપે,
સકળ પાપ સંતાપને કાપે;
તો હરિ હરિ તું શેના ઉચ્ચારે ?
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૧૬)

શબ્દોનાં અર્થ : આશૌચ–સુતક, અશુચિ–અપવિત્રતા
અભય–ભયમુકત, નિડર, સંતાપ–દુઃખ

વિવેચન–કલીયુગ તે આશૌચ રૂપ છે આ યુગમાં કોઇ કર્મનો અધિકાર રહ્યો નથી વેદો, શાસ્ત્રોમાં જે રીતની પવિત્રપણાની રીત લખી છે તે આ યુગમાં પળવી મુશ્કેલ છે જેથી યજ્ઞાદિક કર્મ પણ એવી પવિત્રતા અને એવા વિદ્વાનો એવા યજમાન આ બધું મળવું મુશ્કેલ છે.

આ રીતે પ્રતિકુલતાજ છે જેમ કે કલીયુગમાં વર્ણાશ્રમ ધર્મનો લોપ છે કોઇ વર્ણ સ્વધર્મ પાલનમાં સ્થિર થઇ શકતું નથી તેથી અપવિત્ર કહયાં છે.

શ્રી હરિનાં નામને કોઇ પણ અપવિત્રતા સ્પર્શ કરી શકતો નથી તેથી નિર્ભય થઇ નામ લઇ શકાય છે. હરિનામ સર્વતાપ અને પાપને દુર કરે છે. આમ શાસ્ત્રો પુકારીને કહે છે.

સર્વતાપ શમનૈક ભેષજં કૃષ્ણ નામ જપતો કુતો ભયં ।
પશ્યતાન મનમાત્ર સંગમાત્ પાવકોડપિસલીલાયતે ધુના ।

ભાવાર્થ : જેવી રીતે રોગોને દુર કરવા ઔષધની જરૂર છે તેવી રીતે સર્વ પ્રકારનાં તાપો અને પાપોને ટાળવાનો ઉપાય તે શ્રીકૃષ્ણ પરમાત્માનું નામ સંકીર્તન છે. તે (૧) આધ્યાત્મિક (૨) આધિદૈવિક (૩) આધિ ભૌતિક ત્રણે પ્રકારનાં દુઃખોને મટાડવા વાળું છે નામ સ્વરૂપ આ સુંદર ઔષધ છે.

જુઓ ગોપી “ગીત વિરચિતા ભયં વૃષ્ણિ ધુર્ય તે શરણ મિયુષાં સંસૃતેર્ત ર્ભયાત્” સંસારના દુઃખોથી ભયભીત બનેલા જીવો આપનાં શરણમાં આવી નામ સ્મરણ માત્રથી નિર્ભય બને છે.

વળી જુઓ કૃષ્ણ નામજતો અપુર્ણને પુર્ણ કરે છે.
સ્મૃર્તિ=પ્રમાદાત્વ કુર્વતાંકર્મ પ્રચ્યવેતા દ્વરેષુયત્
સ્મરણ દેવ તં વિષ્ણુઃ સંપુર્ણ સ્યાદિતિ

શ્રુતિઃ કોઈ પણ કર્મ, વિધિ, કે દેવ કાર્ય કરતાં કયાંય પણ ન્યુનતા રહી હોય અગર અપુર્ણતાનો દોષ રહયો હોય તે સર્વ આપનાં નામથી જ પુર્ણ થાઓ આમ પુર્ણ તો શ્રી હરિનાં નામથી જ થાય છે.

અધ્યાત્મ રામાયણ.

કદાચ પરવશ પણામાં, અજાણતામાં પણ ભગવત નામ લેવાય જાય તો તેનાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે.

શ્રુતિ યસ્તનામ યહદ્યંશ છે.
આવો ભગવત નામનો યશ છે.

નારદ પંચરાત્રે સદારટંતિ મન્નામ મમ સેવા પરાયણાઃ
તેજનાં મે પ્રિયા લોકે ગચ્છંતિ મમઃ

જે સદા મારૂં નામ રટણ કરે છે જે મારે પરાયણ રહે છે મારી જ સેવા કરે છે તે મારા પદને પામે છે.

યસ્ય સ્મૃત્યાય નામો કત્યા તપો યજ્ઞા ક્રિયા દિષુ
ન્યુન સંપુર્ણતા યાતિ સદ્યે બંદે તપચ્યુતમ્.

હે ભગવાન અચ્યુત આપનાં નામ સ્મરણથી તપ, યજ્ઞ, કર્મ, વિગેરેની અપુર્ણતા કોઇ રહી ગઇ હોય તે પુર્ણ થાય છે સારાંશ ભગવાન જ પુર્ણ છે તેથી તેનું નામ પણ પુર્ણ છે પુર્ણ કોઇ દિવસ અપુર્ણ બનતું નથી માટે જ નામથી જ પુર્ણ બધું થાય છે.

ગીતા અધ્યાય ૧૫ શ્લોક ૧૯

યો મામેવ સંમુઢો જાનાતિ પુરૂષોત્તમ્ ॥
સર્વ વિદ્ભજતિમાં સર્વ ભાવે ન ભારત ॥

હે ભારત જે મનુષ્ય સર્વ મોહને છોડી મને પુરૂષોતમ રૂપે જાણે છે તે જે સર્વવિદ એટલે બધું જાણનારો જ્ઞાની છે. તે સમજીને જ મને ભજે છે. જે જીવ પ્રભુને સર્વસ્વ માની તેનું નામ સ્મરણ કરે તેને આ લોક પરલોક સંબંધી ચિંતા રહેતી નથી પ્રભુ સર્વ સમર્થોહી તતો નિશ્ચંતતાવૃજેત્ પ્રભુ સર્વજ્ઞ સર્વ સમર્થ છે તેથી નિશ્ચીંત રહેવું.

અજામિલ પાપી હતો તેણે પુત્ર નારાયણ નામથી પુકાર્યો હતો તે અવળાનું પ્રભુએ સવળું માની તેનો ઉધાર કર્યો કૃષ્ણનામ ચિત્ત ધરરે મનતું કૃષ્ણ નામ ચિત્ત ધરરે. આ કીર્તનમાં પણ એજ ભાવનાં આપી છે તુ તો હે જીવ ફકત ભગવાનનું નામ ચિત્તમાં ધારણ કરી લે તો તારે આગલા જન્મની ચિંતાજ નહી રહે નામમાં અપાર શકિત છે.

નામ રટે તન તાપ મિટે
નામ રટે ભવ દુઃખ કટે
જનમ જન્મનો ફેરો મટે
રેમન મુરખ હરિ ક્યોંન રટે

ઉપર મુજબ કલીયુગમાં તો કેવળ નામ ઉદ્ધારક છે.

આથી જ દયારામભાઇ કરે છે કે સેવો શ્રી કૃષ્ણ કૃપાળ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા – પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

–ગતાંકથી ચાલુ

તા ઢિંગ કુમ્હડા સિદ્ધ કરાઇ । સુવરણ પાત્ર ન સબ પધરાઇ ॥ ૯૦
બથુઆ અરૂ ચંદન બથુઆકો । રખ્યો શાક દોઉ ભાંતનકો ॥
યે તવ સુખ મેં જાવન કાહોં । તત્પર બેગિ ખાહુ કૃપયાઇ ॥ ૯૧
બાફી તલી સકર–કન્દીકો । સાગ કાસ્ય પાત્રન અતિ નીકો ॥
સો સબ અબ કૃપયા આરોગહુ । સિદ્ધ કરન શ્રમ સફલ કરાવહુ ॥ ૯૨
નયે મૃતિકા પાત્ર ભરાયે । જીરા હીંગ લવણ પધરાયે ॥
દહી ભાત તવ ભોજન હિત કરિ । અદરક કે સંધાના સહ ધરિ ॥ ૯૩
સરસ દહી કી છાછ બનાઇ । ડારા હીંગ હરદી અરૂ રાઇ ॥
સો. કીન્હીં કઢી અનૂપ, અતિ સુન્દર તવ કારણે ।
ડારે તામેં 'ભૂપ', કોમલ ભજીયા સિદ્ધ કરી ॥ ૯૪
મિરચ બરીં રસસિદ્ધ કરાયો । નીકી ભાંતિ તાહી ઓટાયો ॥
સ્વર્ણ પાત્ર મેં ભરકર રાખ્યો । ભોજન કરહુ તનિક તો ચાખો ॥ ૯૫

ધુલે ઉડદ કી દારપકોડી । જીરા હીંગ છાછ મેં છોડી ॥
સુન્દર યહ રસદાર બનાયો । અદભુત પાત્રન યાહી ભરાયો ॥ ૯૬

ઉરદ દાર કો બેસન અન્યોં । અરવી પાત્ર ન માહી સાન્યો ॥
તિનકી બીડી સરસ બનાઇ । સબહી એક સી, પરેં દિખાઇ ॥
હલકી આંચન તિન્હે બફાયો । પીરી છાછન છોંક લગાયો ॥ ૯૭

સુનહુ નંદ સુત બાત હમારી । આરોગહુ અબ શીઘ્ર પધારી ॥
અધરક એવં ચના બફાઈ । મરચી રસ અરૂ હીંગ મિલાઇ ॥
સિદ્ધ તીન કુન્ડા કરવાયો । સંગ ભાત કે જાવૈ ખાયે ॥ ૯૮

દો. મિરચડારકે છાંછકો, કઢી સફેદ સુસ્વાદ ॥
ધીમી આંચન સિદ્ધ ભૌ, ખાવહુ સહ આલ્હાદ ॥ ૯૯

ટુકડા કચ્ચે આમ કે, રાઇ બહુતક ડાર ॥
જલ સોં રસ સિદ્ધ્યો સરસ, ગ્રીષ્મતાપ હરનાર ॥ ૧૦૦

બેસન બડી સુમિરચ મિલાઇ ડારિ છાંછમેં સરસ બનાઇ ॥
અંતિહિ વિલક્ષણ સિદ્ધ ભઈ હે । બાટ જુ સુન્દર ! જોહ રહી હે ॥ ૧૦૧

હે ગોકુલ-પતિ બેસન બાફી । ચોખટ ટુકડ કીન્હે માપી ॥
દહી બડા રાઈ મિલાઇ કે । રોચક રસ ધરિયો બનાઇ કે ॥ ૧૦૨

ગૈયા કે પય સોં સિદ્ધાયો । સ્વર્ણ પાત્ર મેં ગયો ભરાયો ॥
એસો અદભુત ઉત્તમ માખન । કેશર જલ સમશોભિત લાલન ॥ ૧૦૩

ગેહું ઔર ચના કે આટન । આજ બને પકવાન અનેકન ॥
તે સબ સાદર તવ મન ભાયે । પાત્ર અનેકન ગયે ધરાયે ॥ ૧૦૪

મૃદુ ચકુલી ચાવલ આટા કી પુરહુ મનોરથ નિજ મુખ નાખી ॥ ૧૦૫

ચાર લોંગ ગાડી મિસરી કી । ખાવહુ કપૂર નાડી નીકી ॥ ૧૦૬

બંધે દહો મેં આટા ડારી । કરે બડા ઘી મહિં નિકારી ॥
અપને મુખારવિંદ તરબાઇ । ગોકુલ જીવન લો પધરાઈ ॥ ૧૦૭

દો. મીઠી ચંદ્રકલા કરી, ચક્કન કે આકાર ।
ધરહુ મુખામ્બુજ અપને, પૂરહું મનોર્થ હમારા ૧૦૮

બેસન મેં ઠરી બુંદી મનોહર । પાગો તાહે બહુત જતન કર ॥
મિસરી રસમે કરી ચાસની । ગાઢી ઔર સુગંધવાસિની ॥
તાકે લડુવા મધુર બનાયે । હેસુત આરોગહુ મન ભાયે ॥ ૧૦૯

નિજ હાથનસોંધી મેં તલકે । સુન્દર સેવ બનાયે મેંને ॥
મિસરી કી ચાસની પિલાઇ । લાડુરુચિર કરે, લ્યો ખાઇ ॥ ૧૧૦
ચંદ્રાકાર ઠોર આટાકે । ઘી કે તલે આરોગહુ બાંકે ॥ ૧૧૧
યા પ્રકાર સબ વસ્તુ ધરી કર । તિનમેં તુમ્હેં લગૈ જો રૂચિ કર ॥
તિન્હેં પ્રેમ સૌં મુખધરિ ખાવહું । હે પિયલાલન જલ્દી આવહું ॥ ૧૧૨

દો. પ્રેમ પગે સુનિ માં વચન, હિય આકાંક્ષા જાનિ ।
કૃષ્ણચંદ્ર ખાવન લગે, જે વસ્તુન મન માનિ ॥ ૧૧૩

છં. જિન વસ્તુ અન મન માનિ, વિન કહેં પ્રેમ સોં ખવન લગે ॥
સંગ સખિ પંખા કરહિં, કહહિ કથા સુવચન રસ પાગે ॥ ૧૧૪
કરિ આચમન મુંખ પોંછ, બીરી લેહિ મુખ કેશન હટા ॥
માંકે ઉછંગનિ બૈઠ અચ્યુત, બિખેરે અદ્ભુત છટા ॥ ૧૧૫
સો. અખિલ વિશ્વ કે નાથ, માં કી ગોદી સખિન સંગ ।
આરતિ હુ ઉતરાત, બદન કમલ અતિ શોભહીં ॥ ૧૧૬

પુનિ ઇત અસ ભાવના કરાવહુ । સોઇ સ્થાન હિ ઠીક કરાવહુ ॥
કોમલ ઝીને વસ્ત્ર બિછાયે । સખિન સપ્રેમ હરિહિં બૈઠાયે ॥ ૧૧૭

મલ્યો કુલેલ પ્રભુ કે અંગન । કંધિન કેસ સંવારે જતનન ॥ ૧૧૮

ઇક ઇક કેશ નખન સરકાઇ । અલક સુધારહિં જસુદા માઇ ॥
મધુર સુગંધિત તેલ હાથ લે । લેપત મૈયા બદન કમલ પે ॥ ૧૧૯

આંખિન કીચડ પોંછન લાગી । સો સો કરત દુખન જનુ લાગી ॥
સુન્દર હાથ ધર્યો હરિ માખન । લકુટી લઇ દુસરે હાથન ॥ ૧૨૦

દીન વચન મૈયા કરિ હા હા । ખડે ભયે તાઢિગ સુરનાથા ॥
દો. રૂચિર સુગંધન ઉબટનો, જો કરિ રાખ્યો માત ॥
સો આપને શ્રીઅંગમેં, કૃષ્ણચંદ્ર ઉબટાત ॥ ૧૨૧

ચપલચિત ઉબટન લગવાવૈ । બેર બેર ઢાડે હો જાવૈં ॥
યશુદા કછુ કછુ કહિ બહલાવે । પકરિ પકરિ પુનિ પુનિ બૈઠાવૈં ॥
લેવૈં જલ કુન કુનો સુહાયો । અંગ સુકોમલ સકલ ન્હવાવે ॥ ૧૨૨

મુખકે ઉપર અરૂ શ્રી અંગન । મૈયા ચુપર્યો શીતલ ચંદન ॥
શોભા કેન્દ્ર ભયે નંદનંદન । પીતવસન સમશોભહિ ચંદન ॥ ૧૨૩

ધરેં ખડી ગોપીજન સારી । ખિલે મુખકમલ હંસે મુરારી ॥
અંગન સોં ચંચલ ચેષ્ટા કરી । ભાવ અનેક દિખાવત હૈ હરિ ॥ ૧૨૪

ગોપીજનકે મુખન સુગંધન । સુંઘન મેં જે અહહીં પરાયણ ॥
દો. ગોપીજન અતિ ચાવસોં, છુએ અંગ કરિવ્યાર ॥
રોમાંચિત હૈ અંગ ઇન, ફુલત બારમ્બાર ॥ ૧૨૫

કલશ ઉઠાવત પકરત માહીં । મસલત અંગ પકરિ હરિ કાહી ॥
રણત્કાર કર કંકણ કરહીં । સુતહી ન્હાવત મોહ મન ભરહીં ॥
વૃજ યુવતીન સમુહ કરિ આઇ । ન્હાવત અંગ દેખી સચુપાઇ ॥
ચહુંદિસિ ઘેર હેર નૈનન સોં । સફલ કરત અપને જીવન કોં ॥
દેખત કોઉ મચલવો રોવો । કબહું ફિસલ ગિરિ ઢાડે હોવો ॥
મૈયા કરત મનાવન દેખેં । ધન્ય ભાગ્ય અપને કરી લેખેં ॥
હાથ છુડાઇ કબહું હરિ ભાજત । કોટિ અનંગ નિરખી મન લાજત ॥
મૈયા દોરત હાંફત પકરત । અંગ અંગ મોહન કો ફરકત ॥ ૧૨૬

દો. નરમ અંગોછે હાથ લેં, અંગ વસ્ત્ર કરિ માત ॥
કોમલ આસન સ્વચ્છ અતિ લાકેં તંહ બેઠાત ॥ ૧૨૭

વસ્ત્ર અનેક ઔર આભૂષણ કી પેટી રખિ મૈયા મોહન ॥
બઠી ગોદ લિયે લાલ કૌંહ । શોભિત ગોપીજન મંડલ તંહ ॥ ૧૨૮

બાલ ભાવ આગ્રહી ભયે હૈ । રાધાહિં પાસ બિઠાય લિયો હૈ ॥
બાલ ભાવના અનુકરણસોં । નેહ જનાવત સહજહિ તિનકો ॥ ૧૨૯

નિજકી નિત્ય ક્રિયન સહિત્યન । કરત સહજહી સનેહ સૂચન ॥
બાલક જિમિ હરિ મુગ્ધ હોત હૈં । સ્વયં અદોષી ગુણ વિગ્રહ હૈ ॥ ૧૩૦

રાધા સનમુખ અપનો મુખ કરિ । નિજ સિંગાર કરાવત હૈ હરિ ॥
રાધા કે અનુસાર સિંગારન । આગ્રહ કરત માતસૌં લાલન ॥ ૧૩૧

વેણુ વેત્ર આદિક હૈં પાસા । એક કર મૈં લડુકો વાસા ॥
તનિયા સરસ કસુંબી સોહત । કો કહ સક કોં કોકો મોહત ॥ ૧૩૨

દો. નખ ભૂષણ હીરાજટિત, સોં ભૂષિત સુર ભૂપ ॥
ચરણ અંગુરિયન મૈં ધરે, બિછિયા પરમ અનૂપ ॥ ૧૩૩

સો. સોહત હૈં પગપાન, રત્ન ખચિત ભૂષણ વિમલ ॥
નૂપૂર કર સ્વર ગાન ધરે ચરણ કંકણ સુઘડ ॥ ૧૩૪

કમલ કેસરન રંગ સમ ભા । પીત કાછની ધરે સુહાઇ ॥
સ્વર્ણ કિનારી ધુટનન આઇ । સો અતિ સુન્દર પરત દિખાઇ ॥ ૧૩૫

કટિ મેખલા કમર પૈ રાજત । રેશમ ગુછછોર દોઉ સાજત ॥
સબ ગોપિજન રણત્કારસોં । મોહિત હો વૈં ચમત્કાર સોં ॥ ૧૩૬

દસ અંગુરિન મુદ્રિકા ધરેં દસ । હસ્તફુલ કરમેં સાંકલ કસ ॥ ૧૩૭

રતન અમોલ ગયે જડવાયે । કંકણુ હસ્ત મૂલ પહરાયે ॥
લમ્બે શ્યામ સ્વચ્છ ગુચ્છન સો । શોભિત બાહુ સુધન પેહોં ચિનસોં ॥ ૧૩૮

યુગલ ભુજન બાજુબંદ ધારે । જયો સરિતા કે યુગલ કિનારે ॥
દો. મિલન વિરહ રસ બોધજેં, સબ કહ સહજ કરાહિં ॥
શુભ્ર પદક રત્નજટિત, સોહ રહયો કરમાંહિ ॥ ૧૩૯

લમ્બો જે નાભિતક સુહાવન । કદર સોહ ઇન મોતિન માદન ॥
રત્ન ન પોચે મોટે મોતી । સોહે ઇન હારનકી જયોતી ॥ ૧૪૦

કૃત્રિમ મણિમાલા સુવરનકી । ખતિ શોભાયમાન નૈનકી ॥
મોતી રત્ન ઔર મણિ જડિતે । જયંતી માલન જગ જીતે ॥ ૧૪૧

પુષ્પ અનેક બની વન માલા । પૈં ગુંજે ભ્રમર રસાલા ॥
સુવરણ સાંકલકી માલાસેં । ચરણુ કમલ આપકે પ્રકાસેં ॥ ૧૪૨

કામદેવકો રૂપ જનાવત । મકરાકૃત કુન્ડલ મન ભાવન ॥
વૈસાહિ શારી લક્ષણ સિદ્ધાવન । ધર્યો ચિબુક કો વિમલ આભરન ॥
દો. બહુવિધિ માત લુભાવહી, મુગ્ધ ભાવ અભિરામ ॥ ૧૪૩
કાજર શ્યામ અંજાવહી શ્યામ નેત્રમેં શ્યામ ॥ ૧૪૪

યુગલ નેત્ર આંજન અંજાવત । કરિ સીત્કાર અધિક નખરાવત ॥
સારંગ છોરન સારંગ રેખન । કામદેવ સમ આકૃતિ ગઇ બન ॥
ભ્રકુટિ નિકટ પટક મસિ ટપકો । ટાર્યો દોષ દોઢ અટપટકો ॥ ૧૪૫

ધ્વજનિ ઉપરી મીન સમાના । કામદેવ જીમિ ધનુ અનુમાના ॥
ભૃમર મનહુ બૈઠયો તહં જાઈ । શોભા સ્થલ ઇમિ ગયો બનાઇ ॥ ૧૪૬

પુનિ લલાટ અરૂ યુગલ કપોલન । કસ્તુરી સોં કિય ચિત્રાંકન ॥
અલકન મોતિન માલ ધરાઈ । કરિ શોભા વરણી નહી જાઇ ॥ ૧૪૭

મણિ મોતિન સોં જટિત તિલક કરિ । તા સોં હૂ શોભાયમાન હરિ ॥
તીન રેખ તારો સુવરણ કો । પાડ આભરન શોભિત નીકો ॥ ૧૪૮

બાંધે કેશ પાશ સરખે કરિ । તિનમેં મોરપિચ્છ તિરછો ધરિ ॥
સો. કોમલ પલ્લવ લાય, પુષ્પ અનેક ધરાય કે ॥
સુતહિં સજાયે માય ભયે વિચિત્રિત આપ હરિ ॥ ૧૪૯

જબહિં કરત શ્રીંગાર નિકુંજન । સ્વામિનિજીકે ધરિ આભૂષણ ॥
પુનિ મૈયા સો આગ્રહ કર કર । ધારત પ્રિય મોતી નકબેસર ॥ ૧૫૦

શ્રી સ્વામિનિ કે ભાવ તરંગન । કરત આવઇ તિનકો ભાવન ॥
સ્વચ્છ સિંગાર યુક્ત સ્વામિનિ કે । તિન સંગ આપ બિરાજે નીકે ॥ ૧૫૧

પ્રિય ગોપીજન સકલ પધારી । દર્શન કરત અમિત સુખકારી ॥
લેત બલૈયા નિરખત મોહન । વસ્ત્રાભૂષન કરનિ ઉઢાવન ॥ ૧૫૨

યુગ હાથન ગોપીજન સારી । તન ધન પ્રાન પ્રભુન પૈ વારી ॥
જે સર્વસ્વ કરહિ ન્યૌછાવર । તિન કાહીં દેખન હરિ તત્પર ॥ ૧૫૩

છ. તિન ગોપિયન કી ઔર, તત્પર રહહિં દેખન કૃપા કરિ ॥
ગોદી બિરાજે માતકી, કાજર લગાયો નૈન હરિ ॥ ૧૫૪
મૃગમદ બરાસ મિલાઇકેં, અંખિયન અંજન આંજીયો ॥
અંજન લગાવત હલિ પરે, સોચિન્હ મુખન સુહાઇયો ॥
દો. દ્વે કમલન પૈ ભ્રમર હૈ, મનહુ કરહિં ગુંજાર ।
શ્યામ ચિન્હ અટપટ તઉ સુન્દરતા કો સાર ॥ ૧૫૫

ક્રમશઃ

અનુકરણીય

આજીવન ગ્રા. નં. ૩૦૦ શ્રી ગીરધરલાલ નાથાલાલ કોટક, કલ્યાણ દ્વારા આજીવન લવાજમના દર વધતા રૂા. ૫૧/– સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૧૪ તા. ૮–૯–૯૫ શુક્રવાર અનંત ચતુર્દશી, ગો. શ્રી શિશિરકુમારજી બાવાશ્રી (કાંદીવલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૯–૯–૯૫ શનિવાર પૂર્ણિમા, શ્રીમદ ભાગવત સપ્તાહ સમાપ્તિ, સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય, શ્રાદ્ધ મહાલયનો આરંભ.

ભાદરવા વદ ૧ તા. ૧૦–૯–૯૫ રવિવાર મુંબઇ શ્રી લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ તથા શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ, આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજ્યાદશમી સુધી બોલાય.

ભાદરવા વદ ૪ તા. ૪ તા. ૧૩–૯–૯૫ ગુરૂવાર ગો. શ્રી ચંદ્રગોપાલજી મહોદય (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૧૪–૯–૯૫ ગુરૂવાર. મહાનુભાવ શ્રી હરિરાયજીનો ઉત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૧૭–૯–૯૫ રવિવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટ્ય ઉત્સવ (સ. ૧૫૮૭)

ભાદરવા વદ ૯ તા. ૧૮–૯–૯૫ સોમવાર ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૨૦–૯–૯૫ બુધવાર ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૨૧–૯–૯૫ ગુરૂવાર શ્રી મહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭)

ભાદરવા વદ ૧૩ તા. ૨૨–૯–૯૫ શુક્રવાર શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ (સં. ૧૬૦૬)

ભાદરવા વદ અમાસ તા. ૨૪–૯–૯૫ રવિવાર કોટની આરતી. સાંઝી સમાપ્તિ સર્વ પિત્રી અમાવાસ્યા.

આસો સુદ ૧ તા. ૨૫–૯–૯૫ સોમવાર નવવિલાસ, નવરાત્રિ આરંભ અંકુરા રોપણ, રાસના પદ બધા સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યો પછી તથા સેન ભોગ વખતે બોલાય. ગો. શ્રી પ્રણયકુમારજી (કાંકરોલીમથુરા–વડોદરા)નો, ગો. શ્રી અનુરાગકુમારજી (સુરત) નો, ગો. શ્રી વાગીશ બાવાશ્રી (રાજનગર–અમદાવાદ)નો તથા ગો. શ્રી મિથિલેશ કુમારજી (કાંદીવલી)નો જન્મ દિવસ.

આસો સુદ ૩ તા. ૨૭–૯–૯૫ બુધવાર ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૭ તા. ૧-૧૦-૯૫ રવિવાર ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૩-૧૦-૯૫ મંગળવાર. વિજયા દશમી દશહરા અંકુરાર્પણ, સાંજે ભોગ સંધ્યામાં શ્રી પ્રભુને સમર્પવા. સરસ્વતી વિસર્જન આયુધ પુજન ગો. શ્રી વાગધીશજી બાવાશ્રી (શ્રીનાથદ્વારા-દ્વિતિય ગૃહ) નો તથા ગો. શ્રી રવિકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા) નો તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (કોટા) નો જન્મ દિવસ.

આસો સુદ ૧૧ તા. ૪-૧૦-૯૫ બુધવાર પાશાંકુશા એકાદશી વ્રત ગો. શ્રી કૃષ્ણકુમારજી મહારાજ (કામવન) નો તથા ગો. શ્રી. ગોપિકાલંકારજી (મુંબઇ) નો જન્મદિન

આસો સુદ ૧૩ તા. ૬-૧૦-૯૫ શુક્રવાર શ્રી બાલકૃષ્ણજી (સુરત) નો પાટોત્સવ ગો. ચિ. શિશિરકુમારજી (પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૫ તા. ૮-૧૦-૯૫ રવિવાર શરદ પુર્ણિમા રાસોત્સવ કાર્તિક સ્નાન આરંભ શ્રી રણછોડજી (ડાકોર) નો મેળો.

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનનો સુક્ષ્મ પ્રકાર

અભ્યંગ-ઉવટનો અને શ્રુંગાર - શ્રી નંદદાસજી ભાવના

લેખક :- ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઈ વેલજીભાઈ મીસ્ત્રી "વૃજ" ધોરાજી.

પ્રેષક :- પ. ભ. ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા, ધોરાજી.

ઉત્સવોને દીવસે અભ્યંગ થાય છે અને અન્ય દીવસોમાં ઉવટનો કરી ગરમ સુગંધી જલથી સ્નાન થાય છે. અભ્યંગમાં કેસર-કસ્તુરી-ચંદન-તુલસી-આંબળા અને બ્રજ-કામવનના **શ્રી કુંડની** માટી કપડાથી ગાળી અને તેની સોગઠી બાંધેલી હોય છે. તે શ્રી અંગને ચોળી અને સ્નાન કરાવાય તેનું નામ અભ્યંગ. આમ પ્રભુને અભ્યંગ સ્નાન કરાવી સુકોમળ વસ્ત્રથી શ્રી અંગ પોંછી પછી શ્રીંગાર ચોકી ઉપર પધરાવી આત્મ સુખ "વાગો" (અંદરનું સુકોમલ વસ્ત્ર) ધરાવી ઉષ્ણકાલ હોય તો ઉપર મલમલનાં વસ્ત્રો ધરાવાય, શીતકાલ હોય તો ઉપર "ગદલ" (રૂઇદાર બંડી) ધરાવાય આગળ સગડી ધરાવાય અને શ્રી બાલકૃષ્ણજી હોય તો "ફરગુલ" (રૂઇદાર ઓઢણી) ધરાવાય. સામે બાજુમાં લીલા સુકા મેવા દુધઘર વીગેરેની કટોરીઓ ધરાય. તેને શ્રંગાર ભોગ કહેવાય. પછી ઋતુ અનુસાર શ્રંગાર ધરાવાય, ઉષ્ણકાલના મોતીના હલકા શ્રંગાર ધરાવાય. શિતકાલમાં સુવર્ણજડિત ભારે શ્રંગાર ધરાવાય પછી દર્પણ બતાવાય.

શ્રંગાર સમયના કિર્તન **લાલકો શ્રંગાર બનાવત મૈયા – આવો ગોપાલ શ્રંગાર બનાવું** વગેરે બોલાય, વધાઇના દીવસો હોય તો અભ્યંગમાં વધાઇ બોલાય, **મંગલ ગાવો માઈ, રાનીજૂ આપૂન મંગલ ગાવે**, વગેરે વધાઇ બોલાય, ઉષ્ણકાલમાં–શ્રંગાર સન્મુખમાં **માઇરી આજ ઓર કાલ ઓર દીન દીન પ્રતિ ઓર** પનઘટના કિર્તનો પણ બોલાય– **ગોકુલકી પનિહારી પનિયા ભરન ચાલી** મલ્હારના દીવસો હોય તો **ભીજત કબ દેખો ઇન નયના** વસંતના દીવસો હોય તો **ગીરધર લાલકી બાનિક ઉપર.** ધમારના દીવસો હોય તો **કાજર વારી ગોરી ગ્વાલ,** વીગેરે કિર્તનો બોલાય, જેઠ વદી–૧થી જેઠ વદી અમાસ સુધી **"સુહા"** રાગના કિર્તનો મંગળા શ્રંગારમાં બોલાય, **ચલો સખી સોતન કે ઘર જઈએ અને ઝુમક સારી હોતન ગોરે.** વીગેરે કિર્તનો બોલાય શીતકાલ હોય તો શ્રંગાર સન્મુખ "હિલગ"ના કિર્તનો બોલાય છે.

હીલગન કઠીન હે યા મનકી, કૃષ્ણનામ જબતે શ્રવણ સુન્યોરી આલી વીગેરે રાજભોગ સન્મુખ પણ બોલાય દર્શન ઓટમાં પણ બોલાય પછી ટેરો આવે.

શ્રંગારના દર્શન શ્રી નંદદાસજીની ભાવનાથી છે. તેઓ નિત્ય નવા કિર્તનો બનાવતા લીલાના દર્શન પ્રમાણે કિર્તનો બનાવી અને શ્રી ગોવર્ધન નાથજીને સંભળાવતા. તેઓનું પ્રાગટય શ્રી પ્રભુના **"ઉદર"થી** થયું છે. તેઓશ્રી ગોવર્ધન ધરણના ઉદર રૂપ છે. તેઓ સારસ્વત કલ્પમાં શ્રી કૃષ્ણાવતાર સમયે પ્રભુના "ભોજ" નામના સખા છે. નિત્ય લીલામાં શ્રી સ્વામિનિજી પાસે **"ઇંદુલેખા"** સખી સ્વરૂપે છે. પ્રભુ શ્રી ગોકુલ ચંદ્રમાજીના સ્વરૂપમાં તેઓની આસક્તિ છે. રાસ સ્વરૂપની લીલા – **રાસલીલામાં** પરમ આસકત છે. શ્રી પ્રભુના શ્રી મસ્તકના શ્રંગાર ફેંટાના છે. શ્રી અંગના રત્નજડીત શ્રંગારો માણેકના છે. શ્રી અંગના ફૂલ શ્રંગારો **ચંપા ફુલના** છે. શ્રી ગોવર્ધન ગામ માનસી ગંગા પાસે પીપળના વૃક્ષ નીચે સદા નિવાસ છે. ત્યાં તેઓનું નિકુંજ દ્વાર છે. તે દ્વાર દ્વારા શ્રી ઇંદુલેખાજી પોતાની સ્મરણ કુંજ અને દધિ હરણ નિકુંજના જીવોને લઇ રાત્રીએ નિત્ય લીલામાં પધારે છે. અને રાસ–રમણનાં સુખો લઇ પ્રાતઃ કાળે બહાર પધારી પોતાના ભૌતિક સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે. અંત સમયે તે દ્વાર દ્વારા શ્રી નંદદાસજી લીલામાં પધાર્યા છે.

કિર્તન

રસકી રાસ રસાલ રસકો નિધિ - નંદદાસજી "ઉદર" ગિરધરકો ॥
ભોગ કરત જો ગોકુલચંદજી - પહુંચત પરમાનંદ ઉદરકો ॥૧॥
બાંટત સોઇ સબે અંગ અંગન – પાન કરત ન અઘાત અધરકો ॥
શ્રી બ્રજ પતિકો અમિત સુધાસવ, જગમેં **'નંદદાસ'** સમ સરકો ॥૨॥

કંઠાભરણમ્

શ્રી કૃષ્ણને વંદન

વાસનાદ્ વાસુદેવસ્ય વાસિતં ભુવનત્રયમ્ ।
સર્વભૂતનિવાસોઽસિ વાસુદેવ નમોઽસ્તુતે ॥

વાસુદેવના વસવાથી ત્રણે ભુવન વસેલાં છે. હે વસુદેવ ! તમે સર્વ ભૂતોના નિવાસસ્થાન છો, તમને નમસ્કાર હો. સર્વ ભૂતોમાં – સર્વ પ્રાણી પદાર્થોમાં વાસ કરનાર હોવાથી હે ભગવાન ! તમે વાસુદેવ કહેવાઓ છો; આ ત્રણે ભુવનોમાં સ્થાવર – જંગમરૂપે તમારો જ વાસ છે, તમારા જ વાસથી ત્રણે ભુવનો ભરપૂર બનેલાં છે અને આ ત્રણે ભુવનો તમારી અંદર રહેલાં છે – તમે ત્રિભુવનના નિવાસરૂપ પણ છો, તમને નમસ્કાર હો.)

ગોપાલ કૃષ્ણને વંદન

નમો બ્રહ્મણ્યદેવાય ગોબ્રાહ્મણ હિતાય ચ ।
જગહિતાય કૃષ્ણાય ગોવિંદાય નમો નમઃ ॥

કૃષ્ણાય વાસુદેવાય દેવકીનંદનાય ચ ।
નંદ ગોપકુમારાય ગોવિંદરાય નમો નમઃ ॥

બ્રહ્મ, દેવોના દેવ અને ગો–બ્રાહ્મણનું હિત કરનાર તથા સમગ્ર જગતનું હિત કરનાર ગોવિંદ, શ્રી કૃષ્ણને વારંવાર નમસ્કાર હો.

વસુદેવ – દેવકીના પુત્ર, શ્રી નંદરાયજીના પુત્ર એવા શ્રી કૃષ્ણ – શ્રી ગોવિંદને વારંવાર નમસ્કાર હો.

શ્રી નાથજીને વંદન

શ્રીનાથઃ સર્વદા સ્મર્યઃ સર્વ લીલા સમન્વિતઃ ।
ભકતૈક હૃદય સ્થાયી સકલઃ પુરુષોત્તમઃ ॥

અસ્માકં સાધનં સાધ્યં 'શ્રીનાથઃ શરણં મમ' ।
સંપત્સ્વાપત્સ્વપિ સદા સ્વાઃચાર્ય ચરણોદિતમ્ ॥

ભકત માત્રનાં હૃદયમાં રહેલા, સર્વ કલાયુકત પુરુષોત્તમ સ્વરૂપ શ્રી નાથજી સર્વદા પોતાની સર્વ લીલા સહિત સ્મરણીય છે. સુખોમાં કે દુઃખોમાં પણ અમારા આચાર્ય ચરણે પ્રગટેલો "શ્રીનાથઃ શરણં મમ" એ મંત્ર અમારું સદાય સાધન અને સાધ્ય છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરિખ પરિવારના સૌજન્યથી]

કાવ્ય-કુંજ

નવરાતનો ગરબો

રચયિતા – શ્રી જયસિંહ દેવીદાસ ભક્ત, મુંબઇ

[ઢાળ – માત સોળ શ્રાદ્ધ નવ નોરતાં રે]

સોળ શરદની રાત નવ નવરાત્રી રે;
સોળ શણગાર સજી યમુના મૈયા ખેલે નોરતાં રે. ૧

પહેલે નોરતે, પહેલો વિલાસ જો;
વૃંદાવનમાં, શ્રી ચંદ્રાવલીજી બિરાજે – ત્યાં યમુના૦ ૨

બીજે નોરતે, બીજો વિલાસ જો;
સંકેત વનમાં, શ્રી લલિતાજી બિરાજે – ત્યાં યમુના૦ ૩

ત્રીજે નોરતે, ત્રીજો વિલાસ જો;
નિકુંજ ભવનમાં, શ્રી વિશાખાજી બિરાજે – ત્યાં યમુના૦ ૪

ચોથે નોરતે, ચોથો વિલાસ જો;
પરાસોલીમાં, શ્રી ચંદ્રભગાજી બિરાજે – ત્યાં યમુના૦ ૫

પાંચમે નોરતે, પાંચમો વિલાસ જો;
કદલી વનમાં, શ્રી સંજાવલી બિરાજે – ત્યાં યમુના૦ ૬

છઠ્ઠે નોરતે, છઠ્ઠો વિલાસ જો;
ગોધન વનમાં, શ્રી સહચરીજી બિરાજે – ત્યાં યમુના૦ ૭

સાતમે નોરતે, સાતમો વિલાસ જો;
ગહેવર વનમાં, શ્રી કૃષ્ણાવતીજી બિરાજે – ત્યાં યમુના૦ ૮

આઠમે નોરતે, આઠમો વિલાસ જો;
શાંતન કુંડમાં, શ્રી સારંગીજી બિરાજે – ત્યાં યમુના૦ ૯

નવમે નોરતે, નવમો વિલાસ જો;
બંસીબટમાં, શ્રી યુગલ સ્વરૂપ બિરાજે – ત્યાં યમુના૦ ૧૦

નવ વિલાસ, નવરાત્રી આનંદ જો;
નવ નવ દિવસ, 'દાસ ચરણ રજ' આશ – શ્રી યમુના– ૧૧

શ્રી વલ્લભ સુધાના આજીવન ગ્રાહકોની યાદી

૫૦૬ શ્રી પાર્વતીબેન ચોલેરા, રાજકોટ.
૫૦૭ ,, ખત્રી ભરતકુમાર પ્રભુદાસ ઓસમીયા, જેતપુર.
૫૦૮ ,, અમૃતલાલ ધનજીભાઇ ચંદારાણા, રાજકોટ,
૫૦૯ ,, ધીરૂભાઇ આર. પટેલ, સુરત.
૫૧૦ ,, બળવંતરાય મથુરદાસ મહેતા, રાજકોટ.
૫૧૧ ,, ધીરજલાલ રેવાચંદભાઇ રાજા, રાજકોટ.
૫૧૨ ,, છગનલાલ ટપુભાઇ પટેલ, રાજકોટ.
૫૧૩ ,, તારામતી જયંતીલાલ લાઠીગરા, સાવરકુંડલા.
૫૧૪ ,, અતુલભાઇ તન્ના, વિલેપાર્લા (ઇસ્ટ)
૫૧૫ ,, શ્રીવલ્લભાચાર્ય ચેરીટેબલ ટ્રસ્ટ, બીલખા.
૫૧૬ ,, કે. બી. પાનખાનીયા, રાજકોટ.
૫૧૭ ,, ભીમજીભાઇ કાનાભાઈ કોઠારી, ભોદ
૫૧૮ ,, રમેશભાઇ સવદાસ પટેલ, રાજકોટ.
૫૧૯ ,, સંદીપ કાંતિલાલ પટેલ, રાજકોટ.
૫૨૦ ,, હેમતભાઇ ભીમજીભાઇ પટેલ, રાજકોટ.

પુસ્તક પરિચય

(૧) શ્રી નાથજીના ધજાજી

લેખક સંપાદક : **પ્રા. રમેશભાઇ વિ. પરિખ**
પ્રકાશક શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧(શિવ સોસાયટી નં. ૨

બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા ૩૮૪૦૦૨ ૮ પેઇજી ડેમી સાઇઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ આર્ટ પેપર લેમીશન પુંઠા ઉપર શ્રી નાથજીના શુગારીત મુખારવિંદનું રંગીન ચિત્ર ન્યોછાવર દર્શાવેલ નથી.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા આ પુસ્તિકામાં શ્રી નાથજીના ધજાજીનું પુષ્ટિ સંપ્રદાયમાં મહત્વ તેમજ તેમના સ્વરૂપ અને ભાવ ભાવનાનું સરળ ભાષામાં નિરપણ કરવામાં આવ્યું છે. ધજાજીનો ઇતિહાસ તથા તેમની પધરામણીની રીત પણ સમજાવેલ છે.

અંતમા શ્રી નાથજીના સ્તોત્ર તથા પદોનો સમાવેશ કરેલ છે. દરેક વૈષ્ણવ કુટુંબે વાંચવા તથા વસાવવા લાયક પુસ્તિકા.

(૨) ગીતા મંથન

પ્રવકતા પુ. ગો. શ્રી ઇન્દિરા બેટીજી
સંપાદક પા. રમેશભાઇ વિ. પરીખ
પ્રકાશક ઉપર મુજબ

૮ પેઇજી ડેમીસાઇઝ પૃષ્ઠ ૧૭૬ ઓફસેટ પ્રિન્ટીંગ, સ્ટીચીંગ બાઇન્ડીંગ કાર્ડ બોર્ડ લેમીશન પુઠું ન્યોછાવર દર્શાલેલ નથી.

ગીતાજીનું મહત્વ સર્વકાળ અને સ્થળમાં સ્વીકારાયું છે તે સનાતન શાસ્ત્ર છે. સમસ્ત માનવ જાતને એક સરખું સ્વીકાર્યું શાસ્ત્ર છે ગીતાજી સાંપ્રદાયિક શાસ્ત્ર નથી. સર્વ સંપ્રદાય સ્વીકૃત શાસ્ત્ર છે ગીતાજી પર અનેક ટીકાઓ પુષ્ટિ સંપ્રદાયના આચાર્યો તેમજ અન્ય વિદ્વાનો દ્વારા લખાઇ છે તે ગીતાજીનું શ્રી મહાપ્રભુજીની દષ્ટિથી ચિંતન કરી પુજય ગોસ્વામી ઈન્દિરા બેટીજીએ સાત દિવસ યુ. કે. ના જીજ્ઞાસુ વૈષ્ણવોને નવનીત રસ પાયો તે વચનામૃતોની કેસેટ પરથી આ પુસ્તક પ્રકાશિત થયેલ છે.

ગીતાના રહસ્યને સુંદર, સરળ, લોકભોગ્ય શૈલીમાં રસમય રીતે દાખલા, દલીલો સાથે સમજાવવામાં આવ્યું છે. દરેક વૈષ્ણવે, ગીતા અભ્યાસુએ વાંચવા તથા વસાવવા લાયક પુસ્તક દરેક ભગવત્વાર્તામાં દરરોજ નિયમીત રીતે વાંચવા યોગ્ય પુસ્તક.

(૩) ષોડશ ગ્રંથનું આચમન-૧

લેખક – પ્રા. રમેશભાઇ વિ. પરીખ
પ્રકાશક – ઉપર મુજબ.

૮ પેઇજી ડેમી સાઇઝ, પૃષ્ઠ ૨૭ ઓફસેટ પ્રિન્ટીંગ, સેકસન સિલાઇ, પુંઠું કાર્ડ બોર્ડનું, શ્રી મહાપ્રભુજીના રંગીન ચિત્રજીવાળું, ન્યાછાવર દર્શાવેલ નથી.

કૃષ્ણ ગીતા સમાન જગતમાં જો કોઇ અન્ય ગીતા હોય તો તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ આ "વલ્લભ ગીતા" ષોડશ ગ્રંથ છે. તેનું પ્રકાશન ૪ ભાગમાં કરવાનું આયોજન છે. તે પૈકી આ પ્રથમ ભાગ છે.

આ પુસ્તકમાં શ્રી યમુનાષ્ટક, શ્રી બાલબોધ, સિદ્ધાંત મુકતાવલી અને પુષ્ટિ પ્રવાહ મર્યાદા એમ ૪ ગ્રંથનું વિવેચન કરવામાં આવ્યું છે. દરેક ગ્રંથ મૂળ શ્લોક, ગુજરાતી પદ્યાનુવાદ, ગુજરાતી શબ્દાર્થ સાથે અનુવાદ આપવામાં આવેલ છે. ગ્રંથ પર લખાયેલ વિવિધ ટીકાઓ સમેત દરેક શ્લોકનું સવિસ્તર વિવરણ કરેલ છે. સરળ, રસાળ શૈલીમાં લખાયેલ પુસ્તક વાંચતા જ આનંદ વિભોર થઇ જવાય છે.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ આ એક અમૂલ્ય પુસ્તક છે. જે દરેક વૈષ્ણવે સંપ્રદાયની સાચી સમજુતી માટે અને વલ્લભ વ્હાલાને જાણવા માટે વાંચવું અને સમજવું જરૂરી છે.

દરેક વૈષ્ણવ કુટુંબે, વાંચનાલય, ભગવદ્ મંડલી, પુષ્ટિ સાહિત્યના અભ્યાસીએ અચૂક વસાવવા હાર્દિક આગ્રહ ભરી અપીલ છે. પુસ્તકના ચાર ભાગ અત્યારથી નોંધાવી લેવા પણ સલાહ છે.

ઉપરના ત્રણેય પુસ્તક પ્રાપ્તિ સ્થાન

શ્રી વિજયભાઇ એમ. દેસાઇ કેમી ઇકિવપ, પો. બો. નં. ૨૭૨૮
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૪૦૦ ૦૦૨

(૪) શિક્ષાપાત્ર ગ્રંથ સાર –

પ્રકાશક – સંકલન :– શ્રી યમુના પબ્લીકેશન, પાટણ
પ્રાપ્તિસ્થાન :– શ્રી જિતેન્દ્રભાઇ રમણીકલાલ પરીખ
વાયુ દેવતાની પોળ, ચાચરીયા, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫.
$\frac{૧}{૧૬}$ ડેમી સાઇઝ પૃષ્ઠ ૨૪, દોરા સિલાઇ, કાચું પૂંઠું ન્યો. રૂ. ૪–૦૦

શ્રી હરિરાય મહા પ્રભુ દ્વારા લખાયેલ ૪૧ પત્રો પુષ્ટિ સંપ્રદાયમાં બડે શિક્ષાપત્ર તરીકે ઓળખાય છે. વૈષ્ણવનું એક પણ ઘર એવું નહીં હોય કે જ્યાં આ પુસ્તક બિરાજતું નહીં હોય. તે અમૂલ્ય સાહિત્ય સાગરમાંથી બિંદુ રૂપે ૧૦૬ સૂત્રોમાં સેવા, સ્મરણ, સત્સંગ આશ્રય વિગેરે સિદ્ધાંતોનો સાર પ્રસ્તુત કરેલ છે. જે વાંચવા અને વસાવવા લાયક છે.

(૫) [૧] આપણા શ્રી મહાપ્રભુજી [૨] આપણા શ્રી ગુસાંઇજી
[૩] આપણા શ્રી ગોકુલનાથજી

લેખક : કાન્તિ ર. ગાંધી પ્રકાશક : કુંજબિહારી રમણલાલ તલાટી
૯/બી, બેન્ક ઓફ ઇન્ડિયા સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩

૧૬ પેઇજી ક્રાઉન સાઇઝ, દરેકના પૃષ્ઠ ૪૦, કાચું પુઠું, પીન બાઇન્ડીંગ, દરેકનું
મૂલ્ય રૂ. ૫/– ત્રણ પુસ્તકના સેટની કિંમત રૂ. ૧૫/–

શ્રી વલ્લભ બાલગ્રંથાવલીની ત્રણ નાની પુસ્તિકામાં બાલ સુલભ ભાષામાં ચિત્રો સાથે અનુક્રમે (૧) શ્રી મહાપ્રભુજીના (૨) શ્રી ગુસાંઇજી (શ્રી વિઠ્ઠલનાથજી)ના અને (૩) શ્રી ગોકુલનાથજીના પ્રાગટ્ય તથા સુંદર પ્રસંગો સાથે સંક્ષિપ્તમાં જીવન ચરિત્ર આલેખવામાં આવ્યું છે. શ્રી મહાપ્રભુજીની અમૃતવાણીના અંશો તેમજ બાળકો સમજી શકે તે રીતે દરેક પ્રકરણને અંતે ખાલી રહેતી જગ્યામાં સુંદર સુવાક્યો સમાવેલ છે. પુષ્ટિ સાહિત્યમાં બાળસાહિત્યનું મહત્વ ઘણું છે. બાલસાહિત્યની આ ત્રણ પુસ્તિકાઓ દરેક વૈષ્ણવ કુટુંબે વસાવવા લાયક તેમજ સમુહમાં બેસી વાંચવા યોગ્ય છે.

સમાચાર

'પ્રેમસે બોલો જય શ્રીકૃષ્ણ' સ્ટીકરોના વિતરણનો મંગલ પ્રારંભ

આ. રા. પુ. પરિષદ, ગુજરાત પ્રદેશના ઉપક્રમે 'પ્રેમસે બોલો જય શ્રીકૃષ્ણ સ્ટીકર્શ' વિતરણનો મંગલ પ્રારંભ વડોદરા જીલ્લાના સંખેડા બહાદરપુર, ડભોઈ અને બોડેલી મુકામે વૈષ્ણવ હવેલીમાં પુ. પા. ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયના કરકમલો દ્વારા ભવ્ય રીતે સંપન્ન થઈ ગયો મંગલાચરણ અને સ્વાગત બાદ પરિષદના સહમંત્રી શ્રી સી. પી. તલાટીએ અભિયાનની પીઠીકા સમજાવતાં જણાવ્યું કે આવા કાર્યક્રમો દ્વારા વૈષ્ણવ સમાજમાં સુષુપ્ત બનેવી પુષ્ટિ અસ્મિતાને જાગૃત કરવાની છે.

પુષ્ટિ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રના પ્રાગટય મહોત્સવના દિવસે પ્રત્યેક વૈષ્ણવને ઘેર જઈ આ કાર્થનો પાવન પ્રારંભ કરી અગિયારસના દિવસે પુર્ણાહુતિ કરવાની છે.

વડોદરા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના ઉપકમે વડોદરાની વિવિધ શાખાઓનો મિલન સમારંભ 'પ્રેમસે બોલો જય શ્રી કૃષ્ણ સ્ટીકર્સ' અભિયાનના સંદર્ભમાં ફતેગંજ ખાતે મધુભાઈ શાહના નંદાલયમાં પુ. પા. ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયના પાવન સાનિધ્યમાં સુંદર રીતે સમ્પન્ન થઈ ગયો મંગલાચરણથી કાર્યક્રમ ત્રિવેણીનો પ્રારંભ થયો આં અભિયાનના કાર્યાક્રમની સાથે પુ. શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રીજીના અમેરિકાથી પુન:આગમન અને પ્રિ, વી. પી. પરીખના અમેરિકા પ્રસ્થાન કાર્યક્રમને પણ સંમિલિત કરવામાં આવ્યો. બન્ને મહાનુભાવોનું પુ. આચાર્યશ્રીના કરકમલો દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

શ્રદ્ધાંજલિ

ઉપલેટાના પરમ ભગવદિય મુખ્યાજી શ્રી કાકુભાઈ આણંદજીભાઈ પુરોહીતના હરિ:શરણ થવાથી વૈષ્ણવ સમાજને ન પુરી શકાય તેવી ખોટ પડી છે

પ. ભ. શ્રી કાકુભાઈ તેમના ગુરૂઘરના પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ પોરબંદર તથા પુ. પા. ગો. શ્ર વ્રજભુષણલાલજી મહારાજ (જામનગર) તથા એમના સર્વે બાળકોના વિશેષ કૃપા પાત્ર હતા.

સેવા પ્રણાલી, કીર્તન, સાહિત્ય, અને કલાત્મક સજાવટના જ્ઞાતા શ્રી કાકુભાઈ અત્યંત વિચક્ષણ બુદ્ધિ પ્રતિભા ધરાવતાં હતા.

જેટલા સેવા; સ્મરણ કીર્તનમાં રત હતાં તેટલાજ વ્યવહાર કુશળ અને મુત્સદિ પણ હતા મોટા મોટા પ્રસ્તાવો મનોરથોમાં પુ. ગો. બાલકો ખાસ તેમને બોલાવતાં. સામાન્ય ત્રણ ધોરણનો અભ્યાસ કરેલ હોવા છતાં તેઓ વ્યાપારી નામાના અને કરવેરાના કાયદાના નિષ્ણાત હતા અને મોટી મોટી પેઢીઓ અને કરવેરાના વકીલોપણ તેમની સલાહ લેતા ચિત્ર કામ અને ફોટોગ્રાફીના તેઓ જ્ઞાતા હતા. આવાં બહુમુખી પ્રતિભાવંત શ્રી કાકુંભાઈ છેવટ સુધી સેવા–સ્મરણ કરતાં સંપુર્ણ આરોગ્યમય જીવન જીવી કશી લાંબી માંદગી વીના ભગવત ચરણારવિંદને પ્રાપ્ત થયાં તેમના પુત્રો, પુત્રીઓ, પૌત્રો વગેરે પણ ઉચ્ચ સરકાર અધિકારી હોવા છતાં સંપુર્ણ વૈષ્ણવી સાંસ્કાર યુકત અને શ્રી હરી, ગુરૂની સેવા પરાયણ છે. જે આજના યુગમાં દાખલા રૂપ છે.

આવું પ્રેરણા રૂપ વૈષ્ણવી જીવન વ્યનિત કરનાર ભગવદિયને અમારી નમ્ર શ્રદ્ધાંજલી.

શ્રી વલ્લભ સુધા સંપાદક વ્યવસ્થાપક મંડળ

(ટાઈટલ ૨ ઉપર ચાલુ)

દાન શિબિર જેમાં ૭૦૦થી વધુ વ્યકિતઓએ લાભ લીધેલ ૧૦ દર્દિઓને નેત્રમણી બેસાડેલ સુરતના પ્લેગના રોગ વખતે માનવતા લક્ષી કાર્યક્રમ હાથ ધરેલ ઉત્સવોમાં દર્શનની વ્યવસ્થા જલપાનની વ્યવસ્થા વગેરે થયેલ હાલ કાયમી આરોગ્ય કેન્દ્ર ચાલે છે જેમાં સુયોગ્ય ડોકટરો દ્વારા નિદાન કેન્દ્ર ચલાવાય છે.

શ્રી વ્રંજવલ્લભ ગ્રુપના અધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રીએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે શ્રી વ્રંજવલ્લભ ગ્રુપ હજુ માત્ર એક વર્ષનું બાળક છે આમ છતાં ઘણી સારી પ્રગતી કરી છે. આ ગ્રુપને તન, મન, ધનથી સહયોગ આપવા અનુરોધ કરેલ.

જુનાગઢથી પધારેલ પુ. પા. ગો. શ્રી નવનિતલાલજી મહારાજશ્રીએ જામનગરના વૈ. ની સામાજીક પ્રવૃતિઓ જોઈને આનંદ વ્યકત કરેલ.

અધ્યક્ષ સ્થાનેથી પુ. પા. ગો, શ્રી હરિરાયજી મહાજશ્રીએ આશિર્વાદ આપી આગામી વર્ષોમાં ખુબજ પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યકત કરેલ,

શ્રી વ્રજવલ્લભ સો, ગ્રુપના પ્રમુખ શ્રી વજુભાઇ પાબારી અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહેલ સંચાલન શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ કરેલ.

આં. પુ' વૈ. પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા
'પ્રેમ સે બોલો જય શ્રી કૃષ્ણ' સ્ટીકર અભિયાન,

જન્માષ્ટમીના મંગલ દીવસથી બે લાખ સ્ટીકરો વૈષ્ણવોને દ્વારે લગાડવાનું અભિયાન શરૂ થયેલ છે. આર્થીક સેવા મોકલવા અનુરોધ છે.

સંપર્ક સ્થળ પરિષદ ભવન ઝવેરચંદ લક્ષ્મીચંદ શેઠ. શામળ બહેચરની પોળ અશોક વોચ પાછળ માંડવી રોડ. **વડોદરા.**

હાલોલમાં પુષ્ટિ સ્વાધ્યાય સાપ્તાહિક કાર્યક્રમ
પંચમહાલ અને યુવા વૈષ્ણવ સંમેલન

તા ૨૬–૬–૯૫થી તા. ૨–૭–૯૫ દરમ્યાન આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ. હાલોલ શાખા દ્વારા પુષ્ટિ સ્વાધ્યાય સાપ્તાહિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અંતિમ દિને પંચમહાલ યુવા વૈષ્ણવ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમોમાં પુ. ગો, ૧૦૮ શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રીએ 'અન્યાશ્રય અને અનન્યાશ્રય' પુ. ગો. ૧૦૮ શ્રી વાગીશબાવાશ્રીએ, પુષ્ટિમાર્ગમાં સત્સંગ અને સમર્પણ' વિષયો ઉપર વચનામૃતનો લાભ વૈષ્ણવોને આપ્યો હતો, તેમજ પ્રો. શાંતિલાલ મહેતા (વડોદરા) એ 'પુષ્ટિ ભકિત' વિષય ઉપર. ડો. કૃષ્ણજીવન ગાંધીએ 'યુવા વૈષ્ણવોનું કર્તવ્ય' વિષય ઉપર શ્રી દીપકભાઈ શાસ્ત્રીજીએ "વૈષ્ણવ અને શરણાગતિ' વિષય ઉપર તથા ગૌરાંગભાઈ ત્રિવેદી (નિવૃત ડે, ડી. ઓ.) એ 'હવેલી સંગીત ઉપર વકતવ્યો આપ્યાં હતાં. હાલોલ ગામના, તાલુકાના તથા પંચમહાલ જિલ્લાના અન્ય ગામોમાંથી વૈષ્ણવોએ પધારીને સત્સંગનો લાભ મેળવી કૃતાર્થતા પ્રાપ્ત કરી હતી. તા. ૨–૭–૯૫ ને રવિવારે પંચમહાલ જિલ્લા યુવા વૈષ્ણવ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ પદે પુ, ગો. ૧૦૮ શ્રી વાગીશબાવાશ્રી પુ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશબાવાશ્રી બિરાજમાન હતા. બન્ને જે જે એ યુવાનોને ૧૦૮ જેટલા પ્રશ્નોના ઉત્તરો આપી તથા યુવાનોને સંપુર્ણ માર્ગદર્શન આપીને પુષ્ટિમાર્ગ પ્રત્યે પ્રેરણા આપી હતી.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

ધોળ

ધન્ય ધન્ય રે શ્રી ગોકુળ ભાગ અતિ રળીઆમણું. ટેક

કોઇએ દીઠારે શ્રી નંદકુમાર, જમુનાજીમાં ઝીલંતા,
વહાલો શરીરે ઉડાડે નીર, ગોપીઓને મન ગમતા. ૧

વહાલો બોલે મધુરા બોલ, મુખમાંથી મોતીડાં ઝરે,
વહાલો ચાલે ચમકતી ચાલ, કંકુના પગલાં પડે. ૨

ધન ધન જશોદા રાણીની કુખ, જેની કુખે રત્ન જડયાં,
એવાં કોઇનાં નથી શ્યામ સ્વરૂપ, થોડે થોડે કનકે ઘડયા. ૩

એમનાં મુખડાં પુનમચંદ, દેખી મારાં મનડાં ઠર્યા,
એમનાં અણીઆરા લોચન, ગાલે રૂડાં ગલીયાં પડે. ૪

વહાલે છુટા મેલ્યા કેશ, કેસરી તિલક બન્યાં,
વહાલે મોતી કેશ શણગાર, પોતાને અંગે ધર્યા. ૫

મહારે રહેવું શ્રી ગોકુલ ગામ, સાસરીયું ખોટું,
બેની શું કરીએ સંસાર, એ મ્હેણું મોટું. ૬

બલિહારી જાય 'માધવદાસ' શ્રી વિઠ્ઠલવરને,
રાખજો ચરણ કમળની પાસ, દયા કરી નિજજનને. ૭

ભકત કવિશ્રી માધવદાસ દલાલ, ખંભાત

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

'આ સંસ્થા (આં. પુ. વૈ. પરિષદ) મુલતઃ શુદ્ધ ધાર્મિક સંસ્થા છે, રાજનૈતિક નથી. પહેલી વાત તો આ આપણે જીવનમાં સંકલ્પથી સમજી લેવી જોઇએ, કેમ કે આપણે ભાગવત ધર્મના અનુયાયિ છઇએ, ભાગવતનો પ્રથમ જ શ્લોક એ છે કે "ધર્મ પ્રોજ્ઝીત કૈંતવોડત્ર પરંમો નૈર્મત્સરાણાં સતાં" જીવનમાં જ્યાં માત્સર્ય હોય, એકબીજાનુ કેમ ખરાબ થાય એ ચિંતન થાય, કોઇનું સારૂં ન જોઇ શકાતુ હોય એવી જ્યાં માત્સર્ય ભાવના હોય તો એ ભગવદિય ધર્મનું સેવન ન કરી શકે. તેવીજ રીતે જેમાં કપટ હોય તે પણ ભગવદિય જીવન ન જીવી શકે.'

નિ. લી, પૂ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)
શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૨૨-૨૩

✻ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૪ : અંક-૭ ઓકટોમ્બર, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✻ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

'શ્રી વલ્લભ સુધા'ના સર્વે સભ્યોને ચાલુ વર્ષે ભેટ પુસ્તક તરીકે, શ્રીમદ્ગોકુલ-માંડવી (કચ્છ)વાળા પૂ. પા. ગો શ્રી ચીમનલાલજી મહારાજશ્રીની આજ્ઞા અનુસાર પ્રકટ થનાર પુસ્તક

૮૪ ભગવદીય રત્નાવલિ

પુસ્તક ભેટ આપવા નિર્ણય કર્યો છે

૩૦૦થી વધુ પૃષ્ઠ સંખ્યા, સુઘડ ઓફસેટ પ્રિન્ટીંગ, મુખપૃષ્ઠ ઉપર શ્રી મહાપ્રભુજીના સુંદર, દર્શનીય બહુરંગી ચિત્રજીવાળું, લગભગ ૩૫ રૂપિયાની ન્યોછાવરનું આ પુસ્તક 'શ્રી વલ્લભ સુધા'ના ચાલુ વર્ષ ૧૯૯૫-૯૬ના સર્વે સભ્યો તેમજ સર્વે આજીવન સભ્યો ભેટ અપાશે.

આ અમુલ્ય ગ્રંથમાં શ્રી ગોકુલેશપ્રભુકૃત ૮૪ ભગવદીય નામાવલી, શ્રી મહાપ્રભુજીના સેવક શ્રી વિષ્ણુદાસ છીપા કૃત ૮૪ વૈષ્ણવના ચોખરાથી આરંભ કરી અત્યારના સમય સુધીમાં જે જે ધોળ-પદ રચના સંસ્કૃત-વ્રજભાષા તથા ગુજરાતીમાં ભગવદીઓએ રચી છે તે સર્વેનો સમાવેશ કરી એક અપૂર્વ સંકલન પૂ. પા. શ્રી ચીમનલાલજી મહારાજશ્રીના નિર્દેશ અનુસાર થયેલ છે.

શ્રી વલ્લભ સુધાનું ચાલુ વર્ષનું લવાજમ રા. ૩૫/- ભરી
હજુ પણ ગ્રાહક થઇ આ ભેટ પુસ્તકનો લાભ લઇ શકાય છે.

માત્ર મર્યાદિત સંખ્યામાં પુસ્તક પ્રકટ થશે અને જુજ નવા સભ્યો
શ્રી વલ્લભ સુધામાં નોંધવાના બાકી હોઇ આજે જ નીચે
લખ્યે સરનામે વાર્ષિક સભ્ય લવાજમ રૂા. ૩૫/-
અગર આજીવન લવાજમ રૂા. ૪૦૧/-
ભરી દર મહીને સુંદર સાહિત્ય
સાથે આ અમૂલ્ય ગ્રંથ
ભેટરૂપે મેળવો....

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- * **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં **આવે છે. એક પૃષ્ઠ એક** વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૭ ❊ ઓકટોબર, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

હમ કેવલ પાત્ર

પ્રવકતા : નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ, કોટા

સંપાદક : ગો. શ્રી ગોપાલલાલજી મહારાજ કોટા

અનુવાદક : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

આ ભાવના રાખો તો પરિણામ શું આવશે ? કે તમારા હૃદયમાં અહીં જે વ્યક્તિ છે. અહીં જે પદાર્થ છે તેમના પ્રતિ રાગ, દ્વેષ નહીં થાય કેમ ? તમે જાણશો કે હું અહીં આવ્યો છું કોઇનું કાર્ય સિદ્ધ કરવા માટે આવ્યો છું, અને થોડા સમય માટે આવ્યો છું.

જ્યાં સુધી પ્રયોજન છે, ત્યાં સુધી મારે રહેવાનું છે. કામ પુરૂં થયુ પોતાને ઘેર જવાનું છે. હવે થોડા દિવસો માટે અહીં આવ્યો છું. દ્વેષ કોનાથી રાખું ? અહીં કાયમ રહેવાનું હોય તો કોઈ સાથે રાગ–દ્વેષ બાંધું. મારે તો જવાનું છે તો કોની સાથે રાગ કરું ? કોની સાથે દ્વેષ કરું ?

જે રામનો અભિનય કરી રહયો છે. તેની નજરમાં રાવણ તેનો દ્વેષી છે. અકારણ અન્યાય કરનારો તે જટાયુ

અને સુગ્રીવ તેના મિત્ર છે. હનુમાનજી તેના મિત્ર છે, કારણ કે તેનું પણ સારૂં કાર્ય કરે છે. તેઓ અહીં રાવણથી દ્વેષ અને સુગ્રીવથી મિત્રતા, જટાયુથી મિત્રતા. આ બધું રામલીલાના અભિનયમાં હોવું અનિવાર્ય છે.

આ પ્રકારનો પાર્ટ અદા કરે ત્યારે તો રામલીલા થશે. શત્રુ નહીં સમજે તો રાવણ સાથે યુદ્ધ કેમ કરશે ? સીતાજીનો ઉદ્ધાર કેમ થશે ? યુદ્ધ કર્યા વગર સીતાજીને પાછા કેવી રીતે લાવી શકે ? ન લાવી શકે. પરંતુ આ બધું થવા છતાં પણ રામ અને રાવણ પોતાનો જે અભિનય કરે છે તે પુર્ણ સાવધાનીથી કરે છે, ખૂબ સાવધાનીથી.

હું રામ છું અને રાવણ સમજે છે કે હું રાવણ જ છું. આ રીતે અભિનય કરશે. કેટલાક સમય પછી આપસમાં હળશે મળશે. વાતચીત કરશે, બધું કરશે, જેવો રામલીલનો સમય પુર્ણ થયો કે તેઓ પોતપોતાના રૂપમાં આવી જશે. જેનું જે રૂપ છે, જેનું જેવું સ્વરૂપ છે એ રૂપમાં આવી જશે.

જે શત્રુતા કરી, પરસ્પર આપસમાં તેમની મિત્રતાની જે ભાવના છે તે કેટલા સમય માટે ? જ્યાં સુધી અભિનય થતો હોય ત્યાં સુધી. જેવો અભિનય પુરો થયો, જેવી રામલીલા પુરી થઇ કે પોતપોતાના રૂપમાં આવી જશે.

રામ, રામ નહીં રહે. રાવણ, રાવણ નહીં રહે. જેટલા પાત્ર છે તે બધા પોતપોતાના રૂપમાં આવી જશે. તો શત્રુ અને મિત્ર બન્નેની આવશ્યકતા હોય છે. બાળકની વાત લઇએ, રામલીલાની વાત છોડો. બાળક નાના હોય છે. એક રાજા બને છે અને એક દીવાન બને છે. એક કોટવાળ બને છે. એક ન્યાયાધીશ બને છે, એક શાહુકાર બને છે.

ચોર બનેલ બાળક, તે શાહુકારના ઘરમાં જઇને ચોરી કરશે, ત્યાંથી પોલીસ તેને પકડીને લઇ જશે, તેનો કેસ ન્યાયાલયમાં કરશે, રાજા તેને સજા આપશે, સજામાંથી જ્યારે તેની મુકિત થશે, તેનો સમય પુરો થશે કે ઉઠીને પોતાને ઘેર આવી જશે.

રાજા, ચોર તો આ બધો ખેલ બાળકો રમે જ છે. આ બધું શું છે ? આ બધો અભિનય છે. તેમાં પરમાર્થ નથી. કોઇ પણ પરમાર્થ છે ? બાળક ચોર બન્યો છે. તે એ સમજે છે કે હું જે ચોરી કરીને લઇ જાઉં છું તે તો થોડા સમય માટે છે. દુકાનમાંથી જે પદાર્થ ઉઠાવ્યા છે, તે શું મારા થઇ જશે ? ના. એ તો જ્યાં સુધી રમત પુરી ન થઇ જાય ત્યાં સુધી મારી પાસે રહેવાના છે. આ તો જેની વસ્તુ છે તે તેની પાસે જશે. અભિનયની જો દૃષ્ટિ આપણે રાખીએ તો દુનિયામાં રાગ અને દ્વેષ પરમાર્થરૂપે આપણા હૃદયમાંથી નીકળી જશે.

આપણે ભગવાનની ક્રીડાના સાધનો છીએ. જ્યાં સુધી ભગવાનની ઇચ્છા હશે ત્યાં સુધી આપણે ક્રીડા કરીશું. ત્યાર પછી તો આપણે ત્યાં જવાનું છે. આપણું મુળ સ્થાન તો તે છે. આ વર્તમાન યુગ છે તે પણ એક અભિનયનું રૂપ છે. બધા પાત્ર હોય છે. તેઓ જાણે છે, કોઇ બોલી રહયા છે, ચાલી રહયા છે, ક્રીડા કરી રહયા છે, ફકત અભિનય છે. પોતપોતાની રીતે બધા જાણે છે. છતાં પણ યથાશકિત, યથા સમય, યોગ્યતા અનુસાર અભિનય કરે છે.

તે અભિનય કરી રહ્યા છે ત્યારે પણ તે જાણે છે કે વાસ્તવમાં આપણે જે છીએ તે જાણે છે કે આ સમયે જે અમારું રૂપ છે, તે તો ફક્ત અભિનય કરવા માટે છે. આ ભાવના જો થઇ જાય તો રાગ અને દ્વેષ હૃદયમાંથી દુર થઇ જાય.

આ ભાવના હોવી જોઇએ. આવી ભાવના પ્રાપ્ત કરવા માટે સત્સંગ જરૂરી બને છે. સત્સંગ કરતા કરતા આ પ્રકારની ભાવના જરૂર ઉત્પન્ન થાય છે. આપણે લોકોએ સત્સંગ દ્વારા આવી ભાવના પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

શ્રી વલ્લભ સંપ્રદાયનો એક ગરિમામય પ્રસંગ

લે. શ્રી વલ્લભ પદ રેણુ

પદયાત્રા કરતાં કરતાં શ્રી વલ્લભને પ્રભુનો આદેશ મળ્યો કે આપ અવિલંબ વ્રજ પધારો.

ભગવદ્પ્રેરણા થતાં શ્રી વલ્લભે કોઇ પણ પ્રકારનો વિલંબ કર્યા વિના શ્રી ગોવર્ધનધરણના દર્શન કરવા વ્રજ પ્રતિ પ્રયાણ કર્યું. પુષ્ટિ માર્ગના ઇતિહાસમાં શ્રીમદ વલ્લભાચાર્ય ચરણની આ વ્રજયાત્રા એક ગૌરવમય અધ્યાય બની રહે છે.

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીનું મન પણ પૂર્ણ ભવપણે શ્રી ગોવર્ધન ધરણમાં લાગેલું હતું. પ્રભુના અવિલંબ દર્શન કરવાની લાલસા આપના મનમાં હતી. આ કારણથી આ યાત્રામાં કોઇ રોકાણ કર્યા વિના વ્રજ પ્રતિ ગમન કરવા લાગ્યા.

ઝારખંડથી વ્રજ પ્રદેશમાં આવી શ્રી વલ્લભાચાર્ય શ્રીમદ્ ગોકુલમાં ગોવિંદઘાટ પર પધાર્યા વિ. સં. ૧૫૬૩નો આ પવિત્ર દિન શ્રાવણ માસના શુકલ પક્ષની એકાદશીનો શુભ દિન હતો ગુરુવારનો દિવસ હતો.

આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના મનમાં આ વખતે એક ચિંતા છે: ‘આટલા બધા દોષોથી ભરેલા આ જીવોનો સંપૂર્ણ નિર્દોષ અને સકલ ગુણનિધાન એવા પ્રભુ સાથે સંબંધ કેવી રીતે થઈ શકે? સદોષ અને નિર્દોષનો સંબંધ કેમ સંભવી શકે?’

સદા માનવકલ્યાણ કરવાની ભાવનાવાળા પરમ કૃપાળુ શ્રી વલ્લભાચાર્ય ચરણને એકાદશીની એ મહાન રાત્રિએ સાક્ષાત ભગવદ આદેશ થયો કે બ્રહ્મ સંબંધના માધ્યમથી દોષપૂર્ણ જીવોના બધા દોષોની નિવૃત્તિ થઇ થઈ જશે અને હું એવા શરણે આવેલા જીવોનો સહર્ષ અંગીકાર કરીશ.

આ દિવસથી જ શ્રી વલ્લભાચાર્યજીએ જીવોને બ્રહ્મ સંબંધના માધ્યમથી પ્રભુના શરણમાં લાવવાનો એક ઐતિહાસિક નિર્ણય કર્યો.

મહાપ્રભુજીએ પ્રભુને ભાવથી પવિત્રા ધર્યા અને આ પવિત્રાના માધ્યમથી સંસારના જીવોને એક સંદેશ આપ્યો કે સાંસારીક સંબંધોના કાચા ધાગા-તાંતણા પ્રભુના શ્રી ચરણકમલોમાં સમર્પિત કરવાથી જીવ નિર્દોષ, વિશુદ્ધ અને કૃતાર્થ બને છે.

શ્રી વલ્લભ સંપ્રદાયમાં આ ગરિમામય પ્રસંગ પવિત્રા એકાદશીના રૂપમાં મનાવવામાં આવે છે આ મહાન ઐતિહાસિક ઘટના સ્વયં શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે પોતાના **સિદ્ધાન્ત રહસ્ય** નામના ગ્રંથમાં સુસ્પષ્ટપણે પ્રસ્તુત કરેલ છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભકિત વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

[**નોંધ :-** આ વિવૃત્તિની વિશિષ્ટતા એ છે કે :-

(૧) આખી ટીકા ગદ્યમાં નથી, પરંતુ શ્લોક બદ્ધ છે – **સમગ્ર વિવૃત્તિ.**

(૨) બાળક પણ સમજી શકે એવી સરળતાથી સંક્ષેપમાં સાર આપે છે.]

શ્રી વલ્લભાચાર્ય પદાનુકમ્પાબલેન કિંચિત્ પરિચિન્ત્યચિતે;
નિરૂપ્યતે ભકિતવિવૃદ્ધયુપાય, નિરૂપણ ગ્રન્થ નિરૂપિતોર્થઃ ૧

અર્થ :- શ્રી વલ્લભાચાર્ય ચરણોની દયા તથા કૃપાના બળથી મનમાં થોડો ઊંડો વિચાર કર્યા પછી ભકિતની ઘણી વૃદ્ધિને માટે એમના આ ભકિત વર્ધિની નામના ગ્રન્થમાં, ભકિતની વૃદ્ધિ માટે દર્શાવવામાં આવેલા ઉપાયોનું વિવરણ કરું છું. ૧.

પ્રકૃતિ પ્રત્યયાર્થાભ્યાં ભકિતઃ સપ્રેમ સેવનમ્ ।
ચેતસ્તત્પ્રવણં તચ્ચ તનુવિત્તપ્રસાધિતમ્ ॥૨॥

અર્થ :- પ્રકૃતિ તથા પ્રત્યયાર્થ એ બન્ને દ્વારા ભકિત એટલે પ્રેમ સહિત કરેલી ભગવાનની ભકિત. ચિત્તમાં ભગવાનનું રટણ એનું નામ ભકિત અને તેની સાધના શરીરથી તેમજ વિત્તથી થાય તેનું નામ તનુજા સેવા અને વિત્તજા સેવા. ૨.

તત્ર મૂલં હરેરંગીકારોથ શરણાગતિઃ ।
તતઃ સમર્પણં જીવદેહસંબન્ધિ વસ્તુનઃ ॥૩॥

અર્થ :- તેનું મૂલ (એટલે કારણ) છે આપણે ભગવાનને શરણે જઇએ તે અને ભગવાન આપણો અંગીકાર (એટલે) સ્વીકાર કરે તે. એ પછી આપણે કરેલું સર્વ વસ્તુનું સમર્પણ – જીવ તથા દેહ સંબંધી સર્વ વસ્તુંનું સમર્પણ – પ્રભુને બધું સોંપી દેવું તે. ૩.

તતો યોગ્યત્વ સમ્પત્ત્યા સેવનં તુ પ્રવર્તતે ।
પૂર્વોકિત રૂપતદ્વૃદ્ધિસ્તનુવિતજ સેવનાત્ ॥૪॥

અર્થ :- પછી સુયોગ્યત્વ રૂપી સંપત્તિ (સાધન) પૂર્વક સેવા પ્રવર્તે. અને પહેલા કહી ગયા એ રીતે એ ભકિતની વૃદ્ધિ, તનુજા તથા વિત્તજા એમ બે પ્રકારની સેવા દ્વારા થાય. ૪.

તદુપાયા પરિજ્ઞાને સા કથં વૃદ્ધિમેષ્યતિ ।
અતસ્તદ્‌વૃદ્ધ્યુપાયોત્ર ગ્રન્થે પ્રભુભિરુચ્યતે ॥૫॥

અર્થ :– તેના ઉપાયના ઊંડા જ્ઞાન વિષે અને એ ભક્તિ કયા પ્રકારે વૃદ્ધિ પામે, એ વિષે, આ કારણથી (અતઃ) આ ગ્રન્થમાં પ્રભુચરણ (શ્રી આચાર્ય મહાપ્રભુજી) ભક્તિ વધારવા માટેના ઉપાયો સૂચવે છે. ૫

યથા યેન પ્રકારેણ ચેતસ્તત્પ્રવણાત્મિકા ।
ભક્તિર્વ્યસનપર્યન્તં વૃદ્ધા ભવતિ સર્વથા ॥૬॥

અર્થ :– યથા એટલે જેમ કરવાથી ચિત્તમાં ભગવાન પ્રત્યેની પ્રવર્તમાન ભક્તિ સર્વથા વ્યસનદશાને પ્રાપ્ત થાય ત્યાં સુધી વધતી જાય. ૬

તથા તેન પ્રકારેણ ય ઉપાયઃ સ કથ્ય તે ।
ઉપાયસ્તુ સ એવાત્ર તનુવિત્તજ સેવનમ્ ॥૭॥

અર્થ :– તેમ કરીને, દર્શાવેલા પ્રકારથી (રીતથી) જે ઉપાય છે તે કહેવામાં આવે છે, અને એ ઉપાય છે ભગવાનની તનુજા વિત્તજા સેવા કરવી તે. ૭

ત્યાગાત્યાગ વિભેદેન ગૃહે ભક્ત ગૃહે તથા ।
બીજભાવઃ પ્રાથમિકો યતઃ સેવા પ્રવર્તતે ॥૮॥

અર્થ :– ત્યાગ દ્વારા અને ત્યાગના પ્રકારો દ્વારા, પોતાના ઘરમાં અથવા કોઇ ભક્તના ઘરમાં કરેલી સેવા દ્વારા પ્રાથમિક બીજભાવ પ્રકટે, જેનાથી આગળ વધતાં સેવામાં વૃદ્ધિ થાય. ૮

સ્વામિ સેવક ભાવાત્મા તદ્‌દાર્ઢ્યાદ્‌વૃદ્ધિ સંભવઃ ।
અથવા ત્યાગપક્ષેણ કૃત શ્રવણ કીર્તનાત્ ॥૯॥

અર્થ :– ભક્તિની દઢતાની વૃદ્ધિનો સંભવનો આત્મા (પ્રાણ) છે સ્વામી તથા સેવકનો ભાવ[2] (નોંધનો અર્થ – જેમ વૃક્ષ તથા બીજ સૂક્ષ્મરૂપે ફલ પર્યંતની અવસ્થામાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે તે જ પ્રમાણે ભક્તિરૂપી ઝાડના સ્થૂલરૂપની વ્યસન સુધીની વૃદ્ધિ થાય છે એ ભાવાર્થ છે) અથવા ત્યાગ પક્ષે – ગૃહ ત્યાગ બાબતમાં – શ્રવણ તથા કીર્તન કરવાથી ભક્તિની વૃદ્ધિ થાય એમ અર્થ છે.

અનાયાસેન સુદઢ ભક્તિ પ્રાપ્તિર્ન સંશયઃ ।
અત્યાગપક્ષે ક્રમશો ભક્તિ વૃદ્ધિ રિહોચ્યતે ॥૧૦॥

અર્થ:– અનાયાસથી (ઓછા પ્રયત્નથી) સુદઢ ભક્તિની પ્રાપ્તિ થાય છે એમાં સંશય નથી. અત્યાગ પક્ષે ધીમે ધીમે (ક્રમશઃ) એક પછી એક પગથિયું ચડતાં ચડતાં અહીં ભક્તિની વૃદ્ધિ થતી જાય છે એમ અહીં બતાવવામાં આવે છે. ૧૦

–ક્રમશઃ

સમર્પણ

પુષ્ટિમાર્ગના અનેક સિદ્ધાંતોમાં એક મુખ્ય સિદ્ધાંત એ પણ છે કે સર્વથી પ્રથમ તમારૂં હૃદય ઇશ્વરને અર્પણ કરો. તમારા હૃદયમાં તે મંગલમય પ્રભુને પધરાવો. તમારૂં સર્વસ્વ, તન, મન તેને સોંપી દો, તમારૂં કંઇ પણ ન સમજો. જે માર્ગ પર ચાલવાની પ્રભુ તમને પ્રેરણા કરે તેને જ પ્રશસ્ત માર્ગ સમજો અને તે માર્ગાનુસાર ચાલો.

પ્રભુ લીલામય છે અને પોતાની વિવિધ લીલાઓનો તમને આધાર બનાવી પોતાની લીલા પુર્ણ કરવા ચાહે છે, તો તમારી પણ તે પ્રથમ ફરજ છે કે તમે તમને તે પ્રભુના હાથમાં સોંપી દો. આ બધાનું પ્રયોજન શું ?

પહેલાં તો આપણે ત્યાં સુધી જ સંકલ્પ વિકલ્પ કરીએ છીએ. જ્યાં સુધી આપણા હૃદય પર આપણો અધિકાર રહે છે. જ્યાં સુધી હૃદય આપણું છે, તેને જ્યાં સુધી આપણે બીજાના અધિકારમાં નથી સોંપ્યું ત્યાં સુધી તે આપણું જ છે, ત્યાં સુધી આપણે તેનો ગમે તે ઉપયોગ કરી શકીએ છીએ. કલ્પનાઓની ઉત્પત્તિ હૃદયમાંથી જ થાય છે. જે કાંઇ કાર્ય આપણે કરીએ છીએ તે પ્રથમ વિચારરૂપે આપણાં મનમાં પ્રકટ થાય છે, મન તેને હૃદય પાસે લઇ જાય છે, હૃદય તેની બુદ્ધિથી તુલના કરે છે તેને ગ્રહણ કરવું કે નહિ ?

અગર જો તે વિચાર હૃદયમાં બેસી જાય છે, તો તેને અમલમાં મુકવા તે આપણી કર્મેન્દ્રિયોને પ્રેરણા કરે છે અને તે પ્રેરણાથી કર્મેન્દ્રિયો તેમાં પ્રવૃત્ત થાય છે. જ્યાં સુધી આ હૃદય આપણું છે ત્યાં સુધી મન ચાહે તેવો ઉપયોગ આપણે કરી શકીએ છીએ. તે સારા કાર્યોમાં પણ પ્રેરાય છે, તેમજ બુરા કાર્યમાં પણ. પુણ્ય પણ કરી શકે છે, તેવી જ રીતે પાપ પણ.

હવે હૃદય પર આપણો અધિકાર હોવાથી આપણે પણ તેના સારા અથવા નરસા કાર્યોમાં ભાગીદાર થઇએ છીએ. પણ જ્યારે તે પરથી આપણો અધિકાર ઉઠી અન્યનો સ્થાપન થાય છે, ત્યારે હૃદયથી જે કાર્ય થશે તેનો જવાબદાર પણ તે જ રહેશે. તેથી જ ધર્મ પ્રેરણા કરે છે, કે હૃદયની જવાબદારી તમારા માથા પરથી ટાળી દઇ નિશ્ચિંત થઇ જાઓ.

બીજું ઇશ્વર સર્વના સ્વામી છે, પરમ પવિત્ર છે, માટે તેનો જ્યાં વાસ થશે, તે જગ્યા પવિત્ર જ હશે અથવા તો તેના સંસર્ગથી પવિત્ર થઇ જશે. માટે હૃદયમાં પ્રભુને સ્થિત કરવાથી, હૃદય પવિત્ર થવાથી કોઇ વાતની ચિંતા રહેશે નહિ. આથી જો આપણું આચરણ હૃદયથી શુદ્ધ રાખવા ઇચ્છતા હોઇએ, અપવિત્ર અને દુષિત કર્મોથી કલંકિત તથા અપવિત્ર કરવા ન માગીએ તો આપણું તે કર્તવ્ય છે કે આપણે આપણું સર્વસ્વ તે મંગલમય પ્રભુના ચરણોમાં ન્યોછાવર કરી દઇએ કે હે દયાળુ પ્રભુ ! લે આ તારી વસ્તુને તું જ સંભાળ.

આ સમયે એક પ્રસંગ ઉપસ્થિત થાય છે કે એક યુવાન બિચારો અત્યંત વિપત્તિગ્રસ્ત હતો. તેનું મન સદા ચંચલ રહ્યા કરતું હતું. તે જે કામ કરવા લાગતો તેમાં નિરંતર બાધા

પડતી. તેના હૃદયમાં કલુષિત વિચારો ઉત્પન્ન થતા અને મનને પોતાની તરફ ખેંચતા. તે યુવક અત્યંત ધર્મભીરુ હતો. તેથી મલિન વિચારો આવતાં જ ડરી જતો કે રખેને આવા કલુષિત વિચારોથી રૌરવ નરકની હવા ખાવી પડે, કેમકે નીતિનું વચન છે કે મનથી, વાણીથી કે કર્મથી ખરાબ વિચારોને પોષવા એ પાપ છે.

આવી ચિંતામાં તે એક ઝાડ નીચે બેઠો હતો. તેટલામાં ત્યાં એક સાધુ નીકળ્યા. યુવકે તેને પ્રણામ કર્યા ને પોતાની અવસ્થા દર્શાવી.

સાધુએ ઉત્તર આપ્યો કે બેટા ! ચિંતા છોડી દે, અગર પક્ષી તારા માથા પરથી થઇને ઉડી જાય તો તેમાં તું શું કરીશ ? કારણ તે તો ઉડીને ચાહે ત્યાં જઈ શકે છે, પણ જો તારી અસાવધાનીથી તે તારા શરીર પર ચાંચ મારી જાય અને તું તેનું નિવારણ ન કરે તો તેને વાસ્તે તું સંપુર્ણ જવાબદાર છે.

આ સાધુની વાત ઘણી જ સાર ગર્ભિત છે વિચારો એક પક્ષી જેવા જ છે, તેનો સર્વ ઠેકાણે પ્રવેશ છે, તેના માર્ગમાં કોઇ વિઘ્ન નાખી શકતું નથી. તે ચાહે ત્યાં જઇ શકે છે, તેમાં કાંઈ આપણો દોષ નથી, કે આપણી પ્રેરણા વગર તે દાખલ કેમ થયા ? પણ હા જો આપણે તેને હૃદયમાં સ્થાન આપીઅ, તેની પર વિચાર ચલાવીએ, તો અવશ્ય આપણે તેના જોખમદાર છીએ. પ્રત્યેક પુરુષ ચરિત્રભ્રષ્ટતા અને મલિન વિલાસીતાને પાપ સમજે છે, કદી કોઇના મુખમાંથી મલિન વચનો નીકળે છે તો તેને હીન સમજે છે, તેવી જ રીતે આપણા હૃદય પર પણ જ્યારે પાપપુર્ણ વિચારો આક્રમણ કરે, ત્યારે આપણે તેને સ્થાન ન આપતાં સાહસ અને દઢતાથી તેનો વિરોધ કરીએ તો આપણી કોઇ પણ પ્રકારે હાનિ ન થાય.

સાધુના ઉત્તરથી એક બીજી વાત જણાય છે કે જીવનમાં કોઇ પણ વખતે કલુષિત વિચારો મનુષ્યમાં પ્રવેશ કરવા પ્રયત્ન કરે છે. મનુષ્ય તે સમજી શકતો નથી કે તે વિચારો કયારે પ્રવેશે છે ? પણ એકાએક શત્રુની માફક તેનું પરિણામ સામે આવી ઉભું થાય છે.

ઇશ્વરની માયા એવી જ છે કે એકવાર તે અવશ્યમેવ સર્વને ભમાવવાને મથે છે, પણ જો આપણે તેને આદર ન આપીએ, તેની મિથ્યા દલીલો પર વિચાર પણ ન કરીએ તો તે આપણી પાસે ટકી નહિ શકે, કારણ કે તે જોશે કે અહીં કાંઇ દહાડો વળે તેમ નથી. આ સ્થાન આપણે માટે નકામું છે. આ માયા સામે વિરોધ કરવાને આપણામાં બળ હોવું જોઇએ, હૃદયમાં દઢતા હોવી જોઇએ. ઇન્દ્રિયો પર કાબુ જોઇએ. પણ આ બધું પ્રાપ્ત કયાંથી થાય ? બસ, સર્વના દેનાર એક પરમ પુરુષ શ્રીકૃષ્ણચંદ્ર જ છે. તેની કૃપા અને અનુગ્રહથી આપણે ગમે તેવા પ્રલોભનોથી દુર રહી શકીએ. તેની કૃપાથી જ આપણે બળ અને સાહસ પ્રાપ્ત કરી શકીશું. તેની કૃપાના બળથી દુર્બળ મનુષ્યોમાં પણ માયા પ્રવેશ કરી શકતી નથી. માટે જ્યાં સુધી તેની કૃપા પ્રાપ્ત થઇ નથી, ત્યાં સુધી કંઇ જ થઇ શકતું નથી અને તેની કૃપા મેળવવાનો એક જ માર્ગ છે કે 'પોતાનું સર્વસ્વ તે પ્રભુના ચરણોમાં અર્પણ કરી દો.'

[શુદ્ધાદ્વૈત અને ભકિતમાર્તંડ વર્ષ ૩ અંક ૧ ચૈત્ર સંવત ૧૯૮૪માંથી સાભાર પ્રસ્તુત....]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્‌ગાર

૩૫. સમદૃષ્ટિ

એક દિવસ બ્રહ્માજીએ શ્રીકૃષ્ણને વિનંતી કરી કે મહારાજ ! તમે મને જે આજ્ઞા કરી છે, તે તો હું કરું છું', પણ આજ તમે મારા પર પ્રસન્ન થયા છો અને કહો છો કે તારે ગમે તે માગ. તો હું માગું છું કે – આપનો મને પાર જડતો નથી. આપ મને તો કહો છો કે, તું સૃષ્ટિ કર, તથા હું પણ મોટા મોટાને સૃષ્ટિ કરવાની આજ્ઞા કરૂં છું, ને ગૃહસ્થાશ્રમ કરવાનું કહું છું, આવું કરાવવાનું આપનું મન છે. તો કોઇ સ્ત્રી વાંઝણી રહે છે, કોઇ ફાતડી થાય છે, આનું શું કારણ ? અમને તમારા રૂપની ખબર પડતી નથી, તે બધાનું કારણ આપ પ્રસન્ન થયા છો તો કહો.

ત્યારે આપ બોલ્યા, કે હે બ્રહ્માજી, મારો પાર જડે એવું છે જ નહિ. પણ આ જગતમાં હું છું ને નથીએ ખરો. પણ મારું રૂપ જગતમાં જોશે ને કોઇની સાથે વેર કરે નહિ તે ઉપર હું પ્રસન્ન થાઉં છું, માટે કર્તા મને જોજો. મારી ઇચ્છામાં હશે તે થશે, માટે પોતાનું કર્તાપણું ભૂલી મને કર્તા જાણજો. આપણું ધાર્યું થતું નથી, ત્યારે આપણે શોક કરીએ છીએ, ને આપણું ધાર્યું થાય છે, ત્યારે પ્રસન્ન થઇએ છીએ. એ મારી માયાના આવેશથી થાય છે, પણ જેને ગયે શોક ના થાય, ને આવવાથી હરખ ન થાય તે ભગવદીય.

જો મારી ઇચ્છા ન હોય તો કંઈ બને નહિ, ત્યારે જીવે હરખ શોક શા માટે કરવો જોઇએ ? જીવનું કર્તાપણું મટીને મારું કર્તાપણું થાય તો કામ પાર પડે.

જીવ મારી સેવાનું પાત્ર ક્યારે બને, તો તેનો જવાબ એ છે કે જ્યારે આ જગત મારૂં રૂપ કરીને જાણે, કોઇ જગા આકાશ વિનાની હોય તો કાંઇ પણ વિશ્વમાં મારા વિનાનું હોય. આકાશ સર્વવ્યાપી છે તેમ હું સર્વવ્યાપી છું.

સૂરજ ઊગે ત્યારે જો અંધારૂં રહેતું હોય તો એમ જાણવું કે સ્થાવર જંગમ, પશુ, પક્ષી મારા વિના હોય. આ વિશ્વના પ્રપંચમાં (સંસારમાં) મને જુએ, તો જ પછી હું ને મારૂં તથા પારકું પોતાનું મટે.

સર્વત્ર પ્રભુજીએ, પ્રભુ વિના કંઇ પણ છે નહિ, આવી ખબર પડે, ત્યાર પછી મારી સેવાને લાયક થશે. જગતમાં નિર્દોષ દૃષ્ટિ રાખીને (કોઇનો પણ દોષ ન જુએ, બધા પ્રભુનું જ કામ કરી રહ્યા છે એમ જાણવું તે) મારી સેવા કરે તો મને પામે.

સાધન સેવા કઇ ? અને ફળરૂપ સેવા કઈ ? મન વિના મંદિર માન્ય કરવું ગમે નહિ ને માન્ય કર્યા વિના ચાલે નહિ, તે સાધન સેવા અને પ્રભુને માટે સામગ્રી કરવાનો ઉત્સાહ થાય, ન્હાવાનો ઉત્સાહ થાય, બારણે ગમે નહિ, મંદિરમાં જાય, ત્યારે આનંદ થાય એ ફળરૂપ સેવા છે.

દંભ, ક્રોધ ને લોભ વિના સેવા કરે. દંભ તે શું ?

લોકોને જણાવે જે હું આ કરૂં છું, આથી પ્રભુ પ્રસન્ન થાય નહિ, ભગવદ્ ઇચ્છાએ આવે તે વડે સેવા કરે, ક્રોધ તથા લોભનો ત્યાગ કરે તો કામ થાય.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

– ગાંકથી ચાલુ

“ નામે કોણ પાર ઉતર્યું ”

નામે અજામિલ ઉદ્ધર્યો, નામે તાર્યા શિવે બહુ પાપી;
અવળે નામે વાલ્મીક તર્યો, અર્ધે ગુણિકા ગતિ આપી.

આપી ગતિ ઇત્યાદિક બહુને, જેણે જેણે આશ્રય કર્યો તે સહુને;
બે અક્ષરમાં બધોય સાર, જેણે લહ્યો તે પામ્યો પાર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ. (૧૭)

વિવેચન :– આ ચંદ્રાવળામાં ભગવાનનાં નામ માત્રથી કોનો કોનો ઉદ્ધાર થયો તે બદલ દૃષ્ટાંતો આપ્યા છે.

જન્મથી પાપ કરવાવાળો, જીંદગીમાં સુકૃત કર્યું જ નહીં, પાપ કર્મથી બીવાવાળો નહી, તે ભગવાનને કયાંથી ભજે. આવો અજામિલ મરતી વખતે, પોતાનાં પુત્રને, નારાયણ નામથી પુકારે છે. તે જ વખતે વિષ્ણુ દૂત આવી અજામિલને લઇ જાય છે. યમદૂતનું ત્યાં કાંઇ ચાલ્યું નહી. માટે જ નામે અજામિલ તાર્યો શિવજીએ શિવ શિવ કરતા અનેકોને તાર્યા છે અવળેનામે વાલ્મીક મરા મરા કરતા તેનો પ્રભુએ સીધો અર્થ લીધો, રામ નામ સ્મરણ માની લીધું. તે તો એટલા મહાન ભકત બન્યા કે રામાવતાર પહેલાં જ રામાયણની રચના કરેલ. તે રાજગાદી ઉપર બેસાડયા. રામને ત્યાં સુધી લખી નાખેલ હતું પરંતુ સીતા જયારે વનવાસ ભોગવવા તેની સમીપ આવ્યા, ત્યારે આશ્ચર્ય ચકિત થઇ ગયા શું ? સતિ સીતાને વનવાસ, રામે ત્યાગ કર્યો આ વસ્તુ હું જાણતો નહોતો મારી રામાયણ અધુરી રહી.

પાપી ગણિકા હતી. તે પુરૂં નામ પણ લઇ ન શકી, ફકત રા બોલતાં જ તેના પ્રાણ છૂટયા. આમ અર્ધે નામ ગણીકા તારી.

રાવણ સાથે આકાશ માર્ગે યુદ્ધ કરી ગીધ ધરતી પર પડયો, ત્યારે રામ રામ શબ્દનો ઉચ્ચાર કરતો ત્યાં જ રામે આવી તેનો ઉદ્ધાર કર્યો. આમ જેણે જેણે ભગવાનનાં નામનું સ્મરણ કર્યું તેનું કામ થઇ ગયું છે.

ભવિષ્ય પુરાણમાં ધર્મરાજા કહે છે :-

એષાં સમાશ્રયઃ કૃષ્ણો નામ યૈરુચ્યતે હરૈઃ
કૃષ્ણ સ્ય પૂજીતો યૈસ્તુ યૈ કૃષ્ણાર્થ મુપોષિતાઃ

જેને કૃષ્ણ ભગવાનનો પુરો વિશ્વાસ છે, આશ્રય છે, જેઓ પ્રેમ પુર્વક નામ સ્મરણ કરે છે, જેઓ પુજા (સેવા) કરે છે અગર તો કૃષ્ણનાં અર્થ વૃત, ઉપવાસ આદી કરે છે, તેઓ મારા (યમરાજાનાં) તાબામાં આવતા નથી. વળી પાંડવ ગીતામાં કહ્યું છે :-

કૃષ્ણ કૃષ્ણેતિ કૃષ્ણેતિ યોમાં સ્મરંતિ નિત્યશઃ
જલે ભિત્વા યથા પદમં નરકાદુ દ્ધારામ્યરેઃ

જેઓ નિત્ય પ્રતિ કૃષ્ણ કૃષ્ણ એવા નામનો ઉચ્ચાર કરે છે. તેઓ તો જળમાં કેમ કમળ રહે છે, તેમ સંસારમાં રહે છે, તેને માયા સ્પર્શંતિ નથી. તેનો ઉદ્ધાર નિશ્ચિત છે.

નામ સ્મરણ ભગવદ્ ગીતા – અ. ૮ શ્લોક ૫

અન્ત કાલેચ મામેંવ સ્મરન્મુકત્વા કલેવરમ્ ;
યઃ પ્રયાતિ સ મદ્‌ભાવં યાતિ નાસ્ત્યતે સંશયઃ

જે અંતકાલે મારૂં જ નામ સ્મરણ કરતો શરીર છોડે છે, તે મને જ પ્રાપ્ત થાય છે તેમાં સંશય નથી.

અનંત અનંત નામ લેતા રૂષિનો ઉદ્ધાર થયો હતો, તેઓ કાંઇ વિદ્યા કે જ્ઞાની ન હતા, કેવળ નામ અનંત, હે પ્રભુ તારો અંત નથી મતલબ કે કયા નામથી ભજું કયાંય જેનો અંત નથી. તે અનંત બુદ્ધિમાનો પાછળ રહી જાય છે. પરંતુ કેવળ નામથી તરવાવાળા તરી જાય છે. પ્રભુ અનંત તેની લીલા અનંત આ જગત સર્વ તેની લીલા સ્થલી છે અનેકોમાં એક, તેમજ એકમાં અનેક, આવા પ્રભુને કોણ જાણી શકે, અન્ય માર્ગથી શકિત આવે ત્રિકાળનું જ્ઞાન થાય. પરંતુ ઉદ્ધાર જુદી વાત છે.

બે ઋષિયો તપસ્યા કરતાં, તેઓ વર્ષોની તપશ્ચર્યાથી પારંગત થયા હતા. પોતાના પાપ પુન્યનો સરવાળો જાણતા હતા. એકે કહ્યું કે મને હવે સ્વર્ગથી વિમાન લેવા આવશે. બરોબર વિમાન આવ્યું ને ઋષિને તેમાં બેસાડયા, અધર જઇને વિષ્ણુ દુતોએ ઋષિને પુછયું, જુઓ આ બગલો ચાંચમાં માછલી પકડી ઉડયો હવે તેને ખાય તો સારું કે મુકી દે તો સારું ઋષિ કહે અરેરે એ તો હિંસા કહેવાય તેને મૂકી દે તો સારું ત્યારે પાર્ષદોયે તેને નીચે ઉતારી દીધા અને કહ્યું કે બગલો ભુખ્યો રહ્યો તેનું પાપ તમને લાગ્યું. આમ વિમાનથી નીચે ઉતરી ઋષિ તપશ્ચર્યામાં બેઠા. થોડા ટાઇમ પછી બીજા ઋષિ માટે વિમાન આવ્યું. તેમને પણ તે જ વસ્તુ બતાવી ત્યારે તેણે વિચાર કર્યો કે પેલાએ મુકી દેવાનું કહ્યું તો પાપ લાગ્યું તેથી કીધું કે ખાય જાય તો સારું આ સાંભળતાં જ તેને પણ વિમાનથી નીચે ઉતારી દીધા

કે તમોને હિંસાનું પાપ લાગ્યું. આમ બંને ઋષિ પાછા પાપ ધોવા તપશ્ચર્યા કરવા લાગ્યા. આમ કરતા ત્રીજા ઋષિ જે અજ્ઞાની હતા તપ જપ શું કહેવાય, કાંઇ ખબર નહી તેઓ આ બન્નેની સેવા કરતાં ને મોઢેથી પ્રભુનું નામ સ્મરણ કરતા તેનો સમય આવ્યો, ત્યારે તેને પણ એ જ વસ્તુ બતાવી કે, બગલાએ ચાંચમાં માછલું પકડયું મુકી દે તો સારું કે ખાઇ જાય તો સારું ત્યારે આ ઋષિ તો અનપઢ હતા, તેણે કહ્યું કે હું કાંઇ ભણ્યો જ નથી પ્રભુની રચના અનંત છે, પ્રભુ પણ અનંત છે, હું તો અનંતનું નામ માત્ર જાણું છું. આ સાંભળી તે ઋષિને સ્વર્ગમાં લઇ ગયા. બુદ્ધિમાન રહી ગયા કેવળ નામ સ્મરણથી ત્રીજાનો ઉદ્ધાર થયો.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનનો સૂક્ષ્મ પ્રકાર

ગ્વાલના દર્શન ભાવના

–શ્રી ગોવિંદસ્વામી

લેખક : **ગૌ. વા. પ. ભ. શ્રી રવજીભાઈ વેલજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી**

પ્રેષક : **પ. ભ. ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા, ધોરાજી**

હવે ગાયો દોહવાનો સમય હોવાથી ગાયોને દોહી–દુધને મંથન કરી ઉપર મલાઇ આવે તેમાં પીસેલી મીશ્રી ભભરાવી અને આરોગે તેને 'ધયાં' કહે છે. શ્રી યશોદાજી પણ પોતાના લાડકડા લાલને ધૈયાં આરોગાવે છે. ધયા તથા ગ્વાલ–વૈષ્ણવોને ત્યાં ન થાય.

યશોદા મથમથ પ્યાવત ધૈયાં

ગોપીઓ પણ પોતાના ખીરકમાં અને ઘરમાં પ્રભુને પધરાવીને ધૈયાં આરોગાવે છે, અને ગાયો દોવરાવે છે.

લાલ તુમ કૈસે દુહત હો ગાય

પછી શ્રી યશોદાજી ગ્વાલ ભોગની સામગ્રી સિદ્ધ કરી રાખેલ અનસખડી દુધઘર મલાઇ ચોટેલું દુધ–પુરી શાક સંધાના પ્રભુને આરોગાવે છે. ગોપીઓ પણ 'ગોપી વલ્લભ ભોગ' ની સામગ્રી સિદ્ધ કરી અને પ્રભુને પોતાના ઘરમાં પધરાવી આરોગાવે છે. અને સખાઓ સાથે ફલ–ફલારી પણ આરોગે છે.

કોઉ માઈ આંબ બેચન આઇ, ભાવે મોહી ગુડગાંડે ઔર બેર

પછી માખન ચોરી ઉરાહનો વિગેરે પદો બોલાય પછી પલનામાં પધારે ત્યારે શ્રી ગુંસાઇજી કૃત અષ્ટપદી "પ્રેંખ પર્યંક શયનમ્" બોલાય પછી નંદાલયમાં રાજભોગ આવવાની તૈયારી થાય છે અને યશોદાજી ભોગ સાજી અને પ્રભુને બોલાવે છે.

ગ્વાલના દર્શન શ્રી ગોવિંદસ્વામીની ભાવનાથી અને ગુપ્ત છે, તેથી દર્શન ખુલે પણ કિર્તન થતાં નથી, કારણ કે ગોપી ઘરની ભાવના છે. ગોવિંદ સ્વામીનું પ્રાગટય પ્રભુના નેત્રથી છે. જેથી ગોવિંસ્વામી પ્રભુના નેત્રરૂપ છે. સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણાવતાર સમયે તેઓ શ્રી કૃષ્ણના "શ્રીદામા" નામે સખા છે. તેઓની આસકિત શ્રી દ્વારકાનાથજીમાં છે. તે સ્વરૂપની લીલા "આંખમીંચોલી" અને "હિંડોરા લીલા" છે. તેઓ કિશોર લીલામાં મસ્ત રહે છે.

શ્રી મસ્તકના શ્રુંગાર "ટીપારા"ના છે. શ્રીઅંગના રત્નજડીત શ્રુંગાર "નિલમણી"ના છે. શ્રીઅંગના ફુલ શ્રંગારો "કમલકલી"ના છે. તેઓને ગ્વાલના દર્શનમાં આસકિત છે. શ્રી ગિરિરાજજીની તરહટીમાં તેઓનો નિવાસ છે. તે સ્થલ "ગોવિંદ સ્વામીની કદમખંડી"ને નામે પ્રખ્યાત છે. તેમાં ઐરાવત કુંડ છે. તેની ભીતર તેઓનું નિકુંજ દ્વાર છે. નિત્યલીલામાં તેઓ "શ્રીભામાજી" સખીરૂપે છે. "શ્રીભામાજી" પોતાની "સંકેતકુંજ" અને "ગોરસ હરણ" નિકુંજના સર્વ જીવોને લઇ રાત્રી સમયે ઐરાવત કુંડ દ્વારથી નિત્યલીલામાં પધારે છે અને પોતાના જીવોને મહારાસ લીલાનું સુખ આપી પ્રાતઃકાળે પાછા બહાર પધારી મુળ ભૌતિક સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે. ગોવિંદ સ્વામી અંત સમયે શ્રી ગુંસાઇજીની સાથે મુખારવિંદ પાસેની કંદરામાં થઇ અને સદેહે લીલામાં ગયા છે.

કિર્તન

શ્રી ગોવર્ધન ધર કે સખે અંગમેં ગોવિંદ નયન રૂપ રસ દ્વાર ॥
રસ ઉદ્‌બોધ રસ રાસ વિલાસમેં નયન સખેં રસ સુખકો સાર ।૧।
રસ કેલી રસ સુચન ઓર રસ ભોગ સજાવત અપરંપાર ॥
ગોવિંદ સ્વામી શ્રીદામા હૈ યહ શ્રી 'બ્રજપતિ' કો માલાકાર ।૨।

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરનદાસ) સુરત**

–ગતાંકથી ચાલુ

૯. દેહ કુંડ લીલા. રાગ : કાન્હરો / સારંગ

દેહ કુંડે ભઇ લીલા અનોખી;
ફૂલ–બાગનમેં, ખેલત ખેલત, સોચત શ્યામ વિલોકી. ૧

ઉંચા ગામ પૈ, શ્યામ બુલાવત, સાન કરત, રાધા નોખી;
હલધરસે, ગેંદોખર ખેલત, આવત હૈ, પ્રીત પિછાની. ૨

ઇત લલિતાજી, સ્નાન કરત હૈ, ઉત આઇ વૃષભાન લલી;
જબ મોહનજી, દાન માંગત હૈ, દેત ઉતારી, સિંગાર સભી. ૩

અબ રાધાજીકી, આવત બારી, પાસ મિલે નહીં કછુ ઉપહારી;
કહત પ્રિયા તન, મનકો સમર્પિં, દાસી રખિયો, જીવન ભરકી. ૪

તુમ મમ પ્રાણ, પ્રિય મૈં તલસત, ચૈન પડત નહી પલ ભર કી;
દેખ દશા મોહન વર રીઝત, રૂપસે જડત, પલક નૈનનકી. ૫

યુગલ સ્વરૂપ, પરસ્પર મિલત, કરત સમર્પિત, અપને દેહી;
'ચરનદાસ' પ્રભુ દાન દેત, દેહ કુંડે, દેહ લતા કનકસી, ૬

નોંધ :– સુનહેરી કદમખંડીથી યાત્રા ઉપડી દેહ કુંડ ઉપર ઊંચા ગામ પાસે આવી, ત્યાંની લીલાનાં દર્શન કરી બરસાના મુકામે પહોંચી.

દેહ કુંડ લીલાનો ભાવાર્થ :–

ઊંચા ગામ એ શ્રી લલિતા સખીનું ગામ છે. શ્રી લલિતા સખીનું મંદિર ઊંચા પહાડ ઉપર આવેલું છે. તેની પાસે નીચે દેહ–કુંડ આવેલો છે.

એક દિવસ શ્રી લલિતા સખી આ દેહ કુંડમાં સ્નાન કરી રહ્યા હતા. ત્યારે શ્રી સ્વામિનીજી પણ આ કુંડ ઉપર પધાર્યા. શ્રી રાધાજીએ પોતાના – બરસાનાના બાગમાંથી શ્રી ઠાકોરજીને ઇશારો કરી, એકાંત મિલન માટે દેહ કુંડ પધારવા વિનંતી કરી હતી. શ્રી રાધાજીએ જ્યારે ઇશારો કર્યો ત્યારે શ્રી શ્યામસુંદર શ્રી બળદેવજી સાથે ગેંદોખર પર ગેંદની રમત ખેલી રહ્યા હતા. પછી અન્ય સખાઓને બોલાવી શ્રી બળદેવજીની સાથે ગેંદની રમત રમવા જણાવી શ્રી ઠાકોરજી દેહ કુંડે પધાર્યા. દેહ કુંડમાં લલિતા સખીને જોઇ અચરજ પામ્યા. એટલે તેમની

પાસે દાનની માગણી કરી. સ્નાન કરતાં ઉતારેલો બધો શણગાર – દાગીનાઓ શ્રી ઠાકોરજીને દાનમાં સોંપી દીધા. પછી શ્રી ઠાકોરજીએ શ્રી રાધાજી પાસે દાન માગ્યું.

શ્રી રાધાજી તો મિલનનો આનંદ લેવા પધાર્યા હતા. ઇશારો કરીને સીધા જ કંઇ શણગાર પહેર્યા સિવાય, કોઇ સખીને ખબર આપ્યા વિના એકલા જ પધાર્યા હતા. તેમનું મન તથા ચિત્ત શ્રી ઠાકોરજીમાં લાગી ગયું હતું. દાનમાં આપવા માટે કોઈ વસ્તુ તત્કાલ જડી નહીં, થોડું ચિંતન કર્યું પછી જણાવ્યું કે હે પ્રિય ! હું આપના ચરણમાં મારું તન, મન અને ધન સહિત સર્વ આપને સમર્પણ કરું છું. વિનંતી કરતાં કંઠ ગદ ગદ બની ગયો. શ્રી ઠાકોરજીનાં મંગલ દર્શન કરતાં કહેવા લાગ્યાં, આપ મારા પ્રાણ પ્રિય છો. આપના દર્શન વિના હું ઘડીભર રહી શકતી નથી.

પ્રેમ અન્યોન્ય છે, જેવી દશા શ્રી સ્વામિનિજીની થઇ હતી. તેવી જ દશા શ્રી શ્યામસુંદરની થઇ ગઇ હતી. તેમને પણ શ્રીનાં દર્શન કર્યા વિના ચેન પડતું નહીં. કંઇને કંઇ બહાનું શોધી કાઢી, નંદગામથી શ્રી સ્વામિનિજીનાં દર્શન કરવા અને લીલા કરવા યેનકેન પ્રકારે પધારતા. તેથી આપે આજ્ઞા કરી, હે પ્રિયે, આજથી હું મારા સૂક્ષ્મ સ્વરૂપને નિત્યને માટે આપના નેત્રની પલક પર રાખીશ. જેથી તેનાં દર્શન આપ આપની ઇચ્છાનુસાર ગમે તે સમયે કરી શકશો. આવી રીતે આ કુંડ ઉપર પરસ્પર દેહ અર્પણ કરવાથી આ સ્થાનનું નામ દેહ-કુંડ પડયું છે. અહીં શ્રી સ્વામિનિજીનાં ચરણ ચિન્હ હતાં તે શિલા કોઇ ચોરી ગયું છે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

આસો વદ ૩ તા. ૧૧-૧૦-૯૫ બુધવાર ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૧૨-૧૦-૯૫ ગુરુવાર ગો. શ્રી હરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૧૫-૧૦-૯૫ રવિવાર શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર, ગો. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (માંડવી-ગોકુળ-જુનાગઢ)નો જન્મદિન.

આસો વદ ૯ તા. તા. ૧૮-૧૦-૯૫ બુધવાર શ્રીવ્રજેશરાયજી (વીરમગામ-કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૧૯-૧૦-૯૫ ગુરુવાર શ્રીટીકૈતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા-પોરબંદર-મુંબઇ)નો, ગો. શ્રી વ્રજરાયજી મહારાજ (અમદાવાદ)નો તથા ગો. ચિ. મધુસુદનલાલજી (અમદાવાદ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨૦-૧૦-૯૫ શુક્રવાર રમા એકાદશી વ્રત, વાઘ બારસ, ગોવત્સ દ્વાદશી, ગો. શ્રી મુરલીધરલાલજી મહારાજ (વીરમગામ-ગોકુળ-કામવન)નો તથા ગો. શ્રી મિલનકુમારજી (ઘાટકોપર)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૨૧-૧૦-૯૫ શનિવાર ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૩ તા. ૨૨-૧૦-૯૫ રવિવાર, ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૨૩-૧૦-૯૫ સોમવાર સોમવતી અમાવાસ્યા, રૂપ ચૌદશ, અભ્યંગ સ્નાન, હટડી, દિવાળી, લક્ષ્મીપૂજન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજ (વીરમગામ-કામવન)નો તથા ગો. શ્રી રઘુનાથજી (વીરમગામ-કામવન)નો જન્મદિન.

આસો વદ અમાસ તા. ૨૪-૧૦-૯૫ મંગળવાર, ખગ્રાસઃ સૂર્યગ્રહણ હોવાથી અન્નકુટ ઉત્સવ કારતક સુદ ૯ના રોજ અથવા કારતક સુદ પૂનમ સુધીમાં અનુકુળતા જોઇ કરવા, સ્પર્શ સવારે ક. ૭-૨૬ મિનીટ, મધ્ય કલાક ૮-૩૧ મીનીટ, મોક્ષ ક. ૯-૪૫, સૂર્ય ગ્રહણનો વેધ ૧૪ સોમવારે સાંજે ૬ વાગ્યાથી લાગે છે તે પહેલાં પ્રસાદ લઇ શકાય, સોમવારે રાત્રે ૩ વાગ્યા પહેલાં ચાહ, દુધ, જળ લઇ શકાશે, જનોઇ વગરના બાળક, કન્યા, વૃદ્ધ અને રોગી સોમવારે રાત્રે ૩ વાગ્યા સુધી પ્રસાદ લઇ શકશે.

મંગળવારે સવારે શ્રી....ને વહેલા જગાડી મંગળભોગ સ્પર્શના બે ઘડી (૪૮ મીનીટ) પહેલાં સરાવી લેવા જોઇએ. મંગળા આરતી સુધીની સેવા કરવી, સુકા મેવાનો ભોગ ધરવો, સવારે ૭–૨૩ વાગે ભોગ સરાવી, ઝારી બંટા વડા કરી દર્શન ગ્રહણના ખોલવા. ૮–૩૧ વાગે ખીચડીના ડબરાનો સંકલ્પ કરવો. ૯–૪૫ વાગે ગ્રહણ છુટયાનો નિર્ણય કરી સ્નાન આદિ કરી શ્રી....ને સ્નાન કરાવી ગ્રહણ પછીનો ભોગ ધરવો. રાજભોગ સુધીની સેવા પહોંચી અનોસર કરાવી બ્રાહ્મણ ભોજન કરાવી પ્રસાદ લેવો. સ્થળપાત્ર આદિની શુદ્ધિ મેંડ પ્રમાણે કરવી. સંધાણા વગેરેમાં દર્ભ પધરાવવા અને શુદ્ધિ જાળવવી. શ્રી....ને શ્રમ વધુ ન પડે તેવો સેવાનો ક્રમ રાખવો.

સંવત ૨૦૫૨ કારતક સુદ ૧ તા. ૨૫–૧૦–૯૫ બુધવાર નૂતન વર્ષારંભ, યમદ્વિતીયા, ભાઇબીજ, ચંદ્રદર્શન, ગો. ચિ. શ્રી ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૩ તા. ૨૬–૧૦–૯૫ ગુરુવાર ગો. ચિ. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૨૭–૧૦–૯૫ શુક્રવાર ગો. ચિ. શ્રી ભૂષણજી (માંડવી)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૨૮–૧૦–૯૫ શનિવાર લાભપાંચમ, ગો. ચિ. વ્રજભૂષણલાલજી (મથુરા)નો તથા ગો. ચિ, પુરુષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૨૯–૧૦–૯૫ રવિવાર ગો. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

કારતક સુદ ૭ તા. ૩૦–૧૦–૯૫ સોમવાર ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી જયદેવજી (કોટા)નો તથા ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૩૧–૧૦–૯૫ મંગળવાર, ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૧–૧૧–૯૫ બુધવાર અક્ષયનવમી, કુષ્માંડ (કોળુ) દાન, સત્યુગાદિ તિથી, ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત, પુનમ સુધી બોલાય, ગો. ચિ. અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૨–૧૧–૯૫ ગુરુવાર શરદઋતુ પુરી થઇ, ગો. ચિ. શ્રી દ્વારકેશજી (કોટા)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૩–૧૧–૯૫ શુક્રવાર પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ, સાંજે ભોગ સંધ્યામાં, ચાતુર્માસ નિયમ સમાપ્તિ, રસાત્મક મહારાત્રિ, તુલસી વિવાહ, હેમંતઋતુ શરૂ થઇ, પોષ સુદ ૮ સુધી.

કારતક સુદ ૧૨ તા. ૪–૧૧–૯૫ શનિવાર શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી શ્રી ગિરિધરજીનો ઉત્સવ (સં. ૧૫૯૭), શ્રી ગુસાંઇજીના પંચમલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧)નો ઉત્સવ, ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી (અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૭–૧૧–૯૫ મંગળવાર પૂર્ણિમા, ચાતુર્માસ સમાપ્ત, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કંઠાભરણમ્

ગુરુ સ્તુતિ

અખંડ મંડલાકારં, વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

જે પરમ તત્વ સજીવ–નિર્જીવમાં વ્યાપી રહેલું છે તેનું દર્શન કરાવનાર શ્રી સદ્ગુરુને અમારા વંદન હજો.

અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

અજ્ઞાનરૂપી અંધકારથી આંધળા બનેલાની આંખ જ્ઞાનના આંજણની સળીથી જેમણે ઉઘાડી આપી છે તેવા સદગુરુને નમસ્કાર હજો.

બ્રહ્માનંદ પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વન્દ્વાતીતં ગગન સદ્દશં તત્વમસ્યાદિ લક્ષ્યમ ।
એક નિત્યં વિમલ ચલં સર્વધી સાક્ષિ ભૂતં
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું – નમામિ ॥

બ્રહ્મમાં આનંદવાળા (બ્રહ્માનંદના સાકાર સ્વરૂપ), પરમ સુખદાયી. કેવળ જ્ઞાનસ્વરૂપ, રાગદ્વેષાદિ દ્વંદ્વોથી રહિત. આકાશ સમાન નિર્લેપ, 'તત્વમસિ' ઇત્યાદિ વેદવાકયોના લક્ષ્યાર્થરૂપ, એક (અનન્ય), નિત્ય. વિમલ–પાપરહિત, અચલ, સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ, સાંસારિક ભાવોથી રહિત, તથા ત્રિગુણાતીત એવા તે સદ્ગુરુને હું નમન કરું છું.

નમોસ્તુ ત વ્યાસ વિશાલબુધ્ધે ફુલ્લાર વિન્દાયતપત્રનેત્ર ।
યેન ત્વયા ભારત તૈલ પૂર્ણઃ પ્રજ્વાલિતો જ્ઞાનમયઃ પ્રદીપઃ ॥

ખીલેલા કમળ જેવાં વિશાળ નેત્રોવાળા, જેણે મહાભારતરૂપી તેલથી ભરેલા જ્ઞાનમય દીવો પ્રગટાવ્યો છે તેવા વિશાળ બુદ્ધિવાળા હે વ્યાસજી ! આપને નમન હો.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરિખ પરિવારના સૌજન્યથી]

કાવ્ય–કુંજ

(૧) તું ભજી લે ને ભગવાનને

મન સુખમાં દુઃખમાં ભજી લે ને ભગવાનને
કંઇક જનમ લઇ થાકયા જીવને દેવાને આરામ રે .... તું ભજી લે ને

લક્ષ–ચોરાસી ફેરા કરતાં આવ્યો જો કંટાળો
તો ધ્યાન ધરી લે ધરણી ધરનું મૂકી સૌ જંજાળો
ભવરણમાં ઓ ભૂલા પડેલાં જો ચાહે સથવારો
તો કાળજડાની કાળાશ તજીને રટી લે રાધેશ્યામને .... તું ભજી લે ને

કદી વિચાર્યું કયાંથી આવ્યો ? અહીંથી કયાં ઊડી જાવું ?
શું કરવાને આવ્યો જગમાં ? શું સાથે લઇ જાવું ?
સમજાયે આ સત્ય તને તો પામી જાય પરમાત્મને .... તું ભજી લે ને

ટૂંકું જીવન, ઝાઝી આશા, એ અટવાઇ જાશે
માયા મમતા મોહજાળથી છૂટયું ના છૂટાશે
વિષય વાસના વહેણે જીવન નૈયા તો વહી જાશે
છેલ્લે દાવે જીતે ચડેલી બાજી હારી જાશે
માનવમાંથી દેવ થવા જીતવા જીવન સંગ્રામને .... તું ભજી લે ને
સ્નેહી સંબંધી લાખ છતાં પણ સંગી કોઇ ન થાશે
પ્રખર તેજથી ઓપનારા એક દિન તું ઓલવાશે
અવિનાશીને ઓળખવા તું છોડી દે અભિમાનને .... તું ભજી લે ને

[તન્ના પરિવાર કલ્યાણ પ્રકાશિત ‘વ્રજ મંગલા’ કેસેટ પુસ્તિકામાંથી સાભાર]

(૨)

શ્રીજી પ્યારે મારા મનમાં કંઇ કહી જાય છે;
મારા તનમાં મને કાંઇ કાંઇ થાય છે .... શ્રીજી – ૧

અષ્ટાક્ષર મંત્ર એ સંબંધ બાંધીયા;
પંચાક્ષરે બાંધી છે મારી પ્રીતડી .... શ્રીજી – ૨

વ્હાલે તુલસી આપી જમણા હાથમાં;
ગદ્ય મંત્રથી થઇ હું ન્યાલ જો .... શ્રીજી – ૩

વલ્લભ પ્રભુએ કર મારો ઝાલીયો;
લઈને સોંપ્યો શ્રી ગોવર્ધન જો .... શ્રીજી – ૪

જય શ્રી કૃષ્ણ કહેવાની મને ટેવ પડી;
ભક્તિ ભંડારની તો ચાવી મળી .... શ્રીજી – ૫
શ્રીજી બાવા ચરણ શરણમાં રાખજો;
દયા આવે તો '**લક્ષ્મી**' ને દર્શન આપજો .... શ્રીજી – ૬

–લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ, અમદાવાદ

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક '**માધુરી**' રાજકોટ

પદ–૧૯

ઉઠતિ જે વારિ ધાર મેં લહરૈં;
મનુ યમુને કર માલ પ્રણત કોં દાન દેત નહિ ઠહરૈં. ૧

ગુડરી કટક બાલુકા મોતી જડી બેલિ ભુજ પહિરૈં;
'**બલ્લભ**' કીરતિ શ્રુતિતિ દુંદુભી રવિજાજૂકી ધહિ રૈં. ૨

ભાવાર્થ :– આ પદમાં કવિ શ્રી વલ્લભદાસ શ્રી યમુનાજીની લહેરોની ભાવનાનું વર્ણન કરે છે. જળમાં ઉઠતી તરંગોની લહેરો જોતાં એવો ભાસ થાય છે કે માનો શ્રી યમુનાજી શ્રી હસ્તમાં માળા લઇને જે કોઇ આવી આપને પ્રણામ કરે છે તેને દાન દેવા જઇ રહ્યા છે તેથી રસ્તામાં ઊભા રહેતા નથી. તરંગો કિનારે ઝુમતા જાણે કેમ વાલુકારૂપી ચમકતી રેતી આપનાં ભુજ કંકણની શોભા દેતા હોય છે. આપની કીર્તિનું વેદ, શ્રુતિયો તથા દેવતાઓ દુંદુભી વગાડી સદા યશોગાન કરે છે અથવા તો જળ તરંગો કિનારા ઉપર અથડાતા સુમધુર અવાજ માનો દુંદુભી વાગી રહી છે.

✻ રાધેશ્યામ

રચયિતા : **ગો. શ્રી ગોકુલેશ બાવાશ્રી** (જુનાગઢ)

દૈવ વિરહ મેઘ....
શ્રુતિ વિદ્યુત સ્ફુરણ....
મનુષ્ય મસ્તિષ્ક....
બિંદુ સ્પંદ સિંધુ ધ્વનિ....
'જ્ઞ'....ગ્રાહ્ય....

દૈવ વિરહ મેઘ....
શ્રુતિ વિદ્યુત સ્ફુરણ....
મનુષ્ય મસ્તિષ્ક....
બિંદુસ્પંદ સિંધુ ધ્વનિ....
'જ્ઞ'....ગ્રાહ્ય....

દૈવ વિરહ મેઘ....
શ્રુતિ વિદ્યુત સ્ફુરણ....
મનુષ્ય મસ્તિષ્ક
બિંદુ સ્પંદ સિંધુ ધ્વનિ....
'જ્ઞ'....ગ્રાહ્ય....અનંત ચાક્ર ભ્રમણ....
"આનંદ" શૈનઃ અંકુરણ–પલ્લવન–સૌરભન–પ્રજ્જ્વલન !!!
હેં. ભલા....
રાધાજીનું ઉપનામ 'ભકિત' તો નથીને ? ! !

બાલ ગોસ્વામી

લેખક :- શેઠ જગજીવનદાસ ગોવર્ધનદાસ

ઉદયપુર પાસે શ્રી એકલંગી મહાદેવનું મંદિર છે. પ્રાચીન સમયમાં તે ગાદી ઉપર એક મહંત હતા. આ મહંતનું નામ જગન્નાથ સ્વામી હતું. તેઓ ઘણા વિદ્વાન અને પ્રભાવશાળી હતા.

એક વખત તેઓ પોતાના શિષ્યો સાથે બેઠા હતા. વાતો કરતાં તેઓના શિષ્યોએ કહ્યું કે મહારાજ ! શ્રી ગોકુલમાં શ્રી વલ્લભાચાર્યજીના વંશજો બિરાજે છે. તેઓ ઘણા જ અભિમાની છે. માત્ર શ્રી નાથજીને નમન કરે છે અને તેઓને જ મોટા ગણે છે. તેઓ સિવાય અન્ય દેવને નમસ્કાર કરતા નથી.

આ વાત સાંભળી જગન્નાથ સ્વામીએ કંઇ ઉત્તર આપ્યો નહીં પણ તેમના મનમાં આ વિષે શંકા ઉત્પન્ન થઇ કે શું શ્રી વલ્લભાચાર્યજીના વંશજો અભિમાની હશે ! કે મારા શિષ્યોએ આની તદ્દન ખોટી વાત કરી હશે ? એમ કરતા થોડો સમય વીતી ગયો.

ત્યાર પછી જગન્નાથ સ્વામી જાત્રા કરવા પધાર્યા. ફરતાં ફરતાં તેઓ શ્રી ગોકુલ આવી પહોંચ્યા. તેઓ જ્યારે ગોકુલ આવ્યા ત્યારે ઉષ્ણકાલનો સમય હતો. તાપ સખત પડતો હતો. શ્રી તૃતીય ગૃહના શ્રી ઠાકોરજી શ્રી દ્વારકાધીશજી તથા પ્રથમ ગૃહના શ્રી ઠાકોરજી મથુરેશજી સાથે એક જ મંદિરમાં બિરાજતા હતા. તે સમયના શ્રી દ્વારકાધીશજીના તિલકાયત ગોસ્વામીનું વય માત્ર ૧૧ વર્ષનું હતું અને શ્રી મથુરેશજીના તિલકાયત વયોવૃદ્ધ હતા. શ્રી ઠાકોરજીને રાજભોગ સમર્પી આ બન્ને ગોસ્વામીઓ સંધ્યા વંદન કરી રહ્યા હતા. તેટલા વખતમાં જગન્નાથ સ્વામી આ મંદિરમાં આવ્યા. તેઓને આસન આપી બેસાડયા. આ ઉષ્ણ કાલનો સમય હોવાથી મંદિરમાં જલ ભરેલું હતું. તડકામાં ચાલી આવેલા સ્વામીના શરીરને, અહી કુવારા છૂટતા હોવાથી તથા અત્તર ગુલાબ જળ છાંટેલા હોવાથી, કંઇક શાંતિ મળી.

ત્યાર પછી સ્વામીએ જણાવ્યું કે મારે ધર્મ સંબંધી કેટલાક પ્રશ્નો પુછવા છે, તે આપને પુછવાની આજ્ઞા માગું છું. ત્યારે વૃદ્ધ ગોસ્વામીએ કહ્યું કે તમારા પ્રશ્નોના ઉત્તર તમારી પાસે બેઠેલા બાલ ગોસ્વામીને પુછો. તે તેનો બરાબર ઉત્તર આપશે.

ત્યારે સ્વામીએ જણાવ્યું કે આ ગોસ્વામીનું વય નાનું છે, અને તે મારા પ્રશ્નનો ઉત્તર આપી શકશે નહીં. પણ વૃદ્ધ ગોસ્વામીએ તેમને આગ્રહથી જણાવ્યું કે તમે તમારા પ્રશ્નો આ બાલ ગોસ્વામીને પૂછો.

ત્યારે સ્વામીએ પુછયું કે–

મહારાજ ! તીર્થમાં મોટું તીર્થ કયુ છે ?

ત્યારે બાલ ગોસ્વામીએ ઉત્તરમાં જણાવ્યું કે, 'પુષ્કરજી'.

પ્ર. નદીઓમાં મોટી નદી કઇ ?

જ. ગંગાજી.

પ્ર. પર્વતમાં મોટો પર્વત કયો ?

જ. સુમેરુ.

પ્ર. ભૂદેવમાં સર્વથી મોટા દેવ કયા ?

જ. જગન્નાથજી.

આ સર્વ પ્રશ્નના ઉત્તર સાંભળતા સ્વામી મનમાં ઘણાં ખુશી થયા. તેમણે પુછેલા પ્રશ્નોના ઉત્તર યથાર્થ હતા. તેના શિષ્યોએ જે વાત કહી હતી તે તેને તદ્દન જુઠી લાગી, અને મનમાં પોતાના શિષ્યો પ્રત્યે ચિડાયા.

ત્યાર પછી તેમણે બાલ ગોસ્વામીને જણાવ્યું કે મહારાજ ! નદીઓમાં મોટી નદી આપે ગંગાજી કહી પણ આપના સંપ્રદાયમાં તો આપ શ્રી યમુનાજીને મોટાં માનો છો ?

તેના ઉત્તરમાં તે બાલ ગોસ્વામીએ જણાવ્યું કે આપે તો નદીઓમાં મોટી નદી કઈ કઇ ? એમ પ્રશ્ન પુછયો તો શ્રી યમુનાજીને અમે નદી માનતા નથી, પણ સાક્ષાત્ શ્રી કૃષ્ણના સ્વામીનીજી રૂપ માનીએ છીએ.

ત્યારે જગન્નાથ સ્વામીએ કહ્યું કે મહારાજ ! પર્વતમાં મોટામાં મોટો પર્વત આપે સુમેરુ કહયો, પણ આપે તો શ્રી ગિરિરાજજીને મોટો માનો છો ? તેના પ્રત્યુત્તરમાં તે બાલ ગોસ્વામીએ કહ્યું કે શ્રી ગિરિરાજીને અમે સાધારણ પર્વત માનતા નથી, પણ સાક્ષાત્ શ્રી કૃષ્ણને રમણ કરવાનું સ્થાન માનીએ છીએ અને તે શ્રી ગોલોકમાંથી આવેલા છે.

જગન્નાથ સ્વામીએ ફરીથી જણાવ્યું કે ભૂતલમાં મોટા શ્રી જગન્નાથજીને કહ્યા પણ આપ તો આપના સંપ્રદાયમાં શ્રી નાથજીને મોટા દેવ માનો છો ? તેના પ્રત્યુત્તરમાં બાલ ગોસ્વામીએ જણાવ્યું કે ભૂદેવમાં મોટા દેવ જગદીશ છે. અમારા શ્રી નાથજી ભૂદેવ નથી, પણ તેઓને શ્રી પુર્ણપુરુષોત્તમનું સ્વરૂપ માનીએ છીએ.

ત્યારે સ્વામીએ કહ્યું કે તીર્થોમાં મોટું તીર્થ આપે પુષ્કરજી કહ્યું પણ તમો તો શ્રી વ્રજને મોટું તીર્થ માનો છો ? તેના પ્રત્યુત્તરમાં બાલ ગોસ્વામીએ કહ્યું કે અમે વ્રજને તીર્થ માનતા નથી, પરંતુ વ્રજને સાક્ષાત ગોલોકનું જ સ્વરૂપ માનીએ છીએ.

આ બાલ ગોસ્વામીના ઉત્તર સાંભળી સ્વામીજી ઘણાં જ ખુશ થયા અને બંને ગોસ્વામીને સાષ્ટાંગ દંડવત કર્યા. રાજભોગના દર્શન કરી ઘણો જ સંતોષ પામી પોતાના સ્થાન તરફ રવાના થયા.

પુતક પરિચય

શ્રી મધુરાધિપતિરખિલમ મધુરમ

રચયિતા – શ્રીમદવલ્લભાચાર્યજી

સંપાદક – શાહ રમેશચંદ્ર નાથાલાલ

પ્રકાશક – શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ

કાંદીવલી (પુર્વ) મુંબઈ–૪૦૦૧૦૧

૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૪૪ પીન બાઈન્ડીંગ કાચું પુઠું ન્યો. રૂા. ૧૦/–

શ્રી મધુરાષ્ટક એ માત્ર પુષ્ટિ સંપ્રદાયનું જ નહિ પણ સમસ્ત સંસ્કૃત સાહિત્યનું એક ઉમદા નજરાણું છે. આચાર્યશ્રીની આ રચના સાંપ્રદાયિક સીમાઓ તોડી શ્રીકૃષ્ણભક્તિના સર્વમાન્ય સાહિત્યનું અંગ બની ગઈ છે, શ્રીકૃષ્ણ લીલાનું અનુપમ રસપાન આ ગ્રંથથી થાય છે. શ્રી મધુરાષ્ટક એ સ્તુતિ કે વિજ્ઞપ્તિ નથી. સાહિત્યિક ભાષામાં એને ઉર્મિકાવ્ય કહી શકીએ. શ્રી સ્વામિનીજીના ભાવથી આચાર્યશ્રીએ શ્રી ઠાકુરજીના સંયોગ અને વિપ્રયોગના આનંદના જે અનુભવ કર્યા તેની વૈષ્ણવોને અનુભૂનિ કરાવવા આ સાહિત્યનું સર્જન કર્યું છે.

તેનું સુંદર, સરળ, રસમય વિવરણ આ પુસ્તિકામાં કરવામાં આવ્યું છે, દરેક વૈષ્ણવે પરિવારે, ભગવદ મંડલીએ નિયમીત વાંચવા–વસાવવા યોગ્ય પુસ્તિકા.

નમામિ યમુનામહમ

રચયિતા અને સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ

૮ પેઈમી ડેમી પૃષ્ઠ ૩૨ કાચું પુઠું પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂા. ૫/–

આ પુસ્તિકામાં સામાન્ય વૈષ્ણવો પણ સમજી શકે અને આનંદ લઈ શકે તે રીતે શ્રી યમુનાષ્ટકની સરલ રજુઆત કરવાચાં આવી છે.

દરેક શ્લોકનો શબ્દાર્થ પછી દરેક શ્લોકનું સંક્ષિપ્ત વિવેચન અને ત્યારબાદ શ્લોકની ભાવના પુષ્ટ કરતા અષ્ટ સખાઓના, કિર્તન, ધોળપદ કે પ્રચલિત પદ આપવામાં આવ્યા છે,

પુસ્તિકાના અંતર્માં કે શરૂઆતમાં આખો યમુનાષ્ટક ગ્રંથ આપેલ હોત તો નિયમીત પાઠ કરવામાં વિશેષ અનુકુળ રહેત.

દરેક વૈષ્ણવે વાંચવા, સમજવા તથા વસાવવા યોગ્ય પુસ્તિકા.

અહેવાલ – ભારતીય તત્વજ્ઞાન મંદિર

C/o ડો. વિનોદ પુરાણી

ગોકૂલનાથજીના મંદિર પાંસે, મોડાસા–૩૮૩૩૧૫

સદરહુ સંસ્થા તરફથી સને ૧૯૯૨–૯૩ના વર્ષનો ઓડીટ થયેલ હિસાબ તથા સંસ્થાનો ઉદ્દેશ અને કાર્યવાહીનો પરિચય આપતો અહેવાલ પ્રકાશિત કરેલ છે તેને આવકારીએ છીએ.

શ્રી સુબોધિનીજી ગ્રંથસાર ભાગ-૧

પ્રકાશક - શ્રી જિતેન્દ્રભાઈ રણછોડલાલ પરિખ
વાયુદેવતાની પોળ, ચાચરીયા. પાટણ ઉ. ગુ. પીન ૩૮૪૨૬૫
૧૬ પેજી ડેમી (પોકેટ સાઈઝ) પૃષ્ઠ ૩૨ કાચું બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ. ૫

ઉપરોકત પ્રકાશકે પુષ્ટિ ગ્રંથ–સાર–શીર્ષક થી અગાઉ શ્રી ૮૪, ૨૫૨ વૈ. વાર્તા સાર શિક્ષાપત્ર વગેરે પુસ્તિકાઓની શ્રેણી પ્રકટ કરી છે તેની આગળની કડી રૂપે પ્રકટ થયેલ આ પુસ્તિકામાં શ્રીસુબોધિનીજી રૂપ અમૃત સાગરમાંથી શિતળ શીકર રૂપ બિન્દુઓ પ્રકટ કરી સુંદર કામ કર્યુ છે. દિવાળી જેવા પ્રસંગે ભેટ આંપવા જેવી આ શ્રેણી છે.

સમાચાર

"વૈષ્ણવ પરિષદ–વડોદરા જીલ્લાના કાર્યકરોનું બોડેલીમાં યોજાયેલું સંમેલન"

"સમયના પરિવર્તનની સાથે પ્રચારના આયામો પણ બદલાય છે અને વૈષ્ણવ પરિષદ બદલાતા સમયની સાથે તાલથી તાલ મીલાવી પુષ્ટિચાર્ગ સંપ્રદાયના પ્રચાર અને પ્રસારનું કાર્ય કરી રહી છે" એ પ્રકારે પૂ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયે બોડેલી મુકામે શ્રી દ્વારકાધીશ મંદિરમાં યોજાયેલા વડોદરા જીલ્લાના કાર્યકરોના સંમેલનમાં "પ્રેમસે બોલો જયશ્રીકૃષ્ણ" સ્ટીકર્સ અભિયાનના સંદર્ભમાં ઉચ્ચાર્યા હતા.

સંમેલનમાં શ્રી રજનીકાન્ત પરીખે "સ્ટીકર્સ અભીયાનની" સમીક્ષા કરી સૌનું સ્વાગત કર્યુ હતું. સંગઠ્ઠન મંત્રી પ્રા. ચીમનભાઈ એમ. શેઠે સ્ટીકર્સ અભિયાનની વિશદ ચર્ચા કરી હતી અને આગામી કાર્યક્રમોમાં પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય શ્રી વલ્લભ–વિઠ્ઠલ પેઢી, આદિવાસી સંમેલન વિગેરે કાર્યક્રમોની જાણકારી કરી હતી શ્રી સી. પી. તલાટીએ અને વડોદરાના શ્રી હસમુખભાઈ પરીખે કહેલ કે સ્ટીકર્સ અભિયાનની પુર્ણાહુતિ થશે પણ કૃષ્ણનું નામ તો અસ્ખલિત રીતે હૃદયમાં ગુંજતું રહેવું જાઈએ.

વિશ્વના ફલક પર કૃષ્ણ ભકિત કરનારા વૈષ્ણવોની સંખ્યા ખૂબ મોટી છે "कृष्णं वंदे जगतगुरुं" એમ કહીએ છીએ પ્રભુની એક પણ લીલા નિષ્પ્રયોજન નથી. જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યે દૈવી જીવોના ઉધ્ધાર માટે પુષ્ટિ માર્ગ પ્રગટ કર્યો છે. એ પ્રકારે પુ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહાદયે સંમેલન દરમિયામ યોજાયેલી વૈષ્ણવોની સભાને દાનના મહિમાનું મહત્વ સમજાવ્યું હતું અને પ્રેમલક્ષણા ભકિતના અનેક દ્રષ્ટાંતો આપીને વિસ્તૃત સમજ આપી હતી. શ્રી સુંદરભાઈ મહેતાએ આનંદની અભિવ્યકિત કરી સૌનો આભાર માન્યો હતો.

શ્રી વલ્લભ સુધાના ભેટ પુસ્તકમાં દ્રવ્ય સહાય કરવાની ઉત્તમ તક

ચાલુ વર્ષના ભેટ પુસ્તક '૮૪ ભગવદિય રત્નાવલિ' બાદ આગામી ભેટ પુસ્તક તે જ પ્રકારે '૨૫૨, ભગવદિય રત્નાવલિ' નામથી પ્રકટ કરવાની યોજના છે.

શ્રી વલ્લભ સુધા કાર્યાલય વૈષ્ણવોના દૈવિ દ્રવ્યનો અત્યંત કરકસર પુર્વક ઉપયોગ કરી અત્યારના પ્રકાશન સામગ્રીની અત્યંત મોંઘવારીના સમયમાં પણ માસિક પત્ર તેમજ પુસ્તકોનું નિયમિત પ્રકાશન કરે છે.

આ પ્રકાશન સમિતિના બધાં કાર્યકર્તાઓ પોતાની તનની મનની સેવા ઉપરાંત હંમેશા યથા શક્તિ દ્રવ્ય સેવા આપી પ્રકાશનોને ઉત્તમ સ્વરૂપે છતાં ખૂબ જ ઓછી દ્રવ્ય સહાયથી મૂર્તરૂપ આપે છે. આવી દ્રવ્ય સહાય સામેથી પ્રાપ્ત થાય છે. ૨૫૨ ભગવદિય રત્નાવલીના પ્રકાશન માટે પણ કેટલીક સહાય પ્રાપ્ત થયેલ છે. બાકીની સહાય રૂપિયા એક હજાર એક અથવા તેથી વધુ રકમ આપી આ અભૂતપુર્વ પ્રકાશનોમાં આપના ભગવદ્ સ્મરણ લખાવવાનો લહાવો લઇ શકો છો. તા. ૩૧ ઓકટોબર સુધી આવેલ દ્રવ્ય સહાયકોના નામ-ભગવદ્ સ્મરણ, શ્રી ૮૪ ભગવદિય રત્નાવલિ તથા શ્રી ૨૫૨ ભગવદીય રત્નાવલી બન્ને પુંસ્તકોમાં પ્રકાશિત થશે.

સમિતિના સંપર્કમાં રહેલ વૈષ્ણવો સિવાય બહારગામના વૈષ્ણવો પણ દૈવી દ્રવ્યનો પ્રકાશન કાર્યમાં વિનિયોગ કરી શકે તે માટે આ સુચના પ્રકટ કરેલ છે.

આપની રકમ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેને સરનામે મોકલવી. ડ્રાફ્ટ 'શ્રી વલ્લભ વિજ્ઞાન' એ નામથી લખવો. રોકડ રકમ માત્ર રાજકોટ કાર્યાલય ખાતે જ આપી પહોંચ મેળવી લેવી.

શ્રી વલ્લભ સુધા કાર્યાલય : કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણાપરા, **રાજકોટ-૩૬૦ ૦૦૧**

આ જીવન ગ્રાહકોની યાદી

૫૨૧ શ્રી રતિલાલ વીરજીભાઇ વામજા, સાંગલી
૫૨૨ ,, અરવિંદભાઇ એલ. લાખાણી, રાજકોટ
૫૨૪ ,, ચંદ્રકાંત બચુલાલ તન્ના, રાજકોટ
૫૨૫ ,, શ્રીમદ્ વલ્લભ વિશ્વધર્મ સંસ્થા, અમદાવાદ.
૫૨૬ ,, દિલીપભાઇ હંસરાજભાઇ બારાઇ, જામનગર
૫૨૭ ,, કંસારા જીવાભાઇ લવજીભાઇ, સાણંદ
૫૨૮ ,, સોની મહેન્દ્રકુમાર વનમાળીદાસ, રાજકોટ
૫૨૯ ,, પટવારી સુધીરકુમાર દામોદરદાસ, જુનાગઢ
૫૩૦ ,, રમણિકભાઇ એલ. પાંઉ, રાજકોટ
૫૩૧ શ્રીમતી શાંતાબેન પ્રભુદાસ પોબારૂ, રાજકોટ
૫૩૨ શ્રી પ્રકાશ એન. વોરા, રાજકોટ
૫૩૩ ,, યશવંતરાય જે, કાટકોરીયા, રાજકોટ
૫૩૪ ,, વેદાન્ત વિ. પારેખ, સલાડ
૫૩૫ ,, નરોત્તમદાસ એ. બુદ્ધદેવ, પોરબંદર

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month. **Regd.No.G/RJ.212-L.P.W.P43**

મટુકી તેં કેમ આજ ફોડી

મટુકી તેં કેમ આજ ફોડી ?
કાનુડા મારી મટુકી તેં કેમ આજ ફોડી ?
હવે થાશે રે આજ જોવા જેવી,
કાનુડા મારી મટુકી તેં કેમ આજ ફોડી – ટેક
ગોકુળની ગલીઓમાં મહિડા વેચીએ ત્યારે
મારગડો શીદ મારો રોકે
કાનુડા તું મારગડો શીદ મારો રોકે ?
આજ અચાનક પકડયો તુજને
હવે કરીશ હું ફજેતી તારી – કાનુડા મારી.... (૧)
પકડીને લઇ જઇશ ગોકુલની ગલીઓમાં,
કરીશ હું બેઆબરૂ તારી;
નંદ જશોદાને જઇને હું કહીશ કે,
તમે રાખો આ કાનુડાને વારી – કાનુંડા મારી.... (૨)
પરનારિનો તું છેડલો પકડે,
ઓ કાનુડા આદત કહેવાય નહિ સારી;
નણંદી મારી મેણા બોલે છે
ઓલી સાસુ ખીજાય છે મારી.... કાનુડા મારી.... (૩)
સંસારના લોક બધા નિંદા કરે ને,
કડવા વેણ બોલે અતિ ભારી;
સાનમાં તું હવે સમજી જાજે
નહિતર થાશે રે જોવા જેવી – કાનુડા મારી (૪)
નંદજીના લાલનો સ્નેહ નિહાળી,
પાયે લાગુ હું વારિં વારિ
કાનુડા તને પાયે લાગુ હુ વારિ વારિ
કૃપા કરી મારા મહિડા આરોગ્યા
હવે ગોપીજન જાય બલિહારી – કાનુડા મારી (૫)

રચયિતા – **ચમનલાલ એન. બેંકર** (ગોપીજન) અમદાવાદ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૮૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

દર્શન ખુલ્લા હોય તો વૈષ્ણવને હાથ જોડી જયશ્રીકૃષ્ણ ન કરાય. તેમજ આચાર્ય આદિના ચર્ણસ્પર્શ પણ મંદિરમાં ન કરાય. પોતે (ગોસ્વામી) આચાર્યો પણ શ્રી પ્રભુ સમક્ષ, મોટેરા પધારે અને આચાર્ય પધારે તો વન્દન નથી કરતાં. આગળ પધારવાનો માર્ગ હાથેથી દેખાડી વિનંતી કરે તે. આવોજ અતિથિ સત્કાર થાય છે”

“આચાર્યને (વૈષ્ણવોએ) જયશ્રીકૃષ્ણ કહેવાની વિધિ નથી અને પંડિતો વગેરેને ભગવત્સ્મરણ કરવા સાથે નમન કરવું. વૈષ્ણવોને પણ ભગવત્સ્મરણ કરવું તેમાં મોટા પાસે માથું નમાવવું અને સમાન હોય ત્યાં હાથ જોડી વન્દના કરવી.

આચાર્યને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની પરમ્પરા છે. પણ સ્ત્રીઓએ આ (સષ્ટાંગ દંડવત) પ્રણામ ન કરવા જોઇએ. આવી દંડવત પ્રણામની વિધિ પુરૂષો માટે છે.”

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)
શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ.૧૪૫

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ❋

વર્ષ ૧૪ : અંક-૮ નવેમ્બર, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ❋ આજીવન રૂ. ૪૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

શ્રી વલ્લભસુધા

વચન સુધા

દર્શન ખુલ્લા હોય તો વૈષ્ણવને હાથ જોડી જયશ્રીકૃષ્ણ ન કરાય. તેમજ આચાર્ય આદિના ચર્ણસ્પર્શ પણ મંદિરમાં ન કરાય. પોતે (ગોસ્વામી) આચાર્યો પણ શ્રી પ્રભુ સમક્ષ, મોટેરા પધારે અને આચાર્ય પધારે તો વન્દન નથી કરતાં. આગળ પધારવાનો માર્ગ હાથેથી દેખાડી વિનંતી કરે તે. આવોજ અતિથિ સત્કાર થાય છે”

“આચાર્યને (વૈષ્ણવોએ) જયશ્રીકૃષ્ણ કહેવાની વિધિ નથી અને પંડિતો વગેરેને ભગવત્સ્મરણ કરવા સાથે નમન કરવું. વૈષ્ણવોને પણ ભગવત્સ્મરણ, કરવું તેમાં મોટા પાસે માથું નમાવવું અને સમાન હોય ત્યાં હાથ જોડી વન્દના કરવી.

આચાર્યને સાષ્ટાંગ દંડવતૂ પ્રણામ કરવાની પરમ્પરા છે. પણ સ્ત્રીઓએ આ (સાષ્ટાંગ દંડવત) પ્રણામ ન કરવા જોઇએ. આવી દંડવત પ્રણામની વિધિ પુરૂષો માટે છે.”

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)

શ્રી પ્રથમેશવાક્ સુધા–૧ પૃ. ૧૪૫

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✱

વર્ષ ૧૪ : અંક–૮ નવેમ્બર, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ✱ આજીવન રૂા. ૪૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧

પુષ્ટિમાર્ગના પ્રખર માર્તન્ડ, વયોવૃદ્ધ આચાર્ય

પુ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ–શ્રીદાદાજી (સુરત)નો

નિત્ય લીલા પ્રવેશ

સંપ્રદાયના અત્યંત આદરણીય આચાર્ય શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (સુરત) આસો વદી ૪ ગુરુવાર તા. ૧૨–૧૦–૯૫ના સુરત મુકામે નિત્યલીલામાં પધાર્યાના સમાચારથી આપશ્રીની અલૌકિક છત્રછાયા ગુમાવ્યાનું સર્વે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસૃષ્ટિએ ભારી દુઃખ અનુભવ્યું છે.

પુ. શ્રી દાદાજી મહારાજ અત્યંત ધીર, ગંભીર અને સંપ્રદાયના ઉત્કર્ષ માટે સદા પ્રયત્નશીલ આચાર્ય હતા. આપશ્રીએ 'શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા'ની સ્થાપના કરી પુષ્ટિ માર્ગીય સિદ્ધાંતના પ્રચાર–પ્રસાર માટે શિક્ષણનો પાઠયક્રમ સર્વપ્રથમ તૈયાર કરાવી. શ્રી બા. શુ. મ. સભા દ્વારા નિયમિત પરિક્ષાઓ યોજી જે દ્વારા લાખો વૈષ્ણવો સિદ્ધાંત પિયુષ પાન કરી રહેલ છે.

બદલતાં જીવનમૂલ્યો અને પાશ્ચાત્ય જીવન પદ્ધતિના ઝંઝાવાતથી સંપ્રદાયના સેવા સમર્પણના સિદ્ધાંતોનું રક્ષણ કરવામાં સદાય તત્પર એવા શ્રી દાદાજી મહારાજે હાલમાં જ શતાબ્દી વર્ષનો અંગીકાર કરેલ અને સુરત ખાતે ભવ્ય મહોત્સવ મનાવાયેલ ત્યારે સર્વે વૈષ્ણવોની એવી કામના હતી કે શ્રી હરિરાયજી મહાપ્રભુજીની જેમ શ્રી દાદાજી સવાસો વર્ષ અંગીકાર કરી વૈષ્ણવ સૃષ્ટિને આનંદ દાન કરશે.

આપશ્રીનો પરિવાર પણ અત્યંત પ્રતાપી અને વિદ્વાન છે. આપશ્રીના જ્યેષ્ઠ આત્મજ પુ. શ્રી ગોવિંદપ્રભુ નિત્યલીલામાં પધાર્યા છે. બીજાલાલજી પું. શ્રી મધુસુદનલાલજી તથા શ્રી ગોવિંદપ્રભુના ત્રણ લાલજીઓ પુ. શ્રી લાલકૃષ્ણલાલજી, પુ. શ્રી કલ્યાણરાયજી, પુ. શ્રી વલ્લભ રાયજી દીક્ષિત તથા પુ. શ્રી મધુસુદનલાલજીના ત્રણ લાલજી પુ. શ્રી મથુરેશ્વરજી પુ. શ્રી ચંદ્રગોપાલજી, પુ. શ્રી પ્રભુજી તથા શ્રી ઇન્દિરાબેટીજી તેમજ છોટે બડે બાલકો બેટીજીઓ સર્વે સેવા–સિદ્ધાંત પરાયણ, વૈષ્ણવસૃષ્ટિનું પાલન કરવામાં સદાય તત્પર છે.

પુ. શ્રી દાદાજી મહારાજના વિયોગની આ વસમી વેળાએ 'શ્રી વલ્લભસુધા' સંપાદક વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યો શ્રી દાદાજી મહારાજને નમ્ર ભાવાંજલિ અર્પણ કરે છે, અને આપશ્રીના સર્વે પરિવારના ચરણોમાં દંડવત્ પ્રણામ કરે છે.

રવજીભાઇ પ. પટેલ
સંપાદક : શ્રી વલ્લભસુધા
વસંતભાઇ ન. વેરા
(સંપાદકના સહાયક)
હસમુખભાઈ ખખ્ખર
શ્રી વ. ઋ. સમિતિ

ડાયાભાઈ કસ્તુરચંદ ડેલાવાળા
પ્રમુખ : શ્રી વ. વિ. પ્રકા. સ. રાજકોટ
ડો. સી. આર. બાલધા
ઉપ પ્રમુખ : શ્રી વ. વિ. પ્રકાશન સમિતિ
કાન્તિભાઇ રાધનપુરા
પ્રમુખ : આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા

પુષ્ટિમાર્ગના પ્રખર માર્તન્ડ, વયોવૃદ્ધ આચાર્ય

પુ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ–શ્રીદાદાજી (સુરત)નો

નિત્ય લીલા પ્રવેશ

સંપ્રદાયના અત્યંત આદરણીય આચાર્ય શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (સુરત) આસો વદી ૪ ગુરુવાર તા. ૧૨–૧૦–૯૫ના સુરત મુકામે નિત્યલીલામાં પધાર્યાના સમાચારથી આપશ્રીની અલૌકિક છત્રછાયા ગુમાવ્યાનું સર્વે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવસૃષ્ટિએ ભારી દુઃખ અનુભવ્યું છે.

પુ. શ્રી દાદાજી મહારાજ અત્યંત ધીર, ગંભીર અને સંપ્રદાયના ઉત્કર્ષ માટે સદા પ્રયત્નશીલ આચાર્ય હતા. આપશ્રીએ 'શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા'ની સ્થાપના કરી પુષ્ટિ માર્ગીય સિદ્ધાંતના પ્રચાર–પ્રસાર માટે શિક્ષણનો પાઠ્યક્રમ સર્વપ્રથમ તૈયાર કરાવી. શ્રી બા. શુ. મ. સભા દ્વારા નિયમિત પરિક્ષાઓ યોજી જે દ્વારા લાખો વૈષ્ણવો સિદ્ધાંત પિયુષ પાન કરી રહેલ છે.

બદલતાં જીવનમૂલ્યો અને પાશ્ચાત્ય જીવન પદ્ધતિના ઝંઝાવાતથી સંપ્રદાયના સેવા સમર્પણના સિદ્ધાંતોનું રક્ષણ કરવામાં સદાય તત્પર એવા શ્રી દાદાજી મહારાજે હાલમાં જ શતાબ્દી વર્ષનો અંગીકાર કરેલ અને સુરત ખાતે ભવ્ય મહોત્સવ મનાવાયેલ ત્યારે સર્વે વૈષ્ણવોની એવી કામના હતી કે શ્રી હરિરાયજી મહાપ્રભુજીની જેમ શ્રી દાદાજી સવાસો વર્ષ અંગીકાર કરી વૈષ્ણવ સૃષ્ટિને આનંદ દાન કરશે.

આપશ્રીનો પરિવાર પણ અત્યંત પ્રતાપી અને વિદ્વાન છે. આપશ્રીના જ્યેષ્ઠ આત્મજ પુ. શ્રી ગોવિંદપ્રભુ નિત્યલીલામાં પધાર્યા છે. બીજાલાલજી પુ. શ્રી મધુસુદનલાલજી તથા શ્રી ગોવિંદપ્રભુના ત્રણ લાલજીઓ પુ. શ્રી લાલકૃષ્ણલાલજી, પુ. શ્રી કલ્યાણરાયજી, પુ. શ્રી વલ્લભ રાયજી દીક્ષિત તથા પુ. શ્રી મધુસુદનલાલજીના ત્રણ લાલાજી પુ. શ્રી મથુરેશ્વરજી પુ. શ્રી ચંદ્રગોપાલજી, પુ. શ્રી પ્રભુજી તથા શ્રી ઇન્દિરાબેટીજી તેમજ છોટે બડે બાલકો બેટીજીઓ સર્વે સેવા–સિદ્ધાંત પરાયણ, વૈષ્ણવસૃષ્ટિનું પાલન કરવામાં સદાય તત્પર છે.

પુ. શ્રી દાદાજી મહારાજના વિયોગની આ વસમી વેળાએ 'શ્રી વલ્લભસુધા' સંપાદક વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યો શ્રી દાદાજી મહારાજને નમ્ર ભાવાંજલિ અર્પણ કરે છે, અને આપશ્રીના સર્વે પરિવારના ચરણોમાં દંડવત્ પ્રણામ કરે છે.

રવજીભાઇ પ. પટેલ	ડાયાભાઈ કસ્તુરચંદ ડેલાવાળા
સંપાદક : શ્રી વલ્લભસુધા	પ્રમુખ : શ્રી વ. વિ. પ્રકા. સ. રાજકોટ
વસંતભાઇ ન. વેરા	ડૉ. સી. આર. બાલધા
(સંપાદકના સહાયક)	ઉપ પ્રમુખ : શ્રી વ. વિ. પ્રકાશન સમિતિ
હસમુખભાઈ ખખ્ખર	કાન્તિભાઇ રાધનપુરા
શ્રી વ. ઋ. સમિતિ	પ્રમુખ : આં. પુ. વૈ. પરિષદ રાજકોટ શાખા

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૮ ※ નવેમ્બર, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

વર્તમાન સમય ઔર કર્તવ્ય

વચનામૃત : પરિષદના પિતા નિ. લી. પુ. પા. ગો. શ્રી
જીવનલાલજી મહારાજ, પોરબંદર

ભાષાંતર : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન,
રાજકોટ.

આપણે દરેક સ્થળે જોઇએ છીએ કે દિવસે દિવસે સાંપ્રદાયિક જ્ઞાનથી લોકો અપરિચિત થતા જાય છે. શ્રી વલ્લભાચાર્યના પ્રાગટ્યને ૪૦૦ વર્ષ થયા પરંતુ ત્યાર પછી જેવું થવું જોઇએ તેવું ગ્રંથાવલોકન વૈષ્ણવોથી થયું નથી. શ્રી મહાચાર્યજીના પ્રાગટયની ૧૬મી સદીમાં કેટલાક મહાન પુરુષો થયા હતા. શ્રી આચાર્યજી, શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, શ્રી પુરુષોત્તમજી વિ. બાળકોએ ઘણા જ ઉપયોગી ગ્રંથ બનાવ્યા છે. આ સંપ્રદાયમાં વર્તમાન સમયમાં પણ લાખો મનુષ્ય છે અને તેઓમાં જેવી ગુરુ ભકિત છે તેવી બીજા માર્ગ અનુયાયીઓમાં પણ દેખાતી નથી. છતાં પણ પચાસેક વર્ષથી તેમાં ઓછપ જોવામાં આવે છે એ ખાસ વિચારણીય છે. આવું થવાનું મુખ્ય કારણ શું છે ? આ વિચાર કરવાથી સ્પષ્ટ દેખાય છે કે લોકોને

શ્રી વલ્લભ સુધા દર માસની ૩જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૮ ✻ નવેમ્બર, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

વર્તમાન સમય ઔર કર્તવ્ય

વચનામૃત : પરિષદના પિતા નિ. લી. પુ. પા. ગો. શ્રી જીવનલાલજી મહારાજ, પોરબંદર

ભાષાંતર : ડો. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

આપણે દરેક સ્થળે જોઇએ છીએ કે દિવસે દિવસે સાંપ્રદાયિક જ્ઞાનથી લોકો અપરિચિત થતા જાય છે. શ્રી વલ્લભાચાર્યના પ્રાગટયને ૪૦૦ વર્ષ થયા પરંતુ ત્યાર પછી જેવું થવું જોઇએ તેવું ગ્રંથાવલોકન વૈષ્ણવોથી થયું નથી. શ્રી મહાચાર્યજીના પ્રાગટયની ૧૬મી સદીમાં કેટલાક મહાન પુરુષો થયા હતા. શ્રી આચાર્યજી, શ્રી ગુસાંઇજી, શ્રી ગોકુલનાથજી, શ્રી પુરુષોત્તમજી વિ. બાળકોએ ઘણા જ ઉપયોગી ગ્રંથ બનાવ્યા છે. આ સંપ્રદાયમાં વર્તમાન સમયમાં પણ લાખો મનુષ્ય છે અને તેઓમાં જેવી ગુરુ ભકિત છે તેવી બીજા માર્ગ અનુયાયીઓમાં પણ દેખાતી નથી. છતાં પણ પચાસેક વર્ષથી તેમાં ઓછપ જોવામાં આવે છે એ ખાસ વિચારણીય છે. આવું થવાનું મુખ્ય કારણ શું છે ? આ વિચાર કરવાથી સ્પષ્ટ દેખાય છે કે લોકોને

સાચા ધર્મોપદેશનો જ અભાવ છે. આ અભાવને કારણે જ લોકો સમજી રહ્યા છે કે આ માર્ગમાં વેદાંત અને 'જ્ઞાન છે જ નહીં'. આવી અજ્ઞાનતાનું કારણમાત્ર સત્સંગનો અભાવ છે.

હવે વિચાર કરવો જોઇએ કે આમાં વિશેષ દોષ કોનો છે ? તો અમે સ્પષ્ટ કહીએ છીએ કે અર્ધો કે તેનાથી પણ વિશેષ દોષ આપણા આચાર્યોનો જ છે. અમે અમારૂં કર્તવ્ય ઉપદેશ જો બરાબર કરતા રહેત તો આ વિચારણીય દશા કદાપિ ન હોત.

સજ્જનો ! અત્યારે આપણા વૈષ્ણવો આપણા આચાર્યોની સેવામાં ૫૦૦-૧૦૦૦ રૂા. આપવાનું સહજ સમજે છે અને તે સેવા ઉપદેશ આપ્યા વગર કંઇ પણ કરે છે, પરંતુ ખેદનો વિષય એ છે કે જ્ઞાનોપાર્જનને રસ્તે એક પૈસો પણ આપવો કઠિન સમજે છે અને બીજી વાત એ છે કે આ માર્ગમાં જ્ઞાનવાન વિદ્વાનોની પણ ઘણી અછત છે કારણ કે ઉપદેશક પંડિતોની પ્રથમ જ જરૂરીયાત છે. આપ લોકો વિચારી જોશો તો સ્પષ્ટ જ થઇ જશે કે પરંપરાથી આ નિયમ ચાલ્યો આવે છે કે ઉપદેશ કરવો બ્રાહ્મણોનું મુખ્ય કામ છે. તેથી જ્યાં સુધી બ્રાહ્મણ લોકો અગ્રેસર થઇને સત્ય ઉપદેશ ન આપે ત્યાં સુધી માર્ગને લાગેલ ક્ષય રોગ કયારેય પણ નષ્ટ નહીં થાય. આ ક્ષય રોગનું મૂળ ઉખાડનાર નીચેના પાંચ કાર્ય જ્યાં સુધી નહીં કરવામાં આવે ત્યાં સુધી ક્ષયરોગ કદાપિ નાબુદ નહીં થાય. પરંતુ વધતો જજશે. તેથી અમે આગ્રહ સાથે કહીએ છીએ કે આ માર્ગને તુરત જ ક્ષયરોગથી મુકત કરવોજોઇએ.

વૈષ્ણવો ! હું જે પાંચ આયોજન કહેવા ઇચ્છુ છું તેમાં-

(૧) પ્રથમ પાઠશાળા તેમજ તેમાં અધ્યાપકનું કાર્ય કરવા યોગ્ય વિદ્વાન શિક્ષક જોઇએ. આ સમયે જે બે ચાર વિદ્વાન આ માર્ગના સંપૂર્ણ સિદ્ધાંતના જાણકાર છે. તેમના દ્વારા માર્ગ સંબંધી શાસ્ત્ર ભણાવીને તૈયાર કરવાની ઘણી આવશ્યકતા છે. જો આ કાર્યમાં ઢીલ થશે તો તેઓ પણ વિદાય થઇ જશે. ત્યારે આ માર્ગ સંબંધી વિદ્યા અદશ્ય જ થઇ જશે. જો આ સમયે આ વાતનું પુરૂં આયોજન નહીં કરો તો જરૂર પશ્ચાપાત જ કરવો પડશે, કારણ કે માર્ગની દીર્ઘકાલીન ઉન્નતિનો આધાર માત્ર પાઠશાળાઓ ઉપર નિર્ભર છે. હું જોર દઇને કહું છું માર્ગની સેવાવિધિ અને માર્ગનું જ્ઞાન પાઠશાળામાં ભણવાથી જ યથાર્થ જાણી શકશો.

(૨) બીજી વાતની આવશ્યકતા એ છે કે સાંપ્રાદાયિક ગ્રંથોનું વાંચન, શ્રવણ અને મનન કરવું. માત્ર વાંચવાથી કે સાંભળવાથી બોધ નહીં થાય, પરંતુ જીજ્ઞાસા સાથે વાંચવું અને પછી મનન કરવું જોઇએ.

(૩) ત્રીજી વાત એ છે કે આપણા માર્ગના ગ્રંથ જે સંસ્કૃતમાં છે તેમને વિદ્વાનો દ્વારા ભાષા-ટીકા સહિત વાંચવાની આવશ્યકતા છે અને તે વાંચીને માર્ગના યથાર્થ સિદ્ધાંત સમજવાથી શંકાઓનો નાશ થશે. તેથી સ્વમાર્ગીય સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ સરલ ભાષામાં યથાશકિત કરવો જોઇએ. સૈદ્ધાંતિક અધ્યયન માટે મૌલિક ગ્રંથ રચના તેમજ પ્રમાણિક ઇતિહાસ ગ્રંથની પણ ખૂબ જ આવશ્યકતા છે અને આ સંપ્રદાયનું એક સારૂ 'માસિક પત્ર'

સાચા ધર્મોપદેશનો જ અભાવ છે. આ અભાવને કારણે જ લોકો સમજી રહ્યા છે કે આ માર્ગમાં વેદાંત અને 'જ્ઞાન છે જ નહીં'. આવી અજ્ઞાનતાનું કારણમાત્ર સત્સંગનો અભાવ છે.

હવે વિચાર કરવો જોઇએ કે આમાં વિશેષ દોષ કોનો છે? તો અમે સ્પષ્ટ કહીએ છીએ કે અર્ધો કે તેનાથી પણ વિશેષ દોષ આપણા આચાર્યોનો જ છે. અમે અમારૂં કર્તવ્ય ઉપદેશ જો બરાબર કરતા રહેત તો આ વિચારણીય દશા કદાપિ ન હોત.

સજજનો ! અત્યારે આપણા વૈષ્ણવો આપણા આચાર્યોની સેવામાં ૫૦૦-૧૦૦૦ રૂ. આપવાનું સહજ સમજે છે અને તે સેવા ઉપદેશ આપ્યા વગર કંઇ પણ કરે છે, પરંતુ ખેદનો વિષય એ છે કે જ્ઞાનોપાર્જનને રસ્તે એક પૈસો પણ આપવો કઠિન સમજે છે અને બીજી વાત એ છે કે આ માર્ગમાં જ્ઞાનવાન વિદ્વાનોની પણ ઘણી અછત છે કારણ કે ઉપદેશક પંડિતોની પ્રથમ જ જરૂરીયાત છે. આપ લોકો વિચારી જોશો તો સ્પષ્ટ જ થઇ જશે કે પરંપરાથી આ નિયમ ચાલ્યો આવે છે કે ઉપદેશ કરવો બ્રાહ્મણોનું મુખ્ય કામ છે. તેથી જ્યાં સુધી બ્રાહ્મણ લોકો અગ્રેસર થઇને સત્ય ઉપદેશ ન આપે ત્યાં સુધી માર્ગને લાગેલ ક્ષય રોગ કયારેય પણ નષ્ટ નહીં થાય. આ ક્ષય રોગનું મૂળ ઉખાડનાર નીચેના પાંચ કાર્ય જ્યાં સુધી નહીં કરવામાં આવે ત્યાં સુધી ક્ષયરોગ કદાપિ નાબુદ નહીં થાય. પરંતુ વધતો જજશે. તેથી અમે આગ્રહ સાથે કહીએ છીએ કે આ માર્ગને તુરત જ ક્ષયરોગથી મુકત કરવોજોઇએ.

વૈષ્ણવો ! હું જે પાંચ આયોજન કહેવા ઇચ્છુ છું તેમાં-

(૧) પ્રથમ પાઠશાળા તેમજ તેમાં અધ્યાપકનું કાર્ય કરવા યોગ્ય વિદ્વાન શિક્ષક જોઇએ. આ સમયે જે બે ચાર વિદ્વાન આ માર્ગના સંપૂર્ણ સિદ્ધાંતના જાણકાર છે. તેમના દ્વારા માર્ગ સંબંધી શાસ્ત્ર ભણાવીને તૈયાર કરવાની ઘણી આવશ્યકતા છે. જો આ કાર્યમાં ઢીલ થશે તો તેઓ પણ વિદાય થઇ જશે. ત્યારે આ માર્ગ સંબંધી વિદ્યા અદૃશ્ય જ થઇ જશે. જો આ સમયે આ વાતનું પુરૂં આયોજન નહીં કરો તો જરૂર પશ્ચાપાત જ કરવો પડશે, કારણ કે માર્ગની દીર્ઘકાલીન ઉન્નતિનો આધાર માત્ર પાઠશાળાઓ ઉપર નિર્ભર છે. હું જોર દઇને કહું છું માર્ગની સેવાવિધિ અને માર્ગનું જ્ઞાન પાઠશાળામાં ભણવાથી જ યથાર્થ જાણી શકશો.

(૨) બીજી વાતની આવશ્યકતા એ છે કે સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન, શ્રવણ અને મનન કરવું. માત્ર વાંચવાથી કે સાંભળવાથી બોધ નહીં થાય, પરંતુ જીજ્ઞાસા સાથે વાંચવું અને પછી મનન કરવું જોઇએ.

(૩) ત્રીજી વાત એ છે કે આપણા માર્ગના ગ્રંથ જે સંસ્કૃતમાં છે તેમને વિદ્વાનો દ્વારા ભાષા-ટીકા સહિત વાંચવાની આવશ્યકતા છે અને તે વાંચીને માર્ગના યથાર્થ સિદ્ધાંત સમજવાથી શંકાઓનો નાશ થશે. તેથી સ્વમાર્ગીય સંસ્કૃત ગ્રંથોનો અનુવાદ સરલ ભાષામાં યથાશકિત કરવો જોઇએ. સૈદ્ધાંતિક અધ્યયન માટે મૌલિક ગ્રંથ રચના તેમજ પ્રમાણિક ઇતિહાસ ગ્રંથની પણ ખૂબ જ આવશ્યકતા છે અને આ સંપ્રદાયનું એક સારૂ 'માસિક પત્ર'

વિદ્વાનોની દેખરેખમાં પ્રકાશિત થવાથી ઘણો લાભ થશે.

(૪) ચોથી વાત એ છે કે ચોરને પકડવાના પ્રયત્ન કરતા ચોરની માને મારવાનું જ યોગ્ય ગણાશે કે જેથી બીજો ચોર ઉત્પન્ન જ ન થાય. પશ્ચિમી વિદ્યાનો અભ્યાસ કરનાર મનુષ્યોના એવા વિપરીત સંસ્કાર હોય છે કે કારણ વગર પણ કુતર્ક કર્યા કરે છે. તેથી બાળકોને એ વિદ્યાના સંસ્કાર પહેલા જ બાળપણમાં જ આપણા ધર્મના સંસ્કાર તેમના મગજમાં પહોંચાડવા માતા–પિતાનું મુખ્ય કર્તવ્ય છે.

(૫) પાંચમી વાત એ છે કે આ સમયે મંડળીમ. જે ગ્રંથ વાંચવામાં આવે છે તેમાં ઘણી શંકાઓ હોય છે અને તેના ઉપર વિતંડાવાદી ઘણા કુતર્ક કરે છે. તેથી વાર્તાદિ ગ્રંથો પર ઉપોદ્ઘાત લખીને તેમાં બધી શંકાઓ લઇને તેમનું સમાધાન કરવું જોઇએ. તેવી જ રીતે વાર્તાના અંતમાં તેનો પણ સારાંશ સ્પષ્ટ હોવો જોઇએ. આવું થવાથી કુતર્ક થવાની શકયતા નહીં રહે અને 'શ્રી દ્વારકેશજીની ભાવના' એ ગ્રંથ એવો છે કે અનુવાદ સહિત પ્રસિદ્ધ થાય તો બહુ જ ઉપયોગી થશે.

[વડોદરા મુકામે પરિષદના પ્રથમાધિવેશનના ધર્માધ્યક્ષસ્થાનેથી તા. ૧૪–૭–૧૯૦૬ના રોજ કરેલ વચનામૃત 'જીવન–દર્શન'માંથી સાભાર]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્‌ગાર

૩૬. બ્રહ્મને ભગવાન

એક દિવસ બ્રહ્માજીને નારદજીએ પુછયું કે બ્રહ્મ કહેવાય છે, ને ભગવાન કહેવાય છે, ત્યારે બ્રહ્મ મોટું કે શ્રી ભગવાન મોટા? બ્રહ્મમાંથી ભગવાન થયા કે ભગવાનમાંથી બ્રહ્મ થયું?

ત્યારે બ્રહ્માજી કહે છે કે એક દૃષ્ટાંત સાંભળો આ વિંધ્યાચળ પર્વત ચારસો ગાઉ લાંબો છે, પણ એનું સ્વરૂપ તો નાનું છે તે સ્વરૂપની પેઠે આ જગત બ્રહ્મ રૂપે છે. બ્રહ્મ તે પોતાને રહેવાનું ઘર છે તેમાં પુરુષોત્તમ બિરાજે છે. જેમ પણે વિંધ્યાચળ બહું મોટો છે તે ઘર છે તેમાં વિધ્યાચળનું સ્વરૂપ રહે તેમ અહીં પણ સમજવું.

હવે વિંધ્યાચળને ભજશે કે સ્વરૂપને ભજશે? માટે પ્રભુને પામવા માટે બ્રહ્મરૂપ જગતને ન ભજતાં તેમાં બિરાજેલા પુર્ણ પુરુષોત્તમને ભજવા જ્યારે ભગવાનમાં મન જાય, ત્યારે આ બધું ભુલી જાય અને ત્યારે ક્રિયા બને નહિ. વળી પ્રભુમાંથી મન નીકળે, ત્યારે આ પ્રપંચની ક્રિયા કરીએ.

વિદ્વાનોની દેખરેખમાં પ્રકાશિત થવાથી ઘણો લાભ થશે.

(૪) ચોથી વાત એ છે કે ચોરને પકડવાના પ્રયત્ન કરતા ચોરની માને, મારવાનું જ યોગ્ય ગણાશે કે જેથી બીજો ચોર ઉત્પન્ન જ ન થાય. પશ્ચિમી વિદ્યાનો અભ્યાસ કરનાર મનુષ્યોના એવા વિપરીત સંસ્કાર હોય છે કે કારણ વગર પણ કુતર્ક કર્યા કરે છે. તેથી બાળકોને એ વિદ્યાના સંસ્કાર પહેલા જ બાળપણમાં જ આપણા ધર્મના સંસ્કાર તેમના મગજમાં પહોંચાડવા માતા–પિતાનું મુખ્ય કર્તવ્ય છે.

(૫) પાંચમી વાત એ છે કે આ સમયે મંડળીમ. જે ગ્રંથ વાંચવામાં આવે છે તેમાં ઘણી શંકાઓ હોય છે અને તેના ઉપર વિતંડાવાદી ઘણા કુતર્ક કરે છે. તેથી વાર્તાદિ ગ્રંથો પર ઉપોદ્ઘાત લખીને તેમાં બધી શંકાઓ લઇને તેમનું સમાધાન કરવું જોઇએ. તેવી જ રીતે વાર્તાના અંતમાં તેનો પણ સારાંશ સ્પષ્ટ હોવો જોઇએ. આવું થવાથી કુતર્ક થવાની શકયતા નહીં રહે અને 'શ્રી દ્વારકેશજીની ભાવના' એ ગ્રંથ એવો છે કે અનુવાદ સહિત પ્રસિદ્ધ થાય તો બહુ જ ઉપયોગી થશે.

[વડોદરા મુકામે પરિષદના પ્રથમાધિવેશનના ધર્માધ્યક્ષસ્થાનેથી તા. ૧૪–૭–૧૯૦૬ના રોજ કરેલ વચનામૃત 'જીવન–દર્શન'માંથી સાભાર]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્ગાર

૩૬. બ્રહ્મને ભગવાન

એક દિવસ બ્રહ્માજીને નારદજીએ પુછયું કે બ્રહ્મ કહેવાય છે, ને ભગવાન કહેવાય છે, ત્યારે બ્રહ્મ મોટું કે શ્રી ભગવાન મોટા ? બ્રહ્મમાંથી ભગવાન થયા કે ભગવાનમાંથી બ્રહ્મ થયું ?

ત્યારે બ્રહ્માજી કહે છે કે એક દૃષ્ટાંત સાંભળો આ વિંધ્યાચળ પર્વત ચારસો ગાઉ લાંબો છે, પણ એનું સ્વરૂપ તો નાનું છે તે સ્વરૂપની પેઠે આ જગત બ્રહ્મ રૂપે છે. બ્રહ્મ તે પોતાને રહેવાનું ઘર છે તેમાં પુરુષોત્તમ બિરાજે છે. જેમ પણે વિંધ્યાચળ બહું મોટો છે તે ઘર છે તેમાં વિધ્યાચળનું સ્વરૂપ રહે તેમ અહીં પણ સમજવું.

હવે વિંધ્યાચળને ભજશે કે સ્વરૂપને ભજશે ? માટે પ્રભુને પામવા માટે બ્રહ્મરૂપ જગતને ન ભજતાં તેમાં બિરાજેલા પુર્ણ પુરુષોત્તમને ભજવા જ્યારે ભગવાનમાં મન જાય, ત્યારે આ બધું ભુલી જાય અને ત્યારે ક્રિયા બને નહિ. વળી પ્રભુમાંથી મન નીકળે, ત્યારે આ પ્રપંચની ક્રિયા કરીએ.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભક્તિ વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

અતો હિ બીજદાઢર્યં પ્રકારોત્ર નિરૂપિતઃ ।
ગૃહે સ્થિતિઃ સ્વધર્મેણ વર્ણાશ્રમગતેન હિ ॥૧૧॥

અર્થ :– આ જ કારણથી (હેતુથી) બીજની દઢતાના પ્રકારનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે. વર્ણાશ્રમ મુજબના સ્વધર્મનું પાલન કરતાં કરતાં પોતાના ઘરમાં જ રહેવાનું કહ્યું છે. ૧૧

વિધેયા નાપિ સેવાર્થમધર્મેણ કથંચન ।
અધર્મે સ્થિતિ તો બુદ્ધિનાશાદુઃખસંગસ્તથા ॥૧૨॥

અર્થ :– અધર્મથી પ્રાપ્ત કરેલા ધન વડે કદી (ભગવાનની) સેવા કરવી નહીં, કારણ કે અધર્મમાં સ્થિતિ હોય તો બુદ્ધિ નાશ થાય અને વળી ખરાબ જનના સંસર્ગથી (સોબતથી) પણ બુદ્ધિ નાશ થાય. ૧૨

તતો દુષ્કર્મકરણે ચેતસ્તત્પ્રવણં કુતઃ ।
અતસ્તથા વિધં કૃષ્ણં સદાનન્દં પરં બૃહત્ ॥૧૩॥

અર્થ :– ખરાબ સોબતથી બુદ્ધિ નાશ થવાથી ભગવાનમાં ચિત્તને પરોવવાનું કાર્ય એટલે સેવા (છે તે) કયાંથી શકય બને ? તેથી એ પ્રકારના કૃષ્ણની – જેઓ સદા આનંદ સ્વરૂપ છે અને જેઓ પર (બ્રહ્મ) છે અને બૃહત્ (મહાનમાં મહાન) છે.

લોકવેદ ફલાદ્યર્થં વ્યાવૃત્તિરહિતો જનઃ ।
ભજે ત્સેવેત તન્વાદ્યૈસ્તત્ર વ્યાવૃત્તિભોજનમ્ ॥૧૪॥

અર્થ :– તે શ્રી કૃષ્ણની સેવા લોક તથા વેદમાં કહેલા ફલને મેળવવાની ઇચ્છા રહિત, અવ્યાવૃત્ત બનીને, તનુજા વિત્તજા સેવા કરવી જોઇએ. આ કાર્યમાં વ્યાવૃત્તિ યોજવી જોઈએ. ૧૪

પ્રેમ્ણૈવ ભજનં તત્ર માહાત્મ્યજ્ઞાન સિદ્ધિયે ।
પુજા પ્રોક્તા નિબન્ધે યા મન્ત્રાદિ રહિતા હરૌ ॥૧૫॥

અર્થ :– ભગવાનના માહાત્મ્ય સંબંધી જ્ઞાનની પ્રાપ્તિ (સિદ્ધિ) માટે ભગવાનમાં પ્રેમ (એટલે આસક્તિ–ઊંડો સ્નેહ) રાખીને શ્રી કૃષ્ણની સેવા (ભક્તિ) કરવી જોઇએ. (સાચી)

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભક્તિ વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

અતો હિ બીજદાઢર્યં પ્રકારોત્ર નિરૂપિતઃ ।
ગૃહે સ્થિતિઃ સ્વધર્મેણ વર્ણાશ્રમગતેન હિ ॥૧૧॥

અર્થ :– આ જ કારણથી (હેતુથી) બીજની દઢતાના પ્રકારનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે. વર્ણાશ્રમ મુજબના સ્વધર્મનું પાલન કરતાં કરતાં પોતાના ઘરમાં જ રહેવાનું કહ્યું છે. ૧૧

વિધેયા નાપિ સેવાર્થમધર્મેણ કથંચન ।
અધર્મે સ્થિતિ તો બુદ્ધિનાશાદુઃખસંગસ્તથા ॥૧૨॥

અર્થ :– અધર્મથી પ્રાપ્ત કરેલા ધન વડે કદી (ભગવાનની) સેવા કરવી નહીં, કારણ કે અધર્મમાં સ્થિતિ હોય તો બુદ્ધિ નાશ થાય અને વળી ખરાબ જનના સંસર્ગથી (સોબતથી) પણ બુદ્ધિ નાશ થાય. ૧૨

તતો દુષ્કર્મકરણે ચેતસ્તત્પ્રવણં કુતઃ ।
અતસ્તથા વિધં કૃષ્ણં સદાનન્દં પરં બૃહત્ ॥૧૩॥

અર્થ :– ખરાબ સોબતથી બુદ્ધિ નાશ થવાથી ભગવાનમાં ચિત્તને પરોવવાનું કાર્ય એટલે સેવા (છે તે) કયાંથી શકય બને ? તેથી એ પ્રકારના કૃષ્ણની – જેઓ સદા આનંદ સ્વરૂપ છે અને જેઓ પર (બ્રહ્મ) છે અને બૃહત્ (મહાનમાં મહાન) છે.

લોકવેદ ફલાદ્યર્થં વ્યાવૃત્તિરહિતો જનઃ ।
ભજે ત્સેવેત તન્વાદ્યૈસ્તત્ર વ્યાવૃત્તિભોજનમ્ ॥૧૪॥

અર્થ :– તે શ્રી કૃષ્ણની સેવા લોક તથા વેદમાં કહેલા ફલને મેળવવાની ઇચ્છા રહિત, અવ્યાવૃત્ત બનીને, તનુજા વિત્તજા સેવા કરવી જોઇએ. આ કાર્યમાં વ્યાવૃત્તિ યોજવી જોઈએ. ૧૪

પ્રેમ્ણૈવ ભજનં તત્ર માહાત્મ્યજ્ઞાન સિદ્ધિયે ।
પુજા પ્રોક્તા નિબન્ધે યા મન્ત્રાદિ રહિતા હરૌ ॥૧૫॥

અર્થ :– ભગવાનના માહાત્મ્ય સંબંધી જ્ઞાનની પ્રાપ્તિ (સિદ્ધિ) માટે ભગવાનમાં પ્રેમ (એટલે આસક્તિ-ઊંડો સ્નેહ) રાખીને શ્રી કૃષ્ણની સેવા (ભક્તિ) કરવી જોઇએ. (સાચી)

સેવા (એટલે) ભકિત તેને જ કહી શકાય કે જે મન્ત્રાદ્દિ રહિત હોય અને હરિમાં (એટલે પાપોને તથા વિઘ્નોને હરનાર એવા શ્રી કૃષ્ણમાં) દ્રઢ ચિત્ત રાખીને કરવામાં આવતી હોય. ૧૫

બાહિર્મુખ્યોદ્દ ભાવાભાવ સિદ્ધિયે શ્રવણાદયઃ ।
અયં તુ મુખ્ય કલ્પો હિ સર્વથા સાધકો મતઃ ॥૧૬॥

અર્થ :- સેવામાં બહિર્મુખતા ન આવી જાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શ્રી ભગવાનના ગુણોને વર્ણવતી કથાઓનું શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે કરવા જોઈએ. આ જ મુખ્ય ઉપાય છે, અને તેને જ સાધક માટેનો માર્ગ માનવામાં આવ્યો છે. (મતઃ). ૧૬

યથા રોગશતાર્તસ્ય કુપથ્ય રહિતૌષધમ્ ।
એવં વિધસ્ય નિર્વાહં સ્વયમેવ કરોતિ હિ ॥૧૭॥

અર્થ :- જેમ સેંકડો રોગથી પીડાતા રોગીનું ઔષધ કુપથ્ય રહિત હોવું જોઇએ, એવી જ રીતે આ પ્રકારના આર્ત ભક્તને માટે શ્રવણ, કીર્તન તથા સ્મરણ, દોષ નિવારણ માટેનું, કુપથ્ય રહિત અને ધારી અસર કરી રોગ મુક્ત કરનાર, ઔષધ છે. આ રીતે ભગવાનનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ વગેરે દ્વારા ભજન (સેવા) કરનાર ભકતનો જીવનનિર્વાહ ભગવાન પોતે જ પાર પાડે છે. ૧૭

યોગક્ષેમોદ્વહે સ્વીય પ્રતિજ્ઞા પરિપાલકઃ ।
સેવકસ્યાપિ વિશ્વાસઃ કર્તવ્યોઽવશ્યમેવ હિ ॥૧૮॥

અર્થ :- પોતાના અંગીકૃત ભકતોના યોગ તથા ક્ષેમ (યોગ એટલે અપ્રાપ્ત વસ્તુ સંપ્રાપ્તિઃ યોગઃ એ વ્યાખ્યા મુજબ પ્રાપ્તનું નામ યોગ છે અને ક્ષેમ એટલે ("ક્ષેમાં પ્રાપ્તસ્ય રક્ષણમ્" એ વ્યાખ્યા મુજબ પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ) આવી રીતે ભકતના યોગક્ષેમના નિર્વાહ માટેની પોતાની પ્રતિજ્ઞાનું સર્વ રીતે પાલન કરનાર ભગવાન છે. એવી જ રીતે સેવકે પણ અવશ્ય ભગવાનમાં શ્રદ્ધા રાખવી જોઇએ એવો તેનો (ભકિતનો) ધર્મ છે. ૧૮

નહિ સેવક નિર્વાહં વિધ્ધાતિ ન હિ પ્રભુઃ ।
તથાપિ જીવ પ્રકૃતિવશતો ન ત્યજત્યસૌ ॥૧૯॥

અર્થ :- એ વાત નિઃશંક છે, કે (પોતાના) સેવકના નિર્વાહની બાબતને પ્રભુ ભૂલી જાય છે એવું તો નથી (એટલે કે એ વાતને ભૂલી જતા જ નથી – પરંતુ સર્વદા તેને એ વાતની યાદ હોય છે.) તો પણ જીવ પોતાની પ્રકૃતિ (સ્વભાવ) ને વશ થઈને સ્વભાવ છોડતો નથી. ૧૯

વ્યાવૃત્તિં દ્રઢ વિશ્વાસાભાવતો લોકવેદયોઃ ।
તસ્ય ભકિત વૃદ્ધયર્થ મનુ કલ્પોપિ રૂપ્યતે ॥૨૦॥

સેવા (એટલે) ભક્તિ તેને જ કહી શકાય કે જે મન્ત્રાદ્દિ રહિત હોય અને હરિમાં (એટલે પાપોને તથા વિઘ્નોને હરનાર એવા શ્રી કૃષ્ણમાં) દ્દઢ ચિત્ત રાખીને કરવામાં આવતી હોય. ૧૫

બાહિર્મુખ્યોદ્ ભાવાભાવ સિદ્ધિયે શ્રવણાદયઃ ।
અયં તુ મુખ્ય કલ્પો હિ સર્વથા સાધકો મતઃ ॥૧૬॥

અર્થ :- સેવામાં બહિર્મુખતા ન આવી જાય એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે શ્રી ભગવાનના ગુણોને વર્ણવતી કથાઓનું શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે કરવા જોઈએ. આ જ મુખ્ય ઉપાય છે, અને તેને જ સાધક માટેનો માર્ગ માનવામાં આવ્યો છે. (મતઃ). ૧૬

યથા રોગશતાર્તસ્ય કુપથ્ય રહિતૌષધમ્ ।
એવં વિધસ્ય નિર્વાહં સ્વયમેવ કરોતિ હિ ॥૧૭॥

અર્થ :- જેમ સેંકડો રોગથી પીડાતા રોગીનું ઔષધ કુપથ્ય રહિત હોવું જોઇએ, એવી જ રીતે આ પ્રકારના આર્ત ભક્તને માટે શ્રવણ, કીર્તન તથા સ્મરણ, દોષ નિવારણ માટેનું, કુપથ્ય રહિત અને ધારી અસર કરી રોગ મુક્ત કરનાર, ઔષધ છે. આ રીતે ભગવાનનું શ્રવણ, કીર્તન તથા સ્મરણ વગેરે દ્વારા ભજન (સેવા) કરનાર ભકતનો જીવનનિર્વાહ ભગવાન પોતે જ પાર પાડે છે. ૧૭

યોગક્ષેમોદ્વહે સ્વીય પ્રતિજ્ઞા પરિપાલકઃ ।
સેવકસ્યાપિ વિશ્વાસઃ કર્તવ્યોઽવશ્યમેવ હિ ॥૧૮॥

અર્થ :- પોતાના અંગીકૃત ભકતોના યોગ તથા ક્ષેમ (યોગ એટલે અપ્રાપ્ત વસ્તુ સંપ્રાપ્તિઃ યોગઃ એ વ્યાખ્યા મુજબ પ્રાપ્તનું નામ યોગ છે અને ક્ષેમ એટલે ("ક્ષેમાં પ્રાપ્તસ્ય રક્ષણમ્" એ વ્યાખ્યા મુજબ પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ) આવી રીતે ભકતના યોગક્ષેમના નિર્વાહ માટેની પોતાની પ્રતિજ્ઞાનું સર્વ રીતે પાલન કરનાર ભગવાન છે. એવી જ રીતે સેવકે પણ અવશ્ય ભગવાનમાં શ્રદ્ધા રાખવી જોઇએ એવો તેનો (ભકિતનો) ધર્મ છે. ૧૮

નહિ સેવક નિર્વાહં વિધ્ધાતિ ન હિ પ્રભુઃ ।
તથાપિ જીવ પ્રકૃતિવશતો ન ત્યજત્યસૌ ॥૧૯॥

અર્થ :- એ વાત નિઃશંક છે, કે (પોતાના) સેવકના નિર્વાહની બાબતને પ્રભુ ભૂલી જાય છે એવું તો નથી (એટલે કે એ વાતને ભૂલી જતા જ નથી – પરંતુ સર્વદા તેને એ વાતની યાદ હોય છે.) તો પણ જીવ પોતાની પ્રકૃતિ (સ્વભાવ) ને વશ થઈને સ્વભાવ છોડતો નથી. ૧૯

વ્યાવૃત્તિં દ્દઢ વિશ્વાસાભાવતો લોકવેદયોઃ ।
તસ્ય ભકિત વૃદ્ધયર્થં મનુ કલ્પોપિ રૂપ્યતે ॥૨૦॥

અર્થ :– ભગવાનના વચનમાં દૃઢ વિશ્વાસના અભાવના કારણે, લોકવેદના મંત્રો અને વિધાનોમાં જેની માન્યતા ચાલુ હોય તેવા વ્યાવૃત્ત ભક્તની ભકિતની અભિવૃદ્ધિને માટે બીજી યોજનાનું પણ નિરૂપણ કરે છે. ૨૦

વ્યાવૃત્તિસહિતો વાપિ ચિત્તમાત્રં હરૌ પરે ।
સર્વં કાર્યેષુ સતતં યત્નેન સ્નાપયેત્પુનઃ ॥૨૧॥

અર્થ :– (અવ્યાવૃત્ત ચિત્તથી ભલે ભકિત ન કરતો હોય પરંતુ) વ્યાવૃત્ત ચિત્તે એટલે કે લોકવેદ અનુસાર વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરતાં કરતાં પણ જે ભકત પર (બ્રહ્મ) એવા એક માત્ર શ્રી હરિમાં જ પોતાના સમગ્ર મનને સર્વ કાર્યોમાં સતત પરોવાયેલું રાખે છે તો પણ – ૨૧

તથાપિ ભગવત્કાર્યાતિરિકત ઉપયોગિનિ ।
તથા ભાવાભાવવતાં ચિત્તવૈમુખ્યસંભવઃ ॥૨૨॥

અર્થ :– તો પણ ભગવાન સંબંધી કાર્યો સિવાયના કાર્યોમાં એવો ભાવ ન ધરાવનાર લોકોના ચિત્તની વિમુખતા થવાનો સંભવ છે. ૨૨ –ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

અર્થ :– ભગવાનના વચનમાં દૃઢ વિશ્વાસના અભાવના કારણે, લોકવેદના મંત્રો અને વિધાનોમાં જેની માન્યતા ચાલુ હોય તેવા વ્યાવૃત્ત ભક્તની ભકિતની અભિવૃદ્ધિને માટે બીજી યોજનાનું પણ નિરૂપણ કરે છે. ૨૦

વ્યાવૃત્તિસહિતો વાપિ ચિત્તમાત્રં હરૌ પરે ।
સર્વ કાર્યેષુ સતતં યત્નેન સ્નાપયેત્પુનઃ ॥૨૧॥

અર્થ :– (અવ્યાવૃત્ત ચિત્તથી ભલે ભકિત ન કરતો હોય પરંતુ) વ્યાવૃત્ત ચિત્તે એટલે કે લોકવેદ અનુસાર વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરતાં કરતાં પણ જે ભકત પર (બ્રહ્મ) એવા એક માત્ર શ્રી હરિમાં જ પોતાના સમગ્ર મનને સર્વ કાર્યોમાં સતત પરોવાયેલું રાખે છે તો પણ – ૨૧

તથાપિ ભગવત્કાર્યાતિરિક્ત ઉપયોગિનિ ।
તથા ભાવાભાવવતાં ચિત્તવૈમુખ્યસંભવઃ ॥૨૨॥

અર્થ :– તો પણ ભગવાન સંબંધી કાર્યો સિવાયના કાર્યોમાં એવો ભાવ ન ધરાવનાર લોકોના ચિત્તની વિમુખતા થવાનો સંભવ છે. ૨૨

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

સ્નેહ સહિત શ્રી કૃષ્ણનું, કથા કીર્તન જ્યાં નિત્ય થાય;
કોટી તીર્થ ત્યાં આવી વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય.

ન્હાય તેમાં તે પ્રવિત્ર પ્રમાણે,
તે વિના બીજા સુતકી જાણો,
જીવતા શબ સરખા સહુ તેહ.
ભૂતલે ભાર કર્યો ધરિ દેહ.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૧૮)

વિવેચન :– જ્યાં જ્યાં સ્નેહ પુર્વક ભગવાનનું નામ સંકીર્તન થાય છે ત્યાંજ તીર્થો આવીને નિવાસ કરે છે તીર્થોમાં જઇ પવિત્ર થવાની જરૂર જ તેને નથી જેને ઘરે હરિજન હરિરસ ગાય તે તો નિત્ય ગંગાજીમાં ન્હાય કોટી તિર્થો ત્યાં ઘરે બેઠા સ્નાનનું ફળ આપે છે આ કીર્તન રૂપી ગંગામાં ન્હાયો તેજ ખરૂં સ્નાન કર્યું કહેવાય તે સદાને માટે પવિત્ર જ છે.

જેનાં મુખમાં ભગવાનનું નામ નથી તેને જીવતો શબ કહયો છે. જેમ શબ કાંઇ કરવા સમર્થ નથી તે તો કેવળ પૃથ્વી ઉપર ભાર સમાન જ છે.

શ્રીમદ ભાગવત :

તે સુભાગ્યા મનુષ્યેષુ કૃતાર્થં નૃપ નિશ્ચિતમ્
સ્મરંતિ સ્મારયંતિ હરેર્નામ કલૌયુગો.

હે રાજા પરિક્ષત, સંસારમાં માનવ દેહ ધારી તેજ ભાગ્યવાન કહી શકાય કે જે ભગવાનનું સ્મરણ પોતે કરે છે અને બીજાને પણ કરાવે છે.

પાંડવગીતા :

નમે ભુમ્યા પર્વતામાં નૈવ ભારૌ વનસ્પ તે :
વિષ્ણુ ભકિત વિહિનસ્પ તસ્ય ભારૌ સદામમઃ

હે અર્જુન આ પૃથ્વી ઉપર મોટા મોટા વૃક્ષો, પહાડો, સમુદ્રો છે તેનો જરાપણ મને ભાર નથી લાગતો પરંતુ જે માનવ દેહધારી ભગવાનની ભકિત વગરનો છે તેજ ભુમિ પરનો ભાર છે તેથી મારે માટે પણ તે ભાર છે તેથી મારે માટે પણ તે ભારરૂપ જ છે.

કૃષ્ણદાસજીએ કૃષ્ણ નામ સ્મરણ માટે વિસ્તાર પુર્વક નીચેનાં પદમાં ગાયું છે.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

– ગાંકથી ચાલુ

સ્નેહ સહિત શ્રી કૃષ્ણનું, કથા કીર્તન જ્યાં નિત્ય થાય;
કોટી તીર્થ ત્યાં આવી વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય.

ન્હાય તેમાં તે પ્રવિત્ર પ્રમાણે,
તે વિના બીજા સુતકી જાણો,
જીવતા શબ સરખા સહુ તેહ.
ભૂતલે ભાર કર્યો ધરિ દેહ.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૧૮)

વિવેચન :– જ્યાં જ્યાં સ્નેહ પુર્વક ભગવાનનું નામ સંકીર્તન થાય છે ત્યાંજ તીર્થો આવીને નિવાસ કરે છે તીર્થોમાં જઇ પવિત્ર થવાની જરૂર જ તેને નથી જેને ઘરે હરિજન હરિરસ ગાય તે તો નિત્ય ગંગાજીમાં ન્હાય કોટી તિર્થો ત્યાં ઘરે બેઠા સ્નાનનું ફળ આપે છે આ કીર્તન રૂપી ગંગામાં ન્હાયો તેજ ખરૂં સ્નાન કર્યું કહેવાય તે સદાને માટે પવિત્ર જ છે.

જેનાં મુખમાં ભગવાનનું નામ નથી તેને જીવતો શબ કહયો છે. જેમ શબ કાંઇ કરવા સમર્થ નથી તે તો કેવળ પૃથ્વી ઉપર ભાર સમાન જ છે.

શ્રીમદ ભાગવત :

તે સુભાગ્યા મનુષ્યેષુ કૃતાર્થ નૃપ નિશ્ચિતમ્
સ્મરંતિ સ્મારયંતિ હરેર્નામ કલૌયુગે.

હે રાજા પરિક્ષત, સંસારમાં માનવ દેહ ધારી તેજ ભાગ્યવાન કહી શકાય કે જે ભગવાનનું સ્મરણ પોતે કરે છે અને બીજાને પણ કરાવે છે.

પાંડવગીતા :

નમે ભુમ્યા પર્વતામાં નૈવ ભારૌ વનસ્પ તે :
વિષ્ણુ ભકિત વિહિનસ્પ તસ્ય ભારૌ સદામમઃ

હે અર્જુન આ પૃથ્વી ઉપર મોટા મોટા વૃક્ષો, પહાડો, સમુદ્રો છે તેનો જરાપણ મને ભાર નથી લાગતો પરંતુ જે માનવ દેહધારી ભગવાનની ભકિત વગરનો છે તેજ ભુમિ પરનો ભાર છે તેથી મારે માટે પણ તે ભાર છે તેથી મારે માટે પણ તે ભારરૂપ જ છે.

કૃષ્ણદાસજીએ કૃષ્ણ નામ સ્મરણ માટે વિસ્તાર પુર્વક નીચેનાં પદમાં ગાયું છે.

રાગ બિહાગ તાલ ચર્ચરી

કૃષ્ણશ્રી કૃષ્ણ શરણં મમઃ ઉચ્ચરે ॥

રૈન દીનાં નિત્ય પ્રતિ સદાપલ છીન ઘડી કરત વિધ્વંસ જન અખિલ અઘપરિહરે ॥૧॥ હોત હરિરૂપ વૃજભુપ ભાવે સદા, અગમ ભવ સિંધુકો બિના સાધન તરે। રહત નિશ દિવસ આનંદ ઉરમે ભરે પુષ્ટિલીલા સકલ સાર ઉરમેં ધરે ॥૨॥ રમા અજ શેષ સનકાદિક શારદા શુક વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે લાલ ગીરીધરનકી મહીમા અતુલ જગમગે શરણ કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કરે ॥૩॥ આ પદનો સારાશ જોઇએ.

શ્રીકૃષ્ણ શરણં મમઃ આ નામ મંત્રનો સદા ઉચ્ચાર કરવો રાત હોય કે દિવસ પલવાર પણ ભુલાય નહીં સ્મરણ ચાલુ જ રાખવું આ નામનો ગુણ પ્રભાવ અનેક જન્મોનાં કર્મનાં બંધનને તોડી નાખે છે એટલુંજ નહી તે નામનાં પ્રભાવથી તે જીવ પ્રભુને પ્રિય બને તે, નામ સ્મરણમાં તલ્લીનતા પ્રાપ્ત થાય છે આ સંસારરૂપી સાગર તો તેને માટે ખાબોચીયા તરવા જેવું થાય છે. તેમજ નામ રટણથી મનમાં. ચિતમાં, હૃદયમાં આનંદની પ્રાપ્તિ થાય છે જ્યાં આનંદ છે ત્યાં દુઃખજ નથી તે હૃદયાનંદ પુષ્ટિલીલા સ્ફુર્તિ કરાવે છે.

નામરૂપ મહિમાને સમજીને બ્રહ્માજી, શેષજી, લક્ષ્મીજી, શુકજી, સનકાદિકાદિક રૂષિયો, વ્યાસમુનિ, નારદજી વિગેરે નામ રટણ કરવામાં જ આનંદ માને છે પળવાર તેઓ છોડતા નથી. શ્રીકૃષ્ણની મહિમાનો કોણ પાર પામી શકે ? આપની મહિમા સદા જગમગતીજ રહે છે. આવું સમજીને કૃષ્ણદાસજી કહે છે શરણમાં રહીને નામ રમરણ કરવું જેને વેદો પાર પામી શકયા નથી નેતિ કહે છે. નામથીજ પવિત્રતા બની રહેશે. ભીતરની પવિત્રતા બાહરની પવિત્રતા બધી કવલ નામ સ્મરણથીજ બની રહે છે બાકી ઉપરનું સ્નાને શરીરનો મેલ ધોવાવ. અંતઃકરણની મલીનતા તો કાયમ રહે છે તેને માટે તો

શ્રી કૃષ્ણ શરણંમમઃ ઘડીયેય ભુલાય નહી.
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી.

આ મુજબ શ્રીકૃષ્ણ શરણંમમઃ ન ભુલાય તેવી ટકોર કરી છે કે જો આ માનવ દેહ ધારી સંસારમાં ભારરૂપ બની જીવન વૃથા ન ગુમાવતા આવ્યો દવા ખોવાઇ ન જાય. દયા પ્રિતમની છાપનું એક કીર્તન છે તેમાં પણ કહ્યું છે કે હરદમ કૃષ્ણ કૃષ્ણ કહે તુ ઝબા મેરી હે જીભ તને બોલવાનું બહુ જ ગમે છે માટે તુ કૃષ્ણ નામનોજ ઉચારકર તને ભાવે છે દહીં, દુધ, સાકર, તેવું બધું ખવરાવું છું તે કેષળ એટલા માટે કે તુ કૃષ્ણ નામ રસનું પાન કરી તે સ્વાદમાં આનંદમાન કૃષ્ણ નામ વગરની જીભાન તો દેડકાનાં જેવી ડ્રાઉ કરે તે શું કામની ગોવિંદદાસજીનું કીર્તન શ્રીકૃષ્ણ કૃષ્ણ કહે રે મન મેરે કોટી જન્મ પાપ છિન મેં કટ જાય તેરે, જગત બાવરે કે સંગતુ કર્યો બાવરો હોય રહયો રે શ્રી હરિજીકો ચરણાર વિંદ બેર બેર ગહેરે સારમાં હરિ ન ભજે તીનકે મુખ કારે.

સંસારમાં આબીને ભકિત ન કરી તો કાળું મોઢું જ કર્યું કહેવાય સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

રાગ બિહાગ તાલ ચર્ચરી
કૃષ્ણશ્રી કૃષ્ણ શરણં મમઃ ઉચ્ચરે ॥

રૈન દીનાં નિત્ય પ્રતિ સદાપલ છીન ઘડી કરત વિધ્વંસ જન અખિલ અઘપરિહરે ॥૧॥ હોત હરિરૂપ વૃજભુપ ભાવે સદા, અગમ ભવ સિંધુકો બિના સાધન તરે । રહત નિશ દિવસ આનંદ ઉરમે ભરે પુષ્ટિલીલા સકલ સાર ઉરમેં ધરે ॥૨॥ રમા અજ શેષ સનકાદિક શારદા શુક વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે લાલ ગીરીધરનકી મહીમા અતુલ જગમગે શરણા કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કરે ॥૩॥ આ પદનો સારાશ જોઇએ.

શ્રીકૃષ્ણ શરણં મમઃ આ નામ મંત્રનો સદા ઉચ્ચાર કરવો રાત હોય કે દિવસ પલવાર પણ ભુલાય નહીં સ્મરણ ચાલુ જ રાખવું આ નામનો ગુણ પ્રભાવ અનેક જન્મોનાં કર્મનાં બંધનને તોડી નાખે છે એટલુંજ નહી તે નામનાં પ્રભાવથી તે જીવ પ્રભુને પ્રિય બને તે, નામ સ્મરણમાં તલ્લીનતા પ્રાપ્ત થાય છે આ સંસારરૂપી સાગર તો તેને માટે ખાબોચીયા તરવા જેવું થાય છે. તેમજ નામ રટણથી મનમાં. ચિતમાં, હૃદયમાં આનંદની પ્રાપ્તિ થાય છે જ્યાં આનંદ છે ત્યાં દુઃખજ નથી તે હૃદયાનંદ પુષ્ટિલીલા સ્ફુર્તિ કરાવે છે.

નામરૂપ મહિમાને સમજીને બ્રહ્માજી, શેષજી, લક્ષ્મીજી, શુકજી, સનકાદિકાદિક રૂષિયો, વ્યાસમુનિ, નારદજી વિગેરે નામ રટણ કરવામાં જ આનંદ માને છે પળવાર તેઓ છોડતા નથી. શ્રીકૃષ્ણની મહિમાનો કોણ પાર પામી શકે ? આપની મહિમા સદા જગમગતીજ રહે છે. આવું સમજીને કૃષ્ણદાસજી કહે છે શરણમાં રહીને નામ સ્મરણ કરવું જેને વેદો પાર પામી શકયા નથી નેતિ કહે છે. નામથીજ પવિત્રતા બની રહેશે. ભીતરની પવિત્રતા બાહરની પવિત્રતા બધી કવલ નામ સ્મરણથીજ બની રહે છે બાકી ઉપરનું સ્નાને શરીરનો મેલ ધોવાવ. અંતઃકરણની મલીનતા તો કાયમ રહે છે તેને માટે તો

શ્રી કૃષ્ણ શરણંમમઃ ઘડીયેય ભુલાય નહી.
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી.

આ મુજબ શ્રીકૃષ્ણ શરણંમમઃ ન ભુલાય તેવી ટકોર કરી છે કે જો આ માનવ દેહ ધારી સંસારમાં ભારરૂપ બની જીવન વૃથા ન ગુમાવતા આવ્યો દવા ખોવાઇ ન જાય. દયા પ્રિતમની છાપનું એક કીર્તન છે તેમાં પણ કહ્યું છે કે હરદમ કૃષ્ણ કૃષ્ણ કહે તુ જબા મેરી હે જીભ તને બોલવાનું બહુ જ ગમે છે માટે તુ કૃષ્ણ નામનોજ ઉચારકર તને ભાવે છે દહીં, દુધ, સાકર, તેવું બધું ખવરાવું છું તે કેષળ એટલા માટે કે તુ કૃષ્ણ નામ રસનું પાન કરી તે સ્વાદમાં આનંદમાન કૃષ્ણ નામ વગરની જીભાન તો દેડકાનાં જેવી ડ્રાઉ કરે તે શું કામની ગોવિંદદાસજીનું કીર્તન શ્રીકૃષ્ણ કૃષ્ણ કહે રે મન મેરે કોટી જન્મ પાપ છિન મેં કટ જાય તેરે, જગત બાવરે કે સંગતુ કર્યો બાવરો હોય રહયો રે શ્રી હરિજીકો ચરણાર વિંદ બેર બેર ગહેરે સારમાં હરિ ન ભજે તીનકે મુખ કારે.

સંસારમાં આવીને ભકિત ન કરી તો કાળું મોઢું જ કર્યું કહેવાય સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

ગૃહસ્થિમાં વિરક્તિ

શ્રીવલ્લભ પદરેણું

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના સમયમાં પંડિતોએ શ્રીમદભાગવતને આજીવિકાનું સાધન બનાવી રાખ્યું હતું આજે પણ અનેક પંડિતો શ્રીમદભાગવતજીની કથાના માધ્યમથી સારી એવી ધનરાશિ ઉપાર્જન કરી રહયા છે.

પરંતુ આપણા મહાપ્રભુજીએ શ્રીમદ ભાગવતને કયારેય પણ આજીવિકાનું સાધન નહીં બનાવ્યું આપથી આપના સેવકોને પણ ઉપદેશ આપતા કે પ્રાણ કંઠે આવી જાય તો પણ પ્રભુસ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીને આજીવિકાનું સાધન કદી પણ નહીં બનાવવું જોઇએ.

આપશ્રીની પ્રેરણાથી આજીવિકા માટે, પોતાના જીવનનિર્વાહ અર્થે ભાગવતની કથા કદી પણ શ્રવણ કરાવતા નહીં આ માર્ગીય પ્રણાલિકા આજે પણ બહુધા ચાલુ રહેલ છે આ અંગેનું પ્રમાણ આપણા પુષ્ટિમાર્ગીય વાર્તા સાહિત્યમાં આપણને મળી રહે છે.

મહાપ્રભુજીનો એક સુદૃઢ નિશ્ચય હતો કે પોતાનો જીવન નિર્વાહ કરવા માટે શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ નહીં કરાવવાળા વિદ્વાન ભકતના મુખથી જે વ્યકિત એક વાર પણ અતિ તન્મયતા પુર્વક શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરે તેને નિશ્ચય પુર્વક શ્રીકૃષ્ણ પ્રેમની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

પોતાના તત્વ દીપ નિબંધ ગ્રંથના'સર્વ નિર્ણય પ્રકરણ'માં મહાપ્રભુજીનો આ મત વ્યકત થયેલ છે આ મતની સંપુષ્ટિ આચાર–વિચારની એકતા આપશ્રીના જીવનમાંથી મળી રહે છે.

આપણા પ્રભુજીએ તો શ્રીમદ ભાગવત કથાની એક એવી સુભગ પરંપરા ચલાવી કે જેથી કે જેથી કેટલાયે લોકોના જીવનમાં શ્રીકૃષ્ણ પ્રેમ એવો વણાય ગયો કે તેમને ભગવદ પ્રાપ્તિ થઇ.

મહાપ્રભુજીએ પોતાનું સમગ્ર જીવન સંપુર્ણ પણે અને સર્વભાવપણે પ્રભુને સમર્પિત કરી દીધું હતું લૌકિક વસ્તુઓ પ્રતિ આપનામાં કોઇ આસકિત નહીં હતી ગૃહસ્થ રહીને પણ ઘરમાં આપ આસકત બન્યા નથી આપશ્રીનું જીવન જલકમલવત્ હતું ગૃહસ્થના વાસનામય સરોવરમાં પણ કમલપત્રની જેમ પુર્ણપણે નિસંગ, અનાસકત અને નિર્લિપ્ત જીવન આપશ્રી વ્યતીત કરતા હતા પ્રભુને 'કર્તુંમ્' એવા સમર્થ માની પ્રભુને પોતાના સવર્સ્વ ગણી બધા પ્રકારની ચિન્તાઓથી આપશ્રી મુકત બન્યા હતા આપશ્રીનું પ્રત્યેક કાર્ય ભગવદ કાર્ય હતું આપશ્રીનું સમગ્ર જીવન ભગવદ આદેશથી ભગવદ સેવા કરવા માટે જ હતું અને એજ આપશ્રીના પ્રાકટયનો હેતું હતો.

ગૃહસ્થિમાં વિરક્તિ

શ્રીવલ્લભ પદરેણું

શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના સમયમાં પંડિતોએ શ્રીમદભાગવતને આજીવિકાનું સાધન બનાવી રાખ્યું હતું આજે પણ અનેક પંડિતો શ્રીમદભાગવતજીની કથાના માધ્યમથી સારી એવી ધનરાશિ ઉપાર્જન કરી રહ્યા છે.

પરંતુ આપણા મહાપ્રભુજીએ શ્રીમદ ભાગવતને કયારેય પણ આજીવિકાનું સાધન નહીં બનાવ્યું આપથી આપના સેવકોને પણ ઉપદેશ આપતા કે પ્રાણ કંઠે આવી જાય તો પણ પ્રભુસ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીને આજીવિકાનું સાધન કદી પણ નહીં બનાવવું જોઇએ.

આપશ્રીની પ્રેરણાથી આજીવિકા માટે, પોતાના જીવનનિર્વાહ અર્થે ભાગવતની કથા કદી પણ શ્રવણ કરાવતા નહીં આ માર્ગીય પ્રણાલિકા આજે પણ બહુધા ચાલુ રહેલ છે આ અંગેનું પ્રમાણ આપણા પુષ્ટિમાર્ગીય વાર્તા સાહિત્યમાં આપણને મળી રહે છે.

મહાપ્રભુજીનો એક સુદઢ નિશ્ચય હતો કે પોતાનો જીવન નિર્વાહ કરવા માટે શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ નહીં કરાવવાળા વિદ્વાન ભક્તના મુખથી જે વ્યક્તિ એક વાર પણ અતિ તન્મયતા પુર્વક શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરે તેને નિશ્ચય પુર્વક શ્રીકૃષ્ણ પ્રેમની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

પોતાના તત્વ દીપ નિબંધ ગ્રંથના'સર્વ નિર્ણય પ્રકરણ'માં મહાપ્રભુજીનો આ મત વ્યક્ત થયેલ છે આ મતની સંપુષ્ટિ આચાર–વિચારની એકતા આપશ્રીના જીવનમાંથી મળી રહે છે.

આપણા પ્રભુજીએ તો શ્રીમદ ભાગવત કથાની એક એવી સુભગ પરંપરા ચલાવી કે જેથી કે જેથી કેટલાયે લોકોના જીવનમાં શ્રીકૃષ્ણ પ્રેમ એવો વણાય ગયો કે તેમને ભગવદ પ્રાપ્તિ થઇ.

મહાપ્રભુજીએ પોતાનું સમગ્ર જીવન સંપુર્ણ પણે અને સર્વભાવપણે પ્રભુને સમર્પિત કરી દીધું હતું લૌકિક વસ્તુઓ પ્રતિ આપનામાં કોઇ આસક્તિ નહીં હતી ગૃહસ્થ રહીને પણ ઘરમાં આપ આસક્ત બન્યા નથી આપશ્રીનું જીવન જલકમલવત્ હતું ગૃહસ્થના વાસનામય સરોવરમાં પણ કમલપત્રની જેમ પુર્ણપણે નિસંગ, અનાસક્ત અને નિર્લિપ્ત જીવન આપશ્રી વ્યતીત કરતા હતા પ્રભુને 'કર્તુમ્' એવા સમર્થ માની પ્રભુને પોતાના સર્વસ્વ ગણી બધા પ્રકારની ચિન્તાઓથી આપશ્રી મુક્ત બન્યા હતા આપશ્રીનું પ્રત્યેક કાર્ય ભગવદ કાર્ય હતું આપશ્રીનું સમગ્ર જીવન ભગવદ આદેશથી ભગવદ સેવા કરવા માટે જ હતું અને એજ આપશ્રીના પ્રાકટ્યનો હેતું હતો.

॥ શ્રીકૃષ્ણઃ શરણંમમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચાલુ

દેહ–કુંડના માટે બીજી પણ લોકવાયકા છે કે– એક વખત શ્રી ઠાકોરજી શ્રી સ્વામીનીજી સહિત આ સ્થળે વિહાર કરતા હતા. ત્યારે એક બ્રાહ્મણ યાચકે શ્રી ઠાકોરજી પાસે યાચના કરી કે મને કંઇક આપને જે અતિ પ્રિય હોય તે આપો.

શ્રી ઠાકોરજીને અતિ પ્રિય તો શ્રી સ્વામીનીજી હતા. બ્રાહ્મણની યાચના સાંભળી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામીનીજી તરફ દષ્ટિ કરી અને બ્રાહ્મણને આ સ્ત્રી લઇ જવા જણાવ્યું. પ્રભુએ પોતાની માયાવી શકિતથી બ્રાહ્મણને જ્ઞાન થવા દીધું નથી કે પોતે પૂર્ણ પુરુષોત્તમ અને સ્ત્રી એ શ્રી સ્વામીનીજી છે. બ્રાહ્મણ તો અતિ ગરીબ હતો. ભિક્ષા લાવી પોતાનું ભરણ પોષણ કરતો હતો. પ્રભુના વચનો સાંભળી તે તો ગભરાઇ ગયો અને ખેદ કરતાં જણાવ્યું કે હું આ સ્ત્રી લઈ જઇને શું કરું ? મારે તો ધનની કિંમતી વસ્તુ, ખજાનાની જરૂરત છે. જેથી મારૂ શેષ જીવન ભિક્ષા માંગવામાંથી ટળી જાય અને પ્રભુના ગુણગાનમાં સમય કાઢી મન પરોવી શકું.

બ્રાહ્મણના આવા દીન વચનો સાંભળી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામીનીજી સામે ફરી દષ્ટિપાત કર્યો અને સવાલ કર્યો હવે શું કરવું ?

શ્રી સ્વામીનીજીએ વિવેકથી જણાવ્યું કે આપ તો સર્વેશ્વર છો, આપની ઇચ્છામાં આવે તે પ્રમાણે આ બ્રાહ્મણને રાજી કરો, અને તેના મનના મનોરથ પૂર્ણ કરો.

પ્રભુએ વિચાર કર્યો કે એક વખત આપવાનો સંકલ્પ–વિચાર કર્યા પછી તે પાછું લઇ શકાય નહીં. યાચકની જો ઇચ્છા બદલાય તો સંજોગોને આધીન તેના બદલામાં તેની તુલના પ્રમાણે આપ્યા સિવાય વચન બંધનમાંથી મુકત થવાય નહીં. આથી પ્રભુએ બ્રાહ્મણને તેની ઇચ્છા મુજબ શ્રી રાધિકાજીના દેહ બરાબર સોનું તોળી આપ્યું. આ ઉપરથી આ સ્થળનું કુંડનું નામ દેહ–કુંડ પડયું છે.

આથી પરીક્રમામાં આવતા સર્વ વૈષ્ણવો આ કુંડમાં સ્નાન કરી યથાશકિત પોતાના ગોર–ચોબાને સુવર્ણનું દાન અવશ્ય આપે છે, અને ગોર–ચોબાઓ પોતાના યજમાન પાસે આ અંગેનો પ્રથમવાર આવે તેની પાસે પાકો સંકલ્પ કરાવે છે. આ કુંડ ઉપર સોનાનું, સોનાના દાગીનાનું દાન આપવાનું ઘણું માહાત્મ્ય છે.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચાલુ

દેહ–કુંડના માટે બીજી પણ લોકવાયકા છે કે– એક વખત શ્રી ઠાકોરજી શ્રી સ્વામીનીજી સહિત આ સ્થળે વિહાર કરતા હતા. ત્યારે એક બ્રાહ્મણ યાચકે શ્રી ઠાકોરજી પાસે યાચના કરી કે મને કંઇક આપને જે અતિ પ્રિય હોય તે આપો.

શ્રી ઠાકોરજીને અતિ પ્રિય તો શ્રી સ્વામીનીજી હતા. બ્રાહ્મણની યાચના સાંભળી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામીનીજી તરફ દૃષ્ટિ કરી અને બ્રાહ્મણને આ સ્રી લઇ જવા જણાવ્યું. પ્રભુએ પોતાની માયાવી શક્તિથી બ્રાહ્મણને જ્ઞાન થવા દીધું નથી કે પોતે પૂર્ણ પુરુષોત્તમ અને સ્રી એ શ્રી સ્વામીનીજી છે. બ્રાહ્મણ તો અતિ ગરીબ હતો. ભિક્ષા લાવી પોતાનું ભરણ પોષણ કરતો હતો. પ્રભુના વચનો સાંભળી તે તો ગભરાઇ ગયો અને ખેદ કરતાં જણાવ્યું કે હું આ સ્રી લઈ જઇને શું કરું ? મારે તો ધનની કિંમતી વસ્તુ, ખજાનાની જરૂરત છે. જેથી મારૂં શેષ જીવન ભિક્ષા માંગવામાંથી ટળી જાય અને પ્રભુના ગુણગાનમાં સમય કાઢી મન પરોવી શકું.

બ્રાહ્મણના આવા દીન વચનો સાંભળી શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામીનીજી સામે ફરી દૃષ્ટિપાત કર્યો અને સવાલ કર્યો હવે શું કરવું ?

શ્રી સ્વામીનીજીએ વિવેકથી જણાવ્યું કે આપ તો સર્વેશ્વર છો, આપની ઇચ્છામાં આવે તે પ્રમાણે આ બ્રાહ્મણને રાજી કરો, અને તેના મનના મનોરથ પૂર્ણ કરો.

પ્રભુએ વિચાર કર્યો કે એક વખત આપવાનો સંકલ્પ–વિચાર કર્યા પછી તે પાછું લઇ શકાય નહીં. યાચકની જો ઇચ્છા બદલાય તો સંજોગોને આધીન તેના બદલામાં તેની તુલના પ્રમાણે આપ્યા સિવાય વચન બંધનમાંથી મુક્ત થવાય નહીં. આથી પ્રભુએ બ્રાહ્મણને તેની ઇચ્છા મુજબ શ્રી રાધિકાજીના દેહ બરાબર સોનું તોળી આપ્યું. આ ઉપરથી આ સ્થળનું કુંડનું નામ દેહ–કુંડ પડયું છે.

આથી પરીક્રમામાં આવતા સર્વ વૈષ્ણવો આ કુંડમાં સ્નાન કરી યથાશક્તિ પોતાના ગોર–ચોબાને સુવર્ણનું દાન અવશ્ય આપે છે, અને ગોર–ચોબાઓ પોતાના યજમાન પાસે આ અંગેનો પ્રથમવાર આવે તેની પાસે પાકો સંકલ્પ કરાવે છે. આ કુંડ ઉપર સોનાનું, સોનાના દાગીનાનું દાન આપવાનું ઘણું માહાત્મ્ય છે.

ચિત્ર વિચિત્ર શિલા :- સુનહેરી કદમખંડી પછી ચિત્ર વિચિત્ર શિલા આવે છે. અહીં શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીના શૃંગાર કર્યા છે. તથા વેણી ગૂંથી છે અને મહાવર મેંદી લગાવતાં છાંટાં પડયાં તેનાં શિલામાં ચિત્રો બની ગયાં છે. આ સ્થળે શ્રી સ્વામિનીજી માન કરીને પણ બિરાજ્યાં છે, અને તે વખતે શ્રી હસ્તથી નાના પ્રકારનાં વ્રજનાં વૃક્ષોનાં ચિત્રો મેંદી રંગથી ચીતર્યા છે. તેનાં શિલાઓમાં સુંદર દર્શન થાય છે.

છપ્પન કટોરાના દર્શન :- આ સ્થળે શ્રી લલિતા સખીએ શ્રી ઠાકોરજીને છપ્પન ભોગ ધરી છાક ધરાવી છે. તે શિલામાં કટોરા રૂપે કંડારાઇ ગયાં તેનાં સુંદર દર્શન થાય છે. આ પહાડ શ્રી લલિતા સખીનો પહાડ છે. ઊંચા ગામ પાસે બરસાના ધામ પહેલાં આવે છે ત્યાંથી દેહ કુંડ ઉપર થઇ બરસાના પરીક્રમા જાય છે. આ પહાડ ઉપર, ધ્યાનથી નિરીક્ષણ કરવાથી શ્રી ગિરિરાજ બાવાની જેમ શ્રી સ્વામિનીજીનાં તથા શ્રી ઠાકોરજીની લીલાનાં સ્વરૂપોની ઝાંખી થાય છે.

—ક્રમશઃ

ઈન્દોરમાં આશિર્વચનાભિનન્દન સમારોહ

ગત શ્રા. સુ. ૧૧ (પવિત્રા એકાદશીએ) જે વૈષ્ણવ તથા વિદ્વાનોના ભગવદિય જીવનથી નવી પેઢીને પ્રેરણા મલે છે તથા વૈષ્ણવ સમાજ સંગઠનના સૂત્રમાં બંધાય છે એવા મહાનુભાવોને જ. પી. વાજપેયી અગ્નિચિત્ સોમયાજી દીક્ષિત પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી દ્વારા તથા સભાધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી દ્વારા પ્રશસ્તિ પત્ર પ્રદાન થયેલ આપશ્રી દ્વારા આશિર્વચનાભિન્દમાં શુદ્ધાદ્વૈત પુષ્ટિ સિદ્ધાન્તરત્ન, પુષ્ટિસિદ્ધાન્તરત્ન, તેમજ વૈષ્ણવ ભુષણની ઉપાધિથી અલંકૃત કરાય છે. આ કાર્યક્રમમાં નિચે મુજબ મહાનુભાવોને સન્માનિત કરાએલ. પ. ભ. કુમનદાસજી ઝાલાની, પ. ભ શ્રી ધનશ્યામદત્તાજી શાસ્ત્રી પ. ભ. ગિરધરદાસજી નાગર પ. ભ. કૃષ્ણદાસજી નિમા, પ. ભ. શ્રી નટવરભાઇ (ખરગોનવાળા) પ, ભ. શ્રી શ્રી કૃષ્ણદાસભાઇ (સેંધવાવાળા) પ. ભ. શ્રીમતિ લીલાબાઈ ગો. નિમા. પ. ભ. શ્રી ગોવર્ધનભાઇ સોની પ. ભ. શ્રી કૃષ્ણદાસજી જડીયા તથા પ. ભ. શ્રી વિઠ્ઠલદાસજી સાખી (ધારવાળા)

પુ. મહારાજશ્રીના પ્રેરક વચનામૃત થયેલ કાર્યક્રમ સંચાલન પ્રો. શ્રી ધનશ્યામદાસજી મુખીયાએ કરેલ.

ચિત્ર વિચિત્ર શિલા :– સુનહેરી કદમખંડી પછી ચિત્ર વિચિત્ર શિલા આવે છે. અહીં શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીના શૃંગાર કર્યા છે. તથા વેણી ગૂંથી છે અને મહાવર મેંદી લગાવતાં છાંટાં પડયાં તેનાં શિલામાં ચિત્રો બની ગયાં છે. આ સ્થળે શ્રી સ્વામિનીજી માન કરીને પણ બિરાજ્યાં છે, અને તે વખતે શ્રી હસ્તથી નાના પ્રકારનાં વ્રજનાં વૃક્ષોનાં ચિત્રો મેંદી રંગથી ચીતર્યા છે. તેનાં શિલાઓમાં સુંદર દર્શન થાય છે.

છપ્પન કટોરાના દર્શન :– આ સ્થળે શ્રી લલિતા સખીએ શ્રી ઠાકોરજીને છપ્પન ભોગ ધરી છાક ધરાવી છે. તે શિલામાં કટોરા રૂપે કંડારાઇ ગયાં તેનાં સુંદર દર્શન થાય છે. આ પહાડ શ્રી લલિતા સખીનો પહાડ છે. ઊંચા ગામ પાસે બરસાના ધામ પહેલાં આવે છે ત્યાંથી દેહ કુંડ ઉપર થઇ બરસાના પરીક્રમા જાય છે. આ પહાડ ઉપર, ધ્યાનથી નિરીક્ષણ કરવાથી શ્રી ગિરિરાજ બાવાની જેમ શ્રી સ્વામિનીજીનાં તથા શ્રી ઠાકોરજીની લીલાનાં સ્વરૂપોની ઝાંખી થાય છે.

–ક્રમશઃ

ઈન્દોરમાં આશિર્વચનાભિનન્દન સમારોહ

ગત શ્રા. સુ. ૧૧ (પવિત્રા એકાદશીએ) જે વૈષ્ણવ તથા વિદ્વાનોના ભગવદિય જીવનથી નવી પેઢીને પ્રેરણા મલે છે તથા વૈષ્ણવ સમાજ સંગઠનના સૂત્રમાં બંધાય છે એવા મહાનુભાવોને જ. પી. વાજપેયી અગ્નિચિત્ સોમયાજી દીક્ષિત પુ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી દ્વારા તથા સભાધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી દ્વારા પ્રશસ્તિ પત્ર પ્રદાન થયેલ આપશ્રી દ્વારા આશિર્વચનાભિન્દમાં શુદ્ધાદૈત પુષ્ટિ સિદ્ધાન્તરત્ન, પુષ્ટિસિદ્ધાન્તરત્ન, તેમજ વૈષ્ણવ ભુષણની ઉપાધિથી અલંકૃત કરાય છે. આ કાર્યક્રમમાં નિચે મુજબ મહાનુભાવોને સન્માનિત કરાએલ. પ. ભ. કુમનદાસજી ઝાલાની, પ. ભ શ્રી ધનશ્યામદત્તાજી શાસ્ત્રી પ. ભ. ગિરધરદાસજી નાગર પ. ભ. કૃષ્ણદાસજી નિમા, પ. ભ. શ્રી નટવરભાઇ (ખરગોનવાળા) પ, ભ. શ્રી શ્રી કૃષ્ણદાસભાઇ (સેંધવાવાળા) પ. ભ. શ્રીમતિ લીલાબાઈ ગો. નિમા. પ. ભ. શ્રી ગોવર્ધનભાઇ સોની પ. ભ. શ્રી કૃષ્ણદાસજી જડીયા તથા પ. ભ. શ્રી વિઠ્ઠલદાસજી સાખી (ધારવાળા)

પુ. મહારાજશ્રીના પ્રેરક વચનામૃત થયેલ કાર્યક્રમ સંચાલન પ્રો. શ્રી ધનશ્યામદાસજી મુખીયાએ કરેલ.

કંઠાભરણમ્

પર બ્રહ્મ સ્તુતિ

નમસ્તે સતે તે જગત્કારણાય, નમસ્તે ચિતે સર્વ લોકાશ્રાય ।
નમોડદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય, નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥

જગતના કારણરૂપ, સત્ સ્વરૂપ, સર્વ લોકોના આશ્રય એવા ચેતન સ્વરૂપને નમસ્કાર હો. મુકિત આપનાર, અદ્વેત તત્ત્વને અને સર્વ વ્યાપક એવા સનાતન બ્રહ્મને નમસ્કાર હો.

ત્વમેકં શરણ્યં ત્વમેકં વરેણ્યં, ત્વમેકં જગત્પાલકં સ્વપ્રકાશમ્ ।
ત્વમેકં જગત્કર્તૃ પાતૃપ્રહર્તૃ, ત્વમેકં પરં નિશ્ચલં નિર્વિકલ્પમ્ ॥

તમે જ એક શરણ લેવા યોગ્ય છો, તમે જ એક વરવા–ઇચ્છવાલાયક છો, તમે એક જ જગતના પાલક છો અને પોતાના પ્રકાશથી પ્રકાશમાન છો, તમે જ એક આ સૃષ્ટિના ઉત્પન્ન કરનારા, પાલન કરનારા અને સંહાર કરનારા છો અને તમે જ એક શ્રેષ્ઠ, અચલ અને વિકલ્પ રહિત છો.

ભયાનાં ભયં ભીષણં ભીષણાનાં, ગતિઃ પ્રાણિનાં પાવનં પાવનાનામ્ ।
મહોચ્ચૈઃ પદાનાંનિયન્તૃત્વમેકં, પરેષાં પરં રક્ષણ રક્ષણાનામ્ ॥

તું ભયોને પણ ભય પમાડનાર છે, ભીષણોને માટે પણ ભીષણ છે. પ્રાણીમાત્રની તું ગતિ છે. પવિત્ર વસ્તુઓને પણ પવિત્ર કરનાર તું જ છે મોટા ઉચ્ચ સ્થાને રહેલાઓનો સત્તાધારીઓનો અથવા લોકપાલોનો પણ તું નિયંતા–શાસક છે, તું પરથી પણ પર (સર્વોત્તમ) છે અને રક્ષણ કરનારાઓનું પણ રક્ષણ કરનાર તું છે.

વયં ત્વાં સ્મરામોવયં ત્વાંભજામો,
વયં ત્વાં જગત્સાક્ષિરૂપં નમામઃ ।

સદેકં નિધાનં નિરાલંબમીશં,
ભવામ્બોધિ પોતં શરણ્યં વ્રજામઃ ॥

અમે તમારું સ્મરણ કરીએ છીએ, અમે તમને ભજીએ છીએ, જગતના સાક્ષીરૂપ તમને અમે નમીએ છીએ. સત્ સ્વરૂપ એક માત્ર આશ્રયને કશાનો આધાર ન લેનારા અને ભવસાગરમાં વહાણરૂપ એવા ઇશ્વરને – તમને અમે શરણે જઈએ છીએ.

['કંઠાભરમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરીવારના સૌજન્યથી]

કંઠાભરણમ્

પર બ્રહ્મ સ્તુતિ

નમસ્તે સતે તે જગત્કારણાય, નમસ્તે ચિતે સર્વ લોકાશ્રાય ।
નમોઽદ્વૈતતત્ત્વાય મુક્તિપ્રદાય, નમો બ્રહ્મણે વ્યાપિને શાશ્વતાય ॥

જગતના કારણરૂપ, સત્ સ્વરૂપ, સર્વ લોકોના આશ્રય એવા ચેતન સ્વરૂપને નમસ્કાર હો. મુક્તિ આપનાર, અદ્વૈત તત્ત્વને અને સર્વ વ્યાપક એવા સનાતન બ્રહ્મને નમસ્કાર હો.

ત્વમેકં શરણ્યં ત્વમેકં વરેણ્યં, ત્વમેકં જગત્પાલકં સ્વપ્રકાશમ્ ।
ત્વમેકં જગત્કર્તૃ પાતૃપ્રહર્તૃ, ત્વમેકં પરં નિશ્ચલં નિર્વિકલ્પમ્ ॥

તમે જ એક શરણ લેવા યોગ્ય છો, તમે જ એક વરવા–ઇચ્છવાલાયક છો, તમે એક જ જગતના પાલક છો અને પોતાના પ્રકાશથી પ્રકાશમાન છો, તમે જ એક આ સૃષ્ટિના ઉત્પન્ન કરનારા, પાલન કરનારા અને સંહાર કરનારા છો અને તમે જ એક શ્રેષ્ઠ, અચલ અને વિકલ્પ રહિત છો.

ભયાનાં ભયં ભીષણં ભીષણાનાં, ગતિઃ પ્રાણિનાં પાવનં પાવનાનામ્ ।
મહોચ્ચૈઃ પદાનાંનિયન્તૃત્વમેકં, પરેષાં પરં રક્ષણ રક્ષણાનામ્ ॥

તું ભયોને પણ ભય પમાડનાર છે, ભીષણોને માટે પણ ભીષણ છે. પ્રાણીમાત્રની તું ગતિ છે. પવિત્ર વસ્તુઓને પણ પવિત્ર કરનાર તું જ છે મોટા ઉચ્ચ સ્થાને રહેલાઓનો સત્તાધારીઓનો અથવા લોકપાલોનો પણ તું નિયંતા–શાસક છે, તું પરથી પણ પર (સર્વોત્તમ) છે અને રક્ષણ કરનારાઓનું પણ રક્ષણ કરનાર તું છે.

વયં ત્વાં સ્મરામોવયં ત્વાંભજામો,
વયં ત્વાં જગત્સાક્ષિરૂપં નમામઃ ।

સદેકં નિધાનં નિરાલંબમીશં,
ભવામ્ભોધિ પોતં શરણ્યં વ્રજામઃ ॥

અમે તમારું સ્મરણ કરીએ છીએ, અમે તમને ભજીએ છીએ, જગતના સાક્ષીરૂપ તમને અમે નમીએ છીએ. સત્ સ્વરૂપ એક માત્ર આશ્રયને કશાનો આધાર ન લેનારા અને ભવસાગરમાં વહાણરૂપ એવા ઇશ્વરને – તમને અમે શરણે જઈએ છીએ.

[‘કંઠાભરમ્’ કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરીવારના સૌજન્યથી]

કાવ્ય–કુંજ

(૧) શ્રી વલ્લભ ચિંતન

વલ્લભના રૂપને નયને નિહાળી, તોયે ના મારી આંખડી ધરાણી;
વાંકડીયા વાળ એને ભાલે તિલક છે, બાળ સ્વરૂપ ગળે મોતીની માળ છે;
અમી ભરી આંખડીમાં આંખડી મિલાવી.... તો યે ના૦ ૧

આસપાસ યમુના સાથે ગોવર્ધનનાથ છે, શ્યામ સ્વરૂપ ચૌદ લોકના એ નાથ છે;
એના તો રૂપમાં હું લોભાણી.... તો યે ના૦ ૨

વલ્લભના રૂપનો વિસ્તાર વધારવા, એના નયનોમાં ગોવર્ધન છુપાયા;
અણીયારી આંખડીમાં આંખડી મિલાવી.... તો યે ના૦ ૩

કોઇ કહે ગોરો ને કોઇ કહે કાળો, કોઇ કહે મોંઘો ને કોઈ કહે સોંઘો;
દાસી 'લક્ષ્મી'ના પ્રાણથી અધિક જ છે.... તો યે ના૦ ૪

–લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ, અમદાવાદ

૨. વન વિહાર

ચાલો ચાલો ગોપાલલાલ વન ફરવા, ચાલો ચાલો મોહનલાલ વન ફરવા;
આજ આવે છે મીઠા મીઠા સાદ, ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૧

મીઠી માટીની મ્હેક મેં તો દીઠી દીઠી, નાચે નાચે છે મોર ઢેલ ઝુકી ઝુકી;
ઝુલે છે ઝુલે છે તરુવર મોદે, ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૨

રૂડા બાંધીશું હીંચકા આંબા ડાળે, જાઇ જૂઇ ગુલાબની ડાંડી સોહે;
અમે ઝુલીશું હીંચકે હોંશે હોંશે ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૩

મેઘ વરસે છે ઝીણી ફોરે ફોરે, મારે રહેવું ગોપાલલાલ તારી સંગે,
હું તો દોડાવું આજ તને વગડે વગડે ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૪

—વીણાબેન શેઠ

કાવ્ય-કુંજ

(૧) શ્રી વલ્લભ ચિંતન

વલ્લભના રૂપને નયને નિહાળી, તોયે ના મારી આંખડી ધરાણી;
વાંકડીયા વાળ એને ભાલે તિલક છે, બાળ સ્વરૂપ ગળે મોતીની માળ છે;
અમી ભરી આંખડીમાં આંખડી મિલાવી.... તો યે ના૦ ૧

આસપાસ યમુના સાથે ગોવર્ધનનાથ છે, શ્યામ સ્વરૂપ ચૌદ લોકના એ નાથ છે;
એના તો રૂપમાં હું લોભાણી.... તો યે ના૦ ૨

વલ્લભના રૂપનો વિસ્તાર વધારવા, એના નયનોમાં ગોવર્ધન છુપાયા;
અણીયારી આંખડીમાં આંખડી મિલાવી.... તો યે ના૦ ૩

કોઇ કહે ગોરો ને કોઇ કહે કાળો, કોઇ કહે મોંઘો ને કોઈ કહે સોંઘો;
દાસી 'લક્ષ્મી'ના પ્રાણથી અધિક જ છે.... તો યે ના૦ ૪

–લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઈ, અમદાવાદ

૨. વન વિહાર

ચાલો ચાલો ગોપાલલાલ વન ફરવા, ચાલો ચાલો મોહનલાલ વન ફરવા;
આજ આવે છે મીઠા મીઠા સાદ, ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૧

મીઠી માટીની મ્હેક મેં તો દીઠી દીઠી, નાચે નાચે છે મોર ઢેલ ઝુકી ઝુકી;
ઝુલે છે ઝુલે છે તરુવર મોદે, ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૨

રૂડા બાંધીશું હીંચકા આંબા ડાળે, જાઇ જૂઇ ગુલાબની ડાંડી સોહે;
અમે ઝુલીશું હીંચકે હોંશે હોંશે ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૩

મેઘ વરસે છે ઝીણી ફોરે ફોરે, મારે રહેવું ગોપાલલાલ તારી સંગે,
હું તો દોડાવું આજ તને વગડે વગડે ગોપાલલાલ વન ફરવા.... ચાલો૦ ૪

—વીણાબેન શેઠ

।।શ્રીવલ્લભ।।

શ્રી સિદ્ધપુરનાં શ્રી મહાપ્રભુજીનાં શ્રી બેઠકજીના નવનિર્માણમાં બેસતા વર્ષે તમારી સેવા અવશ્ય મોકલાવો.

- શ્રી બેઠકજીનું સ્થાન ૨૦૦ વર્ષ પુરાણું હોઇ, અતિશય જીર્ણ થયેલ છે. ચોમાસામાં પૂરાં બેઠકજીમાં જળ ભરાઇ જાય છે. શ્રી મહાપ્રભુજીને ઘણો પરિશ્રમ છે.
- શ્રી વલ્લભકુળ અને શ્રી વલ્લભીશ વૈષ્ણવોને મુકામની સુયોગ્ય વ્યવસ્થા નથી, તેથી તેમને પણ ઘણો શ્રમ થાય છે.
- આથી શ્રી મહાપ્રભુજીની જ પ્રેરણાથી ખ્યાતનામ વૈષ્ણવ આર્કિટેકટ અને એન્જિનિયરો દ્વારા સમગ્ર બેઠકજીના નવેસરથી પુનર્નિર્માણના પ્લાન તૈયાર થયા છે.
- પૂ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી-વડોદરા)ના કરકમળોથી તા. ૫-૧૦-૯૫ના રોજ તેના પુનર્નિર્માણ માટેનું ભૂમિપૂજન અને ખાતમુહુર્ત પણ સંપન્ન થયું છે.
- બાંધકામનો શુભારંભ થઇ ગયો છે.
- સમગ્ર બાંધકામનું કુલ અંદાજી ખર્ચ રૂપિયા પચાસ લાખનું છે.
- શ્રી વલ્લભ અને વલ્લભીયોની સેવાનો અનેરો લાભ લેવા દરેક વૈષ્ણવ કુટુંબ બેસતા વર્ષે ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- (એક દિવસના માત્ર ત્રીસ પૈસા લેખે) ની સેવા મ. ઓ./ચેક/ડ્રાફટથી નીચેના સરનામે મોકલી આપે તેની આગ્રહ ભરી વિનંતી છે.
- રૂા. ૨૫૦/-થી વધુ રકમની સેવા ૮૦ (જી) કલમ પ્રમાણે કરમુકિતને પાત્ર છે.
- ચેક/ડ્રાફટ શ્રી વલ્લભ સેવાનિધિ ટ્રસ્ટના નામનો મોકલવો.
- સરનામું :- શ્રી વલ્લભ સેવાનિધિ ટ્રસ્ટ

C/o. **શ્રી દામોદરભાઈ ઉમાશંકર શાસ્ત્રી**
શ્રી રાજગોપાળ મંદિર, બિંદુ સરોવર રોડ,
સિદ્ધપુર (જિ. મહેસાણા) ફોન : ૮૦૨૭૬૭ / ૨૨૦૯૨ / ૨૦૪૧૪

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥શ્રીવલ્લભ॥

શ્રી સિદ્ધપુરનાં શ્રી મહાપ્રભુજીનાં શ્રી બેઠકજીના નવનિર્માણમાં બેસતા વર્ષે તમારી સેવા અવશ્ય મોકલાવો.

○ શ્રી બેઠકજીનું સ્થાન ૨૦૦ વર્ષ પુરાણું હોઇ, અતિશય જીર્ણ થયેલ છે. ચોમાસામાં પૂરાં બેઠકજીમાં જળ ભરાઇ જાય છે. શ્રી મહાપ્રભુજીને ઘણો પરિશ્રમ છે.

○ શ્રી વલ્લભકુળ અને શ્રી વલ્લભીશ વૈષ્ણવોને મુકામની સુયોગ્ય વ્યવસ્થા નથી, તેથી તેમને પણ ઘણો શ્રમ થાય છે.

○ આથી શ્રી મહાપ્રભુજીની જ પ્રેરણાથી ખ્યાતનામ વૈષ્ણવ આર્કિટેકટ અને એન્જિનિયરો દ્વારા સમગ્ર બેઠકજીના નવેસરથી પુનર્નિર્માણના પ્લાન તૈયાર થયા છે.

○ પૂ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી-વડોદરા) ના કરકમળોથી તા. ૫-૧૦-૯૫ના રોજ તેના પુનર્નિર્માણ માટેનું ભૂમિપૂજન અને ખાતમુહુર્ત પણ સંપન્ન થયું છે.

○ બાંધકામનો શુભારંભ થઇ ગયો છે.

○ સમગ્ર બાંધકામનું કુલ અંદાજી ખર્ચ રૂપિયા પચાસ લાખનું છે.

○ શ્રી વલ્લભ અને વલ્લભીયોની સેવાનો અનેરો લાભ લેવા દરેક વૈષ્ણવ કુટુંબ બેસતા વર્ષે ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- (એક દિવસના માત્ર ત્રીસ પૈસા લેખે) ની સેવા મ. ઓ./ ચેક / ડ્રાફટથી નીચેના સરનામે મોકલી આપે તેની આગ્રહ ભરી વિનંતી છે.

○ રૂા. ૨૫૦/-થી વધુ રકમની સેવા ૮૦ (જી) કલમ પ્રમાણે કરમુકિતને પાત્ર છે.

○ ચેક / ડ્રાફટ શ્રી વલ્લભ સેવાનિધિ ટ્રસ્ટના નામનો મોકલવો.

○ સરનામું :- શ્રી વલ્લભ સેવાનિધિ ટ્રસ્ટ

C/o. **શ્રી દામોદરભાઈ ઉમાશંકર શાસ્ત્રી**
શ્રી રાજગોપાળ મંદિર, બિંદુ સરોવર રોડ,
સિદ્ધપુર (જિ. મહેસાણા) ફોન : ૮૦૨૭૬૭ / ૨૨૦૯૨ / ૨૦૪૧૪

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

આ માસના ઉત્સવ

કારતક વદ ૧ તા. ૮-૧૧-૯૫ બુધવાર ગોપ માસ આરંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૯-૧૧-૯૫ ગુરુવાર ગો. ચિ. વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૧૧-૧૧-૯૫ શનિવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશબાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૧૫-૧૧-૯૫ બુધવાર શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૧૦ તા. ૧૮-૧૧-૯૫ શનિવાર ગો. શ્રી ઉત્તમ શ્લોકજી મહારાજશ્રી મુંબઇનો જન્મદિન.

કારનક વદ ૧૨ તા. ૧૯-૧૧-૯૫ રવિવાર ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારકત વદ ૧૩ તા. ૨૦-૧૧-૯૫ સોમવાર શ્રી ગુસાંઇજીના સાતમાલાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮), ગો. શ્રી રમેશચંદ્ર મહારાજ (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજ શ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૨૪-૧૧-૯૫ શુક્રવાર ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ)નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૨૬-૧૧-૯૫ રવિવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન, શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન) પાંચમનો ક્ષય હોવાથી આજે.

માગશર સુદ ૭ તા. ૨૮-૧૧-૯૫ મંગળવાર શ્રી ગુસાંઇજીના ચોથાલાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮), અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૨૯-૧૧-૯૫ બુધવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજકૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૩૦-૧૧-૯૫ ગુરુવાર શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ, ભારત માર્તંડ પંડિત શ્રી ગટ્ટુલાલજીનો સ્મરણ દિન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૨-૧૨-૯૫ શનિવાર મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતિ, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૬-૧૨-૯૫ બુધવાર પૂર્ણિમા, શ્રીનાથજીનો છપ્પનભોગ, બલદેવજીનો ઉત્સવ.

આ માસના ઉત્સવ

કારતક વદ ૧ તા. ૮-૧૧-૯૫ બુધવાર ગોપ માસ આરંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૯-૧૧-૯૫ ગુરુવાર ગો. ચિ. વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૧૧-૧૧-૯૫ શનિવાર શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશબાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રબાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૧૫-૧૧-૯૫ બુધવાર શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૧૦ તા. ૧૮-૧૧-૯૫ શનિવાર ગો. શ્રી ઉત્તમ શ્લોકજી મહારાજશ્રી મુંબઇનો જન્મદિન.

કારનક વદ ૧૨ તા. ૧૯-૧૧-૯૫ રવિવાર ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારકત વદ ૧૩ તા. ૨૦-૧૧-૯૫ સોમવાર શ્રી ગુસાંઇજીના સાતમાલાલજી શ્રી ઘનશ્યામજીનો ઉત્સવ (સં. ૧૬૨૮), ગો. શ્રી રમેશચંદ્ર મહારાજ (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજ શ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૨૪-૧૧-૯૫ શુક્રવાર ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ)નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૨૬-૧૧-૯૫ રવિવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન, શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન) પાંચમનો ક્ષય હોવાથી આજે.

માગશર સુદ ૭ તા. ૨૮-૧૧-૯૫ મંગળવાર શ્રી ગુસાંઇજીના ચોથાલાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮), અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૨૯-૧૧-૯૫ બુધવાર શ્રી ગોવર્ધનેશજી મહારાજકૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૩૦-૧૧-૯૫ ગુરુવાર શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ, ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો સ્મરણ દિન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૨-૧૨-૯૫ શનિવાર મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતિ, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૬-૧૨-૯૫ બુધવાર પૂર્ણિમા, શ્રીનાથજીનો છપ્પનભોગ, બલદેવજીનો ઉત્સવ.

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૨૦

લહરિ યહ શોભા સુધા ભરી હૈં;
નંદ ચંદ અમૃત સાંચે મેં મનો સુઢાર ઢરિ હૈં. ૧

ભૂષણ ભાવ ભરીં વર લાવનિ પ્રીતમ ગ્રીવ ધરી હૈં;
માનો કલ્પ લતા હરિ કૈ હિત લીલા ફલનિ ફલી હૈં ૨

કૈધોં કેલિ કલા કરુણા કરિ રસ વન મેં પસરી હૈં;
પ્રણતનિ કૌં વાંછતિ ફલ દૈવે દોતિન કહૂ મુરી હૈં. ૩

ઇન કે ચરિત ચારુ સુનિ શ્રવણનિ યમકી વહીં જરી હૈં;
પ્રણત વરન પ્રીતમ કૈ કરિવે યેહી પરનિ પરી હૈં; ૪

જે પામર હત ભાગ્ય જન્મ પ્રતિ દશા મહા બિગરી હૈં;
'બલ્લભ' યમુને વારેક ગાવત તિનકી તુટ સુધરી હૈ'. ૫

ભાવાર્થ :– જળમાં ઉઠતી તરંગો તે સુધા નામ અમૃત ભરેલી છે. જાણે નંદ સુવને કેમ કોઇ સંચો રચી તેમાં ઢાળેલી હોય તેવી રીતે બન્ને કિનારાની વચ્ચે બિરાજમાન જાણે કે આભુષણ અંગે ધરી સુંદર લાવણ્ય રૂપ ધારણ કરી પ્રીતમને કંઠે શ્રી હસ્ત ધારણ કરેલ છે.

લતાઓનું વર્ણન કેવું અદ્‌ભુત છે કે માનો કલ્પલતા કેવળ પ્રભુના માટે જ ફુલીફાલી સદા એકરસ રહે છે.

અથવા તો કેલીકલા કરૂણા કરી રસવનમાં પ્રસરી રહી છે. જો કોઇ આપને શરણે આવે, પ્રણામ કરે તેને મનવાંછીત ફલ દેવા માટે આડી અવળી ઘૂમી રહી છે. (વ્રજમાં શ્રી યમુનાજી આડી અવળી ચાલથી પ્રસરી રહેલ છે.)

શ્રી યમુનાજીના આવા અનેક ચરિત્રો સાંભળીને યમરાજ ભયભીત બને છે કે હું આમાં અપરાધીને દંડ કેમ આપી શકીશ. આ તો આડી અવળી ચાલ કરીને જે કોઇ જીવ આપનું ગ્રહણ કરે છે, તેને પાપમુક્ત તો કરે છે ઉપરાંત પોતાના પ્રિયતમને પણ તે જીવ પ્યારો બનાવી આપે છે, જે પામર જીવો હતા, પાપી હતા. જેઓની દશા બગડેલી હતી, તેવા જીવોની દશા સુધારી છે.

દાસ વલ્લભ કહે છે હું વારણે જાઉં. આવા જીવોની દશા આપે સુધારી છે, આવું આવું સમજીને જ હું આપને પ્રણામ કરું છું.

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૨૦

લહરિ યહ શોભા સુધા ભરી હૈં;
નંદ ચંદ અમૃત સાંચે મેં મનો સુઢાર ઢરિ હૈં. ૧

ભૂષણ ભાવ ભરીં વર લાવનિ પ્રીતમ ગ્રીવ ધરી હૈં;
માનો કલ્પ લતા હરિ કૈ હિત લીલા ફલનિ ફલી હૈં ૨

કૈધોં કેલિ કલા કરુણા કરિ રસ વન મેં પસરી હૈં;
પ્રણતનિ કોં વાંછતિ ફલ દૈવે દોતિન કહૂ મુરી હૈં. ૩

ઇન કે ચરિત ચારુ સુનિ શ્રવણનિ યમકી વહીં જરી હૈં;
પ્રણત વરન પ્રીતમ કે કરિવે ચેહી પરનિ પરી હૈં; ૪

જે પામર હત ભાગ્ય જન્મ પ્રતિ દશા મહા બિગરી હૈં;
'બલ્લભ' યમુને વારેક ગાવત તિનકી તુટ સુધરી હૈ'. ૫

ભાવાર્થ :– જળમાં ઉઠતી તરંગો તે સુધા નામ અમૃત ભરેલી છે. જાણે નંદ સુવને કેમ કોઇ સંચો રચી તેમાં ઢાળેલી હોય તેવી રીતે બન્ને કિનારાની વચ્ચે બિરાજમાન જાણે કે આભુષણ અંગે ધરી સુંદર લાવણ્ય રૂપ ધારણ કરી પ્રીતમને કંઠે શ્રી હસ્ત ધારણ કરેલ છે.

લતાઓનું વર્ણન કેવું અદ્દ્ભુત છે કે માનો કલ્પલતા કેવળ પ્રભુના માટે જ ફુલીફાલી સદા એકરસ રહે છે.

અથવા તો કેલીકલા કરૂણા કરી રસવનમાં પ્રસરી રહી છે. જો કોઇ આપને શરણે આવે, પ્રણામ કરે તેને મનવાંછીત ફલ દેવા માટે આડી અવળી ઘૂમી રહી છે. (વ્રજમાં શ્રી યમુનાજી આડી અવળી ચાલથી પ્રસરી રહેલ છે.)

શ્રી યમુનાજીના આવા અનેક ચરિત્રો સાંભળીને યમરાજ ભયભીત બને છે કે હું આમાં અપરાધીને દંડ કેમ આપી શકીશ. આ તો આડી અવળી ચાલ કરીને જે કોઇ જીવ આપનું ગ્રહણ કરે છે, તેને પાપમુક્ત તો કરે છે ઉપરાંત પોતાના પ્રિયતમને પણ તે જીવ પ્યારો બનાવી આપે છે, જે પામર જીવો હતા, પાપી હતા. જેઓની દશા બગડેલી હતી, તેવા જીવોની દશા સુધારી છે.

દાસ વલ્લભ કહે છે હું વારણે જાઉં. આવા જીવોની દશા આપે સુધારી છે, આવું આવું સમજીને જ હું આપને પ્રણામ કરું છું.

નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ – શ્રી દાદાજી (સૂરત)નાઃ પ્રેરક પ્રસંગોનો

સ્મૃતિ સંચય

લે. 'બીનામોલકો ચેરો'

એકસો વર્ષ – એક માનવયુગ, એ યુગના યુગપુરૂષ નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજનું પ્રાગટય સં. ૧૯૫૨ના ભાદરવા સુદ ૭ના દિને સુરતના શ્રી મગનલાલજી મહારાજ ઉપનામ શ્રી વ્યંકટેશજી મહારાજને ત્યાં થયું. સૂરતના બડે શ્રી વ્રજરત્નજી મહારાજના નવ પુત્રોના પરિવારમાં એક માત્ર વિદ્યમાન શ્રી દાદાજી મહારાજ (શ્રી વ્રજરત્નલાલજી) સુરતના ઘરના કુલ દિપક રૂપે ગાંદીએ બિરાજ્યા. આપશ્રીની બાલ્યાકવસ્થામાં જ આપશ્રીના પિતૃચરણ શ્રી મગનલાલજી મહારાજ નિત્યલીલામાં પધાર્યા ત્યારે, સુરતના ઘરની સંભાળ અને આપશ્રીના બાળપણથી ઉછેર સંરક્ષણની જવાબદારી આપના બડે પિતૃવ્ય શ્રી યદુનાથજી મહારાજના બેટીજી શ્રી યશોદા બેટીજીએ ઉઠાવેલ.

એ સમય ભારતના ધાર્મિક સામાજિક જીવનમાં પરિવર્તનનો, એક રીતે જોતા સુધારાવાદિઓના આક્રમણથી ધાર્મિક આસ્થાઓના હ્રાસનો સમય હતો. આપના બડે પિતૃવ્ય શ્રી યદુનાથજી મહારાજે મુંબઇના ચકચારી 'મહારાજ બાઇબલ કેસ'માં વાદી બનીને સંપ્રદાયના દ્વેષિઓને કોર્ટમાં ઘસડેલાં. શ્રી યદુનાથજી મહારાજે જ પુષ્ટિમાર્ગનું સર્વ પ્રથમ માસિક પત્ર "સ્વધર્મ વર્ધક અને સંશય છેદક" નામથી ગુજરાતી ભાષામાં ઇ. સન ૧૮૬૦ના અરસામાં પ્રકટ કરેલ.

અંગ્રેજી ભણતરના વ્યામોહ ગ્રસિત, સુધરેલ ગણાતા લોકોના મનમાં, બુદ્ધિગમ્ય પ્રમાણોથી ધર્મ સિદ્ધાંતો સ્થિર થાય તે માટે શ્રી દાદાજી મહારાજે શ્રી બાલકૃષ્ણ શુદ્ધદ્વૈત મહા સભા સ્થાપીને વિદ્વાન શાસ્ત્રીજી શ્રી ચિમનલાલજી દ્વારા અનેક મૂલગ્રંથોનું સંપાદન પ્રકાશન કરાવ્યું. તેમજ આધુનિક પદ્ધત્તિએ શિક્ષણનો ક્રમ ગોઠવી પ્રતિ વર્ષ હજારોની સંખ્યામાં વૈષ્ણવ આબાલ-વૃદ્ધોને શ્રી મહાપ્રભુજીના સિધ્ધાન્ત ગ્રંથોનો સરળતાથી લાભ લેતા કરી સંપ્રદાય પર એક મહાન ઉપકાર કર્યો છે.

એ જ રીતે નડીયાદના નિ. લી. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજના શ્રી મહાલક્ષ્મી વહુજી મહારાજે નિજ ભર્તાનું કરજ ચુકવવા બગીચાની જમીન વેચતાં ત્યાંના કહેવાતા વૈષ્ણવોએ શ્રી મહાલક્ષ્મીજી વહુજી મહારાજ પર કેસ કરેલ તેમાં અત્યંત અગત્યની જુબાની જેમાં સંપ્રદાયના ઘણાં જ નાજુક મર્મ પ્રકટ થયાં છે એ ઐતિહાસિક જુબાની આપી શ્રી વ્રજરત્નલાલજી દાદાજી મહારાજે સ્વમાર્ગીય સિધ્ધાંન્તોની સાંપ્રત સંદર્ભમાં વિશદ્ વ્યાખ્યા કરી.

નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ – શ્રી દાદાજી (સૂરત)નાઃ પ્રેરક પ્રસંગોનો

સ્મૃતિ સંચય

લે. 'બીનામોલકો ચેરો'

એકસો વર્ષ – એક માનવયુગ, એ યુગના યુગપુરૂષ નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજનું પ્રાગટ્ય સં. ૧૯૫૨ના ભાદરવા સુદ ૭ના દિને સુરતના શ્રી મગનલાલજી મહારાજ ઉપનામ શ્રી વ્યંકટેશજી મહારાજને ત્યાં થયું. સૂરતના બડે શ્રી વ્રજરત્નજી મહારાજના નવ પુત્રોના પરિવારમાં એક માત્ર વિદ્યમાન શ્રી દાદાજી મહારાજ (શ્રી વ્રજરત્નલાલજી) સુરતના ઘરના કુલ દિપક રૂપે ગાંદીએ બિરાજ્યા. આપશ્રીની બાલ્યાકવસ્થામાં જ આપશ્રીના પિતૃચરણ શ્રી મગનલાલજી મહારાજ નિત્યલીલામાં પધાર્યા ત્યારે, સુરતના ઘરની સંભાળ અને આપશ્રીના બાળપણથી ઉછેર સંરક્ષણની જવાબદારી આપના બડે પિતૃવ્ય શ્રી યદુનાથજી મહારાજના બેટીજી શ્રી યશોદા બેટીજીએ ઉઠાવેલ.

એ સમય ભારતના ધાર્મિક સામાજિક જીવનમાં પરિવર્તનનો, એક રીતે જોતા સુધારાવાદિઓના આક્રમણથી ધાર્મિક આસ્થાઓના હ્રાસનો સમય હતો. આપના બડે પિતૃવ્ય શ્રી યદુનાથજી મહારાજે મુંબઇના ચકચારી 'મહારાજ બાઇબલ કેસ'માં વાદી બનીને સંપ્રદાયના દ્વેષિઓને કોર્ટમાં ઘસડેલાં. શ્રી યદુનાથજી મહારાજે જ પુષ્ટિમાર્ગનું સર્વ પ્રથમ માસિક પત્ર "સ્વધર્મ વર્ધક અને સંશય છેદક" નામથી ગુજરાતી ભાષામાં ઇ. સન ૧૮૬૦ના અરસામાં પ્રકટ કરેલ.

અંગ્રેજી ભણતરના વ્યામોહ ગ્રસિત, સુધરેલ ગણાતા લોકોના મનમાં, બુદ્ધિગમ્ય પ્રમાણોથી ધર્મ સિદ્ધાંતો સ્થિર થાય તે માટે શ્રી દાદાજી મહારાજે શ્રી બાલકૃષ્ણ શુદ્ધદ્વૈત મહા સભા સ્થાપીને વિદ્વાન શાસ્ત્રીજી શ્રી ચિમનલાલજી દ્વારા અનેક મૂલગ્રંથોનું સંપાદન પ્રકાશન કરાવ્યું. તેમજ આધુનિક પદ્ધત્તિએ શિક્ષણનો ક્રમ ગોઠવી પ્રતિ વર્ષ હજારોની સંખ્યામાં વૈષ્ણવ આબાલવૃદ્ધોને શ્રી મહાપ્રભુજીના સિધ્ધાન્ત ગ્રંથોનો સરળતાથી લાભ લેતા કરી સંપ્રદાય પર એક મહાન ઉપકાર કર્યો છે.

એ જ રીતે નડીયાદના નિ. લી. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજના શ્રી મહાલક્ષ્મી વહુજી મહારાજે નિજ ભર્તાનું કરજ ચુકવવા બગીચાની જમીન વેચતાં ત્યાંના કહેવાતા વૈષ્ણવોએ શ્રી મહાલક્ષ્મીજી વહુજી મહારાજ પર કેસ કરેલ તેમાં અત્યંત અગત્યની જુબાની જેમાં સંપ્રદાયના ઘણા જ નાજુક મર્મ પ્રકટ થયાં છે એ ઐતિહાસિક જુબાની આપી શ્રી વ્રજરત્નલાલજી દાદાજી મહારાજે સ્વમાર્ગીય સિધ્ધાંન્તોની સાંપ્રત સંદર્ભમાં વિશદ્ વ્યાખ્યા કરી.

આ તો થઇ સામાન્ય સમાજમાં સ્વમાર્ગને સ્વસ્થ પ્રસ્તુત કરવાની વાત. પણ પુષ્ટિમાર્ગનું મર્મ હાર્દ તો ભગવત્ સેવા - સ્મરણમાં ચિત્તનું એકાગ્રતાથી જોડાવું એ છે. અને શ્રી ગોસ્વામી બાળકોનું તો એ સહજ સ્વરૂપ છે. "રાસલીલૈક તાત્પર્યઃ" અને "સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ" સ્વરૂપે નિજજનોને સ્વ આચરણ દ્વારા શિક્ષા આપે છે. એવા અત્યંત પ્રેરક પ્રસંગો જે મારા જેવા સાવ સાધારણ વૈષ્ણવને આપે કૃપા કરી અનુભવાવ્યા તેનું ભાવન કરીએ.

આજથી લગભગ ત્રેવીશ વર્ષ પૂર્વે આપશ્રી રાજકોટમાં, ડો. પટ્ટણીની હોસ્પિટલમાં નેત્રોના ઇલાજના મીસથી લગભગ પાંચેક મહીના બીરાજેલાં. હોસ્પિટલ શહેરના દૂરના વિસ્તારમાં હોઇ ગામમાંથી બહુ વૈષ્ણવો હાજરી આપી શકતા નહીં. તેમજ ડોકટરની સલાહ પણ એમ હતી કે ઝાઝા મુલાકાતીઓ ન આવે. જેથી આપશ્રીને વિશેષ શ્રમ ન થાય. અમો હોસ્પિટલથી નજીકના વિસ્તારમાં રહેતાં તેથી નિત્ય દર્શન – ચરણ સેવાનો લાભ મળતો.

આ દિવસો દરમ્યાન દશેરા – દિવાળી વગેરે ઉત્સવો આવતાં. પણ આપશ્રીને નેત્રના પડદાનું નાજુક ઓપરેશન જે બે ત્રણ તબક્કામાં કરવાનું હોઇ હોસ્પિટલમાં લાંબો સમય બિરાજવાનું થયેલ.

દશેરાના ઉત્સવને દિવસે સાંજના શ્રી વલ્લભકુળના બાળકોને જવારા ધરાવવાનો મનોરથ વૈષ્ણવો કરે છે. પુ. ગો. બાળકો; પહેલાંના સમયમાં સુંદર રાજકિય શૃંગાર, પાઘ, જામા, ભારી આભરણ, સિરપેંચ વિ. ધરતાં અને વૈષ્ણવો આપશ્રીને પાગ ઉપર જવારા ધરાવે. દશેરાને દિવસે સાંજે હોસ્પિટલે પુ. પા. શ્રી દાદાજી મહારાજના કૃપાપાત્ર પ. ભ. ગગુબાપા મરજાદી આવ્યાં સ્વાસ્થ્યના ખબર પુછી દંડવત કરી વિનંતિ કરી 'કૃપાનાથ ! જવારા ધરવાનો મનોરથ છે' આજ્ઞા હોય તો ધરાવું ? આપશ્રીને. વિશેષતઃ પોઢયા રહેવાની જ દાકતરની સલાહ હતી. આપશ્રીમાનોએ પોઢયા પોઢયા પોતાના હૃદય પર શ્રી હસ્ત દર્શાવી આજ્ઞા કરી 'ગગુભાઇ ! અહીં ધરાવો; અમારા શ્રી બાલકૃષ્ણ પ્રભુને.'

આહા ! કેવી અલૌકિક ભાવના પ્રકટ કરી. ભૌતિક રીતે તો પોતે હોસ્પિટલમાં બિરાજે છે. પણ આપનું હૃદય તો સદા શ્રી બાલકૃષ્ણ પ્રભુની સેવામાં જ તલ્લિન છે. તદિયજનો પર કૃપા કરી જયારે આવા સ્વરૂપના દર્શન કરાવે ત્યારે જ મર્મ પ્રકટ થાય.

બીજો પ્રસંગ પણ તેજ અરસાનો છે. આપશ્રીને ઓપરેશન થવામાં સુગર નોર્મલ ન હોઇ મોકુફ રહેલ. પહેલાં ધનતેરશના દિવસનું ઓપરેશન નક્કી થયેલ. મુંબઇથી પ. ભ.

આ તો થઇ સામાન્ય સમાજમાં સ્વમાર્ગને સ્વસ્થ પ્રસ્તુત કરવાની વાત. પણ પુષ્ટિમાર્ગનું મર્મ હાર્દ તો ભગવત્ સેવા - સ્મરણમાં ચિત્તનું એકાગ્રતાથી જોડાવું એ છે. અને શ્રી ગોસ્વામી બાળકોનું તો એ સહજ સ્વરૂપ છે. "રાસલીલૈક તાત્પર્યઃ" અને "સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ" સ્વરૂપે નિજજનોને સ્વ આચરણ દ્વારા શિક્ષા આપે છે. એવા અત્યંત પ્રેરક પ્રસંગો જે મારા જેવા સાવ સાધારણ વૈષ્ણવને આપે કૃપા કરી અનુભવાવ્યા તેનું ભાવન કરીએ.

આજથી લગભગ ત્રેવીશ વર્ષ પૂર્વે આપશ્રી રાજકોટમાં, ડો. પટ્ટણીની હોસ્પિટલમાં નેત્રોના ઇલાજના મીસથી લગભગ પાંચેક મહીના બીરાજેલાં. હોસ્પિટલ શહેરના દૂરના વિસ્તારમાં હોઇ ગામમાંથી બહુ વૈષ્ણવો હાજરી આપી શકતા નહીં. તેમજ ડોકટરની સલાહ પણ એમ હતી કે ઝાઝા મુલાકાતીઓ ન આવે. જેથી આપશ્રીને વિશેષ શ્રમ ન થાય. અમો હોસ્પિટલથી નજીકના વિસ્તારમાં રહેતાં તેથી નિત્ય દર્શન – ચરણ સેવાનો લાભ મળતો.

આ દિવસો દરમ્યાન દશેરા – દિવાળી વગેરે ઉત્સવો આવતાં. પણ આપશ્રીને નેત્રના પડદાનું નાજુક ઓપરેશન જે બે ત્રણ તબક્કામાં કરવાનું હોઇ હોસ્પિટલમાં લાંબો સમય બિરાજવાનું થયેલ.

દશેરાના ઉત્સવને દિવસે સાંજના શ્રી વલ્લભકુળના બાળકોને જવારા ધરાવવાનો મનોરથ વૈષ્ણવો કરે છે. પુ. ગો. બાળકો; પહેલાંના સમયમાં સુંદર રાજકિય શૃંગાર, પાઘ, જામા, ભારી આભરણ, સિરપેંચ વિ. ધરતાં અને વૈષ્ણવો આપશ્રીને પાગ ઉપર જવારા ધરાવે. દશેરાને દિવસે સાંજે હોસ્પિટલે પુ. પા. શ્રી દાદાજી મહારાજના કૃપાપાત્ર પ. ભ. ગગુબાપા મરજાદી આવ્યાં સ્વાસ્થ્યના ખબર પુછી દંડવત કરી વિનંતિ કરી 'કૃપાનાથ ! જવારા ધરવાનો મનોરથ છે' આજ્ઞા હોય તો ધરાવું ? આપશ્રીને. વિશેષતઃ પોઢયા રહેવાની જ દાકતરની સલાહ હતી. આપશ્રીમાનોએ પોઢયા પોઢયા પોતાના હૃદય પર શ્રી હસ્ત દર્શાવી આજ્ઞા કરી 'ગગુભાઇ ! અહીં ધરાવો; અમારા શ્રી બાલકૃષ્ણ પ્રભુને.'

આહા ! કેવી અલૌકિક ભાવના પ્રકટ કરી. ભૌતિક રીતે તો પોતે હોસ્પિટલમાં બિરાજે છે. પણ આપનું હૃદય તો સદા શ્રી બાલકૃષ્ણ પ્રભુની સેવામાં જ તલ્લિન છે. તદિયજનો પર કૃપા કરી જયારે આવા સ્વરૂપના દર્શન કરાવે ત્યારે જ મર્મ પ્રકટ થાય.

બીજો પ્રસંગ પણ તેજ અરસાનો છે. આપશ્રીને ઓપરેશન થવામાં સુગર નોર્મલ ન હોઇ મોકુફ રહેલ. પહેલાં ધનતેરશના દિવસનું ઓપરેશન નક્કી થયેલ. મુંબઇથી પ. ભ.

રમણભાઇ પારલાવાળા તથા તેમના પુત્ર શ્રી ભોગીભાઇ વગેરે અંતરંગ કૃપાપાત્રો આવી ગયેલ પણ સુગરને કારણે ઓપરેશન મુલત્વી રહેલ અને સુગરના ઉપચાર ચાલુ હોઇ આપ હોસ્પિટલમાં જ બિરાજતાં. અમો ઘરના બધાં સવારમાં નિત્ય દંડવત કરવા જતાં.

દિવાળી બાદ અમારે ઘરમાં શ્રી....ને ચારદુના સન્મુખ કરવાનો મનોરથ કરેલ. તેથી સવારમાં દંડવત કરવા જઇ શકાયું નહીં તેથી બપોર બાદ દંડવત કરવા ઘરના બધાં ગયા. દંડવત વિનંતિ કરી બેઠો એટલે આપશ્રીએ સવારે ન આવવાનું કારણ પુછયું એટલે વિનંતિ કરી કે 'કૃપાનાથ ! આજે અમારા બાપાને ત્યાં શ્રી....ને ચારદુના સન્મુખ કરેલ તેથી ગઇકાલ સાંજથી શ્રી....ને પધરાવી ત્યાં ગયેલ.'

આપશ્રીએ આજ્ઞા કરી 'બહુ સારૂં; શું, શું સામગ્રી ધરી હતી તે વિગતથી કહે' મેં મેવો, દુધગર, અનસખડી, સખડી એ ક્રમમાં યાદ કરીને જે જે વસ્તુ ધરી હતી તે આપશ્રી પાસે નિવેદન કરતો ગયો. વૈષ્ણવને ત્યાં તો શું પ્રકાર બની શકે ? છતાં યથાશકિત જે બની આવ્યું હતું તે સંભાળી – સંભાળીને વિનંતિ કરી. નાની મોટી બધી મળી ચાલીસ પચાસ વસ્તુઓની યાદી કરી વિનંતી કરી કે કૃપાનાથ ! આટલી વસ્તુ બની આવી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી, 'સેવનો બટેરો ધર્યો હતો ને ?' – (સખડી (ભાત) સાજવાનું બીડું પધરાવી તેમાં પહેલાં પાટીઆની સેવ – સિધ્ધ કરેલીનો બટેરો ધરી ઉપર સખડી સજાય છે.) આપશ્રી પાસે એ નિવેદન ન થઇ તો તુરત પોતે યાદી કરી. પોતે માનસીમાં સર્વે વસ્તુઓનું અનુસંધાન કરતાં પ્રસન્ન થયાં હતાં પણ આ એક સામગ્રી રહી જતી હતી તે પોતે બતાવી.

ત્રીજો પ્રસંગ :–

આપશ્રી રાજકોટ હોસ્પિટલમાં બિરાજતાં ત્યારે મારા બન્ને પુત્રો છ, અને આઠ વર્ષના નિત્ય સાંજના આપશ્રી સન્મુખ જાય. બન્ને છોકરાને શ્રી સર્વોત્તમજી મુખ પાઠ તેથી નિત્ય આપશ્રી બન્નેને પાસે બેસાડી શ્રી સર્વોત્તામના પાઠ બોલાવે. આવો ક્રમ ઘણા દિવસો ચાલેલો. આ વાતના આઠ–નવ વર્ષો બાદ અમારે બધાને શ્રી વ્રજમાં શ્રી યમુના પાન કરવા જવાનું સૌભાગ્ય મલ્યું. અમે જતિપુરા પહોંચી કેશરીઆ મંડળીએ ઉતારો કર્યો બપોરના બાજુના વૈષ્ણવ દ્વારા જાણ્યું કે શ્રી દાદાજી મહારાજ અહીં પધાર્યા છે અને મોતીમહેલમાં મુકામ છે. હું તુરત દંડવત્ વિનતિ કરી એટલે તુરત ગયો. આજ્ઞા કરી 'કોણ કોણ આવ્યા છે ?' મેં વિનંતિ કરી જે ! ઘરના બધાં આવ્યા છીએ. તુરત આપે આજ્ઞા કરી 'ઓલ્યાં છોકરાવ જે શ્રી સર્વોત્તામજીના પાઠ કરતાં તે આવ્યા છે ?' મે કહયું હા ! કૃપાનાથ. એટલે તુરત આજ્ઞા

રમણભાઇ પારલાવાળા તથા તેમના પુત્ર શ્રી ભોગીભાઇ વગેરે અંતરંગ કૃપાપાત્રો આવી ગયેલ પણ સુગરને કારણે ઓપરેશન મુલત્વી રહેલ અને સુગરના ઉપચાર ચાલુ હોઇ આપ હોસ્પિટલમાં જ બિરાજતાં. અમો ઘરના બધાં સવારમાં નિત્ય દંડવત કરવા જતાં.

દિવાળી બાદ અમારે ઘરમાં શ્રી....ને ચારદુના સન્મુખ કરવાનો મનોરથ કરેલ. તેથી સવારમાં દંડવત કરવા જઇ શકાયું નહીં તેથી બપોર બાદ દંડવત કરવા ઘરના બધાં ગયા. દંડવત વિનંતિ કરી બેઠો એટલે આપશ્રીએ સવારે ન આવવાનું કારણ પુછયું એટલે વિનંતિ કરી કે 'કૃપાનાથ ! આજે અમારા બાપાને ત્યાં શ્રી....ને ચારદુના સન્મુખ કરેલ તેથી ગઇકાલ સાંજથી શ્રી....ને પધરાવી ત્યાં ગયેલ.'

આપશ્રીએ આજ્ઞા કરી 'બહુ સારૂં; શું, શું સામગ્રી ધરી હતી તે વિગતથી કહે' મેં મેવો, દુધગર, અનસખડી, સખડી એ ક્રમમાં યાદ કરીને જે જે વસ્તુ ધરી હતી તે આપશ્રી પાસે નિવેદન કરતો ગયો. વૈષ્ણવને ત્યાં તો શું પ્રકાર બની શકે ? છતાં યથાશકિત જે બની આવ્યું હતું તે સંભાળી – સંભાળીને વિનંતિ કરી. નાની મોટી બધી મળી ચાલીસ પચાસ વસ્તુઓની યાદી કરી વિનંતી કરી કે કૃપાનાથ ! આટલી વસ્તુ બની આવી. ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી, 'સેવનો બટેરો ધર્યો હતો ને ?' – (સખડી (ભાત) સાજવાનું બીડું પધરાવી તેમાં પહેલાં પાટીઆની સેવ – સિધ્ધ કરેલીનો બટેરો ધરી ઉપર સખડી સજાય છે.) આપશ્રી પાસે એ નિવેદન ન થઇ તો તુરત પોતે યાદી કરી. પોતે માનસીમાં સર્વે વસ્તુઓનું અનુસંધાન કરતાં પ્રસન્ન થયાં હતાં પણ આ એક સામગ્રી રહી જતી હતી તે પોતે બતાવી.

ત્રીજો પ્રસંગ :–

આપશ્રી રાજકોટ હોસ્પિટલમાં બિરાજતાં ત્યારે મારા બન્ને પુત્રો છ, અને આઠ વર્ષના નિત્ય સાંજના આપશ્રી સન્મુખ જાય. બન્ને છોકરાને શ્રી સર્વોત્તમજી મુખ પાઠ તેથી નિત્ય આપશ્રી બન્નેને પાસે બેસાડી શ્રી સર્વોત્તમના પાઠ બોલાવે. આવો ક્રમ ઘણા દિવસો ચાલેલો. આ વાતના આઠ–નવ વર્ષો બાદ અમારે બધાને શ્રી વ્રજમાં શ્રી યમુના પાન કરવા જવાનું સૌભાગ્ય મલ્યું. અમે જતિપુરા પહોંચી કેશરીઆ મંડળીએ ઉતારો કર્યો બપોરના બાજુના વૈષ્ણવ દ્વારા જાણ્યું કે શ્રી દાદાજી મહારાજ અહીં પધાર્યા છે અને મોતીમહેલમાં મુકામ છે. હું તુરત દંડવત્ વિનતિ કરી એટલે તુરત ગયો. આજ્ઞા કરી 'કોણ કોણ આવ્યા છે ?' મેં વિનંતિ કરી જે ! ઘરના બધાં આવ્યા છીએ. તુરત આપે આજ્ઞા કરી 'ઓલ્યાં છોકરાવ જે શ્રી સર્વોત્તમજીના પાઠ કરતાં તે આવ્યા છે ?' મે કહયું હા ! કૃપાનાથ. એટલે તુરત આજ્ઞા

કરી કે હમણાં જ બોલાવી લાવ એટલે હું બન્ને છોકરાને બોલાવીને સન્મુખ થયો. એટલે આજ્ઞા કરી "હા છોકરાવ બોલો" આઠ ના વર્ષ પહેલાં જેમ છોકરાવ સન્મુખ થાય એટલે જે રીતે આજ્ઞા કરતા તેવી જ રીતે આજ્ઞા કરી.

બન્ને છોકરા હાથ જોડી શ્રી સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા "નિગૂઢ હૃદયોનન્યભકતેષુજ્ઞાપિતાશય" એટલે સુધી પાઠ થયો ત્યાં પહાર ગામથી ધારેલા શ્રી ગોસ્વામી બાળક આપશ્રીને મળવા પધાર્યા સાથે વહુજી બેટીજી વગેરે હતાં એટલે શ્રી દાદાજી મહારાજ એસવેં સાથે અંદરના ખંડમાં પર્ધાયા એ બાળકો બિરાજતાં હતાં ત્યાં બીજા બે ગો. બાળકો પણ થોડી વારને અંતરે પધાર્યા. એ બધાંથી મલીને વાર્તાલાપ વગેરે કરીને લગભગ પોણો કલાકે શ્રીદાદાજી બહારની બેઠકમાં પધાર્યા અમો અને બીજા ઘણાં વૈષ્ણવો બેઠા રહેલાં લૌકિક રીતે તો આપશ્રીને નેત્ર બલ તિરોધાન થયેલ છતાં ગાદીજી ઉપર બિરાજતાં વાર આજ્ઞા કરી "હાં છોકરાવ, બોલો ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધ મોહ નિવારકઃ" ત્યારે અમો બધાં વૈષ્ણવ ચકિત થઇ રહયાં કે આટલા સમય સુધી ઘણા ગો. બાળકો સાથે અનેક પ્રકારનો વાર્તાલાપ થયો વળતા પધાર્યા ત્યારે પણ અમે બેઠા છઇએ કે ચાલ્યા ગયાં તેની કશીપુછા કરી ન હતી. એટલુ તો ઠીક પણ પાઠ જ્યાંથી છોડેલ તેથી આગળનો શ્લોક પણ પોતે આજ્ઞા કરી આ રીતે ભગવાન્નમાં કેવું તન્મય થઇ રહેવું જોઇએ તેની સીખ પોતે પ્રકટ કરી આવા પરમ કૃપાળુ શ્રીદાદાંજી મહારાજના યુગલ ચરણોમાં અમારી નમ્ર ભાવાંજલી.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા – પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

–સપ્ટે. ૯૫ અંક ૬ના અનુસંધાને ચાલુ....

દષ્ટિ દોષ નિવારન કારન । સો અતિ સુંદર જગત નિહારન ॥
મનસિજ સોં હુ સુંદર જે હૈં । અખિલ વિશ્વ કહં હંસ હંસ મોહે ॥૧૫૬

ભૃકુટિ છોર પૈ કારો ચંદા । જાસો સોહત મુખ અરવિન્દા ॥
મૈયા આંજન આંજયો સુન્દર । શોભિત તાસોં નેત્ર અધિકતર ॥૧૫૭

વેણુ લિયે જે દોનોં હાથન । તાહિ બજાવે જાહિ વિચક્ષણુ ॥
વેણુ નાદ સુની રૂક હિ સરિત જલ । વૃક્ષ હુ ચેતન હોં હિં તાસુ બલ ॥૧૫૮

કરી કે હમણાં જ બોલાવી લાવ એટલે હું બન્ને છોકરાને બોલાવીને સન્મુખ થયો. એટલે આજ્ઞા કરી "હા છોકરાવ બોલો" આઠ નવ વર્ષ પહેલાં જેમ છોકરાવ સન્મુખ થાય એટલે જે રીતે આજ્ઞા કરતા તેવી જ રીતે આજ્ઞા કરી.

બન્ને છોકરા હાથ જોડી શ્રી સર્વોત્તમ સ્તોત્રનો પાઠ કરવા લાગ્યા "નિગૂઢ હૃદયોનન્ય-ભકતેષુજ્ઞાપિતાશય" એટલે સુધી પાઠ થયો ત્યાં પહાર ગામથી ધારેલા શ્રી ગોસ્વામી બાળક આપશ્રીને મળવા પધાર્યા સાથે વહુજી બેટીજી વગેરે હતાં એટલે શ્રી દાદાજી મહારાજ એસવે' સાથે અંદરના ખંડમાં પધાર્યા એ બાળકો બિરાજતાં હતાં ત્યાં બીજા બે ગો. બાળકો પણ થોડી વારને અંતરે પધાર્યા. એ બધાંથી મલીને વાર્તાલાપ વગેરે કરીને લગભગ પોણો કલાકે શ્રીદાદાજી બહારની બેઠકમાં પધાર્યા અમો અને બીજા ઘણાં વૈષ્ણવો બેઠા રહેલાં લૌકિક રીતે તો આપશ્રીને નેત્ર બલ તિરોધાન થયેલ છતાં ગાદીજી ઉપર બિરાજતાં વાર આજ્ઞા કરી "હાં છોકરાવ, બોલો ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધ મોહ નિવારક:" ત્યારે અમો બધાં વૈષ્ણવ ચકિત થઇ રહયાં કે આટલા સમય સુધી ઘણા ગો. બાળકો સાથે અનેક પ્રકારનો વાર્તાલાપ થયો વળતા પધાર્યા ત્યારે પણ અમે બેઠા છઇએ કે ચાલ્યા ગયાં તેની કશીપુછા કરી ન હતી. એટલુ તો ઠીક પણ પાઠ જ્યાંથી છોડેલ તેથી આગળનો શ્લોક પણ પોતે આજ્ઞા કરી આ રીતે ભગવાનમાં કેવું તન્મય થઇ રહેવું જોઇએ તેની સીખ પોતે પ્રકટ કરી આવા પરમ કૃપાળુ શ્રીદાદાંજી મહારાજના યુગલ ચરણોમાં અમારી નમ્ર ભાવાંજલી.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના
હિન્દીમાં પદ્ય રચના

રચયિતા – પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

–સપ્ટે. ૯૫ અંક ૬ના અનુસંધાને ચાલુ....

દૃષ્ટિ દોષ નિવારન કારન । સો અતિ સુંદર જગત નિહારન ॥
મનસિજ સોં હુ સુંદર જે હૈં । અખિલ વિશ્વ કહં હંસ હંસ મોહે ॥૧૫૬

ભૃકુટિ છોર પૈ કારો ચંદા । જાસો સોહત મુખ અરવિન્દા ॥
મૈયા આંજન આંજયો સુન્દર । શોભિત તાસોં નેત્ર અધિકતર ॥૧૫૭

વેણુ લિયે જે દોનોં હાથન । તાહિ બજાવે જાહિ વિચક્ષણ ॥
વેણુ નાદ સુની રૂક હિ સરિત જલ । વૃક્ષ હુ ચેતન હોં હિં તાસુ બલ ॥૧૫૮

પુનિ ચૈતન્ય હુ જડ હો જાહીં । ઔર જડ હુ ચૈતન્ય હુ વાહી ॥
નભચર ધ્રુનિ સુનિ મૌન ધરાવત । સુનત રસાદ્ર ધરા હોજાવત ॥૧૫૯
પરમ અલૌકિક મુરલી નાદા । યા મેં કછુ સંશય ન વિવાદા ॥
નાના ચિન્હન અંકિત બ્રજ કહં । ધારણુ કિન્હે આપ સ્વતઃ જાહં ॥
હોં હિં ત્રિભંગી લલિત આકૃતિ જે । ગ્રીવ ચરણકટિ ટેઢી કરિકે ॥
જિમી સાટા મેં ભર્યો મધુર રસ । તિમી નિજ અંસ દરસાવેં સર્વંસ ॥૧૬૦
સો. શ્રી રાધા કે સાથ કરહી રાસ લીલા વિવિધ । નિજ રસ ગુઢ છિપાત
બાલ ભાવ મુગ્ધતા સન ॥૧૬૧

પછી પ્રભુ શૃંગાર ધરીને માતાની ગોદમાં બિરાજે છે, તેમને વ્રજભકત ગોપી વલ્લભ ભોગ આરોગાવવાને પધરાવી જાય છે ત્યાં સર્વ સામગ્રી આરોગીને આચમન કરી બીડા આરોગીને પછી પધારે છે, તે પ્રકાર તેર શ્લોકથી વર્ણન કરે છે (૧૬૨ થી ૧૭૪).

ગોદી મેં યશોદા મૈયા કી । એક ઓર બેઠે કછુ તાકી ॥
ઘિરે ભયે જે બ્રજ ભક્તન સોં । ભૂષિત કરહિં જુ માતુ ઉદર કોં ॥૧૬૨
મંગલ ગીત વિવિધ વાદ્યન તેં । આવત પુનિ અપની બેઠક મેં ॥
સ્વામિની સખિયન હરષિ બિછાયે । ઉત્તરીય પૈ બેઠ સુહાયે ॥૧૬૩
ગોપિન નિજ નિજ ધરતેં લાઇ । સો સામગ્રી પ્રમુદિત ભ.ઇ ॥
યુવતિન કે શુચિ મંડલ માહી । ભૂષન રૂપન આપ દિખાહીં ॥૧૬૪
સામગ્રી સાદશ્ય બતાઇ । કરિ પરિહાસ જુ તિનહિં લજાઈ ॥
કહે ગયે રસશાસ્ત્રન બાતન । નૃત્ય બંધ મેં અહેં વિચક્ષન ॥૧૬૫
દોહા : નેત્રન કે કટાક્ષ સોં, હિય કો રસ સમઝાહીં ॥
ભોજન રસ કી આડમેં, પ્રિયા અધર રસ પાહિં ॥૧૬૬
કંકણુ શોભિત કર સોં સ્વામિનિ । પંખા ઝલહિં મધુર ગુન કારનિ ॥
તાકી પવન નચાવત અલકન । મુખ છવિ કો જનુ કરહિં પ્રદર્શન ॥૧૬૭
દુગ્ધ-બિન્દુ મુખઇમિ દરસાવેં । નીજુ ગગન નક્ષત્ર દિખાવેં ॥
ભોજન કરત સ્વામિની જીકી । કુજન, ગીત, બાત સુનિ નીકી ॥૧૬૮
પ્રિચા મુખનિ નિસ્સૃત મૃદુસ્વાસન । ભયો સુવાસિત જુ અન્ન ભોજન ॥
બૈઠિ ગોપિયન કે સમૂહ મેં । તિન સંગ તેહિ ભોજન સુખ પાવૈ ॥૧૬૯
મુહ આચમન કરાવહિં દાસી । મુખ પોંછહિં જૈ વસ્ર સુવાસી ॥
બીરીદેત પ્રિયા જુ જબહિં । અતિ ઉત્સુક હો લેવૈ તણ હિં ॥૧૭૦

(ક્રમશઃ)

પુનિ ચૈતન્ય હુ જડ હો જાહીં । ઔર જડ હુ ચૈતન્ય હુ વાહી ॥
નભચર ધુનિ સુનિ મૌન ધરાવત । સુનત રસાદ્ર ધરા હોજાવત ॥૧૫૯
પરમ અલૌકિક મુરલી નાદા । યા મેં કછુ સંશય ન વિવાદા ॥
નાના ચિન્હન અંકિત બ્રજ કહું । ધારણ કિન્હે આપ સ્વતઃ જાહું ॥
હોં હિં ત્રિભંગી લલિત આકૃતિ જે । ગ્રીવ ચરણકટિ ટેઢી કરિકે ॥
જિમી સાટા મેં ભર્યો મધુર રસ । તિમી નિજ અંસ દરસાવેં સર્વંસ ॥૧૬૦
સો. શ્રી રાધા કે સાથ કરહી રાસ લીલા વિવિધ । નિજ રસ ગુઢ છિપાત
બાલ ભાવ મુગ્ધતા સન ॥૧૬૧

પછી પ્રભુ શૃંગાર ધરીને માતાની ગોદમાં બિરાજે છે, તેમને વ્રજભકત ગોપી વલ્લભ ભોગ આરોગાવવાને પધરાવી જાય છે ત્યાં સર્વ સામગ્રી આરોગીને આચમન કરી બીડા આરોગીને પછી પધારે છે, તે પ્રકાર તેર શ્લોકથી વર્ણન કરે છે (૧૬૨ થી ૧૭૪).

ગોદી મેં યશોદા મૈયા કી । એક ઓર બેઠે કછુ તાકી ॥
ઘિરે ભયે જે બ્રજ ભક્તન સોં । ભૂષિત કરહિં જુ માતુ ઉદર કોં ॥૧૬૨
મંગલ ગીત વિવિધ વાદ્યન તેં । આવત પુનિ અપની બેઠક મેં ॥
સ્વામિની સખિયન હરષિ બિછાયે । ઉત્તરીય પૈ બેઠ સુહાયે ॥૧૬૩
ગોપિન નિજ નિજ ધરતેં લાઇ । સો સામગ્રી પ્રમુદિત ભ.ઇ ॥
યુવતિન કે શુચિ મંડલ માહી । ભૂષન રૂપન આપ દિખાહીં ॥૧૬૪
સામગ્રી સાદશ્ય બતાઇ । કરિ પરિહાસ જુ તિનહિં લજાઈ ॥
કહે ગયે રસશાસ્ત્રન બાતન । નૃત્ય બંધ મેં અહૈં વિચક્ષન ॥૧૬૫
દોહા : નેત્રન કે કટાક્ષ સોં, હિય કો રસ સમઝાહીં ॥
ભોજન રસ કી આડમેં, પ્રિયા અધર રસ પાહિં ॥૧૬૬
કંકણ શોભિત કર સોં સ્વામિનિ । પંખા ઝલહિં મધુર ગુન કારનિ ॥
તાકી પવન નચાવત અલકન । મુખ છવિ કો જનુ કરહિં પ્રદર્શન ॥૧૬૭
દુગ્ધ-બિન્દુ મુખઇમિ દરસાવેં । નીજુ ગગન નક્ષત્ર દિખાવેં ॥
ભોજન કરત સ્વામિની જીકી । કુજન, ગીત, બાત સુનિ [illegible]નીકી ॥૧૬૮
પ્રિયા મુખનિ નિસ્સૃત મૃદુસ્વાસન । ભયો સુવાસિત જુ અન્ન ભોજન ॥
બૈઠિ ગોપિયન કે સમૂહ મેં । તિન સંગ તેહિ ભોજન સુખ પાવે ॥૧૬૯
મુહ આચમન કરાવહિં દાસી । મુખ પોંછહિં જૈ વસ્ત્ર સુવાસી ॥
બીરીદેત પ્રિયા જુ જબહિં । અતિ ઉત્સુક હો લેવૈ તબ હિં ॥૧૭૦

(ક્રમશઃ)

(ટાઈટલ ૩ ઉપરથી ચાલુ)

(૩) ગોઠડી ગોવિંદની

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી હરસાનિજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ.

'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૬, ઓફસેટ પ્રિન્ટીંગ. કાર્ડબોર્ડ પુઠું, પીન બાઈન્ડીંગ
ન્યોછાવર દર્શાવેલ નથી.

બ્રહ્મસંબંધ, અનન્યતા અને નિષ્કામવૃત્તિ, સત્સંગ, સ્વરૂપાસક્તિ સમર્પણ. દીનતા કે નિ:સાધનતા, વિરહ, માનસી સેવા વિ. શબ્દોથી દરેક પુષ્ટિમાર્ગીય પરિચિત હશેજ. પરંતુ તેમનું સચોટ અને લોકભોગ્ય સરલ ભાષામાં, વાર્તાલાપ, ચર્ચા અને પ્રશ્નોતરીના રૂપમાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખકે નિરૂપણ કર્યું છે. તે વાંચતા ખુબજ આનંદ અને સાચી સમજણ પ્રાપ્ત થયાનો સંતોષ પ્રાપ્ત થાય છે.

યુવા પ્રૌઢ વૃધ્ધો સૌને રસ પડે, ઉપયોગી નીવડશે. સાચી સમજ આપતું, ગેરસમજ દુર કરી શ્રદ્ધા જગાવનાર આ લઘુ પુસ્તક યુવા વૈષ્ણવો દ્વારા વિવિધ સ્થળોએ અને સમયે પુછાયેલ પ્રશ્નોનું પરિણામ છે.

દરેક વૈષ્ણવ પરિવારે અચુક વાંચવા અને વસાવવા યોગ્ય પુસ્તક.

પ્રાપ્તિ સ્થાન

વિજયભાઈ એમ, દેસાઈ
કેમિ ઈકવિપ. પો. બો. નં. ૨૭૨૮
દેવકરણ મેન્સન, ૧લા માળે
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ–૪૦૦ ૦૦૨

શ્રી સદગુરુ સેવા ટ્રસ્ટ
'સેવા' ૭/એ. અંબિક- સોસાયટી
બી. કે. સિનેમાની બાજુમાં
મહેસાણા–૩૮૪૦૦૨

જામનગર વ્રજ વલ્લભ સોશ્યલ ગૃપ દ્વારા યોજાયેલો રકતદાન કેમ્પ

શ્રી વ્રંજ વલ્લભ સોશ્યલ ગૃપના પ્રથમ વાર્ષિક પ્રસંગના ઉપલક્ષમાં જેકુંરબેન સોની કન્યા વિદ્યાલયમાં પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રીનાં અધ્યક્ષસ્થાને રકતદાન કેમ્પનું ઉદઘાટન તેઓશ્રીએ દીપ પ્રગટાવીને કરેલ. અધ્યક્ષસ્થાનેથી પ્રવચનમાં આ રચનાત્મક પ્રવૃતિઓને બિરદાવી અને આશીર્વાદ પાઠવેલ,

શ્રી વ્રંજ વલ્લભ સોશ્યલ ગૃપના અધ્યક્ષશ્રી પ. પૂ. શ્રી વલ્લભબાવાએ સોશ્યલ ગૃપની દરેક પ્રવૃતિઓમાં વૈષ્ણવોને સહયોગ આપવા અનુરોધ કરેલ. જેતપુરમાં બિરાજતા પ. પુ. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી કે જેઓએ સ્વયં જેતપુરમાં રકતદાન કેમ્પમાં રકતદાન કરેલ. તેઓશ્રીએ પણ આ પ્રવૃતિઓને આશીર્વાદ પાઠવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં જીલ્લા પોલીસ વડા શ્રી કેશવકુમારે જણાવેલ કે જમાનામાં જયારે લોહી વહે છે ત્યારે તે અટકાવીને જનતાના સાથ, સહકારથી જનતા અને પોલીસ વચ્ચે સેતુ બાંધીને માનવીનું લોહી ભેગું કરવામાં આવે તેવી મારી ઈચ્છા છે તેથી પોલીસ અને જનતાનો જે ભેદ છે તે આપણે મીટાવી શકીશુ. માટે આવી રકતદાન પ્રવૃતિઓમાં હું ખાસ હાજર રહીને તે પ્રવૃતિઓને પ્રોત્સાહન આપું છું.

(ટાઈટલ ૩ ઉપરથી ચાલુ)

(૩) ગોઠડી ગોવિંદની

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી હરસાનિજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ.

'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૬, ઓફસેટ પ્રિન્ટીંગ. કાર્ડબોર્ડ પુઠું, પીન બાઈન્ડીંગ

ન્યોછાવર દર્શાવેલ નથી.

બ્રહ્મસંબંધ, અનન્યતા અને નિષ્કામવૃત્તિ, સત્સંગ, સ્વરૂપાસક્તિ સમર્પણ. દીનતા કે નિ:સાધનતા, વિરહ, માનસી સેવા વિ. શબ્દોથી દરેક પુષ્ટિમાર્ગીય પરિચિત હશેજ. પરંતુ તેમનું સચોટ અને લોકભોગ્ય સરલ ભાષામાં, વાર્તાલાપ, ચર્ચા અને પ્રશ્નોતરીના રૂપમાં પુષ્ટિ સાહિત્યના સિદ્ધહસ્ત લેખકે નિરૂપણ કર્યું છે. તે વાંચતા ખુબજ આનંદ અને સાચી સમજણ પ્રાપ્ત થયાનો સંતોષ પ્રાપ્ત થાય છે.

યુવા પ્રૌઢ વૃધ્ધો સૌને રસ પડે, ઉપયોગી નીવડશે. સાચી સમજ આપતું, ગેરસમજ દુર કરી શ્રદ્ધા જગાવનાર આ લઘુ પુસ્તક યુવા વૈષ્ણવો દ્વારા વિવિધ સ્થળોએ અને સમયે પુછાયેલ પ્રશ્નોનું પરિણામ છે.

દરેક વૈષ્ણવ પરિવારે અચુક વાંચવા અને વસાવવા યોગ્ય પુસ્તક.

પ્રાપ્તિ સ્થાન

વિજયભાઈ એમ, દેસાઈ
કેમિ ઈકવિપ. પો. બો. નં. ૨૭૨૮
દેવકરણ મેન્સન, ૧લા માળે
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ–૪૦૦ ૦૦૨

શ્રી સદગુરુ સેવા ટ્રસ્ટ
'સેવા' ૭/એ. અંબિક- સોસાયટી
બી. કે. સિનેમાની બાજુમાં
મહેસાણા–૩૮૪૦૦૨

જામનગર વ્રજ વલ્લભ સોશ્યલ ગૃપ દ્વારા યોજાયેલો રકતદાન કેમ્પ

શ્રી વ્રજ વલ્લભ સોશ્યલ ગૃપના પ્રથમ વાર્ષિક પ્રસંગના ઉપલક્ષમાં જેકુંરબેન સોની કન્યા વિદ્યાલયમાં પ. પૂ. શ્રી હરિરાયજી મહારાજશ્રીનાં અધ્યક્ષસ્થાને રકતદાન કેમ્પનું ઉદઘાટન તેઓશ્રીએ દીપ પ્રગટાવીને કરેલ. અધ્યક્ષસ્થાનેથી પ્રવચનમાં આ રચનાત્મક પ્રવૃતિઓને બિરદાવી અને આશીર્વાદ પાઠવેલ,

શ્રી વ્રજ વલ્લભ સોશ્યલ ગૃપના અધ્યક્ષશ્રી પ. પૂ. શ્રી વલ્લભબાવાએ સોશ્યલ ગૃપની દરેક પ્રવૃતિઓમાં વૈષ્ણવોને સહયોગ આપવા અનુરોધ કરેલ. જેતપુરમાં બિરાજતા પ. પુ. ગો. શ્રી બાલકૃષ્ણ લાલજી મહારાજશ્રી કે જેઓએ સ્વયં જેતપુરમાં રકતદાન કેમ્પમાં રકતદાન કરેલ. તેઓશ્રીએ પણ આ પ્રવૃતિઓને આશીર્વાદ પાઠવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં જીલ્લા પોલીસ વડા શ્રી કેશવકુમારે જણાવેલ કે જમાનામાં જયારે લોહી વહે છે ત્યારે તે અટકાવીને જનતાના સાથ, સહકારથી જનતા અને પોલીસ વચ્ચે સેતુ બાંધીને માનવીનું લોહી ભેગું કરવામાં આવે તેવી મારી ઈચ્છા છે તેથી પોલીસ અને જનતાનો જે ભેદ છે તે આપણે મીટાવી શકીશું. માટે આવી રકતદાન પ્રવૃતિઓમાં હું ખાસ હાજર રહીને તે પ્રવૃતિઓને પ્રોત્સાહન આપું છું.

ડૉ. શ્રી કે. એમ આચાર્યે અત્યારે જે એઈડસનો રોગ ફેલાઈ રહયો છે તેની વિશેષ સમજણપુર્વક માહિતી આપેધી હતી. જામનગર મહાનગરપાલીકાના સ્થાઈ કમિટિના અધ્યક્ષશ્રી ગોતમભાઈ તાળાએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

વૈષ્ણવ સયાજના પ્રમુખશ્રી જયંતિભાઈ સોની બહારગામ ગયા હોવાથી તેમના પુત્ર શ્રી મનમોહનભાઈએ તેમનો સંદેશો આપેલ. શ્રી જયેન્દ્રભાઈ અડાજાએ શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જે સિદ્ધિઓ, રાજસ્થાન સરકારે તેઓશ્રીને મહાકવિની જે પદવી આપેલ છે. તેમનો ઉલ્લેખ કરેલ.

આ રકતદાન કેન્દ્રમાં કુલ ૫૧ રકતદાતાઓએ રકતદાન કરેલ તેમજ આ ગ્રુપ મંત્રીશ્રી ધીરૂભાઈ બુદ્ધભટ્ટીએ ૧૦૬ વખત રકતદાન કરેલ છે. તેઓશ્રીએ પણ રકતદાન કરેલ. આ કાર્યક્રમમાં જેકુંરબા કન્યા વિદ્યાલયના વિદ્યાર્થી, શૈક્ષણીક તેમજ બીન શૈક્ષણીક કર્મચારી, આ ગ્રુપના કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી.

સ્વાગત પ્રવચન શ્રી નટુબાઈ પારેખે કર્યું હતું. અંતમાં આભારદર્શન શ્રી વજૂભાઈ પાબારીએ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રેરિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળા રાજકોટ આયોજીત શ્રી ચંદ્રસરોવર રાસ મંડળ દ્વારા નવરાત્રિ "નવ વિલાસ"

પાશ્ચિમાત્ય સંગીતની સુરાવલીઓ સાથે ડીસ્કો ડાંડીયાની મોંગી ફી ભરી વાતવરણને કલુષિત બનાવતા કાર્યક્રમોમાંથી યુવાનો બહાર આવે અને ભકિતભાવ સુદઢ બને તેમજ અન્યાશ્રય તરફ ચિત ન ઢળેતેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળા આયોજીત "શ્રી ચંદ્ર સરોવર રાસ મંડળ" નવારત્રી નવ વિલાસ રાસનું આયોજન કરવામાં આવેલ

ખત્રીવાડમાં આવેલ "શ્રી જસુબાઈ મંડાણ"માં "શ્રી રાધાકૃષ્ણ ભકિતના પદો શ્રી યમુના મહારાણીના પદો સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં ગવાતા પ્રચલિય રાસ માટેના ધોળ પદોનાં ગાન કરતાં બાળકોથી માંડી પ્રૌઢ સુધીના ભાઈ બહેનો રાસમાં જોડાઈ આનંદ માણવાની સાથે ભકિત ભાવ દઢ કરી રહયા છે સાથે અનેક વૈષ્ણવો ભગવદ ગુણાનુરાદના શ્રવણ દર્શનનો આનંદ પ્રાપ્ત કરેલ.

આયોજનનું સંચાલન યુવા વર્ગના વૈષ્ણવો તથા વિદ્યાર્થી ભાઈ–બહેનોમાં મનોજભાઈ-જીજ્ઞેશભાઈ–વિનોદભાઈ ડેલાવાળા, ધર્મેશભાઈ, ભદ્રાબેન, કિશોરભાઈ ફીચડીયા, દેવીબેન, પ્રીતીબેન, કમલેશભાઈ વસંતભાઈ ફીચડીયા જેવા યુવક યુવતીઓ તેમજ રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળીનાં સભ્યોના સહયોગથી કરવામાં આવેલ.

પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળાની અન્ય પ્રવૃતિ અંગેની જાણકારી આપતા આ. રા. પુ. વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ માહિતી આપતા જણાવેલ કે,

પુજય ગોસ્વામી બાળકોની આજ્ઞાથી ૧૧ વરસ પહેલા દરબાગઢ પાસે હરીદાસ મંડાણમાં પાઠશાળાની શરૂઆત કરી ત્યારબાદ જલારામ પ્લોટમાં શ્રીમતિ હર્ષાબેન ઠકકર દ્વારા બીજી પાઠશાળા શરુ થઈ. તેમાંથી પ્રેરણા લઈ અનેક યુવકો આ પ્રવૃતિઓમાં જોડાયા, જેમાં ભુપેન્દ્રભાઈ ધાબલીયાએ પણ મહેનત લઈ જુદા જુદા વિસ્તારમાં રાજકોટમાં હાલ ૯ પાઠશાળા દરબારગઢ, જયરાજ પ્લોટ, લક્ષ્મીવાડી, કેવડાવાડી, જલારામ–૧ જલારામ–૨ અમરનાથ પ્લોટ નિલકંઠ ટોકીઝ વિસ્તાર તેમજ સુભાષનગરમાં પાઠશાળા નિયમિતરૂપમાં ચાલી રહી છે. જેમાં શ્રી મદવલ્લભાચાર્યજી સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનાં બાળકોને સેવા–સંસ્કારનાં પાઠ શીખવવામાં આવે છે. પાઠશાળામાં કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી તેમજ શીખવનરને પણ કોઈપણ પ્રકારનો ચાર્જ આપવામાં આવતો નથી. વૈષ્ણવ વડીલોના માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત કરેલ જ્ઞાન દ્વારા તેમાં આવતા બાળકો અને યુવાનો સાથે મળી સંચાલન કરતાં હોય છે જે એક વિશેષતા છે.

ડૉ. શ્રી કે. એમ આચાર્યે અત્યારે જે એઈડસનો રોગ ફેલાઈ રહયો છે તેની વિશેષ સમજણપુર્વક માહિતી આપેધી હતી. જામનગર મહાનગરપાલીકાના સ્થાઈ કમિટિના અધ્યક્ષશ્રી ગોતમભાઈ તાળાએ પ્રાસંગિક પ્રવચન કરેલ.

વૈષ્ણવ સયાજના પ્રમુખશ્રી જયંતિભાઈ સોની બહારગામ ગયા હોવાથી તેમના પુત્ર શ્રી મનમોહનભાઈએ તેમનો સંદેશો આપેલ. શ્રી જયેન્દ્રભાઈ અડાજાએ શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જે સિદ્ધિઓ, રાજસ્થાન સરકારે તેઓશ્રીને મહાકવિની જે પદવી આપેલ છે. તેમનો ઉલ્લેખ કરેલ.

આ રકતદાન કેન્દ્રમાં કુલ ૫૧ રકતદાતાઓએ રકતદાન કરેલ તેમજ આ ગ્રુપ મંત્રીશ્રી ધીરૂભાઈ બુદ્ધભટ્ટીએ ૧૦૬ વખત રકતદાન કરેલ છે. તેઓશ્રીએ પણ રકતદાન કરેલ. આ કાર્યક્રમમાં જેકુંરબા કન્યા વિદ્યાલયના વિદ્યાર્થી, શૈક્ષણીક તેમજ બીન શૈક્ષણીક કર્મચારી, આ ગ્રુપના કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી.

સ્વાગત પ્રવચન શ્રી નટુબાઈ પારેખે કર્યું હતું. અંતમાં આભારદર્શન શ્રી વજૂભાઈ પાબારીએ કર્યું હતું.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રેરિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળા રાજકોટ આયોજીત શ્રી ચંદ્રસરોવર રાસ મંડળ દ્વારા નવરાત્રિ "નવ વિલાસ"

પાશ્ચિમાત્ય સંગીતની સુરાવલીઓ સાથે ડીસ્કો ડાંડીયાની મોંગી ફી ભરી વાતવરણને કલુષિત બાનાવતા કાર્યક્રમોમાંથી યુવાનો બહાર આવે અને ભકિતભાવ સુદઢ બને તેમજ અન્યાશ્રય તરફ ચિત ન ઢળેતેથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળા આયોજીત "શ્રી ચંદ્ર સરોવર રાસ મંડળ" નવારત્રી નવ વિલાસ રાસનું આયોજન કરવામાં આવેલ

ખત્રીવાડમાં આવેલ "શ્રી જસુબાઈ મંડાણ"માં "શ્રી રાધાકૃષ્ણ ભકિતના પદો શ્રી યમુના મહારાણીના પદો સાથે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજમાં ગવાતા પ્રચલિય રાસ માટેના ધોળ પદોનાં ગાન કરતાં બાળકોથી માંડી પ્રૌઢ સુધીના ભાઈ બહેનો રાસમાં જોડાઈ આનંદ માણવાની સાથે ભકિત ભાવ દઢ કરી રહયા છે સાથે અનેક વૈષ્ણવો ભગવદ ગુણાનુરાદના શ્રવણ દર્શનનો આનંદ પ્રાપ્ત કરેલ.

આયોજનનું સંચાલન યુવા વર્ગના વૈષ્ણવો તથા વિદ્યાર્થી ભાઈ–બહેનોમાં મનોજભાઈ-જીજ્ઞેશભાઈ–વિનોદભાઈ ડેલાવાળા, ધર્મેશભાઈ, ભદ્રાબેન, કિશોરભાઈ ફીચડીયા, દેવીબેન, પ્રીતીબેન, કમલેશભાઈ વસંતભાઈ ફીચડીયા જેવા યુવક યુવતીઓ તેમજ રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળીનાં સભ્યોના સહયોગથી કરવામાં આવેલ.

પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સેવા–સંસ્કાર પાઠશાળાની અન્ય પ્રવૃતિ અંગેની જાણકારી આપતા આ. રા. પુ. વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ માહિતી આપતા જણાવેલ કે,

પુજય ગોસ્વામી બાળકોની આજ્ઞાથી ૧૧ વરસ પહેલા દરબાગઢ પાસે હરીદાસ મંડાણમાં પાઠશાળાની શરૂઆત કરી ત્યારબાદ જલારામ પ્લોટમાં શ્રીમતિ હર્ષાબેન ઠકકર દ્વારા બીજી પાઠશાળા શરુ થઈ. તેમાંથી પ્રેરણા લઈ અનેક યુવકો આ પ્રવૃતિઓમાં જોડાયા, જેમાં ભુપેન્દ્રભાઈ ધાબલીયાએ પણ મહેનત લઈ જુદા જુદા વિસ્તારમાં રાજકોટમાં હાલ ૯ પાઠશાળા દરબારગઢ, જયરાજ પ્લોટ, લક્ષ્મીવાડી, કેવડાવાડી, જલારામ–૧ જલારામ–૨ અમરનાથ પ્લોટ નિલકંઠ ટોકીઝ વિસ્તાર તેમજ સુભાષનગરમાં પાઠશાળા નિયમિતરૂપમાં ચાલી રહી છે. જેમાં શ્રી મદવલ્લભાચાર્યજી સંસ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનાં બાળકોને સેવા–સંસ્કારનાં પાઠ શીખવવામાં આવે છે. પાઠશાળામાં કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી તેમજ શીખવનારને પણ કોઈપણ પ્રકારનો ચાર્જ આપવામાં આવતો નથી. વૈષ્ણવ વડીલોના માર્ગદર્શન દ્વારા પ્રાપ્ત કરેલ જ્ઞાન દ્વારા તેમાં આવતા બાળકો અને યુવાનો સાથે મળી સંચાલન કરતાં હોય છે જે એક વિશેષતા છે.

પાઠશાળામાં પુષ્ટિમાર્ગી સંપ્રદાયના સિધ્ધાંતોનું મનન પઠન અને જાણકારી, શ્રી ઠાકોરજીના વાઘા-વસ્રો તેમજ શ્રીગાર તૈયાર કેમ કરવા તે શીખવવાની સાથે વકતૃત્વ સ્પર્ધા પ્રશ્નોતરી-કવીઝ ટાઈમ એકટીવીટી દ્વારા બાળકોમાં રહેલી શકિતને બહાર લાવવા અને ખીલવવા સાથે વાજીંત્ર વાદ્ય કલા શીખવવા સંગીત શીખવવા જેવી પ્રવૃતિઓ ચાલી રહે છે જે દ્વારા સાંપ્રદાયીક કાર્યક્રમોમાં કાર્યકમ આપી મંત્રમુગ્ધ કરતાં હોય છે.

આ સાથે સેવાકીય પ્રવૃતિમાં પાંજરાપોળની અશકત ગાયોને દર રવિવારે ૫ મણ જેટલા લાડવા પાઠશાળાના ભાળકો અને યુવાનો જાતે બનાવી રૂબરૂ ગાયોને ખવડાવવા જતા હોય છે.

જે ખર્ચનું ઉઘરાણું થતું નથી પરંતુ બાળકોને પોતાને વાપરવા મળતી રકમમાંથી બચત કરી ફંડ એકત્રીત કરી આવી સુદર પ્રવૃતિ ચલાવી રહયાં માંદી ગાયોની દવા તથા ઓપરેશન કરાવી આપવાની પણ સેવાકીય પ્રવૃતિ તેમજ કે. ટી. ચીલ્ડ્રન હોસ્પિટલમાં દર રવિવારે ખાટલે ખાટલે જઈ બે બે ફળો આપી સમાજને માર્ગદર્શન આપતી પ્રવૃતિ બાળકો કરી રહયાં છે.

આવી અનેરી સુંદર પ્રવૃતિમાં રાજકોટમાં બીરાજમાન ગોસ્વામી બાળકો પૂજય ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય ગો. શ્રી પુરસોતમલાલજી મહોદય ગો. શ્રી. રવિન્દ્રકુમારજી મહોદય ગો. શ્રી રસીકરાયજી મહારાજ તેમજ રાજકોટમાં પધારતા અન્ય ગોસ્વામી બાળકોમાં માર્ગદર્શન સાથે આશીર્વાદ પ્રાપ્ત થતાં રહયા છે

૫ ભ. ગોકુળદાસ સોની ભુપેન્દ્રભાઈ ધાબલીયા શ્રીમતિ હર્ષાબેન ઠકકર શ્રી ડાયાભાઈ ડેલાવાળા તથા રાજકોટના અનેક અગ્રણી વૈષ્ણવોનાં માર્ગદર્શનથી આ પ્રવૃતિનો વિકાસ થઈ રહયો છે.

આગામી વરસોનાં સોરાષ્ટ્રનાં અન્ય ક્ષેત્રોમાં આવી પ્રવૃતિ વિકાશે તે માટેનું આયોજન વિચારાઈ રહ્યું છે.

રાજકોટમાં શ્રી હરિરાયજી મહાપ્રભુના પ્રાકટયોત્વની ઉજવણી

અત્રે પુ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના નિવાસસ્થાન શ્રી મદનમોહન કુંજમાં શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ ખુબજ ઉત્સાહ પુર્વક મનાવાયો રાત્રે વધાઈ કીર્તન તથા શ્રી બડીદાનલીલાનું ગાન પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવા સાહેબ કરાવેલ.

ઉત્સવનાયકના પ્રેરક પ્રસંગોનું વર્ણન અને પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવા સાહેબના અત્યંત મનનીય સાર ગર્ભિત વચનામૃતો થયેલ.

શ્રીમદન મોહન યુવક સમાજના સર્વે સભ્યોએ કાર્યક્રમમાં અત્યંત ઉત્સાહથી સર્વે વ્યવસ્થા યોજેલ.

પ્રચાર પ્રવાસ

પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર-રાજકોટ) દ્વારા તા. ૧ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી દોઢ મહીનાનો ઈન્ગ્લેન્ડનો પ્રવાસ સફળતા પુર્વક સંપન્ન થયો,

ત્યાં આં. પુ. વૈ. પરિષદ દ્વારા આયોજિત 'સ્નેહ સંમેલન'માં લ્યુકેમીયા ફાઉન્ડેશનને પુ. શ્રી રસિકરાયજીએ ૧૦૦ પાઉન્ડનું ડોનેશન આપ્યું. તથા 'પરિષદ'ને પણ ડોનેશન આપેલ.

આપશ્રીએ શ્રી હરિરાયજીના પદોપર વિસ્તૃત વિવેચન કર્યું હતું જેનો મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજર રહી લાભ લીધેલ પ્રવાસ કાર્યક્રમની વિસ્તૃત માહિતી આવતા અંકમાં આપવામાં આવશે.

પાઠશાળામાં પુષ્ટિમાર્ગી સંપ્રદાયના સિધ્ધાંતોનું મનન પઠન અને જાણકારી, શ્રી ઠાકોરજીના વાઘા-વસ્ત્રો તેમજ શ્રીંગાર તૈયાર કેમ કરવા તે શીખવવાની સાથે વકતૃત્વ સ્પર્ધા પ્રશ્નોતરી–કવીઝ ટાઈમ એકટીવીટી દ્વારા બાળકોમાં રહેલી શકિતને બહાર લાવવા અને ખીલવવા સાથે વાજીંત્ર વાદ્ય કલા શીખવવા સંગીત શીખવવા જેવી પ્રવૃતિઓ ચાલી રહે છે જે દ્વારા સાંપ્રદાયીક કાર્યક્રમોમાં કાર્યકમ આપી મંત્રમુગ્ધ કરતાં હોય છે.

આ સાથે સેવાકીય પ્રવૃતિમાં પાંજરાપોળની અશકત ગાયોને દર રવિવારે ૫ મણ જેટલા લાડવા પાંઠશાળાના ભાળકો અને યુવાનો જાતે બનાવી રૂબરૂ ગાયોને ખવડાવવા જતા હોય છે.

જે ખર્ચનું ઉઘરાણું થતું નથી પરંતુ બાળકોને પોતાને વાપરવા મળતી રકમમાંથી બચત કરી ફંડ એકત્રીત કરી આવી સુદર પ્રવૃતિ ચલાવી રહયાં માંદી ગાયોની દવા તથા ઓપરેશન કરાવી આપવાની પણ સેવાકીય પ્રવૃતિ તેમજ કે. ટી. ચીલ્ડ્રન હોસ્પિટલમાં દર રવિવારે ખાટલે ખાટલે જઈ બે બે ફળો આપી સમાજને માર્ગદર્શન આપતી પ્રવૃતિ બાળકો કરી રહયાં છે.

આવી અનેરી સુંદર પ્રવૃતિમાં રાજકોટમાં બીરાજમાન ગોસ્વામી બાળકો પૂજ્ય ગો, શ્રી વલ્લભલાલજી મહારાજ ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય ગો. શ્રી પુરસોતમલાલજી મહોદય ગો. શ્રી. રવિન્દ્રકુમારજી મહોદય ગો. શ્રી રસીકરાયજી મહારાજ તેમજ રાજકોટમાં પધારતા અન્ય ગોસ્વામી બાળકોમાં માર્ગદર્શન સાથે આશીર્વાદ પ્રાપ્ત થતાં રહયા છે

પ ભ. ગોકુળદાસ સોની ભુપેન્દ્રભાઈ ધાબલીયા શ્રીમતિ હર્ષાબેન ઠકકર શ્રી ડાયાભાઈ ડેલાવાળા તથા રાજકોંટના અનેક અગ્રણી વૈષ્ણવોનાં માર્ગદર્શનથી આ પ્રવૃતિનો વિકાસ થઈ રહયો છે.

આગામી વરસોનાં સોરાષ્ટ્રનાં અન્ય ક્ષેત્રોમાં આવી પ્રવૃતિ વિકાશે તે માટેનું આયોજન વિચારાઈ રહ્યું છે.

રાજકોટમાં શ્રી હરિરાયજી મહાપ્રભુના પ્રાકટયોત્વની ઉજવણી

અત્રે પુ પા. ગો શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના નિવાસસ્થાન શ્રી મદનમોહન કુંજમાં શ્રીહરિરાયજી મહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ ખુબજ ઉત્સાહ પુર્વક મનાવાયો રાત્રે વધાઈ કીર્તન તથા શ્રી બડીદાનલીલાનું ગાન પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવા સાહેબ કરાવેલ.

ઉત્સવનાયકના પ્રેરક પ્રસંગોનું વર્ણન અને પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવા સાહેબના અત્યંત મનનીય સાર ગર્ભિત વચનામૃતો થયેલ.

શ્રીમદન મોહન યુવક સમાજના સર્વે સભ્યોએ કાર્યક્રમમાં અત્યંત ઉત્સાહથી સર્વે વ્યવસ્થા યોજેલ.

પ્રચાર પ્રવાસ

પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા–પોરબંદર–રાજકોટ) દ્વારા તા. ૧ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી દોઢ મહીનાનો ઈન્ગ્લેન્ડનો પ્રવાસ સફળતા પુર્વક સંપન્ન થયો,

ત્યાં આં. પુ. વૈ. પરિષદ દ્વારા આયોજિત 'સ્નેહ સંમેલન'માં લ્યુકેમીયા ફાઉન્ડેશનને પુ. શ્રી રસિકરાયજીએ ૧૦૦ પાઉન્ડનું ડોનેશન આપ્યું. તથા 'પષિદ'ને પણ ડોનેશન આપેલ.

આપશ્રીએ શ્રી હરિરાયજીના પદોપર વિસ્તૃત વિવેચન કર્યું હતું જેનો મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજર રહી લાભ લીધેલ પ્રવાસ કાર્યક્રમની વિસ્તૃત માહિતી આવતા અંકમાં આપવામાં આવશે.

પુસ્તક પરિચય

(૧) પુષ્ટિ પુલિન

અંગુલિ-નિર્દેશક :- શ્રી નવનીત પ્રિય જેઠાલાલ શાસ્ત્રી
પ્રકાશક – વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર" મોટી પોળ, મોદી સાંથ નડીઆદ–૩૮૭૦૦૧

આઠ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૯૦૦, ઓફસેટ પ્રિન્ટીંગ, સેકસન સિલાઈ, પકું બાઈન્ડીંગ. પુંઠા ઉપર મહારાસ મંડળનું બહુરંગી ચિત્રછબીવાળું ન્યોછાવર રૂા. ૨૦૦/–

નદીની વચ્ચેના બેટ જેવા ભાગને પુલિન કહેવાય. પુષ્ટિ પુલિન એટલે શ્રીમદ ભાગવતમાં દર્શાવાયેલ શ્રી યમુનાજીમાં આવેલ પુલિન કે જયાં પુષ્ટિભકિત માર્ગ પ્રવર્તક ગુરુ શ્રી ગોપીજનને જીવન ફલ લાભરૂપ ભગવત સ્વરૂપાનંદ સુલભ થયો.

આ પુષ્ટિ પુલિનને પુસ્તક સ્વરૂપ આપનાર શ્રી પુષ્ટિ સાહિત્યના સુપ્રસિદ્ધ સિદ્ધહસ્ત લેખક છે.

આ ગ્રંથમાં ચાર વિભાગો પુલિનના ચાર તટરૂપે દર્શાવ્યા છે.

(૧) શાસ્ત્ર તટ – ઓંકાર ગાયત્રીથી આરંભીને ગીતાજી, ભાગવતજી વગેરે સઘળામાં કૃષ્ણ અને કૃષ્ણસેવાનું જ પ્રતિપાદન છે તેમ સ્પષ્ટ દર્શાવ્યું છે. સર્વ પ્રકારે પણ છેવટે તો સૌ કૃષ્ણનેજ ભજે છે. સર્વના મૂળરૂપ છે. શ્રીકૃષ્ણ

(૨) આ ચાર તટમાં પ્રેમજ મુખ્ય આચાર છે. બીજા આનુષંગિક–આચારો સેવા યોગ્ય પવિત્રતા માટે, દેહાનુસંધાન હોય ત્યાં સુધી, વર્ણાશ્રમાદિ ધર્મો પાળવા આવશ્યક છે તેમ દર્શાવ્યું છે.

(૩) કૃષ્ણ તટમાં કૃષ્ણના વિશેષ પરિચય અને વિશિષ્ટ પ્રીતિ માટે, તદાભિન્નરૂપ શ્રી સ્વામિનીજી–શ્રી યમુનાજી–શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી સંબંધી સ્તોત્રો છે.

(૪) સેવાતટમાં–ભકિત માર્ગની મુખ્યતા, સેવ્ય સેવક સંબંધ નિત્યલીલા સેવા, સેવા પ્રકાર અને તેમાં ઉત્સવાદિની વિશેષતા વગેરે દર્શાવેલ છે.

પુષ્ટિ પુલિન ગ્રંથમાં મહાપ્રભુ શ્રીમદ વલ્લભાચાર્ય ચરણના મતનું જ યથામતિ પ્રતિપાદન છે.

લોકભોગ્ય છતાં વિદ્વાન યોગ્ય રીતે લખાયેલ આ ગ્રંથ દળદાર છે. દરેક વૈષ્ણવે વાંચવા અને વસાવવા યોગ્ય ગ્રંથ લગ્ન પ્રસંગે જીવનભરના ભાથારૂપે ભેટ આપવા યોગ્ય ગ્રંથ દરેકે અચૂક વાંચવા તથા વસાવવા યોગ્ય ગ્રંથ ધન્યવાદ.

(૨) ગંગા સ્મરણ ભાગ-૨

સંપાદક – શાહ શાન્તિલાલ મોહનલાલ, નડીઆદ
પ્રકાશક – ભાઈલાલ છોટાભાઈ ઠક્કર, ૭–૩ એ. શ્રીજી બાગ ફ્લેટસ નવરંગપુરા
પોલીસ ચોકી પાછળ. અમદાવાદ–૩૮૦ ૦૦૯

૮ પેઈજી ડેમીસાઈઝ પૃષ્ઠ ૭૬ પીન બાઈન્ડીંસ કાર્ડ બોર્ડ પુંઠું ઓફસેટ પ્રિન્ટીંગ
ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિ સંપ્રદાયની જાણવાલાયક સંક્ષિપ્ત માહિતીનો સંગ્રહ ત્રણ વિભાગમાં આપેલ છે. ભાગ ૧માં પુષ્ટિમાર્ગના પાંચતત્ત્વ, બ્રહ્મસંબંધ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી સાતલાલજી. અષ્ટસખાનો પરિચય આપેલ છે.

ભાગ–૨માં–પુષ્ટિમાર્ગીય સેવા ભાવના–વિધિ, પુષ્ટિ માર્ગનું કલાવિધાન, સાહિત્ય તથા ઉત્સવની માહિતી ઉપરાંત શુદ્ધાદ્વૈત સિધ્ધાંત, વૈષ્ણવના લક્ષણો વગેરે માહિતી છે.

ભાગ–૩માં નિત્યપદ તથા વાર્ષિક ઉત્સવના કીર્તન સ્તોત્રો. ધોળ આપેલા છે.

સંપાદક–પ્રકાશકને ધન્યવાદ.

(વધુ માટે જુઓ ટાઈટલ ૨ રમું)

પુસ્તક પરિચય

(૧) પુષ્ટિ પુલિન

અંગુલિ-નિર્દેશક :- શ્રી નવનીત પ્રિય જેઠાલાલ શાસ્ત્રી
પ્રકાશક – વિદ્યાનિધિ (ટ્રસ્ટ)
"વ્રજવિહાર" મોટી પોળ, મોદી સાંથ નડીઆદ-૩૮૭૦૦૧

આઠ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૯૦૦, ઓફસેટ પ્રિન્ટીંગ, સેકસન સિલાઈ, પકું બાઈન્ડીંગ. પુંઠા ઉપર મહારાસ મંડળનું બહુરંગી ચિત્રછબીવાળું ન્યોછાવર રૂા. ૨૦૦/-

નદીની વચ્ચેના બેટ જેવા ભાગને પુલિન કહેવાય. પુષ્ટિ પુલિન એટલે શ્રીમદ ભાગવતમાં દર્શાવાયેલ શ્રી યમુનાજીમાં આવેલ પુલિન કે જયાં પુષ્ટિભકિત માર્ગ પ્રવર્તક ગુરુ શ્રી ગોપીજનને જીવન ફલ લાભરૂપ ભગવત સ્વરૂપાનંદ સુલભ થયો.

આ પુષ્ટિ પુલિનને પુસ્તક સ્વરૂપ આપનાર શ્રી પુષ્ટિ સાહિત્યના સુપ્રસિદ્ધ સિદ્ધહસ્ત લેખક છે.

આ ગ્રંથમાં ચાર વિભાગો પુલિનના ચાર તટરૂપે દર્શાવ્યા છે.

(૧) શાસ્ત્ર તટ – ઓંકાર ગાયત્રીથી આરંભીને ગીતાજી, ભાગવતજી વગેરે સઘળામાં કૃષ્ણ અને કૃષ્ણસેવાનું જ પ્રતિપાદન છે તેમ સ્પષ્ટ દર્શાવ્યું છે. સર્વ પ્રકારે પણ છેવટે તો સૌ કૃષ્ણનેજ ભજે છે. સર્વના મૂળરૂપ છે. શ્રીકૃષ્ણ

(૨) આ ચાર તટમાં પ્રેમજ મુખ્ય આચાર છે. બીજા આનુષંગિક-આચારો સેવા યોગ્ય પવિત્રતા માટે, દેહાનુસંધાન હોય ત્યાં સુધી, વર્ણાશ્રમાદિ ધર્મો પાળવા આવશ્યક છે તેમ દર્શાવ્યું છે.

(૩) કૃષ્ણ તટમાં કૃષ્ણના વિશેષ પરિચય અને વિશિષ્ટ પ્રીતિ માટે, તદાભિન્નરૂપ શ્રી સ્વામિનીજી-શ્રી યમુનાજી-શ્રી મહાપ્રભુજી શ્રી ગુસાંઈજી સંબંધી સ્તોત્રો છે.

(૪) સેવાતટમાં-ભકિત માર્ગની મુખ્યતા, સેવ્ય સેવક સંબંધ નિત્યલીલા સેવા, સેવા પ્રકાર અને તેમાં ઉત્સવાદિની વિશેષતા વગેરે દર્શાવેલ છે.

પુષ્ટિ પુલિન ગ્રંથમાં મહાપ્રભુ શ્રીમદ વલ્લભાચાર્ય ચરણના મતનું જ યથામતિ પ્રતિપાદન છે.

લોકભોગ્ય છતાં વિદ્વાન યોગ્ય રીતે લખાયેલ આ ગ્રંથ દળદાર છે. દરેક વૈષ્ણવે વાંચવા અને વસાવવા યોગ્ય ગ્રંથ લગ્ન પ્રસંગે જીવનભરના ભાથારૂપે ભેટ આપવા યોગ્ય ગ્રંથ દરેકે અચૂક વાંચવા તથા વસાવવા યોગ્ય ગ્રંથ ધન્યવાદ.

(૨) ગંગા સ્મરણ ભાગ-૨

સંપાદક – શાહ શાન્તિલાલ મોહનલાલ, નડીઆદ
પ્રકાશક – ભાઈલાલ છોટાભાઈ ઠક્કર, ૭-૩ એ. શ્રીજી બાગ ફ્લેટસ નવરંગપુરા
પોલીસ ચોકી પાછળ. અમદાવાદ-૩૮૦ ૦૦૯

૮ પેઈજી ડેમીસાઇઝ પૃષ્ઠ ૭૬ પીન બાઈન્ડીંસ કાર્ડ બોર્ડ પુંઠું ઓફસેટ પ્રિન્ટીંગ
ન્યોછાવર દર્શાવેલ નથી.

પ્રસ્તુત પુસ્તકમાં પુષ્ટિ સંપ્રદાયની જાણવાલાયક સંક્ષિપ્ત માહિતીનો સંગ્રહ ત્રણ વિભાગમાં આપેલ છે. ભાગ ૧માં પુષ્ટિમાર્ગના પાંચતત્ત્વ, બ્રહ્મસંબંધ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી સાતલાલજી. અષ્ટસખાનો પરિચય આપેલ છે.

ભાગ-૨માં-પુષ્ટિમાર્ગીય સેવા ભાવના-વિધિ, પુષ્ટિ માર્ગનું કલાવિધાન, સાહિત્ય તથા ઉત્સવની માહિતી ઉપરાંત શુદ્ધાદ્વૈત સિધ્ધાંત, વૈષ્ણવના લક્ષણો વગેરે માહિતી છે.

ભાગ-૩માં નિત્યપદ તથા વાર્ષિક ઉત્સવના કીર્તન સ્તોત્રો. ધોળ આપેલા છે.

સંપાદક-પ્રકાશકને ધન્યવાદ.

(વધુ માટે જુઓ ટાઈટલ ૨ મું)

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month,
Regd.No.G/RJ.212-L.P.W.P43

નંદલાલ સાથે લાગી લગન

નંદલાલ શાથે લાગી લગન જો,
ઘેલી કીધી મને ગોવાળીયે. ટેક.
એની કટાક્ષે કોર્યું છે મારૂં કાળજું જો;
કામણગારા રસિક રત્નમય લોચન જો....ઘેલી૦ ૧
કોટિકંદર્પ સરખી છબી શોભતિ જો;
કોટિ હરે શશી તેજ વદન જો....ઘેલી૦ ૨
એનું સર્વ સારૂ લાગે શું વખાણીયે જો;
પૂરણ પ્રેમ રસમય એનું તન જો....ઘેલી૦ ૩
વશીકરણ વિદ્યાભરી એની વાંસળી જો;
ચોરે ચિત્ત થાય વ્યાકુલ મુજ મન જો....ઘેલી૦ ૪
હાંરે ગિરધારી વિના ગમતું નથી જો;
ક્યાં જઇ દાખું મારા અંતરની અગન જો....ઘેલી૦ ૫
મારી સહીયર કેતી તે હું ન માનતી જો;
એ છે મોહિની સ્વરૂપ મોહન જો....ઘેલી૦ ૬
સાસરેથી પીયર પીયરથી જાઉં સાસરે જો;
ક્યાંય કળ ન પડે મોહન સાથે મન જો....ઘેલી૦ ૭
લાગી તાલાવેલી ફટકરી થઇને ફરૂં જો;
નાવે નિદ્રા ન ભાવે ભોજન જો....ઘેલી૦ ૮
હું તો પાય લાગુ તે પાલવ પાથરૂં જો;
મિલાવો દાસ 'દયા' નો સ્વામી જો....ઘેલી૦ ૯

– ભક્ત કવિ શ્રી દયારામભાઇ, ડભોઈ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫
શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd. No. G/RJ.212-L.P.W.P43

નંદલાલ સાથે લાગી લગન

નંદલાલ શાથે લાગી લગન જો,
ઘેલી કીધી અને ગોવાળીયે. ટેક.
એની કટાક્ષે કોર્યું છે મારૂં કાળજું જો;
કામણગારા રસિક રત્નમય લોચન જો....ઘેલી૦ ૧
કોટિકંદર્પ સરખી છબી શોભતિ જો;
કોટિ હરે શશી તેજ વદન જો....ઘેલી૦ ૨
એનું સર્વ સારૂ લાગે શું વખાણીયે જો;
પૂરણ પ્રેમ રસમય એનું તન જો....ઘેલી૦ ૩
વશીકરણ વિદ્યાભરી એની વાંસળી જો;
ચોરે ચિત્ત થાય વ્યાકુલ મુજ મન જો....ઘેલી૦ ૪
હાંરે ગિરધારી વિના ગમતું નથી જો;
કયાં જઇ દાખું મારા અંતરની અગન જો....ઘેલી૦ ૫
મારી સહીયર કેતી તે હું ન માનતી જો;
એ છે રોહિની સ્વરૂપ મોહન જો....ઘેલી૦ ૬
સાસરેથી પીયર પીયરથી જાઉં સાસરે જો;
કયાંય કળ ન પડે મોહન સાથે મન જો....ઘેલી૦ ૭
લાગી તાલાવેલી ફટકરી થઇને ફરૂં જો;
નાવે નિદ્રા ન ભાવે ભોજન જો....ઘેલી૦ ૮
હું તો પાય લાગુ ને પાલવ પાથરૂં જો;
મિલાવો દાસ 'દયા' નો સ્વામી જો....ઘેલી૦ ૯

– ભક્ત કવિ શ્રી દયારામભાઇ, ડભોઈ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫
શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"આચાર્યની પરંપરામાં સેવાની વિધિનો પ્રકાર ભેદ છે. આમ સેવામાં સર્વ કર્મકાંડનો વિનીયોગ થાય છે. અને ભગવત્પ્રીત્યર્થ તેમજ પ્રભુને વિનિયોગ કરવાથી કર્મદોષ લાગતા નથી. આ વાત શાસ્ત્રમાં સ્પષ્ટતાથી જોવા મળે છે. સેવામાં પણ સેવા કર્યા પછી વિજ્ઞપ્તિ કરીને આવી જ પ્રાર્થના થાય છે.

સેવામાં પ્રથમ સંસ્કૃત ભાષામાં વાતચીત વગેરે (ગોસ્વામી) બાળકો કરતાં હતાં પછી વ્રજભાષા શ્રીનાજીની આજ્ઞાથી બોલવા લાગ્યા શ્રીગુસાંઇજીએ પોતાના લાલજીને, શ્રગાર કરતી વખતે "મંજુષામાનય" આમ પેટીલાવવાની આજ્ઞા કરી અને આપના લાલજી સમજી શકયા ત્યારે અંદર જઇ રડવા લાગ્યા કે મારાથી આટલી આજ્ઞા પાલન ન થઇ તે સમયે શ્રીનાથજીએ આપને પેટી લઇ જવા સંકેત કર્યો.

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)

શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૪૮-૪૯

❋ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❋

વર્ષ ૧૪ : અંક-૯ ડીસેમ્બર, ૧૯૯૫
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ❋ આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રીદ્વારકેશો જયતિ ॥

શ્રી વાક્પતિ ફાઉન્ડેશન સંચાલિત

શ્રી વલ્લભ વિદ્યાપીઠ

(પુષ્ટિમાર્ગીય જ્ઞાન માટે પત્રાચાર અભ્યાસક્રમ અને શિક્ષણ શિબિરો)

સમસ્ત વૈષ્ણવ સમાજને ઘેર બેઠાં પુષ્ટિમાર્ગનો સરળતાથી સારી રીતે અભ્યાસ થઇ શકે તે હેતુથી આ જ્ઞાન પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. કુલાધિપતિ : ગો. શ્રી વ્રજેશકુમાજી મહારાજ (કાંકરોલી)

'કુલપતિ : શ્રી વાગીશકુમાજી મહોદય (કાંકરોલી)

કુલસચિવ : પ્રા. રમેશભાઈ વિ. પરીખ (વડોદરા.)

જે વૈષ્ણવોએ ઓછામાં ઓછી ધોરણ ૧૦ની પરીક્ષા પાસ કરી હોય તેઓ આનો લાભ લઈ શકશે. આમા ત્રણ કક્ષાનો અભ્યાસક્રમ રહેશે મે ૧૯૯૬થી પ્રથમ કક્ષાનો અભ્યાસક્રમ શરૂ થશે. તે માટેના અરજી પત્રક તથા શ્રી વલ્લભ વિદ્યાપીઠના બંધારણ નીતિ નિયમો તથા અભ્યાસક્રમની પુસ્તિકા મેળવવા રૂા. ૫–૦૦ નું મનીઓર્ડર પુરા નામ સરનામા સાથે પ્રબંધનિયામકને મોકલી આપવું અરજી પત્રક સાથે પરીક્ષા ફીના રૂા. ૫૦–૦૦ મોકલવાના રહેશે અરજી પત્રક મોકલવાની છેલ્લી તારીખ ૩૧–૩–૧૯૯૬ છે.

જેઓ અરજી પત્રકો અને પરીક્ષા ફીની રકમ મોકલશે. તેમને દર મહિને એક એક ૩૨ થી ૪૦ પાનાની પુસ્તિકા અભ્યાસ માટે ફ્રી મોકલવામાં આવશે તેમાં એક પ્રશ્ન પત્ર હશે. પુસ્તિકાનો અભ્યસા કરીને પ્રશ્ન પત્રમાં જ જવાબ લખી તે પ્રબંધ નિયામકને મોકલવાનું રહેશે, આ પ્રમાણે બાર માસ અભ્યાસ ચાલશે, પાસ થનારને પદવી સાથે પ્રમાણ પત્ર મળશે , વિશેષ વિગત માટે સંપર્ક સાધો.

કુલ સચિવ કાર્યાલય
પ્રા. રમેશભાઈ વિ. પરીખ
'વ્રંજરજ' ૩૧. શિવ સોસાયટી નં. ૨,
બી. કે. સિનેમાની બાજુમાં.
મહેસાણા ૩૮૦ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૫૧૨૯૮

પ્રબંધ નિયામક કાર્યાલય
શ્રી પી. ટી. શાહ
'વ્રજ' ૬. મંગલા પાર્ક સોસાયટી.
બ્રાઈટ સ્કુલ સામે. વી. આઈ. પી.
રોડ. વડોદરા ૩૯૦ ૦૨૭
ફોન : (૦૨૬૫) ૪૨૫૩૩૨

જાન્યુઆરી, ૧૯૯૬થી પ્રસિદ્ધ થાય છે પુષ્ટિમાર્ગીય ત્રિમાસિક હિંદી માસિક

નિષ્કામ

પ્રધાન સંરક્ષક : ગો. શ્રી વ્રંજેશકુમાર મહાજશ્રી (કાંકરોલી)
સંરક્ષક : ગો. શ્રી વાગીશકુમારજી મહોદય (કાંકરોલી)
સંપાદક મંડળ : ડો. રાકેશ તૈલંગ. ડો. વિષ્ણુ વિરાટ, ડો. અચ્યુત ભટ્ટ
પ્રકાશન સ્થળ : શ્રી બેઠક મંદિર, કેવડા બાગ. મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

પ્રકાશનના હેતુ : (૧) શુદ્ધાદ્વૈત દર્શન અને પુષ્ટિમાર્ગીય ભકિત પદ્ધતિથી વૈષ્ણવોને સુપરિચિત કરાવવા (૨) સંસ્કૃત, હિન્દી અને અન્ય ભાષાઓમાં પ્રકાશિત થતા પુષ્ટિમાર્ગીય સાહિત્યની જાણકારી આપવી (૩) વૈષ્ણવોને નડતી સમસ્યાઓનું માર્ગદર્શન આપવું. (૪) વૈષ્ણવોમાં પુષ્ટિ સંપ્રદાય માટેની અસ્મિતા જાગૃત કરી માર્ગનિષ્ઠા દઢ કરવી. (૫) પુષ્ટિમાર્ગીય પ્રવૃતિઓ અને નવા પુસ્તકોની માહીતી આપવી.

માસિકની સાઇઝ : ક્રાઉન ૮ પેજી સાઈઝ કુલ પાન સંખ્યા ૪૦+૪ ટાઈટલ પેજ સરળ હિન્દી ભાષા શચિત્ર

પ્રકાશન તારીખ : વર્ષનાં ચાર અંક પ્રકાશિત થશે. ૧લી જાન્યુ ૧લી એપ્રિલ ૧લી જુલાઈ ૧લી ઓકટો. ઓકટોબરનો અંક કુલ ૮૪ પાનાને વિશેષાંક હશે તેમાં કોઈ એક વિષયની સર્વાંગી રજુઆત થશે.

લવાજમ : દસ વર્ષનું લવાજમ એક સામટું જ લેવાશે અધવચ્ચે લવાજમ સ્વીકારાશે નહીં દસ વર્ષનું લવાજમ દેશમાં રૂા. ૫૦૦–૦૦ વિદેશમાં ૨૦૦ ડોલર અથવા ૧૫૦ પાઉન્ડ.

જા. ખ. અંક સ્પોન્સર શીપ અને અન્ય વિગતો માટે નીચેના શરનામે સંપર્ક કરવો ગો. **શ્રી વાગીશકુમારજી મહોદય** શ્રી બેઠક મંદિર, કેવડાબાગ. મદન ઝાંપા રોડ, **વડોદરા** ૩૯૦૦૦૧ ફોન ૪૩૪૯૫૫

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૯ ❋ ડીસેમ્બર, ૧૯૯૫

॥ શ્રી હરિઃ ॥

હમારે અર્ચા-વિગ્રહ ધાતુ યા પાષાણ નહીં હૈ

લેખક : ગો. ડૉ. (શેઠ) શ્રી વા ગોવિંદદાસજી, જબલપુર.

ભાષાંતર : ડૉ. ચુનીલાલ રવજી બાલધા, આંખના સર્જન, રાજકોટ.

[વિધિકા વિધાન ! સમ્માન્ય શેઠશ્રી ગોવિંદદાસજી આજ આપણી વચ્ચે નથી રહ્યા. તેઓ બહુ જ નિષ્ઠાવાન વૈષ્ણવ હતા. ભારતીય અધ્યાત્મ, ધર્મ, સંસ્કૃતિ, ભાષા વગેરેના કટ્ટર હિમાયતી હતા. સિદ્ધાંતોમાં શુદ્ધ ગાંધીવાદી અને કોંગેસના વરિષ્ઠ સાંસદ સદસ્ય હોવા છતાં પણ તેઓએ કયારેય કોઇ મંત્રીપદનો સ્વીકાર નથી કર્યો. હિંદીને રાષ્ટ્રીય સ્તર પર પ્રતિષ્ઠિત કરવામાં એમની સેવાઓ અદ્વિતીય છે. ગૌહત્યા–નિવારણ તેમજ ગો–સંવર્ધનના કાર્યોમાં તેઓ સદા ઉત્સાહપૂર્વક ભાગ લેતા રહયા. આવા વિદ્વાન વૈષ્ણવનો સ્વયં ભગવદાનુગ્રહના અનુભવનો લેખ જિજ્ઞાસુ વાચકવર્ગને માર્ગદર્શક થાય તેવા હેતુથી પ્રસ્તુત કરેલ છે. –સંપાદક]

જે અદ્ભુત અનુભવનું હું આજ વિવરણ આપું છું. પહેલાં તેની પુર્વભૂમિકા સંબંધી કંઇક કહેવાનું અયોગ્ય નહીં ગણાય.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદ્યોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક** વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

અમારૂં કુટુંબ સનાતન ધર્મના શ્રી વલ્લભ સંપ્રદાયનું અનુયાયી છે મારા પિતામહ રાજા શ્રી ગોકુલદાસજીના પિતામહ શેઠ શ્રી સેવારામજી લગભગ ૧૭૫ વર્ષ પહેલાં રાજસ્થાનના જેસલમેર નગરથી મધ્યપ્રદેશના જબલપુર નગરમાં આવીને વસ્યા. અમારા મકાનનો કેટલોક ભાગ તેમના સમયમાં નિર્માણ થયો. અમારૂં શ્રી ગોપાલલાલજીનું કાટુમ્બિક મંદિર તેમણે જ પ્રતિષ્ઠિત કર્યું હતું. આ મંદિરની સ્થાપનાને ૧૪૯ વર્ષથી વધારે સમય થઇ ગયો છે ત્યારથી અમારા કુટુંબીઓ શ્રી વલ્લભ સંપ્રદાયમાં જ દીક્ષા પામતા રહયા છે. મારો જન્મ પણ આ વાતાવરણમાં થયો. આ વાતાવરણમાં મારૂં લાલનપાલન થયું. જ્યારથી મને યાદ છે ત્યારથી સનાતન ધર્મના સંસ્કારોનો મારા પર પ્રભાવ રહયો છે. મારૂ યજ્ઞોપવિત જ્યારે હું ૧૦ વર્ષનો હતો ત્યારે થયું હતું. તે સમયે રાજાસાહેબ જીવીત હતા. તેઓએ તે દિવસે એક પંડિતજીને રાખ્યા હતા. તેમણે મને તે દિવગથી સંધ્યા-પુજા કરાવી તેના પહેલા ૫ વર્ષની ઉંમરે વિષ્ણુસહસ્રનામ, નારાયણ કવચ સ્તોત્ર વિ. મને કંઠસ્થ કરવાયા હતા. અને થોડી સમજ આવતા જ હું મારી દીક્ષાનો 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્રનો જપ કરવા લાગી ગયો હતો.

કેટલાક વર્ષો પહેલા મારા પર એક અનપેક્ષિત ભિષણ દૈવી આઘાત થયો. મારો નાનો પુત્ર નારણદાસ, જે મધ્યપ્રદેશમાં લગભગ ૯ વર્ષ સુધી મંત્રી રહી ચૂકયો હતો. એકાએક ચાલી નીકળ્યો. કોઇ રીતે શાંતિ પ્રાપ્ત કરવા માટે હું દેશભરમાં ભટકયો. અનેક મહાત્માઓને મળ્યો.

અધ્યાત્મનો આ આધાર વધતો ગયો. મેં ઉષાકાળમાં જ ઉઠીને સ્નાન, સંધ્યા, પૂજા વિ. શરૂ કરી. તારા હોય ત્યારે જ સવારની સંધ્યા થઇ જાય તેને ઉત્તમ માનવામાં આવે છે. તેથી જો કે છેલ્લા ૬૪ વર્ષથી મારી ત્રિકાળ સંધ્યા ચાલી રહી હતી, તે પણ હવે તે ઠીક સમયે થવા લાગી. શ્રી વલ્લભ સંપ્રદાયમાં ભગવાનના પૂજા સ્વરૂપના છ દર્શન થાય છે. જબલપુરમાં હું અમારા કૌટુમ્બિક મંદિરના છ દર્શન કરવા લાગ્યો અને પોતાન. દીક્ષામંત્ર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નું નિરંતર જપ. જો કે વચ્ચે વચ્ચે એ ભૂલાઇ પણ જાય છે.

આ પ્રકારના સંસ્કારોમાં લાલન-પાલન થવાની અને નિરંતર સંધ્યા-પૂજા-જપ-પાઠ-દર્શન વિ. ચાલતા રહેવા છતાં આધુનિક સમયના વાતાવરણની પણ મારા પર કોઇ અસર ન થાય એવી વાત નથી. અનેક વખત મને ઇશ્વરના અસ્તિત્વ પર શંકા થતી અને લાગતું કે તે બધું નિરર્થક તો નથી ?

ઇ.સ. ૧૯૭૦ની પહેલી જુલાઇની રાતે જબલપુરમાં હું મારી પત્નીના કમરામાં બેઠો હતો. મારી પત્ની અને મારી મોટી પુત્રી રત્નકુમારીએ એકાએક મને પુછયું- 'આપ આટલું બધું કરો છો. આપને કોઇ અનુભવ થયો ?' મને ગુસ્સો આવ્યો અને મેં તેને જવાબ આપ્યો- 'મને કોઇ અનુભવ થયો નથી અને થવાનો નથી, કયારેક કયારેક તો એવું લાગે છે કે પત્થર સામે આ બધું કરી રહ્યો છું, શું અનુભવ થઇ શકે ? બધું નિરર્થક છે, પરંતુ હવે જીવનનો સંધ્યાકાળ છે તેથી જે કાંઇ કરી રહયો છું તેને કયારેય છોડીશ નહી'

૨ જુલાઇએ જે અનુભવ થયો તેની આ પુર્વભૂમિકા છે. જ્યારે હું શ્રી ગોપાલલાલજીના મંદિરમાં મંગળાના દર્શન માટે થયો તો મને ભાન થયું કે શ્રી ગોપાલલાલજીના મુખ પર કંઇક મુસ્કાન જેવું છે. મારી જુની શંકા પાછી આવી. મનમાં થયું, આ માત્ર ભ્રમ છે. કયાંય પત્થર પણ મુસ્કાઇ શકે છે ?

રાજભોગના દર્શનમાં જ્યારે આરતી થઇ રહી હતી અને હું ઘંટ બજાવી રહયો હતો, ત્યારે એકાએક મારા કાનમાં આ વાકય ગુંજયું ‘તુ મને પત્થરનો સમજે છે ? સેવારામજીથી લઇને તારી બધી પેઢીઓને મેં તારી છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ સાથે તેમની કાળીની પત્થરની મૂર્તિ બોલતી ન હતી તો કોણ બોલતું હતું ? શ્રી વલ્લભ સંપ્રદાયના ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો સાથે કેવી કેવી રીતે બોલ્યો ?’ હું અવાક અને સ્તબ્ધ થઇ ગયો. આવો અનુભવ કયારેક જ કોઇને થાય છે.

જન્માષ્ટમીએ હું નાથદ્વારા ગયો. રાજભોગના દર્શનમાં ફરી એવો જ સ્વર. ફકત બે વાકય– ‘તમારા ગોપાલલાલજી અને મારામાં કોઇ ફરક નથી. હવે અમે તને તારીશું !’ કેટલું મોટું આશ્વાસન ! કદાચ આથી મોટું આશ્વાસન શકય નથી.

કેટલાક દિવસ પછી ફરી એક વિલક્ષણ અનુભવ થયો. જબલપુરના અમારા મંદિરમાં જ્યારે હું રાજભોગના દર્શન કરી રહયો હતો ત્યારે એકાએક મારી આંખોમાંથી કેટલાક આંસુ નીકળી પડયા અને મને અનુભવ થયો, જાણે કે કોઇ અકથનીય કોમળ વસ્તુએ મારી આંખો લૂંછી આપી. કદાચ આથી વિશેષ કોમળ બીજી કોઇ વસ્તુ હોવી સંભવ નથી.

અત્યારે પણ જ્યારે મને આ અનુભવ યાદ આવે છે ત્યારે એવો અનુભવ થઇ જાય છે કે આનો આધુનિક વિજ્ઞાન પાસે કોઇ તર્કપૂર્ણ જવાબ શકય નથી. આ અનુભવ આધુનિક વિજ્ઞાનથી પર વસ્તુ છે. આજકાલ એક અંગ્રેજી શબ્દનો ખૂબ જ પ્રચાર થઇ ગયો છે ‘હેલ્યુસીનેશન’ (Hallucination) (ચિત્તભ્રમ) પરંતુ આ અનુભવ મારા મત પ્રમાણે કેઇપણ રીતે આ શબ્દની પરિભાષામાં નથી આવતો. ન કોઇ સ્વપ્ન, ન કોઇ કલ્પના. મારા જેવા બીજા સંશયાત્માઓને પણ આ પ્રકારના અનુભવ થયા છે. આવા દૃષ્ટાંત ઓછા નથી. આવા પ્રકારના અનુભવ માત્ર ભગવદનુગ્રહથી જ શકય છે.

[‘કલ્યાણ’ ભાગ ૪૮ પૃષ્ઠ ૭૮૬ – ૭૮૭ ઉપરથી સાભાર’]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભક્તિ વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

તદર્થં સ્થાપયેત્તતુ શ્રવણાદાવપિ સ્વતઃ ।
એવં વિધા તુ સતતં પ્રેમાસક્તિક્રમેણ હિ ॥૨૩॥

અર્થ :– એવી ચિત્તની વિમુખતાને ટાળવા માટે પોતાના ચિત્તને પોતા તરફથી ભગવાનના શ્રવણ, સ્મરણ વગેરેમાં પરોવવું જોઈએ. સતત્ પ્રેમ–પછી આસક્તિ – એ ક્રમથી આ પ્રકારે જ પ્રભુમાં ચિત્તને પરોવવું જોઇએ. ૨૩.

ભવેદ્ વ્યસનસંસિદ્ધિઃ પ્રવૃદ્ધાસૌ તદા રતિઃ ।
યદેતિ વચનાત્તત્ર વ્યસનં દુર્લભં મતમ્ ॥૨૪॥

અર્થ :– પ્રેમ તથા આસક્તિનો ક્રમ સધાયા પછી ભગવાન પ્રત્યે વ્યસનદશાનો ત્રીજો ક્રમ મેળવી શકાય છે. જ્યારે એ પ્રભુ પ્રેમ બહુ જ વધી જાય ત્યારે, શ્રી મહાપ્રભુજી "યદા" શબ્દ વાપરીને કહે છે કે એવી વ્યસન દશા પ્રાપ્ત કરવી એ ઘણું દુર્લભ તથા ઘણું મુશ્કેલ કાર્ય છે (પણ અશક્ય તો નથી જ). ૨૪.

પ્રભુણાપિ યતો દત્તં રાસસ્થાસ્વેવ તત્પુનઃ ।
યદ્ધિ વ્યસનપર્યન્તાવસ્થં બીજં તદુચ્યતે ॥૨૫॥

અર્થ :– ભગવાને એ અવસ્થા આપી હોય, રાસમાં ઉપસ્થિત થયેલી ગોપીઓની જેમ, વ્યસનદશા સુધી પહોંચેલી, તેને બીજ કહે છે. ૨૫.

બીજં ભાવાત્મકં શાસ્ત્રે દૃઢં સંગાન્ન નશ્યતિ ।
કુત ઉત્પાદયેદ્ ભાવાન્તર મિત્યપિ નોદિતમ્ ॥૨૬॥

અર્થ :– શાસ્ત્રમાં બીજને ભાવાત્મક કહ્યું છે. બીજ દૃઢ છે. દુઃસંગ દ્વારા તેનો નાશ થતો નથી. એ દૃઢ બીજ અન્ય ભાવોને (ભક્તિ સિવાયના ભાવોને) કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? અન્ય ભાવોને ન જ ઉત્પન્ન કરી શકે એમ સૂચવ્યું છે. ૨૬.

આસક્તાવપિ દુઃસંગો બાધકત્વેન ચોદિતઃ ।
શ્રી સ્વામિનીભિરપ્યુક્તં પંચાધ્યાય્યાં પ્રભું પ્રતિ ॥૨૭॥

અર્થ :- ભગવાનમાં આસક્ત હોય તેવા ભક્તો માટે પણ દુઃસંગ બાધક બનતો હોય છે અને શ્રી સ્વામિનીજીએ પણ "પંચાધ્યાયી"માં પ્રભુ પ્રત્યે આમ જ કહ્યું હતું, કે. ૨૭

ત્વયાભિરમિતાઃ સ્થાતું પારયામોન્યતો ન હિ ।
વિવૃતં તત્તથાચાર્યૈર્વ્યાઘ્ર દેહિ નિદર્શનાત્ ॥૨૮॥

અર્થ :- કે આપના આધારથી જ સ્થાતું એટલે સ્થિતિ કરવાને એટલે (ઊભા રહેવાને) અમે સમર્થ થયા છીએ. બીજા કોઇના આધારથી નહીં. એ વાત ઉપર વ્યાઘ્રદેહીના નિદર્શન દ્વારા આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ વિવરણ કરેલું છે. ૨૮.

કિં પ્રેમ કા તથા સક્તિઃ કિં વા વ્યસનમુચ્યતે ।
વ્યતિરેક મુખેનૈવ તલ્લક્ષણ મુદીર્યતે- ॥૨૯॥

અર્થ :- પ્રેમ શું ? એવી જ રીતે આસક્તિ શું ? અથવા તો વ્યસન કોને કહેવાય ? ટૂંકમાં જ એ ત્રણેય બાબતોના લક્ષણો આપવામાં આવ્યા છે. ૨૯.

નહિ ભાવે હરિર્વાચ્યો 'યતોવાચ' ઇતિ શ્રુતેઃ ।
નિષેધ મુખતો વાચ્યો નેતિનેતીતિ વાક્યતુઃ ॥૩૦॥

અર્થ :- અમુક લક્ષણો પ્રભુ ધરાવે છે એવા હકારાત્મક યા તો વિધેય વાચક રીતે જ હરિનું વર્ણન થઈ શકતું નથી – "યતો વાચઃ નિવર્તન્તે" (અર્થ – જેનું વર્ણન કરવાને વાણી પણ સમર્થ નથી) એવાં શ્રુતિ વાક્ય પ્રમાણે અને તેથી " આ નથી, પ્રભુ આવો નથી" એવા નકારાત્મક લક્ષણો આપીને જ, "નેતિ-નેતિ" એવા શ્રુતિ વાક્ય પ્રમાણે (અર્થ – શ્રુતિ વાક્ય પ્રમાણે બ્રહ્મ (ઇશ્વર) "આવો નથી, આવો નથી" એ પ્રમાણે બ્રહ્મનું વર્ણન કરે છે. ૩૦.

યતો રાગવિનાશઃ સ્યાદૌસીન્યેન ચ સ્થિતિઃ ।
હરિભિન્ને વિના હેતું સભાવઃ પ્રેમ શબ્દિતઃ ॥૩૧॥

અર્થ :- જેનાથી રાગ (પ્રેમ – આકર્ષણ) નો વિનાશ થાય એવી સ્થિતિ એટલે ઔદાસ્ય – નિર્લેપ ભાવ. હરિથી ભિન્ન (જુદા) હોવું એ ભાવ "પ્રેમ" શબ્દથી વર્ણવી શકાય એવો છે. ૩૧.

આસક્તિર્યેન ભાવેન ગૃહાદિષ્વનુયોગિષુ ।
અપ્રીતિશ્ચ તથા તેષાં ગૃહસ્થાનાં નિરોધનાત્ ॥૩૨॥

અર્થ :- જે (પ્રેમ) ભાવથી મનુષ્યોને ગૃહાદિ તથા સગાંવહાલાં પ્રત્યે આસક્તિ (એટલે પ્રેમથી આગળ વધેલું લક્ષણ) થાય છે એવી જ રીતે નિરોધના કારણે ગૃહમાં રહેનાર મનુષ્યોને એ બધા તરફ અપ્રીતિ પણ થાય છે. ૩૨.

પ્રિયાન્તિકગતૌ તેષુ બાધકત્વેન બોધનમ્ ।
સ્વાસંબન્ધિ તયા ભાનં સભાવઃ સા નિગદ્યતે ॥૩૩॥

અર્થ :- એ ભાવો પ્રિયાના સંબંધમાં આવે ત્યારે ભક્તિમાં બાધક બને છે એમ જાણવું. પોતાની સાથે તેને સંબંધ ન હોવાથી એ ભાવ તથા ભક્તિનું નિરૂપણ અહીં કરવામાં આવે છે. ૩૩.

સ્વબાધકતયા વાપિ યદા સ્ફૂર્તિર્નિવર્તતે ।
ગૃહસ્થાનાં તદા કૃષ્ણે વ્યસનં તદુદીર્યતે ॥૩૪॥

અર્થ :- અથવા તો પોતાના બાધકપણાને કારણે હંમેશાં સ્ફૂર્તિનો અભાવ જણાય છે. ઘરમાં રહેનાર ભકતને ત્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થયું કહેવાય છે. ૩૪.

તદૈવ પૂર્ણસર્વાર્થો હૃદ્યાવિર્ભાવતો હરેઃ ।
અપેક્ષિતા શરીરસ્યાલૌકિક સ્યાપ્તિરુત્તમા ॥૩૫॥

અર્થ :- એ કૃષ્ણ વ્યસનની સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે જ હૃદિ (હૃદયમાં) હરિના આવિર્ભાવ (પ્રકટ થવાને) લીધે એ ભકત સંપૂર્ણ રીતે કૃતકૃત્ય થાય છે અને ત્યારે જ ઉત્તમ એવી અલૌકિક શારીરિક સ્થિતિ અપેક્ષિત છે. ૩૫. —ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ—લેખક **'માધુરી'** રાજકોટ

પદ—૨૧

જે યમુને સુમિરત સુમિરાઇ હૈં;
તે સુકૃતી બડભાગી સબ વિધિ બ્રહ્માદિક ગુણ ગાઇ હૈં. ૧

સદા સ્વતંત્ર ભકિત અનુરાગી તીન તાપ નહિ તાય હૈં;
યમગણકાલ વ્યાધિ નાના ભય ડરેં નિકટ નહી આઇ હૈં; ૨

તીરથ ધર્મ દેવ યોગાદિક જિનિકોં સબશિર નાય હૈં.
ઔર કહાં લગિ કરો પ્રસંસા ઢુરિ હૈ સદા સુહાઇ હૈં. ૩

મુકિત સુકૃત મંગલ ઉત્સવ શ્રી સિદ્ધિ તાસુ ગ્રહ છાઇ હૈં;
દર્શન તેં કૃતાર્થ જગ તતદિન પરૈ જીતિ કૈ દાઇ હૈં. ૪

વત્સ પામ સમ નાખિ સહજ હી ભવનિધિતા કોં થાઇ હૈં;
મતસાતેં પુરવહી મનોરથ સનમુખ જનકે ધાઇ હૈં. ૫

લીલા નિત દગ હિયેં અલૌકિક ભૂતલ હી પે પાઇ હૈં;
'બલ્લભ' શ્રીય[illegible] પ્રતાપ તેં દુરિત નિકાય નસાઇ હૈં. ૬

ભાવાર્થ : આ પદમાં કવિ શ્રી કહે છે કે જે કોઇ શ્રી યમુનાજીનું સ્મરણ કરે અને કરાવે તે બડભાગી છે. આ સંસારમાં આવી જેણે શ્રી યમુનાજીનું સ્મરણ કર્યું અને બીજાને કરાવ્યું તે જ મહાન ભાગ્યવાન જીવ છે. જેમાં બ્રહ્માદિકે ગુણગાયા છે એવા શ્રી યમુનાજીની સ્વતંત્ર ભકિત જેણે કરી છે તેનાં કાયિક, વાચિક, માનસિક ત્રણ પ્રકારના તાપ દુર થાય છે તેને યમનો તો સ્વપ્ને પણ ડર રહેતો નથી તો પછી કાળ વ્યાધિની ચિંતા જ ન હોય. જેણે શ્રી યમુનાજી ભજયા તેણે બધા દેવોને મનાવી લીધા. બધા ધર્મોનું પાલન કર્યું બધા તીર્થો કરી લીધા, કેમ કે તે તો બધા શ્રી યમુનાજીને શિર નમાવીને ઉભા છે.

વળી આગળ વિશેષ શું વર્ણન કરું યોગ, ક્ષેમ, જપ, તપ, તીરથની તો કયાં વાત કરવી સાક્ષાત નંદનંદનને પણ સર્વ રીતે સહાયક બની છે.

(જુઓ યુગલ સ્વરૂપની અનેક લીલામાં શ્રી યમુનાજીની સેવા મોટી છે.)

મુકિત પ્રાપ્ત કરવી કે સિધ્ધિ પ્રાપ્ત કરવી તે તો સાધારણ વસ્તુ હોય જીવ માત્ર તો દર્શન કરી કૃતાર્થ થઇ જાય છે. પછી તેને જગતનાં સાંસારિક સુખો કે સિદ્ધિઓ બધી તુચ્છ લાગે છે માતા બની ભકતોને પુત્ર સમાન માની પોષણ કરે છે. તે ભકતોને સંસાર સાગર પારની ચિંતા રહે જ કયાંથી ? તે તો શ્રી યમુનાજીનાં શરણે રહી નિત્ય નવી લીલાનાં દર્શન કરી કૃતાર્થ બની જાય છે, કેમ કે શ્રી યમુનાજી આપતો સર્વ અલૌકિક લીલાનાં ધારણ કરવાવાળા હોઇ ગોલોકની લીલા અત્રે ભુતલ પર બિરાજમાન કરી છે.

વલ્લભદાસ કહે છે કે શ્રી યમુનાજી આપની કૃપાથી જીવ અને ભગવાન વચ્ચે જે અંતર ઘણું જ છે તે દુર થાય છે કેમ કે તે જીવોનાં સર્વદોષોને દુર કરી શુદ્ધતા પ્રાપ્ત કરાવી પ્રભુની નિકટ આપ જ પહોંચાડો છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

- ગાંકથી ચાલુ

નટવર છબી નંદલાલની, એવું ચિંતન કરે મન માંય;
મોર મુગુટ શિર તિલક કુંડળ નકવેસર ચિબુક સોહાય....
સોહે કૌસ્તુભ વનમાળ, કીંકણી કરગ્રહી મુરલી રસાળ;
પિતાંબર કટી મેખલા સોહે, નુપુર નખ શિખશું છબી મન મોહે....
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૧૯)

શબ્દાર્થ : કૌસ્તુભ શ્રીકૃષ્ણના કંઠનો હારનો મણી, મુકતા=મોતી.

નટવર = નૃત્ય કળામાં પ્રવીણ, ચિબુક = હડપચીયે હીરલો.

વનમાળા = વનનાં તરેહ તરેહનાં પુષ્પોથી ગુંથાયેલી તુલસી સહિત લાંબી ધરેલી ફુલની માળા.

કટીમેખળા = કંદોરો, નુપુર = ઝાંઝર

વિવેચન : અહીં આ ચંદ્રાવળામાં પ્રભુનાં શુંગાર સહિત દર્શન કરી આનંદ પ્રાપ્ત કરાય. આવું પ્રભુનું મોહકરૂપ છે. તેનું વર્ણન કર્યું છે. આવા પ્રભુનાં સ્વરૂપનું દર્શન કરી હૃદયમાં ઉતારવું તેનું જ ધ્યાન ધરવું, મનમોહક રૂપ તે નટવર રૂપ. નટ જેમ તરેહ તરેહના સ્વાંગો બદલી ભજવી બતાવે છે, તેમ નટવર નંદલાલ પણ નટવર રૂપ ધારણ કરી ભકતોનાં મનને રીઝવે છે, પોતાનામાં આકર્ષિંત કરે છે. વનમાં ગાયો ચરાવતા ગ્વાલબાલોની સાથે નટવર રૂપ ધરી ખેલો કરતાં.

યુગલગીત, શ્લોક-૬

'બર્હિણ સ્તબક ધાતુ પલાશૈર્બદ્ધમલ્લ પરિબર્હ વિડમ્બઃ'

ગોપીઓ કહે છે : આ મુકુન્દ ભગવાનનું નટવર રૂપ અદભુત છે, જોવા જેવું છે, કયારેક મયુર પીછના ગુચ્છા, જુદા જુદા ધાતુઓનો લેપ તથા રંગબેરંગી ફુલો અને પાંદડાઓનો શુંગાર શ્રી અંગમાં કરે છે. મલ્લ જેવો શુંગાર કરી મલ્લના જેવી જ રમતો રમે છે.

જેમનાં શિરપર મયુરનો મુગટ સદા બિરાજમાન છે. કપોળમાં તિલક, બંને કાનોમાં કુંડલ, નાસિકામાં ઓપતું નકવેસર, હડપચીયે ઝગમગતો હીરલો, કંઠમાં કૌસ્તુભમણીની ઝગ-

મગતી જ્યોત ધારણ કરી છે. ચરણાવિંદમાં નુપુરનો ઝણકાર, કટી પિતાંબર, કટી મેખળા કીંકણીનાં શબ્દોથી ભકતોને અનેક લીલાનુ ભાન કરાવે છે. જેમનાં શ્રીહસ્તમાં મુરલી શોભી રહી છે આવા સ્વરૂપના દર્શન કરી હૃદયમાં આનંદ પ્રાપ્ત થાય છે, પ્રેમાવેશમાં ઝુમી ઉઠે છે.

પ્રભુ તો સર્વંગથી સુંદર છે. પ્રત્યેક અંગના દર્શન કરતા ચિત ત્યાંજ ચોંટી જાય છે. અમે તો નખશિખ પર્યંત સ્વરૂપ દર્શન કરીને સ્મરણ કરવાનું કહ્યું છે. આવું મનમોહક સ્વરૂપની ઝાંખી કર્યા પછી બીજું બધું ફીકું દેખાય છે. સુરદાસજીને ચર્મ ચક્ષુ હતા જ નહીં તે તો હૃદયરૂપી નેત્રોથી ભગવદ દર્શન કરતા અને તેવું જ કીર્તન બનાવીને ગાતા.

મિલવો નેનહીકો નીકો
નંદકો લાલ જીવન ધન સર્વસ્વ ઓર જગત સબ ફીકો મિલવો.
ધર્મશાસ્ત્ર ભાગવત ગીતા ગૂઢ જ્ઞાન પોથિકો
ખાટી છાશ મોહે કામ ન આવે સુર ખવૈયા ઘી કો–મિલવો.

આ પદમાં મળવું તે નેનોથી જ ઉત્તમ આવું ગાયું છે હૃદય ચક્ષુથી જેઓ દર્શન કરી આનંદ પ્રાપ્ત કરે છે તે સુરદાસજી કહે છે કે યશોદાનો બાળો નંદજીનો લાલો તે જ મારૂં સર્વસ્વ ધન છે હું તો તેને જ નિહાળીને બેસી રહું બાકી આ જગતમાં કઇ એવી ચીજ છે કે જેને જોઇને આનંદ પ્રાપ્ત થાય.

ધર્મશાસ્રો જેમ કે ભાગવત, ગીતા, વિગેરેમાં અનેક ગૂઢ જ્ઞાનોનો વિસ્તાર છે પરંતુ મારા માટે તો આ બધું જ્ઞાન ખાટી છાશ જેવું છે ઘીનો ખાવાવાળો ખાટી છાશમાં મોહિત થાય જ નહીં. નટવર છબિ નંદલાલની એનું ચિંતન તો સુરદાસજી જેવા મહાન ભકતો કરી શકે જેમને સર્વ લીલાનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

એકવાર શ્રી ગીરધરજીએ શ્રી નવનિત પ્રિયાજીને શ્રી અંગમાં કોઇ વસ્ત્ર ધારણ કરાવેલ નહી ફકત શ્રી મસ્તક ઉપર મોતિની લટ બાજુબંધ કીંકણી, નુપુર, તિલક નકવેસર આદી ધર્યા હતા.

દર્શન ખુલતાં જ સુરદાસજીએ ગાયું.

દેખરી દેખ હરિ નંગમ નંગા
જલ સુત ભુખણ અંગ બિરાજત બસન હીન છબી ઉઠત તરંગા
કહા કહું અંગ અંગકી શોભા નિરખત લજ્જીત કોટી અનંગા
કછુ દધિ હાથ કછુ મુખ માખન સુર હસત વૃજ સુવતિન સંગા

આ કીર્તનમાં પ્રભુનાં શૃંગારનું વર્ણન કર્યું છે કે શું શોભા વખાણું આજે શ્રી અંગમાં વસ્ત્ર પણ ધારણ કર્યું નથી નંગમ નંગા છે. જલસુત – મોતીનાં આભરણો શ્રી અંગે બિરાજે છે પ્રત્યેક શ્રી અંગની સ્પષ્ટ ઝાંખી થાય છે જે કોટી કામને લજાવે તેવી છે શ્રીનાં શ્રી હસ્તમાં માખન છે તે કાંઇક મુખપર લપટાઇ ગયો છે આવું અદ્ભુત રૂપ જોઇ ગોપીજનો હસી રહ્યા છે.

રૂપ દેખ નૈના પલક લાગે નહીં

આ પદમાં પણ શ્રી ઠાકુરજીનાં સ્વરૂપ દર્શનની ભાવના છે કે પ્રભુનું પ્રત્યેક અંગ મોહક છે જ્યાં દ્રષ્ટી પડે ત્યાં જ મન મોહિત થઇ અટકી રહે ભ્રમિત બની જવાય કે આભુષણથી પ્રભુની શોભામાં વધારો થયો કે પ્રભુનાં શ્રી અંગ ધરાવાથી આભુષણની શોભા વધી આવી નટવર છબિ નંદલાલનીનું દર્શન કરી.

સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

કાવ્ય-કુંજ

શ્રી યમુના ચિંતન

(ઢાળ-રસિયે વગાડી રંગ વાંસળી)

ઘડી ઘડી દર્શન આપોને મહારાણીમા
પળ પળ દર્શન આપોને મહારાણીમા
ભાવ ન જાણું હું તો ભકિત ન જાણું
ના જાણું સેવાની રીત રે મહારાણીમા ઘડી ઘડી ૦ ૧
તનુજા ન જાણું હું તો વિત્તજા ન જાણું
ના જાણું માનસીના ભાવ રે મહારાણીમા
સુરજ દેવતાના દીકરી મહારાણીમા
યમરાજાના છો બેંકેની રે મહારાણીમા ઘડી ઘડી ૦ ૨
કરમાં કમળની છે માળા રે મહારાણીમા
ગોવર્ધનધરને આરોપવા ચાલ્યા રે મહારાણીમા
માથે છે બીંદીયા અતિ રે શોભામણી મહારાણીમા
નથડી છે હીરા જડીત રે મહારાણીમા ઘડી ઘડી ૦ ૩
કાને કુંડળ ગળે મોતીયોની માળા મહારાનીમા
આસમાની ચુંદડી લહેરાવો રે મહારાણીમા
સોળે શણગાર સજી શોભતા મહારાણીમા
યમુનાષ્ટકથી વખાણ્યા રે મહારાણીમા ઘડી ઘડી ૦ ૪
સકલ સિદ્ધિના દાતારે મહારાણીમા
ગોકુલ ગામની નિકટ બિરાજતા રે મહારાણીમા
પાન કર્યાથી પાપીને તારતા મહારાણીમા
'લક્ષ્મી'ને લે જો સંભાળી રે મહારાણીમા ઘડી ઘડી ૦ ૫

લક્ષ્મીબેન અશ્વિનચંદ્ર દેસાઇ

આ માસના ઉત્સવ

માગશર વદ ૧ તા. ૭-૧૨-૯૫ ગુરૂવાર ગો. તિ. શ્રી દાઉજી-રાજીવજી મહારાશ્રી (નાથદ્વારા) તથા ગો. ચિ. શ્રી સંદીપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૧૧-૧૨-૯૫ સોમવાર ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુબઇ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૧૩-૧૨-૯૫ બુધવાર ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૧૪-૧૨-૯૫ ગુરૂવાર શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૧૫-૧૨-૯૫ શુક્રવાર હેમંતઋતુ પુરી થઇ, ગો. ચિ. પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૧૬-૧૨-૯૫ શનિવાર શ્રીમત્ પ્રભુચરણ શ્રી ગુસાંઇજી-શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨). જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઇ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૧૭-૧૨-૯૫ રવિવાર દશમ તથા એકાદશીના રોજ બાલલીલાના પદ ગવાય, ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર-રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૧૮-૧૨-૯૫ સોમવાર સફલા એકાદશી વ્રત, શ્રીને ફળનો ભોગ ધરવો, દાન આપવું.

માગશર વદ ૧૨ તા. ૧૯-૧૨-૯૫ મંગળવાર લલિત પંચમ, પદની શરૂઆત કરી મહા સુદ ૫ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય, ગો. ચિ. શ્રી વલ્લભજી બાવાશ્રી (જામનગર)નો જન્મદિન.

માગશર વદ અમાસ તા. ૨૨-૧૨-૯૫ શુક્રવાર શ્યામઘટા, ગો. ચિ. શ્રી ભૂપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૫ તા. ૨૫-૧૨-૯૫ મંગળવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. શ્રી સંજીવબાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૨૯-૧૨-૯૫ શુક્રવાર ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા-પોરબંદર-જામનગર)નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૩૦-૧૨-૯૫ શનિવાર ગો. શ્રી નવનીતલાલજી મહારાજ શ્રી (ચાંપાસેની-જામનગર-જુનાગઢ)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૩૧-૧૨-૯૫ રવિવાર ગો. **શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી** (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૧-૧-૯૬ સોમવાર પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૨-૧-૯૬ મંગળવાર ગો. **શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રી** (માંડવી-કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૩-૧-૯૬ બુધવાર ગો. **શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી** (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૫-૧-૯૬ શુક્રવાર પોષી પૂનમ, માઘસ્નાન પ્રારંભ.

આજીવન ગ્રાહકોની યાદી

૫૩૬ શ્રી ચંદુલાલ ગોરધનભાઇ આસોદરીયા, દેવળા
૫૩૭ ,, રમેશચંદ્ર દામોદરદાસ પાટડીયા, મુંબઇ
૫૩૮ ,, ડો. ડાયાભાઇ ડી. જાગાણી, સુરત
૫૩૯ શ્રીમતી જશોદાબેન લાલજીભાઈ ધમસાણીયા, આદીલાલબાદ
૫૪૦ શ્રી અરવિંદકુમાર ગોરધનદાસ ઠકકર, થાણા
૫૪૧ ,, દેવયાની ગ્રોસેર્સ
૫૪૨ શ્રીમતી માધુરીબેન મથુરાદાસ વૈદ્ય, મુંબઇ
૫૪૩ ,, જયાબેન ચંદુલાલ વસંત, રાજકોટ
૫૪૪ ,, જયાબેન હસમુખભાઇ બુદ્ધદેવ, રાજકોટ
૫૪૫ શ્રી મનસુખલાલ દયાળજીભાઇ, જામખંભાળીયા
૫૪૬ ,, રતીલાલ જેઠાલાલ ચોટાઇ, રાજકોટ
૫૪૭ ,, નાનાલાલ પ્રેમજીભાઇ તન્ના, રાજકોટ
૫૪૮ શ્રીમતી ગુલાબબેન લાલજીભાઇ (મહેન્દ્ર મીલ) રાજકોટ
૫૪૯ શ્રી વસંતલાલ છગનલાલ સોની, અમદાવાદ
૫૫૦ ,, હીરેનકુમાર આર. કાલરીયા, રાજકોટ.

કંઠાભરણમ્

વિષ્ણુ સ્તુતિ

શાન્તાકારં ભુજંગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્ ।

લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વ લોકૈકનાથમ્ ॥

શાન્તમૂર્તિ, શેષનાગ પર શયન કરનાર, નાભિએ કમળવાળા, દેવાધિદેવ, વિશ્વના આધારરૂપ, આકાશ જેવા (વ્યાપક), વાદળ જેવા રંગવાળા, સુંદર અંગવાળા, લક્ષ્મીના પતિ, કમળ જેવાં નેત્રવાળા, ધ્યાન (સમાધિ) કરવાથી યોગીઓને સમજાય તેવા, સંસાર (સાગર) નો ભય દુર કરનાર, સર્વ (ચૌદ) લોકના એક માત્ર નાથ એવા વિષ્ણુ ભગવાનને હું નમસ્કાર કરું છું.

ય બ્રહ્મા વરુણેંદ્ર રુદ્ર મરુતઃ કતુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈ-
વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગાઃ ।

ધ્યાનાવસ્થિતતદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાન્તં ન વિદુઃ સુરા સુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥

જેને બ્રહ્મા, વરુણ, ઇન્દ્ર, રુદ્ર અને મરુત–વાયુ વગેરે દેવતાઓ દિવ્ય સ્તોત્રોથી સ્તવે છે; સામવેદનું ગાન કરનારા ઋષિઓ અંગો તેમજ પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદો વડે જેમને ગાય છે; ધ્યાનાવસ્થિત થયેલા યોગીઓ તેમાં એકાગ્ર બનેલા ચિત્ત વડે જેમનાં દર્શન કરે છે અને દેવ તથા અસુરગણ જેમના પારને પામી શકતા નથી, તે પરમાત્મા–દેવને નમસ્કાર હો.

યસ્ય હસ્તે ગદા ચક્રં ગરુડો યસ્ય વાહનમ્ ।
શંખઃ કરતલે યસ્ય સ મે વિષ્ણુઃ પ્રસીદતુ ॥

જેના હાથમાં ગદા અને ચક્ર છે, જેનું વાહન ગરુડ છે, જેની હથેળીમાં શંખ છે, તે વિષ્ણુ મારા પર પ્રસન્ન થાઓ.

નમસ્તે ભગવન્ વિષ્ણો લોકાનાં પ્રભવાપ્યય ।
ત્વં હિ કર્તા હૃષીકેશ સંહર્તા ચાપરાજિતઃ ॥

હે વિષ્ણુ ભગવન્ ! આપને નમસ્કાર હો, તમે લોકોની ઉત્પત્તિ અને નાશનું કારણ છો. હે હૃષીકેશ ! તમે જ સર્વના કર્તા અને સંહારક પણ છો. તમે અપરાજિત છો.

ૐ નમોઽસ્ત્યનન્તાય સહસ્રમૂર્તયે સહસ્રપાદાક્ષિ શિરોરુબાહવે ।
સહસ્રનામ્ને પુરુષાય શાશ્વતે સહસ્રકોટીયુગધારિણે નમઃ ॥

અંત રહિત, હજારો રૂપો ધારવાવાળા, હજારો પગ, આંખ, માથાં, સાથળ અને હાથવાળા, હજારો નામવાળા, શાશ્વત કાળ સુધી રહેનારા, હજારો કરોડો યુગોને ધારણ કરનારા, શ્રી પુરુષોત્તમ ભગવાનને મારા નમસ્કાર હો.

આકાશાત્પતિતં તોયં યથા ગચ્છતિ સાગરમ્ ।
સર્વં દેવ નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ ॥

જેમ આકાશમાંથી વર્ષારૂપે પડેલું જળ સમુદ્રમાં જાય છે તે જ પ્રમાણે સર્વ દેવને કરેલા નમસ્કાર કેશવ–વિષ્ણુ ભગવાન પ્રતિ જાય છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરિખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

શ્રી ગોસ્વામી ગુરુચરણ (નિજિ અનુભવ)

શ્રી દીક્ષિતજી મહારાજ (મુંબઈ)

દોહા

શ્રી દીક્ષિત શિક્ષાગુરુ, જિન્હી મહત ઉપકાર;
સાંપ્રદાયિ સિદ્ધાન્તકા, સમજાયા સબ સાર.

જબ જબ સંશય પાય મન, મહત ગ્રંથ કર લેત;
વાદી પ્રતિવાદી મરમ, પૃથક પૃથક કર દેત.

અગુણ સગુંણ સૃષ્ટિ નિરામ, અરુ શ્રી હરિ અવતાર;
કર્મ જ્ઞાન અરુ ભકિત કે, પ્રમાણ દિય નિર્ધાર.

કબહુંક મેરી મતિ ભ્રમિત, દેખત બનત ઉદાર;
પુનિ ગર્જંત નરસિંહ સમ, સંશય દેત નિવાર.

સદા રુણી ઉન ચરણુકા, સભય અભય કર દેત;
ગાથા મેં રાજત જભી, મમ હિતકર સંકેત.

શ્રી વલ્લભ કે બ્યાહકા, પ્રસંગ સુન હર્ષાય;
પુનિ બોલત મધુરે બચન, શ્રોતા સુધ બિસરાય.

એક બાર મુઝસે કહેં, ગ્રંથ યહાં લે આય;
સિંહાવલોકન મેં કરોં, મમ સંશય મીટ જાય.

ત્રય દિન દેખત ગ્રંથ યહ, બોલે બચન વિચાર;
અબ કછુ સંશય હૈ નહીં. યહ મેરો નિર્ધાર.

કછુક વર્ષ કે બાદ જબ, નિત્યધામ કિય વાસ;
બાત સુનત તન સુધ રહિત, 'ગનપત' ભયો નિરાશ.

મધ્ય નિશા કા સમય થા, સ્વપ્નમેં દિય સંકેત;
શ્રી દીક્ષિતજી હર્ષસે, મુઝકો દર્શન દેત.

તીસ વર્ષકી વય સુભગ, રેશમ ચોલા અંગ;
મસ્તક કેશ સુવર્ણમય, બોલત બચન ઉમંગ.

ક્યોં રોવત અતિ દીનબન, મૈ દીક્ષિત મહારાજ;
તું મેરા પ્રિય શિષ્ય હૈ, કરલે પુરન કાજ.

હાસ્ય કિયા અતિ હર્ષસે, બચન વદત ધર હેત;
વિઠ્ઠલેશ કે ચિત્રમેં, કિન્હાં આપ પ્રવેશ.

નોંધ : તહાં પર મૈંને એક બડા ચિત્ર શ્રી વિઠ્ઠલેશ (શ્રી ગુસાંઇજી)કા દેખા ઉસમેં પ્રવેશ કીયા, સાંવલી ગાંવ –ગુજરાતમેં.

'શ્રી વલ્લભાયનમાધુર્યકાવ્ય' હસ્ત લિખિત ગ્રંથમાંથી, રચયિતા એવં કથાકાર –શાસ્રી ગણુપતરાય સાંકલેશ્વર પંડયા, નિ. ધમ્બોલા, (રાજસ્થાન)

આ ગ્રંથ મુદ્રિત કરાવવાની કાર્યવાહી ચાલુ છે ઉચક રૂા. ૧૨૫/– ભરી આગોતરા ગ્રાહક તરીકે નામ નોંધાય છે. સંપર્ક સ્થળ :–

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણુવ પરિષદ,
ધોરાજી શાખા, 'અમૃત' જલારામ–૧, માર્ગ–૩,
યુનિ.રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૫

રૂા. ૫૦૦/ પૃષ્ઠ પ્રકાશન સહાયક

૫. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જય શ્રી કૃષ્ણ.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

સ્વામિનિજુ કો અધર–રસ, કરિ જનુ દષ્ટિન પાન ॥
બીરી ચર્વણ કી ક્રિયન, દરસાવત યહ જ્ઞાન ॥ ૧૭૧

ચર્વણ કરત આપ તામ્બૂલા । યુગલ કપોલ ભયે ઉત્ફુલ્લા ॥
ચુમ્બન દેત સ્વામિનીજી કોં । સ્રવત પાન કો રસહુ મુખ સોં ॥
સો કછું ચિત્રાંકન કી આસા । આયો ઢુલકી ચિબુક કે પાસા ॥ ૧૭૨

દેખહિં પ્રિયા બદન કી ઓરા । નેત્ર કમલ જનુ ભયે ચકોરા ॥
ઇમિ પરિહાસન રસ–આસકતે । જુગ સમમિલન છનિક માનહિં તે ॥ ૧૭૩

ગોપી વલ્લભ ભોગ–ભાવના । રખહિં હૃદય અસ સદા શુચિમના ॥
કરલૌ વેણુવેત્ર શિંગાદિક । શોભિત હોહિં આપ અધિકાધિક ॥ ૧૭૪

પછી ગોચારણ કરવાને ગ્વાલમંડલી સહિત બલદેવને બોલાવે છે અને તેમાં પોતે સામેલ થઇને માતાને નમસ્કાર કરે છે, ત્યારે માતા પ્રભુને શિખામણ દઇને ગદ્ગદ્ કંઠવાળા થઇ નોછાવર કરે છે, તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે. (શ્લોક ૧૭૫ થી ૧૮૪)

પુનિ ગોપાલ મંડલી આઈ । બલદાઉ કહં લિયો બુલાઇ ॥
ગ્વાલ વેષકી રચિ શુચિ રચના । સુંદર અંશ સજાવહિ અપના ॥ ૧૭૫
પુનિ અપની માતા કે ચરણુન । નમસ્કાર હરિ કિયો વિચક્ષણુ ॥

દો. કિયો પ્રણામ ઝુકાઈ સિર, માં કે ચરનન માહિં ।
મૈયા કે આંસૂ ઝરૈં, સુત કે કેશ ભિજાહિં ॥ ૧૭૬

દેત શિખાવન યશુદા મૈયા । નીકે સુનહુ વચન મમ છૈયા ॥
બહુત ઘને બનમેં મતિ જઇયે । જલાશયન સોં દુર રહઈયો ॥
સખન સંગ લડિયો હૂ નાહિં । ભૂલિ ન, જઇયો કાંટન માંહિ ॥ ૧૭૭

જીવ જન્તુ મહિ દેખત ચલિયો । તિન પૈ ચરણકમલ મત ધરિયો ॥
દૌડત ગૈયાં પરૈં દિખાઇ । તુમ ન દૌરિયો તિન સમુદાઇ ॥ ૧૭૮

મસ્ત બૈલ કાંધૌરી વાલે । લડત જહાં હોવેં મતવાલે ॥
કબહુ પાસન તિનકે જઇયો । સદા દુર ઇનસોં સુત રહિયો ॥
કબહું બન્દરન સંગ ન બૈઠિયે । ઔર ન ઇન સંગ કબહું ખેલિયો ॥ ૧૭૯

પછી પ્રભુ ખિરકમાં પધાર્યા. ગોદોહન કરીને, ધૈયા આરોગ્યા અને વનમાં જવાની તૈયારી કરી તેનું વર્ણન છ શ્લોકથી કરે છે, (શ્લોક ૧૮૫ થી ૧૯૦)

દો. ભટ કી છાહન એકલે, ખડે ન રહિયો ભૂપ ॥
ગ્વાલ ગાય સખ ચારિહૈં, તુમ નાફિરિયો ધૂપ ॥ ૧૮૦

લા લો સંગ ખિલૌના સોર । રમિયો જૈહિ સખન સંગ પ્યોર ॥
દાઉ કી આજ્ઞા મેં રહિયો । સબ સો નેહ બનાવે રખિયો ॥ ૧૮૧
યે ગઇયા હી હૈં અપનો ધના । સદા વારિયો ઇનપૈ તનમન ॥
પીતામ્બર સોં દેહ રગડિયો । પુંછ ઔર મેં કંધી કરિયો ॥
મુદિત ચરાઇ ઇનકિં પહુચૈઓ । બેગિ લૈહિ ઘર કોં આ જૈયો ॥ ૧૮૨

(ક્રમશઃ)

० વેણુનાદ ०

રચયિતા :- **પૂ. પા. ગો. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ)**

તં અં અં અં અં...
સૌમ્ય !

હં અં અં અં અં...
સૌંદર્ય !

ટં અં અં અં અં...
ખૈલ ખિલાટ્ય !

શં અં અં અં અં...
કાવ્ય !

ખં અં અં અં અ ..
રાસિક્ય !

રં અં અં અં અં...
પાલ્લવ્ય !

સાં અં અં અં અં...
નિસ્વાર્થ નિષ્છલ સ્નેહ સ્ફૌર્ય !

ઘં અં અં અં અં...
મિષ્ટ ઔછલ્ય !

ગં અં અં અં અં...
માધુર્ય !

ચં અં અં અં અં...
પ્રાકુલ્ય !

કં અં અં અં અં...
ઉલ્લાસ !

ધં અં અં અં અં
હાસ્ય !

છં અં અં અં અં...
સૌખ્ય !

ઝં અં અં અં અં...
આહલ્લ !

અં અં અં અં અં...
આનંદ્ય !

પુસ્તક પરિચય

૧. ષોડશગ્રંથનું આચમન-૨

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
“વ્રજરજ” ૩૧, શિવસોસાયટી નં. ૨ બી. કે. સીનેમાની બાજુમાં મહેસાણા-૩૮૪૦૦૨
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૦૨, ઓફસેટ પ્રિન્ટીંગ કાર્ડ બોર્ડ પુઠું, સેકસન સિલાઈ. ન્યો. રૂા. ૩૫/–

આ પુસ્તકમાં સિદ્ધાન્ત રહસ્ય, નવરત્ન, અંત:કરણ પ્રબોધ અને વિવેક દૌર્યાશ્રય એમ ૪ ગ્રંથોનું સુંદર, સરળ, લોકભોગ્ય શૈલીમાં વિવરણ કરવામાં આવ્યું છે.

દરેક ગ્રંથ મુળ શ્લોક, ગુજરાતી સમશ્લોકી તથા ગુજરાતી અનુવાદ સાથે આપવામાં આવેલ છે. દરેક ગ્રંથ પરતી વિવિધ ટીકાઓનો યથાયોગ્ય સમાવેશ કરવામાં આવેલ છે.

પુષ્ટિ સાહિત્યના પ્રખર જ્ઞાતા દ્વારા લખાયેલ આ પુસ્તક તથા તેમના બીજા ભાગો દરેક વૈષ્ણવ પરિવારે વાંચવા તથા તસાવવા યોગ્ય છે, દરેક ભગવત મંડલીમાં નિયમિત વાંચવા યોગ્ય છે, પુષ્ટિ સાહિત્યના પુસ્તકાલયમાં પણ વસાવવા યોગ્ય છે.

૨. શ્રી ગોકુલેશ-વચનામૃત-ગ્રંથસાર

પ્રકાશક/સંકલનકર્તા-શ્રી યમુના પબ્લીકેશન વાયુ દેવતાની પોળ, ચાચરીયા,
પાટણ (ઉ. ગુ.) ૩૮૪૨૬૫

શ્રી ગોકુલનાથજીના ૨૮ વચનામૃતોમાંથી ચિંતનીય રસકણિકાઓ-આચાર, વિચાર, સેવા, સ્મરણ, ભાવ, ભાવના આદિ અનેક વિષયોનું ગુજરાતીમાં સંગ્રહિત કરીને નાનો પુરિતકા રૂપે પ્રકાશિત કરેલ છે. ન્યો. રૂા. ૫/–

૩. જીવન વિજ્ઞાન

લેખક : ડો. વિનોદ પુરાણી
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૯૨, પીન બાઈન્ડીંગ
બીજી આવૃતિ, ન્યો. રૂા. ૭/–

ષોડશ ગ્રંથ પૈકી વિવેક દૌર્યાશ્રય ગ્રંથ પર પ્રવચનો આ પુસ્તિકા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યા છે. સરળ ગુજરાતી ભાષામાં દૃષ્ટાંતો સહિત વિવેક, ધૈર્ય અને આશ્રયની ચર્ચા કરવામાં આવી છે.

૪. ભગવદ ગીતા – સુગીતા

લે. ડો. વિનોદ પુરાણી
સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૯૦, પીન બાઈન્ડીંગ બીજી આવૃત્તિ, ન્યો. રૂા, ૧૦/–

આ પુસ્તકમાં શ્રીમદ ભગવદ ગીતાના અ, ૭ થી ૯ની સરળ સમજ આપવામાં આવી છે.

આ જ લેખક દ્વારા સુગીતા અ. ૧થી૩ અને ૪થી૬ પ્રગટ થઈ ચુકયા છે. આ ત્રીજુ પુસ્તક છે.

૫. પુષ્ટિ માર્ગીય જીવન દર્શન

લેખક – પથિક

૧/૩૨ ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૧૧૨, પીન બાઈન્ડીંગ છઠ્ઠી આવૃત્તિ ન્યો. રૂા ૫/–

પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો તથા પુષ્ટિ ભકતે જીવન કઈ રીતે સફળ કરવુ તે સંક્ષિપ્તમાં સરળ ગુજરાતીમાં સુંદર રીતે રજુ કર્યું છે. દરરોજ અવારનવાર વાંચવા લાયક પુસ્તિકા.

ઉપરના ક્રમ ૩–૪–૫ પુસ્તકના પ્રકાશક ભારતીય તત્ત્વજ્ઞાન મંદિર C/o ડૉ. વિનોદ પુરાણી
ગોકુલનાથજીના મંદિર પાસે, મોડાસા

૬. શ્રુંગાર સેવા – ન્યો. રૂા. ૧૦/– આવૃત્તિ બીજી ઘર સેવા કરતા વૈષ્ણવોને નિત્યક્રમના શ્રુંગાર, આભૂષણ અને શ્રી વસ્ત્ર શ્રાવણ વદ ૮ જન્માષ્ટમીથી શ્રાવણ વદ ૭ સુધીના વર્ષમાં ધરાવવાની માહિતી આપી છે.

૭. કીર્તન માધુરી (વર્ષોત્સવના પદ) ન્યો. રૂા. ૫/–

જન્માષ્ટમીથી રક્ષાબંધન સધીના ઉત્સવોના અષ્ટસખાના શ્રી સન્મુખ બોલવાના કીર્તનોનો સંગ્રહ રજુ કરેલ છે. જે ઘર સેવા કરનાર વૈષ્ણવોને ઉપયોગી છે.

૮. કીર્તન માધુરી : (નિત્ય ક્રમના કીર્તન બાળલીલાના પદ સાથે) આવૃતિ ત્રીજી ન્યો. રૂા. ૫/–

નિત્ય સેવા પ્રભુને જગાડવાથી પોઢાવવા સુધીના કીર્તનો. આશરાર્ના તથા બાળલીલાના પદોનો સંગ્રહ છે. જે ઘર સેવા કરનાર વૈષ્ણવોને ઉપયોગી છે.

૯. મહામનોરથ – ન્યોં રૂા. ૧૦/– આ પુસ્તિકામાં અન્નકુટ, કુનવારો અને છપ્પત ભોગના મહામનોરથની ભાવના અષ્ટ સખાના કીર્તન સાથે રજુ કરેલ છે. ઉપરાંત શ્રી વ્રજકમળના મનોરથની ભાવના અને વ્રંજ પરિક્રમાની માનસી ભાવના સંક્ષિપ્તમાં આંપેલ છે.

૧૦. શ્રી મધુરાધિપતેરખિલમ મધુરમ

ન્યો. રૂા. ૧૦/–

શ્રી મહાપ્રભુજી વિરચિત શ્રી મધુરાષ્ટકમ માત્ર પુષ્ટિ સાહિત્યનું જ નહિ. પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યનું એક ઉત્તમ કાવ્ય છે. એ જેટલું સરલ લાગે છે એટલું જ ગહન છે. એની સંગીતમયતા મોહક છે. ગોકુલમાં શ્રી મહાપ્રભુજીને શ્રી હરિએ જે. સ્વરૂપે સાક્ષાત દર્શન આપ્યા તેના સંયોગ અને વિપ્રયોગની જે રશાત્મક અનુભવ આચાર્યશ્રીને થયો તેનો રસાસ્વાદ વૈષ્ણવોને મળે તે માટે આપશ્રીએ મધુરાષ્ટકની વર્ણન ભાવ પોષક પદ, કીર્તન ધોળની સાથે સરળ ભાષામાં કરવામાં આવ્યું છે.

૧૧. નમામિ યમુનામહમ – ન્યો. રૂા. ૫/–

શ્રીમદ વલ્લભમાર્યજીએ શ્રી યમુનાષ્ટક સ્તોત્ર દ્વારા ચતુર્થ પ્રિયા શ્રી યમુનાજીની સ્તુતિ કરી છે. તે સ્તોત્રના મુળ શ્લોક, શબ્દાર્થ, ગુજરાતી અનુવાદ સાથે સમજાવેલ છે,

૧૨. પુષ્ટિમાર્ગમાં મનોરથની ભાવના ન્યો. રૂા. ૫/-

પુષ્ટિ માર્ગીય સેવા પ્રણાલિકામાં થતા જુદા જુદા મનોરથોની ભાવના આ પુસ્તિકામાં સમજાવવામાં આવી છે. દરેક મનોરથ પાછળની ભાવના. એની સજાવટ. ભાવ પોષક કીર્તનો વગેરે આપવામાં આવ્યા છે. વૈષ્ણવો જો દરેક મનોરથો પાછળની ભાવના સમજી દર્શન કરે તો એમને વધારે આનંદ આવે.

૧૩. કીર્તન માધુરી (મલ્હાર અને હિંડોરાના પદ ન્યો. રૂા. ૫/-

વર્ષાકાળમાં જગાવવાથી પોઢાવવા સુધીના મલ્હારના પદો તેમજ હિંડોરાના પ્રકારની ભાવના મુજબના પદોનો સંગ્રહ પ્રસ્તુત કરેલ છે તેમજ છેલ્લે પદોમાં વૃજભાષાના શબ્દોનો ગુજરાતી અર્થ પણ આપેલા છે જેથી પદનો ભાવાર્થ સમજવામા આવી શકે.

ઉપરના ક્રમ ૬થી૧૩ પુસ્તિકા ૮ ડેમી સાઈઝ પીન બાઈન્ડીંગ. ઓફસેટ પ્રિન્ટીંગ મા છે તેના લેખક-સંપાદક શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ છે અને પ્રકાશક-શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ મર્સીવિલા બિલ્ડીંગ, અશોકનગર રોડ. કાંદીવલી (ઈસ્ટ) મુંબઈ-૪૦૦૧૦૧.

નોટ – દરેક પુસ્તિકાની ન્યોછાવર ઉપરાંત પોસ્ટેજના રૂા. ૨/ અલગ

૧૪. પુષ્ટિપથ ૧.

લેખક પુ. પા. ગો. શ્રી શરદબાવા શ્રી અનિરૂધ્ધલાલજી માંડવી-હાલોલ
સંયુક્ત પ્રકાશક – શ્રી પુરૂષોતમ પુષ્ટિમાર્ગીય ચેરીટેબલ ટ્રસ્ટ, જુનાગઢ
શ્રી ગોવિંદભાઈ ગાંધી. હાલોલ
૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૪, ઓફસેટ પ્રિન્ટીંગ.
પીન બાઈન્ડીંગ. કાર્ડ બોર્ડ પૂઠું, ન્યો. નિ:શુલ્ક વિતરણાર્થ

શ્રી પુરૂષોત્તમ પુષ્ટિમાગીય પાઠશાળા દ્વારા સંચાલિત પુષ્ટિમાર્ગીય પરીક્ષાનું આ ચોથું પાઠય પુસ્તક છે.

આ પુસ્તિકામાં શ્રી આચાર્યચરણ પ્રવર્તિત સિધ્ધાંતોનું વિવેચન કરવામાં આવ્યું છે, કે જેથી સિધ્ધાંતોનું યથાર્થ એના મુળ રૂપમાં જળવાઈ રહે. યથાર્થ સિદ્ધાંતોના જિજ્ઞાસુ વાચકોને આ પુસ્તક જરૂર સંતોષ આપશે.

આ પુસ્તકના ૯ પ્રકરણોમાં-દીક્ષાદાન, પુષ્ટિમાર્ગીય દીક્ષા, સેવામય જીવન. સેવાનું માહાત્મ્ય, સેવા સ્વરૂપ, સેવ્ય સ્વરૂપ, સેવા સ્થળ, સેવાર્થ આજીવિકા અને સેવા અને સદાચાર ઉપર સરળ ગુજરાતીમાં સ્પષ્ટ રીતે નિરૂપણ કરવામાં આવેલ છે. જે દરેક પરિક્ષાર્થી તેમજ વૈષ્ણવોએ વાંચવા સમજવા અને જીવનમાં ઉતારવા માટે ખુબજ ઉપયોગી નીનડશે. દરેકે વસાવવા યોગ્ય પુસ્તક.

સમાચાર

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ (શ્રી ગુસાંઇજી)ના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે
અમદાવાદમાં શ્રી વૈષ્ણવતા પ્રચાર મહોત્સવ

અધ્યક્ષ : પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્રુમીલકુમારજી મહોદય (સુરત–વડોદરા)

આ આયોજનમાં શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ, પ્રારંભ માગશર વદ ૧ તા. ૭–૧૨–૯૫ પુર્ણાહુતી માગસર વદ ૬ તા. ૧૩–૧૨–૯૫ વકતા 'શ્રી કિશોરચંદ્ર શાસ્ત્રીજી' (વડોદરા) સંગીતમય શૈલીમાં કથાપાન કરાવશે. સ્થળ : શ્રી સમર્થેશ્વર મહાદેવ મેદાન, લો ગાર્ડન પાસે, એલીસબ્રીજ.

શ્રીનાથજી ધ્વજા આરોહણ મહોત્સવ

શોભાયાત્રા તા. ૧૪–૧૨–૯૫ શ્રી વલ્લભ સદન આશ્રમરોડથી સવારે ૯ વાગે પ્રારંભ થશે જે ૧૧ વાગે સમર્થેશ્વર મહાદેવ મેદાન પહોંચશે. જ્યાં પુ. પા, શ્રી દ્રુમીલકુમારજી મહોદયના વરદહસ્તે ધ્વજારોહણ થશે. શ્રી ધજાજી તા. ૧૪–૧૫–૧૬ ત્રણ દિવસ બીરાજશે. વિવિધ મનોરથો થશે.

શ્રી પુરુષોતમ મહાયજ્ઞ

યજ્ઞાધ્યક્ષ અને યજ્ઞદીક્ષિત પુ. પા. ગો. શ્રી દ્રુમીલકુમારજી મહોદય પ્રારંભ : મહાસુદ ૯ તા. ૨૮–૧–૯૬ સવારે ૯ વાગે પુર્ણાહુતી સાંજે ૫ વાગે યજ્ઞ સ્થળ : માનવ મંદિર સામેનું મેદાન, ડ્રાઈવ ઈન રોડ. ગુરૂકુલ પાસે અમદાવાદ. ઉપરોકત કાર્યક્રમની વિગતવાર જાણકારી માટે આ ફોન નંબર સંપર્ક કરવો. ૪૦૯૪૫૯ – ૬૭૪૦૦૦૩ – ૫૩૨૬૭૩૫ – ૪૧૨૦૧૯ – ૭૪૮૦૬૪૦

વધાઇ... વધાઈ... વધાઈ....

શ્રી ગોવર્ધનધર પ્રભુનું વડોદરામાં આગમન

અ. ભુ. જગદગુરૂ શ્રી મદવલ્લભાચાર્ય વંશાવતંસ સપ્તમ પીઠાધીશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ તથા ચિ, ગો. શ્રી વ્રજેશકુમાજી, ચિ. ગો. શ્રી ગોપાલલાલજી, ચિ. ગો. શ્રી કલ્યાણરાયજીના સર્વે વૈષ્ણવોના આશીર્વાદ.

પ્રભુ કૃપાથી શ્રી ગોવર્ધનધર પ્રભુ વડોદરામાં તા. ૬–૧૨–૯૫ બુધવારે ૪૧, દુધેશ્વર સોસાયટી આજવા રોડ, પધારશે. આ પ્રસંગે ૧૦૮ શ્રી ભાગવત સપ્તાહ શ્રીના વિવિધ મનોરથો તથા છપ્પનભોગના કાર્યક્રમો તા. ૭–૧૨–૯૫થી ૧૭–૧૨–૯૫ સુધી નિશ્ચિત થયેલ છે. આ અલૌકિક પ્રસંગનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને આમંત્રણ આપવામાં આવે છે.

સપ્તાહના વ્યાસાસને નડીયાદવાળા 'શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી બિરાજશે. વિશેષ માહિતી તથા સેવા સામગ્રી મોકલવાનું સ્થળ :

૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહ છપ્પન ભોગ સમિતિ, ૪૧–દુધેશ્વર સોસાયટી, આજવા રોડ,
વડોદરા–૩૯૦૦૧૯.

વડોદરા આં. પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેસ દ્રારા વડોદરા ખાતે એસ.એસ,જી. હોસ્પિટલમાં પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી–વડોદરા)ના વરદ હસ્તે હોસ્પિટલ માટે પાંચ હજાર ટેટ્રાસાઈકલીન કેપ્સુલ તથા એક હજાર ગ્લુકોઝ બિસ્કીટ પેકેટ અપાયેલ. અન્ય અગ્રણી કાર્યકરો દ્વારા પણ વાસંતી હોસ્પિટલ તથા ગર્લ્સ બોયઝ રીમાન્ડ હોમમાં બિસ્કીટ વિતરણ થયેલ.

બાપુનગરમાં રકતદાન શિબિરનું આયોજન

શ્રીમદ વલ્લભાચાર્ય ફાઉન્ડેશન ટ્રસ્ટ અમદાવાદ અને આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ઉપક્રમે પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (લંદીવલી–અમરેલી–ચંપારણ્ય)ના અધ્યક્ષસ્થાને બાપુનગર અમદાવાદ ખાતે આવેલા શ્રી દ્વારકેશ ધામ, ઈન્ડીયા કોલોની રોડ ઉપર સર્વ પ્રથમ વખત રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું આ આયોજના મુખ્ય મહેમાન અને ઉદઘાટક તરીકે આ. રા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના પ્રમુખ અને અતિથિ વિશેષ તરીકે વિશ્વ હિન્દુ પરિષદના મહા મંત્રીશ્રી ડો. પ્રવિણ તોગડીયા તથા આ. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના પ્રચાર મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

અદયક્ષ સ્થાનેથી પ્રવચન કરતાં પુ. પા. બો. શ્રી વૃજજીવનલાલજી મહારાજે વૈષ્ણવ સંપ્રદાયમાં આ રીતે થતાં લોકાભિમુખ આયોજનોની સરાહના કરી હતી તેમજ પુ. પા. ગો. શ્રી દ્વારકેશકુમાર મહોદયે સર્વપ્રધમ પોતાનું રકતદાન કરી રકતદાન શિબિરનો પ્રારંભ કરાવ્યો હતો એકસો (૧૦૦) વૈષ્ણવોએ પોતાનું રકતદ.ન કરી સંપ્રદાયનું ગૌરવ વધાર્યું હતું.

આ આયોજનને સફળ બનાવવા શ્રી દ્વારકેશ સેવા પરિષદ વલ્લભગુણગાન કેસરીયા મંડળી તેમજ બાપુનગર વૈષ્ણવ સમાજના સદસ્યોએ જહેમત ઉઠાવી હતી.

નિ. લી. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (શ્રી દાદાજી)ને વિવિધ સંસ્થાઓની ભાવાજલી

વડોદરા આં. પુ. વૈ. પરિષદના ગુજ. પ્રદેશના પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ સં. મંત્રીશ્રી ચિમનભાઈ શેઠ અને અન્ય સર્વે પદાધિકારીઓએ એક ઠરાવ દ્વારા જણાવ્યું છે. નિ. લી. પુ. ગો, શ્રી વ્રંજરત્નલાલજી મહારાજશ્રીના નિત્ય લીલા પ્રવેશથી સંપ્રદાય ન પુરાય તેવી ખોટ પડી છે. સર્વે કાર્યકરો ભાવાંજલી અર્પણ કરે છે.

વડોદરા અત્રે વૈષ્ણવ અગ્રણીશ્રી મધુભાઈ ગાંધીના અધ્યસ્થાને મળેલ વૈ. પરિષદના કાર્યકરો અને વડોદરાની પુષ્ટિ સૃષ્ટિની સભાએ એક ઠરાવ કરી પુ. નિ. લી. શ્રી દાદાજી મહારાજને ભાવાંજલી અર્પણ કરેલ. આ સભામાં શ્રી ભગવત પ્રસાદ પંડયા શ્રી ચિમનભાઈ શેઠ, શ્રી મુકુંદભાઈ પટેલ શ્રી હર્ષદભાઈ મજમુદાર વગેરે અગ્રણીઓએ ભાવાંજલી અર્પણ કરેલ સર્વે વૈષ્ણવોએ શ્રી કૃષ્ણાશ્રયના પાઠ તથા પંદર મીનીર અષ્ટાક્ષર ધુન કરેલ.

ગોધરા અત્રે શ્રી ગુસાંઈજીના બેઠકમાં ગોધરાના વૈષ્ણવોની સભા શ્રી મનહરભાઈ પરિખના અધ્યક્ષ સ્થાને મળેલ તેમાં નિ. લી. પુ. પા. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (દાદાજી) પુષ્ટિમાર્ગની, સાહિત્ય સાંસ્કૃતિક, શૈક્ષણિક તથા સામાજીક ઉન્નતિ માટે જે મહત્વનું પ્રદાન કરેલ તેનું કૃતતજ્ઞતા પુર્વક સ્મરણ કરી એક ઠરાવ દ્વારા ભાવાંજલી અર્પણ કરેલ.

વડોદરા : અમેરિકામાં વસ્તા વૈષ્ણવ પરિવારની દિકરી કુ. સેજલ કિરિટભાઈ દેસાઇએ પુ. ગો. શ્રી ઈન્દીરાબેટીજીના પ્રોત્સાહન અને માર્ગદર્શનથી એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાંથી એમ. એ.ની પરિક્ષા સંસ્કૃત વિષયોનાં એપ્રિલ–મે ૯૫માં આપીને સમગ્ર સંસ્કૃત મુખ્ય વિષયમાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં દ્વિતીય નંબર મેળવ્યો. તેમજ વલ્લભ વેદાન્ત વિષયમાં ડીસ્ટીકશન સાથે આખી યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે આવી શામળ બેચર ટોડરમલ વલ્લભ વેદાન્ત પ્રાઈઝ પ્રાપ્ત કર્યું છે. કુ. સેજલને અભિનંદન.

અમદાવાદ : વિનય કમલેશ ગુરૂકુલ અમદાવાદ અને ગ્રેવીટી પરિવાર આયોજીત પુ ગો. શ્રી ઈન્દીરાબેટીજીની શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ અમદાવાદ મુકામે તા ૯–૨–૯૬ થી તા. ૧૫–૨–૯૬ સુધી યુનિવર્સિટી ગ્રાઉન્ડ પર આયોજન થયું છે. તા. ૧૬–૨–૯૬ શ્રી પુરૂષોતમ મહાયજ્ઞ પણ થશે. વૈષ્ણવ વિદ્યાર્થી ભાઈ બહેનોને ઉત્તમ સંસ્કારો સાથે અંગ્રેજી માધ્યમનાં શિક્ષણ આપવા માટેની નિવાસી શાખા જુન ૧૯૯૬થી શરૂ થશે.

ગોકુળ – શ્રી રત્નમણિ સંસ્કૃત મહાવિદ્યાલય આવેલું છે. તેમાં ઘણા વૈષ્ણવ બાળકો સંસ્કૃત વિદ્યાભ્યાસ કરે છે. પુજ્ય ગોસ્વામી બાળકોએ પણ ત્યા વિદ્યાભ્યાસ કર્યો છે શાસ્ત્રી અને આચાર્ય કક્ષાનું શિક્ષણ કાર્ય થાય છે. સરકાર માન્ય શિક્ષણ સંસ્થા છે. તેનું વિદ્યાલય અને છાત્રાલય ભવન અતિ જીર્ણ ઘયા છે. તેની મરામત માટે દોઢ લાખ રૂપીયાની સહાયની જરૂરત છે. ઈન્કમ ટેકસ માફીને પાત્ર છે. યથા શકિત દાન નીચેના સરનામે "શ્રી રત્નમણિ સંસ્કૃત "મહાવિદ્યાલય"ના નામે ચેક'ડ્રાફ્ટ" મોકલવો.

પ્રધાનાચાર્ય, શ્રી રત્નમણિ સંસ્કૃત મહાવિદ્યાલય નંદ ચોક, ગોકુળ (જિ. મથુરા)

ઓખાપોર્ટ : શ્રી ઓખા કૃષ્ણ પાંજરાપોળ (ગોશાળા) માં કેવળ લુલા–અપંગ–આંધળા તથા સમાજ માટે બીન ઉપયોગી ગોવંશની સેવા સારવાર સુશ્રવા થઈ રહેલ છે. તદ ઉપરાંત ઓલાદ સુધારવાના હેતુથી સારા ધણખુટો તૈયાર કરી ગામડે મોકલી તેના પોષણ માટે વસ્તુ મોકલવાની પ્રવૃત્તિ કરી રહેલ છે. આ સાલ જામનગર જીલ્લામાં વરસાદની તંગીથી ઘાસચારો મેળવવો મુશ્કેલ છે અને તે ખુબજ દુરના ક્ષેત્રમાંથી લાવવો પડશે. તો આ સત્કાર્યમાં યથાશકિત મદદ મોકલવા નમ્ર નિવેદન છે. દાનની રકમ ઈન્કમટેકસ માફી છે.

સરનામુ– શ્રી ઓખા કૃષ્ણ પાંજરાપોળ (ગૌશાળા) **ઓખા પોર્ટ**–૩૬૧૩૫૦ (જિ. જામનગર)

મુલુન્ડ પુ. પા. ગો. શ્રી રમેશકુમારજી મહારાજશ્રીનો સુવર્ણ વર્ષ પ્રાકટય મહોત્સવનો પ્રારંભ સં. ૧૦૫૧ ના કારતક વદ ૧૩ થી થયો હતો શ્રી યમુનાષ્ટક તેમજ ૪૧ પદ ઉપર કીર્તન અને પ્રવચનનો કાર્યક્રમ છ દિવસનો ઘાટકોપરમાં યોજવામાં આવ્યો હતો કિર્તનીયાજી શ્રી ભગવતી પ્રસાદ શર્મા હતા અને પુ. પા. ગો. શ્રી રઘુનથ બાવાશ્રીએ યમુનાષ્ટક અને ૪૧ પદના સમાન્વય પુર્વક વચનામૃત કર્યા હતાં.

આ ઉપરાંત મુલુન્ડમાં વર્ષ દરમ્યાન અનેક કાર્યક્રમનું આયોજન થયેલ શ્રી સર્વોતમ સ્તોત્ર અને શ્રી વલ્લભાખ્યાન પર પ્રવચનો થયા હતા શ્રી મદભાગવતનું પારાયણ થયું હતું "રુપ બાવરી"ના સંગીતમય પદોનો કાર્યક્રમ યોજાયેલ હતો તેમજ સં. ૨૦૫૨ ના કારતક માસમાં વિવિધ કાર્યક્રમ યોજલામાં આવશે.

અમદાવાદ પુ. પા. ગો. શ્રી દ્રમિલકુમારજી બાવાશ્રી (સુરત વડોદર) નો જન્મ દિન ભાદરવાવદર રોજ શ્રી વલ્લભ સદનમાં વૈષ્ણવ સમાજે ખુંભજ ધામધુમથી ઉજવ્યો હતો.

જામનગર (૧) જામનગર વૈષ્ણવ સમાજ અને શ્રી અનિરૂદ્ધ પુષ્ટિમાર્ગીય પાઠશાળાના ઉપક્રમે પુષ્ટિમાર્ગીય સંગીત, કક્ષા સાહિત્યને શ્રી મદવલ્લભાર્ચજી, શ્રી ગુસાંઈજીને પ્રાધાન્ય આપીને અષ્ઠ સખાની વાણીનું પુ. પા. ગો. શ્રી વિઠ્ઠલનાથજી મહારાજશ્રીએ તથા પુ. પા. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીને સ્વમુખે શ્રવણ પાન કરાવ્યું હતું પખાવજ પુ, શ્રી માધવ બાબુ લાલાજીએ વગાડેલ વાયોલીનનો તાલ શ્રી મોહનભાઈ ચીહાણે આપેલ અને પદો જીલવામાં કીર્તનીયા શ્રી માણેકલાલ હતા.

(૨) શ્રી વલ્લભ સ્પેશ્યલ ગૃપના ઉપક્રમે શ્રી હરિરાયજી મહાપ્રસુજીનો પ્રાકટવ મહોત્વ તા. ૧૪-૯-૯૫ થી તા, ૧-૧૦-૯૫ સુધી સેવા સિબિરના આયોજનથી ઉજવવામાં આવ્યો હતો જેમા પુ. પા. ગો. શ્રીવલ્લભ બાવાશ્રીએ વૈષ્ણવોના ઘરે ઘરે પધારીને સેવા પ્રકાર, વસ્ત્રો. શૃંગાર, અને વડા કેવી રીતે કરાય તેનું માર્ગ-દર્શન આપેલ તેમજ વિવિધ મનોરથોનું આયોજન થયેલ હતું,

"પુ. પાદ ગો. શ્રી વ્રજરત્નલાલજી મહાજશ્રીનો દેહ વિલય સંપ્રદાયના ક્ષેત્રે મહાન ખોટ"

પુષ્ટિમાર્ગ સંપ્રદાયથા શતાયુ વયોવૃદ્ધ, સાંપ્રદાયિક સાહિત્યના ક્ષેત્રે. સામાજીક ધાર્મિક ક્ષેત્રે ખુબ મોટું યોગદાન આપનાર. સૂરતમાં વૈષ્ણવ પરિષદના બધાજ કાર્યક્રમોમાં સંપુર્ણ સહકાર આપનાર, પ્રખર વિદવાન વિશ્વ વંદ્ય આચાર્ય વર્ય પુ. પાદ. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી ૧૨મી ઓકટો. ના રોજ સુરત મુકામે નિત્ય લીલામાં પ્રવેશ કર્યાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ ભારે આઘાત અને ઘેરા શોકની લાગણી વ્યકત કરે છે અને શ્રી ઈન્દ્રાન્ત ત્રિકમલાલ શેઠ શ્રી પ્રદ્યુમ્ન શાસ્ત્રી શ્રી યોગેશભાઈ શાસ્ત્રી સી. પી. તલાટી જે. સી. વોરા, વીજુભાઈ શાહ, શ્રી રમેશભાઈ શ્રી હસમુખભાઈ ખખ્ખર વિગેરે પુ. પા. ગો. આચાર્યશ્રીની વિભિન્ન ક્ષેત્રે આપેલી સેવાઓને બીરદાવી હાર્દિક ભાવાંજલિ અર્પણ કરે છે.

રૂા. ૧૦૦/- પૃષ્ઠ પ્રકાશન સહાયક

શ્રી યમુના પબ્લીકેશન હ. પ. ભ, શ્રી જિતેન્દ્રભાઇ રમણીકલાલ પરીખ પાટણના જય શ્રી કૃષ્ણ.

રૂા. ૨૫૧/- પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી જગદીશ પ્રસાદ નીમા, ઈન્દોરના જય શ્રી કૃષ્ણ.

સમાચાર

આં.રા.પુ. વૈષ્ણવ પરિષદના ઉપક્રમે સર્વ જ્ઞાતીય વૈષ્ણવ સમુહ લગ્નોત્શવનું આયોજન

આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે પુ. પા. ગો. ૧૦૮ શ્રી વૃજેશકુમારજી મહોદય શ્રી (કામવન–રાજકોટ)ની અધ્યક્ષતામાં તા. ૬–૨–૯૬થી તા ૧૫–૨–૯૬ દરમ્યાન રાજકોટ શહેરના શાસ્ત્રી મેદાનમાં સુવિખ્યાત ભાગવત કથાકાર વડોદરાવાળા શ્રી કિશોરચંદ્ર શાસ્ત્રીના વ્યાસાસને યોજાયેલ ૧૦૮ શ્રીમદ ભાગવત સપ્તાહ દરમ્યાન તા. ૧૫–૨–૯૬ મહા વદ ૧૧ ગુરૂવારના રોજ સર્વજ્ઞાતીય વૈષ્ણવ સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સમુહલગ્નોત્સવમાં ભાગ લેવા ઇચ્છનાર વરની ઉંમર ૨૨ (બાવીશ વર્ષ) તથા કન્યાની ઉંમર (૧૮) અઢાર વર્ષ પુરા કર્યા હોવા જરૂરી છે. ફકત રૂા. ૪૧૧/– બંને પક્ષ પાસેથી વ્યવસ્થા ખર્ચના લઈ વૈષ્ણવ પરિષદ વર તથા કન્યાપક્ષના વીસ વીસ મહેમાનોને ચા નાસ્તા તથા ભોજનની વ્યવસ્થા કરશે તેમજ પરિષદના માંડવેથી વિદાય લેતી કન્યાને નાકની ચૂંક, કન્યાદાનના વાસણો, મામાટ, કાનના એરીંગ. પગના સાંકળા, પાનેતર જેવી નાકનમણીની વસ્તુઓ ભેટ આપી આ ભવ્ય સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે. ભાગ લેવા ઇચ્છુક વૈષ્ણવ પરિવારોને શ્રી હસમુખભાઈ ખખ્ખર C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ શેરી, ભુપેન્દ્ર રોડ રાજકોટનો સંપર્ક કરવા જણાવાયું છે.

શ્રી વલ્લભ પ્રચાર યાત્રાનું આયોજન

આ. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે અમરેલી જીલ્લાના પ્રત્યેક તાલુકા મથકે આ વિસ્તારના ધર્માધ્યક્ષ પુ. પા. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશકુમાર મહોદયશ્રી (કાંદીવલી–ચંપારણ્ય–અમરેલી) અધ્યક્ષતા અને પુ. પા. ગો. શ્રી રાજુબાવાશ્રીના સાનિધ્યમાં શ્રી વલ્લભ પ્રચાર યાત્રા રથનું આયોજન કરવામાં આવેલ છે જેનો પ્રારંભ તા. ૨૪–૧૨–૯૫ના રોજ અમરેલીથી થશે.

તારીખ : ૨૪–૧૨–૯૫	અમરેલી	૧–૧–૯૬.	ધારી
૨૫–૧૨	લીલીયા	૨–૧	ચલાલા–વાંકીયા
૨૬–૧૨	ગારીયાધાર	૩–૧	બગસરા
૨૭–૧૨	કાત્રોડી	૪–૧	કુંકાવાવ–વડીયા
૨૮–૧૨	સાવરકુંડલા	૫–૧	ગોંડલ
૨૯–૧૨	મહુવા	૬–૧	જસદણ
૩૦–૧૨	રાજુલા-જાફરાબાદ	૭–૧	બાબરા
૩૧–૧૨	ખાંભા	૮–૧	ચિત્તલ
		૯–૧	અમરેલ સમાપન

દરેક તાલુકા મથકે શ્રી વલ્લભ પ્રચાર યાત્રા રથનું આયોજન આગમન સમયે ભવ્ય સ્વાગત–સામૈયા શોભાયાત્રા તેમજ બપોરના સમયે બે થી પાંચ દરમ્યાન તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વૈષ્ણવોનું તાલુકા સંમેલન અને રાતના ૯ થી ૧૧ દરમ્યાન રાત્રીના જાહેર ધર્મસભાઓના આયોજન, આ આયોજનો દરમ્યાન વૈષ્ણવ પરિષદના લોકાભિમુખ આયોજનોનો પ્રચાર અને જે તાલુકાઓના વૈષ્ણવોના આયોજનનું વિચારે ત્યાં રકતદાન શિબિર કેમ્પોના પણ આયોજનો કરવામાં આવ્યા છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43·**

શ્રી વિઠ્ઠલેશ સ્તુતિ

[ઢાળ–ગોપીજનના રે પ્રાણ મારા પ્રભુજીની પાસે]

ભુલ્યા ભમે રે જીવ, ભટકે છે ભવમાં;
મળે ન મારગ સાચો, ક્યાંય સંસારમાં
દુઃખનાં દા'ડા રે ઘણાં દોહ્યલા. ૧

દેવ દેવીને પ્રેત પુજે પરાણે;
મનડું ન તેમાં પરોવાય સંસારમાં દુઃખના ૦ ૨

તપ કરીને કોઇ દેહને દમતા;
કોઇ કર્મોમા લલચાય સંસારમાં દુઃખનાં ૦ ૩

ચિત્ત ચોરાણા એનાં મોહક મારગે;
દૈવીને સ્વાસ્થ્ય ન ક્યાંય સંસારમાં દુઃખનાં ૦ ૪

દયા વિચારી પ્રભુ પ્રગટ્યા શ્રી વિઠ્ઠલ;
દરશનથી દુંઃખડા નસાય સંસારમાં દુઃખનાં ૦ ૫

શરણે લીધા છે દૈવી જીવ પોતાનાં;
અન્ય સંબંધ છોડાય સંસારમાં દુઃખનાં ૦ ૬

સેવા તણાં રે સુખ આપ્યા નિજજનને;
'લાલ' ઉર આનંદ ન સમાય સંસારમાં દુઃખનાં ૭

કીર્તનીયાજી લાલજીભાઈ ગો. પટેલ, ગણોદ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"પ્લાસ્ટિક વિગેરેની વસ્તુ સેવામાં કામમાં ન લેવી ફુલ વિગેરેને પણ સાંચવવાની વિધિ ભાવનાથી વસ્ત્ર આદિમાં રાખવાની વ્યવસ્થા કરવી આપણે ત્યાં એક આ બાબતમાં મર્યાદા છે. અને તેમાં વિવેકથી કાર્ય કરવાની જરૂર છે.

નાયલોન આદિ કેમીકલના વસ્ત્રો પણ તેમાં (સેવામાં) આવતા નથી. આના થકી સેવામાં તાર વગેરે રહી જાય અને સામગ્રી આદિમાં (કરતી વખતે) પણ સગડી આગળ ઉપેક્ષાથી અન્ય પરિણામો આવશે. આમ છતાં શાસ્ત્રવિહિત સુતરના વસ્રો, કંતાન અને રેશમી વસ્ત્રોથી કામ લઈ શકાય છે"

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)

શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૪૯

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✱

વર્ષ ૧૪ : અંક-૧૦ — જાન્યુઆરી, ૧૯૯૬

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ✱ **આજીવન રૂ. ૪૦૧**

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"પ્લાસ્ટિક વિગેરેની વસ્તુ સેવામાં કામમાં ન લેવી ફુલ વિગેરેને પણ સાંચવવાની વિધિ ભાવનાથી વસ્ત્ર આદિમાં રાખવાની વ્યવસ્થા કરવી આપણે ત્યાં એક આ બાબતમાં મર્યાદા છે. અને તેમાં વિવેકથી કાર્ય કરવાની જરૂર છે.

નાયલોન આદિ કેમીકલના વસ્ત્રો પણ તેમાં (સેવામાં) આવતા નથી. આના થકી સેવામાં તાર વગેરે રહી જાય અને સામગ્રી આદિમાં (કરતી વખતે) પણ સગડી આગળ ઉપેક્ષાથી અન્ય પરિણામો આવશે. આમ છતાં શાસ્ત્રવિહિત સુતરના વસ્ત્રો, કંતાન અને રેશમી વસ્ત્રોથી કામ લઈ શકાય છે"

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)

શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૪૯

*** આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ***

વર્ષ ૧૪ : અંક-૧૦ જાન્યુઆરી, ૧૯૯૬

શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- * આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ એલ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપિ વૈકુંઠ"

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લે માળે

૧૦. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
નાગર ચકલો

૧૧. **જુનાગઢ**
  ૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
  C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
  શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

  ૨. શ્રી પોપટલાલ જમનાદાસ
  બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

  ૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
  "ગીતાંજલી" ગોકુલ સોસાયટી
  લોઢીયા વાડી પાછળ

૧૨. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ-૧

૧૩. **જેતપુર**
  ૧. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
  પાણી શેરી. જવેરી રમણીકભાઈના મકાનમાં

  ૨. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
  મતવા શેરી

  ૩. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
  ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૪. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૫. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શક્તિ મંદિર સામે

૧૬. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૭. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૮. **બોરીવલી** (વેસ્ટ)
  ૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
  'વ્યોમેશ' ૧લે માળે ફ્લેટ નં. ૭ 'સી' વીંગ
  લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,

  ૨. શ્રી ધરમશીભાઈ પટેલ
  C/o ભુમિ ઇલેક્ટ્રીક કું.
  ૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન

  ૩. શ્રી શશિકાંતભાઈ મરીખ
  મંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ
  ૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૯. **મુંબઇ**
આં. રા. પુ. વૈ. પરિષદ
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે

૨૦ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ ંસ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૧૦ ※ જાન્યુઆરી, ૧૯૯૬

॥ શ્રી હરિઃ ॥

તુલસીમાલા – કંઠી ધારણ મહિમા

નારદ પંચરાત્રમાં ભગવાને નારદજીને કહ્યું કે– જે તુલસીની કંઠીને સદાય પહેરેલી રાખે છે તે કદાચિત પવિત્ર અને સદાચારી ન રહે તો પણ મને પ્રાપ્ત થાય છે. તુલસી કંઠી ધારણ કરવાવાળા મનુષ્યને દ્વારકામાં વસવા બરોબરનું ફલ થાય છે. તુલસી કંઠી પહેરીને કોઇ મનુષ્ય દેવતાની પુજા અથવા પિતૃઓનું શ્રાદ્ધ આદિ કરવાવાળાને કરોડગણું ફલ થાય છે. સ્કંદપુરાણમાં કહ્યું છે કે ગળામાં તુલસીની કંઠી, ભુજાઓ પર શંખ, ચક્રના ચિન્હ અને લલાટ પર ઉર્ધ્વપુણ્ડ્ર (તીલક) ધારણ કરવા વાળા વૈષ્ણવ આખા જગતને પવિત્ર કરે છે. શિવજી પાર્વતીજીને કહે છે કે– શૌચ, લઘુશંકાના સમયે પણ તુલસી કંઠીનો ત્યાગ ન કરવો જોઇએ. તેથી તુલસીમાલા સદા ધારણ કરીને રહેવું જોઇએ. ગરૂડપુરાણમાં લખ્યું છે કે તુલસીની માળાને માથાપર, ભુજા અને કંઠમાં પહેરવાવાળા ભક્તના બધા પાપ નષ્ટ થાય છે. સુખથી ભગવાનનું કીર્તન કરવાવાળા, લલાટ પર ગોપીચંદનથી તીલક અને કંઠમાં તુલસી માલા ધારણ કરવાવાળા પુરુષને યમદુત અડી શકતા નથી. મહાપાપોનો નાશ કરવાવાળી અને

ધર્મ, અર્થ કામ દેવાવાળી તુલસીની કંઠી તથા આંબળાની માળાનો કયારેય ત્યાગ ન કરવો. તુલસીની કંઠીને ભગવાનને નિવેદન કરીને ભકિતપુર્વક પહેરવાવાળા પુરુષના કોઇ પાપ બાકી નથી રહેતાં. ભગવાનને લેપ કર્યા બાદ બાકી બચેલ (પ્રસાદી) તુલસીકાષ્ઠના ચંદનને પોતાના દેહ પર લગાડવાવાળો પુરૂષ કરોડો તીર્થોના ફલને પ્રાપ્ત કરે છે. તુલસીના મુળની માટી વડે દરરોજ સ્નાન કરવાવાળો પુરૂષ દસ અશ્વમેધના અંતીમ સ્નાનનું ફલ પ્રાપ્ત કરે છે.

જે (તુલસીજી) દર્શન કરવાથી સર્વે પાપોનો નાશ કરે છે. સીંચવાથી (જલ રેડવાથી) યમના ભયને મટાડે છે, પ્રણામ કરવાથી રોગોને દુર કરે છે, સ્પર્શ કરવાથી પવિત્ર કરે છે, રોપવાથી ભગવાન શ્રીકૃષ્ણની ભકિતને આપે છે અને ભગવાનના ચરણોમાં અર્પણ કરવાથી મુકિત દેવાવાળી છે. એ તુલસીને નમસ્કાર છે. તુલસી (કયારા)ની માટીનો લેપ કરેલ પુરૂષ જો પ્રાણ છોડે તો તે મહાપાપી (હોય તો પણ)ને પણ યમરાજ જોઇ નથી શકતા.

[પ્રથમપીઠાધિશ્વર નિ. લી. ગો. શ્રી પ્રથમેશજી દ્વારા (કોટા–સોમયજ્ઞ પ્રસંગે) પ્રકાશિત પુસ્તિકા માંથી સાભાર]

॥ શ્રી હરિઃ ॥

બડનગર (જી. ઉજજેન) મધ્ય પ્રદેશમાં

વિરાટ શ્રી સોમયજ્ઞ મહોત્સવ

સોમયજ્ઞ કર્તા વાજપેયી અગ્નિચિત્ સોમયાજી દીક્ષિત, અન્નત શ્રી વિભુષિત શ્રીવલ્લભ સંપ્રદાયાચાર્ય વિદ્વદ્વર્ય **ગોસ્વામી શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી દમ્પત્તિ-ઇદોર.**

બડનગર મધ્યપ્રદેશમાં તા. ૧૬–૧–૯૬ થી ૨૧–૧–૯૬ સુધી વિરાટ શ્રી સોમયજ્ઞનું આયોજન પુર્ણ પુરૂષોતમ આનન્દકન્દ શ્રી ગોવર્ધનનાથજી પ્રભુના પ્રીત્યર્થ તથા જનકલ્યાણના હેતુથી યોજેલ છે.

આ શુભ અવસર પર શ્રીવલ્લભાચાર્ય નગરમાં શ્રીમદ્‌વલ્લભ સંપ્રદાય અને આધ્યાત્મિક વિષયો પર પ્રવચનસભાના આયોજન તેમજ આં. રા. પુ. વૈ. પરિષદનું પ્રચાર અધિવેશન તા. ૧૯–૧–૯૬ ના રોજ રાખેલ છે.

બહાર ગામથી આવનાર વૈષ્ણવોના આવાસ આદિથી વ્યવસ્થા રાખેલ છે. સર્વે ભગવદિએને સાદર નિમંત્રણ છે.

યજ્ઞ સ્થળ : **પૂ. પા. મહારાજશ્રીની આજ્ઞાથી વિરાટ સોમયજ્ઞ સમિતિ**

શ્રીવલ્લભાચાર્ય નગર
શ્રી સરસ્વતી શીશુમંદિર પ્રાંગણ
બદનાવર રોડ, બડનગર જી. ઉજ્જૈન

સંપર્ક : શ્રી કૃષ્ણદાસ ગોરધનદાસ નીમા
ફોન ૨૨૦૪૦–૨૩૦૬૦
શ્રી ગોવિંદદાસ સીતારામજી નીમા ફોન ૨૨૩૫૨

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભકિત વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

તદભાવે તાદશસ્ય નિરન્તર ગૃહસ્થિતિઃ ।
બહિઃસંવેદનાદ્ભાવનાશિકા સમુદાહૃતા ॥૩૬॥

અર્થ :– એવી વ્યસનદશાના અભાવમાં તાદશ ભકતે નિરંતર (હંમેશાં–સતત રીતે ઘરમાં વાસ કરવો જોઇએ, કારણ કે ઘરની બહાર રહેવાની સ્થિતિ સંવેદનને લીધે ભક્તના હૃદયના ભાવનો નાશ કરનારી બને છે – એમ કહ્યું છે. ૩૬.

અસ્યાપ્યેવં તદાન્યેષાં કા વાર્તેત્યપિ નોદિતમ્ ।
અતસ્ત્યકત્વા ગૃહં ક્વાપિ ભગવત્સન્નિધૌ સ્થિતિઃ ॥૩૭॥

કાર્યા કદાચિન્ન તતો ભવેદ્ભાવ વિનાશનમ્ ।
એવમેક પ્રકારો હિ ભકિત વૃદ્ધેરુદીરિતઃ ॥૩૮॥

અર્થ :– જો આવા (તાદશ ભક્ત) ની આવી સ્થિતિ થાય તો પછી બીજાઓની વાત તો કયાં કરવી ? એમ સૂચવ્યું છે. આ કારણથી ઘર છોડીને બહાર કયાંય ન જવું પણ ભગવાનની સન્નિધિમાં (એટલે પાસે) રહેવું. એમ કરવાથી કયારેય ભગવાન પ્રત્યેના ભાવનો વિનાશ થતો નથી. આ પ્રમાણે ભકિતની વૃદ્ધિ કરવાનો આ એક જ પ્રકાર હરિ સન્મુખ સ્થિતિનો જણાવ્યો (સૂચવ્યો) છે. ૩૭–૩૮.

દઢ ભકિત પ્રાપ્તિફલો દ્વિતીયોપિ નિરૂપ્યતે ।
ભાર્યાદિ પ્રાતિકૂલ્યેન ગૃહે સેવાદ્યસમ્ભવે ॥૩૯॥

અર્થ :– દઢ ભકિતરૂપી ફલ પ્રાપ્ત કરવાના એક બીજા માર્ગનું પણ નિરૂપણ કરે છે, કારણ કે ભાર્યાદિ સેવા ભકિતમાં પ્રતિકૂલ હોય ત્યાં ઘરમાં રહીને સેવા અસંભવિત થાય. ૩૯

ત્યાગં કૃત્વા તુ યઃ સેવાયત્નં કુર્યાત્સ દુર્લ્લભઃ ।
હર્યર્થ માત્ર ચિત્તસ્તુ નાંશતોઽન્યગમાનસઃ ॥૪૦॥

અર્થ :– ત્યાગ કર્યા પછી જે સેવા યત્ન કરે તેવો મનુષ્ય દુર્લભ છે. જેનું ચિત્ત ફક્ત હરિમાં જ લાગેલું હોય તેનું મન અંશતઃ કોઇ બીજી વસ્તુમાં રહેતું નથી. ૪૦

અનેનાસ્મિન્નપિ પ્રોક્તા કલ્પેડન્યાવૃત્તિરુતમા ।
લભતે ચ સ્વતઃ સિદ્ધ દાર્ઢ્યાં ભક્તિં પરાં હરૌ ॥૪૧॥

અર્થ :- આ કલ્પ દ્વારા (બીજા ઉપાય દ્વારા) પણ અન્યાવૃત્તિ (હરિ સિવાય બીજી કોઇ પણ વસ્તુમાં ચિત્ત ન પરોવવું તે) ની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. એ સ્થિતિ એટલે પરા (સર્વ શ્રેષ્ઠ) અને દઢ અને સિદ્ધ હરિ ભકિત છે. ૪૧

મોક્ષાદિતો ભકિતતશ્ચાધિકાં વ્યસનરૂપિણીમ્ ।
નનુ ત્યાગં વિધાયૈવ કુર્યાત્શ્રવણકીર્તને ॥૪૨॥

અર્થ :- જો એવી દલીલ કરવામાં આવે કે ત્યાગનો આશ્રય કરીને જ જો શ્રવણ અને કીર્તન ભકિત, મોક્ષથી પણ અધિક વ્યસન ભકિતને પ્રાપ્ત કરાવી શકે તો પછી હરિની તનુજા તથા વિત્તજા ભકિત શા માટે કરવી પડે? ચિત્તમાં હરિને પ્રવર્તમાન કરે તેનું નામ સેવા. ૪૨

કિમર્થં સેવના કાર્યા તનુવિત્તયુતા હરેઃ ।
ચેતસ્તત્પ્રવણં સેવા સા તુ તૈરપિ સિધ્યતિ ॥૪૩॥

ઇતિ ચેન્ન યતસ્ત્યાગે બાધકાનન્ત્યમીક્ષ્યતે ।
દુઃસંસર્ગાન્ન દોષાભ્યાં દોષ હેતુતયા તયોઃ ॥૪૪॥

અર્થ :- એ તો પેલાં સાધનોથી – શ્રવણ કીર્તનાદિથી – પણ સિદ્ધ થઇ શકે જો એમ દલીલ કરવામાં આવે તો એવું નથી – કારણ કે ત્યાગમાં તો અનંત બાધાઓ–વિઘ્નો–અડચણોની અપેક્ષા રહે છે. કારણ કે દુઃસંસર્ગ (એટલે ખરાબ જનોની સોબત–તેમનો સંસર્ગ) તથા અન્નદોષ–એ બન્નેનો સ્વભાવ ગુણદોષ હેતુ (એટલે) દોષ લાવી આપનાર છે તેથી. ૪૩–૪૪

યતો યયા ન દુઃસંગ દુષ્ટાન્ને પ્રતિબન્ધકે ।
સ્યાતાં તથા હરિસ્થાને દેશદોષ નિવારકે ॥૪૫॥

સ્થેયં યતો હરિર્ભકત દુઃખાભાવાય હિ સ્થિતઃ ।
તત્રાપિ ચિત્ત દોષસ્ય સર્વથા વિનિવૃત્તયે ॥૪૬॥

અર્થ :- જેથી ભકિતમાં દુઃસંગ તથા દુષ્ટાન્નરૂપી પ્રતિબંધો ન આવે એવા અને દેશ દોષ (ખરાબ પ્રદેશમાં રહેલા દોષો) ના નિવારક પ્રદેશમાં–હરિના સ્થાનમાં રહેવું, જ્યાં ભકતોના દુઃખો નિવારવા દુર કરવા માટે જ ભગવાન રહેલા છે. ત્યાં પણ ચિત્ત દોષના સંપૂર્ણ નિવારણને માટે. ૪૫–૪૬

તદીયૈઃ કૃષ્ણસમ્બદ્ધૈઃ સમર્પિતનિજાત્મભિઃ ।
તત્રાપિ કૃષ્ણકથયા સેવયા ચાપિ તત્પરૈઃ ॥૪૭॥

અર્થ :- એવા (ભકતો) ની સાથે (રહેવું) કે જેઓ શ્રીકૃષ્ણ સાથે જોડાણ ધરાવતા હોય અને જેમણે પોતાના આત્માનું સમર્પણ શ્રીકૃષ્ણને કરેલું હોય, અને ત્યાં પણ શ્રીકૃષ્ણની કથા તથા સેવામાં અને શ્રીકૃષ્ણમાં પરાયણ હોય તેવા ભકતોની સાથે રહેવું. ૪૭

યતઃ સત્સંગમો ભકતધર્મોબોધેન સાધિતઃ ।
તથા સહપદોકત્યાત્ર સહભાવેન ચ સ્થિતિઃ ॥૪૮॥

અર્થ :- જ્યાં (રહેવા) થી ભકત ધર્મના જ્ઞાનથી (બોધથી-ઉપદેશથી) સર્વત્ર સત્સમાગમ સાધી શકાય અને "સહ" શબ્દથી અહીં જણાવવામાં આવ્યું છે કે (એક ગામમાં પણ તેમની સાથે રહી શકાય છે) સહભાવ પૂર્વક રહેવું. ૪૮. -ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનની સુક્ષ્મ ભાવના

રાજભોગની ભાવના

લેખક : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઇ વેલજીભાઇ મીસ્રી 'શ્રીવ્રજ' ધોરાજી

પ્રેષક : પ. ભ. શ્રી ગોવિંદભાઇ રવજીભાઇ મકવાણા

રાજભોગ (નંદાલયમાં)-૧

ગ્વાલના દર્શનનો ટેરો આવ્યા પછી શ્રી યશોદાજી પોતાના લાડકવાયા લાલને ભોજન માટે બોલાવે છે.

'પ્રેમ મગ્ન બોલત નંદરાની' પોતાના લાલને માટે યશોદાજી – રોહિણીજીએ અનેક પ્રકારની સામગ્રીઓની અનેક પ્રકારની વસ્તુઓ સખડી, અનેક પ્રકારની અનસખડી, દુધઘર અને રાયતા, મુરબ્બાઓ (બીલસારૂ), અનેક પ્રકારના સંધાના (અથાણા)ઓ વિગેરે સુંદર રીતે તૈયાર કરી ભોગઘરમાં સાજી અને પોતાના લાલને બોલાવે છે.

'યશુમતી થાર સાજકે રાખ્યો- તુમે બુલાવે ચલો દોઉ ભૈયા' પછી પધારે છે. પટા ઉપર બિરાજે છે, પછી યશોદાજી ધુપ, દીપ કરે, શંખોદક છીરકાય શ્રી સ્વામનીજીના અંગ સુગંધ રૂપ તુલસીજી દરેક સામગ્રીમાં પધરાવાય પછી 'ગદ્યમંત્ર' બોલાય, ત્યાર પછી આધિ દૈવિક ભોગ પધરાવાના સંકેતરૂપે ઘંટનાદ થાય. વૈષ્ણવોને ઘેરે, પોતાના ગુરૂદેવ, દામોદરદાસજી, શ્રી મહાપ્રભુજી, શ્રી ગુસાંઇજીની 'કાની' અપાય, પછી ટેરો થઇ જાય વિગેરે પછી 'હરિ ભોજન કરત વિનોદસોં, સુત હી જીમાવત યશોદા મૈયા' વિગેરે કીર્તનો, રાજભોના "ચાર" પ્રકાર છે, ઉપર પ્રમાણે નંદાલયમાં છે.

રાજભોગ-૨ (ગોપીગૃહે)

ગોપીજનો પોતાના ઘેરે પ્રભુ માટે સુંદર સામગ્રીઓ કરી, ઢાંકી અને તેઓ યશોદાજી પાસે આવે છે અને યશોદાજીને વિનંતી કરે છે કે તમારા બાલ માટે મેં સુંદર સામગ્રી બનાવી રાખી આપ આજ્ઞા આપો તો પધરાવી જાઉ.

'રાની જુ એકવચન મોહી દીજે'

'આજ ગોપાલ પાહુને આયે' તે કીર્તનોની ભાવના પ્રમાણે પોતાને ઘેરે પ્રભુને સામગ્રી આરોગાવે છે અને કયારેક છુપી રીતે 'ચિત્ર સરાહત ચીતવત મુરમુર'ની ભાવના પ્રમાણે પ્રભુને બોલાવી જઇ પ્રભુને પ્રિય હોય તેવી સામગ્રી આરોગાવે. હાસ્ય, વિનોદ, વિલાસ કરી અને પ્રભુને રીઝાવે છે.

રાજભોગ-૩ (મહેમાની)

ત્રીજા રાજભોગમાં નવ (૯) નંદ ઉપનંદ પોતાને ત્યાં નંદરાયજી યશોદાજી શ્રીકૃષ્ણ બલદેવ સહિત સર્વને પોતાને ઘેરે ભોજન માટે બોલાવે છે તે છે.

'આજ હમારે ભીલ બેઠે હે મહેમાન'

'પરોસત ગોપી ઘુંઘટ મારે' વિગેરે કીર્તનો બોલાય અથવા તો શ્રી વૃષભાણજીને ત્યાં 'બ્યાહ' સમયે ભોજન માટે પધારે છે.

શ્રી વૃષભાન સદન ભોજનકો નંદાદિક સબ આયે તેવી ભાવનાથી આ ત્રણેય રાજભોગની રીત ઘર ભોજનની છે. શીતકાળ, વર્ષાકાળ, ઉષ્ણકાળ કોઇ પણ ઋતુ હોય, એ ક્રમ ચાલુ રહે છે.

રાજભોગ-૪ (વનભોજન) (છાક)

શ્રી ઠાકુરજી સખાઓ સહિત ગોચરન માટે વ્રજના વનોમાં પધારે છે ત્યારે યશોદાજી અનેક પ્રકારની સામગ્રીઓ કરી અને છાક લઇને ગોપીઓને વનમાં મોકલે છે. સર્વ ગોપીઓ પણ પોતપોતાની ભાવનાની સામગ્રી સંકેતરૂપે પ્રભુને મોકલે છે અને 'છક હારી' વનમાં પ્રભુ પાસે જાય છે.

'છાક લે આઇ ગ્વાલન ગોરી' પછી ગોપી કહે છે 'કે ડલા ભર હો બાલાકે સેં કે ઉઠાવે'

સખન સહિત હરિ જેંવત છાક, સીઠો મદન ગોપાલ' કીર્તનો બોલાય છે. આમ કયારેક 'શ્યામઢાંક', કયારેક 'દાનઘાટી', કયારેક 'ગોવર્ધન ગીરી ઉપર' અને 'ગોદમાં' કયારેક 'પરાસોલી' કયારેક 'મધુવન' કયારેક 'કુમુદવન' કયારેક 'શ્રી યમુનાતીર વૃંદાવન બંસીબટ', કયારેક 'કુંજમાં' કયારેક 'ચંદન મહેલમાં' કયારેક 'ખસખાનામાં' કયારેક 'ભોજનથાળી' ટેરકદંબ કદંબ ખંડી, આમ ઘણાં સ્થળોએ સખાઓ સહિત ખેલે છે અને છાક આરોગે છે. 'ભાવત

હે બન બનકી ડોલન' આમ વનભોજનના ઘણા પ્રકારો, વસંતના સમયમાં રાજભોગ આવે ત્યારે 'રીંગન કરત કાન્હ આંગનમેં' ધમારના દિવસોમાં 'બરસાને કી ગોપી માંગન ફગુવાઆઇ' વિગેરે બોલાય. મલ્હારના સમયમાં 'ગ્વાલન પ્રેમપ્રીત રંગ ભીની.'

'આજ બ્રજ બિપિનમેં છાકલીલા રચી' વિગેરે પુસ્તકમાં જોઈ અને બોલવા પછી ભોગ સરવાના અને બીરીનાં કીર્તનો બોલાય પછી રાજભોગના દર્શન ખુલે ત્યારે....

જા કૌં બેદ રટત બ્રહ્મા રટત' તથા કુંજના

બેઠે હરિ રાધે સંગ કુંજ ભુવન અપને રંગ, ચંદન પહેર નાવ હરિ બેઠે' પછી ચંદનના ખસખાનાનાં 'શ્રી યમુનાતટ નવનિકુંજ દ્રુમ નવ દલ પહોય કુંજ' વિગેરે અને વસંત ધમારના સમયમાં 'વસંત' અને 'ધમાર' અને મલ્હારના સમયમાં 'મલ્હારના' રાજભોગ સન્મુખ બોલાય પછી રાજભોગ આરતી થાય અને અનોસર થાય એટલે 'અન' બીજાનો 'ઓસર' સમય પછી નિકુંજમાં ગોપીઓ સેવા કરે છે. પ્રભુ બાહ્ય રીતે પોઢી જઇ અને પછી સર્વ ભકતોની નિકુંજમાં પધારી ભકતોને સુખ આપે છે અને સર્વના મનોરથો પુર્ણ કરે છે. શીતકાળમાં રાજભોગ સન્મુખ 'હિલગ'નાં કીર્તનો પણ બોલાય છે અને તે 'મેં તો પ્રીત શ્યામ સોં કીની'–

'માઇ મેરો માધો સો મન માન્યો' વિગેરે કીર્તનો ધન્યાશ્રી, આશાવરી, ટોડી વગેરે રાગોમાં બોલાય છે– રામકલીમાં પણ બોલાય.

રાજભોગના દર્શન કુંભનદાસજીની ભાવનાથી છે. કુંભનદાસજી પ્રભુના હૃદયરૂપ છે, સારસ્વત કલ્પમાં શ્રી કૃષ્ણાવતાર સમયે તેઓ શ્રીકૃષ્ણના અર્જુન નામે સખા હતા. નિત્યલીલામાં સ્વામીનીજી પાસે તેઓ વિશાખા સખી સ્વરૂપે છે, શ્રી ગોવર્ધનધરની છે, શ્રી મસ્તક ઉપરના શ્રૃંગાર 'કુલ્હે' (પાંચ મયુર પીંછનો બનાવેલો મુકુટ) રત્ન જડાવ શ્રૃંગારો 'મોતીના' છે. શ્રી અંગના ફુલ શ્રૃંગારો મલ્લિકા (મોગરો)ના ફુલ અને કળીના છે. શ્રીનાથજીની સર્વ કુંજ નિકુંજની લીલામાં તેઓની આસક્તિ છે. વિરહમાં એક ક્ષણ રહી શકતા નથી. આંસુ આવે છે. શ્રી ગીરીરાજજીની આન્યોર તરફ સંકર્ષણ કુંડ ઉપર ઉપર સદુપાંડેનો લીંબડો છે તેની નીચે તેનો નિવાસ છે અને તે તેનું નિકુંજનું દ્વાર છે. રાત્રિએ વિશાખાજી સખી પોતાની વિરહ ભાવ કુંજ અને સ્નેહ નિકુંજના સર્વ જીવોને લઇ તે દ્વાર દ્વારા મહારાસમાં પધારે છે અને તેઓને મહારાસનાં સુખો લેવરાવી પ્રાતઃકાળે બહાર પધારી અને પોતાના મુળ ભૌતિક સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે અને અંત સમયે કુંભનદાસજી તે પોતાના દ્વાર દ્વારા નિત્યલીલામાં પધાર્યા છે.

કુંભનદાસજીનું કીર્તન

શ્રી ગોવર્ધનધર હૃદય રૂપ હે કુંભનદાસ મહારસ કંદ ॥ હે જો હૃદય સબે અંગ અંગકો, સબ રસ સબ સુખ ભોગત સુછંદ ॥૧॥ અમિત મનોરથકો ઉદ્દભવ જહાં– ગોપીનકે મનકોં આનંદ ॥ 'બ્રજપતિ' રસકે મહાપાત્ર હે તન મન પ્રાણ સોં સુખકે કંદ ॥૨॥

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભકત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

સોળ ચિન્હ પદ કંકજે દક્ષિણે નવ વામે સાત;
સ્વસ્તિક, અષ્ટ કોણ, જંબુફળ, યવ, પવિ, ધ્વજ, ઊંધ્વંરેખા વિખ્યાત.
ખ્યાતે અંકુશ, અંબુજ, મચ્છ, વ્યોમ,

કળશ, ઇન્દ્રધનુ, અર્ધ સોમ;
ત્રિકોણ, ગોપદ, ષટ્દશ, ધ્યાન
નિત્ય કરે નિર્ભ–પદ દાન સવો શ્રીકૃષ્ણ કૃપાળ (૨૦)

વિવેચન : આ પદમાં કવિશ્રીયે પ્રભુનાં બન્ને ચરણાર વિંદનાં ચિન્હોનું વર્ણન કર્યુ છે આવા સોળ ચરણ ચિન્હો વાળાનું નિત્ય ધ્યાન કરવાથી નિર્ભયતાનું દાન મળશે.

શ્રી ઠાકુરજીના દક્ષિણ ચરણારવિંદમાં નવ ચિન્હો છે.
અને વામ ચરણમાં સાત મળી સોળ થયા તેના નામ આપેલા છે.

(૧) સ્વસ્તિક, (૨) અષ્ટ કેંણ, (૩) જંભુફળ, (૪) યંવ, (૫) પવિ, (૬) ધ્વજ, (૭) ઊધ્વં રેખા, (૮) અંકુશ; (૯) અંબુજ, (૧૦) મચ્છ (૧૧) વ્યોમ (૧૨) કળશ, (૧૩) ઇંદ્રધનુષ, (૧૪) ચંદ્ર, (૧૫) ત્રિકોણ (૧૬) ગોપદ,

વસ્તુ વૃંદ પ્રદિકામાં પણ સોળ ચિન્હોનું જ વર્ણન છે. તેમજ સ્કંદ પુરાણમાં પણ છે. તેમજ ભાગવત ઉપર તોષણી નામની ટીકાકારે બીજા ત્રણ ચિન્હો વધારીને ૧૯ ચિન્હો કહ્યા છે.

પુજા કોટી સંમ સ્તોત્ર સ્તોત્ર કોટી સમંજપ.
જપ કોટી સમં ધ્યાન ધ્યાન કોટી સમ લય.

આ શ્લોકમાં ગણત્રી આપી છે કે કોટી પુજા સમાન એક સ્તોત્ર પાઠ છે તેમજ કોટી સ્તોત્ર સમાન જપ છે. કોટી જપ સમાન ધ્યાન છે કોટી ધ્યાન સમાન એક લય છે લય એટલે પ્રભુ ભકિતમાં લીન થવું. પ્રભુનું સ્મરણ કરતાં ખોવાઇ જવું હું કોણ છું શું કરૂં છં, તેનું ભાન ન રહે પ્રભુનાં સ્મરણમાં ખોવાય જવાય તેજ લય થવું.

જીવને પ્રભુનું ભજન સ્મરણ કરવું ગમે છે પરંતુ સાંસારીક આધિ વ્યાધિથી પરેશાન થઇ માયામાં લય થવાય જાય છે આવું જીવમાં રહેલું અજ્ઞાન તેને રોકી રાખે છે પ્રભુનાં

ચરણોમાં જેજે ચિન્હો બતાવ્યા છે તે બધા ભકત રક્ષક છે માટે પ્રભુના ચરણારવિંદ ભકિત કરો આવું સુરદાસજી યે ગાયું છે કે જોતું તારૂં ભલું ચાહે તો

ભજમન દધિ સુતા પત્તિ ચરણ
દેવ ગુરૂકો અવનિ સુતહી સદા ચાહે કરણ, ભજમન (૧)

ખેચરી જીવ જાની મનમેં જાન જાતક મરણ
શક્ર વાહન તાસ ભુષણ ટુટ ભુવિ પર પરણ ભજમન (૨)

હંસ સુત રીપુ સુતકે સુતકી જઠર રક્ષા કરણ
સત્ય સુત સુત સુતન પતની ચિંતા હરણ ભજમન (૩)

દક્ષ સુતા પતિ શાપ તે વજા તનુ ઉદ્ધરણ
'સુરકે' પ્રભુ સદા સહાયક વિશ્વ પોષક ભરણ ભજમન (૪)

શબ્દાર્થ :– દધિ–સમુદ્ર, સુતા–લક્ષ્મીજી, પતિ–શ્રીપ્રભુ, દેવગુરૂ–બ્રહસ્પતિ, અવનીસુત –પૃથ્વી પુત્ર મંગલ ખેચરી–ટીટેડી જાતક–બચ્ચા હંસ–સૂર્ય, સુત–પુત્ર, સત્ય–સત્યવતી, દક્ષસુતા–અહલ્યા, પતિ ગૌતમ ઋષિ, વજતનુ પાષાણનું શરીર.

આ કીરતન મનને ઉદ્દેશીને કહ્યું છે કે હે મન તું દધિસુતા પતિ કહેતાં લક્ષ્મીજીનાં પતિ ભગવાનનું ભજન કર. દેવગુરૂ બ્રહ્મસ્પતિ તે જીવનું નામ છે પૃથ્વી પુત્ર મંગલ જો તું તારા જીવનું મંગલ કરવા ચાહે તો પ્રભુનું ચરણ ગ્રહણ કર. પ્રભુ સર્વ જગો રક્ષા કરે છે અને તેનાથી કાંઇ અજાણ્યું નથી.

મહાભારત જેવું યુદ્ધ ચાલુ હતું, ટીટોડીયે ઇંડા મુકયા હતા જ્યાં સુધી પાંખ ન આવે ત્યાં સુધી બચ્ચા ઉડી ન શકે. એવું બન્યું કે સામેથી લશ્કર દોડતું આવે. હવે આ ટીટોડી ગભરાઇ ગઇ પોતે તો ઉડીને ઝાડ ઉપર બેસી ગઇ પરંતુ બચ્ચા તો જમીન ઉપર જ રહ્યા ત્યારે મનોમન ભગવાનની આરાધના તેણે કરી. લશ્કરમાં સૌથી આગળ હાથી આવતો તેનાં ડોકમાં મોટો ઘંટ બાંધેલો બરોબર તે બચ્ચાની ઉપર જ ટુટીને પડયો. બધું લશ્કર નીકળી ગયું ટીટોડી જુએ છે કે આવડો મોટો ઘંટ કોણ ઉપાડશે કદાચ બચ્ચા જીવતા હોય પરંતુ પાછળથી ઘોડેસ્વાર દોડતો આવ્યો તેની પગની ઠોકર લાગી ઘંટ દુર જઇ પડયો બચ્ચ જીવતાં મળી ગયા. પ્રભુ ચાહે તો આમ રક્ષા કરી શકે છે. સૂર્ય પુત્ર કરણ તેનો રીપુ નામ શત્રુ અર્જુન તેની પત્નિ સુભદ્રા સુત અભિમન્યુ તેનો સુત પરિક્ષિત તેની માતા ઓતરાનાં ઉદરમાં હતો ત્યારે બ્રહ્માસ્ત્ર અશ્વથામાએ છોડયું ત્યારે ઓતરા; હે કૃષ્ણ બચાવો, બચાવો કરવા લાગી ગર્ભની રક્ષા કરી તે જ રાજા પરિક્ષિત થયા. સત્યવતીનાં સુત વિચિત્ર વિર્ય તેના પાંડુરાજા તેનાં પાંડવો તેમની પત્નિ દ્રૌપદી તેનાં ચીર પુરી રક્ષા કરી.

પાંડવો જુગટું રમતા હારી ગયા, છેવટે દ્રૌપદીને દાવમાં લગાડી. તે પણ હારી ગયા. તેથી દુ:શાસન સભા વચ્ચે દ્રૌપદીનાં ચીર ખેંચવા લાગ્યો. ત્યારે દ્રૌપદીનો પુકાર કોઇએ સાંભળ્યો નહીં પાંચ પાંડવો પિતામહ બધા નીચું જોઈ ગયા, પરંતુ પ્રભુ કેમ ભૂલે તેણે તો ૯૯૯ ચીર પુરી દ્રૌપદીની લાજ બચાવી લીધી. વળી દક્ષ પ્રજાપતિની દીકરી ગૌતમ ઋષિને પરણાવી હતી તે અહલ્યાને શ્રાપથી શૈલ્યા તેનાં પતિએ જ બનાવી હતી રામાવતારમાં રામચંદ્રજીએ ચરણારવિંદનો સ્પર્શ કરી શૈલ્યામાંથી અહલ્યા કરી હતી. સુરદાસજી કહે છે કે પૂરા વિશ્વનું ભરણ પોષણ પ્રભુ કરે છે માટે હે મન તું તો તેનાં ચરણારવિંદનું ભજન કર પ્રભુ સર્વ સમર્થ છે સર્વજગો રક્ષક છે.

માટે જ કવિ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

શ્રીવલ્લભ સુધાનું ભેટ પુસ્તક

૮૪ ભગવદિય રત્નાવલિ

૩૦૦ થી વધુ પૃષ્ઠોવાળું સુંદર ઓફસેટ પ્રીન્ટીંગનું રૂા. ૩૫ની ન્યોછાવરનું પુસ્તક, જેમ. શ્રી મહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવોના નામાવલિસ્તોત્ર (શ્રી ગોકુલનાથજી વિરચિત) થી લઇને હાલમાં જ રચાએલ ૮૪ વૈષ્ણના ધોળ પદો સુધીનું ચારસો વર્ષોમાં જે જે પદ્યાત્મક સાહિત્ય ૮૪ વૈ. અંગે પ્રાપ્ત છે તે સંગ્રહિત થયેલ છે.

આ પુસ્તક શ્રીવલ્લભ સુધાના સર્વે સામાન્ય તથા આજીવન સભ્યોને ફેબ્રુઆરીની આખર અને માર્ચના આરંભ સુધીમાં પહોંચાડવાનો અમારો સંકલ્પ છે.

આજ પ્રમાણે આવતાં વર્ષે **૨૫૨ ભગવદિય રત્નાવલિ** નામથી શ્રી ગુસાંઇજીના ૨૫૨ ભગવદિઓ પરનું પદ્યાત્મક સાહિત્ય શ્રીવલ્લભ સુધાના સર્વે સભ્યોને ભેટ આપવા નિર્ણય થયેલ છે.

આ સુંદર અભૂતપૂર્વ પ્રકાશનોનો લાભ લેવા આપ હજુપણ ચાલુ વર્ષનું લવાજમ રૂા. ૩૫ સેવાભાવી કાર્યકર્તાને અગર સીધા રાજકોટ કાર્યાલયને મોકલી દર મહીને શ્રી વલ્લભ સુધાના અંકો ઉપરાંત ઉપરોકત પુસ્તક ભેટ સ્વરૂપે મેળવી શકશો.

શ્રી વલ્લભ સુધા કાર્યાલય, કંસારા મહાજનવાડી બિલ્ડીંગ લોહાણાપરા રાજકોટ ૩૬૦૦૦૧

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૨

શ્રી મુકુંદ માલા કર ફેરત;
મહામંત્ર શ્રી રાધે યમુને જપત દરસ પથ હેરત. ૧

મન નિરોધ પિયકો વા છવિમેં સહજ સમાધિ સુહાવન;
પી માધુરી અમૃત માદક છકિ મગન ધ્યાન મન ભાવન. ૨

ત્રાટક દૃષ્ટિ એક રસ સંતત પ્રિયા ભાવના સેવા;
સેવિત યાહિ વેદ બ્રહ્માદિક સકલ દેવમનિ દેવા. ૩

મિલે રહત અનમિલ સી તૃષ્ણા દુહૂં ઓર જલ મીનં;
મુરલી મેં તેરો ગુણ ગાવત હરિ તુમ્હરે આધીન. ૪

સકલ સિદ્ધિ પ્રદ શ્રી મુખ વરની વાકધીશ બ્રજરાજ;
દીનદાસ **'બલ્લભ'** શરણાગત રાખો યમુને લાજ. ૫

ભાવાર્થ :– ભગવાન શ્રી મુકુંદ માળા ફેરવે છે તેમાં નામમંત્ર શ્રી રાધે અને શ્રી યમુને આ મહામંત્રની માળા ફેરવતા (રાહ) રસ્તા ઉપર નજર ફેરવી રહ્યા છે કે હમણાં જ આ રસ્તેથી પધારશે. પ્રિતમનું મન નિરોધ પ્રાપ્ત કરી સમાધિની માફક સ્થિર થયેલું છે. જેમ કોઈ મન ચાહે તેવું અમૃતનું પાન કરી આનંદ મગ્ન બની જાય છે. તેવું જ માળા ફેરવતા પ્રભુ શ્રી યમુનાજી આપનું જ ધ્યાન કરે છે. શ્રી યમુનાજીની દૃષ્ટિ પડતાં જ માનો ત્રાટક દૃષ્ટિ પડી હોય, તેમ સદા એક રસ ભાવનાથી યુગલ સ્વરૂપનો મિલાપ કરી આનંદ માનવાવાળા આપ પ્રભુની સેવામાં સતત ભાવના રાખી રહ્યા છો.

જે પ્રભુને મળવા બ્રહ્માદિક તથા મહાન દેવો, મુનિઓ તરસે છે તો પ્રભુ શ્રી યમુનાજીને મળીને પણ તૃષ્ણા જેની પૂર્ણ થતી નથી. મળ્યા તો પણ નથી મળ્યા. પળવારની દૂરી માનો જળ–માછલું. આવી મનોભાવના સદા એકરસ રહે છે. તે પ્રભુ મુરલીમાં પણ ગાન કરી શ્રી શ્રી યમુનાજી આપને આધિનપણું બતાવે છે. જેને પ્રભુ આધિન બન્યા તેને કઈ સિદ્ધિ પ્રાપ્ત કરવાની બાકી રહે. એવા શ્રી યમુનાજી આપ સકલ સિદ્ધિ હેતુ મુદ્દા છો. આપનું સ્તવન વાગ્ધીશ શ્રીમદ્ વલ્લભ પ્રભુએ કર્યું છે. તેમાં સકલ સિદ્ધિનાં દાતા બતાવ્યા છે. એવા હે શ્રી યમુનાજી આ દીનદાસ વલ્લભને શરણાંગત રાખો.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના

હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

-ગતાંકથી ચાલુ

યા પ્રકાર સમકાયો મૈયા । ગયો પ્રેમ સોં કંઠ રૂંધાયાં ॥
દાઉ કહું હૂ ઇમિ સમઝાયો । તિન કહું અપને હૃદય લગાયો ॥
હરિ કો હાથ, હાથ અપને લૈ । સૌંપયો દાઉ કે હાથન હૈ ॥ ૧૮૩

સોં. રાઇ લૌન ઉતારિ, મૂઠિન મોતી રતન ભરિ ।
પ્રભુ પૈ ડારત વારિ, લેત બલઇયાં માં મુદિત ॥ ૧૮૪

પછી પ્રભુ ખિરકમાં પધાર્યા, ગોદોહન કરીને, દૈયા આરોગ્યા અને વનમાં જવાની તૈયારી કરી તેનું વર્ણન છ શ્લોકથી કરે છે. (શ્લોક ૧૮૫ થી ૧૯૦)

ઘર સોં ચલિ ખિરકન મે આઇ । ગાય બુવાતન વેણુ બજાઇ ॥ ૧૮૫

ગાયે ઝુન્ડન મેં ઢિંગ આઈ । ગોપ લગે ઉનકી રખવાઇ ॥
વિનવહિં સખા સકલ મન મનલાઇ । પ્રાત દુહયો પયપિયહું કન્હાઇ ॥ ૧૮૬

કરહિં પ્રાર્થના મિલકર સારે । અબહિં મથ્યો પય પિયહું દુલારે ॥
લીલા જે કરની બન ચાહાં । ઉત્સુક તિનહિં વિચારન કાહાં ॥ ૧૮૭

અંતરંગ મિત્રન સંગ બાતેં । કરિવે કાન દેહિં મુસુકા વૈ ॥
સ્વર્ણ પાત્ર મેં ધરિયો ધૈયા । પિયત ચુમ્બનાભ્યાસ કરૈયા ॥ ૧૮૮

અંતરંગ ભકતન કે ચરિતન । કરત યાદ હિય ભરી ઉત્સાહિન ॥
મિત્ર હાથ મેં હાથ મારિ કૌં । બજાવત તાલી અટ્ટહાસ સેં ॥ ૧૮૯

રસ સોંભિજ્ઞ ગોપ બાલક જે । તિન મંડલી બીચ શોભિત ભેં ॥
નેત્ર કમલ કી કૌર તેં, કરિ કટાક્ષ સંકેત ।
મન કી બાતે સખન સોં, સુચવત કૃપા નિકેત ॥ ૧૯૦

પછી ગોચારણને માટે વનમાં પધારે છે, ત્યાં કરેલી લીલાનું વર્ણન આઠ શ્લોકથી કરે છે. (૧૯૧ થી ૧૯૮)

વેણુ બજાઇ શકિત ભર ભર કે । નામ લેઇ અપની ગાઇયન કે ।
ગોપ શ્રંગ ધ્વનિ મુખનિ બજાવત । સો સુનિ આપ સહજ સુખપાવત ॥ ૧૯૧

સહજ ભાવ હરિવનપગુ ધારત । ગોપિ ચિત્રસમ ખડી નિહારત ।
જે સર્વાત્મ ભાવ મયિ થોરી । દિય રતિદાન વિરહિનિનિ દૌરી ॥ ૧૯૨

નિજ ગોપીજન અન્તઃ કરણુન । કરન હાર હૈ જે આકર્ષણુ ।
નિજ ગાયન ટોલી આગે કર । શોભિત હોં હિ નાચ અરૂ ગાકર ॥ ૧૯૩

વેણુ નાદ પરત જબ કાના । ગાય હોં હિ માનહુ નિષ્પ્રાના ।
દેખ રહી પ્રભુ કે મુખ ઓરા । ઉંચો કરી પુંછન કો ઝોરા ।

દો. મધુર વેણુ કો નાદ કરિ, નિજ સ્વરૂપ દિખરાય ।
તીનોં લોકન કહં પ્રભુ, જડવત દિયે બનાય ॥ ૧૯૪

નિજ સિંગાર રસકે ભાવાત્મક । સ્વરૂપ સોં કરિ દર્શન સાર્થક ।
ઐસી સારી ગોપીજન કે । ધૈર્ય ઔર મન હર લેવૈં જે

સારસ હંસ સરોવર કેરે । ઔર પક્ષી ચહુ જે બહુતેરે ।
મૌન ધરેં સુની મુરલી નાદા । મુંદિ નૈન ધરિ મૌન અગાધા ॥ ૧૯૫

લતા વૃક્ષ વૃંદાવન કેરે । મધુ બરસાવહિં હરષિ ઘનેરે ।
લીલા સોં ગતિ કરહિં પ્રાણધન । બ્રજ ભુવિ મર્દન-કલેશ નસાવત ॥૧૯૬

ગિરિ ગોવર્ધન શિખર પધારી । વેણુનાદ પુરહિં મનહારી ।
માલા કે મણિ મણિકન સમ હરિ । અપની ગાયન કી ગણના કરિ ॥૧૯૭

કુંદ પુષ્પકી માલા કેરે । આભુષણુ હૈ ધરે ઘનેરે ।
નાના વેષ ધરે હરખાઇ । જલક્રીડા મેં ઉત્સુકતાઇ ।
દો. જમનાજી કે ઘાટ પૈ, અપની ગાયેં લાય ।
શીતલ અરૂ સ્વાદિષ્ટ જલ, સબ કહં દેત પિવાય ॥ ૧૯૮

પછી ભોજનને માટે નંદરાયજી સખીને મોકલીને શ્રી ઠાકોરજીને વનમાંથી બોલાવે છે, તે ત્રણ શ્લોકથી કહે તે. (૧૯૯ થી ૨૦૧)

યેહિ વિધિમન આસકત રખાહીં । સરસ બાલ લીલા કે માંહી ।
ભોજન કો સમય જબ આવત । નંદરાય જુ ટેર બુલાવત ॥ ૧૯૯

જોવત રહત બાટ નંદરાઇ । હરિ સબ દેખહિં ચુપકે આઇ ।
અપનો થાર પરોસન માહીં । યશુદા સોં વિલંબ કરવાહીં ॥ ૨૦૦

યશુદા મૈયા મન અકલાવૈ । સામગ્રી ઠંડી ભઇ જાવૈ ।
ખેલન્દ આસકતોસુત પ્યારો । નંદાદિક કો નૈનન તારો ॥ ૨૦૧

પછી પ્રભુ નંદાલયમાં પધારે છે, માતા પલનામાં ઝુલાવે છે, વ્રજભક્તો આવીને દર્શન કરીને, અનેક પ્રકારથી પ્રભુની સાથે વિનોદ કરીને પોતાને ઘેર ચોરી કરવાને પધારવાની પ્રાર્થના કરે છે. આ સર્વ પ્રકારનું સોળ શ્લોકથી વર્ણન કરે છે. (૨૦૨ થી ૨૧૭)

નંદરાય બહુકીન નિહોરે । સુમિર માતુ મમતા પ્રભુ દૌરે ।
દેખત બાટ સબન દુખ પાયો । તબ તજી ખેલ લાલ ઘર આયે ॥ ૨૦૨

ગાય ગોપ જે બન મેં છુટે । દિયે તિનહીં રતિદાન અનુઠે ।
એસે પ્રભુ ઘર આંગન આયે । લેં ઉછંગ માં બહુ દુલરાયે ॥ ૨૦૩

ઝુલત ઝુલત ગોદ હિંડોરે । માખન મિસરી ખાવહિં ભોરે ।
સુનિ કિસમિસ મિસરી લેં સુંદર । ભરન લગે મુંહમેં અપને કર ॥ ૨૦૪

દો. ચરિત ગાન કરિ પુત્રકે, માત ઝુલાવત જાય ।
ગતિ ચાહિં સ્વામિની જુ, લાલા સુનિ સુખપાય ।

સો. હોંઠન આઇ લાર, કેશ બિખરિ મુખ આવહિં ।
યા છબિપેં બલિહાર, રસિક ચરણુ ગહિ ભુપયોં ॥ ૨૦૫

હંસમુખ મૃગમદ ચિત્ર કપોલન । ચરનન નુપુર કરિ મૃદુ બોલન ।
ચરણુ અંગુષ્ઠ ભકત કો સ્થાના । મુખ લેં દેહિ અધર રસ દાના ॥ ૨૦૬

કરધન કી ધુનિ સુનિ ચકરાવત । વક્ષસ્થલ હારન શોભાવત ।
મોતી લટકન પલના લટકૈ । જોર જનાત પકરિ તિન ઉઠિકૌ ॥ ૨૦૭

સોહં લલાટ મોતિયન કી લર । આંખન કાજર મસલત નિજ કર ।
માખન ચુપર્યો મુખ અરવિંદા । સહ કલંક જનુ શોભિત ચંદા ॥ ૨૦૮

વિવિધ ખિલોનન મધુરે શબ્દન । ગયો પિરોયો હૈ જિનકો મન ।
ઇત ઉત પુરો અંગ હલાવત । નિદ્રા ભરે આંખ મિચ જાવત ।
કરત સ્વામિની જી જૂ પ્રાર્થના । સુનત ધ્યાન સોં સારે વચના ॥ ૨૦૯

સ્વામિની જી કે વિરહાનલકોં । સમરથ હૈ ઠંડો કરિવે કોં ।
માનભાવ વાલી સ્વામિની કો । હરત માન દષ્ટિ ચાતુરિ જો ॥ ૨૧૦

બાંહ ઉઠાવન કી આડી સોં । ગ્રહત ગોપિયન કુચ કલિયન કોં ।
દો. જાસોં હો ઉદ્બુદ્ધતે, હરિ કો હિય પધરાય ।
પુનિ તિનકે હિય કમલ કે, ભૂષણુ હરિ હો જાય ॥ ૨૧૧

સો. ઉત્પન્ન અંગ સંગ, કાંતિ વિલક્ષણ પ્રિય પ્રભુહિં ।
ભે સર્વાંગન સંગ, આનંદ કહં પોષહિં હરિ ॥ ૨૧૨

શોભિત નંદ કેર આંગન મેં । સુન્દર વિધિ ઘુંટનિયાં તાનેં ।
ઘુંટનિયાં તાનન કી આડન । કરત સહજ દૈત્યન કો મર્દન ॥ ૨૧૩

ઘુંઘરૂન મધુર શબ્દ સુનિ મોહન । મુગ્ધ ભયે દિઆહિં હર્ષિત મન ।
સૌભાગ્ય સુખ મૈયહિં દેવૈં । તિનકો દુધ પિયત મુખ જોવૈ ॥ ૨૧૪

અપની માતા કે પ્રિય છૈયા । નીકેં રાખું યશોદા મૈયા ।
પરમાનન્દ કૈર સન્દોહા । માતા હિં દાન દેહિં કરિ દોહા ।
કીચડ લગી અંગ છબિ નીકી । ચલત પકરિ પુંછે બછરન કી ॥૨૧૫

(ક્રમશઃ)

શું આપ શ્રી વલ્લભ સુધાના ગ્રાહક નથી?

શ્રી વલ્લભ સુધાના ચાલુ વર્ષના ગ્રાહક હજુપણ બની શકાય છે.

ચાલુ વર્ષનું ભેટ પુસ્તક ૮૪ ભગવદિય રત્નાવલિ ન્યો. રૂા. ૩૫ શ્રી વ. સુ. ના ૩૫ રૂ લવાજમ ભરનારને ભેટમાં મળશે અને વર્ષ ભરના અંકો તો ખરાજ.

આવતા વર્ષનું શ્રી વ. સુ. નું લવાજમ રૂા. ૩૫ આજે જ મોકલી આવતા વર્ષનું ભેટ પુસ્તક ૨૫૨ ભગવદિય રત્નાવલી મેળવવા ભાગ્યશાળી બનો.

શ્રી વ. સુ. નું. આ જીવન લવાજમ રૂા. ૪૦૧ તા. ૧૫-૨-૯૫ પહેલાં મોકલનારને આ વર્ષનું તેમજ આગામી વર્ષનું ભેટ પુસ્તક ભેટમાં મળશે ડ્રાફ્ટ શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ નામે લખવો.

આ માસના ઉત્સવ

પોષ વદ ૩ તા. ૯-૧-૯૬ મંગળવાર ગો. શ્રી મુકુન્દરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૧૦-૧-૯૬ બુધવાર ગો. શ્રી મધુસુદનજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૧૧-૧-૯૬ ગુરુવાર ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત-વડોદરા)નો તથા ગો. શ્રી પ્રાણવલ્લભ બાવાશ્રી (મથુરા) તથા ગો. ચિ. શ્રી વલ્લભદીક્ષિતજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૧૨-૧-૯૬ શુક્રવાર શ્રી દીક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી પરિતોષકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો જન્મદિન.

પોષ વદ ૧૧ તા. ૧૭-૧-૯૬ બુધવાર ષટતિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો, તલનું દાન-ભક્ષણ અવશ્ય કરવું. (આ એકાદશી સિવાયની બીજી બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જીત છે).

મહા સુદ ૧ તા. ૨૧-૧-૯૬ રવિવાર શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ, શ્રી લાડુબેટીજી મંદિર-મુંબઇ.

મહા સુદ ૩ તા. ૨૩-૧-૯૬ મંગળવાર શ્રી મુકુંદરાયજીનો પાટોત્સવ (કાશી) ૪નો ક્ષય હોવાથી આજે. મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧). ગો. શ્રી કૃષ્ણકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો તથા ગો. ચિ. શ્રી યોગેશકુમારજી (કામવન ગોકુલ-પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૨૪-૧-૯૬ બુધવાર વસંત પંચમી, શ્રી મદનમોહનજી (શેઠ પુરુષોતમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૨૫-૧-૯૬ ગુરુવાર શ્રી યશોદાજીનો જન્મદિન, ગો. શ્રી રાજકુમારજી (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ-મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૨૭-૧-૯૬ શનિવાર ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૩૧-૧-૯૬ બુધવાર, જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૧-૨-૯૬ ગુરુવાર શ્રી લાડીલેશજીનો પાટોત્સવ (વેરાવળ).

મહા સુદ ૧૩ તા. ૨-૨-૯૬ શુક્રવાર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા શુદ ૧૫ તા. ૪-૨-૯૬ રવિવાર હોરી દંડા રોપણ, આર્તિ-સાયંકાલ ધમારનો પ્રારંભ, માઘસ્નાન સમાપ્તિ.

મહા વદ ૩ તા. ૭-૨-૯૬ બુધવાર ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ શ્રી (ચાંપાસેની-જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૮-૨-૯૬ ગુરુવાર ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

॥ શ્રી વલ્લભઃ ॥

માનવ-ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :- **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :- **ડો. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

ધર્મની આવશ્યકતા

મહાભારતમાં કહ્યું છે :-

ધર્મઃ સતાં હિતઃ પુંસાં ધર્મશ્ચૈવાશ્રયઃ સતામ્ ।
ધર્માલ્લોકાસ્ત્રયસ્તાત પ્રવૃત્તાઃ સચરાચરાઃ ॥

'ધર્મ જ સત્પુરુષોનું હિત છે. ધર્મ જ સત્પુરુષોનો આશ્રય છે અને ચરાચર ત્રણે લોક ધર્મથી જ ચાલે છે.'

હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ધર્મનું ઘણું મહત્વ છે. ધર્મ વગરના માણસને શાસ્ત્રકારોએ પશુ બતાવ્યા છે. ધર્મ શબ્દ 'ધૃ' ધાતુમાંથી નીકળે છે. જેનો અર્થ ધારણ કરવું થાય છે. જે સંસારના સમસ્ત જીવોના કલ્યાણનું કારણ હોય, તેને જ ધર્મ સમજવો જોઇએ. આ વાત લક્ષમાં રાખીને નિર્મલાત્મા ત્રિકાલજ્ઞાની ઋષિઓએ ધર્મની વ્યવસ્થા કરી છે. હિન્દુ શાસ્ત્રો અનુસાર તો એક હિંદુ સંતાનના જન્મથી લઇ મૃત્યુ સુધી તમામ નાના મોટા કાર્યોનો ધર્મ સાથે સબંધ છે. હિન્દુઓની રાજનીતિ અને સમાજનિતિ ધર્મથી કોઇ અલગ વસ્તુ નથી. બીજા ધર્મ અનુસરનારાઓ માફક હિન્દુ ફક્ત ધર્મને જ નથી માનતા, પરંતુ પોતાની પ્રત્યેક ક્રિયાને ઇશ્વરાર્પણ કરીને તેને પરમાત્માની પ્રાપ્તિ માટે ઉપયોગી સાધન બનાવી શકે છે.

ધર્મ ચાર પ્રકારના માનવામાં આવ્યા છે. વર્ણધર્મ, આશ્રમ ધર્મ, સામાન્ય ધર્મ અને સાધન ધર્મ. બ્રાહ્મણ વિ. વર્ણોએ પાલન કરવા યોગ્ય ભિન્ન ભિન્ન ધર્મ, વર્ણધર્મ, અને બ્રહ્મચર્યાદિ આશ્રમોના પાલન કરવા યોગ્ય ધર્મ આશ્રમ ધર્મ કહેવાય છે. સામાન્ય ધર્મ એને

કહે છે જેનું મનુષ્ય માત્ર પાલન કરી શકે છે. તેનું બીજું નામ માનવધર્મ છે. આત્મજ્ઞાનમાં પ્રતિબંધરૂપ પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ માટે જ નિષ્કામ કર્મોનું આચરણ થાય છે તે (એટલે કે સમસ્ત કર્મો ઇશ્વરાર્પણ કરવા) સાધન ધર્મ કહેવાય છે. આ ચારે ધર્મના યથા યોગ્ય આચરણથી હિંદુ ધર્મશાસ્ત્રો અનુસાર મનુષ્ય પૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે.

આ ચારેમાંથી કોઇ એવો ધર્મ નથી કે જેની ઉપેક્ષા થઇ શકે. વર્ણ અને આશ્રમ ધર્મનું તો જુદા જુદા પુરુષો દ્વારા જુદી જુદી અવસ્થામાં પાલન કરવામાં આવે છે, પરંતુ ત્રીજો સામાન્ય ધર્મ એવો છે કે જેનું આચરણ મનુષ્ય માત્ર પ્રત્યેક સમયે કરી શકે છે અને જેના પાલન વગર ફક્ત વર્ણ કે આશ્રમ ધર્મથી પૂર્ણતા પ્રાપ્ત થતી નથી.

આ વાતનો એવો અર્થ નથી કે વર્ણાશ્રમ ધર્મ સામાન્ય ધર્મ કરતા ઓછા મહત્વની વસ્તુ છે કે ઉપેક્ષા લાયક છે, તેમજ એ વાત પણ નથી કે વર્ણાશ્રમ ધર્મમાં સામાન્ય ધર્મનો સમાવેશ જ નથી. સામાન્ય ધર્મ એટલા માટે વિશેષ મહત્વ ધરાવે છે કે તેનું પાલન દરેક સમયે તથા દરેક કરી શકે છે. પરંતુ વર્ણાશ્રમ ધર્મનું પાલન પોતપોતાના સ્થાન અને સમયે જ થઇ શકે છે. બ્રાહ્મણ શુદ્રનો કે શુદ્ર બ્રાહ્મણનો ધર્મ સ્વીકાર નથી કરી શકતા. એવી રીતે ગૃહસ્થ સન્યાસીનો કે સન્યાસી ગૃહસ્થનો ધર્મ પાલન નહીં કરી શકે, પરંતુ સામાન્ય ધર્મનું પાલન કરવાનો અધિકાર પ્રત્યેક નરનારીનો છે. ભલે તે કોઇ પણ વર્ણ કે આશ્રમનો હોય. તેથી કોઈ સજ્જન એ ન સમજે કે સામાન્ય ધર્મ પાલન કરનારને વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા જ નથી, આવશ્યકતા બધાની છે. તેથી જ કોઇનો પણ ત્યાગ ન કરીને બધાનો સમન્વય કરીને વિધિવત યોગ્યતા અનુસાર પ્રત્યેક ધર્મનું પાલન કરવું અને તેને ઇશ્વરાર્પણ કરી પરમાર્થ માટે ઉપયોગી બનાવી લેવું યોગ્ય છે.

શાસ્ત્રકારોમાં કોઇએ સામાન્ય ધર્મના લક્ષણ આઠ, કોઇએ દશ, કોઇએ બાર અને કોઇએ કોઇએ પંદર, સોળ કે તેનાથી પણ વધારે બતાવ્યા છે. શ્રીમદ્ ભાગવત સાતમાં સ્કંધમાં આ સનાતન ધર્મના ૩૦ લક્ષણ બતાવ્યા છે અને તે ઘણા જ મહત્વના છે.

–ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

કંઠાભરણમ્

શ્રીકૃષ્ણસ્તુતિ

કૃષ્ણો રક્ષતુનો જગતત્રયગુરુઃ કૃષ્ણં નમસ્યામ્યહં
કૃષ્ણેનામરશત્રવો વિનિહતાઃ કૃષ્ણાય તસ્મૈ નમઃ ।

કૃષ્ણાદેવ સમુત્થિતં જગદિદં કૃષ્ણસ્ય દાસોઽસ્મ્યહં
કૃષ્ણે તિષ્ઠતિ સર્વમેતદખિલં હે કૃષ્ણ રક્ષસ્વ મામ ।

કૃષ્ણ ત્રણે જગતના ગુરુ છે, તે અમારું રક્ષણ કરો. કૃષ્ણને હું નમસ્કાર કરું છું. કૃષ્ણે દેવોના શત્રુઓને મારી નાખ્યા, તે કૃષ્ણને નમસ્કાર છે. કૃષ્ણમાંથી જ આ જગત ઉદ્દભવેલું છે. કૃષ્ણનો હું દાસ છું કૃષ્ણમાં આ સઘળું રહેલું છે. હે કૃષ્ણ ! મારી રક્ષા કરો.

ગોપાલ કૃષ્ણ સ્તુતિ

કસ્તુરી તિલકં લલાટપટલે વક્ષઃ સ્થલે કૌસ્તુભં
નાસાગ્રે વર મૌકિતકં કરતલે વેણુઃ કરે કંકણમ્ ।
સર્વાંગે હરિચંદનં સુલલિતં કંઠે ચ મુકતાવલી
ગોપ સ્ત્રી પરિવેષ્ટિતો વિજય તે ગોપાલ ચૂડામણિઃ ॥

જેના કપાળમાં કસ્તુરીનું તિલક છે, છાતી પ્રદેશમાં કૌસ્તુભ મણિ છે, નાકને છેડે ઉત્તમ મોતી લટકે છે, હથેળીમાં વાંસળી અને કાંડે કંકણ ધારણ કરેલાં છે. આખા શરીર પર સુગંધી લલિત ચંદનનો લેપ કંઠમાં મોતીની માળા છે અને જે ગોપીઓથી વીંટાયેલ છે એવા, ગોપાલોમાં શ્રેષ્ઠ શ્રી કૃષ્ણ સદા વિજય પામે છે,

શ્રીનાથજી સ્તુતિ

ગુંજા પુંજા ભરણનિચયં ચન્દ્રકાલી કિરીટં
ગોત્રં વેત્રં કરકમલયોઃ પૂજિતં ચિત્ર વસ્ત્રમ્ ।

મધ્યે પીતં વસનમપરં કિંકિણી વક્રવેણીં
નાસા મુકતાં ધરતિ સ મુરે મેઽસ્તુ ગોવર્ધનેન્દ્રઃ ॥

ગુંજાઓના પુંજના બનેલા આભરણોનો સમૂહ, મયુરપિચ્છનો મુકુટ, એક હાથમાં શ્રી ગોવર્ધન પર્વત અને બીજા હાથમાં છડી, સુંદર રંગબેરંગી વસ્ત્ર, વચ્ચે બીજું એક પીળું વસ્ત્ર, ધુઘરી, વાંકો અંબોડો અને નાકમાં મોતી, આ વસ્તુઓ ધારણ કરનારા શ્રી ગોવર્ધન ધરણ પ્રભુ મને અત્યંત આનંદ આપો.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

નિજિ અનુભવ

ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ, સુરત.

દો. સૂર્યપુરી ગુજરાતકી, રાજત રત્ન સુરૂપ;
સેવત શ્રી હરિચરણકો, વિઠ્ઠલ એક અનૂપ.

ધર્મ મર્મ સિદ્ધાન્તકે, વક્તા એક મહાન;
વલ્લભ કુલ દીપક સુખદ, સૌમ્ય ગુણવાન.

શ્રી પુરુષોત્તમ ગૃહ રીતિ, હરિ રતિ ધર્મપ્રચાર;
સત્કારત ગુણીજન લખિ, **'ગનપત'** પાયો દ્વાર.

ગાથા ગાવત નિકટ રહ, ખુલવાયો કઈ બાર;
સહકુટુંબ રાજત સુનત, ગ્રંથ હું લેત નિહાર.

જબ બૈઠત તબ બાત યહ, વલ્લભ ચરણ વિચાર;
શ્રમતિ ભયે અતિ દૈવી હિત, શ્રી વલ્લભ અવતાર.

વિઠ્ઠલેશકે સેવ્ય નિધિ, યશોમતિ ગોદ સુહાય;
છઠ્ઠો ગૃહકે અધિપતિ, લાલન લાડ લડાય.

પાયો દર્શન પુનિપુનિ, હેત મરમ સમઝાય;
પુષ્ટિ રત્ન વ્રજરત્નશ્રી, **'ગનપત'** પદ શિરનાય.

ગાથા મુદ્રિત કરનકી, મનમેં અતિ અભિલાષ;
પરિષદ પૂરન કરત અબ, ઉનકે મન હુલ્લાસ.

"શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય" હસ્તલિખિત ગ્રંથમાંથી, રચયિતા એવં કથાકાર-શાસ્ત્રી ગણપતરામ સાંકલેશ્વર પંડયા, નિ.-ધમ્બોલા (રાજસ્થાન).

આ ગ્રંથ મુદ્રિત કરાવવાની કાર્યવાહી ચાલુ છે. ઉચક રૂા. ૧૨૫/- ભરી આગોતરા ગ્રાહક તરીકે નામ નોંધાય છે.

સંપર્ક સ્થળ :- અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ઘોરાજી શાખા,
'અમૃત' જલારામ-૧, માર્ગ-૩, યુનિ. રોડ, **રાજકોટ**-૩૬૦ ૦૦૫.

ભાવાંજલિ

લાગુ પાયે પડી કર જોડી રહી નટવર પ્યારે,
શ્રી વ્રજરાયજી, વંદન અમારા.... ૧
તમને ભકતો સદા પોકારે,
દર્શન દેજો દીન દયાળે;
આવો ઘડી એ ઘડી નટવર પ્યારે,
શ્રી વ્રજરાયજી, વંદન અમારા.... ૨
સેવક જનના છો પ્રાણ અધારા,
સૌની કરો તમે રખવાળ;
લીધી સૌની ખબર નટવર પ્યારે,
શ્રી વ્રજરાયજી, વંદન અમારા.... ૩
તાલ, ઝાંઝ ને મૃદંગ પેટી,
ઘોડે સવારીના તમે છો શોખી;
કલા પ્રેમે પ્રેરી છે નટવર પ્યારે,
શ્રી વ્રજરાયજી, વંદન અમારા.... ૪
શ્રીજીને સદા સુખદાતા,
સેવક સંગે સદા હરખાતા;
જીવન જીવી જાણ્યું ત્યાગી માયા મમતા નટવર પ્યારે,
શ્રી વ્રજરાયજી, વંદન અમારા.... ૫

—વીણા શેઠ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જય શ્રી કૃષ્ણ.

પુસ્તક પરિચય

(૧) સુલભ શાંતિ (હિન્દી)

નિરૂપક : શ્રી નવનીત પ્રિય જેઠાલાલ શાસ્ત્રી, ૧૬ ક્રાઉન સાઇઝ પાના ૧૦૦, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન, બાઇન્ડીંગ, કાર્ડબોર્ડનું લેમીનેશન, ગાયો સહ શ્રીકૃષ્ણચંદ્રજીનું રંગીન ચિત્રજીવાળું પુઠું, ન્યોછાવર રૂા. ૨૦/– પોસ્ટેજ અલગ.

વેદમાં કહેવાયેલ સિદ્ધાંતોનો સાર કે અર્થ બધા સંપ્રદાયવાળા પોતપોતાની રીતે સમાજની સુખશાંતિ માટે પ્રતિપાદન કરે છે. જેને જે ગમે તે સ્વીકારે. વૈષ્ણવ સંપ્રદાય પાસે પણ આવી જ એક સર્વોત્કૃષ્ટ સ્વતંત્ર દૃષ્ટિ છે. આધુનિક સમયમાં પણ તે બધાને જીવવાનો સરળ, સ્પષ્ટ અને સત્ય માર્ગદર્શન કરાવે છે.

ભગવાન પુરુષોત્તમ શ્રીકૃષ્ણના બની જવામાં જ આપણા બધા સુખો અને શાંતિની ચરમસીમા છે. આ શરણાગતિ અને સ્નેહમાં જ શકય છે. આ બન્નેનો સમન્વય પુષ્ટિમાર્ગમાં છે. આ સિદ્ધાંતોનો પ્રાંથમિક સરલ પરિચય આ પુસ્તિકામાં છે તથા શ્રી વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર સંક્ષિપ્તમાં સમાવેલ છે. મુળ ગુજરાતીમાં લખાયેલ પુસ્તિકાનું હિન્દી રૂપાંતર છે. હિન્દીભાષી વૈષ્ણવોને ઉપયોગી પુસ્તિકા.

(૨) કુર્યાત્ સદા મંગલમ્

સંપાદક : શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, ૧૬ ક્રાઉન સાઇઝ, પાના ૭૬, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, કાર્ડબોર્ડનું લેમીનેશન, શ્રી યુગલસ્વરૂપના રંગીન ચિત્રજીવાળું પુઠું, ન્યોછાવર રૂા. ૨૦/– પોસ્ટેજ અલગ.

આજે તો શાસ્ત્રોકત સંસ્કારો પણ સુલભ રહ્યા નથી. વિધિ કે શુદ્ધિ દુર્લભ છે. કાંઇક રહ્યો દેખાવ છે લગ્ન સંસ્કાર. તેમાં પણ સંસ્કારમાં સહકાર દેનારા કેટલા ? સત્કારમાં રાચનારા, રસ્તામાં નાચનારા, ભોજનમાં ભમનારા કેટલા બધા ! ઘોર ઉપેક્ષા થાય છે. સંસ્કારોની જ નહિ પોતાના જીવનની. પોતાના અને સંતાનોના સુખ શાંતિની ! સમાજ આ સમજે તે માટે અંગુલિ નિર્દેશરૂપે પુસ્તિકા.

પુષ્ટિ સાહિત્યના વિદ્વાન શાસ્ત્રીજી દ્વારા ગુજરાતીમાં લખાયેલ આ પુસ્તિકામાં લગ્ન સંસ્કાર જે શાસ્ત્રોક્ત રીતે સરલ ગુજરાતી ભાષામાં નિરૂપેલ છે.

દરેક નવયુગલે, દંપતિએ, ગૈષ્ણવ કુટુંબોએ વાંચવા, સમજવા લાયક પુસ્તિકા, લગ્ન પ્રસંગે વરકન્યાને અમુલ્ય ભેટ આપવા લાયક પુસ્તિકા.

ઉપરોકત ૧–૨ પુસ્તિકાના પ્રકાશન : 'વિદ્યાનિધિ' (ટ્રસ્ટ), 'વ્રજવિહાર',
મોટી પોળ, મોદી સાંથ, નડીઆદ–૩૮૭૦૦૧.

(૩) વૈષ્ણવ પંચાંગ-૨૦૫૨ (વિશેષાંક)

સંપાદક : શાસ્ત્રીજી ઉદયન હ. શુકલ, પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ, C/o. 'ખેતીવાડી' સિયાબાગ ચાર રસ્તા કોર્નર, વડોદરા-૩૯૦૦૦૧ ૮ ક્રાઉન સાઇઝ પાના ૧૮૪ ઓફસેટ પ્રીન્ટીંગ પીન બાઇન્ડીંગ કાર્ડ બોર્ડનું પુઠું, ન્યોછાવર રૂા. ૨૦/- પોસ્ટેજ રૂા. ૫/-

વિ. સં. ૨૦૫૨ની સાલનું કારતક સુદ ૧ થી આસો વદ ૩૦ તથા સં. ૨૦૫૩ કારતક સુદ ૧૫ સુધીનું પંચાંગ તથા ટીપ્પણી, પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવ વગેરેના નિર્ણય, વિદ્યમાન ગોસ્વામી બાલકોના જન્મદિવસોની સૂચના, નિત્યલીલાસ્થ ગોસ્વામી બાલકોના જન્મોત્સોવની યાદી, મકરસંક્રાંતિ શ્રાદ્ધપક્ષ, અધિકમાસમાં વિશેષ કર્તવ્ય, લગ્નમુહુર્તો, ઉપનયન, ખાતમુહુર્તો તેમજ અન્ય ઉપયોગી સર્વાંગી માહિતી સભર 'આચાર્ય શ્રી વલ્લભ'ના સને ૯૫-૯૬ના ગ્રાહકોને ભેટ રૂપે. પ્રકાશકને ધન્યવાદ....

સમાચાર

આં, પુ. વૈ. પરિષદ મણિનગર મહિલા શાખા વિજયા દશમીએ પુ. પા. ગો. શ્રી કાલિન્દીબેટીજીના હસ્તે ઘટસ્થાપન કરી કાર્યનો આરંભ થયો બીજે દિવસે શ્રી પુરૂષોતમ યાગાનું આયોજન થયેલ પુ. પા. ગો. શ્રી રાજેશકુમ,રજીના હસ્તે શ્રીફળ હોમ થયો. ૨૫૨ સભ્યો ધરાવતી આ સંસ્થામાં વૈષ્ણવોને ઉપયોગી (સોપારીની) ચુરી સૌભાગ્ય સુંઠ, ફગવા, ઉપરણા, કંઠી ચરણામૃત મળશે તેમજ વૈષ્ણવ બહેનો દ્વારા બનેલ પાપડ પાપડી, વડી, નાસ્તાનું વિતરણ થશે.

વૈષ્ણને ઘેર સેવાનું તેમજ રસોઇનું કરી શકે તેથી બહેનોએ સંસ્થાનો સંપર્ક કરવો.

પરિષદ કાર્યાલય
૨, શ્રીનાથ એપાર્ટ મેન્ટ
જયંત પાર્ક
મણીનગર અમદાવાદ ૮

ઉપલેટામાં ઉજવાયેલો ભાગયત સપ્તાહ જ્ઞાન યજ્ઞ

અહી ભગવદીય શ્રી દયાળજીભાઇ કોટેચાના પરિવાર દ્વારા તા. ૧૫ થી તા. ૨૨ નવેમ્બર ૯૫ સુધી શ્રી મદન મોહનજીની હવેલી સામે વંડામાં શ્રીમદ ભાગવદ સપ્તાહ પારાયણ યોજાઇ હતી સમ્પ્રદાયના સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા પુજય શ્રી નિરંજન શાસ્રીજી ઉમરેઠવાળા પ્રધાન વ્યાસ પદે બિરાજયા હતા તથા કથામૃતનું પાન કરાવ્યું હતું જેની અનોખી સુંદર છાપ પડી હતી.

મંગલ પ્રારંભદિને પુજય પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી કિશોરચન્દ્રજી મહારાજશ્રી જુનાગઢવાળાનાં મનનીય વચનામૃત થયાં હતા. પુ. પા. ગો. શ્રી શરદકુમારજી મહારાજશ્રી પોરબંદરવાળા, પુજય પા. ગો. શ્રી કનૈયાલાલજી મહારાજશ્રી પોરબંદ-મથુરાવાળા, ગો. શ્રી ૧૦૮ શ્રી વસંતકુમારજી મહોદયશ્રી પુજય ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી પોરબંદરવાળાનાં વચનામૃતોનો લાભ પ્રાપ્ત થયો હતો પ્રતિદિન રાત્રિના વિવિધ કીર્તન મંડળીઓના કીર્તનનો, રાસનો તથા ગરબાનો કાર્યક્રમ થયો હતો કથાથી વૈષ્ણવોમાં અતિ આનંદ વધ્યો હતો.

નમ્ર ભાવાંજલી

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના પુર્વાધ્યક્ષ પુ. પા. ગો. શ્રી વ્રજરાયજી (શ્રી નટવરગોપાલજી) મહારાજ (રાજનગર) તા. ૪-૧૨-૯૫ ના નિત્યલીલા પ્રવેશ કર્યો તે સમાચારથી 'પરિષદ'ને અપુરણીય ક્ષતિ થઈ છે.

નિ લી. શ્રી વ્રજરાયજી મહારાજ સ્વમાર્ગીય સિદ્ધાન્તના ઉચ્ચ વ્યાખ્યાતા સંસ્કૃતના શિર્ષ કોટીના વિદ્વાન અને સ્વમાર્ગીય સેવા પ્રણાલી કિર્તન સાહિત્યના અનન્ય જ્ઞાતા હતા.

સંગીત, અશ્વારોહણ, રત્ન પરિક્ષા, ચિત્રકલા અને અન્ય અનેક લલીત કલાઓના આપ પોષક સંવર્ધક હતાં.

આપે અનેક ભવ્ય મનોરથો ડાકોર શ્રી દ્વારકાધી પ્રભુનો છપ્પન ભોગ સ્વ સેવ્ય શ્રી નટવરલાલ શ્યામલાલ તથા અસારવામાં શ્રી ગુંસાઈજીના અનેકાનેક વિવિધ મનોરથો દ્વારા પુષ્ટિસૃષ્ટિને અઢળક આનંનદાન કરેલ.

તાજેતરમાં ઉપરાઉપરી અગ્રગણ્ય ગો આચાર્યશ્રીઓના નિત્ય લીલા પ્રવેશથી પુષ્ટિ-સૃષ્ટિ અત્યંત રંક બની છે

આપશ્રીના અવિસ્મરણીય ગુણોનું ગાન કરતાં આપશ્રીને અમો નમ્ર ભાવાંજલી અર્પીએ છીએ.

રાજકોટ
તા. ૪૧-૧૨-૯૫

ડાયાભાઈ કે. ડેલાવાળા
પ્રમુખ શ્રી વ. વી. પ્ર. સમિતિ. રાજકોટ
રવજીભાઇ પ. પટેલ
સંપાદક શ્રી વલ્લભ સુધા
વસંતભાઈ ન. વોરા
સહાયક તંત્રી, શ્રી વલ્લભ સુધા

રાજકોટ શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિમિતિ રાજકોટની પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ શ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ સભામાં નિ. લી. ગો. શ્રી વ્રજરાયજી મહારાજશ્રીને ભાવભિની શ્રદ્ધાંજલી અપવામાં આવેલ.

આં પુ. વૈ. પરિષદ ગુજ. પ્રદેશ સમિતિ દ્વારા નિ. લી. ગો. શ્રી વ્રજરાયજી મહારાજને નમ્ર ભાવાંજલી શ્રી યોગેશભાઈ શાસ્ત્રીજી. પ્રો. ચીમનભાઈ શેઠ, શ્રી વી. પી. પરિખ, શ્રી વીજુભાઈ શાહ, શ્રી કલ્યાણભાઈ ભાટીઆ. શ્રી અશ્વીનભાઇ દેસાઇ. શ્રી ચોકશી વગેરે એ હાર્દિક ભાવાંજલી અર્પીત કરી છે.

જુનાગઢ આ. રા. વુ. વૈ. પરિષદ જુનાગઢ શાખા તથા શ્રી વલ્લભ યુવક મંડળના ઉપક્રમે મળેલ સભામાં સુરતવાળા નિ. લી. પુ. પા. શ્રી વ્રજરત્ન લાલજી મહારાજશ્રી (દાદાજી)નો નિત્યલીલા પ્રવેશ થતાં આપશ્રીને ભાવાંજલી અર્પવામાં આવેલ તથા શ્રીકૃષ્ણાશ્રયતા પાઠ અષ્ટાક્ષર સ્મરણ કરેલ.

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૫૪૦ શ્રી અરવિંદકુમાર ગોરધનદાસ ઠક્કર, થાણા દ્વારા લવાજમના દર વધતા રૂા. ૫૧/- સંસ્થા ઉપર **વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.**

૨૧. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૨. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૩. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીલ' માલીવાડ

૨૪ **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૫. **વડોદરા**
શ્રી વામનભાઈ બી પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૬. **વાંકાનેર**
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૭. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ–૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૮. **વાપી** શ્રી ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧, આનંદ વિલા, ૨૫ ગોદાલ નગર

૨૯. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ–૬, ગણેશ વાડી સામે

૯ શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૦ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,

૧૧ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૨ શ્રી જે: પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

૧૩ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી સોની બજાર

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43·

શ્રી નટવરલાલ પ્રભુનું ધોળ

વસીયા રાજગરની માંય; નટવર રસ સાગર કહેવાય;
નમું હું નિત્ય નિરંતર ત્યાંય; વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૧

બ્રહ્માદિક શુકમુનિને દુર્લભ; દર્શન કરવા અતિશય સુલભ;
જઇએ વલ્લભકુળની પાસ, વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૨

સચ્ચિદાનંદ શ્રી કૃષ્ણ સ્વરૂપે, રાધા સખીના સર્વસ્વ રૂપે;
નૃત્ય કરંત સ્વરૂપ સોહય, વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૩

નિત્ય ખેલે નૌતમલીલા, યશોદાજીને ખોળે ઝુલ્યા;
નિરખ્યા નંદબાબાએ ત્યાંય, વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૪

પરમાનંદ આનંદ સ્વરૂપ શોભે નટવર રૂપે;
ગોપી ગોપ સંતોષ્યા ત્યાંય, વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૫

ગોપબાલને આંનંદ આપ્યા, નિજ ભકતોના સંકટ કાપ્યા;
તમસું વ્રજ ભુમિ સોહાય વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૬

વ્રજાંગનાને આનંદ આપી, રાસ લીલા યમુનાતટ સ્થાપી;
વેણુનાદ કર્યો છે. ત્યાંય, વા’લો નટવર રૂપ નટવર રૂપ સોહાય-વસિયા ૭

શરણે વલ્લભકુળને જઇએ, નટવર પ્રભુને ચરણે રહીએ;
નિત્યે લીલા ચિંતન થાય, વા’લો નટવર રૂપ સોહાય-વસિયા ૮

સૌ. માલતીબેન એમ. પાત્રેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, ‘અમૃત’ જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, **રાજકોટ-૫**

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

આજે અભિમાનના ત્યાગની વાત થઇ શકતી નથી માટે દીનતા, મનમાં આવતી નથી. હીન ભાવનાથી પીડાય છે, માનની આકાંક્ષા વધી ગઇ છે અને આદરના સ્થાને સરખામણીની વાત આવવાથી સહન શકિત ઓછી થઇ છે.

સહન કરવાની વાત ગુરૂજનો થકી શિક્ષાથી પ્રાપ્ત થાય છે. ક્રોધ વગેરે ઉપર પણ વિજય કરવાની રીતે ત્યારે જ શીખાય છે. આજે તો આવી આમાન્ય નથી, અને ગુરૂને પણ, ખેર ખુશળ જોવું પડે છે. આમ ગુરૂનું શિષ્ય પ્રત્યે વાત્સલ્યપણુનથી અને શિષ્યની તેવી ભાવના નથી.

વસ્તુતઃ આજે તો ખુશામદ જ ગુરૂને પણ કરવી પડે છે, પૈસાનો સંબંધ છે. આત્મા અને આત્મીયતા અને ભગવત્સંબંધ તો જોવા મળતો નથી. આમ ગુરૂથી માન ઇચ્છતા ખુશામદ ઇચ્છવા લાગ્યા અને દાસત્વ ધર્મથી વિમુખ થયા. તેમજ જે પ્રણાલી પરંપરાથી શીખવાની હોય તે શીખી શકયા નહીં આના પરિણામે જે વૈષ્ણવો કહેવાતા હતા તે 'સિદ્ધ' થયા અને સંપ્રદાયમાં અવળી પરંપરા ચાલી,

નિ.લી, પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)
શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૫૦-૫૧

* આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો *

વર્ષ ૧૪ : અંક-૧૧ ● ફેબ્રુઆરી, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂા. ૩૫/- ● આજીવન રૂા. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રોકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકુલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સીં/૫ જી આઈ એલ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપિ વૈકુંઠ"

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાસ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્કીંગ, ૧લે માળે

૧૦. **જામનગર** શ્રી માર્કંડભાઈ વૈ. ધોળકીયા
નાગર ચકલો

૧૧. **જુનાગઢ**

૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"ગીતાંજલી" ગોકુલ સોસાયટી
લોઢીયા વાડી પાછળ

૧૨. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ–૧

૧૩. **જેતપુર**

૧. શ્રી પોપટલાલ રામજીભાઈ મરજાદી
પાણી શેરી. જવેરી રમણીકભાઈના મકાનમાં

૨. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૩. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૪. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુક્લ શેરી, વઘાસીયા ચોરા

૧૫. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શક્તિ મંદિર સામે

૧૬. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૭. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૮. **બોરીવલી** (વેસ્ટ)

૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફલેટ નં. ૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,

૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઈલેકટ્રીક કું.
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન

૩. શ્રી શશિકાંતભાઈ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજય સમિતિ
૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૯. **મુંબઇ**
આં. રા. પુ. વૈ. પરિષદ
સાત સ્વરૂપની હવેલી, ૧લે માળે

૨૦ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્વરા
૪, ખત્રીવાડ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૧૧ ❋ ફેબ્રૂઆરી, ૧૯૯૬

॥ શ્રી હરિઃ ॥

ઉર્ધ્વ પુણ્ડ્રાદી (તિલક) ધારણ મહિમા

સ્મૃતિ સંગ્રહમાં લખ્યું છે કે, ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કર્યા વિના કરેલું દાન, જપ, હોમ, સંધ્યા, વેદાધ્યયન આદિ સર્વ નિષ્ફળ થઇ જાય છે. ભગવદ્ સેવા પણ તિલક વિના થઇ શકે નહીં.

મત્સ્ય પુરાણમાં કહ્યું છે કે, લોકમાં જેમ સર્પને જોઇને દેડકા ભયથી કંપી ઉઠે છે તેમ ઉર્ધ્વ પુણ્ડ્ર ધારણ કરવાવાળાને જોઇને યમદુત ભયભીત થઈ જાય છે.

મનુષ્ય કેવળ ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરવાથી જ શરીરથી કરેલ સર્વ પાપોથી છૂટી જાય છે.

પદ્મપુરાણમાં બતાવ્યું છે કે, ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરીને શ્રાદ્ધ કરવાવાળો અસંખ્ય ગયા શ્રાદ્ધના ફલને પ્રાપ્ત કરે છે.

વિશાલ, સુંદર, સચ્છિદ્ર, (વચ્ચે જગ્યાવાળું) ઉર્ધ્વ પુણ્ડ્ર તિલકના મધ્યમાં લક્ષ્મી સહિત ભગવાન બિરાજે છે.

દ્વારકાની માટી – અથવા ગોપીચંદનથી દરરોજ ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરવાવાળાના બધાં પાપો નષ્ટ થઇ જાય છે.

સ્કંદ પુરાણમાં ભગવાને બ્રહ્માજીને આજ્ઞા કરી છે કે મારા ભક્ત, મારી પ્રસન્નતા, પોતાનું કલ્યાણ તથા રક્ષા માટે; સવારે–સાંજે મારી સેવા–પૂજા, હોમ આદિ કરતી વખતે ભયનો નાશ કરવાવાળા ઉર્ધ્વ પુણ્ય તિલકને નિત્ય કરવું જોઇએ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૭જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.

* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનમું અવશ્ય લખવું.

* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોંના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.

* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.

* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.

* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.

* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

કાચ (અરીસો) અથવા નિર્મળ જલમાં જોઇને ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરવાવાળો પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

બ્રહ્મ પુરાણમાં લખ્યું છે કે; ચંદનથી ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરીને સંધ્યા વંદન કરવા જોઇએ.

ગરૂડ પુરાણમાં કહ્યું છે કે તુલસિ કયારની માટીથી પ્રતિદિન (હરરોજ) ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક કરવાવાળા પુરૂષના દર્શન કરવાથી મનુષ્યના સો વર્ષના પાપ નષ્ટ થઇ જાય છે.

પદ્મ પુરાણમાં કહ્યું છે કે ઉત્સવમાં પ્રભુનો પ્રસાદ ગ્રહણ કરતાં પહેલાં કુમકુમ (રોલી) નું દંડાકાર લાલ ઉર્ધ્વ પુણ્ડ્ર તિલક અવશ્ય ધારણ કરવું જોઇએ.

વરાહ પુરાણમાં લખ્યું છે કે : ગોપીચંદન માટીથી દેહ ઉપર શંખ, ચક્ર, ગદા અને પદ્મ આદી લગાવવાવાળાને પ્રયાગ આદિ તીર્થોમાં જાવાનું ફલ મળે છે.

ભગવાન ભક્તને જ્યારે જ્યારે શંખ ચક્રાદિ મુદ્રા ધારણ કરેલ જોવે છે ત્યારે ત્યારે પ્રસન્ન થઇને તેના પાપોનો નાશ કરે છે.

જેમ વાયુથી પ્રજ્જવલિત અગ્નિ ઇંધણને બાળી દે છે તેમ શંખ ચક્રાદિ મુદ્રા બધા પાપોને ભસ્મ કરી દે છે.

કલીયુગમાં શંખ ચક્રાદિ ચિન્હોને ધારણ કરવાવાળા પુરૂષના કરેલ સ્વલ્પ પુણ્ય પણ મેરૂ સમાન થઇ જાય છે.

બ્રહ્મ પુરાણમાં કહ્યું છે કે : કલિયુગમાં પોતાના દેહ પર ભગવાનના શંખ, ચક્રાદિ આયુધોને ધારણ કરવાવાળા પુરૂષનો ઇંદ્રાદિ દેવો આશ્રય કરે છે.

શંખચક્રાદિ મુદ્રા ધારણ કરીને ભગવાનની સેવા કરવાવાળા પુરૂષના હજાર અપરાધોને નિત્ય ભગવાન દુર કરે છે.

શંખચક્રાદિ ધારણ કરવાવાળો પુરૂષ; પાખંડી, પતિત, નીચ તથા નાસ્તિકો સાથે વાત કરવા વગેરે કલિયુગમાં થતાં પાપોથી લિપ્ત થતો નથી.

જે દેહમાં ગોપીચંદન મૃત્તિકાથી શંખ, ચક્ર, ગદા, પદ્મ લખેલા (છાપ લગાવેલ) હોય ત્યાં ભગવાન બિરાજે છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનની સૂક્ષ્મ ભાવના

ઉત્થાપનની ભાવના

લેખક : ગો. વ. પ. ભ. શ્રી રવજીભાઇ વેલજીભાઈ મિસ્ત્રી “શ્રી વ્રજ” ધોરાજી

પ્રેષક : પ. ભ. શ્રી ગોવિંદભાઈ રવજીભાઈ મકવાણા

ઉત્થાપન (શ્રી સૂરદાસજી)

દિવસના ચોથા પ્રહરમાં ઉત્થાપનનાં દર્શન થાય છે તે વનમાં પુલિંદિજીઓના ભાવથી થાય છે. તે વન કંદરાના ભાવના હોવાથી **સાજ** સહિત કીર્તન થતાં નથી ગ્વાલના દર્શનની જેમ ખાલી મુખથી કીર્તન થાય છે. પ્રભુ ગીરીકંદરામાં પોઢયા છે. ઘેરે જવાનો સમય થયો જાણી સખાઓ પોતાના મધુર સ્વરે શંખ બજાવી અને પ્રભુને જગાવે છે

સુબલ શ્રી દામા કહયો સખન સોં અર્જુન શંખ બજૈયે

શંખ ધ્વનિ કરી અને જગાવે છે ગાયો પણ વાછરૂની યાદ આવવાથી ઉતાવળી થઇ અને ગળાની ઘંટડીઓ વગાડે છે. એ. છે ઘંટાનાદ શ્રી સુરદાસ (કૃષ્ણ સખા) નટરાગમાં ઉપર પ્રમાણેનું કીર્તન બોલે છે. પછી પુલિંદિજીઓ વનમાંથી મધુર ફળો લાવી, સંવારીને ભોગ ધરે છે. સર્વ સખાઓ પણ વનમાંથી ફળો લાવી સંવારી પ્રભુને ભોગ ધરે છે. ભોગ આરોગવાના સમયમાં પ્રભુ નિકુંજોમાં પધારી પ્રિયાજીઓનાં માન મનાવી નિકુંજમાં પધરાવે છે અને તેના ફલનો ભોગ કરે છે.

ઉત્થાપનના દર્શન શ્રી સુરદાસજીની ભાવનાથી છે. તેઓનું પ્રાગટય પ્રભુના શ્રી મુખથી છે જેથી તેઓ શ્રી ગોવર્ધનધરના મુખરૂપ છે. કૃષ્ણાવતાર સમયે સારસ્વત કલ્પમાં તેઓ શ્રી કૃષ્ણના કૃષ્ણ નામે સખા હતા નિત્ય લીલામાં શ્રી ચંપકલતા સખી સ્વરૂપે છે, શ્રી મથુરાધિશજીના સ્વરૂપમાં આસકિત છે. સ્વરૂપની લીલા, માનલીલા અને ગોચારન લીલા છે. શ્રી સુરદાસજીને તેમાં પરમ આશકિત છે. શ્રી પ્રસ્તકનાં શ્રુંગારો “પાઘના” છે. શ્રી અંગના રાત્નજડીત શ્રુંગારો હીરાના છે, શ્રી અંગના કુલ શૃંગારો, ચંપાલકલીના છે. પરાસોલી ચંદ સરોવરની સઘન કંદરામાં શ્રી મથુરાધીશજીનો અખંડ નિવાસ હોવાથી ત્યાં શ્રી સુરદાસજીનો અખંડ નિવાસ છે. એ સઘન કંદરા શ્રી સુરદાસજીનુ નિકુંજનું દ્વાર છે રાત્રિના સમયે શ્રી ચંપકલતાજી પોતાની **આત્મ નિવેદન** કુંજ અને પ્રેમ સુખ કુંજના જીવોને લઇ તે દ્વારથી મહારાસમાં પધારે છે અને સર્વ સુખો આપી પ્રાતઃકાળે પાછા ઉપર આવી પોતાના મુળ સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે. સુરદાસજી અંત સમયે આ દ્વારથી જ નિત્ય લીલામાં ગયા છે.

૦ કીર્તન ૦

સુર પ્રકાશિત રસિક જગતમે રસના રૂપ ગોવર્ધન ધરકી ॥
લેત હે સ્વાદ વિવિધ સબ રસકો ગોપી ગોવિંદ કે સુખ ઢરકી ॥૧॥
લીલા રસ અમૃત મહાસાગર પ્રગટ કરત નિજજન હિત સરકી ॥
લીલા રસ પરીકર બ્રજ પતિકો અનંત બ્રહ્માંડ છાવો રસ ઝરકી ॥૨॥

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભક્તિ વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભક્તિ વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

અન્યથા કૃષ્ણસેવાયાઃ કથાયાશ્ચાપ્ય સમ્ભવઃ ।
યદિ તે ભગવદ્ ભક્તાઃ કૃપયેયુઃ સ્વભાગ્યતઃ ॥૪૯॥

તદા દૂરે તદ્ગૃહે તત્સેવનાદ્યૈઃ સહસ્થિતિઃ ॥
તદાન્નદોષ દુઃસંગૌ બાધેયાતાં ન સર્વથા ॥૫૦॥

અર્થ :– અન્યથા (એટલે જો એમ કરવામાં ન આવે તો) શ્રી કૃષ્ણની સેવા તથા કથાનો પણ સંભવ ન રહે. પણ જો તે ભગવદ્ ભક્તો પોતાના ભાગ્યને કારણે (ભગવાનની) કૃપા ધરાવતા હોય તો આ દૂર, તેમના ઘરમાં રહીને તેમની સાથે રહેવું. એમ કરવાથી અન્ન દોષ તથા દુઃસંગ દોષ કદાપિ બાધા (અડચણ) કરતા નથી. ૪૯–૫૦.

તત્રૈવ દેહનિર્વાહસ્તત્સંગેનૈવ ચ સ્થિતિઃ ।
તથાવિધમહાભાગ્યાભાવેન યદિ તાદશા ॥૫૧॥

ન સ્થાપયેયુર્નિકટે વિપ્રકર્ષે તદા સ્થિતિઃ ।
વા શબ્દોકત્યા ન કોપ્યત્ર વિશેષઃ પક્ષયોર્દ્વયોઃ ॥૫૨॥

અર્થ :– એ જ સ્થાને રહીને દેહ નિર્વાહ કરવો (એટલે શરીર યાત્રા ચાલુ રાખવી) અને તેમના સત્સંગમાં જ રહેવું (સ્થિતિ કરવી) આ પ્રકારના મહાભાગ્યના અભાવના કારણે જો તાદશ ભકતો પોતાની નજીકમાં (નિકટે) ન રાખે (સ્થાપયેયુંઃ) તો વિપ્રકર્ષે (એટલે દૂર) સ્થિતિ કરવી. અહીં ‘વા’ શબ્દના કથનથી (ઉકત્યા) એમ સૂચવ્યું છે કે એ બન્ને પક્ષોમાંથી કોઈ પણ એક પક્ષ માટે (દૂર અથવા નજીક રહેવાની બાબતમાં) કોઇ વિશેષતા નથી. ૫૧–૫૨.

યથાકથંચિત્સંતોષ્યાઃ સન્તઃ સન્માર્ગ વર્તિભિઃ ।
યથા તેષાં સતાં ચિત્તં ન સ્વસ્યોપરિ દુષ્યતિ ॥૫૩॥

અર્થ :– ગમે તેમ કરીને પણ સન્માર્ગમાં વર્તન (રહેવાનું) કરનારા ભકતોએ સંતોને સંતોષ થાય એમ વર્તવું. જેથી તેમની સાથે રહેતાં તેમનું મન આપણા પોતાના પર દુભાય નહીં. ૫૩

તયા વિનય સૌજન્ય સેવા ભકત્યાદિભિઃ સ્થિતિઃ ।
અથવા સ્વસ્ય વા ચિત્તં યથા તદુપરિ સ્વતઃ ॥૫૪॥

न દુષ્યતિ તથા સ્થૈર્યં તદ્દોષાપરિભાવનૈઃ ।
યદ્વાન્યદીયસંસર્ગં ચિત્તદોષકરં પરં ॥૫૫॥

અર્થ :– એ પ્રમાણે વિનય, સૌજન્ય, સેવા, ભકિત વગેરેથી સ્થિતિ કરવી (રહેવું) અથવા તો પોતાનું ચિત્ત તેમના પર ન દુભાય એ રીતે રહેવું જેથી તેમના દોષો આપણને ન જણાય. અથવા તો બીજાનો સંસર્ગ ઘણો ચિત્તદોષ કર (મનને દુઃખ આપનાર) જણાય તો – ૫૪–૫૫.

વિહાય ભગવદ્ભક્તૈઃ સહ સ્થૈર્યં વિશેષતઃ ।
યથા પ્રથમપક્ષે તુ પ્રેમાસકત્યાદિસમ્ભવે ॥૫૬॥

અર્થ :– તો એવા સંસર્ગનો ત્યાગ કરીને ખાસ કરીને ભગવાનના ભકતોની સાથે રહેવું, જેથી પ્રથમ પક્ષે (એટલે કે અત્યાગ પક્ષે) તો પ્રેમ તથા આસકિતનો સંભવ છે. ૫૬

બીજદાર્ઢ્યં તથાત્રાપિ સેવયા કીર્તનેપિ ચ ।
દૃઢાસકતૌ ન ભાવસ્ય દેહાદેર્વાપિ નાશનમ્ ॥૫૭॥

અર્થ :– એ પ્રમાણેનું (સેવા દ્વારા તથા કીર્તનમાં પણ) બીજ દાર્ઢ્ય (બીજમાં દૃઢતા) પ્રાપ્ત થાય છે અને દૃઢ આસકિત થતાં ભગવાન તરફના ભાવમાં અથવા તો દેહાદિનો પણ નાશ થતો નથી. ૫૭.

યસ્યેતિ દુર્લભા ત્યાગપક્ષે પ્રોકતાધિકારિતા ।
યતસ્તસ્મિન્હિ કલ્પે તુ ક્રમેણાસકિતસમ્ભવઃ ॥૫૮॥

અર્થ :– આ પ્રમાણે ત્યાગ પક્ષે તેના અધિકાર (યોગ્યતા) ને દુર્લભ કહેલ છે, કારણ કે એ જ કલ્પમાં (એટલે વિભાગમાં) ક્રમશઃ આસકિત વધવાનો સંભવ છે. ૫૮

અત્ર તુ સ્યાત્સ્વતો દાર્ઢ્યંચુતા ભાગ્યે તથાવિધે ।
કવાપીતિ પદતો લોકવેદૌ ભકિતશ્ચ રૂપિતા ॥૫૯॥

અર્થ :– અહીં પણ એ પ્રકારનું દાર્ઢ્ય (એટલે બીજની દૃઢતા) પોતાનું ભાગ્ય એ પ્રકારનું હોય તો થઇ શકે છે. અહીં "કવાપિ" શબ્દના ઉપયોગથી એવું સૂચન કર્યું છે કે લોકમાં યા તો વેદમાં કયાંય પણ, એ ભક્ત જીવે ત્યાં સુધી, જેને શ્રીકૃષ્ણનું વ્યસન સિદ્ધ થઇ ગયું હોય તેવા ભકતનો કદાપિ નાશ થતો નથી. ૫૯

સમ્યકપ્રકારકસ્થિત્યા કીર્ત્યા લોકે ન નાશનમ્ ।
ત્યાગપક્ષસ્થિતૌ કર્મત્યાગાન્ન શ્રુતિનાશનમ્ ॥૬૦॥

અર્થ :– સારી રીતે રહેતાં લોકમાં કીર્તિનો નાશ થતો નથી, ત્યાગ–પક્ષમાં સ્થિતિ હોય ત્યારે કર્મના ત્યાગથી શ્રુતિનો નાશ થતો નથી. ૬૦

ભગવદ્ ભક્ત સંગેન ભક્તિમાર્ગે નાશનમ્ ।
દુઃસંસર્ગાન્નદોષૌ ચ નૈવ પ્રભવતો યતઃ ॥૬૧॥

અર્થ :– દુર્જનનો સંગ યા તો અન્નદોષ થતાં જ ન હોવાથી ભક્તિ કરનાર સજ્જનોના સંગને લીધે ભક્તિમાર્ગમાં નાશનો સંભવ જ નથી હોતો. ૬૧

તાદૃશસ્યાપીતિ વાક્યે યથાપૂર્વં ગૃહસ્થિતિઃ ।
બાધિકોક્તા તથાત્રાપિ વિચ્છેદો બાધકો મતઃ ॥૬૨॥

યાવજ્જીવમિતિ પ્રોક્તમત એવ પદં પુનઃ ।
એતેન ત્યાગ પક્ષાણામન્યા સક્તિર્નિવારિતા ॥૬૩॥

તથૈવ ચાત્ર વિચ્છેદસ્તદભાવે ન નાશનમ્ ।
મતિર્મમેતિ યત્પ્રોક્તં તદભિપ્રાય ઈદૃશઃ ॥૬૪॥

અર્થ :– "તાદૃશસ્યાપિ" એ વાક્યમાં પૂર્વે કહ્યા પ્રમાણેની ગૃહમાં સ્થિતિ બાધિકા બને એમ કહ્યું હતું એવી જ રીતે અહીં વિચ્છેદ–ગૃહ છોડીને ચાલ્યા જવું એ બાધક ગણાય છે. "જીવે ત્યાં સુધી" એમ કહ્યું તે આજ કારણમાં કહ્યું છે. આનાથી ત્યાગ પક્ષોની અન્યાસક્તિનું નિવારણ કર્યું છે. (ફૂટનોટમાં કહે છે કે ત્યાગમાં ત્રણ બાબતો કહી છે :– હરિના સ્થાનમાં વાસ, સેવાપરાયણ સ્થિતિ અને ભગવાનની કથામાં પરાયણ એવી સ્થિતિ) ૬૨–૬૩–૬૪.

કદાચિદ્ દૂર દૃષ્ટેન ભગવત્પ્રિયરોષતઃ ।
દુર્બુદ્ધૌ તદતિદ્રોહાદ્રો ભગવત્પ્રતિબન્ધતઃ ॥૯૫॥

અર્થ :– ભગવાનને પ્રિય એવા જનોના રોષને કારણે દુર્બુદ્ધિ આવતાં તેના તરફના અતિ દ્રોહ–ઇર્ષ્યાના કારણે અને ભગવત્ પ્રતિબંધના કારણે. – ૬૫.

નાશોપીતિ યતો વાક્યે સંદેહો વિનિરૂપિતઃ ।
નનુ ત્યાગં વિધાયાન્યસંગઃ કિમિતિ બોધિતઃ ॥૬૬॥

જ્ઞાનિનામિવ સંસર્ગ માત્ર ત્યાગો ન ચોદિતઃ ।
ત્યાગે ત્વેકાન્ત વસતિર્વિષેષણ ચ સાધિકા ॥૬૭॥

અર્થ :– "નાશોપીતિ" એ વાક્યમાં એવા સંદેહ (શંકા) નું નિરૂપણ કરવામાં આવેલું છે કે ત્યાગનો ઉપદેશ આપ્યા પછી બીજાનો સંગ કરવો એવો ઉપદેશ શા માટે આપ્યો હશે ? કારણ કે સંસર્ગ માત્ર (બધા સંસર્ગોનો ત્યાગ કરવાનું) જ્ઞાનીઓને જ નથી કહેવામાં આવ્યું. ત્યાગમાં તો એકાન્તવાસ વિશેષરૂપે સાધવો જોઇએ. ૬૬=૬૭.

॥ શ્રીવલ્લભ ॥

॥ શ્રી ગુરૂભ્યોનમઃ ॥ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

ભક્ત કવિ શ્રી દયારામભાઇ કૃત

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

– ગાંકથી ચાલુ

જેમ નટ દગ દોરમાં, પનિહારીની બેડા માહે;
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્યાંને ત્યાંય,
ત્યાં તેમ ચિત્ત પ્રભુમાં નિત્ય દેવું.
સંસારમાં સાક્ષીવત થઇ રહેવું.
જગત જાણે કે જે એ છે જંજાળી,
રાખે હૃદયે ત્રિકમશું તાળી
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૨૧)

વિવેચન – આ પદમાં કવિશ્રીએ દ્રષ્ટાંતો આપીને સમજાવ્યું છે કે પ્રભુની ભક્તિમાં ચિત્તની એકાગ્રતા મહત્વની વસ્તુ છે જ્યા સ્નેહ છે ત્યાંજ મનની ગતિ રહે છે દ્રષ્ટાંતોનો સાર સમજીને મનની ગતિ પ્રભુમાંજ લીન રાખવી આ ઉદ્દેશ છે.

દ્રષ્ટાંત–લૌકિક દ્રષ્ટાંત આપ્યું છે કે નટ જ્યારે દોરડા ઉપર ચાલે છે ત્યારે શરીરને સમતોલ રાખવા બન્ને હાથમાં વાંસ આડો રાખ્યો હોય છે તે દોર ઉપર નાચે, ઠેકડા મારે, પરંતુ તેની નજર અને ચિત્ત કેવળ દોરડા ઉપરજ સ્થિર હોય છે જો ચૂકે તો નીચે પડી જાય. તેમજ પનિહારી પાણી ભરવા ઘેરથી નીકળે ત્યાં પાચ સાત મળી જાય પરસ્પર વાર્તાલાપ કરતી જાય, ભરેલું બેડું માથે નોધારૂં હોય તો પણ તે બેડાને જાળવી રાખે છે. મતલબ કે તેણે પોતાનું ચિત્ત ફક્ત બેડામાં જ રાખ્યું હતું બાકી બધી ક્રિયા ઉપરના મનથી થતી આવી જ રીતે સંસારનાં દરેક કાર્ય કરવા પરંતું ચિત્ત તો ભગવાનમાંજ રાખવું. આ ઉદ્દેશથી એક જારનું દ્રષ્ટાંત રીધું છે. પરાઇ ચીજ ઉપર પોતાનો હક નથી છતાં પરાઇમાં મન લાગ્યું તે જાર ચિત્ત કહેવાય તે ઘરમાં રહે બધું કામકાજ સંભાળે પણ ચિત્ત ઘરમાં નહી ચિત્ત તો જાર સંબંધી સાથે હોય છે.

જૈસી પ્રિત જારમેં એસી હરિમેં હોય
ચલ્યો જાત વૈકુંઠમેં પલા ન પકરે કોય.

આ દોહરાનો પણ એજ ભાવાર્થ નિકળે છે કે જેવી જારમાં પ્રિત રાખી તેવી તે ભગવાનમાં રાખી હોત તો વૈકુંઠ તને મળત. આ લૌકિક દ્રષ્ટાંતો આપી સમજાવ્યું કે લૌકિક પ્રિત ખોટી છે આવી ભગવાનથી લાગે તો કામ થાય.

હવે ભકતોની પ્રિત તે તો અલૌકિકજ હોય તે બદલ દ્રષ્ટાંત જોઇએ

(૧) કુંભનદાસ (૨) રસખાન (૩) ગજનધાવન

ભકતો પ્રભુમાં સર્વાત્મા ભાવ રાખે છે પુર્ણ ભાવ હોવાથી તે કદી ખંડીત થતો નથી ભગવાન પણ પુર્ણ છે તેથી તે ભકતને તેવાજ ભાવથી ચાહે છે ભકત અને ભગવાન પરસ્પર વિયોગમાં દુઃખીજ રહે છે. તે જુદા રહી શકતા નથી. ભકતની મતિ અને રતિને સંસારી જીવો સમજી શકતા નથી કારણ કે તેઓ તે રસ્તે ગયાજ નથી તેથી કદાચ નિંદા પણ કરે તો પણ ભકત ક્રોધથી ડરતો નથી.

કુંભનદાસજીને એકવાર શ્રી ગુંસાઇજીયે આજ્ઞા કરી કે તમે મારી સાથે પરદેશ ચાલો. જ્યાં પહેલોજ મુકામ પુંછરી પર પડયો ત્યાં સાંજ પડી અને કુંભનદાસજીને શ્રીજીની યાદી સતાવી અહોહો....શ્રીજીનાં દર્શન કર્યા કેટલો સમય થયો હવે કયારે જગમોહિની સ્વરૂપની ઝાંખી થશે આ વિરહમાં તાવ ચઢી આવ્યો. આ બાજુ શ્રીજીને પણ કુંભનદાસજીની યાદી સતાવી તેઓ પણ વિયોગ સહન ન કરી શકયા. ત્યારે ગુંસાઇજી સમજી ગયા કે આતો ભકત અને ભગવાન બન્નેની સ્થિતિ તાપ કલેશમય છે. તુરતજ આજ્ઞા કરી કે કુંભનદાસજી તમારો પરદેશ પુરો થયો. આ સાંભળતાંજ દોડતા આવી શ્રીજીની સન્મુખ થયા તે વખતે ગાયું છે કે તે દિન વ્હેજુ ગયે બિનુ દેખે. તરૂણ કિશોર રસિક નંદન કછુક ઉઠત મુખરેખે

આ દ્રષ્ટાંત ભકત અને ભગવાન પરસ્પરની પ્રિતનું હતું.

હવે જોઇએ એકાંગી પ્રિત,

૨૫૨; વૈ. વાર્તા. પઠાણ પુત્ર.

કોઇ જગો ચાર પાંચ વૈષ્ણવો બેસી ભગવાનની લીલાનું ગુણાનુંવાદ કરતાં હતા, ત્યાંથી આ પઠાણ પુત્ર નીકળ્યો, થોડીવાર ઉભા રહીને તેણે સાંભળ્યું, સાંભળતાંજ મનની ગતિ તીવ્ર બની તેણે કહ્યું કે તે પ્રભુ કેવા હોય, ત્યારે વૈષ્ણવોએ શ્રી ઠાકુરજીનું ચિત્ર તેમને આપ્યું. તે લઇને તે ચાલી નિકળ્યો. વારે વારે ચિત્રજી સામુ જુએ અને તેને હવે કેમ મળવું તેની ચિંતામાં ભટકતો થઇ ગયો.

કોઇએ જઇને બાદશાહને કીધું કે આ હિંદુ દેવને માને છે માટે તેને શિક્ષા કરવી જોઇએ. બાદશાહે તેને બોલાવીને કહ્યું કે શું આ વાત સાચી છે! ત્યારે તેણે હા કહી. બાદશાહ કહે શા માટે જવાબમાં મારૂં મન તેમાં લાગ્યું છે. બાદશાહે ગુસ્સે થઈ કહ્યું કે લાવો તલવાર અત્યારેજ આનું માથું ઉડાવી દઉં ત્યારે પઠાણ પુત્ર કહે શા માટે બીજી તલવાર મંગાવો છો આલ્યો મારીજ તલવારથી મારૂં–માથું વાઢી નાખો. હું તો નંદ કન્હૈયાને છોડવાનો નથી બીજે જન્મે પ્રાપ્ત કરીશ. આ જોઇ બાદશાહ વિચારમાં પડી ગયો પોતાના પ્રાણથી પ્રિય જે

ધર્મને માને તેને મોત પણ ડરાવી શકતું નથી. બાદશાહે તેને જવા દીધો. આવી દઢતા એકાગ્રતા હોઇ તેજ નટવર છબિ નંદલાલની નિહાળવા લાયક હોય છે. આગળ જતા તેજ રસખાનજી થયા હવે એને કયાંય પણ ચેન પડતું નહી બેભાન અવસ્થામાં વૃજમાં વન ઉપવન વૃક્ષે વૃક્ષે ગોતતા પાગલ સમાન બની ગયા. તેમની સ્થિતિ જેવોજ એક વૈષ્ણવ સામેથી તેને મલ્યો તેણે પુછયું કે ભાઇ તું કોને ગોતવા નિકળ્યો છો ! ત્યારે રસખાનજીએ કહયું કે ભાઈ હું તો લુંટાઇ ગયો છું મારૂં જીવન ધન આ લોક પરલોક બધું લુંટી લીધું છે તેને ગોતું છું, હજુ સુધી તે ચિતચોર મને મલ્યો નથી ત્યાં સુધી મારે ભટકવાનું જ છે પણ તું કોને ગોતે છે ત્યારે તેણે પણ એનો એજ જવાબ દીધો કે ભાઇ હું પણ એનેજ ગોતુ છું અને તે વૈષ્ણવ ગાતો જતો કે મને કોઇ મિલાવોરે ગોકુળ ગામનો ગારૂડી મને મિલાવે તેને સર્વસ્વ આપું. આ સાંભળી રસખાનજી કહે આવો ભાઇ હરખાને આપણે બેઉ સરખા તે વૈષ્ણવને રસખાનજીયે કહ્યું કે તમે તો મંદીરોમાં જાવ છો ત્યાંજ હશે ત્યારે તે વૈષ્ણવ કહે. તે પળવારમાં કયાંનો કયાં હોય બપોરનાં ગાયું ચરાવતા મને દેખાય જાય એટલા માટે ભટકી રહયો છું વૃજમાં અનેક કુંજ નિકુંજો શ્રી યમુનાજીને કિનારે છે કઇ કુંજમાં કયારે બિરાજતા હોય આમ તેને ગોતવા હું ભટકી રહયો છું આમ કહી બંને જુદા પડયા બંને ભકતો એક જ રાહનાં, ફકત ભટકતા જુદા જુદા

રસખાનજી ભટકી ભટકીને થાકયા, છેવટે વૃંદાવનમાં આવ્યા ત્યાં સેવાકુંજમાં યુગલ સ્વરૂપનાં દર્શન તેમને થયા ત્યારે તેમણે એક સવૈયો ગાયો.

બ્રહ્મમેં ઢુંઢયો પુરાનન વેદન ભેદ સૂન્યોચિત્ત ચૌગુન ચાયન
દેખ્યો સુન્યો ન કહું કિતહું, વહ કેસો સ્વરૂપ અરુ કેસો સુભાયન

ટેરત હેરત હારગયૌ રસખાન બતાયો ન લોગ લુગાયન
દેખ્યો કહાં ! યહ કુંજ કુટીતર, બેઠયો પલોટત રાધિકા પાયન

અહા....હા.... જેને ગોતવા હું વન વન ભટકયો મોઢેથી જોર જોરથી બોલાવ્યો, ગોતિ ગોતિને થાકયો, જેને ગોતવા પાગલ બન્યો, કઇક જણાને પુછયું કે કોઇ તો બતાવો, જેણે મારૂં ચિત્ત ચોરી લીધું છે; તે કયાં છુપાઇને બેઠો ! પરંતુ મને પાગલ સમજીને કોઇએ મને બતાવ્યો નહી. બ્રહ્મસુત્ર જોયું વેદોનો સાર જોયો તો તે પણ કહે છે કે નેતિ પુરાણો જોતા ચિત ઉલટું ચકરાવે ચડી ગયું. આખરમાં થાકીને આંહી આવ્યો ત્યાંતો આકુંજ કુટીરમાં બેઠો બેઠો રાધાજીનાં ચરણ દબાવે છે. આનું નામ જેને લાગી ત્રીકમશું તાળી જેને ભગવાન પ્રત્યે પ્રિત બંધાણી તેને આ જગત શુન્યાકાર દેખાય તેને સંસારનું કોઇપણ સુખ સુખી કરી શકતું નથી તે તો તેને મેળવ્યે છુટકો કરે છે. આ રસખાનજીનાં બનાવેલા સવૈયા ઘણાં છે તેણે બાળ લીલાની ભાવનાનાં પણ સવૈયાની રચનાં કરી છે તેને નંદાલયનાં ભાવની સ્ફુર્તિ

થઇ હતી. **કાગકે ભાગકી કહા કહું હરિ હાથસે લે ગયો ચાખન રોટી** નંદાંગણમાં લાલા કન્હૈયા હાથમાં માખણને રોટીને લઇ ખાતા ખાતા આવતા જોઈ કાગડો આવીને હાથમાંથી માખણ રોટી લઇને ચાલ્યો. તેને ઉડતાં જોઇ રસખાનજી કહે છે કે ભાઈ કાગડા તારૂં પણ મહાન ભાગ્ય છે કે તેં એના હાથથી લઇને પ્રસાદી ગ્રહણ કરી. સારમાં જેને પ્રભુની પ્રિત લાગી, પ્રભુ તેને યોગ્ય ફળદાન આપેજ છે.

માટેજ કવિશ્રી કહે છે સેવોશ્રીકૃષ્ણ કૃપાલ

॥ શ્રી વલ્લભઃ ॥

માનવ–ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :– **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :– **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

ધર્મની આવશ્યકતા

(ગતાંકથી ચાલુ)

સત્યં દયા તપઃ શૌચં તિતિક્ષેક્ષા શમો દમઃ ।
અહિંસા બ્રહ્મચર્યં ચત્યાગઃ સ્વાધ્યાય આર્જવમ્ ॥
સન્તોષઃ સમદક્ સેવા ગ્રામ્યેહો પરમઃ શનૈઃ ।
નૃણાં વિપર્યયે હેક્ષા મૌન માત્મવિમર્શનમ્ ॥
અન્નદ્યાદેઃ સંવિભાગો ભૂતેભ્યશ્ચ યથાડર્હતઃ ।
મેષ્વાંત્મદેવતા બુધ્ધિઃ સુતરાં નૃષુ પાંડવ ॥
શ્રવણં કીર્તનં ચાસ્ય સ્મરણં મહતાં ગતે ।
સેવે જ્યાવનતિર્દાસ્યં સખ્યમાત્મ સમર્પણમ્ ॥
નૃણામયં પરો ધર્મઃ સર્વેષાં સમુદાહૃતઃ ।
ત્રિંશલ્લક્ષણવાન્રાજન્સર્વાત્મા યેન તુષ્યતિ ॥

(શ્રીમદ્ભા. ૭/૧૧/૮–૧૨)

સત્ય (પ્રાણીઓનું હિત કરવું એ સત્ય), દયા (સ્વાર્થ છોડી પર દુઃખ દુર કરવાની ઇચ્છાનું નામ દયા, તપ (વ્રતાદિ કરવાં એ તપ) શૌચ (સ્નાનાદિ બાહ્ય અને નિષ્કામત્વાદિ આંતરશૌચ) તિતિક્ષા (ઠંડી, તાપ, વૃષ્ટિ વગેરે સહન કરવું એનું નામ તિતિક્ષા–યોગ્ય અયોગ્યનો વિવેક) શમ (બહારની ઇન્દ્રિયનો નિગ્રહશમ) દમ આંતર ઇન્દ્રિયનો નિગ્રહ દમ) અહિંસા,

બ્રહ્મચર્ય, ત્યાગ (લોભને છોડવો એ ત્યાગ) સ્વાધ્યાય, આર્જવ (સરલતા), સંતોષ, સર્વ પ્રાણીમાં સમભાવ, મહાત્માઓની સેવા, ધીરે ધીરે સાંસરિક ભોગોની ચેષ્ટાથી નિવૃત્તિ, મનુષ્યના અભિમાનપુર્ણ પ્રયત્નોનું ફલ ઊલટું આવે છે એવો વિચાર, મિથ્યા ભાષણ ન કરવું એ મૌન, આત્મા દેહાદિથી જુદો છે એવું સતત ભાન, અન્નમાંથી બીજા પ્રાણીઓ માટે યથા યોગ્ય ભાગ કાઢવો, એમનામાં અને ખાસ કરીને મનુષ્યોમાં પોતાના આત્મા તથા ઇષ્ટદેવનો ભાવ, ભગવાન શ્રી કૃષ્ણનાં નામ–લીલા ગુણ વગેરેનું શ્રવણ કીર્તન, સ્મરણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય તથા આત્મ નિવેદન આ ત્રીસ ધર્મ એ સર્વ મનુષ્યનો પરમ ધર્મ છે એના પાલનથી સર્વાત્મા પ્રભુ પ્રસન્ન થાય છે.

વિસ્તાર ભયથી અહીં, તેનું વિસ્તૃત વર્ણન ન કરતા ફકત ભગવાન મનુએ બતાવેલ ધર્મના દશ લક્ષણો પર જ થોડું વિવેચન કરીશું.

મનુ મહારાજ કહે છે.

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ॥
ધીર્વિધા સત્યમક્રોધો દશકં ધર્મ લક્ષણમ્ ॥
(મનુસ્મૃતિ ૬/૧૨)

ધીરજ, ક્ષમા, દમ (મનોનિગ્રહ, અસ્તેય (ચોરી ન કરવી) શૌચ, ઇન્દ્રિય નિગ્રહ, ધી (બુદ્ધિ), વિધા, સત્ય અને અક્રોધ આ દશ ધર્મના લક્ષણ છે.

આ એવા ધર્મ છે કે જેમાં કોઈ પણ જાતિ કે સંપ્રદાયને કોઇ તકલીફ ન થાય. સત્ય વાત તો એ છે કે આ મનુષ્ય જાતિના સ્વાભાવિક ધર્મ છે. મનુષ્યમાં મનુષ્યત્વનો વિકાસ આ ધર્મોના આચરણથી થઇ શકે છે. જે સમયે મનુષ્ય પોતાના સ્વભાવની વિરૂદ્ધ આ ધર્મોનું પાલન કરવાનું છોડીદે છે તે સમયે તેની અધોગતિ થાય છે.

જ્યારે મનુષ્ય જાતિમાં આ ધર્મોનું મહત્વ હતું ત્યારે જગતમાં સુખ અને શાંતિનું સામ્રાજ્ય હતું જેમ જેમ આ ધર્મોના પાલનથી મનુષ્ય જાતિ વિમુખ થવા લાગી, તેમ તેમ તેમાં દુઃખ અને અશાન્તિ ફેલાવા લાગી અને આજ જગતના મનુષ્ય પ્રાણી આ ધર્મોના ઘણા અંશો નાશ પામવાને કારણે પોત પોતાના ક્ષુલ્લક સ્વાર્થ સાધવા માટે પરસ્પર વૈરભાવ વધારતા હિંસક પશુઓની માફક ખૂંખાર બનીને એકબીજાને ગળી જવા માટે તૈયાર થઇ રહ્યા છે અને તેથી આજ પોતાને બુદ્ધિમાન સમજવાવાળા મનુષ્યોની વસ્તીમાં ઘણી વખત કયાંય પણ સુખ શાંતિ જોવામાં નથી આવતી, જ્યાં જોઇએ ત્યાં દેશના દેશ દુઃખના દાવાનળથી બળી રહ્યા છે. આ દાવાનળમાં ધનવાન અને ગરીબમાં ગરીબ બધા અશાંત દેખાય છે. દરિદ્ર, કંગાલ અને દલિતોની અછતમય અશાંતિ અને તેમનું દુઃખ તો પ્રત્યક્ષ જ દેખાય છે. પરંતુ મોટી ઉંચી ઉંચી વિશાળ ઇમારતોમાં રહેનાર દિવસ રાત મખમલી સુંવાળા ગાદલા પર સુવાવાળા, મોટર

અને વિમાનોમાં સ્વચ્છંદ સફર કરવાવાળા, મોટી મોટી મીલો અને કારખાનાવાળા, બધા પ્રકારના વિલાસના સાધનો ઇશારો કરતાં જ પોતાની સમક્ષ હાજર પામનાર, ઉંચામાં ઉંચા હોદ્દા પર બેસીને જનતા પર ઇચ્છાનુસાર શાસન કરવાવાળા, વિજ્ઞાનની નવી નવી શોધ દ્વારા જગતને સ્તબ્ધ કરનારા, યુદ્ધ સામગ્રીના વિપુલ સંગ્રહથી બીજા દેશ અને જાતિઓને ભયભીત કરવાવાળા પોતાની કવિત્વની અદ્‌ભુત કળાથી લોકોને મુગ્ધ કરનાર, ધર્મોપદેશકના આસન પર બેસીને સ્વર્ગનો સીધો માર્ગ બતાવનાર, આંખ બંધ કરીને મસ્તક હલાવી સાંભળનારા, સંપાદકની ખુરશી પર બેસીને આખા જગતની ટીકા કરવાવાળા, મોટી મોટી સભામાં બરાડી બરાડીને શબ્દોનો વરસાદ કરનારા, અને સંસારના આપસના વેપારમાં મોટામાં મોટા મોટા કાર્ય કરનાર લોકોની હૃદવ ગુફાઓમાં જો ઘૂસીને જોવામાં આવે તો શકય છે કે તેઓમાંથી મોટા ભાગ નાના અંતર અશાંતિની ભડભડતી જ્વાળાઓથી આપણે જાણી લઇએ કે આપણી ખરેખર દશા શું છે. સમસ્ત બહારના આડંબરોની અંદર કેવી રીતે ભયાનક અગ્નિ સળગી રહ્યો છે. આનું મુખ્ય કારણ જો વિચારીને જોઇએ તો મોટે ભાગે એ નિશ્ચિત થાય છે કે આપણે પરમાત્માને ભૂલીને અને તેની પ્રસન્નતાનો આધાર સામાન્ય માનવધર્મનો તુચ્છ રૂપે તિરસ્કાર કરી મનુષ્ય સ્વભાવથી સર્વથા વિપરીત પશુધર્મનું આચરણ શરૂ કરી દીધું છે. —ક્રમશઃ

આ માસના ઉત્સવ

મહા વદ ૫ તા. ૯–૨–૯૬ શુક્રવાર શ્રી રણછોડજીનો (ડાકોર)નો પાટોત્સવ, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો. શ્રી અભિષેકકુમારજી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૧૦–૨–૯૬ શનિવાર ગો. શ્રી રઘુનાથબાવા (મુંબઇ–મુલુંડ)નો તથા ગો. શ્રી રસિકપ્રિતમજી (વીરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૧૧–૨–૯૬ રવિવાર શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૯ તા. ૧૩–૨–૯૬ મંગળવાર ગો. શ્રી અનિરુદ્ધલાલજી (માંડવી–કચ્છ)નો તથા ગો. શ્રી પ્રશાંતકુમારજી (મુંબઇ)નો તથા શ્રી ગોપાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૧૪–૨–૯૬ બુધવાર ગો. ચિ. નૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી) તથા ગો. શ્રી રાજેશબાવાશ્રી (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૧૫–૨–૯૬ ગુરુવાર વિજ્યાએકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૧૬–૨–૯૬ શુક્રવાર ગો. શ્રી વસંતકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૧૪ તા. ૧૮–૨–૯૬ રવિવાર દર્શ–અમાવાસ્યા, દ્વાપર યુગાદિ તીથી, ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજ (પોરબંદર)નો તથા ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન)નો જન્મદિન, અમાસનો ક્ષય હોવાથી આજે.

ફાગણ સુદ ૩ તા. ૨૧–૨–૯૬ બુધવાર ગો. શ્રી વલ્લભલાલજી (કામવન)નો તથા ગો. શ્રી વિઠ્ઠલનાથજી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૨૨–૨–૯૬ ગુરુવાર ગો. શ્રી વેણુગોપાલજી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨૪–૨–૯૬ શનિવાર શ્રી લલિત ત્રિભંગીરાયજીનો પાટોત્સવ (વેરાવળ).

ફાગણ સુદ ૭ તા. ૨૫–૨–૯૬ રવિવાર શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા) ગો. શ્રી કૃષ્ણકુમાર બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૨૬–૨–૯૬ સોમવાર હોળાષ્ટકનો આરંભ.

ફાગણ સુદ ૯ તા. ૨૭–૨–૯૬ મંગળવાર બગીચા નોમ, શ્રી ટીકેતના શૃંગારનો પ્રારંભ, ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૧ તા. ૧–૩–૯૬ ગુરુવાર ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી બાવાશ્રી (કોટા-કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૧ તા. ૨–૩–૯૬ શુક્રવાર આમલકી (કુંજ) એકાદશી વ્રત.

ફાગણ સુદ ૧૩ તા. ૩–૩–૯૬ રવિવાર બગીચા તેરસ, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજ (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૪–૩–૯૬ સોમવાર હોલીકા ઉત્સવ, હોલી પ્રદીપન પૂર્ણિમા સૂર્યોદય પહેલાં, ગો. ચિ. શ્રી મધુસુદનલાલ મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૫–૩–૯૬ મંગળવાર ધૂલિવંદન (ધૂળેટી), ગો. શ્રી મંદારકુમારજી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૬–૩–૯૬ બુધવાર દોલોત્સવ (ડોલ).

ફાગણ વદ ૨ તા. ૭–૩–૯૬ ગુરુવાર દ્વિતીયા પાટોત્સવ, આજથી છાક તથા કુંજના પદ બોલાય.

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૨

કૃપા સબ નમતિ કૃપા તેરીકોં;
સો કલ કૃપા સિથિલ હવૈ બૈઠી પ્રણત દીન ચેરી કોં. ૧

પ્રકટ પ્રભાવ વિલક્ષણ ગાથા સખિ કિશોરી બાઇ;
વૃતચર્યા કુમારિકા બ્રજ મેં કીરતિ શુક શ્રુતિ ગાઇ. ૨

શ્રી રવિ સુતા કૃષ્ણ ઠકુરાની નેક કૃપા દૃગ હૈરો;
જન **'બલ્લભી'** રહન ત્રણ દીને લયો આસરૌ તેરો. ૩

ભાવાર્થ: કૃપાઓ બધી તારી કૃપાને નમન કરે છે. શ્રી યમુંને તારી કૃપા પાસે બીજી કૃપાઓ શિથિલ થઇ જાય છે. જે આપને ભજે છે તેવા દીન જનોની સહાય કરવામાં આપની કૃપાં સવિશેષ છે.

પ્રકટ જોવામાં આવે છે કે કિશોરીબાઇ શ્રી ગુસાંઇજીની સેવક હતી, તે અપંગ લાચાર બની ગઇ, પ્રભુની સેવા કેવી રીતે કરવી, ખાનપાન પણ કેવી રીલે કરવું, તેની બેન તેની સહાયતા માટે આવતી, તે પણ આવતી બંધ થઇ. ત્યારે આ કિશોરીબાઇ દીનબની શ્રીયમુનાજીને પ્રણામ કરી સ્તુતિ કરી, તેજ સમયે તેના ઉપર કૃપાની વર્ષા કરી અને નવિન દેહધારી બનાવીને સેવામાં લગાડી દીધી.

પૌરાણિક ગાથા શ્રી શુકવદેજીએ કથા સંભળાવી તેમાં વ્રતચર્યાનું વર્ણન, ગોપીજનોના (કુમારિકાના) વ્રતની પુર્ણતા આપના થકી થઇ છે. તેમજ શ્રુતિઓ પણ આપનું યશોગાન કરે છે.

આવા શ્રીયમુનાજી સુર્યપુત્રી ! કૃષ્ણની ઠકુરાણી થોડી કૃપા દષ્ટિ મારા ઉપર થાય તેવો હું દાસ વલ્લભ આશ્રય રાખીને બેઠો છું.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જય શ્રી કૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણું મમ ॥

વ્રજલીલાનાં પદો

રચયિતા : **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઈ (ચરણદાસ)** બી. ઇ. (સીવીલ) **બીપુરર**

–ગતાંકથી ચાલું

૧૦. બરસાના ધામ લીલા રાગ-બિહાગ

ચિત્ત ધરિયો શ્રી રાધે ચરન,
જહાં બસત હૈં વ્રજ કે પ્યારે, પ્યારી જુ કે શરણ. ૧

હરિ આયે પીછે [૧]પીરીપોખર, મિલે પ્રિયાકું [૨] ભાનોખર,
કરત સિંગાર [૩] અંજન ખોર. રહત નહીં પલ ભર. ૨

કબહું દાની દાના ગઢપે; માંગત ગોરસ દાન;
મોહન બનકર, મોર કુટી પે, [૪] દોહની મોહની પાન. ૩

શ્રી વૃષભાન. ગોપ કી બેટી, લાડિલી કરત વરન;
'ચરનદાસ' જુગલ જોડી કે, જાય બરસાને સરના ૪

ભાવાર્થ : ૧. પીરી ખોપર અહીં શ્રી રાધાજીને પીઠી ચોળી સખીઓએ પીઠી ચોળેલા હાથ ધોયા હતા. અન્ય સખીઓએ મેંદીથી હાથ રંગ્યા હતા અને શ્રી રાધાજીને પણ મેંદી લગાવી હતી. તે બધાએ આ સ્થળે હાથ ધોયા હતા. તેથી જળ પીળું બની ગયું. માટે આ સ્થળને પીળી પોખર કહે છે.

૨. ભાનોખર અહીં શ્રી વૃષભાનજી તથા શ્રી કીર્તિજી નિત્ય સ્નાન કરતા વિવાહના સમયે પધારેલા શ્રી નંદજી તથા શ્રી યશોદાજીને ભાવ ભાવપુર્વક આદર સહિત સ્તાન કરવા કરવા ત્રિનંતિ કરી હતી તેથી પુણ્યાત્માઓના સ્નાનથી આ સ્થળનું જળ સુર્ય સમાન પ્રખર અને તેજસ્વી પ્રકાશમય બન્યું હતું. આવા અતિ વિશુધ્ધ થયેલા જળના સ્થળને લોકો ભાનોખરના નામે ઓળખતા હતા. તેથી આને–આકુંડને ભાનોખર કહે છે.

૩. અંજન ખોર અહીં શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજીને કાજળ આંજી આપી હતી, અને પુર્ણ રાસમાં જવા માટે લલિતા સખીએ લલિતા કુંડ ઉપર ધરાવેલા સિંગારને સંવારી શ્રીઠાકોરજીએ ફરીથી સુંદર સિંગાર કર્યો, ત્યાં શ્રી અંજન બિહારીજીના દર્શન કરીએ છીએ તેમાં આપના કેશ છુટા સખીની માફક બતાવ્યા છે, કારણ કે શ્રી ઠાકોરજીએ સખી બનીને શ્રી સ્વામિનીજીનો સિંગાર કર્યો હતો. અહીં કાજળ શિલા હતી. જેના ઉપર ઘસવાથી કાળજળ સમાન કાળી મેશ હાથે લાગતી પછી બધી સખીઓએ અત્રેની કાજળ લગાવી,

કુંડમાં હાથ ધોયા તેથી કુંડનું જળ પણ શ્યામ-કાજળ વાળું થયું હતું. તેથી આ સ્થળને અંજન ખોર કહે છે. અત્રે રાસ લીલાનો ચોતરો છે. ઝુલાનો ઠોર પણ છે.

અત્રે શ્રી ઠાકોરજીએ શ્રી સ્વામિનીજી સાથે વિહાર કરી, મહારાસમાં પરમાનંદનું દાન આપવાની પુર્વ તૈયારીઓ કરી છે. આમ શ્રી રાધાજીની પાછળ સર્વત્ર ફર્યા છે અને સર્વ સ્થળે મહારાસને માટે જુદી જુદી લીલાઓ કરી તેમને શણગાર્યા છે. પ્રભુએ વ્રજભકતોને તથા ગોપીઓને પણ આનંદ આપ્યો છે. તેથી જ ચરણદાસ કહે છે કે શ્રી સ્વામિનીના ચરણ જે પરમધન છે નેમના શરણે જવાથી દયાળુ શ્રી સ્વામિનીજી કૃપા કરી ભકતોનું વરણ કરે છે.

૪. દોહની મોહની પાન શ્રી યશોદાજી મોરકુટીની પાસે આવેલા આ સ્થળે દુધના દોહનીઓ ધોતાં હતા. એક વખત શ્રી સ્વામીનીજી બરસાનાથી અત્રે પધાર્યા અને શ્રી યશોદામાને દોહની ધોવા માટે મદદ કરવા લાગ્યાં એટલામાં મોરકુટી ઉપરથી શ્રી ઠાકોરજી ખેલતા ખેલતા રોહની કુંડ પાસે ગહેવરવનમાં આવ્યા શ્રી સ્વામિનીજીને આ વેષમાં આવી લીલા કરતાં જોઈ ખુબ પ્રભાવિત થયા અને તે વખતના અનુપમ સૌન્દર્યને જોઇ મોહિત થઇ ગયા અને યુગલ સ્વરૂપો સંકેતમાં પ્રેમ ભરેલા હાવભાવથી એક મેકને નીરખવા લાગ્યા તેથી શ્રી યશોદામાએ મનોમન શ્રી રાધાજી સાથે લાલાની સગાઇ કરવાનું નકકી કર્યું આ આ કુંડે ઉપર સર્વ મોહિત થઇ ગયા અને પ્રેમ રસનુ દોહન કરયા લાગ્યા. —ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

નિજિ અનુભવ

ગો. શ્રી પ્રથમેશજી મહારાજ, કોટા-મુંબઈ.

દો. યજન ભજન સંગીતમય, હરિ રતિ મુનિવર વેશ;
મુખ દર્શન પ્રકુલિત વદન, વહ મેરે પ્રથમેશ
સુખદ સ્વભાવુક સરલતા, મુખાકૃતિ મનુ પુંજ;
બોલત જબ ઉત્સાહ ધર, ભઈ ગગન સે ગુંજ.

ચૌ. તુ. પ્રથમ સમાગમ મૈ કર પાયો, દાઉજી કે મંદિર આયો
રાજેથે તહાં પત્ર પઢનકો, મૈ વન્દન કર પાઉં ચરણકો
પાતી રખકર મમ મુખ હેર્યો, કહાં બસત કર્યો આવત ટેર્યો
ગાથાકી સબ બાત સુનાઇ, ગ્રંથ દિયો જબ પઢત ગુસાંઇ
પદ્મનાભ પંડિતકી બતિયાં, પઢત વદત ભઇ શીતલ છતિયાં
અબ મૈ શ્રોતા બનકર આઉં, તુમરે મુખ ગાથા સુન પાઉં
મોહમયી માલાડ પધારે, શ્રોતા લખકર ભયે સુખારે
બિનતી કિય મૈને કરજોરી, કછુ વચનામૃત મનસામોરી

દો. આયા ગાથા શ્રવણકો, સુન શ્રોતા મુસુકાય;
મૈ ભય પાબત કયા કરે, લેન પરિશ્રમ આય.
ઇક ઇક પ્રસંગ બેગિસે, વહત સિન્ધુ સરિધાય;
દસ પ્રસંગ ઘટિકા પુરત, સુનત આપ હરષાય.
લેવત દુર ધ્વનિ નિકટ, પ્રફુલિત અતિ પ્રથમેશ;
ગુપ્ત રત્ન **‘ગનપત’** વદત સંશય રહત ન લેશ.
મેલા કુંભ અવન્તિકા, યહ ગાથા મન ભાય;
દેવત આમંત્રણ સુખદ, પાતી ચહું પઠવાય.
મૈ કમભાગી સમય પર, મમ ભાભી દેહાન્ત;
ત્રિદોષ જ્વર સે ગ્રસિત મૈ, રહી ભાવના શાન્ત.

ચૌ. તુ. રાજકોટ પુનિ અવસર પાવા, સોમયાગ ઉત્સાહિત ધાવા
ગ્યારહ દિવસ સુમંગલકારી, યજન ભજન ગાથા અનુસારી
સોમયાગ મંડપ ધ્વનિ ગાજે, વશિષ્ઠ સમ પ્રથમેશ વિરાજે
યોગ ભોગ અરુ લોગ ઘનેરે, માનહું સરિ સાગર દિય ડેરે
વિવિધ કાર્યક્રમ મંગલકારી, માનવ ભીર લગત ચહું ભારી
વિદ્વજ્જન વલ્લભ કુલપ્રેમી, ગુણીજન આદર પાવત ક્ષેમી
દૂર દૂર સે વૈષ્ણવ આયે, પ્રબંધ લખકર અતિ હરખાયે
પૂર્ણ કરત જબ યાગ ગુસાંઇ, મુસુર દક્ષિણા ઇચ્છિત પાઇ

દો. બ્રજ યાત્રા સોમ શુભ, કિન્હાં ધરમ પ્રચાર;
પદયાત્રા સૌરાષ્ટ્રકી, પરિષદ મંડનકાર.
વાણી કુંઠિત હોત મમ, ઉનકે વિષય વિચાર;
કિય પ્રવેશ હરિ ધામમેં, **‘ગનપત’** ખેદ અપાર.

“શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય” હસ્ત લિખિત ગ્રંથમાંથી, રચિયતા એવં કથાકાર–શાસ્ત્રી ગણપતરામ સાંકલેશ્વર પંડયા, નિ. ધમ્બોલ (રાજસ્થાન)

આ ગ્રંથ મુદ્રિત કરાવવાની કાર્યવાહી ચાલુ છે. ઉચક રૂા. ૧૨૫/– ભરી આગોતરા ગ્રાહક તરીકે નામ નોંધાય છે. સંપર્ક સ્થળ :– અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખા, ‘અમૃત’ જલારામ–૧, માર્ગ–૩, યુનિ. રોડ, **રાજકોટ–૩૬૦ ૦૦૫**

॥શ્રીવલ્લભ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય શ્રી ઈચ્છારામ ભટ્ટજીના

આંતર ઉદ્‌ગાર

૩૭. જીવ પ્રભુરસથી ભીંજાતો કેમ નથી ?

શ્રી ભાગવતની કથા સાંભળે છે, સેવા કરે છે, કથા કરે છે, કીર્તન કરે છે ને સાંળળે છે, પણ આ જીવ કોરાને કોરા દેખાય છે તેનું શું કારણ ?

જવાબ : કથા સાંભળે છે ખરો, પણ કથા એનું જીવન નથી બનતી. જીવને પ્રભુ શોધતા ફરે છે, તેનું દૃષ્ટાંત. જેમ અન્ન વિના ભૂખે મરીએ, પાણી વિના તરસે મરી જઇએ. કોઇ અમલી અમલ વિના મરી જાય, તેમ કથા વિના રહ્યું ન જાય. ખૂબ પ્રેમ કથા ઉપર થાય. કાનરૂપી બારી બારણામાં કથા આવીને આપણા હૃદયકમળમાં ભાવસ્વરૂપે તે કમળ ઉપર સિંહાસન કરીને બિરાજે. બિરાજ્યા પછી જે જે ચોર હોય તેને મારી કાઢે.

દૃષ્ટાંત તરીકે રાજાએ ગાદી સંભાળી લીધા પછી જો તેના રાજ્યમાં ચોર ચોરી કરે, તો માર્યો જાય. રાજા વિના સુનું હોય તો ગમે ત્યારે ચોર પેસી જાય, પણ હૈયામાં પ્રભુ બિરાજ્યા પછી ચોર રહેવા પામે નહિ હવે ચોર તે શું ?

કામ, ક્રોધ, લોભ અને વિષય વાસના તથા હું અને મારૂં એ ચોર છે પણ કથા પર આસકિત થાય, એટલે પ્રભુ બિરાજે, ત્યારે બધા નાશી જાય. આસકિત વિના હજારો વરસ કથા સાંભળે પણ કશું વળે નહિ. તેમ સેવા અને કીર્તન પણ આસકિતપુર્વક કરે તો કામ થાય. એ રીતે સેવા રોજ કરે, ને પ્રભુ ઉપર સ્નેહ એવોને એવો રહે. રાતદહાડો પ્રભુને મળવાની આસકિત રહે, લગાર વિયોગ થાય કે કહે કે મને નવરાવો, તો હું શ્રી ઠાકોરજીની સેવા કરૂં, ચરણ સ્પર્શ કરું, આવી આશકિત હોય તો પ્રભુ પ્રસન્ન થાય.

સેવા કરે, કથા કરે, સ્મરણ કરે, કીર્તન કરે પણ એમ મનમાં ન થાય કે કોઇ મને સારુ કહે. મનમાં એમ જ રહ્યા કરે કે કોઇ કથા સાંભળે, કોઇ કથા કહે, કોઇ સેવા કરે તો કૃતાર્થ થાય. પણ પોતે તો વિકારરહિત સર્વે કરવું. આ તો મનનું કામ છે. મન પ્રભુમાંથી કાઢવું નહિ. મન પ્રભુમાંથી નીકળે, તો આસુરાવેશ થાય.

દિવસમાં જીવના ચાર યુગ જાય છે. જ્યારે ગાયો, બ્રાહ્મણોને વૈષ્ણવો વહાલા લાગે ત્યારે સતયુગ. વળી કોઇનું જુઠું બોલવું નહિ, કોઇ વાતે કોઇનું હૈયું દુભાવાય નહિ, અસત્ય વર્તન થાય નહિ, ક્રોધ ઉઠે નહિ, કામના કશાની થાય નહિ, આટલા સતયુગના ધર્મ કહેવાય. આવી દશા હોય ત્યારે તે સમય સતયુગનો છે એમ જાણવું.

ત્રેતામાં ક્ષત્રિયોનો ધર્મ મરવું અને મારવું. આ ત્રેતાયુગનો સમય જાણવો. દ્વાપર યુગમાં પુજા અને અર્ચન અને કલિયુગમાં કેશવના કીર્તન. એ નિત્ય ચાર યુગ છે. જે જે જુંગનો ધર્મ બજાવતો હોય તે ધર્મ મોજુદ છે.

(અહીં કલિને કજીઆના રૂપમાં નથી લીધો, પણ ધર્મ પયાયણતામાં અર્થ લીધો છે. 'સબ યુગ તે અધિકાઈ કલિયુગ સબ યુગ તે અધિકાઇ' આ સાબિત કર્યું.)

કંઠાભરણમ્

જમતી વખતે બોલવાના શ્લોકો

અન્નં બ્રહ્મા રસો વિષ્ણુર્ભોકતા દેવો મહેશ્વરઃ ।
એવં જ્ઞાત્વા તુ યો ભુંકતે સોઽન્નદોષૈર્ન લિપ્યતે ॥

અન્ન એ બ્રહ્મા સ્વરૂપ છે, એમાંનો રસ વિષ્ણુસ્વરૂપ છે, અને ભોજન કરનાર જીવાત્મા એ સાક્ષાત્ મહેશ્વર સ્વરૂપ છે. એ પ્રમાણે સમજીને ચિંતન કરીને જે ભોજન કરે છે તે અન્નના દોષોથી લેપાતો નથી.

યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ ।
યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।
ભુંજતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥

રોજ પાંચ મહાયજ્ઞ કરીને પ્રસાદી રૂપે રહેલું અન્ન જમનાર સદાચારી જનો બધા પાપોથી મુકત થાય છે, એ પ્રમાણે યજ્ઞ કરતાં વધેલું અમૃતરૂપ અન્ન ખાનારા લોકો સનાતન બ્રહ્મને પામે છે, પરંતુ જેઓ પોતાને માટે જ રાંધે છે તેવા પાપીઓ પાપ જ ખાય છે.

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।
બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મ સમાધિના ॥

અર્પણ કરવાનું સાધન બ્રહ્મ અર્પણના પદાર્થો બ્રહ્મ, બ્રહ્મ વડે બ્રહ્મરૂપી અગ્નિમાં હોમાય તે બ્રહ્મકર્મરૂપી સમાન બુદ્ધિવાળો બ્રહ્મને જ પામે છે.

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥

હે કુંતીપુત્ર અર્જુન ! તું જે જે કરે, તું જે જે ખાય, તું જે જે હોમે, તું જે જે દાન કરે, તું જે જે તપ કરે, તે તે સર્વે તું મને અર્પણ કર.

અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમાશ્રિતઃ ।
પ્રાણાપાનસમાયુકતઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥

પ્રાણીઓના દેહમાં રહીને વૈશ્વાનર અગ્નિનું રૂપ લઇને પ્રાણ, અપાન વગેરે પાંચ વાયુની સાથે રહીને, પ્રાણી ચાર પ્રકારનું– ચાવીને, ચાટીને, ચુસીને અને પી જઇને– જે અન્ન ખાય છે, તે હું પચાવું છું.

સમૂહભોજન વખતે બોલવાનો શ્લોક

ૐ સહ નાવવતુ । સહ નૌ ભુનકતુ । સહ વીર્યં કરવાવહૈ ।
તેજસ્વિ નાવધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ ॥
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

હે પરમાત્મા ! અમારા (ગુરુ શિષ્ય) બંનેનું સાથે રક્ષણ થાઓ, અમે બંને સાથે ભોગ ભોગવીએ, અમે સાથે પુરુષાર્થ કરીએ, અમે કરેલુ અધ્યયન તેજસ્વી થાય અને અમે (પરસ્પર) એક બીજાનો દ્વેષ ન કરીએ, ૐ શાંતિ, શાંતિ, શાંતિ હો....!

(આ મંત્ર શાંતિ મંત્ર છે, અધ્યયન સમયે ગુરુ શિષ્યે સાથે બોલવાનો છે).

દીપદર્શન વખતે બોલવાના શ્લોકો

શુભં કરોતુ કલ્યાણમારોગ્યં ધનસંપદઃ ।
આત્મતત્ત્વ પ્રબોધાય દીપ જ્યોતિર્નમોસ્તુ તે ॥

(દીવાની જ્યોત) શુભ તથા કલ્યાણ કરો તેમજ આરોગ્ય અને ધન સંપત્તિ આપો, આત્મતત્ત્વ ઓળખવાનું જ્ઞાન આપો. હે દીપજ્યોતિ ! તમને નમસ્કાર હો.

દીપજ્યોતિઃ પરબ્રહ્મ દીપજ્યોતિર્જનાર્દનઃ ।
દીપો હરતુ મે પાપં દીપ જ્યોતિર્નમોસ્તુ તે ॥

દીવાની જ્યોત (પ્રકાશ) પરબ્રહ્મ છે, દીપ જ્યોતિ જગતના દુઃખ હરનાર **દેવ** છે, દીવો મારા પાપ દુર કરનાર હો. હે દીપજ્યોતિ ! તમને નમસ્કાર હો.

શયન સમયે બોલવાના શ્લોકો

કૃષ્ણાય વાસુદેવાય હરયે પરમાત્મને ।
પ્રણત્ કલેશનાશાય ગોવિંદાય નમો નમઃ ॥

વાસુદેવના પુત્ર એવા શ્રીકૃષ્ણ ભગવાનને, દુઃખ હરનાર પરમાત્માને, શરણે આવનારના કલેશો ટાળનાર ગોવિંદને, વારંવાર નમસ્કાર હો.

નમઃ કૃષ્ણાય શુદ્ધાય બ્રહ્મણે પરમાત્મને ।
યોગેશ્વરાય યોગાય ત્વામહં શરણં ગતઃ ॥

શુદ્ધ બ્રહ્મરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માને, યોગરૂપ શ્રી યોગેશ્વરને નમસ્કાર : હું આપના શરણોમાં આવ્યો છું.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી....]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

પુસ્તક પરિચય

૧. પ્રગટયો પરિપૂરણ નેહ-

લેખક–પ્રા. રમેશભાઈ વિ પરીખ
પ્રકાશક–શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી.કે. સીનેમાની બાજુમાં. મહેસાણા–૩૮૪૦૦૨
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૪૪, દોરા બાઈન્ડીંગ,
બહુરંગી ચિત્રજીવાળું કાર્ડ બોર્ડનું લેમીનેશન પુંઠુ,
ઓફસેટ પ્રિન્ટીંગ, ન્યોછાવર રૂા. ૩૦/– ત્રીસ.

સંપ્રદાયમાં શ્રી ચંદ્રાવલીજી મુખ્ય સખી છે, તેમનો પ્રાકટય ઉત્સવ દ્વિતીય સ્વરૂપોત્સવ કહેવાય છે. આપના પ્રાકટયથી બધી નિકુંજની સેવા પ્રગટ કરી પરકીયા રસ પ્રગટાવ્યો છે

સારસ્વત કલ્પમાં ગોલોક લીલા પૃથ્વી પર વ્રજમંડલરૂપે ગોલોક પ્રગટ કર્યું અને શ્રી ગોલોકનાથજી શ્રીકૃષ્ણચંદ્ર સ્વરૂપે પ્રગટ થયા. શ્રી રાધાજી અને ચંદ્રાવલીજી પણ ગોપી સ્વરૂપે પધાર્યા.

આ પુસ્તકમાં પુરાણો, શ્રી ગુસાંઈજી તેમજ ભકત કવિઓ દ્વારા શ્રી ચંદ્રાવલીજીના દિવ્ય જીવન અને લીલા વર્ણન થયેલ છે. એના આધારે સંપ્રદાયના વિદ્વાન લેખકશ્રીએ આધુનિક નવલકથાની સરળ રસિક શૈલીમાં સોળ પ્રકરણોમાં પ્રસ્તુત કરેલ છે. સંપ્રદાયના નિષ્કામ અલૌકિક ભાવવાળા જિજ્ઞાસુજનોએ મનન કરવા યોગ્ય.

૨. પુષ્ટિમાર્ગના પ્રતિભાવંત મહાનુભાવોની મુલાકાત.

લેખક : કાન્તિભાઈ ૨. ગાંધી પ્રકાશક : રાધાબેન ૨ શ્રોફ પરિચય પ્રકાશન
પ્રાપ્તિસ્થાન : જીતુભાઈ ૨. શ્રોફ આર્યન મહાલ 'સી' રોડ ચર્ચગેટ ૧લે માળે બ્લોક નં ૭
મુંબઈ–૨૦

૮ પેજી ડેમી સાઈઝ, પૃષ્ઠ ૧૨૮ બહુરંગી સુંદર ચિત્રજીનુ આર્ટ કાર્ડ
ટાઈટલ ન્યોછાવર દર્શાવી નથી,

અગાઉ વૈષ્ણવ પરિવાર માસિકમાં લેખમાલારૂપે પ્રગટ થયેલ પુષ્ટિમાર્ગના અગ્રગણ્ય મહાનુભાવોની મુલાકાત આધારીત તેમના જીવનના મહત્વના પાસાઓની સાંપ્રત પ્રચલિત શેલીએ લખાએલ આ સુંદર જીવન કથાઓ છે.

આપણા માર્ગમાં પુ. આચાર્યશ્રીઓના અને મહાન ભગવદ ભકતોના જીવન ચરિત્રો નિરૂપણ કરતું સાહિત્ય પ્રારંભથીજ રચાતું આવ્યું છે. ૮૪–૨૫૨ વૈ.ની વાર્તાજીઓ, ૭૮ ભગવદિઓના ચરિત્રો વિગેરે તેમજ શ્રી મહાપ્રભુજીની નિજવાર્તા–ઘરૂવાર્તા–બેઠક ચરિત્ર જે વ્રજભાષા–હિન્દીના ગદ્ય સહિત્યના પ્રાચિન રૂપના ઉત્તમ ઉદાહરણરૂપ સાહિત્ય જગતનાં મનાય છે. તેજ રીતે હાલની પીશ્ચિમાત્ય પદ્ધતિની પત્રકારીતાની શૈલીમાં જે તે મહાનુભાવોને પ્રશ્નો પુછી તેમનાજ મુખે તેમનાજ દષ્ટિકોણથી તેમના જીવનની મહત્વપુર્ણ ઘટનાઓના નિરૂપણનો આ સુંદર સફળ પ્રયાસ છે. જે આધનિક શીક્ષિત વર્ગને ખુબજ રસપ્રદ અને પ્રેરણાદાથી વાંચન પુરું પાડશે.

ખુબજ મુદાસરના પ્રશ્નો અને તેની સુગઠીત રજુઆત એ આ પુસ્તકનું ખાસ જમા પાસુ છે. સર્વે વૈષ્ણવોએ વાંચવા વસાવવા લાયક કૃતિ આપી લેખક-પ્રકાશકશ્રીએ ખરા અર્થમાં સુંદર નામ--સેવા કરી છે.

આં.રા.પુષ્ટિમાર્ગીય વૈ. પરિષદ, મુંબઇ દ્વારા આયોજિત

(૧) શ્રી મહાપ્રભુજીની વિવિધ બેઠકોની યાત્રા :

યાત્રા ઉપડશે : તા. ૧૦–૩–૯૬ ફાગણ વદ ૫ ને રવીવાર
પાછી આવશે. તા. ૨૫–૩–૯૬ ચૈત્ર સુદ ૬ને સોમવાર
બેઠકજીની યાત્રાના સ્થળો (૧) અડેલ (૨) ચરણાટ (૩) પ્રયાગ (અલાહબાદ)
(૪) બનારસ (૫) નૈમિષારણ્ય વગેરે.

૧૫ દિવસના રૂા. ૨૨૦૦)– રહેવા જમવા તથા ચાપાણી સાથે રૂા, ૫૦૦)– ડીપોઝીટ ભરી નામ નોંધાવશો. વહેલો તે પહેલો ધોરણે નામ નોંધવામાં આવશે.

(૨) શ્રીમહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવમાં ચંપારણ્ય તથા આજુબાજુના જોવાલાયક સ્થળોની યાત્રા.

યાત્રા ઉપટશે. તા. ૧૨–૪–૯૬ ચૈત્ર વદ ૯ને શુક્રવાર
પાછી આવશે. તા. ૨૨–૪–૯૬ વૈશાખ સુદ ૪ને સોમવાર,
૧૦ દિવસના રૂા. ૧૫૦૦) પ્રવાસ પ્રસાદ અને ચાપાણી સાથે જુજ સભ્યો લેવાના હોવાથી વહેલી તકે રૂા. ૫૦૦) ડીપોઝીટ ભરી નામ નોંધાવશોજી.
(બન્ને પ્રવાસમાં કોઇપણ સંજોગોમાં ડીપોઝીટની ભરેલી રકમ પાછી આપવામાં આવશે નહીં)

(૭) પુષ્ટિમાર્ગના અનેક ગ્રન્થો મૂળ કિંમતે આં. પુ વૈ. કાર્યાલયમાં મળે છે વૈષ્ણવોને લાભ લેવા વિનંતિ.

(૪) પુષ્ટિમાર્ગના ગ્રન્થોની લાયબ્રેરી કાર્યાલયમાં ચાલુ છે. તેનો સમય ૧૨થી૬ નીચેના સરનામે છે. તેનો પણ લાભ લેવા વૈષ્ણવોને વિનંતિ

(૫) વૈષ્ણવોને પરિષદના કાર્યમાં સહભાગી થવાનું ભાવભર્યું આમંત્રણ છે.

(૬) અસહ્ય મોંઘવારીને લીધે વૈષ્ણવો. જાણીતા નિષ્ણાત ડોકટરોની સેવા લેવામાં મુશ્કેલીઓ અનુભવે છે. તે માટે ‘પરિષદે’ સામાન્ય રકમમાં નિષ્ણાત ડોકટરોની સેવા મળે તે માટે વ્યવસ્થા કરી છે. તો વૈષ્ણવોને તેમના નામ વૈદ્યકીય સારવાર માટે નોંધાવવા વિનંતિ.

શ્રી આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદ – મુંબઇ શાખા
સાત સ્વરૂપની હવેલી, ડો. આત્મારામ મરચિન્ટ માર્ગ, ભુલેશ્વર મુંબઇ–૪૦૦ ૦૦૨

પ્રમુખશ્રી : શ્રી બાબુભાઈ કણકિયા, ટેલી નં. ૨૦૮૩૭૩૪
મંત્રીશ્રી : શ્રી શશીકાન્ત પરીખ ૮૦૫૮૫૩૫

શ્રી ગુંસાઈજી પ્રાકટોત્સવ

રાજપીપળા : આં. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજપીપળાના ઉપક્રમે શ્રી ગુંસાઈજી શ્રી વિઠ્ઠલ નાથજીના ૪૮૦મા પ્રાકટોત્સવની રાજપીપળાના સમસ્ત વૈષ્ણવ સમાજ ઉત્સાહભેર ઉજવણી કરી. રાજપીપળા સરકારી દવાખાનામાં વિજયપ્રસુતિગૃહમાં દર્દીઓને તથા રિમાન્ડ હોમ અને બહેરા મૂંગાજ. શાળાના વિદ્યાર્થીઓને જલેબીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો. બપોરે ૨–૦૦ કલાકે શ્રીનાથજી મંદિરમાં સમુહપાઠનું આયોજન કર્યું સાંજે ૫–૦૦ કલાકે પ. ભ. શ્રી શરદભાઇ મ. ગાંધીના નિવાસસ્થાનેથી કળશ સાથે શોભાયાત્રા નિકળી શ્રીનાથજી મંદિર વિરામ પામી શોભાંયાત્રામાં મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઇ–બહેનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો. રાત્રે મહાપ્રસાદ લેવાનું આયોજન થયું.

રાજકોટ : અત્રે પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે શ્રીગુસાંઈજીનો પ્રાકટય મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો. શવારે શ્રીનામ રત્નાખ્ય સ્તોત્રના પાઠ સાંજના વધાઈ–કીર્તન તથા પુ. ગો. બાળકોના વચનામૃત આદિ કાર્યક્રમ થયેલ.

જામનગર પરમ દયાળુ શ્રીમદ વિઠલનાથજી શ્રી ગુસાંઈજીનો ૪૮૦મો પ્રાગટય મહોત્સવ શ્રી અનિરૂદધ પુષ્ટીમાર્ગીય પાઠશાળાના ઉપક્રમે ઉજવવામાં આવેલ હતો.

આ પ્રાગટય મહોત્સવની સત્સંગ સભા પ. પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. આ સત્સંન સભા પ. પુ. શ્રી હરિરાયજી મહારાજશ્રી, પ. પુ ગો. શ્રીં વલ્લભ બાવાએ શ્રી ગુસાંઈજી ઉપર મનનીય અને પ્રેરણાદાયક વચનામૃત આપેલ, પાઠશાળાના ખુંબજ નાની વયના વિદ્યાર્થી શ્રી તેજસ્વી ઉનડકટ. શ્રી સાગર ઉનડકટેએ સુંદર વકતવ્ય આવેલ શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ પ્રાસંગિક પ્રવચન કરેલ, શ્રી પઠશાળાના સંચાલક શ્રી મુકેશ છાપીયાએ આભાર દર્શન કરેલ આ સમારંભનું સંચાલન શ્રી કમલેશ હેડવે કરેલ. પાઠશાળાના બાળકોએ એક કલાક સર્વોતમજીના પાઠ સમહમાં કરેલા હતા.

જામનગરની મોટી હવેલીમાં યોજાઇ ગયેલો નેત્રયજ્ઞ

ભીડી ટ્રસ્ટ બિરબન ઓસ્ટેલીયા નિવાસી સોની સ્વ. શ્રી કિશોરભાઈ ભીડી ટ્રસ્ટના સહયોગથી શ્રી વલ્લભ સોશ્યલ ગૃપના ઉપક્રમે અત્રેની મોટી હવેલીમાં એક વિશાળ નેત્રયજ્ઞનું યોજવામાં આવેલ જેમાં ૩૦૦ ઉપરાંત દર્દીઓએ લાભ લીધેલ ૩૦ ઓપરેશન થયેલ આ નેત્રયજ્ઞનું ઉદઘાટન દિપ પ્રગટાવીને કબીર આશ્રમના મહંત પ. જગદીશદાસ પ્રસાદજીના હસ્તે કરવામાં આવ્યું હતું આ પ્રસગે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે માનવ સેવાથી જ ધર્મનું રક્ષણ થાય છે. કલિયુગમાં સતયુગ આવી રહયો છે અને આવા માનવલક્ષી કાર્યોથી ધર્મનો વિકાસ થશે

ભારતિ ટપાલ ખાતું

સિનીયર સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝ રાજકોટ ડીવીઝન રાજકોટની એક યાદી જણાવે છે. કે

૧. ટપાલના ઝડપી અને સાચા વર્ગીકરણ તેમજ ત્વરીત વિતરણ માટે પત્ર વ્યવહાર વીઝીટીંગ કાર્ડ અને લેટર સ્પડમાં પીન કોડ નંબર અવસ્થ લખવા આગ્રહ ભરી વિનંતી છે

પીનકોડ નંબર અંગેની માહિતિ દરેક પોસ્ટ ઓફિસમાંથી મળી શકશે.

૨. રાજકોટમાં "સ્પીડ પોસ્ટ સેવા" ઉપલબ્ધ છે તેનો વધુમાં વધુ લાભ ૧ હેડ પોસ્ટ ઓફીસ ૨. રાજકોટ ભકિતનગર પોસ્ટ ઓફિસ અને રાજકોટ આર. એમ. એસ. ઓફિસ મારફત લેવા વિનંતી છે.

૩. રાજકોટમાં કોઇપણ વધારાના ચાર્જ લીધા સિવાય સેટેલાઇટ મારફત મનીઓડર નકકી કરેલ સ્થળોએ ઝડપી રવાનગી કરવાની સુવિધા છે જેનો લાભ લેવા વિનંતિ.

૪. મોટી સંખ્યાના કાગળોની ઝડપથી આગળ રવાનગી માટે ખાસ વિનંતિ શકય હોય ત્યાં સુધી પોસ્ટીંગ છેક છેલ્લી ધડીએ પોસ્ટ કરવાના બદલે વહેલાસર કરવું અને શહેર જીલ્લા તેમજ રાજય પ્રમાણે પ્રી શોટીંગ કરીને કાગળોના બંડલ બનાવી પોસ્ટ કરવા અથવા પોસ્ટ ઓફિસના કાઉન્ટર પર આપવા વિનંતી છે.

જેતપુરથી પધારેલા પ. પુ. શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે શ્રી કૃષ્ણ ભગવાન પરમ માનવલક્ષી જો કોઈ કાર્ય કર્યું હોય તો યમુનાજીનું જલ દોષિત બની ગયું હતું તે જલમાંથી કાલીનાથને નાથીને શ્રી યમુનાજીનું જલ પ્રદુષિત બની ગયું હતું તે અટકાવીને તે સમયે જળસિંચન અને જલને પ્રદુષિત બનવું અટકાવ્યું છે. આમ આપણો ધર્મ માનવીના કલ્યાણકારી અને પરોપકારી ધર્મ છે.

આ ગૃપના અદયક્ષશ્રી પ. પુ શ્રી વલ્લભબાવાએ પોતાના પ્રવચનમાં જણાવેલ કે આપણા પુષ્ટીમાર્ગમાં સંત સુરદાસ નેત્રહીન હતા છતાંપણ શ્રીનાથ શ્રૃંગારનું આ બેહુબ વર્ણન તેમના કિર્તનમાં વર્ણવેલ આપણે એવા ભગવદીય કલીયુગમાં નથી માટે આપણી આંખનું રક્ષણ કરવા માટે આવા નેત્રજ્ઞની જ આવશ્યકતા છે જેથી આપણે શ્રી ઠાકોરજીના શ્રંગારના દર્શન નિરખીને કરી શકીએ.

અધ્યક્ષસ્થાને પ્રવચન આપતાં પ. પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીએ જણાવેલ કે સમાજ સેવા દ્વારા સંસ્કારો દ્વારા રાષ્ટ્રનું સાચા અર્થમાં આપણે નિર્માણ કરી શકીશું અને આ માટે શારીરીક તંદુરસ્તી, તંદુરસ્ત સમાજ માટે જરૂરી છે. માટે આપણે મજબુત રાષ્ટ્રના નિર્માણ માટે આવા નેત્રયજ્ઞ/નેત્ર શિબિરો દ્વારા રાષ્ટ્રની સારી સેવા કરી શકીએ તેમ છીએ.

જામનગર મહાનગર પાલીકા મેયર ડૉ. શ્રી અવિનાશભાઈ ભટ, સ્થાઈ સમિતિના અદયક્ષશ્રી ગૌતમ તાળાંએ પોતાના પ્રવચનમાં આરોગ્ય શિક્ષણ ઉપર વિશેષ ભાર મુકેલ, વૈષ્ણવ સમાજના પ્રમુખશ્રી જયંતિભાઈ સોની પ્રાસંગીક કરેલ પ્રવચન કરેલ વ્રજ વલ્લભ સોશ્યલ ગ્રુપનો અહેવાલ શ્રી જન્યેંદ્રભાઈ અડાલજાએ આપેલ.

આ નેત્રયજ્ઞમાં ૩૦૦ ઉપરાંત લોકોએ લાભ લીધેલ અને ૩૦ જેટલા આંખના ઓપરેશન કરવામાં આવેલ આ સમારંભમાં સ્વાગત પ્રવચન શ્રી વજવલ્લભ ગૃપના પ્રમુખશ્રી વજુભાઇ પાબારી કર્યું હતું. વધાઇ શ્રી કરશનભાઈએ ગાયેલ અને ડૉ. શ્રી અમીત મહેતાનું "સ્મૃતિ ચિન્હ આપીને તેમજ ડૉ. શ્રી ભરતભાઈ બક્ષીનું પણ સન્માન કરવામાં આવેલ અંતમાં આભાર દર્શન ભીંડી ટ્રેસ્ટ વતી શ્રી પાલભાઇ તેમજ વ્રજવલ્લભ સૌશ્યલ ગૃપ વતી શ્રી અશ્વિનભાઈ ઉનડકટે કરેલ આ સમારંભનું સંચાલન મેયરશ્રીના અંગત મદદનીશ શ્રી ધીરુભાઈ બુદ્ધ ભટીએ કર્યું હતું.

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૧૩૪ શ્રી રમણિકલાલ વિઠલદાસ કેસરીયા, રાજકોટ દ્વારા લવાજમના દર વધતા રૂા. ૫૦૧/- સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

૨૧. મોટા ભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૨. રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૩. રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીલ' માલીવાડ

૨૪. લીંબડી
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૫. વડોદરા
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૬. વાંકાનેર
શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા

૨૭. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીયા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ-૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૮. **વાપી** શ્રી ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧, આનંદ વિલા, ૨૫ ગોદાલ નગર

૨૯. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપર:

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ શ્રી હસમુખભાઈ ખખ્ખર
C/o. સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ
વાળી શેરી ભુપેન્દ્ર રોડ

૫ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૬ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૭ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૮ શ્રીમતી હર્ષબેન એચ. ઠકકર
'આનંદ' જલારામ-૬, ગણેશ વાડી સામે

૯ શ્રી છગનભાઈ રામોલીયા
C o. શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૧૦ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૧ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૨ શ્રી જે: પી, પારેખ
શ્રી સવજીભાઈની શેરી, સોની બજાર

૧૩ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી. સોની બજાર

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન પોપટલાલ કેસરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ.

હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલ કેસરીયાના જયશ્રીકૃષ્ણ

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

શિક્ષાનું ધોળ

શ્રી વલ્લભદેવનું નામ લે ને તું પ્રાણીરે,
શ્રી વિઠ્ઠલનાથ પ્રગટ જુગ જાણી શ્રી વલ્લભ૦ ૧

ગર્ભવાસમાં કીધી તારી રક્ષા રે;
જઠરાગ્નિમાં લીધો ઉગારી રે,
હવે શું રે બેઠો છો વિસારી શ્રી વલ્લભ૦ ૨

અણસમજુ કરે મારૂં મારૂં રે;
દ્રવ્ય સારૂં ચિત્ત ફરે બારૂં બારૂં રે,
વિચારી જોને નથી કાંઇ તારૂં શ્રી વલ્લભ૦ ૩

વૃથા સુખમાં શું લલચાણો રે;
લોક લાજ બાંધ્યો ગળે પાણો રે,
તું તો તૃષ્ણાના પુરમાં તણાણો શ્રી વલ્લભ૦ ૪

સંસાર માયાને કાયા છે કાચી રે;
ખોટા રંગમાં રહ્યો બહુ રાચીરે;
'માધવદાસ' કહે વાત વાત સાચી શ્રી વલ્લભ૦ ૫

પ. ભ. શ્રી માધવદાસ દલાલ, ખંભાત

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

"આપણી પરંપરાને સમજી અને તે પ્રમાણે વર્તન કરવાથી ઇન્દ્રિયો ભગવતપરાયણ થાય છે. જો આમ ન કરીએ તો વિષયમાં આસક્તિ વધે છે, અને જીવન બહિર્મુખી થાય. સેવામાં સદાચારનું મહત્વપુર્ણ સ્થાન છે. (અસરસમાં) સ્નાન કર્યા પછી જલ પણ તેટલું જ પીવું કે જેનાથી લઘુશંકા કરવા ન જવું પડે અને પિત્તમાં વિકાર પણ ન થાય. પ્રસાદ પણ તેજ પ્રમાણમાં લેવો કે જેનાથી અપાનવાયુ સેવામાં ન નિકળે અને શૌચ આદિની બાધા ન થાય.

નિ.લી. પૂ.પા.ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (શ્રી પ્રથમેશજી)
શ્રી પ્રથમેશવાક્ સુધા-૧ પૃ. ૧૫૪

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ●

વર્ષ ૧૪ : અંક-૧૨ ● માર્ચ, ૧૯૯૬
શ્રી વલ્લભાબ્દ ૫૧૭

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- ● આજીવન રૂ. ૪૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

પી. આર. ધોળકીયા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ જયંત ચેમ્બર્સ

શ્રી વલ્લભ વિજ્ઞાન-રાજકોટ રજપુતપરા મેઈન રોડ, રાજકોટ

૩૧-૩-૧૯૯૩ નાં રોજ પુરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

આવક	રૂ. પૈસા	ખર્ચ	રૂ. પૈસા
વાર્ષિક લવાજમ	૨૨૭૨૨-૦૦	આજીવન પૃષ્ઠ સહાય ખર્ચ	૫૦૦૦-૦૦
વ્યાજ	૧૧૫૯૬-૧૫	પ્રકાશન ખર્ચ	૨૬૯૨૫-૦૦
પ્રકાશન દાન	૨૦૦૮-૧૫	પોસ્ટેજ ખર્ચ	૩૬૩૩-૬૫
સામયીક વેચાણ	૫૦-૦૦	કન્ટીજન્સી ખર્ચ	૧૪૩-૦૦
		પ્રીન્ટીંગ ખર્ચ	૪૫૦-૦૦
		વધારો સરવૈયામાં લઈ ગયા	૨૨૪-૫૦
	૩૬૩૭૬-૧૫		૩૬૩૭૬-૧૫

૩૧-૩-૧૯૯૩ નાં રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી		રૂ. પૈ.	મિલ્કત તથા લેણાં		રૂ. પૈ.
આજીવન ગ્રાહક લવાજમ			**પુસ્તક પ્રકાશન**		
ગ. વ. પ્રમાણે	૮૭૪૯૮-૦૦		ગ. વ.	૨૧૮૭-૫૩	
વધારો	૫૨૬૫-૦૦		વધારો	૨૨૦૪-૫૦	
		૯૨૭૬૩-૦૦			૪૩૯૨-૦૩
એડવાન્સ લવાજમ ૯૩-૯૪		૧૪૧૭૫-૦૦	જાદવ જીવરાજ		૬૦૦-૦૦
આજીવન પૃષ્ઠ સહાય		૧૦૦૦૦-૦૦	રાજુભાઈ		૬૦૦-૦૦
			મનસુખલાલ માવજી		૨૫-૦૦
			વામનભાઈ		૩૦-૦૦
			આવક ખર્ચ ખાતે		
			ગ. વ.	૧૦૫૬-૯૦	
			બાદ વધારો	૨૨૪-૫૦	
					૮૩૨-૪૦
			રોકડ અને બેન્ક બેલેન્સ		
			સીક્યોરીટી ડિપોઝીટ		૩૯૦-૦૦
			રા. ના. સ. બેન્ક એફ. ડી.		૯૦૦૦૦-૦૦
			રા. ના. સ. બેન્ક સેવીંગ		૭૯૫૩-૨૭
			સીટીઝન બેન્ક		૪૩૩૪-૯૦
			રોકડ પુરાંત		૮૩૬૦-૪૦
		૧૧૬૯૩૮-૦૦			૧૧૬૯૩૮-૦૦

રાજકોટ તા. ૧૦-૫-૯૫

સર્વે અવાચ્ય તપાસ્યુ અને બરાબર માલુમ પડેલ છે.

પી. આર. ધોળકીયા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો ને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- **લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.**
- **શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય** પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૪ અંક : ૧૨ ※ માર્ચ, ૧૯૯૬

॥ શ્રી હરિઃ ॥

શ્રી મહાપ્રભુજી

પ્રવક્તા : ગો. શ્રી દીક્ષિત ભાગવાન

શ્રીકૃષ્ણ ભગવાનનો અવતાર અનેકરૂપે ભૂતળ ઉપર થાય છે, એ સર્વ કોઇ જાણે છે. પ્રભુના અવતાર અનેક કાર્યો માટે થાય છે, એ પણ શ્રીમદ્ ભાગવતાદિ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. આ સર્વ કાર્યોમાં શ્રેષ્ઠ કાર્ય તો એ છે કે પોતાના સ્વરૂપ બળથી જગતનો ઉદ્ધાર કરવો. 'મનુષ્યોના આત્યંતિક કલ્યાણને માટે ભૂતળ ઉપર પ્રભુનું પ્રાકટ્ય થાય છે.' જીવોના ઉદ્ધારને જ માટે પૃથ્વી પર પ્રભુનું પ્રાકટ્ય થાય છે, આવું શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે.

આવી રીતે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પણ પ્રાદુર્ભાવ પણ લોકના ઉદ્ધાર માટે થયેલો છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે 'ભગવાન આચાર્ય રૂપથી પ્રકટ થઇને જીવના અંદરના અને બહારનાં પાપોને દુર કરે છે. અને પોતાનું સ્વરૂપ વ્યક્ત કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણે પણ પ્રકટ થઇને ત્રણ કાર્યો કર્યા છે.

૧. વેદશાસ્ત્રોમાં કહેલાં આચારોનું પ્રવર્તન કરી બહારના દોષોનો નાશ કર્યો છે. (૨) શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સ્થાપન કરીને ભગવાનના સ્વરૂપનો પ્રકાશ કર્યો છે,

(૩) નિરૂપધિ પ્રેમમાર્ગ અર્થાત્ નિર્ગુણ ભકિત માર્ગ પ્રકટ કરીને જીવોના સર્વ આંતરિક દોષોની નિવૃત્તિ કરી છે. નિરૂપધિ પ્રેમ નિર્ગુણ ભક્તિનું નિરૂપણ શ્રી ભાગવતમાં આ પ્રમાણે છે. 'જીવમાત્રના હૃદય પ્રદેશમાં બિરાજમાન પ્રભુના ગુણના શ્રવણમાત્રથી જે નિરંતર (પ્રભુમાં જ) મનની સ્થિરતા તે નિર્ગુણભક્તિ છે.' અહીં ગંગાજીના પ્રવાહનું દૃષ્ટાંત દે છે. જેવી રીતે ગંગાનો પ્રવાહ સમુદ્ર તરફ જતાં માર્ગમાં જો વૃક્ષ, પર્વત વગેરેની આડ આવે તો તેને તોડી ફોડીને સમુદ્રમાં પહોંચ્યા વિના રહેતો નથી. આવી રીતે જ્યારે ભક્તનું મન લૌકિક વૈદિક વિઘ્નોની પરવા ન કરતા તેનું ઉલ્લંઘન કરીને પણ હંમેશા પ્રભુમાં જ લાગી રહે તે નિર્ગુણ ભકિત છે.

સિદ્ધાંત-મુક્તાવલિમાં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'પ્રભુમાં ચિત્તનું સદા પરોવાવું તે સેવા પ્રભુમાં સદા નિમગ્ન રહે તે માનસી સેવા છે. આથી માલુમ પડે છે કે, આ ભકિત પ્રભુના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે, સાધનોથી પ્રાપ્ત થતી નથી. આ વાત શ્રી રુકિમણીજીના કથનથી સ્પષ્ટ થાય છે. શ્રી રુકિમણીજીએ બ્રાહ્મણ દ્વારા પ્રભુની પાસે પ્રાર્થના મોકલી છે કે, 'ત્રણે લોકમાં સુંદર ! કર્ણ દ્વારા હૃદયની અંદર પ્રવેશ કરીને દેહના સર્વ તાપોને દુર કરનારા આપના ગુણોનો અને નેત્રવાળા જીવોની દૃષ્ટિને સમગ્ર પુરૂષાર્થના લાભ આપનાર આપના રૂપને સાંભળીને મારૂં નિર્લજજ મન આપમાં પ્રવેશ કરે છે. અહીં રૂપ અને ગુણોના શ્રવણ પછી મનનો પ્રવેશ થવાનું કહ્યું છે. આથી માલુમ પડે છે કે નિર્ગુણભકિત સાધન સાધ્ય નથી, કેવળ કૃપા સાધ્ય છે. લૌકિક વૈદિક ફળનો પરિત્યાગ જ ભકિતને નિર્ગુણ સિદ્ધ કરનાર છે. જે ભકિતમાં લૌકિક વૈદિક ફળની ઇચ્છા છે, તે ભકિત નિર્ગુણ નથી. ભગવાનના અનુગ્રહ વડે પ્રાપ્ત થયેલી ભકિતમાં લૌકિક વૈદિક ફળની આકાંક્ષા હોતી નથી. વૃત્રાસુરે આ જ પ્રાર્થના કરી છે કે, 'ભકતોના પુરૂષાર્થરૂપ હે પ્રભો ! હું સ્વર્ગની ઇચ્છા કરતો નથી, હું બ્રહ્મ થવાનું પણ માગતો નથી, હું ચક્રવર્તી થવા પણ નથી ઇચ્છતો, હું સ્વર્ગ કે પૃથ્વીનું સુખ પણ નથી ઇચ્છતો, અણિમા આદિ અષ્ટ સિદ્ધિઓમાં પણ મારૂં મન રહેતું નથી અને મારે મોક્ષ નથી જોઇતો, પણ હું એટલું જ ઇચ્છુ છું કે કંઇ વિયોગ તાપના દુઃખ પછી આપ મળો.

અહીં વૃત્રાસુર લૌકિક વૈદિક સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને ફક્ત પ્રભુની જ ઇચ્છા કરે છે. બસ આને જ નિર્ગુણ ભકિત કહે છે, આ જ નિર્ગુણ ભકિત છે. શ્રી મહાપ્રભુજી સિવાય બીજા કોઇએ પણ આજસુધી નિર્ગુણભકિતનો પ્રકાશ કરી નિઃસાધન ભકતોનો ઉધ્ધાર કર્યો નથી. ફકત શ્રી વલ્લભાચાર્યજીએ જ દીનજનોનો ઉધ્ધાર કરી પોતાનું ભગવાનપણું પ્રકટ કર્યું છે.

વૈષ્ણવ બંધુઓ ! તમે લોકો પણ વૈદિક ફળોની આકાંક્ષા છોડીને એક પ્રભુમાં જ ચિત્ત રાખો તો પ્રભુ આપ લોકોનો ઉધ્ધાર જરૂર કરશે, આટલું જ મારૂં કહેવું છે.

[વૈષ્ણવ ધર્મપતાકાના સં. ૧૯૮૧ વૈશાખ-જયેષ્ઠ, અંક ૬-૭માંથી સાભાર.]

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

ભકિત વર્ધિની

શ્રી હરિરાય મહાપ્રભુ વિરચિત (ભકિત વર્ધિની ઉપર) વિવૃત્તિ.

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઇ**

–ગતાંકથી ચાલુ

તત્રોત્તરં તુ ભાવસ્ય બાધનં હૃદય સ્થિતૈઃ ।
કામાદિભિર્જીવ ધર્મૈર્યાવત્સમ્ભાવ્યતે પુનઃ ॥૬૮॥

અર્થ :– એ શંકાના ઉત્તરમાં કહે છે કે ભાવનું બાધનતો જીવ ધર્મોના કારણે હૃદયમાં રહેલા કામાદિના વિકારોને લીધે થાય છે. જ્યાં સંભવ હોય ત્યાં. – ૬૮.

તાવદેકાન્તવાસસ્તુ નેષ્ટો બાધા નિરાકૃતેઃ ।
કામાદયો ભાવનાભિર્નાશયન્તિ ક્ષણાન્મનઃ ॥૬૯॥

અર્થ :– બાધાને (વિઘ્નોને – **અણુચણોને**) દૂર કરવા માટે ત્યાં સુધી એકાન્તવાસ કરવો એ ઇષ્ટ નથી. કારણ કે ભાવનાઓ વડે કામાદિ, આપણા મનનો નાશ એક ક્ષણમાં કરી દે છે. ૬૯

ન તત્ર દોષનાશાય સહાયોસ્તિ રહઃ સ્થિતૌ ।
ભકિતમાર્ગ પ્રકારેણ હરિશ્ચાપિ તિરોહિતઃ ॥૭૦॥

અર્થ :– અને ત્યાં એકાન્તમાં રહેનાર માટે, દોષનો નાશ કરનાર, કોઇ સહાય પણ નથી. ભકિતમાર્ગના પ્રકારને લીધે શ્રી હરિ પણ તિરોહિત છે. ૭૦

ભકિતમાર્ગીય કાર્યાય ન વ્યાપકતયા સ્થિતિઃ ।
અતો ન રક્ષકઃ કોપિ તસ્યૈ કાન્ત સ્થિતૌ ભવેત્ ॥૭૧॥

અર્થ :– ભકિતમાર્ગને લગતા કાર્ય માટે વ્યાપક રીતે સ્થિતિ નથી. તેથી તેની એકાંત સ્થિતિમાં કોઇ પણ રક્ષક નથી હોતો. ૭૧

તુશબ્દેન તતોન્યોપિ ત્યાગપક્ષોત્ર સૂચિતઃ ।
અત્ર પ્રબલ બાધોપિ દુર્બલત્વેન રૂપિતઃ ॥૭૨॥

અર્થ :– "તુ" શબ્દ વાપરીને તેનાથી અન્ય પક્ષનું પણ અહીં સૂચન કરવામાં આવ્યું છે. અહીં (સર્વથા મુખ્ય ત્યાગ પક્ષમાં) બહુ શકિતશાળી બાધને પણ દુર્બલ તરીકે વર્ણવ્યો છે. ૭૨

હરિરત્ર ન શકનોતિ કર્તું બાધાં કુતોપરે ।
અતો ન રક્ષકાપેક્ષા સિદ્ધત્યાગે વિધીયતે ॥૭૩॥

અર્થ :– હરિ (ભગવાન) અહીં બાધાને (દૂર કરવા માટે) શકિતમાન નથી તો પછી બીજાઓ કયાંથી કરી શકે ? તેથી સિદ્ધ ત્યાગમાં રક્ષકની અપેક્ષા કહેલી નથી. ૭૩

સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદિતિ વાકયાત્પ્રભૂદિતાત્ ।
યદા તુ સાધનદશા તદાપેક્ષ્યં હિ રક્ષણમ્ ॥૭૪॥
ભકતાનાં રક્ષકઃ કૃષ્ણો નાન્ય ઇત્યેષ નિશ્ચયઃ ।
સ તુ સન્નિહિતો નિત્યં લીલાસ્થાને તથા પુનઃ ॥૭૫॥

અર્થ :– પ્રભુએ બોલેલા વાકયને કારણે કે સ્વાસ્થ્યને કારણે કરેલા પરિત્યાગમાંથી, જ્યારે સાધનદશા હોય ત્યારે તો રક્ષણની અપેક્ષા રાખવી જ. “ ભકતોના રક્ષક શ્રી કૃષ્ણ જ છે. બીજો કોઇ પણ નથી.” એવો આ નિશ્ચય છે. એ શ્રી કૃષ્ણ તો લીલા સ્થાનમાં નિત્ય રહેલા જ છે. ૭૪–૭૫

યત્ર વા ભગવદ્ભક્તાઃ સેવયા કથયા યુતાઃ ।
સ્વભાવતો દુઃખહર્તા નિજાશ્રિત જનાશ્રિતાન્ ॥૭૬॥

અર્થ :– અથવા તો જ્યાં ભગવાનના ભક્તો સેવા માટે અને કથા માટે ભેગા થયા હોય છે ત્યાં – પોતાના જનનો આશ્રય કરીને રહેલા આશ્રિતજનોના દુઃખોને હરનાર શ્રીકૃષ્ણ સ્વભાવતઃ જ હાજર હોય છે. ૭૬

નોપક્ષતે યતસ્તત્ર સ્થેયં યત્ર સ્થિતો હરિઃ ।
તત્રાપિ સર્વતો રક્ષા નાન્યસાધ્યાન સંશય ॥૭૭॥

અર્થ :– પોતાના આશ્રિતજનોની ઉપેક્ષા ભગવાન કરતા નથી, તેથી જ્યાં હરિનું સ્થાન હોય ત્યાં રહેવું અને ત્યાં પણ સર્વતઃ રક્ષા, ભગવાન જ કરનારા છે નહિ કે બીજું કોઇ, એમાં સંશય નથી. ૭૭

યતઃ કાલવશાઃ કાલકર્માદિભ્યો ન રક્ષકાઃ ।
તુશબ્દેન સ્વભાવેપિ હરેરેષ નિરૂપિતઃ ॥૭૮॥

અર્થ :– કારણ કે કાલવશ જનો કાલધર્મ વગેરેમાંથી રક્ષક નથી. અહીં “તુ” શબ્દ વાપરીને હરિનો આ સ્વભાવ જ છે એમ કહ્યું છે. ૭૮

સંશયાભાવકથનં તત્ર ભક્તવશો હરિઃ ।
ભક્તભક્તાનપિ સતો રક્ષતિ સ્વગતાનિતિ ॥૭૯॥

અર્થ :– શ્રી હરિ રક્ષા કરશે જ એ વિષે સંશય ન રાખવા કહ્યું છે કારણ કે શ્રી હરિ તો ભક્તોને વશ જ છે અને તેથી ભક્તના ભકતો પણ પોતાના આશ્રયે આવેલા હોય તેમનું રક્ષણ ભગવાન કરે છે જ. ૭૯

રક્ષણં કાલકર્માદિસ્તથા ભાવાન્તરાદપિ ।
પક્ષદ્વયેન ભકતેસ્તુ વૃદ્ધિરેવં નિરૂપિતા ॥૮૦॥

અર્થ :– ભક્તનું રક્ષણ કાલકર્માદિમાંથી તેમજ ભાવાન્તર (ભકિત સિવાયના બીજા ભાવ) માંથી – એમ બન્ને પક્ષો દ્વારા ભકિતની વૃદ્ધિનું જ નિરૂપણ કરેલું છે. ૮૦

ઇતિ શબ્દઃ સમાપ્ત્યર્થોઽન્ય પ્રકાર નિષેધકઃ ।
એતાવતા હિ ભગવચ્છાસ્ત્રમેવ નિરૂપિતમ્ ॥૮૧॥

અર્થ :– અહીં વપરાયેલા "ઇતિ" શબ્દમાં સમાપ્તિનો અર્થ રહેલો છે જે દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું છે કે ભકિતની વૃદ્ધિ માટે આ સિવાય બીજો કોઈ ઉપાય કે માર્ગ નથી અને આટલા નિરૂપણ દ્વારા ભગવાન વિષેનું શાસ્ત્ર જ નિરૂપિત છે ૮૧

યતસ્તદ્ ગૂઢતત્ત્વં હિ તતોન્યેષાં સુદુર્ગમમ્ ।
તત્ત્વમેતાવદેવાસ્ય તસ્મિન્નત્ર નિરૂપિતે ॥૮૨॥

અર્થ :– કારણ કે એમાં ગૂઢ તત્ત્વનું નિરૂપણ છે તેથી બીજાઓ માટે એ સમજવું અતિ મુશ્કેલ છે. એ નિરૂપણનું તત્ત્વ (સાર–રહસ્ય) આટલું જ છે, જેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. ૮૨

તદેવ સકલં શાસ્ત્રં નિરૂપિત મિતીરિતમ્ ।
એતદધ્યયનાત્સમ્યગ્વૃદ્ધિં યાતિ રતિર્હરૌ ॥૮૩॥

અર્થ :– એ જ સકલ (આખું) શાસ્ત્ર છે જેનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે એમ ઘોષણા (ઇરિતમ્) છે. આના અધ્યયન દ્વારા શ્રી હરિમાં ભકિતનો (સમ્યક) સારી રીતે વધારો થાય છે. ૮૩

સમ્યકત્વં શ્રદ્ધયા ભકત્યા તથા વિશ્વાસતો ગુરૌ ।
ય ઇત્યનેન વર્ણાદિનિયમોધિકૃતૌ ન હિ ॥૮૪॥

અર્થ :– સમ્યકત્વ એટલે સારી રીતની સમજણ ત્યારે જ થાય જ્યારે આપણા ગુરુમાં શ્રદ્ધા, ભકિત તથા વિશ્વાસ હોય. "યઃ" શબ્દ દ્વારા એમ સૂચવ્યું છે કે વર્ણાદિ નિયમોથી આ અધિકૃત નથી જ. ૮૪

અપિશબ્દેન કૈમુત્યન્યાયોપ્યત્ર નિરૂપિતઃ ।
ગ્રન્થપાઠાદપિ રતેર્વૃદ્ધિર્યત્ર તદા કિમુ ॥૮૫॥

અર્થ :– અહીં "અપિ" શબ્દ વાપરીને કૈમુત્યન્યાય (એટલે કે "કિમુ" કેવી રીતે કેવી રીતે એવા પ્રશ્નો પુછીને સાર નક્કી કરવાની રીતનું નામ છે "કૈમુત્યન્યાય") નું પણ (અપિ) નિરૂપણ કરેલું છે. આ ભકિતવર્ધિની નામના ગ્રન્થનો પાઠ કરવાથી પણ શ્રીકૃષ્ણની ભકિતમાં વૃદ્ધિ થતી હોય તો "કિમુ" આ કેવો સરસ "કૈમુત્યન્યાય" થયો કહેવાય ! ૮૫

વાચ્યમાચરણે સાધુ સભાયામુપદેશને ।
તત્રાપિ ભકિતવૃંદ્ધાપિ દઢોકતા પાઠમાત્રતઃ ॥૮૬॥

અર્થ :– સભામાં ઉપદેશના કાર્યમાં જે કહેવાયું હોય તેનું આચરણ થાય તે સારૂં છે. ત્યાં પણ ભકિતની વૃદ્ધિ થતી હોય અને ફક્ત પાઠથી જ દઢ થતી હોય. પાઠનું આવું માહાત્મ્ય છે. ૮૬

ઇતિ શ્રી વલ્લભાચાર્ય કરુણાલબ્ધ શકિતતઃ ।
સ્વસન્તોષાય ભાવસ્ય પોષાયાતિ પ્રયત્નતઃ ॥૮૭॥

શ્લોક રૂપેણ સર્વાપિ વિવૃતા ભકિતવર્ધિની ।
યથામતિ નિજાચાર્ય ચરણાં શ્રયણાદપિ ॥૮૮॥

અર્થ :– આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યજીની કૃપાથી મળેલી શકિતથી, અને પોતાના સંતોષને માટે અને ભાવના પોષણને માટે અતિ પ્રયત્ન પુર્વક શ્લોકના રૂપમાં આખી ભકિતવર્ધિની ઉપર, યથામતિ (મારી બુદ્ધિ પ્રમાણે) અને મારા આચાર્યશ્રીના ચરણનો આશ્રય લઇને, વિવરણ કર્યું છે. ૮૭–૮૮

એતેનાસ્મત્કુલપતિઃ પ્રભુઃ શ્રી વિઠ્ઠલેશ્વરઃ ।
પ્રસીદતુ સદા દાસે હરિદાસે સ્વવંશગે ॥૮૯॥

અર્થ :– આ વિવરણ રચના દ્વારા અમારા કુલપતિ પ્રભુ શ્રી વિઠ્ઠલેશ્વરજી, તેમના પોતાના વંશ જ અને દાસ (સેવક) એવા આ હરિદાસ ઉપર સદા (પ્રસન્ન રહીને) કૃપા કરો. ૮૯

ઇતિ શ્રી હરિદાસવિરચિતા ભકિતવર્ધિની વિવૃત્તિઃ
સમાપ્તા ।

ઇતિ શ્રી હરિદાસ વિરચિતા ભકિતવર્ધિની ઉપરની વિવૃત્તિ (વિવરણ) અહીં સમાપ્ત થાય છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી સેવા ભાવના
હિન્દીમાં પદ્ય રચના

રચયિતા :- **પ. ભ. રૂપચન્દ ખંડેલવાલ 'ભૂપ' જબલપુર**

–ગતાંકથી ચાલુ

ગોપી દોઉકર પકરિ નચાવત । તિન્હેં સકલ સુખ આપ દિખાવત ॥
સોઇ ગોપી પુનિ હેર લૈ ગોદન, ચોરી મિસ બુલાહિં ઘર કોહન ॥ ૨૧૬
લિયે લિયે ગોદી મેં હરિ કહેં । લૈ જાવેં ગોપી ઇકાન્ત મહેં ॥

સામગ્રી જહં કરિ રખી, વિવિધ ભાંતિ તૈયાર ।
લૈ લૈ નામ બતાવહીં, કરિ કરિ બહુ મનુહાર ॥ ૨૧૭

પછી આપ ચોરીના બહાનાથી વ્રજભક્તને ઘેર પધારીને સામગ્રી આરોગીને અનેક ક્રીડા કરીને તેમને સુખ આપી પાછા પધારે છે અને ત્યાર પછી એવ્રજ ભક્ત ઉરાહનો (ઠપકો) દેવા આવે છે. તેનો પ્રકાર સાત શ્લોકથી વર્ણન કરે છે. (૨૧૮ થી ૨૨૪)

મનુહાર બહુ વિધિ કરહિં, ગોકુલ પ્રિય સુનહિં જુ કૃપાલુ હૈ ॥
ચોરી કરન ચહં ગોપ બાલક, દાઉ કહં રક્ષાર્થ લૈ ॥ ૨૧૮
બનરાન તેં ઘિર જાહિં હરિ જે ચૌર વિદ્યા જાનહીં ॥
ગૃહસ્વામિ બન ગોપીન કે, સબ વસ્તુ આપન માન હીં ॥
એકાન્ત સામગ્રી રખી, સો સિદ્ધ મો હિત હૈ ભઈ ॥
સો પ્રેમ સોં પરિ સામને, આરોગે આપને કર લઇ ॥ ૨૧૯
બહુ વિધિ રસનિ–ભોગનિ, પરમ આનંદ સઘન જે પાવહીં ॥
જેહિ પાત્ર મેં કછુ અરૂચિકર હો, ચતુર તાહિ નસાવહીં ,। ૨૨૦
છિપિ દાઉ ગોપન આદિ સોં, એકાન્ત રમણ વિચાર હીં ॥
પકરન ચહત જબ ગોપિજન, તબ દૌરિ આપ પધારહીં ॥
મુસુકાત દૌરત જાત હરિ, પુનિ હેરિ હેરિ સુહાવહીં ॥
ઇહિ વિધિ વિરહ દે ગોપિયન, પ્રભુ મુદિત ઘરમેં આવહીં ॥ ૨૨૧
ગોપી ઉરાહનોં દેહિ તાકી આડ રમણ છિપાવહીં ॥
જે ભાવ સ્વામિનિ–હિય સ્ફુરિત, તિન ભાવ મેં ખો જાવ હીં ॥ ૨૨૨

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૩૮૮ શ્રી જગદીશચંદ્ર પ્રભાશંકર ભટ્ટ, રાજકોટ દ્વારા લવાજમના દર વધતા રૂા. ૫૦૧/- સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

નયનન સંકોચેં અરૂ ડરેં ગોપીજનન કે ઉરહનન ॥
રમણન–આનન્દન–સ્ફુરન–ગર્દન ઝુકન સકુચે મન હરન ॥ ૨૨૩

બ્રજ ભિકતન્હ સમઝાય, માતા મીઠે વચન કહિં ।
મૈયા મુખ સમુહાય, ભોરો બદન બનાવહીં ॥ ૨૨૪

પછી માતાની પ્રાર્થનાથી નંદાલયમાં રાજભોગ આરોગ્યા અને શ્રીઅંગ ધોઇ આચમન બીડી લીધા પછી રાજભોગ આરતી થયા, તે લીલાનો પ્રકાર આઠ શ્લોકથી વર્ણન કરે છે. (૨૨૫ થી ૨૩૨)

મૈયા કે બિસ્વાસ પાત્ર બન । ચલે ભોજન હિં તિન બિનતી સુન ॥
બૈઠે નંદ બાબા ઢિંગ આક । એક સુઘડ ઉંચે પાટા પૈં ॥ ૨૨૫

અપને હાથન ભોજન કરહિં । સારે મુખ પૈં લેપન કરહિં ॥
કૌર છુડાઇ પિતા કે હાથન ઉત્સુક અહૈં અપન મુખનાવન ॥ ૨૨૬

તીખો અરૂ કડવો રસ ચાખત । સી સી કરકરે થેઈ નાચત ॥
પુનિ બાબા સુત કહું સમઝાઇ । અપને પાસ લે હિં બૈઠાઇ ૨૨૭

સામગ્રી જે થાલી માંહી । તિન્હે તહાં ઇત ઉત બગરાઇ ॥
ખેલ વસ્તુ લડુઆ કહું માની । લેત ઉછારત બને અજાની ॥ ૨૨૮

ભોજન કરત દેર અતિ કરહિં । દેખત નંદ મોદ મન ભરહીં ॥
મૈયા પકરિ દોઉ હાથન તેં । લાલહિં લૈ આઇ આંગનમેં ॥ ૨૨૯

દો. જલ લાઇ સખિયન, સપદિ અંગ ધુવાવહિ માત ॥
મૈયા કે વસ્ત્ર પકરિ, તન પોંછત ઇઠલાત ॥ ૨૩૦

મૈયા મુખ ચર્બિત તામ્બૂલા । કરિ નિજ બદન તાસુ અનુકૂલા ॥
મૈયા કાઢિ તનકસોં મુખ તેં । નાવત મુહ લાલનકે મુખમેં ॥
પરમ કૌતુકી કૌતુક કરહીં । વિધિ હરિ હર હુ સમઝ ન સકહીં ॥
બાબા નંદ યશોદા રાની । લાડ લડાહિ સુતહિં સુખદાની ॥ ૨૩૧

ગોદ ખિલાય ગોપિજન સોંકહિ । ઉતરાવત આરતી મોદ લહિ ॥
દીપ શિખા પ્રકાશ કર જે તો । આભૂષણન મણિન કો તે તો ॥ ૨૩૨

હવે બીજા પ્રકારનો રાજભોગ જે વ્રજભક્ત નોતરૂં દઇને સકુટુંબ પ્રભુને પોતાના ઘેર જમાડે છે તેનો પ્રકાર તેત્રીસ શ્લોકથી કહે છે. (૨૩૩ થી ૨૬૧)

ઘર કો રાજભોગ ચહી ગાયો । માં પરસ્યો બાબા સંગ ખાયો ॥ ૨૩૩

બ્રજભક્તન જે ન્યૌંત બુલાવૈ । સહ કુટુમ્બતિન સબકે જાવૈં ॥ ૨૩૪

દો. અતિશય પ્રિય સ્વામિનિ સહિત, બાલભાવ ,મુસુકાત ॥
ગોપિન કે ઘરમેં પ્રભુ, સપરિવાર મુદ જાત ॥ ૨૩૫
ગોપીજન અતિ હુલસિ બુલાવૈં । ઉત્તમ વસન બિછાન બિછાવૈં ॥
બૈઠે સબ જન તંહ હરખાઇ । માતુ ગોદ બૈઠે હરિજાઇ ॥ ૨૩૬
ગોદ રોહિણી કી સુખ દૈયા । બૈઠે તહં બલદાઉ ભૈયા ॥
બાબા ગોદ ભાવ ભગવાના । માં કી ગોદિન પુત્ર સયાના ॥
બાબા કો સુખ હૈ આનંદા । વૈ માતા કો પરમાનન્દા ॥ ૨૩૭
સબ આસન તે આસન સુન્દર । તહાં બિઠાઇ રાધિકા સાદર ॥
અંતરંગ જો હૃદય–સ્થાના । સોહં સપરિકર તહં ભગવાના ॥ ૨૩૮
લૈ સુગંધયુત સુન્દર વસ્ત્રન । અર્પહિં આભૂષણન ગોપીજન ॥
દો. કરહિં અલંકૃત ઇમિ સબહિં, ગોપીજન સદ્ભાવ ॥
યોગ્ય અલંકારન હરિહિં, સત્કારહિં કરિ ચાવ ॥ ૨૩૯
સો. લેઇ શુદ્ધ ઘનસાર, કેસરી, કસ્તુરી, અગરૂ ॥
કીર માલની સત્કાર, વિવિધ પુષ્પ સોં જે ગુંથી ॥ ૨૪૦
તહં આએ સ્વામિની પરિવારા । સોં બૈઠે ઘિરી ભીર અપારા ॥
વિવિધ અનન્ ભાવ લૈ હૃયન । ભગવાન ભાવ ભજત ગોપીજન ॥ ૨૪૧
વિવિધ સુગંધ વાયુ મિલિ ધૂપા । કરહીં પ્રકાશ દીપ મનિ ભુપા ॥ ૨૪૨
નિજ ગોપીજન સિદ્ધ કરાઇ । સામગ્રી કહં દેખહિં જાઇ ॥
શાક પાક પકવાન રસાલા । ફેરત તિન પૈ દૃષ્ટિ કૃપાલા ॥ ૨૪૩
નિજ કહં પ્રિય જુ સદ્ય નવનીતા । તાહે નિરખત આપ સપ્રીતા ॥
મોદ પુર્ણ સબ વસ્તુ નિરખ હિં । જનુ તિનકે હિય ભાવ પરખ હી ॥
ઇમિ નિજ કહં સુખ દેવત છાજે । માં કી ગોદી આય બિરાજે ॥ ૨૪૪
લગી પરોસન મુદ ગોપીજન । બાજ હિ કર કમલન કે કંકન ॥
નૈન કિયે તિન મુખકી ઓરા । નિરખત ચન્દ્રહીં મનહું ચકોરા ॥ ૨૪૫
રસ મય સામગ્રી કે મિસ સોં । કરહિ સૂચના રસ લીલાની યોં ॥
કંકણ બાજહીં સ્વામિનીજી કે । તિન ધુનિ કાન લગાવતહિં નીકે ॥ ૨૪૬
દો. માનિ પ્રિયા જુ કે વચન સામગ્રી મુખ દેઈ ॥
યા કૈસી હૈ ? માત સોં પુછહિં કર મેં લેઇ ॥ ૨૪૭

સામગ્રી યહ કૌ કરી કા હૈ યા કૌ નામ ॥
પિતા પંક્તિ મેં માતુ સંગ ભોજન કરહિ લલામ ॥ ૨૪૮

દાઉ રોહિની સંગ સુહાહિ । તિન સંગ સાદર ભોજન ખાહીં ॥
કબહું કબહું બાલહઠ સ્વભાવન । કરહિં સ્વામીનીજી સંગ ભોજન ॥ ૨૪૯
યા વિધિ જહં તે ન્યૌતે આવેં । ભાવ અનન્ત સકલ વ્રજ ભાવેં ॥
સામગ્રી સાદર સ્વીકાર હિં । ગોપિન પંખા ઝલિ સબ વારહિં ॥ ૨૫૦
વાર્તા વિવિધ ગૂઢ સંકેતન । કરહિં દ્વિઅર્થી જે ગોપીજન ॥
તિન કે ગૂઢભાવ હૃદયે ધર । શ્રવણ કરન હિત રહં જે તત્પર ॥ ૨૫૧
મુખ પૈ માખન અરુ ભોજન કન । મનહુ ગગન બાદર નછત્ર ગન ॥

દો. શીતલ સ્વચ્છ સુગંધ જલ, સખી લીયે સબ ઠાઢિ ॥
ભોજન કરહિં અચવન કરહિં, હૃદય પ્રેમ પ્રીત બાઢિ ॥ ૨૫૨

ઇહિ વિધિ જેતે રહે ગોપજન । તિનહીં કરાયો મગન આચમન ॥
ચુર્ણ એલચી પાન સુપારી । દેહીં સબહીં કરી કરી મનુહારી ॥ ૨૫૩
મૈયા શ્રીમુખ ધોય પુંછાયે । બાહર નિકસી ચન્દ્ર જનુ આયો ॥
નિજ તન રૂપી પાન સુહાયો । મન સોં તિહિ ઇકસાર કરાયો ॥
ચિત્ત કો ચુના ડારિ બહોરી । ખૈર સનેહ લગાયો ઘોરી ॥
અહંકાર કી કતરિ સુપારી । બુદ્ધિ બરાસ તાહિં મેં ડારી ॥
ઇન્દ્રિયન કી ઇલાચચી છોડી । આશ્રય લોંગ જડી તેહિ મોડી ॥
રાધા ઐસો પાન બનાયો । તેહિ ખાવે હરિ–મન લલચાયો ॥ ૨૫૪

દો. યા વિધિ પ્રભુ સબેક ઘરન, ભોજન કરહિ સહર્ષ ।
ભાવ સદા ચહ હિય રાખહુ, દોહિન કબહું આમર્ણ ॥

ગોપી ઇક કીની ચતુરાઇ । લાલન કહં નિજ નિકટ બુલાઇ ।
બોલી અનંતન જાહુ લલનવર રહહુ આજ તુમ મેરે હી ઘર ॥
શય્યા રચી ઇકાન્ત સુહાઇ । સ્વીકારહુ મોરી પહુનાઇ ॥
ટહલ તુમ્હરિ સકલ મૈં કરિહોં । બિનમાંગે સબ સન્મુખ ધરિહોં ।
હરિ વ્યાપક સર્વત્ર સમાના । હોં હિં પ્રેમ કે વશ ભગવાના ॥
ગોપી કે ઘર જો રહજા હીં । કા ધરિ હૈ ઇન યા કે માહિં ॥
મન મનોર્થ પૈ વા ગોપી કો । પુર્ણ હોય સબ ભાંતન નીકો ॥
કા બિગર્યો જો રૂકે તહાં હરિ । અરૂવા માન્યો જન્મ સફલ કરિ ॥
સૂર્ય એક, ઘટ ભરે અનેકન । સબમેં મિલત સોઇ છબિ દેખન ॥
તાહિ વિધિ હરિ સબ ગોપિયન કહં । દેત એક સો સુખ તેહિ છિન મહં ॥ ૨૫૫

દો. નન્દ યશોદા કહં બિછાં, શય્યા એક અનૂપ ।
તિન હૂં સંગ બિરાજિયે, સોહ રહે સુરભૂપ ॥
સો. સોયે રોહિનિ સંગ, પ્રિય ભૈયા બલદાઉ જહં ।
દેખહિં તિનહિં ઉમંગ । આદર ઔર મમત્વ સોં ॥ ૨૫૬
સય્યા એક સ્વામિનીજી કી । શુચિ એકાન્ત માહિં અતિ નીકી ॥
ગુપ્ત રૂપ પૌઢિવો જુ ભાવૈ । ગૂઢ ભાવ જાન્યો કિમિ જાવૈ ॥
લીલા અનન્ત રસ ભાવન કી । રમણ હેતુ મતિ તત્પર જિનકી ॥ ૨૫૭
શયન કરહિં દિન મેં સ્વામિની કે । રહેં કુટુમ્બ મેં હવે હિલમિલકે ॥
લીલા સુપ્ત ચાહિં મન લાગે । જો ઇન કહં અતિ હી પ્રિય લાગે ॥ ૨૫૮
જાગી અપરાન્હ કંદ મૂલાદિક । લેવહિં મિસરી અરૂ દ્રાક્ષાદિકા ॥ ૨૫૯
માવા કે લાડુ અતિ ભાવૈં । સ્વજનન કહં આનન્દ દિખાવૈં ॥ ૨૬૦
અચમન પાનાદિક સતકારા । ઉત્સાહન કરિ અંગીકારા ॥
દો. દિન બિતાય ઇહિ ભાંતિ પ્રભુ, સંધ્યા જબ નિચશન ।
દૂધ ભાત ભોજન કરહિં, ચપલ ચિત્ત ભગવાન ॥ ૨૬૧

ક્રમશઃ

આજીવન ગ્રાહકોની યાદી

૫૫૧	શ્રી ટી. કે. પંચાસરા	રાજકોટ
૫૫૨	શ્રી ભરતભાઇ ડી. પારેખ	રાજકોટ
૫૫૩	શ્રી પ્રવીણ ટ્રેડીંગ કોર્પોરેશન	સિહોર
૫૫૪	શ્રીમતી મંજુલાબેન વલ્લભદાસ પાંધી	રાજકોટ
૫૫૫	શ્રી અરવિંદભાઈ રામજીભાઇ ગંગાજળીયા	,,
૫૫૬	શ્રી મીસ્ત્રી વિઠ્ઠલભાઇ બાબુભાઈ અઘેરા	ભીવંડી
૫૫૭	શ્રી ભરતકુમાર મણીલાલ કંસારા	ધ્રાંગધ્રા
૫૫૮	શ્રી વી. એસ. લાખાણી	ડોમ્બીવલી
૫૫૯	શ્રી શામજીભાઈ લાધાભાઈ ઠકરાર	રાજકોટ
૫૬૦	શ્રી ધીરજલાલ ગોવિંદભાઈ જાવિયા	રાજકોટ

॥શ્રીવલ્લભ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

‘કોણે કયા ભાવે ભજયા ?’

કંસ શિશુપાળ કુબ્જાદિકે વૈરે, કામે સમર્યા શ્યામ;
એ વિના નાના ભાવથી, સમર્યે સર્યા સહુના કામ.
કામ સર્યા તુચ્છ ભાવે જયારે, શું કહેવું સ્નેહે સ્મરે પછી ત્યારે ?
ચિત્ત અચલ જેનું કૃષ્ણમાં લાગ્યું, તો ભવ સંકટ સહુ તેનું ભાંગ્યું;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૨૨)

વિવેચન : મનનો વિષય એવો છે કે જ્યાં લાગ્યું ત્યાં જ વળગ્યુ રહે. કોઇની સાથે વૈર હોય કે પ્રીતિ, પરંતુ તે પરિપકવ હોય તો ચિત્ત તો તેમાં જ રહેવાનું. ભગવાનને ભજવા માટે જુદી જુદી ભાવનાના ભકતો હોય છે, તેમજ વૈરભાવવાળા પણ વૈરભાવથી ભગવાનને ભૂલી શકતા નથી. પ્રભુએ તો સવળું દીધું કે કોઈ વૈરથી ભજે તો પણ તેનું ચિત્ત તો મારા જ પ્રત્યે રહ્યું તેથી તેને મુક્તિ દીધી. આમ જુઓ ભાગવત સંબંધમા છ સાધનો છે–

કામઃ સ્ત્રીણામેવ ક્રોધઃ શત્રુણામેવ ભયંવદનામેવ સ્નેહ ।
સંબંધિતનામેવ એકયંજ્ઞાનિનામેવ સૌહાર્દ્ર ભકતનામેવ સખ્યંતેષ્ણેવ ॥

શ્રીમદ્ ભાગવત ૭ સ્કંધમાં અધ્યાય ૧માં શ્લોક ૨૫થી ૨૮–૩૦ સુધીમાં કહ્યું છે કે ભગવાન કોઇની નિંદા સાંભળીને વિષમ બુદ્ધિ કરતા નથી. માટે (૧) વૈર, (૨) શુદ્ધભક્તિ, (૩) સ્નેહ, (૪) ભય અથવા તો (૫) કામ. આ પાંચેય ઉપાયોમાંથી ગમે તે એક ઉપાય વડે ઇશ્વર વિષે જેણે મનનું જોડાણ કર્યું તેનું કામ થયું.

વૈરભાવ : **શિશુપાળ**–ભગવાનનો વૈરી હોવાથી આઠોપ્રહર ભૂલી શકતો નહીં.

” **કંશ**–તેને પણ વૈરભાવ જ હતો, રાતે સ્વપ્નામાં પણ તે કૃષ્ણને જોતો, એ કાળ આવ્યો... મને મારી નાખશે, આમ ઝબકીને જાગી જતો.

” **રાવણ**–રામની સાથે વૈર બાંધ્યું, પોતે છેવટ સમજ્યો હતો કે મારે બચવાનો હવે કોઇ રસ્તો જ નથી, છતાં સુલેહ ન કરી અને મરતાં મરતાં બોલ્યો કે, જીત મારી થઇ, જીવતાં મેં સીતાને સોંપી નહીં, મરતી વખતે મારી સામે રામ ઉભો છે. મારી મુક્તિમાં મને જરાપણ શંકા નથી.

” **પૂતના**–તે કૃષ્ણના પ્રાણ લેવા આવી હતી તેને પણ મુક્તિ દીધી.

કામભાવ : **કુબ્જા**એ ભગવાનને કામભાવથી ભજ્યા હતા. બીજા એવા અનેક દૃષ્ટાંતો જોવા મળે છે જેનું મન બધામાંથી નીકળી એક પ્રભુમાં જ લાગે પછી શું ભાવે ભજે છે તે પ્રભુ જોતા નથી પણ તેનો ઉધ્ધાર થાય છે, તેમાં ફરક નથી.

સખ્ય : **પાંડવો**–સખાભાવથી ભજતા. તે પાર ઉતર્યા તેમાં કુંતાજી પોતે ફઇબા થતાં છતાં ઇશ્વરભાવ રાખતા. જ્ઞાની, જ્ઞાનીભાવથી ભજે છે.

છેલ્લો ઉંચ કોટીનો છઠ્ઠો ભાવ તે સ્નેહ ભાવ છે જો ઉપર મુજબ જુદા જુદા પાંચ ભાવોમાંથી કોઈ પણ ભાવે ભજે તેનું કામ થાય તો સ્નેહભાવે ભજે તેનું તો શું કહેવું ? સર્વશ્રેષ્ઠ ભાવ છે. ત્યાં તો ભક્ત ભગવાનની ઐકયતા સ્થપાઇ જાય છે.

પુષ્ટિ રીતે શ્રી ઠાકુરજીને પધરાવીને સૌ સૌની સગવડતા મુજબ પ્રભુની સેવા કરે છે. કોઇ તો મિશ્રિ ભોગ ધરે છે કોઇ દુધઘર, મેવા, ફળફૂલ, સખડી અને અનસખડી, સામગ્રી આરોગાવી ઋતુ અનુસાર વાઘા વસ્ત્ર શૃંગાર આદીથી પ્રભુને રીઝાવે છે. પ્રભુ વાકય.

યે યથામાં પ્રપદ્યંતે તાંસ્તથેવ ભજામ્યહમ્ ।

આ ગીતા વાકયનુંસાર મને જે ભાવે ભજે છે તે ભાવે હું તેને ભજું છું કોઇ કામ ભાવથી કોઇ દ્વેષભાવથી મને ભજે છે તો પણ વૈકુંઠ આપું છું તેમજ મારા પ્રેમી ભકતો મને પ્રેમથી જે કાંઇ અર્પણ કરે તે પ્રેમથી અંગીકાર કરૂં છું મારા પ્રેમી ભકતોને પોતાના ઉદ્ધારની ચિંતા જ હોતી નથી.

ભગવાન ભકતભાવ પોષક છે–

વૃજમાં આવેલી નવી નવી વવારૂ એ ખીરકમાં ગોબર લેવા ગઇ ત્યાં જ સામે ગ્વાલ બાલો સાથે નંદનંદનને રમતાં જોયા. રૂપ સ્વરૂપ આવું કદી જોયું ન હતું. તેણે સુંડલો ગોબરનો ભર્યો અને લાલાને અવાજ દીધો. મારો સુંડલો મને ચડાવી આપો તો. ત્યારે લાલા કન્હૈયાએ કહ્યું : તુ મને શું આપીશ ? તે કહે મને, ગોપી કહે એક સુંડલો ચડાવ તો એક લોટી દુધની આપીશ. લાલાએ સુંડલો ચડાવ્યો. આ નિમિતે ગોપીને નજીકમાં લાલાનું રૂપ સૌંદર્યની ઝાંખી મળી. તેણે વિચાર કર્યો, રોજ રોજ આવી ઝાંખી થાય તો કેવું સારૂં. પ્રભુએ તેનાં મનની વાત જાણી અને ચાર–પાંચ સુંડલા ચડાવ્યા. ગોપી સુંડલો ચડાવીને એક ચાંદલો ગોબરનો લાલાના ગાલે કરે. આમ જોતાં ગ્વાલબાલોએ કીધું કે અમને દુધ નહીં પીવરાવ ! ત્યારે કૃષ્ણે આખા મોઢે ગોબરનાં ચાંદલા કરી દીધા. ગોપીને કહે કે હવે ગણી લે ચાંદલા ને આટલી લોટી દુધ મને આપ. આમ કરતાં વાદવિવાદ થયો. યશોદાજી પાસે ન્યાય કરવા ગયા. ગોપીનો હાથ પકડીને લાલા મૈયાને કહે છે કે આ ગોપી જુઠી છે ગોપી મુંઝાઇ ગઇ કે શું જવાબ આપું ? ગ્વાલબાલોએ ખોટી સાક્ષી ભરી કે લાલો સાચું કહે છે. મૈયાએ લાલાને સમજાવ્યાં કે આપણે ઘેર દુધ દહીંની ખોટ નથી, આવા ઝગડા ન કરાય.

ત્યાં તો ગોપી કહેવા લાગી કે મારે ઘેર ફકત બે જ ગાયું દુજે છે. આટલું દુધ આપું ક્યાંથી ? ત્યારે લાલો કન્હૈયો કહે– એમ કર, રોજ લોટી દુધ મને દેજે. આ સાંભળી ગોપી ખુશી થઇ ગઈ કે મારે તો આ નિયમિત નંદભવનમાં આવવાનું નક્કી થયું. રોજ રોજ આવી લાલાને રોકી બધાને દુધ પાઇ શીખામણ દીધી કે, આવી ખોટી સાક્ષી ન ભરાય. મૈયા યશોદા ગોપીનું દુધ લઈ તેને બમણું રોજ પાછું આપતાં અત્રે તો લાલાને રાજી રાખતા હતા.

તાત્પર્ય : તે ગોપીને સ્વરૂપાસક્તિ થઇ કે રોજ કેમ દર્શન થાય તે ભાવનું પોષણ કરવા પ્રભુએ આવી લીલા કરી.

[કવિશ્રી– આવા ભકતપ્રેમી ભગવાનનું જ સેવન કરવું.... સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.]

શ્રી યમુનાજીના પદ

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૨૪

કૃષ્ણા કૃષ્ણ સદશ સબ વિધિ હો;
પુષ્ટિ ભક્તિ અમૃત ફલ દેવે લીલા સુખ કી સિધિ હો. ૧
દૈવી પ્રણત જીવ કે તુમ હીં ભાગ્ય બિરચિવે વિધિ હો;
'બલ્લભ' ગોકુલચંદ્ર ચંદ્રિકાનંદ સુવનકી નિધિ હો. ૨

ભાવાર્થ :– શ્રી યમુનાજી આપનું નામ કૃષ્ણા છે તે મુજબ કૃષ્ણ સમાન સર્વ રીતે પૂર્ણ છો. કેમ કે કૃષ્ણ પોતાના ભકતોને પુષ્ટિરૂપી અમૃતફળ આપે છે તો તે પુષ્ટિલીલાને સર્વ રીતે અનુકૂળ રહી ભકત અને ભગવાન બન્નેને સુખની સિદ્ધિ પ્રાપ્ત કરાવો છો. જે કોઈ દૈવી જીવ આપની સ્તુતિ કરે છે અને આપની પાસે માગણી કરે છે કે હે મૈયા, પુરુષોત્તમ તમારે વશ છે. તમે કૃપા કરો તો પ્રભુની કૃપા દૃષ્ટિ અમારા ઉપર થાય. આ રીતે દૈવી જીવોના ભાગ્ય વિધાતા તમે જ છો. ભકત વલ્લભ કહે છે કે ભગવાન શ્રી ગોકુલચંદ્ર છે. તેમ ચંદ્રિકારૂપ તમે છો. ચંદ્રિકા તો શિર પર પ્રભુ ધારણ કરે છે. આવા આપ નંદસુતના નિધિરૂપ છો. તેથી જ શ્રી હરિરાયજી તથા પરમાનંદદાસજી વગેરેએ શ્રી યમુનાજીના ૪૦ પદમાં જુઓ. આપના યશોનું ગુણગાન કર્યું છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઇના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

માનવ–ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :– **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર :– **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

ધર્મની આવશ્યકતા

(ગતાંકથી ચાલુ)

આપણે એ વાત કદાચ ભુલી ગયા કે ધર્મ જ જીવન છે અને ધર્મ જ મૃત્યુ બાદ સાથે જાય છે મનુ મહારાજ કહે છે.

> ના મુત્ર હિ સહાયાર્થે પિતા માતા ચતિષ્ઠત : ।
> ન પુત્રદારા ન જ્ઞાતિ ધર્મસ્તિષ્ઠતિ કેવલઃ ॥
> એકઃ પ્રજાયતે જન્તુરેક એવ પ્રલીયતે ।
> એકોનુ ભુંક્તે સુકૃતમેક એવચ દુષ્કૃતમ્ ॥
> મૃતં શરીરમુત્સૃજ્ય કાષ્ઠલોષ્ટસમં ક્ષિતૌ ।
> વિમુખા બાન્ધવા યાન્તિ ધર્મસ્તમનુગચ્છતિ ॥
> તસ્માત્ધર્મે સહાયાર્થે નિત્યં સંચિનુયાચ્છનૈઃ ।
> ધર્મેણ હિ સહાયેન તમસ્તરતિ દુસ્તરમ્ ॥

(મનુસ્મૃતિ ૪/૨૩૯–૨૪૨)

પિતા, માતા, પુત્ર, સ્રી અને જાતિવાળા આ પરલોકમાં સહાયતા નથી કરતાં, ફકત ધર્મ જ સહાયક હોય છે.

પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે, એકલો જ મરે છે અને એકલો જ પાપ પુણ્ય ભોગવે છે.

ભાઇ–બાંધુઓ તો મરેલા શરીરને લાકડા અને માટીના ઢગલાની જેમ પૃથ્વી પર છોડીને પાછા આવી જાય છે. ફકત ધર્મ જ પ્રાણીની પાછળ પાછળ જાય છે.

તેથી પરલોકની સહાયતા માટે દરરોજ થોડા થોડા ધર્મ સંચય કરવો, કારણ કે માણસ ધર્મની સહાયતાથી કઠણ નરકમાંથી તરીજાય છે.

ધર્માચરણમાં જો શરૂઆતમાં કોઇ મુશ્કેલી જણાય તો પણ તેને છોડવો ન જોઇએ. મનુમહારાજ કહે છે.

ન સીદન્નપિ ધર્મેણ મનોઽધર્મે નિવેશયેત્
અધાર્મિકાણાં પાપાનામાશુ પશ્યન્વિ પર્યયમ્ ॥
નાધર્મશ્ચરિતો લોકે સદ્યઃ ફલતિ ગૌરિવ ।
શનૈરાવર્ત માનસ્તુ કર્તુર્મૂલાનિ કૃન્તતિ ॥
અધર્મેણૈધતે તાવત્તતો ભદ્રાણિ પશ્યતિ ।
તતઃ સપત્નાંજયતિ સમૂલસ્તું વિનશ્યતિ ॥

(મનુસ્મૃતિ ૪/૧૭૧,૧૭૨,૧૭૪)

પાપી અધર્મીઓની તરત જ ખરાબ ગતિ થાય છે, એમ સમજીને પુરૂષે ધર્મથી દુઃખ થાય તો પણ અધર્મમાં મન લગાવવું નહીં. જે રીતે પૃથ્વી તુરત ફળ નથી આપતી તે જ રીતે સંસારમાં કરેલ અધર્મ પણ તત્કાળ ફળ નથી આપતા, પરંતુ કરેલ અધર્મ કરવા વાળાને ધીમે ધીમે જળમુળથી નષ્ટ કરી દે છે. અધર્મી પહેલા અધર્મથી (કયારેક) વધે છે, પછી તેનાથી પોતાનું ભલું દેખાય છે પછી શત્રુઓને જીતે છે અને અંતમાં સમૂળ નાશ પામે છે.

આ વચનો પર ધ્યાન આપીને આપણે બધાએ ધર્મનું પાલન કરવા માટે યત્નશીલ થવું જોઇએ.

આગલા દશ નિબંધોમાં મનુકથિત ઉપર્યુકત દશ ધર્મો પર થોડો વિચાર કરવામાં આવ્યો છે. (ક્રમશઃ)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાયક

પ. ભ. શ્રી જમનાદાસ મોરારજી કારિયા હ. ગિરિશચંદ્ર જમનાદાસ કારિયા કાંદીવલી (વેસ્ટ)ના જય શ્રી કૃષ્ણ.

॥ શ્રી વલ્લભઃ ॥

ઘરનો નિત્ય સેવા પ્રકાર અને કિર્તનની સુક્ષ્મ ભાવના

ભોગસંધ્યાની ભાવના

લેખક : ગો. વા. પ. ભ. શ્રી રવજીભાઈ વેલજીભાઇ મીસ્ત્રી, 'વ્રજ' ધોરાજી

પ્રેષક : પ. ભ. ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા, ધોરાજી

ભોગ સંધ્યા (શ્રી ચતુર્ભૂજદાસજી)

ઉત્થાપનના દર્શનનો ટેરો આવ્યા પછી પુલિંદિજીઓ પોત પોતાના ફળો પ્રભુને આરોગાવે છે. શ્રી ચંપકલાલજીને પણ યશોદાજી અનેક પ્રકારની સામગ્રીઓ સહિત વનમાં પ્રભુ પાસે મોકલે છે. કે પ્રભુને ભુખ લાગે ત્યારે સામગ્રી આરોગાવજે તે પણ પોતાની સામગ્રી અને ફળો પ્રભુને આરોગાવે છે અને સંધ્યા ભોગનાં મુખ્ય સ્વામિનિ શ્રી **સુશીલા** સખીને સર્વ સેવા સોંપે છે શ્રી સુશિલાજી પોતાના સખીઓ સહિત સાવધાન રહી ગોકુળ પધારવા પહેલાં પોતાના સર્વ મનોરથો પુર્ણ કરી લ્યે છે, નુતન નુતન ભકતોના અંગીકારનો સમય ભોગ સંધ્યાનો છે. શ્રી ગોકુલ આવતા આવતા પહેલા વચ્ચે આવતાં ગોપીજનોના ગૃહોમાં પણ ભોગ આરોગે છે. પ્રભુવનમાંથી પધારવાના સમયે માર્ગના સર્વગોપીજનો પોત પોતાની સામગ્રી આરોગાવવા અને રાત્રીના સેન સંકેત કરવા માટે માર્ગમાં ઉભા રહી પોતાના મનોરથો પુર્ણ કરે છે તેને ઉંત્થાપન ભોગ કહે છે તે સમયે નટ અને પુર્વિ રાગમાં કીર્તનો બોલાય છે.

પ્રીતમ પ્રિત હીતે પૈયે હંસત હંસત લાલન આયેરી મેરી અંગના અને નિકુંજમાં– તું મેરે જીઢમેં બસત.

નવલ પ્રિયા પાન પ્યારી

પીછે લલીતા આગે શ્યામા પ્યારી એ કિર્તનો બોલાય છે. પછી પ્રભુ ગોધન સખા સાથે શ્રી ગોકુલ તરફ પધારે છે.

ભોગના દર્શન ચતુર્ભુજદાસજીની ભાવનાથી છે. તેઓનુ પ્રાગટ્ય શ્રી ગોવર્ધન ધરના શ્રી હસ્તથી છે જેથી તેઓ શ્રી ગોવર્ધન ધરના શ્રી હસ્ત રૂપ છે શ્રી કૃષ્ણાવતાર સમયે સારસ્વત કલ્પમાં શ્રી કૃષ્ણના સુબાહુ નામે સખા છે. અને નિત્ઢલીલામાં તેઓ શ્રી સુશિલા સખી રૂપે છે તેઓને શ્રી ગોકુલનાથજીના સ્વરૂપમાં આશકિત છે. શ્રી ગોકુલનાથજીની લીલા અન્નકુટ લીલા છે.

શ્રી ચતુર્ભુજદાસને અન્નકુટ લીલામાં પરમ પ્રીતિ છે શ્રી મસ્તકનાં શ્રુંગાર **સહેરાના** છે. રત્નજડીત શ્રુંગાર **પન્નાના** છે શ્રી અંગના કુલ શ્રુંગાર **કુંદ** કળીના છે. શ્રી ગીરીરાજજીની

તરહટીમાં **રૂદ્રકુંડ** ઉપર આંબલીના વૃક્ષ નીચે સદા નિવાસ છે તે વૃક્ષની નીચે શ્રી ચતુર્ભુજદાસનું **દ્વાર** છે તે દ્વાર દ્વારા શ્રી **સુશિલા** સખી પોતાની **ભગવદ આરાધિન કુંજ** અને **અંતર્ધ્યા નકારીણી** નિકુંજના સર્વ જીવોને લઇ અને રાત્રિના સમયે ભીતર મહારાસમાં પધારે છે. અને સર્વ ઇચ્છીત સુખો મેળવી આપી પ્રાતઃકાળે બહાર પધારી મુળ ભૌતિક સ્વરૂપમાં સ્થિત થઇ જાય છે અને શ્રી ગુંસાઇજીનું લીલામાં પધારવું સાંભળી અને પોતે પણ પોતાના દ્વાર ઉપર આવી અને તે દ્વારા લીલામાં પધાર્યા છે.

કીર્તન

શ્રી ગોવર્ધનધર કે શ્રી હસ્ત દોઉં ચતુર્ભુજદાસ જુ જાનો ॥
શ્રી કરકી સબ અદ્‌ભુત લીલા કૈસેં કરકે બખાનો ॥૨॥
કરસોં–ગોરસ માખન ચોરી ગોચારન લકુટી કરમાનો ॥
ભોજન સબરસ ચાખત કરસોં ચીરહરનકી લીલા ગાનો ॥૨॥
ગો દોહન કર રૂચીસો કર હૈ પરસ પયોધર લેતહેં દાનો ॥
સબરસ લેત શ્રી કરસોં **'બ્રજપતી'** સબરસ ભોગ કરત રસસાનો ॥૩॥

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. **શ્રી** છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

આ માસના ઉત્સવ

ફાગણ વદ ૫ તા. ૧૦-૩-૯૬ રવિવાર રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ.

ફાગણ વદ ૭ તા. ૧૨-૩-૯૬ મંગળવાર શ્રી દામોદરજી (જુનાગઢ)નો પાટોત્સવ.

ફાગણ વદ ૯ તઃ. ૧૪-૩-૯૬ ગુરૂવાર ગો. ચિ. શ્રી દેવકીનંદનજી (સુરેશકુમાર) બાવાશ્રીનો જન્મદિન, દશમનો ક્ષય હોવાથી આજે.

ફાગણ વદ ૧૧ તા. ૧૫-૩-૯૬ શુક્રવાર ગો. શ્રી ભરતકુમારજી મહારાજશ્રી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૨ તા. ૧૬-૩-૯૬ શનિવાર, પાપમોચની એકાદશી વ્રત.

ફાગણ વદ ૧૩ તા. ૧૭-૩-૯૬ રવિવાર ગો. ચિ. શ્રી ગોકુલનાથ બાવાશ્રી (માંડવી) નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૧૮-૩-૯૬ સોમવાર ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર-નડીઆદ)નો જન્મદિન.

ફાગણ વદ અમાસ તા. ૧૯-૩-૯૬ મંગળવાર ગો. શ્રી કૃષ્ણચંદ્રજી મહારાજશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧ તા. ૨૦-૩-૯૬ બુધવાર સંવતસરોત્સવ, ગુડી પડવો, શાલીવાહન શક ૧૯૧૮, શ્રી પ્રભુને કડવા લીમડાની કુંપળો તથા મિશ્રી ભોગ ધરવા, ચૈત્રી નવરાત્ર પ્રારંભ,

સૈત્ર સુદ ૩ તા. ૨૨-૩-૯૬ શુક્રવાર મત્સ્ય જયંતિ, ગૌરી ત્રીજ.

ચૈત્ર સુદ ૪ તાં. ૨૩-૩-૯૬ શનિવાર શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, ગો. શ્રી અજયકુમારજી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૨૫-૩-૯૬ સોમવાર શ્રી યમુનાજીનું પ્રાકટ્ય, શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલજી શ્રી યદુનાથજી (વિ. સં. ૧૬૧૫)નો ઉત્સવ, ગો. શ્રી યદુનાથજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૨૮-૩-૯૬ ગુરૂવાર શ્રી રામનવમી વ્રત, નવરાત્ર સમાપ્ત, ગો. શ્રી મહેન્દ્રકુમારજી મહારાજશ્રી (પાર્લા) તથા ગો. શ્રી યદુનાથજી મહારાજ શ્રી (મથુરા) અને ગો. ચિ. અનિરુદ્ધબાવાશ્રી (કોટા-મુંબઇ-જતીપુરા)નો જન્મદિન.

ચૈત્ર શુદ ૧૦ તા. ૨૯-૩-૯૬ શુક્રવાર ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર શુદ ૧૧ તા. ૩૦-૩-૯૬ શનિવાર કામદા એકાદશી વ્રત, શ્રી મહાપ્રભુજીની વધાઇનો પ્રારંભ, ગો. શ્રી મથુરેશ્વરજી મહોદયશ્રી (સુરત-વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૨ તા. ૩૧-૩-૯૬ રવિવાર ગો. શ્રી શરદલાલજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર શુદ ૧૪ તા. ૨-૪-૯૬ મંગળવાર ગો. શ્રી પુરુષોત્તમજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૩-૪-૯૬ બુધવાર પૂર્ણિમા, વૈશાખ સ્નાન આરંભ, ગો. શ્રી રઘુનાથલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)નો જન્મદિન.

ખગ્રાસ ચંદ્ર ગ્રહણ, ભારતમાં સર્વત્ર દેખાશે, તા. ૪-૪-૯૬ ગુરૂવારે વહેલી સવારે ગ્રસ્તાસ્ત દેખાશે. ભારતમાં ચન્દ્રનો અસ્ત થયા પછીથી ગ્રહણ મોક્ષ થતો હોવાથી આ ગ્રહણ ગ્રસ્તાસ્ત છે, ભારતમાં ગ્રહણ મોક્ષ જોઇ શકાશે નહિ, ભારતીય સમય પ્રમાણે—

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ૨૭-૫૧/મધ્ય-૨૯-૪૦.

મોક્ષ : ૩૧-૨૮ (સવારે ૭-૨૮ વાગ્યે, પર્વકાલ-૩-૩૭).

ગ્રહણનો વેધ : તા. ૩-૪-૯૬ બુધવાર ચૈત્ર સુદ ૧૫ના રોજ સાંજે સુર્યાસ્ત (મુંબઇમાં સુર્યાસ્ત સાંજે ૬-૫૧ છે)થી વેધ લાગશે તેથી તેના પહેલા સુધી જ ભોજન કરી શકાશે, તેમજ રાત્રે ૨૪-૧૭ (રાત્રે ૧૨-૧૭) સુધી જલપાન થઇ શકશે. નાના બાળકો, વૃદ્ધો, રોગીઓ, અશકતો વગેરે રાત્રે ૨૭-૧૭ (વહેલી સવારે ૩-૧૭) સુધી પ્રસાદ-જલપાન લઇ શકશે.

આ ગ્રહણ ગ્રસ્તાસ્ત એટલે કે ચંદ્રબિંબ રાહુગ્રસ્ત અવસ્થામાં થતો હોવાથી શાસ્ત્રની રીતે તા. ૪-૪-૯૬ ગુરૂવાર ચૈત્ર વદ ૧ના રોજ સવારે ૭-૨૮ વાગ્યે ગ્રહણમોક્ષ પછી સ્નાનાદિ-સંધ્યાવન્દનાદિ તથા ભગવત્સેવા થઇ શકશે. તથા શ્રી પ્રભુને રાજભોગાદિ-શયનભોગાદિ સમર્પી શકાશે. પણ પ્રસાદ ગુરૂવારે રાત્રે શુધ્ધ ચન્દ્રના ઉદય પછી જ લઇ શકાશે. (જલપાન વગેરે થઇ શકે છે). ફકત ગ્રહણમોક્ષ પછી સ્નાન કર્યા પછી વૃધ્ધો, બાળકો, રોગીઓ, અશકતનો પ્રસાદ લઇ શકશે. (સવારે ૯-૩૭ પછી આ લોકો પ્રસાદ લઇ શકશે), તેથી શ્રી પ્રભુની પ્રસાદી સખડી વગેરે પ્રસાદ લેતાં બચે તે ગોગ્રાસમાં કાઢવી.

ચૈત્ર વદ ૪ તા. ૭-૪-૯૬ રવિવાર ગો. શ્રી યોગેશકુમારજી મહારાજ (કાંદીવલી)નો તથા ગો. શ્રી યશોદાનંદનજી મહારાજ (મુંબઇ-બોરીવલી)નો જન્મદિન.

સમાચાર

ધોરાજી—અ. ભા. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા તથા શ્રી મુરલીધર મંડાણની સંયુકત વાર્ષિક મીટીંગ "શ્રી વલ્લભાશ્રય" (પરિપદ ભવનમાં) તા. ૭–૧–૯૬ રવિવારના રોજ પ્રમુખ શ્રી છગનભાઈ જાદવભાઈ માવાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. તેમાં ઉપસચિવ શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વધાસીયાએ સને ૧૯૯૪–૯૫ના વર્ષનો હિસાબ તથા અહેવાલ પ્રસ્તુત કરેલ. ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી મોહનભાઈ ગજેરાએ સંસ્થામાં થયેલ મકાનના બાંધકામની વિસ્તૃત માહિતી આપી હતી અને બાકી રહેતા બાંધકામ દૈવી દ્રવ્યનો વિનિયોગ કરાવવા અનુરોધ કરેલ હતો. તેમ જ પ્રા. કાંતિલાલ જાદવજીભાઈ પાઠકે, ગોમટાના પ. ભ. શ્રી વલ્લભભાઈ કાથરોટીયાએ પ્રસંગોચિત પ્રવચન કરી સંસ્થાને સહાયભૂત થવા અનુરોધ કરેલ હતો. બહાર ગામથી આવતા વૈષ્ણવોને ઉતરવા–પ્રસાદ વગેરેની વ્યવસ્થા ઉપરાંત હોસ્પિટલમાં સારવાર માટે આવનાર વૈષ્ણવો માટે ટીફીનની સગવડ અપાય છે. ૯૪–૯૫ વર્ષ દરમ્યાન ૫૮૦૦ ઉપરાંત વૈષ્ણવજનોએ લાભ લીધેલ. આ વ્યવસ્થા જાળવવા માટે કાયમી ફંડમાં જમા કરાવી સહયોગી થઈ શકાય છે જેમાં ૪૦ નામ નોંધાયા છે. અને તેમાં નામ નોંધાવવા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી દેવરાજભાઈ દેવસીભાઈ અંટાળાયે આભાર વ્યકત કરતા અનુરોધ કરેલ. આ મીટીંગમાં સ્થાનિક તેમજ બહારગામના લગભગ ૪૦૦ વૈષ્ણવોની ઉપસ્થિતિ હતી. તેમના સમાધાનની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવી હતી.

॥ શ્રી હરિઃ ॥

(વૈષ્ણવતાના કાર્ય માટે સંગઠનનો વ્યાપ વધારવા અપીલ)

શ્રીમદ વલ્લભાચાર્યજીના દિવ્ય સંદેશને વૈષ્ણવો પાસે લઈ જવા, સત્સંગ સ્વાધ્યાયની પ્રવૃત્તિને વધુ ગતિમાન કરવાની અને માનવ સેવાના કાર્યો માટે વિશાળ અને વ્યાપક સંગઠનની તાતી જરૂરિયાત છે અને આ. પુ. વૈષ્ણવ તેના માટે કાર્યરત રહે છે ત્યારે વૈષ્ણવતાના પ્રચાર–પ્રસાર કરતા સંગઠનને વધુ મજબુત માટે કાંકરોલી નરેશ પૂ. પાદ ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રંજેશકુમારજી મહારાજશ્રી પૂ. પાદ ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય પૂ. પા. ગો. શ્રી યદુનાથજી મહોદયે અમદાદ મુકામે શ્રી વલ્લભ સદન હોલમાં તા. ૩–૧–૯૬ ના રોજ યોજાયેલી વૈષ્ણવોની સભામાં અપીલ કરી હતી. વળી યુવાનોને આવા સેવાકીય કાર્યો માટે પ્રવૃત્ત કરવા તેઓશ્રીએ અપીલ કરી હતી.

વૈષ્ણવોના સંપર્ક કરવા. યુવાનોને સાંપ્રદાયિક કાર્યોમાં સહભાગી બનાવવા અને કળીકાળમાં પ્રભુના નામનું સ્મરણ વધુને વધુ કરવાના શુભ આશયથી "પ્રેમસે બોલો જય શ્રી કૃષ્ણ" સ્ટીકર્સ અભિયાનમાં વડોદરા પંચમહાલ–ભરૂચ જીલ્લામાં મળેલા સુંદર આવકારને અનુલક્ષીને હવે ૨૧મી જાન્યુ. ના રોજ ગાંધીનગર ખાતે સ્ટીકર્સ વિતરણ સમારંભ યોજવામાં આવ્યો છે અને તો પછી શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય દિનથી

રૂા. ૧૦૧/- પૃષ્ઠ પ્રકાશન ભેટ

પ. ભ. સૌ. ભાનુબેન બાબુભાઈ પટેલ, રાજકોટ દ્વારા ચિ. દુષ્યન્ત તથા ડોલીના તા. ૧૮–૧–૧૯૯૬ના દિને થયેલ શુભ લગ્ન પ્રસંગે નવદંપતિના જયશ્રીકૃષ્ણ.

અમદાવાદ–ખેડા–જીલ્લો અને ઉત્તર ગુજરાતમાં પ્રારંભ કરવાની જાણકારી વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી ચીમનભાઈ શેઠે જાણકારી આપી હતી. પુષ્ટિમાર્ગ સંપ્રદાયની વિશિષ્ટતાઓ ટુંકમાં ખુબ સરળતાથી પૂ. શ્રી કે. કા. શાસ્ત્રીજીએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું શ્રી નવનીતભાઈ શોધન અને ઈન્દ્રકાન્ત શેઠે માળા અર્પણ કરી પૂ ગો. આચાર્યશ્રીઓનું સ્વાગત કર્યું હતું શ્રી દિનેશભાઇ શાસ્રીએ આનંદ વ્યકત કરી સૌનો આભાર માન્યો હતો.

"આં. પુ. વૈ. પ. દ્વારા ગુજરાત વ્યાપી શ્રી વલ્લભ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધા"

વૈષ્ણવ સમાજના યુવાનોમાં પુષ્ટિમાર્ગની સમજ કેળવવાના શુભ આશયથી આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ ની. લી. પૂ. ગો. શ્રી કૃષ્ણાવતી વહુજી મહારાજ મેમોરીયલ ટ્રોફી દ્વારા શ્રી વલ્લભ વકતૃત્વ સ્પર્ધા અને આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તથા પુ. ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયાં સુવર્ણ જયંતિ મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટના ઉપક્રમે શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા તા. ૧૪-૪-૯૬થી ૨૫-૪-૯૬ સુધીમાં પ્રસ્તુત વિષયો પર સંગઠન મંત્રીએ ગુજરાત પ્રદેશની વૈષ્ણવ પરિષદની તમામ શાખાઓ અને સાંપ્રદાયિક સંસ્થાઓને આયોજન કરવા અપીલ કરી છે તેની વિસ્તૃત જાણકારી માટે શ્રી સી. પી. તલાટીનો સ્ટેટ બેન્ક સામે હાલોલ–જી. પંચમહાલ) સંપર્ક સાધવા જણાવવામાં આવ્યું છે. વળી સ્થાન પરના પ્રથમ વિજેતાઓની અતિમ સ્પર્ધા વડોદરા ખાતે જુન મહિનામાં યોજવામાં આવનાર છે તેવું નિવેદનના અંતે શ્રી શેઠે જણાવ્યું છે.

શ્રી વલ્લભ વકતૃત્વ સ્પર્ધા–(૧) "શ્રી ગોકુલનાથજી મને ખુબ જ ગમે"–વય જુથ–૧, ઉંમર ૭ થી ૧૧, વર્ષ (૨) વય જુથ–૨ "સુરદાસનો અનન્યાશ્રમ" ઉંમર ૧૨ થી ૧૮ વર્ષ (૩) "વૈષ્ણવી જીવનનો સર્વોપરી ધર્મ"–વય જુથ–૩, ઉંમર ૧૯ થી ૪૦ વર્ષ.

શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા "હરિ સેવા મને ગમે"–વય જુથ–૧, ૭ થી ૧૧ વર્ષ ૫૦૦ શબ્દો ૧ કલાક (૨) "શ્રી યમુનાજી પ્રત્યે અહોભાવ"–વય જુથ–૨, ઉંમર ૧૨ થી ૧૮ વર્ષ, ૭૦૦ શબ્દો, ૧ કલાક (૩) "શ્રી મહા પ્રભુજીનું સમાજને પ્રદાન" વય જુથ–૩, ૧૯ થી ૪૦ વર્ષ, ૧૦૦૦ શબ્દો, ૧ કલાક.

શ્રી વલ્લભ સુધાના સેવાભાવી પ્રતિનિધિનું સરનામું નીચે મુજબ વાંચવા વિનંતિ.

અમદાવાદ – શ્રી અશ્વિનભાઇ નવનીતલાલ દેસાઇ
૪૩, સરદાર પટેલ નગર, એલિસબ્રીજ
ફોન નં. ૪૪૯૯૮૨

પુસ્તક પરિચય

(૧) પત્રાવલમ્બનમ્ (વિવિધ ટીકોપેતમ્)

રચયિતા—મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી
સંપાદકીય—પૂ. પા. ગો. શ્યામમનોહર મહારાજશ્રી, પાર્લે
પ્રકાશક—શ્રીવલ્લભ વિદ્યાપીઠ—શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ આ. હો. ટ્રસ્ટ.
વૈભવ કો–ઓપરેટીવ સોસાયટી,
પુના બેંગ્લોર રોડ, કોલ્હાપુર. (મહારાષ્ટ્ર)

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૫૦૩, ઓફ્સેટ પ્રિન્ટીંગ. સેકસન સિલાઈ, પાકું પુઠું પ્લાસ્ટીક કવર સાથે.

ન્યોછાવર—નિઃશુલ્ક વિતરણાર્થ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરણના સ્વતંત્ર ગ્રંથોમાં નાના પ્રકરણ ગ્રંથના રૂપમાં પત્રાવલંબન ગ્રંથનું એક વિશિષ્ઠ સ્થાન છે. મહાપ્રભુ વિરચિત ઉપદેશાત્મક પ્રકરણ ગ્રંથ તો અનેક છે પરંતુ વાદાત્મક પ્રકરણ ગ્રંથ તો આ એક માત્ર છે.

શ્રીમદાચાર્યચરણ જયારે ચરણાટમાં બિરાજતા હતા ત્યારે આપશ્રીએ ઉત્તર મીમાસાનું ભાષ્ય રચી બ્રહ્મવાદની સ્થાપના કરી જેથી ભકિત માર્ગનો પ્રચાર કરવામાં સરલતા થાય તેમણે પૂર્વ મીમાંસા ભાષ્યરચી ધર્મની સ્થિરતાનો વિચાર કર્યો, જેથી જ્ઞાન અને કર્મનો સમુચ્ચય સમજી શકાય. આ બે ભાષ્યોની રચના થયા પછી માયાવાદી પંડિતો અને કુમારિલ ભટ્ટના અનુયાયી મીમાંસક પંડિતો શ્રીમદ્ વલ્લભાચાર્યજીની સાથે વાદ કરવાની ઈચ્છાથી કાશીથી ચરણાટ આવવા લાગ્યા. શ્રીમદાચાર્ય ચરણને તેમની સાથે ચર્ચા કરવામાં સમય ગાળવો પડતો હતો અને તેથી ભગવત્સેવામાં પ્રતિબન્ધ થતો હતો. આ બધું અટકાવવાને માટે તેઓશ્રી ચરણાટથી કાશી પધાર્યા અને પોતાનો ઉત્તર લખી કાશી વિશ્વનાથના મંદિર દ્વાર ઉપર પોતાનાં લખેલાં પાના લટકાવ્યા ત્યારે કેટલીક ઈર્ષાળુ વ્યકિતઓએ તેને ફાડી નાખ્યા હતા એટલે અથવા પઠન–પાઠનમાં અધિક ઉપયોગમાં ન લેવાના કારણે અથવા બીજા કોઈ ઐતિહાસિક કારણને લઈને આજ આ ગ્રંથ સંપૂર્ણરૂપે ઉપલબ્ધ છે કે નહીં એ પણ આજ વિચારણાનો વિષય બની ગયો છે.

આ વાદાત્મક ગ્રંથ ઉપરનું આ પુસ્તક વિદ્વત ભોગ્ય સંદર્ભ ગ્રંથ તરીકે ખુબ જ ઉપયોગી છે પુષ્ટિ સાહિત્ય ચાહકો, સંશોધકો અને પ્રેમીઓને માટે એક અમૂલ્ય પુસ્તક.

આ પુસ્તકમાં પ્રથમ ૧૬૦ પાનામાં (૧) શ્રીમદ વલ્લભાચાર્ય વિરચિત મૂળ પત્રાવલંબન–ટીકા સમેત. (૨) શ્રી બાલકૃષ્ણ (લાલુ) ભટ્ટ (૩) ગોસ્વામી શ્રીમદ પુરૂષોત્તમજી (૪) શ્રી ગિરિધરજી, શ્રી હરિરાયજી દ્વારા વિરચિત પત્રાવલંબન પરના વિવરણો સંસ્કૃતમાં સમાવવામાં આવેલ છે.

તેમજ શ્રીમદ વલ્લભાચાર્ય વિરચિત વિવરણ સમેત સમાવવામાં આવેલ છે.

ત્યારબાદ ૧૬૧ પાનાથી હિન્દીમાં પત્રાવલંબન ગ્રંથનું કથન અને તેનું મહત્ત્વ, અભ્યાસ પુર્ણ રીતે નિરૂપવામાં આવેલ છે.

પુષ્ટિ સંપ્રદાયના વાંચનાલયોમાં તેમજ પુષ્ટિ સંપ્રદાયના વિદ્વાનોએ વસાવવા લાયક પુસ્તક.

(૨) કીર્તન માધુરી–વસંત–ધમાર, હોરી કે રસિયા.

(૩) આઠ સમાની ઝાંખી-સચિત્ર

અષ્ટ સખાઓના ભાવપોષક પદ, સ્વરૂપ ભાવના સાથે

(૪) ભજનંદકુમારમ્ સર્વસુખસારમ્-

શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રી નંદકુમારાષ્ટક ઉપરનું વિસ્તૃત વિચારણા વિવરણ દષ્ટાંતો સાથે સરળ શૈલીમાં છે ઉપરોક્ત નં. ૨, ૩, ૪ પુસ્તિકાના લેખક સંપાદક—શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રકાશક—શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ.
મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (ઈ.) મુંબઈ–૪૦૦૧૦૧.

આ ઉપરાંત શ્રી મધુરાધિપતે રખિલમ મધુરમ, નમામિ, યમુનામહમ, વૈષ્ણવોને ઘર સેવામાં ઉપયોગી નિત્યપદો વગેરે પુસ્તિકાઓ પ્રકાશિત થયેલ છે તે રાજકોટમાં નીચેના સ્થળેથી મળશે.

શ્રી મનસુખલાલ માવજીભાઈ રાણપરા
(શૃંગાર જ્વેલર્સવાળા) ઠે. શ્રી બાલકૃષ્ણજી હવેલી
દરબારગઢ પાસે, રાજકોટ,

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે

'શ્રી વલ્લભ સુધા' પત્ર અંગેની માહિતી

(૧)	પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨)	પ્રકાશનની સામયિકતા	માસિક
(૩)	મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	'અમૃત' જલારામ–૧, માર્ગ–૩ રાજકોટ
(૪)	પ્રકાશકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૫)	સંપાદકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૬)	જે વ્યકિત આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ–૪૦૦૦૦૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે.

રવજી પરસોતમ પટેલ
મુદ્રક. પ્રકાશક અને સંપાદક

॥ શ્રી હરિઃ ॥

શ્રદ્ધાંજલી

નિ. લી. ગો. શ્રી અનિરૂદ્ધલાલજી મહારાજ (જામનગર–નડીઆદ) પોપટબાપા–સરજાદી. બામણગામવાળા મહા સુદ ૬ને ગુરૂવારે ભગવત ચરણારવિંદ પામ્યાં તેની નોંધ લેતા અત્યંત ખેદ થાય છે.

પ. ભ. પોપટલાલ નિ. લી. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર) ની કૃપા પ્રાપ્ત કરેલ અને આપશ્રીના બધાં બાળકો પણ તેમના પર ખુબ કૃપા રાખતાં. તેઓએ પોતાના શ્રી ગુરૂદેવના પ્રતાપથી ગદ્ય તેમજ પદ્યમાં ઘણું જ સાહિત્ય રચના–સંપાદન કરેલ છે. જેમાં મુખ્ય શ્રી વલ્લભાખ્યાન સરળ ટીકા. સેવા પ્રકાર, કિર્તન કુંજ. ધોળ પદોનો સંગ્રહ તથા શ્રી વિઠ્ઠલ સુધા મુક્તાવલી એ પુસ્તકોનું પ્રકાશન શ્રી વલ્લભ સુધા કાર્યાલયના સહયોગથી થયેલ છે. તેમજ વિવિધ ભાવિકોમાં લેખો પદો ધોળ વગેરે સાહિત્ય દ્વારા રસિક વૈષ્ણવોના ભાવની વૃદ્ધિમાં તેઓ સદાય તત્પર રહેતાં, તેઓ પ્રાચિન મંડ પરિપાટી, સેવાશ્રૃંગાર પ્રકારની ખુબ જ ઊંડી સમજ ધરાવતાં ૮૫ વર્ષની અવસ્થા સુધી છેક છેલ્લે સુધી શ્રી......ની સેવામાં તત્પર રહી. તેમજ સાહિત્ય સેવામાં પણ તેવી જ તત્પરતા રાખી છેલ્લે સુધી પૂર્વક ભગવદ્ સ્મરણ કરતાં દેહ છોડેલ.

શ્રી મહાપ્રભુજી પંચ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ધોરાજીમાં તેઓ તથા ગો. વા. પ. ભ. ગગુબાપા સરજાદી (રાજકોટ) એ અ. ભા. પુ. વૈ. પરિષદના તત્વાવધાનમાં શ્રી વલ્લભાખ્યાન સપ્તાહનો જે સત્સંગ સમારોહ યોજેલ તેને આજે પણ વૈષ્ણવો ખુબ જ ભાવથી યાદ કરે છે.

આવાં સેવા–સ્મરણ નિષ્ઠ ભગવદિય ભૌતિક વિદાયથી આપણે રંક બન્યા છઈએ. પ્રભુ તેમના પરિવારને આત્યંતિક દુઃખદ વિયોગની ઘડીએ ધૈર્ય પ્રદાન કરે તેવી ભાવના.

શ્રી વલ્લભ સુધા સંપાદક–વ્યવસ્થાપક મંડલ–રાજકોટ.

શ્રી વલ્લભ સુધાનું લવાજમ આ અંકથી પુરૂં થાય છે. સને ૧૯૯૬-૯૭નું લવાજમ રૂ. ૩૫/- અથવા આજીવન રૂ. ૪૦૧/- સેવાભાવી કાર્યકર્તાને રૂબરૂ અગર સીધુ રાજકોટ કાર્યાલયને મ. ઓ. થી તુરત મોકલવા વિનંતી. આગામી વર્ષે ભેટ પુસ્તક '૨૫૨ ભગવદીય રત્નાવલી' બધાં સભ્યોને ભેટ આપવા યોજના છે.

ભેટ પુસ્તક બાબત

ચાલુ વર્ષનું ૯૫-૯૬નું ભેટ પુસ્તક '૮૪ ભગવદિય રત્નાવલિ' તા. ૧૫-૩-૯૬ સુધીમાં બધાં સભ્યોને મળી જાય તેમ રવાના કરાઇ રહ્યા છે. સૌરાષ્ટ્રના મોટા શહેરોમાં સેવાભાવી કાર્યકર્તા દ્વારા રૂબરૂ અપાશે. બાકી સ્થળે પોષ્ટથી રવાના થશે. તા. ૨૦-૩-૯૬ સુધીમાં જેમને ભેટ પુસ્તક ન મળે તેમણે પોતાનો ગ્રાહક નંબર લખી તુરત પત્રથી જણાવવું.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month,
Regd.No.G/RJ.212-L.P.W.P43

ઉર અભિલાષા

દર્શન દયોની રે, દાસને મારા ગુણનિધિ ગિરિધરલાલ;
નાથ નિવારો રે ત્રાસને, આપો આપ ઉપર અતિ વહાલ-દર્શન૦ ૧
શ્રી નટવરનંદને રે નંદના, ભાવે મુને મદન મનોહર રૂપ;
ચિત્ત ના ચોટેરે મારૂં, અનુભવ વ્યાપક બ્રહ્મ અનૂપ-દર્શન૦ ૨
જપે નહી અજપા રે, જાપને, ન ગમે સુણવો અનહદ નાદ;
યજ્ઞ સમાધિ રે ના ગમે, ન ગમે સ્વર્ગ મુકિતના સ્વાદ-દર્શન૦ ૩
અન્ય ઉપાસના રે ના ગમે, વિના એક પુર્ણ પુરુષોત્તમ;
ફીકાં લાગે રે સાધન સહુ, પડી મુને પ્રેમ ભકિતમાં ગમ-દર્શન૦ ૪
(મુને) શ્રીવલ્લભસુતરે ગુરુ ગમ્યા, સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન,
જીવનાં સાધન રે ના જુવે, વહાલો નિજબલે કરે નિજાનંદ દાન-દર્શન૦ ૫
સર્વ તપાસ્યું રે ફરી ફરી કિંચિત કયહું ના દીઠો સાર;
સુખ એક દીઠું રે સર્વથી, સેવા સ્મરણ નંદકુમાર-દર્શન૦ ૬
શ્રીમહાપ્રભુની રે કહાનીથી, મુઝપર રીઝો રાધાનાથ;
સમૂળ અવિદ્યારે તો ટળે, હરિજી ઝાલો જો મુજ હાથ-દર્શન૦ ૭
શ્રીવૃંદાવનની કુંજમાં, જ્યાં કરો, જુગલ કિશોર વિલાસ,
દાસ '**દયા**'ની, રે વિનતિ, (મુને) દાસી કરી રાખો નિજવાસ-દર્શન૦ ૮

– ભકત કવિ શ્રી દયારામભાઈ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક. : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮